Received 7/8/2001 7784

પ્રમાદનું ફળ

एयम्मि अणिग्गहिए,
समग्ग कल्लाणनिग्ग
हो विहिओ ।
अह निग्गहो पमायस्स,
सयलकल्लाणभवो 'ता ॥

(શ્રી સંવેગ રંગશાળા, ૭૪૯૫)

આ પાંચે કે આઠે પ્રમાદનો નિગ્રહ નહિ કરવાથી સઘળાય કલ્યાણનો નિગ્રહ કરાય છે અર્થાત્ બધા કલ્યાણ રોકાઈ જાય છે. અને પ્રમાદનો નિગ્રહ કરવાથી સઘળાય કલ્યાણની, આત્મહિતની પ્રાપ્તિ થાય છે.

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

વર્ષ ૧૪ | અંક ૧/૨

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ પૂજ્યપાદ આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની 33 મી પૂણ્યતિથિ પ્રસંગે ભાવાંજલી અર્પતુ

ગુરુ ગુણ ગીત

રાગ : (જહાં ડાલ ડાલ પર સોનેકી...)

જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા...
આ છે સૂરીરાજ હમારા... (૨)
જિનશાસનના ગગનાંગણમાં સદાય ઝળહળનારા...
સૂરીપ્રેમ છે પ્રાણ આધારા... (૨)

મરુધર દેશે જન્મ લહે ગુરુ પૂરવ પુન્ય લહી સાથે...
જીવનભર જે અડગ રહ્યા તાં જિન આણા લહી માથે...
પિંડવાડાના પુન્ય પનોતા નંદન આ અલગારા ... આ છે... ૧

સોળ વર્ષની કુમળી વયમાં દીક્ષા જેઓ લેતાં...
સિદ્ધાંતોની રક્ષા કાજે લાખ્ખો કષ્ટો સહેતાં...
સંયમની માળા જપનારા જિનશાસન રખવાળા... આ છે...૨

ગુરુવરને દશ શિષ્યો કરવા શિષ્યો જેણ ત્યાગ્યાં...
સિદ્ધાંતોના ગહન અભ્યાસે દિવસ રાત જે લાગ્યાં...
કર્મગ્રંથના (સાહિત્યના) નૂતન પ્રણેતા જિનશાસન શણગારા... આ છે.. ૩

હૃદય પટલ પર જાસ અહોનિશ કરુણા નીર ખળખળતાં...
કોટિપતિઓ પ્રેમે જેંના ચરણકમળમાં નમતાં...
અતિચારનું નામ જડે ના એવું જીવન જીવનારા ... આ છે...૪

બ્રહ્મચર્યની પાવન ઉર્જા રગરગમાં તુજ વહેતી...
દુશ્મનને પણ માફ કરી દે એવી કરુણા મૂર્તિ...
ખંભાતે જિન કાયા ત્યાગી સદ્ગતિને વરનારા... આ છે ...૫

રામચંદ્ર સૂરિ જાસ પટ્ટધર શાસનના રખવૈયા...
કરુણા કરજો ! પાપો હરજો ! કરુણાળું ગુરુભૈયા...
દ્રવ્ય - ભાવથી નિજને પરનું નિર્મળ 'હિત' કરનારા... આ છે ...૬

(વિ. વ. ૧૧ ૨૦૫૭ ના પુન્યદિને મુંબઈ શ્રીપાળનગર જૈન ઉપાશ્રયમાં યોજાયેલી ભવ્ય ગુણાનુવાદ સભામાં ગવાયેલું ગીત..)

- આસ્થા, જ્ઞાતા, આરાધના અને અડગતા આ છે ચાર એટલે દર્શન જ્ઞાન ચારિત્ર અને તપ, જોવું, જાણવું, અનુસરવું અને અનુભવવું. ઈમાનદારી, સમજદારી, જવાબદારી અને બહાદુરી આપણાં અનુષ્ઠાનો આરાધનાઓ દર્શન - જ્ઞાન - ચારિત્ર અને તપનો ભાવાર્થ છે. વિચાર - ઉચ્ચાર આચાર અને સહૃદયતા તે પણ દર્શન - જ્ઞાન - ચારિત્ર અને તપ છે, મહાન ઉપદેશ, આચરણ, આનંદ આત્મમય બની જવું તેનું બીજું નામ છે દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ અને વીર્ય. આમ અનેક રીતે દર્શન - જ્ઞાન ચારિત્ર તપ વીર્યનું ચિંતન - મનન થાય છે.
- અરિહંત એ હૃદય છે. સિધ્ધ એ મસ્તક છે. આચાર્ય એ છાતી છે. ઉપાધ્યાય એ પીઠ છે. સાધુ એ પગ છે. દર્શન એ શ્વાસોશ્વાસ છે. સમ્યગ્જ્ઞાન એ સાચા ચક્ષુ છે. ચારિત્ર એ હાથ છે. તપ એ ચામડી છે. આમ નવપદના સ્થાનો છે. અથવા નવપદ પુરુષ કલ્પીએ તો પણ આ પ્રમાણે તેનું મહત્વ છે.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪) સંવત ૨૦૫૭ શ્રાવણ વદ ૩ મંગળવાર તારીખ ૭-૮-૨૦૦૧ (અંક ૧/૨

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦ પરદેશ વાર્ષિક રૂા. ૧૦૦ પરદેશ આજીવન રૂા. ૧૦૦૦

ચૌદમા વર્ષના પ્રારંભે

જૈન શાસન એ સર્વ જીવોના કલ્યાણનું શાસન છે. જગતના જીવો આ શાસનને સમજે તેમાં સમાય જાય તો શ્રેય છે. તેમાં પણ જૈન ધર્મના રહસ્યોને સમજે તો તેમાં પણ તેમનું શ્રેય નિશ્ચિત છે.

શિલ્પના નિયમથી બંધાયેલા મંદિરની જેમ જૈન શાસન યથાસ્થિત છે. મંદિરમાં ભૂલ નીકળે પણ જૈન શાસનમાં મૂલ ન નીકળે. છતાં આ કાળમાં ભણ્યા વિના પણ પંડિતની જેમ ધર્મના જ્ઞાનકે રહસ્ય જાણ્યા વિના ધર્મી બની ગયેલા શ્રી સંઘમાં મહાજી તે સાધુ હોય કે સાધ્વી હોય, શ્રાવક હોય કે શ્રાવિકા હોય. પોતાની મતિ કલ્પના દોડાવી શાસનના માર્ગને વિષે છે તે પોતે અને માનનારાઓને પણ અવળે મા લઈ જાય છે. વળી દરેક પોત પોતાની રીતે જ માનવા - વિચારવા તૈયાર છે. સત્ય શાસનની સાપેક્ષતાની ઉપેક્ષા થાય છે. અને આથી ધર્મ શાસન અભિમાન, અનુકૂળત , સત્તા સંપત્તિ અને સ્વચ્છંદતામાં અટવાઈ જાય છે. ત્યારે ધર્મનું વાસ્તવિક રૂપ- સ્વરૂપ અદશ્ય થઈ જાય છે. અને ધર્મ નામે જ ધર્મને ઘાત પહોંચાડાય છે. ધર્મની જ વાતો કરનારા આ વાત સમજવા કરતા તેમાંથી મળેલ સ્વાતંત્ર્ય મતિ કલ્પના અને શાસ્ત્ર નિરપેક્ષ બુદ્ધિ તેમાં ભાગ ભજવે છે. અને ધર્મ શાસનની આજ્ઞાઓ અંધારામાં અટવાઈ જાય છે.

આવા વિષમ સંયોગમાં જૈન ધર્મના સિદ્ધાંતોને અબાધિત રાખવા માટે હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી મહાવીર શાસન માસિક શરૂ થયું. તેઓશ્રીની ઇચ્છા તો સિદ્ધાંતના એક એક અપલાપનો પ્રત્યુત્તર આપવાની હતી. તે માટે અઠવાડિક શરૂ થાય તેમ હતું, પરંતુ મહાવીર શાસન દ્વારા ૩૫ વર્ષ સુધી એ કાર્ય ચાલ્યું. અને હજી ચાલુ છે.

પરંતુ વિશેષ પ્રકારે અને સમયે સમયે પ્રતિકાર થાય તે માટે તેઓશ્રીની ભાવના મુજબ ૧૩ વર્ષ પહેલાં જૈન શાસન અઠવાડિક ચાલું કર્યું અને આજે ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે. ઘણા જ કપરા સંયોગમાં તે કાર્ય ૧૩ વર્ષથી ચાલ્યું છે. અને હજી ચાલુ છે. જગતમાં જૈન સંઘમાં જે સત્ય સિદ્ધાંતતા ઝંખના ધરાવે છે તેમજ તે સત્ય માર્ગની પિછાન થતી રહે છે તે સાથે મહાપુરુષોના વિચારો ઉપદેશો અને સત્ય સિદ્ધાંત બોલવાથી, પ્રસારવાથી કે આચારણમાં મુકવાથી પોતાની મહત્તા ઓછી થઈ જાય, માનપાન ઓછા થઈ જાય, કેટલાક અવજ્ઞા કરે વિ. વિચારોથી સત્યતાની મહત્તાના મૂલ્યો આજ્યારે મૃતપાય: થઈ ગયા છે. એટલું જ નહિ પરંતુ જે સત્યો સિદ્ધાંતોનું જોર શોરથી અને જાહેરમાં છાતી કાઢીને પ્રતિપાદન કર્યું છે તે સત્ય સિદ્ધાંતોની રજુઆત કરતાં છાતી બેસી જાય છે. મોફેરવી જવાનું થાય છે. અને સત્યો સિદ્ધાંતો યથાસ્થિત

પ્રસંગોપાત્ત ક્રરનાર પ્રત્યે ઉપેક્ષા, અનાદર અને જરૂર પડે તો દ્વેષ પણ કરવા સુધી પહોંચી જવાય છે. તે તેમની કમનશીબી છે કે શાસનની કમનશીબી છે તે નક્કી થવું કઠીન છે. અને તેથી શાસનના રક્ષક દ્વારા જ શાસનને હાની પહોંચે તેની ઉપેક્ષા કરવામાં આવી તેવી દશા છે.

આ સમયમાં સિદ્ધાંત સત્ય પ્રગટ કરવાની વાત હવામાં ઉડી જાય તેવું થાય છે. છતાં જૈન શાસન જયવંતુ છે અને રહેશે. માટે સત્યના પક્ષપાતીએ પોતાના વિચારમાં મક્કમ રહેવાનું અને સત્ય સિદ્ધાંતનો સૂર્ય સદા તપતો રહે એમ પ્રયત્ન અને ભાવનામાં રમવું ઉચિત છે.

સોને એજ ભાવના જાગે તે અભિલાષા સાથે શ્રી જૈન શાસન અઠવાડિક દ્વારા સત્ય સિદ્ધાંતની સાપેક્ષતા અને રક્ષાનું અભિયાન ચાલે છે, ચાલુ રહેશે. સત્યનો અપલાપ તો નખમાં પાણી ન આવે એવી અપેક્ષા રાખીએ છીએ. બાકી જાતની મહત્તાએ શ્રમણપણાંને માનનારા વર્ગમાં અમારી વાતને સદ્‌ભાવથી જુએ, આત્મીય ભાવે જુએ, અને સહાય કરે, જરૂર પડયે સમર્પણ બનીને પણ સત્યના જીવનને જીવંત રાખે એવા નવ લોહિયા શ્રદ્ધાવંતોની ફોજ તૈયાર થાય એવી ઝંખના રાખીને ૧૪ વર્ષનો પ્રવેશ અને અમારી ભવિ મંજલ સદા ને મુક્તિ પંથની પથિક બની રહે એજ અભ્યર્થના.

શ્રી મહાવીર શાસન તથા જૈન શાસનને કોઇ ને કોઇ રીતે એક યા બીજા પ્રકારે સહાય પીઠ બળ, સાહિત્ય બળ સમર્પણ કર્યું છે. તેમને સદ્‌ભાવની અનુમોદના કરી એ છીએ

વિશેષમાં દરેક પૂજ્યો તથા દરેક સંઘો જૈન શાસનના આજીવન સભ્ય બની જાય તો સત્ય સિદ્ધાંતની વાતો પ્રસરાવવી સહજ બને. વળી વિહારમાં પૂજ્ય સાધુ સાધ્વીઓને અંક પ્રાપ્ત ન થાય તેઓને પણ સંઘનાં આવતા અંકોથી વાંચવાનું મળી જાય એટલે સત્ય સિદ્ધાંતના સહયોગી સૌને જૈન શાસનના એક એક પણ આજીવન સભ્ય બનાવવા નમ્ર વિનંતિ છે.

જૈન સિદ્ધાંત અને સંસ્કાર - સામયિકો

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રી મહાવીર શાસન માસિક અને
શ્રી જૈન શાસન અઠવાડિક તેમજ જૈન બાલ શાસન માસિક ચાલે છે.

શ્રી મહાવીર શાસન માસિક

(જૈન ધર્મ પ્રચાર અને સિદ્ધાંત પ્રચારનું માસિક)
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ * આજીવન રૂા. ૧૦૦૦
પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ * આજીવન રૂા. ૫૦૦૦

શ્રી જૈન શાસન અઠવાડિક

(જૈન સિદ્ધાંત પ્રચાર અને રક્ષાનું અઠવાડિક)
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ * આજીવન રૂા. ૧૦૦૦
પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦ * આજીવન રૂા. ૬૦૦૦

જૈન બાલ શાસન માસિક

બાળકનું સચિત્ર માસિક
પાંચ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦ * આજીવન રૂા. ૩૫૦
પરદેશમાં પાંચ વર્ષનું લવાજમ રૂા. ૧૧૦૦ * આજીવન રૂા. ૪૦૦૦

* અવશ્ય - દરેક સંઘો આજીવન સભ્ય બને *

ગ્રાહકોના નામો - લવાજમ / ચેક / ડ્રાફટ મોકલવાનું સરનામું

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ,
જામનગર - ૩૬૧ ૦૦૫. ફોન : ૬૭૦૮૬૩ (ગુજરાત)

ભગવાનશ્રી મહાવીરદેવનું પ્રેરક જીવન

પૂ. પા. વ્યા. વા. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

સં. ૨૦૩૩ ભાદરવા સુદ - ૧ બુધવાર - જન્મવાંચન દિન પ્રસંગે આપેલ પ્રાસંગિક પ્રવચન.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. અવ.)

આજનો દિવસ, આપણે જે તીર્થપતિના કલ્યાણકારી શાસનમાં રહીને યથાશક્તિ મોક્ષમાર્ગની આરાધના કરી રહ્યા છીએ; તે મહાપ્રભુનો જન્મ વાંચનનો દિવસ છે. ચરમતીર્થપતિ, આસન્નોપકારી શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો જન્મ કલ્યાણકનો દિવસ ચૈત્ર સુદિ તેરસનો છે. પરન્તુ મહાપર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વમાં, સઘળાં સૂત્રોમાં શિરોમણિ સમાન શ્રી કલ્પસૂત્રનું વાંચન ચાલી રહ્યું છે અને તેમાં પ્રધાનપણે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું જીવન લખાયેલું છે. તેના પહેલા વ્યાખ્યાનમાં ભગવાનના જન્મનું વર્ણન આવતું હોવાથી આજના દિવસને આપણે જન્મ વાંચન દિવસ તરીકે ઉજવીએ છીએ.

વાસ્તવિક રીતે આ દિવસની ઉજવણી માટે પ્રથમ એ વિચારવું જોઈએ કે- ''આ તારક તીર્થપતિ થયા શાથી ?'' કારણ કે- આવી ઊંચામાં ઊંચી પદવી, એ એમને એમ નહિ, સાધારણ આરાધનાથીય નહિ, પણ ઉત્કટ આરાધનાથી મળે છે. આ દિવસનું ઉદ્યાપન કરતાં આપણી પણ ભાવના તે જ હોય કે- ''આપણો પણ આત્મા ઉચ્ચ કોટિનો બની સ્વયં તરે અને અન્યને તારનાર બને.'' તેમનો આત્મા પણ એવો જ તરણ - તારણ કરવામાં સમર્થ બન્યો હતો. એટલે એવી ઉચ્ચ દશા પામવા માટે તે પરમ તારકે કરેલી પૂર્વની આરાધના તરફ દ્રષ્ટિપાત કરવો જોઈએ. શ્રી તીર્થપતિ તરીકે એ લોકોત્તર પુણ્યાત્માનું જન્મ્યા પછીનું જીવન, દીક્ષિત જીવન અને કેવળજ્ઞાન પછીનું જીવન એ બધું પછીનું છે. એ આત્માના ભવો તો અનંતા થઈ ગયા, પરન્તુ ૨૭ ભવોનો વિશિષ્ટ ઉલ્લેખ શાસ્ત્રમાં આવે છે. નયસારનો આત્મા, એ જ શ્રીમાન્ મહાવીરદેવનો આત્મા. એવી દશામાંથી આ દશામાં - ''કોના બળે ? શાથી ? અને કયાથી આરાધનાના પ્રતાપે ? આવ્યા'' એ વિચારી, સમજી, તથા પ્રકારની આરાધના કરતાં શીખવાનું છે. કેમ કે- આ છેલ્લા ભવનું જીવન તો એ બધી જ આરાધનાનાં પરિણામ રૂપ છે. એટલે દીર્ઘ દ્રષ્ટિથી વિચારાય તો તરત જ સમજી શકાય તેમ છે કે તીર્થપતિ સિવાય કોઈપણ કોઈપણ આત્માએ અન્તિમ જીવનની સરખામણીમાં મૂકી શકાય તેવું જીવન જીવી શકે એ શક્ય નથી કારણ કે- પહેલેથી તેઓ ત્રણ જ્ઞાને સહિત હોઈને તેમજ પૂર્વભવોની મહાન આરાધનાઓના જ ફલસ્વરૂપ આ જીવન હોઈને તેઓના અન્તિમ જીવનની સઘળી પ્રવૃત્તિ જ્ઞાનથી જાણેલી અને વિશિષ્ટ પ્રકારની હોય છે. તેનું સાંગોપાંગ અનુકરણ બીજાઓ માટે અશક્ય છે. માટે જ જ્ઞાનિઓએ આજ્ઞામાં જ ધર્મ હોવાનું ફરમાવ્યું છે. એટલે આરાધક આત્માઓ માટે તે લોકોત્તર પુણ્ય પુરુષનું આરાધક જીવન અને અન્તિમ જીવનમાં તે પરમાત્માએ, ત્રણે કાળના સર્વપદાર્થોના સર્વભાવને વિષય કરનારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી જે આજ્ઞાઓ ફરમાવી તે જ વિચારીને સમજીને આરાધના કરવી, એ જ કલ્યાણકારી છે.

ભગવાન શ્રી મહાવીરદેવ, નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા. ગ્રીષ્મઋતુમાં શ્રી નયસાર કાષ્ટ લેવા અટવીમાં ગયા છે. ત્યાં મધ્યાહ્નકાળ થયો છે, ભોજનની સામગ્રી હાજર છે, પોતે ક્ષુધાતુર અને તૃષાતુર થયેલા છે એવે સમયે 'કોઈ અતિથિ આવે તો દઈને જમું' એવી ભાવના થાય છે. પોતે જાતે અતિથિને શોધવા નીકળે છે. ભાગ્યયોગે સાર્થથી ભૂલા પડેલાં મુનિઓ મળે છે. અતિથિની ભક્તિ પણ યોગ્યતા હોય ત્યારે જ થાય છે. નયસારને સાર્થવાહ પ્રત્યે તિરસ્કાર જન્મે છે. યોગ્ય ઉપર રાગ અને અયોગ્ય ઉપર અભાવ એ બે સાથે હશે તો જ યોગ્યની બરાબર આરાધના થશે. પછી મુનિઓની આહાર પાણીથી ભક્તિ કરે છે. આ સાધારણ પ્રસંગ એ પુણ્યવાન માટે અનુપમ અને અદ્વિતીય જીવનનું બીજ રોપાય છે. મુનિઓને માર્ગે ચઢાવે છે. મુનિ તેને ભવાટવી લંઘવાનો માર્ગ બતાવે છે અને એ પુણ્યવાન

ત્યાં દિવ્યસ્વરૂપત્વને પામે છે. જીવનભર સમકિતની આરાધના કરી પહેલાં દેવલોકમાં જાય છે. અને ત્યાંથી ચ્યવીને તે શ્રી ઋષભદેવસ્વામિના પૌત્ર અને શ્રી ભરત મહારાજાના પુત્ર 'મરીચી' નામે થાય છે. ભગવાનની દેશના પામી, દીક્ષિત થઈ મોક્ષમાર્ગના આરાધક બને છે. પણ એ જ આરાધના કરતાં પ્રતિકૂળતાથી મૂંઝાયા. **અનુકૂળતા ઈચ્છવી અને પ્રતિકૂળતાથી મૂંઝાવું એજ પતનનું કારણ છે. જીવ જે કાળમાં સમાજ પડતાને પાડવા અને ચઢતાને ખસેડવા તૈયાર થાય એમાં જેટલા ઓછાં પતન એજ આશ્ચર્ય.** મરીચીને સંયમ કઠીન લાગ્યું સંયમથી પડયા અને અંતે શિષ્યલોભે સમકિત પણ ગયું, ઉત્સૂત્ર ભાષણથી કોટાકોટિ સાગરોપમ પ્રમાણ સંસાર વધી ગયો. માટે કલ્યાણના અર્થી આત્માએ પ્રભુના વચનથી સહેજ પણ વિરુદ્ધ ન બોલાય તેની ખૂબ જ કાળજી રાખવાની છે.

શ્રી નંદનમુનિના ભવમાં ભગવાનના આત્માએ એક લાખ વર્ષના સંયમ પર્યાયમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણના પારણે માસક્ષમણ કર્યા અને શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરી.

ભગવાન્ શ્રી મહાવીર તરીકે તેઓ અવતર્યા ત્યારે નિર્મળ એવા ત્રણ જ્ઞાન સહિત હતા. મતિ, શ્રુત અને અવધિ. ઉપયોગ મૂકે તો પોતાનું બધું સારી રીતે જાણી શકે. આપણે એમને માનીએ છીએ, પૂજીએ છીએ, કલ્યાણક ઉજવીએ છીએ, તે એમને એમ નથી કરતા પરન્તુ એમાંથી પામવાની આપણી ઈચ્છા છે. પ્રભુ જીવનના ખ્યાલમાં જો એ સદ્‌ભાવના પ્રગટે તો બધું સહેલાઈથી સમજાય.

સંસારના મોહથી લગભગ રહિત જેવા એવા આ આત્મા માતાના ખોટા - સ્નેહ - પ્રેમમાં ફસાયેલા હોય એ કલ્પના પણ ભયંકર છે. ઔચિત્ય આદરનારા ખરા પણ મોહમાં મૂંઝાનારા તો નહિ જ. ગર્ભમાં પણ એ વિચાર. મારા હાલવા - ચાલવાથી માતાને દુઃખ થાય છે માટે હાલવું - ચાલવું નહિ. આ શું છે ? ઉચિત ક્રિયા જ. હવે વિચારો કે - જો ભગવાનનો આત્મા માતૃભક્તિ માટે ગર્ભમાં રહીને પણ માતાને દુઃખ દે નહિ, તો એ શાસનનાં ઉત્તમ કુલમાં જન્મેલા દીકરાઓ કેવા જોઈએ, પણ ભક્તિ કયાં, કયારે અને કેવી હોવી જોઈએ, એ ભૂલશો નહિ. માતાને દુઃખ ન થાય એ માટે ભગવાન અંગોપાંગ સંકોચે છે. તમે સમજી થયા બાદ ભક્તિને બદલે નવું જ કરો છો ને ? ભગવાન્ ન હાલ્યાં માટે માતાને શોક થાય છે. એ વખતે પ્રભુએ અભિગ્રહ કર્યો. આ પ્રસંગ પણ એવી રીતે કહેવાય છે કે- જેનું મર્યાદાજ નહિ, માટે સ્પષ્ટતા જરૂરી છે. જ્યાં અવધિજ્ઞાનથી અત્યંત સ્નેહ જોયો ત્યારે અભિગ્રહ કર્યો જ્ઞાનિની કોઈપણ ક્રિયા કે કરણી વિચાર વગરની ન હોય. જે ભગવાન ઉપદેશ દે કે- 'મોહમાં ફસશો નહિ.' તે જ ભગવાન વિચાર વિના મોહમાં ફસી પડે એ બને ? ભગવાન વિચારે છે કે- ''માતાપિતાનો સ્નેહ મારા ઉપર ઘણો છે. માટે તેમના જીવતાં જો હું સંયમ લઉં તો તેમની નિયમા દુર્ગતિ થાય.'' ભગવાનનું ચારિત્ર મોહનીય કર્મ એ જાતિનું છે કે જો એ અભિગ્રહ કરે નહિ તો પણ તુટી જાય તેવું છે. ઔચિત્યનો ભંગ ન થાય તે માટે જે કાંઈ નિયમો તીર્થપતિ અંગીકાર કરે તે તમારા - મારા જેવા માટે ન હોય. ૨૮ વર્ષે માતાપિતાનો સ્વર્ગવાસ થયો તેથી પોતાનો અભિગ્રહ પૂરો થયો. પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા શ્રી નંદીવર્ધન આદિ પાસે જાહેર કરે છે. તેઓ પણ ક્ષત ઉપર ક્ષાર ન નાખવાની પ્રાર્થના કરે છે. ભગવાન પણ અવધિથી 'કેટલા પ્રાણવિયુક્ત બનશે અને કેટલા ચિત્તભ્રમી બનશે ?' એમ જાણી માગણી મુજબના બે વર્ષો સ્વીકારે છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓના જીવનમાં અનુચિતતાનું નામ સરખું ય નથી હોતું. ત્રીશ વર્ષે ભગવાને દીક્ષા લીધી એમનો જીન્મદિવસ શું કરવા ઉજવવાનો ? એમનો જન્મ મુક્તિ માટે છે. મુક્તિમાર્ગને સ્થાપવા અનેકને એ માર્ગે ચડાવવા માટે છે. માટે જન્મ દિવસ ઉજવાય છે. આવી જાતિનો જન્મ આપણે પણ ઈચ્છીએ છીએ. મોક્ષ માર્ગની આરાધના થાય તેવો જન્મ પણ ઈચ્છવા જેવો છે, એ માટે આપણે જન્મદિવસ ઉજવીએ છીએ. ભગવાનના જીવનમાંથી પણ સંસારમાં રહેવાય તે યાદ રાખવું તેના જેવી કમનશીબી બીજી એક પણ નથી. એ ભગવાને જે જે ક્રિયાઓ કરી, તે કરવાની જરૂરત હતી માટે કરી.

દીક્ષા લીધા પછી ભગવાને કેવી કઠોર તપશ્ચર્યા કરી ! કેવા ઘોર ઉપસર્ગો સહન કર્યા ! એટલા ઉપસર્ગો પણ કેમ સહન કર્યા ? કર્મક્ષય માટે ! ધર્મની આરાધના માટે !! સંયમની આરાધના માટે !!! તો તમારે - અમારે

સહેવું પડે તેમાં નવાઈ શું ? આજે દરેકે નક્કી કરવું જોઈએ કે, એ માર્ગની આરાધના માટે જે કષ્ટો આવે તે સહન કરવામાં અમો યથાશક્તિ પાછા નહિ પડીએ. આપણને જે શાસન મળ્યું છે તેની દુનિયામાં જોડી નથી. એવું શાસન મળ્યું એ પુણ્યોદય ખરો કે નહિ ? તો એને સાચવી - આરાધી એના ઉપર આક્રમણ આવ્યેથી રક્ષણ ન કરીએ તો આરાધક ગણાઈએ ખરાં ? પોતાના અને સઘળા જીવોના ભલા માટે શક્તિ મુજબની આ શાસનની આરાધનમાં પણ પાછી પાની કરીએ તો આપણે પામ્યા તેની સાર્થકતા શી ? આ શાસનની સેવામાં જે શક્તિ વાપરીએ તે જ સફળ છે. બાકી દુર્વ્યય છે. આટલી ભાવના નક્કી કરો તો શ્રીમંતાઈ મૂંઝવશે નહિ અને દરિદ્રતા રોકારાવશે નહિ. માટે જન્મ ફોગટ ન જાય માટે માર્ગમાં સ્થિર બનો.

હજુ મોક્ષમાર્ગ જાહોજલાલીમાં છે. સંખ્યાબંધ ચૈત્યો અને મુનિવરો છે. શાસન જયવંતુ છે. આવી સ્થિતિમાં છીએ ત્યાં નિરાશા ન આવવી જોઈએ. ભગવાનનું શાસન છે ત્યાં સુધી ભયની સંભાવના પણ નથી. આફતો આવે તે પણ કલ્યાણ માટે બની શકે છે. માટે મુંઝાવાનું નહિ. પ્રસંગો સાંપડે તે પ્રેમથી વધાવવા અને શાસનની સેવા બજાવવી. સુખ આવે તો આરાધવાની શક્તિમાં જરાપણ કચાશ ન રાખીએ તો તો સુખ પણ સુખ પમાડે, નહિ તો દુઃખદાયી બને. આજના દિવસનો એ મહિમા છે. શાસન હૈયામાં વસી જાય તો ધાર્યું કામ થઈ જાય. એ માટે સૌ કોઈ પુણ્યાત્માઓ શાસનને સમર્પિત થઈ વહેલામાં વહેલું કલ્યાણ સાધે એ જ શુભાભિલાષા.

■ ■ ■

દક્ષિણ મહારાષ્ટ્રની ધન્ય ધરા સાંગલી નગરે
શ્રી અમીઝરા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટના ઉપક્રમે
મંગલમય ચાતુર્માસ પ્રવેશ

સુવિશાલગચ્છાધિપતિ **પૂ. આ. ભ. શ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજાની** આજ્ઞા - આશિષથી **પૂ. આ. ભ. શ્રી જયકુંજર સૂ. મ.** તથા **પૂ. આ. ભ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ.** ના શિષ્ય - પ્રશિષ્યરત્નો **પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ.** આદિ ઠા. ૩ નું ચાલુ સાલનું ચાતુર્માસ જમખંડી (કર્ણાટક) નગરે નિશ્ચિત થયું હતું પરંતુ કોલ્હાપુરથી જમખંડી તરફના વિહારમાં મિરજ નગરે **પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ. મ.** ની તબિયત એકાએક બગડતાં તાત્કાલિક હોસ્પિટલમાં એડમીટ કરવા પડેલ. ડો. ની સલાહ મળી કે- ચાલુ સાલે તમે સાંગલી / મિરજ ચાતુર્માસ કરો તો મહાત્માની સારવાર બરાબર થઈ શકશે. આ સમાચાર સાંગલી / મિરજ સંઘને મળતાં તુરંત જ બન્ને સંઘોએ પૂ. ગચ્છાધિપતિશ્રીને વિનંતિ પત્ર લખ્યો અને પૂ. ગચ્છાધિપતિશ્રીએ ગ્લાન મુનિરાજના સ્વાસ્થ્યની પરિસ્થિતિને વિચારી સાંગલી સંઘની વિનંતી સ્વીકારી અનુમતિ આપેલ. સાંગલી સંઘને અણધાર્યો ચાતુર્માસનો લાભ મળતાં જ સંઘમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયેલ.

પૂ. ગચ્છાધિપતિશ્રીની અનુજ્ઞાપૂર્વક અષાડ સુદ ૧૦ના મંગલ દિને સાંગલી નગરે ચાતુર્માસ પ્રવેશ થયેલ. સામૈયા પૂર્વે **શ્રી જંયતિલાલ મણિલાલ શાહ વઢવાણવાલા** પરિવાર તરફથી સકલ શ્રી સંઘની નવકારશીનું આયોજન થયેલ. ૮-૩૦ વાગ્યે સામૈયાનો મંગલ પ્રારંભ થઈ ૯-૩૦ વાગ્યે શ્રી અમીઝરા પાર્શ્વનાથ દેરાસરે ઉતરેલ. સામુદાયિક ચૈત્યવંદન બાદ પૂ. ગુરુભગવંતના માંગલિક બાદ સંઘના અધ્યક્ષ **શ્રી સુભાષભાઈએ** પૂ. ગુરુભગવંતો તથા સકલ શ્રી સંઘનું હાર્દિક સ્વાગત કરેલ. **શ્રી. ભરતભાઈએ** સ્વાગત ગીત રજુ કરેલ. ત્યારબાદ મહાત્માનું માંગલિક પ્રવચન થયેલ. પ્રવચન બાદ ગુરૂપૂજન તથા કામળી વહોરાવવાનો ચઢાવો બોલાતાં **સંઘવી શાંતિલાલ વાડીલાલ ભાભરવાલા પરિવારે** લાભ લીધેલ. પ્રવેશ નિમિત્તે ૪૦ રૂા. નું સંઘપૂજન થયેલ. બહારગામના મહેમાનોની શ્રી સંઘ તરફથી સાધર્મિકભક્તિ થયેલ. સંઘમાં સામુદાયિક આયંબિલ થતાં સારી સંખ્યામાં આયંબિલ થવા પામેલ.

એકંદરે સાંગલી નગરે શ્રી સંઘને અણધાર્યા ચાતુર્માસનો લાભ મળતાં સકલ શ્રી સંઘમાં આનંદ - ઉત્સાહનું વાતાવરણ છવાઈ ગયેલ છે. પ્રતિદિન પ્રવચનોમાં પુણ્યાત્માઓ સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

ગ્લાન **મુનિવરશ્રી અક્ષયબોધિ વિ.** શાતામાં છે. સ્વાસ્થ્ય સુધારા પર છે.

કમશ :

બોધકથા

શું ગમે છે ત્યાગ કે સોદો ?

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જૈન શાસનમાં દાન-શીલ-તપ અને ભાવ એમ ચાર પ્રકારનો ધર્મ બતાવાયો છે. પુણ્યયોગે પ્રાપ્ત લક્ષ્મીની મમતા મૂર્ચ્છા ઉતારવા માટે દાન ધર્મ છે. પણ દાન ધર્મ કરવા માટે લક્ષ્મી કમાવાનું કયાંય પણ કહ્યું નથી. આજે લક્ષ્મીનો સોદો થાય છે કે સમર્પણ પૂર્વક સાચો ત્યાગ તે જ સમજાતું નથી !

એક વાર રેલ સંકટ અને અતિવૃષ્ટિના કારણે ઘણો બધો વિનાશ થયો. કુદરતની કરામત આગળ ભલભલાના દિમાગ ચાલતા નથી. સૌ મદદનો ફાળો કરવા લાગ્યા. એક ગામના લોકો એક સુખી ગૃહસ્થને ત્યાં ગયા અને ફાળા માટે વિનંતિ કરી. તે ભાઈએ માત્ર ૫૧ રૂા. આપ્યા. આ લોકોનો આગ્રહ ક્રમમાં કમ ૧૦૦ રૂા. આપો તેવો હતો. પણ પેલા ભાઈ ટસના મસ ન થયા. તો બધા તેને કંજૂસ - કૃપણ તેવી ટીકા - નિંદા કરવા લાગ્યા.

ત્યારે એક જાણકાર અનુભવી વૃદ્ધે વાત પર પ્રકાશ પાથર્યો કે- ''ભાઈઓ ! માણસને સમજ્યા અને ઓળખ્યા વિના ક્યારે પણ કોઈની કશી ટીકા ન કરવી. અને દાનનો સોદો નામ મેળવવા ન હતો કરવો. બાકી તમને બધાને ખબર છે કે- આજે સવારના પેપરમાં જેની વાત આવી છે કે, એક અનામી વ્યક્તિએ આ રાહત ફંડમાં ૫૧,૦૦૦ રૂા. આપ્યા છે. તે બીજા નહિ પણ આ જ ભાઈ છે.'' ત્યારે બધા આશ્ચર્ય પામ્યા અને પોતાની ભૂલની માફી માગી.

જૈન શાસનના પરમાર્થને પામેલા પુણ્યાત્મા ઓ તો સારી રીતના એ વાત સમજે છે કે, 'સાચું દાન અંતરના આનંદમાં છે. કે આટલી મમતાથી છૂટ્યો. પણ નામનાદિની ઝંખનામાં નથી.' જેમ પૈસાથી આપણે કોઈ ચીજ-વસ્તુ ખરીદીએ તેમ દાન કરી પ્રતિષ્ઠા, કીર્તિ, નામના કે પ્રશંસાની ઈચ્છા રાખીએ-મેળવીએ તો તે દાન નથી પણ સોદો જ છે. દાનમાં જો વ્યાપારી બુદ્ધિ ભળે તો દૂધમાં તેજાબ મળતાં જે હાલત દૂધની થાય, તે જ દાનની થાય. સૌ વાચકો ! કહેવાનો ભાવાર્થ સારી રીતના સમજી ગયા હશો કે- 'દઈએ તો મળે તેમ નહિ પણ દઈએ તો છૂટાશે' તે ભાવનાથી અપાતું દાન તે સાચું દાન છે.

આરાધનાભુવનમાં પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની સ્વર્ગારોહણ તિથિની ભવ્ય ઉજવણી
ચાતુર્માસિક તપ-જપ અનુષ્ઠાન

શ્રી મહાવીર સ્વામી જિનાલય આરાધનાભુવનમાં ચાતુર્માસિક ધર્મ આરાધનાની મોસમ ભરપૂર ખીલી રહી છે.

સોળ દિવસનાં અષ્ટમહાસિદ્ધિ તપ-સાંકળી અક્ષમતપ વગેરે તથા તપસ્વીઓની ભક્તિ હંમેશ ચાલુ છે. તા. ૧૯ ગુરુવારે ગચ્છાધિરાજ ૧૨૧ શિષ્ય પરિવારનાં ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની દશમી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે તેઓશ્રીના શિલ્પરત્ન અને આરાધનાભુવનમાં ચાતુર્માસ બિરાજમાન મુનિરાજ હિતદર્શન વિજયજી તથા તીર્થરત્નવિજયજી મહારાજ તથા શ્રાવકગણ તરફથી પૂજ્યપાદશ્રીજીનાં મહાન ઉપકારક જીવન વિશે ગુરુગુણાનુવાદ પ્રવચન કરવામાં આવેલ.

ઉપસ્થિત વિશાળ શ્રોતાગણની હાજરી અદ્ભુત રહી હતી. ગુરુપૂજન તથા સંઘપૂજન ભાવિક વર્ગ તરફથી કરવામાં આવેલ હતું.

પૂજ્ય વિદુષી સાધ્વીજી શ્રી ચન્દ્રાનનાશ્રીજી મહારાજે શ્રાવિકાની સભામાં ભાવવાહી ગુરુગુણાનુવાદ કર્યો હતો. શ્રી મહાવીર સ્વામી જિનાલયે મહાપૂજા જેની ભવ્ય અંગરચના જિન મંદિરનો ફૂલોથી શણગાર સેંકડો દિપકોની રોશની ભક્તોની ભક્તિના ભાવોનો ઉલ્લાસ જગાડનારી બનતાં હજારો દર્શનાર્થીઓની ભીડ પ્રભુ દર્શન માટે ઉમટી હતી. જે દૃશ્યથી પર્યુષણ જેવું વાતાવરણ ખડું થયું હતું.

દિન પ્રતિદિન આરાધનામાં ઉલ્લાસ વૃદ્ધિ પામી રહ્યો છે.

ક્ષમાપ્રદાન–આત્મિક આનંદની અનુભૂતિ

–પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.

આજે દુનિયામાં લાવ... લાવ... કહેનારો મોટો ભાગ છે પણ લો... લો... કહેનારો વર્ગ વિરલ છે. જૈન શાસનના પરમાર્થને પામેલા પુણ્યાત્મા તો માને છે કે હૈયાથી સમજીને વિવેક પૂર્વક આપવામાં જે અનેરી લિજ્જત –મસ્તી છે તે બીજામાં નથી. તેવો જ આત્મા ધર્મનું સર્વસ્વ, ધર્મનો સાર જે ક્ષમાપ્રદાન તેની સાચી આત્મિક અનુભૂતિ કરી શકે છે. નિષ્કામ દાનવૃત્તિ પણ જેમ દુર્લભ બની છે તેમ સાચું ક્ષમાપ્રદાન પણ આજે દુર્લભ દેખાય છે. 'મારી ભુલ થઈ ગઈ' આ શબ્દો ઉચ્ચારમાં એકદમ સહેલા છે પણ આચારમાં અધિકમાં અધિક અઘરા છે. કદાચ આના જેવો 'ભારેખમ' શબ્દ કદાચ બીજા ન પણ હોય.

'પુણ્ય યોગે જે કાંઈ સારી પ્રતિકારક શકિત મલી હોય તે સામનો કરવા નહી પણ સહન કરવા મલી છે.' આ મુદ્રાલેખ જેના હૈયાનો હોય તે જ સાચું ક્ષમાપ્રદાન કરી શકે. બાકી મને વાત–વાતમાં ખોટી રીતના દબડાવે, તતડાવે, ખખડાવે તે કેમ ચાલે ? સહન શકિતનો પણ હદ હોયને ? આવી વેવલી વાતો કરનાર ક્ષમાપ્રદાન કરી શકે તે સંભવિત નથી. અપરાધીનો સામનં કરવો તે અપરાધ છે. હે આત્મન્ ! તેં પણ આજ સુધી ઘણા અપરાધ કર્યા, ઘણાના સામના કર્યા, હવે મારે સહન કરવું છે. – આ વિચાર સ્ફૂરે તો સમજવું કે ક્ષમા આપવાની માગવાની ભૂમિ શુધ્ધ થવા લાગી. દુનિયના જડ–ચેતન પદાર્થો પ્રત્યે ઘણી મોહ–માયા–મમતા– મૂર્ચ્છા કરી પણ અંતે પરિણામ શૂન્ય જ આવ્યું. તું મમતાને માર તો સમતા તને છાતીસરખી ચાંપશે. સમતામાં – સહન કરવામાં – સહનશીલતા કેળવવામાં પછી જે આનંદ આવશે તે સામનો કરવામાં નહીં આવે. આજ સુધી સંઘર્ષો કરીને શું મેળવ્યું અને શું ગુમાવ્યું તેનો વિચાર કરી હવે સહન કરવાનું નકકી કર. પછી જે આનંદ આવશે તે અવર્ણનીય હશે, મોકલા પણ વાગોળવાનું મન થશે.

વિષયોની લલચામણી લોભામણી લાલચાઓએ અને કષાયોની કાલીમ પજવણીએ આજ સુધી આપણા આત્માની સાચી શાંતિ–સમતા–સમાધિ–સહનશીલતાનો છેદ જ ઉડાડયો છે. મહાદુર્લભ અને મહાપુણ્યે પ્રાપ્ત એવા જે માનવ જીવનમાં સહજ શાંતિ–સમતા–સમાધિ–આનંદ – સ્વસ્થતા–પ્રસન્નતા, ઉદારતા, દિલાવરતાનો ઉમળકો દેખાવો જોઈએ, સુરસરિતાનો કલકલ મીઠું મધુર ગુંજન કરતો વહેતો પ્રવાહ પરસ્પરના દિલ–દિમાગને સદ્‌ભાવ, સમર્પણ, વિશ્વાસ, વફાદારી, આત્મીયતા, પોતાપણાની લાગણીથી ભરતો હોય તે જ જીવનમાં અશાંતિ– અજંપો – અદેખાઈ– વાદ–વિવાદ–કલેશ–સંકલેશનો સંતાપ, કકળાટનો ઉકળાટ અનુભવાય તો તેનું કારણ વિચારવું જરૂર નથી ? અર્વાચીનદષ્ટા અનુભવીઓએ તો તેનું નિદાન કર્યું છે કે–હૈયામાં ભળકે બળતા કષાયો, વેર–ઝેરની વૃત્તિ વિષયોની તીવ્ર વાસના, જડ–ચૈતન્ય પ્રત્યે અતિમાત્રાની રાગ–દ્વેષાદિની તીવ્ર પરિણતિ, નજીવા– નજીવા સાવ જ ક્ષુલ્લક કારણો સર આપ્તજનોને આપેલી દિલની ઠોકર, પરસ્પરને સમજવાનો અભાવ, ગેરસમજ, પોતાની જીદ્‌ અને પકકડનો દુરાગ્રહ, તેનો જ કકકો સાચો કરાવવાની વૃત્તિ : જયાં સુધી હૃદયમાં ઝેર હોય તો જીવન ખારું ઝેર જેવું બને તેમા નવાઈ નથી. હૃદયમાં સમતા–ઉપશમ ભાવનું અમૃત ભર્યું તો જીવન અમૃતસમાન બને તેય સત્ય છે. કષાયના પરિણામો કેવા કેવા જાલીમ કાતીલ અને દુરન્ત છે, વેર–ઝેરની વકરેલી વૃત્તિઓ કેવો કેવો વિનાશ સર્જે છે. જીવનની સાચી સુખ–શાંતી–આબાદીની આધારશીલા તોડી નાંખે છે. તેનો જો તું શાંત ચિત્તે વિચાર કરીશ તો ખરેખર જે ક્ષમાપ્રદાન થશે તે સાચું થશે. અગ્નિનો એક કણિયો રૂની ગંજાવર ગંજીને બાળવા સમર્થ છે તો સાચા પશ્ચાતાપની પાવક જવાલા હૈયાની મલીન કાલીમતાને બાળી આત્માને સ્ફટીક સમ ઉજવલ બનાવવા સમર્થ છે.

હૈયાનું ક્ષમાપ્રદાન, જાની દુશ્મનીને દેશવટો આપી દિલદારી દોસ્તીને આમંત્રણ છે. માટે જ પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વના પરમ સંદેશ સમાનક્ષમા ધર્મની મહત્તા ને ગાતા–ગવરાવતાં હિતૈષી આપ્તજનો કહે છે કે–સાચા ભાવનું ક્ષમાપ્રદાન એ તો કષાયનું શમન છે. વાસનાનું વમન છે, વિષયાભિલાસાનું વિસર્જન છે, ઈન્દ્રિયોનનું દમન છે, પાપનું પક્ષાલન છે, કર્મનું હવન છે, આત્મોજવાલાનું ગાન છે.

કારણ કે, સકારણ , નિમિત્ત કે નિમિત્ત વિના પણ કોઈ આપણને કડવા–કટુ વચન કહે, ગાળ આપે, અપશબ્દ કહે, ધંધાદિમાં નુકશાન થાય, કુટુંબ–પરિવારમાં પણ કલેશ–કંકાશનું પ્રતિકૂળ વાતાવરણ સર્જાય, દ્વેષ ભાવથી આપણને ઉતારી પાડવા, હલકો ચીતરવા, નીચું જોવરાવવા અનેકની વચ્ચે અપમાન–તિરસ્કાર–ઉપેક્ષા પણ કરે ત્યારે જ આપણી સમતા–સમાધિની ની કસોટી થાય છે. આપણો કાંઈ પણ વાંક–ગુન્હો કે ભૂલ નથી છતાં ન ન સંભળાવવાના આક્ષેપાત્મક શબ્દો સંભળાવે તેને જેથી સહન કરવા તેમાં જ આપણી મહાનતા સજ્જનતા છે, ઉદારતા છે આવા સમયે મનના કોઈ ખૂણામાં પણ બદલાની ભાવના વાવવી નથી, હૈયામાં કષાયોની આગ સળગાવવી નથી, પણ ચિત્તને શાંત–પ્રશાન્ત–ઉપશાન્ત રાખવું છે. તે વખતે હૈયા ઉપર હાથ મૂકી વિચારવું છે કે–"ભૂલ મારી જ છે. આ ભવની નહી તો ભવાંતરની તો ખરી જ. આવું કરી મને તે નિર્મલ કરે છે. માટે તે ઉપકારી છે". જો આ વિચારણા આત્મસાત્ થાય તો કલ્યાણ સુનિશ્ચિત છે. તપમાં શરીર ને કષ્ટ પડે છે, દાનમાં પૈસાનો વ્યય દેખાય છે, જ્ઞાનમાં બુધ્ધિ કસવી પડે છે જ્યારે આ ક્ષમાપ્રદાન તો એવું અદ્‌ભુત રસાયણ છે જેમાં નથી લોહી ઘટતુ કે નથી શરીર ઉતરતું મનને સમજાવી દઈએ, મન જો ઉદાર બની જાય તો હૈયું સૌ જીવો પ્રત્યે વાત્સલ્ય વરસાવ્યા વિના ન રહે. મારે હવે વિષયાભિલાષાનો લાવારસનો ઉકળતો ચરૂ નથી જોઈતો કષાયોની લોહી બાતરા નથી કરવી, વૈરના અનુબંધ નથી રાખવા. મારે તો સમતા–સમાધિ અને ઉપશમભાવની સાચી આરાધના કરી સડસડાટ સિધ્ધિના શિખરે પહોંચી જવું છે. વેરભાવની વૃત્તિ ભવોભવને બાળનારી છે કષાયનો કણિયો આરાધનાની ગંજીને બાળી નાખે છે સંયમની સાધનાને સળગાવવાની તાકાત કષાયની ચિનગારીમાં છે. માટે જ કહ્યું કે– " ક્રોધે ક્રોડ પૂરવ તણું સંજમફલ જાય".

જેની સાથે બોલાચાલી થઈ, કલેશ -કંકાસનો સંઘર્ષ થયો, દિલ દુભાયા, અંતર કડવા કર્યા તો પણ અપરાધીને અપરાધની બક્ષીસ તરીકે ક્ષમા રૂપી અમૃત રસનું પાન કરાવો તો જુઓ જાદુ જીવન અમૃતમય બની જજે. જીવનમાં સંતોષની સાચી સુરખીનો અનુભવ થશે.

કષાયની ચંડાળ ચોકડી ઉપર જો ચોકડી નહી મારીએ તો આપણી આરાધના પર તે ચોકડી મારી દેશે તો કયો ધંધો સારો ? લાભનો કે ખોટનો ? કઈ ચોકડી મારી તે વિચારી લો. જ્ઞાનીઓ તો કહે છે કે, બધાને હૈયા પૂર્વક ખમી–ખમાવી આપણે ક્ષમા ધર્મના મૂલ્યા સિંચવા છે જેથી આપણું અંતર તો નિર્મલ પારદર્શક સ્ફટિક જેવું ઉજવલ બની જશે. તેમાં જે ફુલ આવશે. તે ફળને આપ્યા વિના રહેશે જ નહી. કષાય ના કારણે આરાધનાને નિષ્ફળ કરવાનો નુકશાનીનો ધંધો હવે તો કરવો જ નથી, વેર–ઝેરની તુચ્છ વાસના ના ગુલામ બની ભવભ્રમણને વધારવું નથી. હવે તો ભવભ્રમણ પર જ ચોકડી મારી મુકિતની મહેલાતને માણવી છે.

સૌ વાચકો ! ક્ષમાધર્મના પરમાર્થ ને સમજી ક્ષમાપ્રદાનની અનોખી લિજજતનો પાન કરવા સૌને સાચા ભાવે ક્ષમા આપી, ક્ષમા મેળવી ક્ષમાની સુરસરિતામાં સ્નાન કરી, ક્ષમાના પરમોચ્ચ ફલને પ્રાપ્ત કરનારા બનીએ તેજ શુભાભિલાષા.

● ● ●

બીજાને ઉતારી પાડવા તે દોષ છે

પોતાની રાજધાની નજીક એક ફકીર ઉતર્યાના ખબર મળતા બાદશાહે તેને પોતાના મહેલે નિમંત્ર્યો. ફકીરતો કાદવથી લદબદ પગે મહેલના મોંઘા ગાદી–ગાલીચા ખરડતો બાદશાહ પાસે પહોંચ્યો. બાદશાહ આ બધું જોતો મૂંગો બેસી રહ્યો. એટલે ફકીરે સામેથી કહ્યું : 'તારા દોર દમામનું ગર્વ ગાળવા જ મારે આમ કરવું પડયું છે" બાદશાહે નમ્રતાથી પૂછ્યું 'પણ ગર્વથી ગર્વ ટળે ખરો ' ફકીર શરમીંદો બની ગયા.

પ્રવચન - ઓગણપચાસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

૨૦૪૩, ભાદરવા વદિ -૨, બુધવાર, તા. ૯-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ

પેઢી ચલાવનાર છે માટે અહીં આવો છો ને ? તેનું અનુમોદન ચાલુ છે ને ? ઘર - પેઢીમાં હરકત આવે તેમ નથી તેવું નક્કી કરીને આવો તો તેનું પાપ બંધાયા કરે ને ? ઘર - પેઢીથી છૂટવા માટે આવતા હો તો નિર્જરા શરૂ થાય. જ્ઞાનિઓએ લક્ષ્મીને ડાકણ જેવી કહી છે તે એટલા માટે કે લક્ષ્મીવાળો કે લક્ષ્મીની લાલસાવાળો પણ જીવ જ્યાં જાય ત્યાં લક્ષ્મીના જ વિચાર કરે. તેના માટે અનેક પાપ પણ કરે. તમે બધા અહીં આવ્યા છો તો તમારા બધાની પેઢીઓ ઉઘાડી હશે કે બંધ હશે ? વેપારનો ટાઈમ નોકર માટે કે શેઠ માટે પણ ખરો ?

મંદિર - ઉપાશ્રયે શા માટે જવાનું છે ? ઘર - પેઢી આદિ છૂટે માટે કે સારી રીતે ચાલે તે માટે ? દરેક ધર્મક્રિયામાં નિર્જરા ઘણી થાય, ગુણસ્થાનક પ્રત્યયીક પાપબંધ અલ્પ થાય, તેની સ્થિતિ ઓછી બંધાય, રસ પણ ઓછો પડે તે કોને માટે ? જે જીવ ધર્મ જ કરવા લાયક માને છે, સંસાર કરવા લાયક જ નથી એમ માનીને કરે તેને માટે. તેવો જીવ તો ઘર પેઢીમાં ય નિર્જરા કરે, ખાતાં ખાતાં પણ નિર્જરા કરે.

સભા : બધો આધાર પરિણામ ઉપર થયો ને ?

ઉ. - હા. કોણ ના પાડે છે ? માટે તો તમારા પરિણામ સુધારવા છે.

તમે ખાવા બેસો તો તપસ્વિને હાથ જોડીને બેસો ખરા ? દરેક ધર્મક્રિયામાં નિર્જરા થાય અને પુણ્યબંધ થાય અને જે પાપનો બંધ થાય તે અલ્પ થાય તે કોને ? જે જીવો સમજીને કરે તેને. જે જીવો સંસારના સ્વાર્થ માટે ધર્મક્રિયા કરે તો તેને પાપ જ બંધાય. મંદિરમાં મિથ્યાત્વ પણ બંધાય, નરકાયુ પણ બંધાય અને તિર્યંચાયુ પણ બંધાય. ભગવાનની પૂજા કરતાં કરતાં નરકાયુ કોને બંધાય ? મારી પેઢી વધે, ખૂબ પૈસા મળે અને ખૂબ ખૂબ સુખ ભોગવું તેને. મહારંભ અને મહાપરિગ્રહની ભાવનાથી પૂજા કરે તેને ય નરકાયું પણ બંધાય. નિર્જરા થાય પણ કઈ ? ઉદયમાં આવેલાં કર્મો જાય તે નિર્જરાની કિંમત નથી.

સામાન્યથી સોળ કષાયની વાત કરી આવ્યા. નવ નોકષાય સમજો છો ? સુખ આવે રતિ થાય, દુઃખ આવે અરતિ થાય તો તે ય પાપ છે. હાંસી - મશ્કરી પણ સમજો છો ને ?

પ્ર.- હસવું આવે તેમાં ય પાપ લાગે ?

ઉ.- હસવું અજ્ઞાનીને આવે, જ્ઞાનિને ન આવે જેને જોઈને દયા આવવી જોઈએ તેને જોઈને હસવું આવે તે ચાલે ? હસવું આવે તે પણ હાસ્ય મોહનીય કર્મના પ્રતાપે છે તે ખબર છે ?

ભય પણ સમજો છો, શોક પણ જાણો છો અને જુગુપ્સા પણ સમજો છો. અને ત્રણ વેદને પણ જાણો છો. આ બધી પ્રકૃતિ આત્માનું સત્યાનાશ કાઢનારી છે તેનો ભય લાગે તો ઠેકાણું પડે.

માટે જ ગ્રન્થકાર મહર્ષિ સમજાવી રહ્યા છે કે- મોહનીય કર્મ જ મોટામાં મોટો ભય છે. તે ભય ન લાગે તેવો જીવ ધર્મ કરે તે ય વધુ અધર્મ કરવા માટે કરે છે. તેથી જ ધર્મ નહિ સમજેલા અને મોહને આધીન થયેલા માતા - પિતાદિ ધર્મની આરાધનાની આડે આવે છે. તેમાં જે જીવોને ગાઢ દર્શન મોહનીયનો ઉદય હોય છે તેઓને તો ભગવાનનું શાસન પણ ગમતું નથી. દર્શન મોહનીયનો જેને ઉપશમ કે ક્ષયોપશમ ન થયો હોય તેને ધર્મ કરવાનું સાચું મન પણ ન થાય. મિથ્યાત્વ મંદ ન પડે ત્યાં સુધી પહેલું ગુણસંપન્ન ગુણઠાણું પણ ન આવે. ગુણસંપન્ન પહેલું ગુણઠાણું આવે તેને સમ્યક્ત્વ પામવાનું મન થાય. પછી દેશવિરતિ પામે અને સર્વવિરતિ પણ પામે. તમે શું પામ્યા છો ? આજ સુધી તમે સાધુ થયા નથી, હવે સાધુ થવાનો સંભવ નથી અને સાધુ થવાનું મન પણ નથી. તો આવો શ્રાવક હોય ખરો ? સાધુને જોઈને પણ તમને સાધુ થવાનું મન થાય છે ખરું ? તે રીતે ભગવાનની પૂજા કરો તો ભગવાન જ્યાં ગયા છે

ત્યાં જવું છે તેવું પણ મન છે ખરું ?

સભા : તેવો વિચાર જ નથી આવતો.

તો ભગવાનની પૂજા શા માટે કરો છો ?

એક ગામમાં ઘણા બધા છોકરાઓ રોજ સ્નાત્રપૂજા ભણાવી પછી વેપાર - ધંધે જતા હતા. મેં તેઓને પૂછેલું કે- રોજ સ્નાત્રપૂજા કેમ ભણાવો છો ? તે બધા કહે કે- રોજ સ્નાત્રપૂજા ભણાવીને બજારમાં જઈએ તો વેપારાદિમાં ફાવટ આવે છે. આ માટે સ્નાત્ર ભણાવે તો તે ધર્મ થાય કે અધર્મ થાય ? આલોકના સુખ માટે ધર્મ કરે તો તે ધર્મ ઝેર જેવો થાય છે, તત્કાલ મારનારો બને છે આ વાત તમે બધાએ કેટલીવાર સાંભળી છે ? પણ સારી રીતે પાપ કરી શકાય. ખાઈ - પી શકાય, મોજમઝાદિ કરી શકાય તે માટે ધર્મ કરનારો વર્તમાનનો મોટો ભાગ છે. તમારો નંબર તેમાં નથી ને ?

પ્ર- ધર્મ કરતાં કરતાં ભાવ આવી જશે ને ?

ઉ.- આવી રીતના સમજાવવા છતાં ય, જાણવા છતાં ય આ લોકાદિના સુખને માટે જ ધર્મ કરનારને સાચો ભાવ આવે ખરો ?

માણસને મરવાનો જેટલો ડર છે તેટલો તમને પાપનો ડર છે. ખરો ? મરવાથી બધા ગભરાય, પાપથી કેટલા ગભરાય ? આખો સંસાર તે પાપ છે ! ઘર પણ પાપ ! પેઢી પણ પાપ ! પૈસો - ટકો પણ પાપ છે. આ વાત હજુ સમજો તો તમારું થશે શું ? તમે થોડી ઘણી ધર્મક્રિયા કરતા રહેશો પણ વાસ્તવિક ધર્મની પ્રાપ્તિ નહિ થાય અને આવી જ હાલત રહેશે તો ભવાંતરમાં પણ ધર્મની પ્રાપ્તિ નહિ થાય. આવા જીવોને ખુદ ભગવાન મળે તો પણ સાચા ભાવની પ્રાપ્તિ થતી નથી. તેવા જીવો ખુદ ભગવાનના કાળમાં ય હતા, રોજ ભગવાનની દેશના સાંભળે તો પણ કાંઈ અસર થાય નહિ. ભારે કર્મી જીવોને ભગવાન મળે, ભગવાનની દેશના સાંભળવા મળે પણ કાંઈ જ અસર થાય નહિ, મોક્ષની વાત ગમે નહિ, ઘણા તો એવા નંગો હતા કે મોક્ષની ય મશ્કરી કરે કે- 'મોક્ષ તે હોતો હશે !', સાધુપણાનું મન પણ થાય નહિ.

તમને બધાને શું થવાનું મન છે ? તમને બધાને મોટા વેપારી, સાહેબ, સારા બંગલા - બગીચાવાળા થવાની ઈચ્છા છે ખરી પણ સારા ધર્મી થવાની ઈચ્છા છે ખરી ? 'વેપારાદિ વગર તોન જ ચાલે' તેમ બરાબર સમજો છો તેમ 'ધર્મ વગર પણ ન જ ચાલે ' તે વાત બરાબર સમજો છો ખરા ? તમે તો ધર્મ પામ્યા નથી પણ તમારા છોકરાને ધર્મ પમાડો તે વાત બનવા જોગ છે ખરી ? કદાચ તમારો છોકરો ધર્મ પામતો હોય તો અટકાવો ખરા- આ વાત સાચી છે ને ? તમે બધા એમ કહો કે- 'અમે કદાચ ધર્મ પમાડતા નથી તે વાત ઠીક છે પણ અમારાં સંતાન ધર્મ પામતાં હોય તો અમે અંતરાય કરીએ તેવા તો નથી જ.' તો તો હું ઘણો રાજી થાઉં. પણ આજે તમારાં સંતાનોની જ ફરિયાદ છે કે- અમને ધર્મ ગમી ગયો અને સાધુ થવાનું મન થાય તોય મા - બાપ આગળ બોલાય તેમ નથી. આ વાત સાચી છે ? એક છોકરો ભણી - ગણીને હોંશિયાર થયો. તેના બાપે તેને ધંધે લગાડયો. રોજ તેને ખોટું બોલવું પડે. ખોટી સલાહ આપવી પડે એટલે તેને તેના બાપને કહ્યું કે- આ ધંધાની નોકરી કરવી નથી. બહુ જ પાપ કરવું પડે છે. ત્યારે તેનો બાપ કહે કે- તને ભણાવવા પાછળ જે હજારો ખર્ચ્યા તે પહેલા પૂરા કર, પછી બીજી વાત કર. પછી તો તે છોકરો એવો પાવરધો થઈ ગયો કે- કટોકટીના કાળમાં તેને આ દેશમાંથી ભાગવું પડેલું. આમાં વાંક કોનો ? ધર્મની મોટી મોટી વાતો કરનારનો દીકરો પોતાના બાપને કહે કે- મારે આ પાપ નથી કરવું તો તમે તે વાત મંજુર કરો ખરા ? તમે સારા સુખી હો, આજીવિકા મઝેથી સારી રીતે ચાલી શકે તેમ હોય અને તમારો સમજુ દીકરો એમ કહે કે- બાપાજી ! પેઢી આદિની શી જરૂર છે ? નાહકનું પાપ શું કામ કરો છો ? તો તેની આ વાત તમને ગમે ખરી ? તમારે શ્રાવક કહેવરાવવું છે કે શ્રાવક થવું છે ?

પ્ર- ધંધાદિ વગર તો ગાંડા થઈ જઈએ.

ઉ.- આવા કુળમાં જે જન્મે તે તેનો ય મહાપાપોદય કહેવાય ને ? શાસ્ત્રે શ્રાવકના કુળમાં જન્મવું તેને મહાપુણ્યોદય કહ્યો છે. જ્યારે આજના શ્રાવકના કુળમાં જન્મવું તે તો મહાપાપોદય થયો ને ? જ્યાં દુર્ગતિનો ભય નહિ, સદ્ગતિનો ખપ નહિ, પાપથી જરાય ગભરાય નહિ, ધર્મ સારી રીતે કરે નહિ તો તે બધા મહામિથ્યાદ્રષ્ટિ છે. તે પોતે તો ધર્મ કરે નહિ પણ તેના ઘરમાં જન્મેલાને પણ ધર્મ કરાવે નહિ. તમારે સારા

થવું છે કે હજી આવાને આવા રહેવું છે ? ઘણા ધર્મ કરનારાનું વર્તન જોઈને ઘણાને થાય છે કે- આ બધા ધર્મ ન કરત. હોય તો સારા. ઘણી બાઈઓ પોતાના ધણીને કહે છે કે- 'તમારાં વ્યાખ્યાન સાંભળવામાં ધૂળ પડી !' તમારા છોકરાને અધિકને અધિક પાપ કરતાં જાુઓ તો તમને દુઃખ થાય કે આનંદ થાય ? પોતાના જ છોકરાને અનીતિથી ધંધો કરવાનું શીખવે તો તે બાપ કહેવાય કે શત્રુ કહેવાય ? દુર્ગતિમાં જ જવાના ધંધાદિ કરાવે તો તે શ્રાવક કહેવાય ? આજે તો બહુ ગરબડ થઈ છે.

તેના જ કારણે તમારાં સંતાન બધા જ પાપ મઝેથી કરે છે. રાતે ય ખાય છે, અભક્ષ્ય પણ ખાય છે, ગમે ત્યાં ભટકે છે. તમને આવું બધું દુઃખ પણ છે ખરું ? તમે ય સમજો છો તેટલો ય ધર્મ કરો છો ? ધર્મ નથી થઈ શકતો તેનું પણ દુઃખ છે ? દુર્ગતિમાં ન જવાય તેની કાળજી રાખીને જીવો છો ? આવા વિચાર ન આવે તે જૈન પણ બને ખરા ? જૈનકુલમાં જન્મવા છતાં પણ તમારે બધાને નથી થવું શ્રાવક કે નથી થવું સાધુ ! તમારે તો સારા પૈસાવાળા થવું છે, મોજમઝા કરવી છે. આવા જીવોની જો અમે ય પ્રશંસા કરીએ તો અમને ય પાપ લાગે. તમે તો બહુ જુલમ કર્યો છે- આર્યદેશમાં જન્મેલા તમારાં સંતાનોને તમે અનાર્ય દેશમાં મોકલ્યા છે. તે પણ પૈસા - ટકાદિ માટે. ત્યાં તે બધા મરે તો ક્યાં જાય ?

પ્ર.- ત્યાં પણ મંદિર થવા લાગ્યા છે.

ઉ - અહીંના મંદિરના વહીવટ બરાબર ચાલતા નથી તો ત્યાં શું થશે ?

આજે ગુરુને પૂછીને જ વહીવટ કરે તેવા ટ્રસ્ટી કેટલા છે ? સમજ્યા વગર ટ્રસ્ટી થાય તે ટ્રસ્ટીપણું શેનું કરે ? જ્યાં આશાતનાનો પાર નથી તો ત્યાં શું હાલત હશે ! આજના પૂજા કરનારા મોટે ભાગે પારકે પૈસે પૂજા કરે છે. તેને એવો ભાવ પણ નથી આવતો કે મારે મારી સામગ્રીથી જ મારી શક્તિ પ્રમાણે પૂજા કરવી જોઈએ ! પોતાની સામગ્રીથી પૂજા કરનારા કેટલા જીવો મળે ? તમને સારામાં સારી સામગ્રી મલી છે, ધારો તો તમે બધા ઘણું બધું કરી શકો તેમ છો, ઊંચામાં ઊંચા ધર્માત્મા થઈ શકો તેમ છો.

જે જીવ ધર્મી બને એટલે તેને મરવાનો ભય હોય નહિ અને જીવવાનો લોભ પણ હોય નહિ. ધર્મીને મન મરવાનો દિવસ એટલે મહોત્સવનો દા'ડો. મરણને મહોત્સવ માને તેવા કેટલા જીવો મળે ?

સભા : મહોત્સવ નજીક આવે ત્યારે કરવાનો કે રોજે રોજ તેની તૈયારી કરવાની ?

ઉ.- વેપારમાં પૈસા કમાવા તૈયારી ક્યારથી કરવાની ? એક વાર પણ જો સારો ભાવ આવી જાય તો સારી ગતિ થઈ જાય. આયુષ્યનો બંધ મોટે ભાગે પર્વ દિવસમાં થાય છે માટે જ પર્વ દિવસોમાં વિશેષ ધર્મ કરવાનો છે.

પ્ર.- પર્વતિથિએ આયુષ્યનો બંધ પડતો જ હશે ?

ઉ.- આયુષ્યનો બંધ મોટે ભાગે ત્રીજે ભાગે પડે અને પર્વતિથિ પણ પ્રાયઃ ત્રીજે દિવસે આવે. જો ત્રીજે ભાગે આયુષ્યનો બંધ ન પડે તો નવમે, સત્તાવીશમે, એકાશીમે ભાગે પણ આયુષ્યનો બંધ પડે અને છેલ્લા અંતમુહૂર્તમાં પણ આયુષ્યનો બંધ પડે. માટે હંમેશા સાવધ રહેવું પડે ને ? ખરાબ ભાવ આવી જાય તો શું થાય ? અંધારામાં વીજળીના પ્રકાશમાં સોય પરોવવી હોય તો કેટલા સાવધ રહેવું પડે ? તમે આખા જીવનમાં એક જ વાર આયુષ્યનો બંધ થાય છે માટે ચોવીસે (૨૪) ય કલાક સાવધ રહેવું પડે.

પ્ર.- આજે તો તારીખનો પ્રચાર છે.

ઉ.- બધાનો દા'ડો ઊઠી ગયો છે. તિથિ તો રોજ યાદ કરવી પડે. 'આજે કઈ તિથિ છે, કયા ભગવાનનું કયું કલ્યાણક છે' તે રોજ યાદ કરો છો ? શ્રાવકને - ધર્મીને આ વિચાર કર્યા વિના ચાલે નહિ.

ધર્મ નહિ પામવા દેનાર મોહનીય કર્મ છે. તેની વાત કરી રહ્યા છીએ. ધર્મ નહિ સમજેલા અને મોહમગ્ન એવા માતા - પિતા આદિ બધા ધર્મ પામવા માટે અંતરાયભૂત છે. તેમાં મારે તમને પિતા સંબંધી ભૃગુ નામના પુરોહિતની વાત હવે કરવી છે. અધર્મી માતા - પિતા કઈ રીતે ભયરૂપ બને છે તે સમજાવવા આ દૃષ્ટાન્ત બહુ જ ઉપયોગી છે. તેવે અવસરે જીવનો કાંઈક પુણ્યોદય સારો હોય તો જ તેને સન્માર્ગની પ્રાપ્તિ થાય. આ જ કારણથી અધર્મી માતા-પિતાદિને ભયરૂપ કહ્યા છે.

ક્રમશઃ

પ્રેમે પધારો શ્રી પર્યુષણા મહાપર્વ

- પ્રફુલ્લ

આવ્યા છે દિવસો આત્મ રમણના, બાહ્ય ભાવોને તજવાના;
જે ગુમાવ્યું તે હવે કરીને, આત્મનિરીક્ષણ કરવાના.
આવ્યા ૦ .....૧

શ્રી કલ્પસૂત્રનું અમી પાન કરીને, વ્રત જપ તપમાં જડવાના;
સુદેવ-ગુરુ-ધર્મની સેવા ભાવે કરવા તત્પર બનવાના.
આવ્યા ૦ .....૨

ચેતન - પુદ્ગલ વિવેક વિચારી, જીવ સુવર્ણ ઘાટને ઘડવાના;
ચપળ ચિત્તને શુભ ધ્યાને જોડી, ધર્મ આલંબન ધરવાના.
આવ્યા ૦ .....૩

પરભાવથી પાછા વળીને, સ્વભાવ ભાવે વાળવાના;
બોધિબીજની પ્રાપ્તિ માટે, ચિત્ત વિશુદ્ધિ કરવાના.
આવ્યા ૦ .....૪

સર્વ જીવોને ભાવે ખમાવી, વળી સૌને સાચું ખમવાના;
પરસ્પરના વૈર ભૂલીને, સરળ સ્વભાવી બનવાના.
આવ્યા ૦ .....૫

દાન-શીલ-તપ ભાવમાં ચઢીને, શિવપ્રાસાદની શ્રેણી ચઢવાના;
ત્યાગ ધર્મનો જયનાદ ગજાવી, તારક બનીને તરવાના.
આવ્યા ૦ .....૬

'આણાએ ધમ્મો' હૃદયમાં ધરીને, સુજ્ઞાન તણી શ્રદ્ધા ધરવાના;
સમકિત સંવેગ ગુણ રંજન માટે વિરાગ ભાવે 'પ્રજ્ઞેન્દુ' ઉજવવાના.
આવ્યા ૦ .....૭

પાપો કર્યાં પ્રતિ દિન અતિ મોહભાવે હો જિનજી.
જાણ્યાં ન અજ્ઞ મે, એ, ભવબંધન વધારે હો જિનજી.
તે પાપોની તુમ સાખે, નિંદા - ગર્હા કરું હું હો જિનજી.
આપો ક્ષમા મુજને, દીનભાવે યાચું હું હો જિનજી.



રૈવતાચલ ચિત્રકુટાદિ તીર્થોદ્ધારક પ. પૂ. આ. વિ. નીતિ સૂરીશ્વરજી મ. સા. ના સુમદાયની યાદી

૧. પ. પૂ. ગચ્છાધિપતિ આ. વિ. અરિહન્તસિદ્ધ સૂરીશ્વરજી મ. સા. તથા તપસ્વી મુનિરાજ શ્રી અનંતભદ્ર વિજય મ. સા. આદિ ઠાણા - ૬
લુણાવા મંગલ ભવન જૈન ધર્મશાળા
તળેટી રોડ, મુ. પો. પાલીતાણા - ૩૬૪ ૨૭૦

૨. પ. પૂ. આ. વિ. પદ્મ સૂરીશ્વરજી મ. સા. ૪
શ્રી પદ્માવતી પાર્શ્વનાથ જૈન તીર્થ
નેશનલ હાઈવે રોડ, મુ. માતપુર પો. આબુરોડ
જિ. સિરોહી - ૩૦૭ ૦૨૬ (રાજ.)

૩. પ. પૂ. આ. વિ. હેમપ્રભ સૂરીશ્વરજી મ. સા. ૯
શ્રી થરા શ્વે. મૂ. પૂ. જૈન સંઘ
મુ. પો. થરા - ૩૮૫ ૫૫૫
તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા

૪. મુનિ મણિપ્રભ વિજય મ. સા. ૨
પીપળીવાળી ધર્મશાળા - રોહિડાવાસ મુ. પો. શિવગંજ
જિ. સિરોહી (રાજ.)

૫. મુનિ રૈવત વિજય મ. સા. ૨
મુથાજી કા મંદિર નાગૌરી ગેટ, જોધપુર.

૬. મુનિ યશોહિર વિજય મ. સા.
જૈન ઉપાશ્રય મુ. પો. ઘણા જિ. પાલી (રાજ.)

૭. મુનિ રાજતિલક વિજય મ. સા. ૩
શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રય,
ચૌમુખજી જૈન મંદિર,
મુ. પો. ગઢસિવાણા-૩૪૪ ૦૪૪ જિ. બાડમેર (રાજ.)

૮. મુનિ દેવચંદ્ર વિજય મ. સા.
જૈન ઉપાશ્રય, મુ. પો. લુણાવા જિ. પાલી

૯. મુનિ પ્રશમેશ પ્રભવિજય મ. સા. ૨
શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન પેઢી, ભૈરૂ ચોક,
મુ. પો. સુમેરપુર - ૩૦૬ ૯૦૨ જિ.પાલી સ્ટે. જવાઈબંધ

૧૦. મુનિ સુપાર્શ્વ વિજય મ. સા.
જૈન ઉપાશ્રય મુ. પો. વાંકડીયા વડગામ
સ્ટે. રાનીવાડા જિ. જાલોર (રાજ.)

રાજકોટ - કાલાવડ રોડ પર કણપીઠના પત્થર મૂકવાનો મહોત્સવ



પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. આદિનું સામૈયું



કણપીઠ મુકવાનો લાભ લેનાર
શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા પરિવાર

સમકિતની મુખ્ય ૬ ભાવનાઓ

પ્રેષક : રતિલાલ ડી. ગુઢકા-લંડન

(૧) પહેલી ભાવના મોક્ષરૂપી નગરના પ્રવેશદ્વાર સ્વરૂપ સમ્યક્ત્વ છે

(૨) મુળ દરવાજા સિવાય જેમ નગરમાં પેસી ન શકાય તેમ સમકિત વિના મુકિત મેળવી ન શકાય - ટીકીટ વિના એરમાં પ્રવેશ ના કરી શકાય બીજી ભાવના.

(૩) શ્રી જિનધર્મ વાહનની પીઠ તુલ્ય સમકિત છે કાંઈક આધાર વગર કાંઈ રહી ના શકે. તેમ ધર્મને સમ્યક્ત્વ મોટું બળ એનો આધાર ત્રીજી ભાવના.

(૪) તેમ વિનયાદિ મહાન ગુણોનો આધાર સમકિત છે આ ચોથી ભાવના.

(૫) કોઈપણ પાત્ર વગર - વાસણ વગર પદાર્થ ના રહી શકે તેમ આ ધર્મરૂપી અમૃતને માટે પાત્ર તુલ્ય આ સમકિત છે તેના વિના ધર્મ અમૃત રહી શકતુ નથી તે પાંચમી ભાવના.

(૬) જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નની નિધિ સમ્યક્ત્વ છે નિધિમાં જેમ રત્નોની સ્થિતિ છે તમે સમ્યક્ત્વમાં જ્ઞાનાદિ ગુણોની સ્થિતી છે આ છઠી ભાવના સદા સમકિતની ભાવના ભાવવી.

અભિમાની બિલાડી

એક જંગલ હતું. આ જંગલમાં એક ખિસકોલી રહેતી હતી. એક દિવસ તે એક વડલાની ડાળ ઉપર બેઠી હતી. વડલો ખૂબ ઊંચો હતો. ખિસકોલી વડલાની નીચી ડાળે બેઠી હતી અને ટેટાં ખાતી હતી.

વડલાની બાજુના એક લીમડાના ઝાડ ઉપર એક બિલાડી શિકાર શોધવા ચડી હતી. ત્યાં તેને કંઈ શિકાર મળ્યો નહીં એટલે તે ત્યાંથી નીચે ઊતરતી હતી એવામાં તેની નજર વડલાની ડાળે બેઠેલી ખિસકોલી ઉપર પડી. ખિસકોલીને જોઈને તેનો શિકાર કરવા બિલાડીએ નિશ્ચય કર્યો. તે ધીમે પગલે ખિસકોલી તરફ જવા માંડી. બિલાડીને દેખીને આકાશમાં ઊડતા કોઈ કાગડાએ કા, કા કર્યું. કાગડાના અવાજથી ખિસકોલી ચેતી ગઈ અને ઝડપથી વડલાની ઊંચી ડાળ તરફ જવા માંડી.

ખિસકોલીને ભાગતી દેખીને બિલાડીએ બૂમ પાડતાં કહ્યું. ''આજે હું તને છોડવાની નથી. તું ભાગી ભાગીને ક્યાં જવાની છે ?''

ખિસકોલી તો જવાબ દીધા વગર ઝડપથી વડલાની ખૂબ ઊંચી અને પાતળી ડાળ ઉપર જતી રહી. અહીં પહોંચીને તેણે જોયું કે, બિલાડી પાતળી ડાળ ઉપર આવી શકે તેમ નથી એટલે તેણે કહ્યું, ''હું તો વડલાની સૌથી ઊંચી ડાળ ઉપર જઉં છું. ત્યાં બેસીને નિરાંતે ટેટાં ખાઈશ.''

''હું ત્યાં પણ આવીશ.'' બિલાડીએ કહ્યું.

''તમે જમીન પર ભલે ઝડપથી દોડી શકો, ઝાડ ઉપર ભલે ઝડપથી કૂદી શકો, પરંતુ પાતળી ડાળી ઉપર મારા જેટલી ઝડપે આવી શકશો નહીં, એટલે તમે મને પકડી શકવાનાં નથી.'' ખિસકોલીએ કહ્યું.

બિલાડી અભિમાની હતી. તે ગુસ્સે થઈને બોલી, ''તને મારી શક્તિનો ખ્યાલ નથી એટલે હું ઝડપથી ઝાડની ડાળ ઉપર ચાલી શકીશ નહીં એમ તું કહે છે, પરંતુ તેથી તું કંઈ બચી શકવાની નથી.''

ખિસકોલીએ કશો જવાબ આપ્યો નહીં.

આથી બિલાડીના ગુસ્સાનો પાર રહ્યો નહીં. હાથમાં આવેલો શિકાર છટકી જાય તો તેનું અભિમાન ઘવાતું હતું. તેણે ખિસકોલીને પકડવા કૂદકો માર્યો. કુદીને તેણે એક ઊંચી ડાળ પકડી લીધી, પરંતુ ખિસકોલી હજુ ઊંચે હતી.

ખિસકોલીએ બિલાડીને કહ્યું, ''હવે બહું સાહસ કરવાનું મૂકી પાછાં ચાલ્યા જાવ. તમે અહીં સુધી પહોંચી નહીં શકો. ડાળ ખૂબ પાતળી છે, તે તમારો ભાર ઝીલી શકશે નહીં તેથી તમે પડી જશો તો તમારા બાર વાગી જશે.''

પરંતુ ક્રોધ અને અભિમાનથી ઘૂંઘવાતી બિલાડી આવું કશું સાંભળવા કે વિચારવા તૈયાર ન હતી. તેણે ઝનૂનથી બીજો કૂદકો માર્યો. આ વખતે ખિસકોલી તો તેના ઝપાટામાં આવી નહીં, પરંતુ પાતળી ડાળી તેનાં પંજામાં આવી.

આ ડાળી બિલાડીનો ભાર સહન કરી શકી નહીં અને તૂટી પડી. ડાળીની સાથે બિલાડી પણ પચાસ ફૂટ જેટલી ઊંચાઈએથી જમીન પર પટકાણી અને મરણ પામી.

આ રીતે અભિમાન અને ક્રોધના આવેશમાં, પોતાની આજુબાજુની પરિસ્થિતિનો તથા પોતાની શક્તિનો ખ્યાલ નહીં રાખવાથી બિલાડીએ જાન ગુમાવ્યો.

—શ્રી પ્રભુલાલ દોશી

હસે તેનું ઘર વસે

શેઠની ખુશાલી

શેઠ ભારે ખુશ હતા તેણે તેના નોકરને બોલાવ્યો મગન આજે મારો જન્મદિન છે તને મારે ખુશ કરવો છે. ''નોકર કહે આપ તો ભારે દયાળુ છો.'' મગને આશામાં શેઠના વખાણ કર્યા જો આજ સુધી અમે ઘરના બધા તને મગના નામથી બોલાવીએ છીએ હવે આજથી મગનલાલ કહીને બોલાવીશું. બોલ છોને ખુશ ?

.....

અવશ્ય મળો

શિક્ષક : રમેશ તારા તોફાનથી તો હું ખૂબ તંગ આવી ગયો છું. મારૂ તો મગજ ખરાબ થઈ ગયું છે. મારે તારા પિતાજીની મુલાકાત લેવી પડશે !

રમેશ : અવશ્ય મળો મારા પિતાજી એક સારા મનોચિકિત્સક ડોકટર છે.

प्रचण्ड पुण्यप्राग्भार शालिनां, तेजोजितांशुमालिनां
श्रुतसागर - पारगामिनां, श्रीमतां विजयरामचन्द्रसूरीश्वराणां गुणवैभवं कीर्तयन्ती

सानुवादा स्तुतिधारा

श्री महावीर जैन आराधना केन्द्र कोबा (गांधीनगर) पि

रचना कर्ता : हितवर्धनविजयो मुनिः

गतांकथी चालुं...

सम्यग्दर्शनसंविध्धो - गृद्धोविद्यासमर्जने ।
सम्यक्चारित्र्यसंपृक्तो रामचन्द्रः स मे गुरुः ॥८९॥

सम्यग्दर्शनथी संविद्ध बनेला, ज्ञानोपार्जनमां गुद्ध रहेला अने सम्यक्चारित्रमां चुस्त रहेला श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥८९॥

पञ्चार महावर्तः सङ्कल्पस्य हिमाचलः ।
सम्यक्कर्मणि व्यालीढो रामचन्द्रः स मे गुरुः ॥९०॥

(१) हिमालय पर्वत जेवा द्रढ संकल्पशील... (२) सम्यक्कर्ममां सदाय ओतप्रोत....(३) अने ज्ञानादि पांच आचारोना वर्तुळ जेवा श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९०॥

सिद्धांतस्य धनुर्धारी ज्योतिर्धारी महापुमान् ।
आधारं शिवमार्गस्य रामचन्द्रः स मे गुरुः ॥९१॥

सिद्धांतोना धनुर्धारी, मोक्षमार्गना भेखधारी, ज्योतिर्धारी महापुरुष श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९१॥

अभीष्टं यस्य निर्वाणं - मरिष्टः कर्मणां श्रवः ।
अनिष्टमुत्क्रमः सूत्राद् रामचन्द्रः स मे गुरुः ॥९२॥

(१) निर्वाण जेमने अभीष्ट हतुं..... (२) कर्मोनो आश्रव जेमनो दुश्मन हतो... (३) अने उत्सूत्रवाणिता जेमने अनिष्ट हती.... एवा श्रीमद् रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९२॥

अरतिरतिचारेषु रतिर्गाढा शिवे सदा ।
निःसीमा यस्य या शक्ति रामचन्द्रः स मे गुरुः ॥९३॥

(१) अतिचारोना सेवनमां जेमने अरति हती... (२) मात्र मोक्षमां जेमने रति हती... (३) अने जेमनी शक्ति सीमातीत हती... एवा श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९३॥

आगसां नाशिनी यस्य शरच्चन्द्रसमोज्ज्वला ।
अभिलाषा पवित्रं च रामचन्द्रः स मे गुरुः ॥९४॥

अपराधोने दूर करनारी अने शरदऋतुना चंद्रमा जेवी उज्जवळ जेमनी अभिलाषा हती एवा श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९४॥

जिताशतिर्जिताचारे सर्वजितप्रवृत्तिमान् ।
आगमन्यस्तदृग्द्वन्द्वे रामचन्द्रः स मे गुरुः ॥९५॥

बाह्य-अभ्यन्तर शत्रुओने जीतनारा, जीताचारमां प्रवृत्त रहेनारा अने आगमवाचनमां चक्षुनुं निमीलन करनारा श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९५॥

पवित्रं चरितं यस्य चित्तमध्यात्मासंरतम् ।
ब्रह्मपालनसन्दृढो रामचन्द्रः स मे गुरुः ॥९६॥

(१) जेमनुं चरित पवित्र हतुं... (२) जेमनुं चित्त अध्यात्ममां निरत हतुं... (३) जेओ ब्रह्मचर्यना पालनमां दृढमूळ हता... एवा श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९६॥

ज्योत्स्नाभिः पूरितोलोकस्तेजोभिर्जिनशासनम् ।
शिष्यौघं कृपया येन रामचन्द्रः स मे गुरुः ॥९७॥

(१) विश्वने जेमणे ज्योत्सना आपी.... (२) जैनशासनने जेमणे आभा आपी .... अने (३) शिष्योने जेमणे करुणा आपी.... एवा श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९७॥

तर्कबद्धास्ति वाग्धारा तथ्यपूर्णा विवेचना ।
तत्त्वपूर्णः प्रसादश्च रामचन्द्रः स मे गुरुः ॥९८॥

(१) जेमनी वाग्धारा तर्कबद्ध रहेती... (२) जेमनी विवेचना तथ्यपूर्ण रहेती... (३) जेमनी प्रसन्नता तात्त्विक रहेती एवा श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी मारा गुरुदेव हो ! ॥९८॥

अखण्डब्रह्मसाम्राज्यः प्राज्यः प्रज्ञादिसंपदा ।
अक्षुण्णः प्रतिभा राज्यो रामचन्द्रः स मे गुरुः ॥९९॥

(૧) જેમનું બાળબ્રહ્મચર્ય યાવજ્જીવ સુધી અખંડિત રહ્યું... (૨) જેમની પ્રતિભા હંમેશા અક્ષુણ્ણ રહી....(૩) પ્રજ્ઞાથી સમૃદ્ધ.... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૯૯॥

सन्मार्ग तमसांनाशे प्रादिपोदीप्तिमान् पुनः ।
सौम्यच्छविश्च मेधावी रामचन्द्रः स मे गुरुः ॥१००॥

સન્માર્ગના તિમિરને દૂર કરવા દિપ્તિમંત પ્રદિપ સમા, મેધાવી અને સૌમ્ય પુરુષ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૦॥

वाग्यिनी यस्य जिह्वाग्रे सदा माता सरस्वती ।
वाचां छटाद्भुता यस्य रामचन्द्रः स मे गुरुः ॥१०१॥

(૧) જેમના જીહ્વાગ્રે મા - ભારતીનો વાસ હતો... (૨) જેમની વાક્છટા અદ્ભુત હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૧॥

जिनाज्ञानीतिमन्त्राप्तः सत्यमन्त्राजापाजपः ।
ललिमं यस्य वाङ्मन्त्रं रामचन्द्रः स मे गुरुः ॥१०२॥

(૧) જિનાજ્ઞા જેમનો નીતિમન્ત્ર હતો.... (૨) સત્યસ્વરૂપ મન્ત્રને અજપા જપ્યો'તો ... (૩) જેમનો વાચામન્ત્ર લાલિત્યમય હતો... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૨॥

प्रभावस्य प्रभावस्य चमत्कारकरी कथा ।
जगद्व्याप्ता यशोगाथा रामचन्द्रः स मे गुरुः ॥१०३॥

(૧) જેમની કથા પ્રભાવપૂર્ણ છે અને ચમત્કૃતિથી સભર છે... (૨) જેમની યશોગાથા જગતભરમાં વ્યાપ્ત બની છે.... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૩॥

सर्वोपद्रवजिष्णुश्च सहिष्णुः सकल द्विषाम् ।
स्थितप्रज्ञस्सुरासेव्यो रामचन्द्रः स मे गुरुः ॥१०४॥

સઘળાય ઉપદ્રવોને જીતી જાણનારા, સઘળા ય દુશ્મનોને સહી લેનારા, સ્થિતપ્રજ્ઞ પુરૂષ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૪॥

वयसाराधितो धर्मो वचसा भाविता सभा ।
चेतसा शीलितं शास्त्रं रामचन्द्रः स मे गुरुः ॥१०५॥

(૧) જેમણે જીવનમાં ધર્મને આરાધ્યો... (૨) જેમણે વાણી દ્વારા સભા ભાવિત કરી... (૩) જેમણે મનમાં શાસ્ત્રોનું સતત અનુશીલન કર્યું... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૫॥

हृदिवासोऽर्हतां यस्य जिनाज्ञा चितवासिनी ।
निःस्पृहास्वर्गवासी यो रामचन्द्रः स मे गुरुः ॥१०६॥

(૧) જેમના હૃદયમાં અરિહંતનો વાસ હતો... (૨) જેમના ચિત્તમાં જિનાજ્ઞાનો વાસ હતો... (૩) જેઓ નિસ્પૃહતાના સ્વર્ગમાં નિવસતાં હતાં... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૬॥

शक्तिर्निरर्गला यस्य मतिश्च जयमङ्गला ।
भक्तिः पूर्णकला यस्य रामचन्द्रः स मे गुरुः ॥१०७॥

(૧) જેમની શક્તિ અકુંઠિત હતી. બંધનોથી રહિત હતી... (૨) જેમની મતિ મંગળમય હતી... (૩) જેમની ભક્તિ સોળે ય કળાએ ખીલેલી હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૭॥

सर्वमङ्गल माङ्गल्यं सर्व कल्याण कारणम् ।
यस्य नाम महोधाम रामचन्द्रः स मे गुरुः ॥१०८॥

જેમનું નામ -

(૧) તેજનું ધામ હતું... (૨) સઘળા ય કલ્યાણોનું કારણ હતું... (૩) સઘળા ય મંગળોનું નિમિત્ત હતું... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦૮॥

શ્લોક - પરિમાર્જક -

(૧) **પૂજ્યપાદાડચાર્ય વિજય વીરશેખરસૂરીશ્વર મહારાજાઃ**

(૨) **પૂજ્ય મુનિપ્રવર શ્રી મોક્ષરતિવિજય - મહારાજઃ**

સંપૂર્ણ

શેઠાણી : (નોકરને) તું કયા કયા કામમાં નિપુણ છે ?

નોકર : રસોડાનો સામાન ખરીદ કરવામાં, દુકાન, બેડરૂમ તથા તેજોરીની સાફસુફી કરવામાં નિપુણ છું.

અંતરના પાપોને પખાલનારું, બને આ પર્વ મારું

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આ મનુષ્યભવ એ ધર્મકમાણીની મોસમ છે. પણ આજે હવા સાવ જ બદલાઈ ગઈ. ધર્મને બદલે મોટો ભાગ અર્થ–કામમાં આસકત દેખાય છે. રોજ ધર્મને નહીં કરી શકનારા પણ સંસારની–સંસારના પદાર્થોની અર્થ–કામની આસકિતથી બચે તેને કાપવા પ્રયત્નશીલ બને માટે જૈન શાસનમાં અનેક પર્વોની વ્યવસ્થા કરી છે. તે સર્વમાં પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વ એ શિરમોર છે. કર્મોના મર્મોને ભેદનાર છે. આ પર્વની મહત્તા અંગે સૌ સારી રીતના જાણે છે. આ પર્વનો આ વિષમકાળમાં પણ હજી પ્રભાવ –મહિમા જોવા મળે છે કે, આ પર્વ આવતાં સૌ પોત–પોતાની શકિત મુજબ તપ–ત્યાગ આદિ ધર્મથી પોતાના જીવનને ભાવિત કરે છે.

આ પર્વ તો આત્મોન્નતિનું સોપાન છે, જીવ રૂપી સુવર્ણને શુધ્ધ કરવા રસાયણ છે પણ જો સાચા હૈયાના ભાવથી તેની આરાધના કરાય તો બાકી ગતાનુગતિક તેની આરાધનાની કિંમત એકડા વિનાના શુન્ય જેવા છે. માટે ભાવથી આની આરાધના કરવી જરૂરી હિતકર છે. ભાવ વિનાનો ધર્મ વિષમ બની જાય છે. ભાવ વિનાની માત્ર ક્રિયા હાડપિંજર જેવી છે, નિરસ ભોજન જેવી છે. જે પર્વ જીવનને શાંતિ–ક્ષમા– સંતોષ–પશ્ચાતાપથી ભરી દેનાર છે. તે માત્ર દેખાવનું બની જાય તો નુકશાન કોને થાય તે વિચારવું જરૂરી છે.

આ પર્વ તો પ્રકાશના પૂંજ સમાન છે જે જીવનના રાગ – દ્વેષ – મોક્ષ – મમતા – વિષયાભિલાષાદિ દોષોને ઓળખાવી તેનાથી બચાવી, વિરાગ, સમકિત, સંવેગ આદિ ગુણોને પમાડનાર છે જીવનને વિશુધ્ધ અને વિમુકત બનાવનાર રસાયણ જેવું છે. ભાવપૂર્વકની દાન–શીલ–તપ ધર્મની આરાધના, સદ્‌ગુરૂ મુખે પર્વના મહિમાને સમજાવતી જિનવાણીનું શ્રવણ આત્માને પવિત્ર કરનાર છે. આ પર્વનો મહિમા આંતર નિરીક્ષણ પર છે.

આત્મ નિરીક્ષણ એ જ આત્મોત્થાનનો પાયો છે. પણ આજે કાલની અસર વધતે–ઓછે દરેક ક્ષેત્રોમાં પડી છે. તેમાંથી આ પર્વ મુકત નથી રહ્યું બહુજ દુઃખદ વાત છે કે આ પર્વમાં આત્મા આરાધનાનો સંગી–રાગી બનવો જોઈએ તેને બદલે વ્યવહાર લક્ષી બની ગયો છે. આરાધના નામની અને આડંબરમાં કચાશ નહિ તેથી જે પર્વ આત્મ દર્શનનું હતું. તે આજે ધર્મ અને ધન વૈભવનું ' પ્રદર્શન ' બની જતું દેખાય છે. સૌને પોતે કરેલી કરણીના દેખાડાની લાલચની હોડ દેખાય છે જે આત્મહિતકર નહિ પણ આત્મ ઘાતક ધંધો છે. આજે પદ–પ્રતિષ્ઠા–પૈસાનો મોહ વ્યાપક બન્યો છે તેથી જ આરાધના વધતી દેખાતી હોવા છતાં ય જે પરિણામ દેખાવું જોઈએ તે દેખાતું નથી. બાહ્ય સંપત્તિની છોળો ઉડતી દેખાય છે પણ રાગાદિની પરિણતિ ઘટી કે ગુણ સંપત્તિ પ્રાપ્ત થઈ તેમાં મીંડુ દેખાય છે. તેનાથી આપણી જાતને બચાવવા આ વિચારણા છે.

ખરેખર તો વિચાર–વાણી–વર્તનમાં મીઠાશ – મધુરતા અને વાત્સલ્ય લાવી સ્વ–પર સૌના દુઃખ. અને સંતાપને મીટાવવા છે. વૈર–ઝેરના ભાવોનું વમન કરવું છે. કષાય રૂપી કાળોતરાનું દમન કરવું છે. તપ–ત્યાગની હેલી જગાવવી છે. સદ્‌ગુણોના સુમનથી આત્માંને શણગારવો છે. ઈર્ષ્યા – અદેખાઈ – માયા – મત્સર – શંકા – વહેમ – અવિશ્વાસ આદિ અવગુણોનું દહન કરવું છે. આત્મ વિશુધ્ધ પર્વને અશુભ ભાવોનું વમન કરાવી શુભ ભાવોથી પૂર્ણ કરવું છે. સંસાર વ્યવહારમાં ન રાચતા આત્મગુણોમાં રાચવું છે. સ્નેહી–સંબંધી, કુટુંબી–પરિવાર પરથી, જગતના સઘળાય પર પદાર્થો પરથી મમત્વભાવને દુર કરવો છે. અને શકય નિર્લેપ બનવું છે. ખરેખર તો આ આત્મ જાગૃતિનું પર્વ છે. વૈરનો વિનાશ કરી, મૈત્રી–પ્રમોદ –કરૂણા–ઉપેક્ષાદિ ભાવોની વૃધ્ધિ કરવી છે. રાગાદિની હાનિ કરવી છે. આ પર્વની આરાધના આત્મ ગોખલે એવો સમ્યગ્જ્ઞાનનો

દીપક પ્રગટાવે જેના પ્રકાશમાં મોક્ષનો સાચો માર્ગ મલી જા , તેનાથી તસુભર પણ પાછા હઠવાનું મન ન થાય પા સમણીના સ્પર્શે લોહ પણ સુવર્ણ બને છે તેમ ક્ષમ પનાની પાવક જ્યોતિમાં આત્મ સુવર્ણને દેદીપ્યમાન કર છે. જીવનમાં ગુંથેલી કુડ–કપટની માયાજાળને ભેદ આ પર્વ કાતર સમાન છ, કષાય રૂપી કાળોતરાના દંશથી બચાવવા નોરવેલ સમાન છે, ચંદન રૂપી શીત લતાને આપનાર છે. અને કર્મરૂપી રોગના નાશને માટે અદ્‌ભુત ઔષધ છે.

ચોવીસે કલાક પુદ્‌ગલમાં પાગલ બનેલો પુદ્‌ગલનો જ સંગી–રંગી બનેલા શરીરના સુખમાં જ આ સકત બનેલા આત્માને આત્મ રમણતાનો નાદ સુણા નાર આ પર્વ છે. શરીરના ઈન્દ્રિયજન્ય સુખો તો આત્માના હાલ–બેહાલ કરનાર છે, આત્માને ચોર્યાશીના ચકકરમાં ભટકાવનાર છે. શરીરનું સુખ એ સુખ નથી, સુખ ભાસ છે, જ્યારે આત્માનું સુખ એજ સાચું–વાસ્તવિક સુખ છે, જે સુખમાં બીજાની જરૂર પડે, અપેક્ષા રહે તે સુખ જ કેમ કહેવાય ? જેમાં સુખનો પાર નહીં અને બીજાની જરાપણ અપેક્ષા નહીં, કોઈ ચીજની જરૂર નહીં તેજ સાચું સુખ કહેવાય–પરના સંગમાંથી બચાવી સ્વના સંગની પ્રેરણા કરનાર આજ સાચું પર્વ છે. આત્મ ધર્મનો જ રાગી બનેલો આત્મા, આ પર્વના માધ્યમે કર્મના બંધનને મૂળમાંથી કાપી એવું સામર્થ્ય કેળવે કે એ પણ મુકત ગગનવિહારી પંખી બની જાય અને મુકિત મહેલમાં જઈ સદૈવનો વાસ કરે. આત્મ મુકિતનો શુભ સંદેશ સુણા નાર અને તે માટેનો ભવ્યપુરૂષાર્થ કરવાની પ્રેરણા આપ નાર પણ આજ પર્વ છે.

પર્વના પરમાર્થને નહિ સમજી મા મોહ ઘેલા મદોન્મત્ત બનેલા જીવો કાતીલ કર્મોથી વંટળાઈ પાંચે ઈન્દ્રિયોના મનગમતા વિષયમાં ફસાઈ સંસ ર પ્રવાહમાં તણાઈ જાય છે. તેથી જ આજે તપ કર નારાને પણ ટી.વી. વીડીયોમાં જે આનંદ આવે છે. તે પ્રતિક્રમણ–પૂજા કે વ્યાખ્યાન શ્રવણમાં આવતો નથી. કારણ હજી તે શરીર અને ઈન્દ્રિયોના સુખના ગુલામ બની તેમાં મે છે. પણ આત્માને યાદ પણ કરતા નથી કે આત્મસુ ન માટે આ બધું કરવાનું છે. તે વાત યાદ પણ કરતા નથી. જગત અને જન શું કરે તે ન જોતા જેને શું કરવું તે જો જેનો વિચારે તો કાલથી જાગી ઊઠે અને ધાર્યું કામ કરી જાય.

આપણે આપણી કુટેવોને છોડવી છે, ભૂલોથી બચવું છે, સંસાર પ્રવાહમાં તણાવું નથી, અર્થ–કામની આસકિતથી તો બચવુંજ છે, તેના ત્યાગની ભાવના કેળવવી છે, તેમાં હેય બુધ્ધિ જીવતી રાખવી છે, ઉપાદેય બુધ્ધિ ન જ આવે તેનું ધ્યાન રાખવું છે. ઈન્દ્રિયોના ગુલામ તો નથી જ બનવું પણ તેના સાચા માલિક બની તેનો સદ્‌ઉપયોગ કરી આપણા આત્માને બચાવવા છે.

આવા ભાવોના પ્રેરક આ પર્વને અંતરથી વધાવીએ, જિનાજ્ઞા મુજબ સાચી આરાધના કરીએ, સર્વજીવોને સાચા ભાવે ખમીએ – ખમાવીએ , અહંકાર અને મમકારને ઓગળીએ અને પર્વનો પરમાર્થ સમજી સાચા આરાધક બનીએ અને વહેલા માં વહેલા પરમાત્મભાવને પ્રગટ કરનારા બનીએ તે જ હાર્દિક આરઝૂ સાથે વિરમું છું.

■ ■ ■

આવી સહિષ્ણુતા કોને આવે ?

ખંભાતમાં બ્રાહ્મણોએ મુસ્લિમોને ફતડયાની તથા એક મસ્જિદ બાળી નાખ્યાની ફરીયાદ આવતાં સિદ્ધરાજ જયસિંહે છૂપે વેશે જાત ત્યાં જઈ તપાસ કરી અને તેમાં હિન્દુઓનો વાંક જણાતા તેમનો દંડ કરી નવી મસ્જિદ બંધાવી આપેલી. અને કુમાર ઔરંગઝેબે ધર્મના ઝનૂનમાં અમદાવાદમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર તાડી નાખ્યાના સમાચાર મળતાં શાહજહાંએ તેને તે કરી બંધાવી આપવાની ફરજ પાડેલી.

આત્મ વિશુદ્ધિનું પર્વ

-ભક્તિ પરાગ

શ્રી જૈન શાસનમાં આત્મવિશુદ્ધિ ઉપર ઘણોજ ભાર મૂકાયો છે. જે કાંઈ જ્ઞાન-ક્રિયા કે અનુષ્ઠાન કરવાના તે આત્માને નિર્મલ બનાવવા કરવાના છે. તે માટે અનેક પ્રકારના પર્વો બતાવવામાં આવ્યા. તેમાંય પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વ એ શિરમોર સ્થાને છે. જો આત્મા સમજી આ મહાપર્વની સાચા ભાવે સારી રીતે આરાધના કરે તો કર્મમલ દૂર થયા વિના રહે જ નહિં. માટે તો આ પર્વના ગાન ગાતાં મહર્ષિઓએ કહ્યું કે – 'કર્મણાં મર્મભેદકૃત' અર્થાત્ શ્રી જિનશાસનમાં ઘણા પર્વો કહેવાયા છે પણ કર્મોના મર્મોને ભેદવા આ પર્યુષણા પર્વ જેવું બીજું એક પર્વ નથી. આનો અર્થ એવો નથી કે બીજા પર્વોને ગૌણ જણાવે છે પણ સર્વે પર્વોમાં આની વિશિષ્ટતા જણાવે છે. પણ સર્વે પર્વોમાં આની વિશેષ્ટતા જણાવે છે. જેમ ન્યાયમાં આવે કે 'ब्राह्मणाऽपि आगण्ता, वशिष्टोऽपि आगतः।' અર્થાત્ બ્રાહ્મણો પણ આવ્યા અને વિશિષ્ટ ઋષિ પણ આવ્યા. વશિષ્ટ ઋષિ બ્રાહ્મણ તો છે જ પણ તેમની વિશેષતા જણાવવા તેમનો નામ સાથે ઉલ્લેખ કર્યો. તેમ જ અહીં સમજવાનું કે બધા જ પર્વો કર્મોનો નાશ કરનાર છે પણ આ પર્યુષણા પર્વ વિશેષ પ્રકારે નાશ કરનાર છે તે વિશેષતા જણાવવા આમ કહ્યું છે. આ મહાપર્વમાં જે પાંચ કર્તવ્યો, અગિયાર કર્તવ્યો, પૌષધ આદિની ભાવોલ્લાસ પૂર્વક કરાતી આરાધના આત્માને વિશુદ્ધ કરે તેમાં બે મત જ નથી. તેમાંય સકલ સૂત્રોમાં શિરોમણિ એવા "શ્રી કલ્પસૂત્ર"નું જે આત્મા અખંડ શ્રવણ કરે અને તેનો ઉદ્દેશ સંદેશ અને પરમાર્થ સમજી જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ હોય તેનો આત્મા તો કેટલો બધો કર્મથી લઘુ થઈ જાય !

આવા મહાપવિત્ર આગમસૂત્રનું વાંચન અને શ્રવણ કરનાર આપણે આપણા આત્માનો વિચાર કરીએ છીએ ખરા કે રાગ-દ્વેષ-મોહ-કષાયની આંધીમાં હું અટવાઉં છું કે તે આંધીથી બચવા પ્રયત્નશીલ છું / આંધીને આધીન બનું છું કે આંધીને આધીન બનાવવાનો અભ્યાસ ચાલુ છે ? રાગાદિની આંધી એવી ભયાનક ચક્રવાત છે. જે સારા સારા ઉંચે ચઢેલાને પણ ક્યારે ખાડામાં નાખી દે તે ખબર ન પડે. આનું વાંચન-શ્રવણ કરનાર મારા જીવનમાં રાગાદિની પરિણતિ વધી છે કે મંદ પડી છે ખરી ? એક બાજુ આવા પર્વોમાં ધર્મની આરાધનાની હરિયાલી જગાવીએ અને બીજી બાજુ કષાયની ઉગ્રતા અને વિષય વાસનાના વિલાસમાં વિલસીએ તો તે બેનો મેળ જામે ખરો ? જીવનમાં આરાધના વધવાની સાથે કષાય-વિષયની મંદતા ન આવે તો શું થાય ? જ્ઞાનીઓએ વિષય કષાયને સંસારનું મૂળ કહ્યું. વિષય માટે કષાય જરૂરી અને કષાયની પુષ્ટિથી વિષયાભિલાષા વધે બન્ને એક બીજાના પૂરક છે. તેમાં પણ કષાયની કાલીમતા વધારે દુષ્ટ છે. તે અંગે 'શ્રી અધ્યાત્મ કલ્પદ્રુપ' ગ્રન્થમાં સહસ્રાવધાની પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું કે –

" विनाकषायान्नभवार्तिराशिर्भवेद्भवेदेव च तेषु सत्सु ।
मूलं हि संसारतरोः कषायास्तत्तान् विहायैव सुखीभवात्मन् ! ।।

ભાવાર્થ – "કષાય વિના સંસારની અનેક પીડાઓ થતી નથી અને કષાય હોય તો સંસારની અનેક પીડાઓ જરૂર થાય છે આ સંસાર રૂપી વૃક્ષનું મૂલ કષાય જ છે તેથી હે આત્મન્ ! તું આ કષાયોને છોડી સુખી થા " પર્વાધિરાજનો આ જ પાવન સંદેશ છે. આ માર્ગે ચાલવું તે જ આત્મ વિશુદ્ધિનો સાચો માર્ગ છે પણ આપણને આવું લાગે છે ખરું. સમજ્યા પછી આપણા જીવનના કેટલા પર્યુષણા પર્વ ગયા પણ આત્મા સાથે આવી વિચારણા કરી ખરી ! આપણામાં કષાયની વૃદ્ધિ છે કે હાનિ ! માટે પરમર્ષિઓ પોકારી પોકારીને કહે છે કે – ભદ્રે ! મહાનુભાવો ! આત્માની સાચી વિશુદ્ધિનું આ પર્વ સાચી રીતે આરાધવું હોય તો જાત જોતાં શીખો પારકી પંચાત ઘણી કરી, ઘણા પર્વો ગુમાવ્યા. આત્માના કટ્ટર શત્રુ રાગ-દ્વેષ-કષાયના જય વિના વિશુદ્ધિ શક્ય જ નથી. જય કરવાનો પ્રયત્ન કરવા જીવનમાં સમતાને પામવી પડશે. સમતા જ આત્માની સાચી સખી બનાવવી પડશે. મનઃશુદ્ધિ થશે તો જ સમતા આવશે. મન મલીન હશે તો સમતા ભાગી જશે. મનની મલીનતાનું કારણ

મમતા છે. તેથી તે મહાપુરૂષ તે જ ગ્રન્થમાં મન શુદ્ધિનો પણ માર્ગ બતાવતા કહે છે કે –

"रागस्य हेतुर्मनसः समाधिः परं निदानं तपसश्च योगः ।
तपश्च मूलं शिवशर्मवल्लया, मनसमाधिं भज तत्कथचित् । "

ભાવાર્થ – "મનની સમાધિ એ જ યોગનું કારણ છે. અને યોગ એ તપનું ઉત્કૃષ્ટ કારણ છે. અને તપ એ શિવસુખ રૂપી વેલડીનું મૂળ છે માટે કોઈપણ રીતે તું મનની સમાધિ રાખ."

આત્મ વિશુદ્ધિ માટે રાગાદિનો જય જરૂરી છે, રાગાદિને જીતવા મોહજન્ય ઈચ્છાઓને રોકવા રૂપ બાહ્ય – અભ્યંતર બન્ને ભેદથી બાર પ્રકારનો તપ પણ જરૂરી છે. તપને માટે શરીરની મમતા ઉતારવી જરૂરી છે. આના મુજબની આરાધના જ રાગાદિને જીતવા સમર્થ બને છે. બાકી રાગાદિને આધીન યોગ સંસારમાં ભમાવે છે, રાગાદિને જીતનાર જ મોક્ષ ને પામે છે. રાગાદિની ભયાનકતા જણાવતા પણ કહ્યું છે કે –

" या राग-दोषादिरूजो जनानां, शाम्यन्तु वाक्का यमनोदुहस्ताः ।
सर्वेऽप्युदास्तनरसं रसन्तु, सर्वत्र सर्वे सुखिनो भवन्तु "

ભાવાર્થ–રાગ દ્વેષાદિ વ્યાધિઓ જે જીવોના મન–વચન–કાયાના શુભ યોગોનો નાશ કરવાવાળી છે તેનું શમન કરવું જોઈએ અર્થાત્ રાગાદિને જીતવા જરૂરી છે. તે માટે સંસારની સઘળીય અનુકૂળતામ ઉદાસીનતા કેળવો અને પ્રતિકૂળતામાં સમાધિવાળા બનો સર્વત્ર બધા જ જીવો સાચા સુખી બનો–મોક્ષને પામો'

આ ભાવનામાં જ આત્મ વિશુદ્ધિ સમાઈ છે. અને આવી ભાવનાથી ભાવિત થઈ આ પર્વની સાચી આરાધના કરી સૌ મોક્ષસુખને પામનારા બનો તે જ અભ્યર્થના. ■ ■ ■

મૂર્ખ ચાંડાલ કન્યા

રૂપવતી પણ મૂર્ખ કોઈ ચાંડાલ કન્યા હતી. તેણે પોતાના હૃદયમાં ચક્રવર્તી રાજાને વર તરીકે પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો હતો. રાજાને એક વાર નગરમાં ફરવા નીકળેલો જોઈને તેને સર્વોત્તમ પતિ ગણીને તે તેની પાછળ જવા લાગી. રાજા પાછો હાથી ઉપર બેસીને પોતાના ભવનમાં ગયો. તે જોઈને રાજા કરતા પણ મુનિને ઉત્તમ ગણીને ચાંડાલ કન્યા રાજાને છોડીને તે મુનિની પાછળ જવા લાગી. મુનિ પણ આગળ જતાં શિવાલય જોઈને ત્યાં ભૂમિ ઉપર ગોઠણીયે પડી શિવને પ્રણામ કરીને ત્યાંથી ગયા. એ જોઈને તે અંત્યજ કન્યા મુનિ કરતા શિવને ઉત્તમ જાણીને એ મુનિનો ત્યાગ કરીને દેવ પ્રત્યે પતિ બુદ્ધિ રાખીને ત્યાં રહી. ક્ષણ પછી એક કૂતરાએ ત્યાં પ્રવેશ કરીને તથા દેવની પીઠીકા ઉપર ચડીને જાંઘ ઉંચી કરીને પોતાની જાતિ પ્રમાણે કર્યું – પેશાબ કર્યો. એ જોઈને તે ચાંડાલી દેવ કરતાં કૂતરાને ઉત્તમ જાણીને દેવનો ત્યાગ કરીને ત્યાંથી જતા કૂતરાની પાછળ પતિ મેળ વવાની ઈચ્છાથી ચાલી. કૂતરો પણ પોતાના પરિચિત ચાંડાલને ઘેર આવી ને ત્યાં એક ચાંડાલ યુવાનના પગમાં પ્રેમથી પંપાળોટવા લાગ્યો. એ જોઈને કૂતરા કરતા ચાંડાલના પુત્રને ઉત્તમ માનીને પોતાની જાતિમાં સંતુષ્ટ થયેલી એ ચાંડાલી તે જ પતિને વરી.

એ પ્રમાણે મોટા–મોટા પગલા ભરનાર જડ મનુષ્યો પાછા પોતાના સ્થાનમાં પડે છે.

(કથા સરિત્સાગર, ૧૦૩)

પરસ્ત્રી

—પ્રો. કિશોરસિંહ સોલંકી

આપણી સંસ્કૃતિમાં પોતાની પત્ની સિવાય મોટી એટલી મા અને નાની એટલી બહેન - એવો ભાવ સંકળાયેલો છે. જૂના સમયમાં મેં જોયેલું છે કે, ગામડામાં કોઈ પણ જ્ઞાતિની દીકરી હોય પણ એ આખા ગામની દીકરી ગણાય. એની સામે કોઈ આંખ ઊંચી કરીને જુએ પણ નહિ. એ આપણા સંસ્કાર હતા. આજે પણ છે. છતાંય એમાં ઘણી ઓટ આવી છે, એ પણ એટલી જ સાચી હકીકત છે. આપણી સંસ્કૃતિને પશ્ચિમની સંસ્કૃતિનો લૂણો લાગ્યો છે, એટલે એ રાત્રે ન બગડે એટલી દિવસે બગડે છે. જોકે, પશ્ચિમનું જે સારું છે, ઉત્તમ છે એ આપણે ઝટ સ્વીકારતા નથી પણ જે ખરાબ છે એ સત્વરે સ્વીકારીને આપણી અસલી સંસ્કૃતિનો નાશ નોતરી રહ્યા છીએ. આ એ સંસ્કૃતિ છે જ્યારે રામ સીતાના સ્વયંવરમાં ગયા. રાજાના ઉદ્યાનમાં પોતાની સખીઓ સાથે રાજકુમારી આનંદપ્રમોદ કરતી હતી ત્યારે રામ-લક્ષ્મણ ત્યાંથી પસાર થયા અને એક ક્ષણ માટે રામે ઊંચી આંખ કરીને રાજકુમારીની સાથે આંખ મેળવી ત્યારે લક્ષ્મણ લાલ-પીળો થઈ ગયો. રઘુકૂળની રીતને રામે લાંછન લગાડ્યું છે, એવો આક્ષેપ રામ પર કર્યો ત્યારે રામે ખુલાસો કર્યો કે, એ સીતા હતી. અમે આ ભવથી નહિ પણ યુગો યુગોથી સાથે છીએ. તેથી એની સામે જોવાનું કોઈ પાપ નથી. ત્યારે લક્ષ્મણ શાંત થયેલો. કોઈ પણ પારકી સ્ત્રી તરફ નજર કરવી એ મહાપાપ છે, એવું કહેનારી આપણી સંસ્કૃતિને શું થયું છે ? વાલ્મીકિ રામાયણમાં અરણ્યકાંડમાં કહેવાયું છે કે, 'હે રાજન ! પારકી સ્ત્રીના સંપર્કમાં આવવું એના જેવું મોટું પાપ કોઈ નથી.' આજે આપણે બધા પાછા વળીને આનો વિચાર કરીએ તો ?

'પરસ્ત્રી : સ્ત્રી. (સં.) બીજાની સ્ત્રી (સ્વપત્ની સિવાય) બીજી કોઈ સ્ત્રી' એવો અર્થ થાય છે. પારકી સ્ત્રી સામે જોવાથી પણ પાપ લાગે છે એવી ભારતીય પરંપરા રહેલી છે આજે એ પરંપરાનું દુનિયાના ચોકમાં ખુલ્લેઆમ લીલામ જોઈને આપણને દુઃખ થાય છે.

કવિ કાલિદાસે પણ અભિજ્ઞાન શાકુંતલમાં કહ્યું છે કે, 'પારકી સ્ત્રી સામે ધ્યાનથી જોવું તે યોગ્ય નથી. જોવાથી વિકાર પેદા થાય છે. અને વિકારથી માણસનું પતન થાય છે. જેનું પતન થાય છે એનું સર્વસ્વ જાય છે. ભલે પછી એ ધનવાન હોય, કીર્તિવાન હોય કે મોટો બુદ્ધિમાન હોય, સમાજમાં એનું સ્થાન કોડીનું બની જાય છે.

એમાં આગળ પણ કાલિદાસે કહ્યું છે, "પારકી સ્ત્રીની બાબતમાં વાત કરવી એ પણ અશિષ્ટતા છે.' પછી તો વાત ક્યાં રહી ? પણ આજે તો આપણે જોઈએ છીએ કે, દરેકને પારકે ભાણે મોટો લાડુ દેખાય છે. અને એનાં કેટલાં ભયંકર પરિણામો આવી રહ્યાં છે એ આપણે દરરોજ સમાચારપત્રોમાં વાંચીએ છીએ.

આપણે જાણીએ છીએ કે, આપણા દેશમાં પૌરાણિક કાળમાં લાજ કાઢવાનો રિવાજ નહોતો તોપણ મુસ્લિમો આપણા ત્યાં ચડી આવ્યા. એમની કુદૃષ્ટિથી બચવા માટે જ્યારે છુપાવવું પડ્યું ત્યારથી મોઢું ઢાંકવાની શરૂઆત થઈ. ન જોવું કે ન આકર્ષાવું. જોવાથી આકર્ષણ થાય છે અને બે વિજાતીય વસ્તુઓ ખેંચાય છે. પણ આજે તો આપણા ઉપર પશ્ચિમની સંસ્કૃતિની ચડાઈ થઈ છે અને દિવસે દિવસે આપણે હણાતા જઈએ છીએ. તેથી ન કલ્પી શકીએ એવાં પરિણામો જોઈએ છીએ.

કવિ ભારતેન્દુ હરિશ્ચંદ્રની પંક્તિઓ છે કે, 'પર-નારી પૈની છૂરી, તાહિ ન લાઓ સંગ/ રાવન હૂ કો સિર ગયો, પર-નારી કે સંગ.' રાવણના સામ્રાજ્યનો નાશ થયો એના મૂળમાં તો સીતાજી હતાં ને ? પર-નારી પર કુદૃષ્ટિ ન કરી હોત તો એનું ખરાબ પરિણામ આવવાનું નહોતું. પણ જેનું ખરાબ થવાનું નિર્માયું જ હોય એને કોણ બચાવી શકે ? અથવા જેનું પતન જ નક્કી હોય એને કોણ ઉગારી શકે ?

અમેરિકામાં એવું કહેવાય છે કે, ત્રણ ડબલ્યુનો કોઈ ભરોસો નહિ. વાઈફ, વેધર અને વર્ક (WWW)હવે એનો પાસ આપણને અડતો લાગે છે. પણ આપણી સંસ્કૃતિ મહાન છે, એને બગડવા દેવાય નહિ. એનું જતન કરવું એ આપણી ફરજ છે. અને આપણી સંસ્કૃતિ પ્રમાણે ભક્ત કવિ નરસિંહે 'વૈષ્ણવજન'માં ગાયું છે કે, 'સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે...'

સૌજન્ય : સંદેશ

બિરબલ કી ખીચડી

શિયાળાની રાત હતી. કડકડતી ઠંડીમાં અકબર અને બિરબલ મહેલની અગાસીમાં ફરવા નીકળ્યા હતા. દૂર એક તળાવ દેખાતું હતું. અકબર બાદશાહના મનમાં તુક્કો આવ્યો. તેણે બિરબલને પૂછ્યું, બિરબલ, આટલી ઠંડીમાં કોઈ આખી રાત તળાવના પાણીમાં ઊભું રહી શકે ખરું ?

બિરબલે કહ્યું - પેટ કરાવે વેઠ, જહાંપનાહ, પૈસાની ગરજ હોય તો માણસ ગમે તે કામ કરવા તૈયાર થઈ જાય.

બીજા દિવસે અકબર બાદશાહે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ માણસ આખી રાત મહેલની સામે આવેલા તળાવમાં ખુલ્લા શરીરે ઊભો રહેશે અને જીવતો રહેશે તેને બીજા દિવસે બાદશાહ સલામત એક હજાર સોનામહોરો ઈનામ આપશે.

એક ગરીબ માણસ પછીના દિવસે બાદશાહ પાસે આવ્યો ને કહ્યું કે હું પાણીમાં ઊભો રહેવા તૈયાર છું. હું ગરીબ છું. મરી જઈશ તો દુનિયાથી છુટીશ અને જીવતો રહીશ તો હજાર સોનામહોરો મળશે. મારી ગરીબી દૂર થશે.

તે દિવસે રાત્રે એ ગરીબ માણસ સાંજે છથી સવારે છ વાગ્યા સુધી તળાવમાં ઊભો રહ્યો. બીજા દિવસે સવારે તે બહાર નીકળ્યો ને દરબારમાં હજાર સોનામહોરો લેવા આવ્યો.

અકબર બાદશાહને નવાઈ લાગી, તેણે પછ્યું - તું આખી રાત પાણીમાં કેવી રીતે ઊભો રહી શકયો ?

ગરીબ માણસે કહ્યું- ''મહારાજ ત્યાંથી દૂર એક ઝૂંપડીમાં બળતો દીવો દેખાતો હતો. એ દીવા પર મેં મારું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એટલે મને ઠંડીનો અનુભવ થતો જ ન હતો.'' બાદશાહ કહે- ''અચ્છા એટલે તને એ દીવામાંથી ગરમી મળતી હતી. તો પછી તને ઠંડી ક્યાંથી લાગે ? ને તો પછી તને ઈનામ શું કામ આપવું જોઈએ ? જા તને કઈ નહીં મળે.'' એમ કહી એ ગરીબ માણસને બાદશાહે કાઢી મૂકયો.

એ માણસ બિરબલ પાસે ગયો ને બધી વાત કરી. બિરબલ કહે- ''તું અઠવાડિયું રોકાઈ જા. તને તારું ઈનામ મળી જશે.''

બે ચાર દિવસ પછી બિરબલે અકબરને પોતાના ઘરે દાવત પર બોલાવ્યા. અકબર બાદશાહ બરોબર બાર વાગ્યે જમવા આવ્યા. બિરબલ કહે- ''બેસો મહારાજ ખીચડી થઈ રહી છે. થાય એટલે બોલાવું.'' બીજો એક કલાક ગયો. બાદશાહને તો ભૂખ લાગી હતી. તેણે કહ્યું- બિરબલ હજુ કેટલી વાર છે. ?'' બિરબલ કહે- ''ખીચડી બની રહી છે, થાય એટલે બોલાવું છું.''

બીજો એક કલાક ગયો. બાદશાહને તો ગુસ્સો આવ્યો કે બિરબલ હજુ કરે છે શું ? બિરબલ કહે હજુ ખીચડી થાય છે મહારાજ. બાદશાહ કહે- ''એવી તે કેવી ખીચડી બનાવે છે તું ? હજુ નથી થઈ ? ચાલ, મને બતાવ.''

બિરબલ બાદશાહને ઘર પાછળના વરંડામાં લઈ ગયો. બાદશાહ તો જોઈને દંગ થઈ ગયો. એક માંચડો બાંધી દસ ફૂટ ઉપર ખીચડીનું હાલ્લું બાંધ્યું હતું. ને નીચે લાકડાં સળગાવ્યાં હતાં. બાદશાહ કહે બિરબલ આમ તો ખીચડી ક્યારેય નહીં થાય એટલે દૂર લાકડાંની આગની ગરમી કેવી રીતે પહોંચશે ? બિરબલ કહે - મહારાજ આપના રાજ્યમાં પહોંચી શકે. જો નાનકડા દીવાની ગરમી દૂર તળાવમાં ઉભા રહેલા માણસને મળી શકે તો તેની સરખામણીમાં તો આ અંતર ખૂબ ઓછું છે. હમણાં ખીચડી થઈ જશે.

અકબર સમજી ગયો. તેણે તાત્કાલિક પેલા ગરીબ માણસને બોલાવ્યો ને માફી માગી અને હજાર સોનામહોરોનું ઈનામ આપ્યું. ત્યારથી એકદમ ધીમા ચાલતા કામ માટે રૂઢિપ્રયોગ પ્રખ્યાત થયો છે - બિરબલ કી ખીચડી.

—સત્યા શાસ્ત્રી

સૌજન્ય : મુંબઈ સમાચાર

સમાચાર સાર

અમદાવાદ રંગસાગર : ચાતુર્માસ સ્થિત પૂ. પ્રશાન્ત દર્શન વિ. મ. તથા પૂ. સા. શ્રી દેવેન્દ્રશ્રીજી મ. ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ. ની અષાઢ સુદ - ૧૧ ની વડીદીક્ષા તિથિ નિમિત્તે પ્રવચન બાદ નીચેના ભાગ્યશાળીઓ તરફથી ૧૦-૧૦રૂા. નું સંઘપૂજન, સાંજના ભાઈ-બહેનોના પ્રતિક્રમણમાં ૧૦-૧૦રૂા. ની પ્રભાવના તથા પ્રભુજીની મનોહર અંગરચના રચાયેલ.

૧. જ્યોત્સનાબેન ભરતકુમાર — ચાલીસહજાર
૨. જ્યાબેન કલ્યાણભાઈ શાહ
૩. રૂબેન દીપકભાઈ
૪. માવનાબેન વસ્તુપાલભાઈ
૫. મંજુલાબેન રમણલાલ
૬. માગ્યવંતીબેન
૭. સ્વ. મણિબેન મણિલાલ સંઘવી - ચાલીસગાંવ
૮. જકબાઈ - પાર્શ્વ મેટલ - રતલામ
૯. સૌ. અમિતાની જન્મતિથિ નિમિત્તે તેમના તરફથી

શાસન જ્યોત

પૂ. કર્ણાટકકેશરી આ. ભદ્રંકર સૂ. પટ્ટધર પૂ. કારતીર્થ માર્ગદર્શક આ. પુણ્યાનંદ સૂ. મ. આદિ ઠાણા ચાતુર્માસ પ્રવેશ શ્રી ગોડીજી સંઘ પાયધુની મુંબઈના આંગણે અ.સુ. ૩ રવિવાર ૨૪-૬-૨૦૦૧ ના શુભમૂરતે વાજતે ગાજતે ઠાઠથી અનુમોદનીય થયો. શ્રી ગોડી પાર્શ્વ પ્રભુના દર્શન કરી પૂજ્યશ્રી વ્યાખ્યાનપીઠ પર પધાર્યા - મંગલાચરણ કરી પૂ. પંન્યાસ મહાસેન વિ. મ., સંયમસેનવિ., સિદ્ધસેન વિ., ગણિવર્યજી આદિના પ્રવચન થયા, ચાતુર્માસમાં આરાધનાનું એલાન થયું, શોભાબેન તથા માલતીબેન ગુરૂગીત ગંહુલી રૂપે ગવાયા, સભા સંચાલન ચેતનભાઈ તથા વ્યવસ્થા એલર્ટ ગ્રુપના યુવાનોએ કરી, ૧૫૦૦ ભાવિકો ઉપસ્થિત હતા. બહારગામથી ભાવિકો સુંદર સંખ્યામાં પધારેલ અંતે ૧૦રૂા. સંઘ પૂજન તથા બુંદીના લાડુની પ્રભાવના થયેલ. અ.વ. ૨ થી ૧૪ પૂર્વતપ-સમૂહમાં તથા ગ્રંથવાંચન થયેલ. મુનિ અક્ષયરત્ન વિ. ના ૫૦૦ આયંબિલ એકાંતરાના પારણા તથા પૂ. લબ્ધિસૂ. મ. ની પુણ્યતિથિ ઉત્સવ શ્રા. સુ. માં ઉજવાયો.
* પૂજ્યશ્રીની નિશ્રામાં ગોડવાડ હાઉસમાં શ્રા. સુ. ૧૧ થી વ. ૧ શાંતિસ્નાત્ર ઉત્સવ તથા ઉપાશ્રય ઉદ્ઘાટન વિધિ થયેલ, બહેનોને આરાધના કરાવવા સાધ્વી કરૂણાશ્રી ઠાણા ૪ પધારેલ.
* પૂજ્યશ્રીની આજ્ઞાથી મુનિસંયમસેન વિ. ઠા. ૩ શ્રી સંભવિ સૂ. જ્ઞાનમંદિર દાદર ચોમાસા માટે પધારેલ છે.

અમદાવાદ : અત્રે કાળુપુર રોડ શ્રીદાન સૂરીશ્વર જ્ઞાન મંદિર મધ્યે પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની ૧૦ મી પુણ્યતિથિ નિમિત્તે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અષાઢ વદ-૮ શનિવારથી અષાઢ વદ ૦) સુધી બૃહત્સિધ્ધચક્ર પૂજન, ૐ૦૮પાર્શ્વનાથ પૂજન, શ્રી શાંતિ સ્નાત્રાદિ ભવ્ય મહોત્સવ યોજાયેલ.

વદ ૧૩ + ૧૪ શ્રી દર્શન બંગલો (પાલડી) તથા વદ ૦)) સાબરમતી સ્મૃતિ મંદિર ખાતે પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા આદિ ભવ્ય આયોજન થયેલ. સમુદાયના સર્વ પૂ. આચાર્યદેવાદિ આ પ્રસંગે પધારેલ.

સુરત : કતારગામ - અત્રે પૂ. આ. નવરત્ન સાગર સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ ઠાઠથી થયો. સવારે ૯-૦૦ વાગ્યે પૂ. શ્રી મૃદુરત્ન સાગરજી મ. એ પ્રવચન ફરમાવેલ.

ઉમેદાબાદ (ગોલ) : અત્રે પૂ. મુનિરાજશ્રી પ્રાજ્ઞરતિવિજયજી મ. આદિ ઠાણા ૨ નો ચાતુર્માસ ભવ્ય રીતે ઉજવાઈ રહેલ છે. અષાઢ વદ ૩ રવિવારે દિ. ૮-૭-૨૦૦૧ ને મહારાજા વિક્રમ ચારિત્ર તથા શ્રી સમરાઈચ્ચ કહા વગેરે વહોરાવાની બોલીયો થયેલ. મહારાજા વિક્રમચરિત્રની બોલી રૂા. ૨૧૦૧/- તથા સમરાઈચ્ચ કહાની રૂા. ૨૦૦૧/- થયેલ. ઉત્સાહ સારો છે. રોજ પ્રવચન ચાલે છે.

ઉદયપુર (રાજ.) : પૂજ્ય મુનિરાજ શ્રી યુગપ્રભવિજયજી મ. સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ માલદાસ સ્ટ્રીટ ઉપાશ્રયમાં અષાઢ સુદ ૧૨ દિ. ૨-૭-૨૦૦૧ ને થયેલ. યોગશાસ્ત્ર ગ્રંથવાંચન અષાઢ વદ ૩ દિ. ૭-૭-૨૦૦૧ ને થયેલ. ચાતુર્માસ પ્રવેશની પૂર્વે ઉદયપુર ની સોસાયટીમાં પૂજ્યશ્રી તથા સાધ્વીજી ભગવંતો પધારેલ ત્યારે

...પ્રવચન, ...ંદરી, ... - ઉપધિ વગેરેના સંઘપૂજન, ...ણ આદિનો પ્રભાવનાઓ થયેલ.

મોતીનગરી, પંચવટી, ધોળાનીવાડી, પૂ. સુવિશાલ ...ધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ...ા પ્રથમ પટ્ટધર સ્વ. આગમ દિવાકર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનસૂરીશ્વરજી મ. સા. નો જન્મભૂમિ દેવાલી તીર્થ પહાડા સુન્દરવાસ, સેક્ટર ૩, સેક્ટર ૪, સ્વામીનગર આદિ સોસાયટીઓમાં પ્રવેશ થયેલ અને શાસન પ્રભાવના થયા. પાછલા ૧૦ વર્ષોના ઈતિહાસમાં આ સર્વપ્રથમ થયેલ એમ ઉદયપુર બાલદાસ સ્ટ્રીટ ચાતુર્માસિના સંયોજક વસ...તીલાલ...ના વિશ્વાસપાત્ર સૂત્રોથી જાણવા મળેલ છે.

છાણી : ...પૂ.પા.આ.શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ...ની ...૦ મી પુણ્યતિથિ તથા શ્રી તેજપાલભાઈનો ૫૦૦ ...ેલ તથા પૂ. આ. શ્રી વિજય પુણ્યાનંદ સૂરીશ્વરજી મ. ...૦ માં વર્ષ સંયમ પર્યાય નિમિત્તે પૂ. આ. શ્રી વિજયવીર શેખ...સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પંચાહ્નિકા મહોત્સવ અષાઢ વદ ૧૧ થી શ્રાવણ સુદ ૧ સુધી શ્રી સિદ્ધચક્ર મહા...પૂજન આદિ પૂર્વક ઉજવાયો.

વર્ધમાનનગર - રાજકોટ : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. ની ૧૦મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ. ...શ્રી લાભ વિજયજી, પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. આદિની નિશ્રામાં અષાઢ વદ ૧૧ થી અષાઢ વદ ૧૩ સુધી શાંતિસ્નાત્ર સહિત ત્રણ દિવસનો મહોત્સવ ઉજવાયો. વિધિ માટે જામનગરથી શ્રી નવીનભાઈ તથા પૂજા માટે શ્રી પ્રતાપભાઈ શાહની મંડળી આવી હતી.

રાજકોટ : કાલાવડ રોડ શ્રી ઋષભજિનેન્દ્ર ભાવન જિનાલયનો કણપીઠ નો પ્રથમ પથ્થર પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. આદિ તથા પૂ. સા. શ્રી ચંદનબાળાશ્રીજી મ. આદિની નિશ્રામાં બોલી બોલીને શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળાએ લાભ લીધો. અષાઢ વદ ૩ ના ઉત્સાહથી કાર્યક્રમ થયો. પ્રાતે: ભાડલાવાળા ગ્રુપ તરફથી નવકારશી થઈ ૩૦૦ ઉપરની સંખ્યા થઈ હતી. ઉત્સાહ સુંદર હતો.

...ર : અત્રે ઓશવાળ કોલોનીમાં પૂજ્યપાદ ...ધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજની અનુજ્ઞાથી ચાતુર્માસાર્થે પધારેલા શાસનપ્રભાવક પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વર મ. સા., પૂ. મુ. શ્રી કુલશીલ વિ. મ., પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ. મ., આદિનો અષાઢ સુ. ૧૦ તા. ૩૦-૬-૨૦૦૧ શનિવાર નાં ભવ્ય ચાતુર્માસિ પ્રવેશ થયેલ. કામદાર કોલોની સવારે ૯-૦૦ કલાકે પ્રારંભાયેલ સ્વાગતયાત્રામાં વિશાળ સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા. દેરાસરમાં ચૈત્યવંદનાદિ થયા બાદ ૧૦-૩૦ કલાકે પૂજ્યશ્રીનો ઉપાશ્રયમાં મંગલ પ્રવેશ થયો. પૂજ્યશ્રીનું પ્રભાવક પ્રવચન થયા બાદ ગુરુ પૂજનની ઉછામણી બોલાતા - મુંબઈ નિવાસી શ્રીમતી રોહિણીબેન પ્રવીણચન્દ્ર ઝવેરી પરિવારે ખૂબ સુંદર લાભ લીધેલ. તેમના તરફથી ૧૦૩૧. અને બીજા વિવિધ ભાગ્યશાલીઓ તરફથી ૩૦૩૧. કુલ ૪૦૩૧. નું સંઘપૂજન પ્રભાવના આદિ થયેલ. પ્રવેશ પ્રસંગે મુંબઈ, વડોદરા, અમદાવાદ, થાન વાંકાનેર, આદિ વિવિધ સ્થાનોથી અનેક ગુરુભક્તો પધારેલા. ઓશવાળ કોલોની જૈન સંઘે સાધર્મિક ભક્તિ સુંદર રીતે કરેલ. ઉપદેશપદ અને પૃથ્વીચન્દ્ર ગુણસાગર ચરિત્ર ઉપર ચાલતા પૂજ્યશ્રીના મનનીય પ્રવચનમાં વિશાલ જનતા લાભ લઈ રહી છે. અ. વ. ૭ થી સંઘમાં ગણધાર તપની આરાધનાનો પ્રારંભ થયેલ. શુક્ર, શનિ, રવિ ત્રણ દિવસ રાત્રિના - યુવાનો માટેની વાચના શ્રેણી તથા દર રવિવારે બાળકો માટેના જ્ઞાનસત્ર આદિનો પ્રારંભ થયેલ છે. પૂજ્યશ્રીના પદાર્પણથી સંઘમાં સુંદર ધર્મ જાગૃતિ આવી છે.

શાંતિભુવનનાં આંગણાયે અ. સુ. ૭ બુધવારના પૂજ્યશ્રીજીનો ભવ્ય પ્રવેશ થયેલ. વિશાલ સંખ્યામાં જનમેદની ઉભરાયેલ. ગુરુપૂજન પ. ૩૧. નું સંઘપૂજન તથા પ્રભાવના આદિ થયેલ. અ. સુ. ૧૪ થી પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ. મ. નિયમિત પ્રવચનાર્થે પધારે છે. અ. વ. ૩ થી શાંત સુધારસ ઉપર ચાલતા પૂજ્યશ્રીના પ્રવચનમાં ખૂબ જ સુંદર સંખ્યામાં ભાવિકો ભાગ લઈ રહ્યા છે. પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી મ., પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. આદિ ઠાણાની નિશ્રામાં ઓશવાળ કોલોનીમાં અને પૂ. સા. શ્રી નિરાગરેખાશ્રીજી મ. આદિની નિશ્રામાં મણીબાઈ ઉપાશ્રય (શાંતિભુવન) માં બહેનોમાં પણ આરાધનાઓ સુંદર ચાલી રહી છે. ■

ગુરુ - ભાવ (દોહામાં)

૭ વદધિ તૃષ્ણા જ્વલ ભર્યો
વિષમ પૌન વહેવાર,
નાંકા હૈં ગુરુ જ્ઞાનકી,
પાર ઉતારન હાર.

દુ:ખ સહતા જગમેં તઉ,
મન રહેતા મગરૂર.
કહતા સંત પુકાર કે,
ધરા ધામ સબ ધૂર.

૨ુ દીવો, ગુરુ દેવતા
ગુરુ બિન ઘોર અંધાર
૨ુ બિના હોત ના,
આતમ મેં ઉજાસ,

(વતા = અગ્નિ, જે આપણા દુષ્કૃત, ખરા કર્મો (પાપ કર્મો) ને બાળીને ભસ્મ કરી નાખે છે)

૨ુ બિન જ્ઞાન ન ઉપજે
ગુરુ બિન મીટે ન ભેદ
૨ુ બિન સંશય ના મીટે,
ભલે વાંચો ચારે વેદ.

વેદ ઉદધિ, બિન ગુરૂ લખે
લાગે લૌન સમાન,
૭ાદર ગુરુમુખ દ્વાર હૈ,
અમૃત સે અધિકાન

૨ુ ગોવિંદ દોનોં ખડે, કીનકુ લાગું પાય
બલિહારી ગુરુ દેવકી, ગોવિંદ દીયો બતાય

(ગોવિંદ = પરમાત્મા)

પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂરિશ્વરજીના ચરણોમાં
સંકલન : રામભાઈ ગઢવીના વંદન (જાંબુડા)

સદ્‌ગુરુ મહિમા

રજુઆત : રામભાઈ ડી. ગઢવી
જાંબુડા (જામનગર)

ગુરુ વીના બધા અનુભવો દરિયાના પાણી સમાન છે,વેદ, શાસ્ત્ર, પુરાણો પણ ગુરુ વીના ખારાં લાગે છે.

"વેદ ઉદધિ, બિન ગુરુ લખે
લાગે લૌન સમાન,
બાદર ગુરુમુખ દ્વાર હૈ
અમૃત સે અધિકાન".

(વિચાર સાગર)

(**અર્થ** - વેદ અને પુરાણો રૂપી સમુદ્રમાંથી, ગુરૂમુખ રૂપ વાદળાંઓ દ્વારા, આપેલ પાણી ઉપયોગી બન્યું છે)

" આ જગતમાં એક સંતજ પરમ હિતકારી છે. સંસારથી સળગતા જીવોને શીતળ છાંયડી આપે છે, શાતા આપે છે, વિસામો આપે છે.

પૂન્ય પૂંજ બીન, મિલહી ન સંતા

પોતાના કરેલાં સુકર્મોનો જ્યારે ઉદય થાય, અને ભગવાનની જ્યારે કૃપા થાય, ત્યારે સદ્‌ગુરુ મળી જાય, જે મહા જ્ઞાની હોય, ત્યાગી હોય, તપસ્વી હોય, નિર્મોહી હોય, કરૂણાથી જેમનું હૈયું કાયમ છલકાતું હોય, અને આવા ગુરૂ મળે તે વખતે આપણાં હૃદયનાં તાળાં ખૂલી જાય, અંતરમાં પ્રકાશ થાય, અજ્ઞાન રૂપી અંધારાંનો નાશ થઈ જાય, લાખો જનમોનાં પાપ કર્મોનાં જાળાં સાફ થઈ જાય, અંગે અંગ, રૂવાંડે રૂવાંડે આનંદ પ્રગટે, ગુરૂ રૂપ કુશળ કારીગર દેહના ચામડાંને રંગી નાખે એટલે એની ખરાબી (દુર્ગંધ - મોહ) ચાલી જાય ચામડું રંગ્યુ ન હોય ત્યાં સુધી આળું હોય, પછી તો ઈશ્વરમાં મળી ગયેલી બુધ્ધિ રૂપ ભીલડી (જેને સુરતા કહેવામાં આવે છે) દેહરૂપી જંગલમાં ત્યાગનો અગ્નિ સળગાવે, એ જવાળામાં મમતા રૂપી લાકડાં બળી જાય, અને અહંકાર તો ઉચાળા ભરીને હાલી નીકળે, અને તૃષ્ણા - મમતાના બાંધેલ માળા ચૂંથાય જાય આવો છે સદ્‌ગુરૂનો મહિમા. ગુરૂ દેવને પ્રણામ હજારો.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ અનંતજ્ઞાનીઓ સંસારને દુઃખ દુઃખ રૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી કહે છે તે સમજવાની ઈચ્છા જાગે નહિ તો સમજવું કે દર્શન અને ચારિત્ર મોહનીય ગાઢ છે, તેથી કષાય પણ ગાઢ છે અને રાગ-દ્વેષે તો માઝા મૂકી દીધી છે. તેને લઈને અનુકૂળ વિષયો પર ભારેમાં ભારે રાગ છે અને પ્રતિકૂળ વિષયો પર ભારેમાં ભારે દ્વેષ છે.

■ આજે સામાયિક પ્રતિક્રમણ, પૂજા-દાનાદિ કરનારને તે તે ધર્મ પ્રત્યે આદર નથી. અનાદર એ જ મોટું પાપ છે. દેવ-ગુરૂ પ્રત્યે અનાદરવાળા આવે નહિ, આવે તો ટકે નહિ.

■ ધર્મથી જ સુખ મળે તે વાત સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ ધર્મ તો મોક્ષ માટે જ કરાય. સુખ માટે ય ધર્મ કરાય આવું કહેવું તે મહામિથ્યાત્વનો ઉદય હોય તે જ બોલાવે.

■ તમે અમને હાથ જોડો તે ધર્મ. પણ તમે અમને નમસ્કાર કરો તે અધર્મ.

■ ઊંધી સમજવાળા ધર્મ કરીને ગાઢ પાપ બાંધીને સંસાર વધારે છે. જેમ અધર્મ કરવાથી સંસાર વધે છે તેમ આજ્ઞાવિરૂદ્ધ વર્તવાથી પણ સંસાર વધે છે.

■ આપણે જો ડાહ્યા થઈ જઈએ તો આપણું ભાવી સારું છે. કોઈ ડહાપણ આપે છતાં તે ન જોઈએ તો સમજવું કે ભાવી ભૂંડું છે. જ્ઞાનીઓને આમાં પાપ એમ કહેવાનો શોખ ન હતો, તેમને તેમના જ્ઞાનનું અજીર્ણ થયું ન હતું. તેમનો તો એક જ હેતુ હતો કે- જે કોઈ સમજે અને જલ્દી આરંભ - સમારંભથી છૂટી જાય અને જીવન જીવે કે ઝટ મોક્ષે પહોંચી જાય.

■ શાસ્ત્રને અનુસારી જે જ્ઞાન તેનું નામ ધ્યાન !

■ દરેક ધર્મકાર્યમાં અમારે ઉપદેશ જ કરવાનો છે આદેશ નહિ. ઉપદેશ પણ અમારી જાતને આગળ લાવવા માટે નહિ. ભગવાનનો માર્ગ દીપે અને નવા આવેલા ધર્મ પામે. અમારી જાતને આગળ કરીને ઉપદેશ કરીએ તો તે પ્રમાણે કરનારો તરી જાય અને અમે ડુબી જઈએ.

■ સંસાર અટવી ભયંકર છે. અટવીમાં જીવો અનાદિકાળથી નાના - મોટાં, સુખી - દુઃખી બધા જ અથડાય છે. જેને અથડાવવાથી બચવું હોય તેને અટવી ઓળખવી પડે.

■ સીધે માર્ગે મોક્ષે જવા નીકળેલ અટવ લંઘવા નીકળેલા મહાત્માને ભૂખ હોય તો તે પેટનો. વાંકા માર્ગે થઈ સીધે માર્ગે થઈ મોક્ષે જવું છે તેવા જીવોને પેટની જ પીડા હોય. શ્રાવકને મનની ભૂખ લાગે તો તે તેને મારવાની મહેનત જ કરતો હોય. શ્રાવક મનની ભૂખ મારવાનો પ્રયત્ન કરે અને અવસરે પેટની ભૂખને મારવાનો પણ પ્રયત્ન કરે.

■ ધર્મ પામેલાને ધર્મ જ ગમે. અધર્મ કદિ ગમે જ નહિ. કદાચ કોઈવાર અધર્મ ગમી જાય તો ભારોભાર દુઃખ થાય કે ન ગમવાનું ગમી જાય છે.

■ અધર્મ ગમે તે ધર્મ પામેલો કહેવાય નહિ.

■ સંસારની જેટલી સારી સામગ્રી તે બધી અધર્મ રૂપ છે, અધર્મ કરાવનારી છે.

■ આપણે ધર્મસામગ્રીથી જ પુણ્યશાલી છીએ તેમ લાગ્યું છે ?

■ માન-પાનાદિ મળે તે પુણ્યોદય છે, પણ જેને મળે અને ગમે તે પાપોદય છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ, C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

Received
16/2/2001

8040

શાસન અને સિધ્દાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं
- उसभाइ महावीर पज्जवसाणाणं

જગતનું અજબ આશ્ચર્ય !

जह जलइ जलउ लोए,
कुसत्थपवणाऽहओकसायऽग्गी ।
तमऽजुत्तं जं जिणवयण-
सलिलसित्तो वि पज्जलइ ॥
(શ્રી સંવેગરંગ શાળા, ૭૨૮૩)

કુશાસ્ત્રરૂપી પવનથી પ્રજ્વલિત થયેલો કષાયરૂપી અગ્નિલોકને બાળવો તો ભલે બાળો પણ શ્રી જિનવચન રૂપી પાણીથી સીંચાયેલો પણ જે જીવ કષાયને કરે છે તે અયુક્ત - આશ્ચર્યકારી છે !

વર્ષ ૧૪
અંક ૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

એકલતા

રશ્મિ અને રશ્મિકાએ અનેક કલ્પનાઓના મહેલો બનાવી સંસાર માંડયો. સંસારના વિષયો અને સુખો ભોગવતાં રશ્મિકાએ બે જોડીયા દિકરાને જન્મ આપ્યો. એક બાજુ જન્મની ખુશાલી અને બીજી બાજુ આઘાતજન્ય શોક. એટલે પુત્ર જન્મની વધાઈ સાથે સમાચાર મળ્યા વાહલા પતિદેવ આ દુનિયા છોડી ચાલી નીકળ્યા કંઈક કલ્પનાઓના મહેલો પત્તાના મહેલની જેમ કકડભૂસ થઈ ગયા.

બે સંતાનોની જવાબદારી રશ્મિકાના શિરે આવી સમયના ચક્રમાં રશ્મિકા પીસાતી રહી અને સંતાનો ઉછેરતી હતી.

મહામહેનતે છોકરાઓને ભણાવ્યા અને મોટા કર્યા ભણેલા છોકરાઓને શહેરમાં નોકરી મળી. છોકરાઓ શહેરમાં રહે અને મા ગામડે રહેવા લાગી સમય જતાં છોકરાઓએ ગામડાનું ઘર બંધ કરાવ્યું અને માને શહેરમાં લઈ ગયા. શહેરી વાતાવરણ વચ્ચે દિવસો પસાર થાય છે તે એક દિવસ બન્ને દિકરાઓના લગ્ન લેવાયા. વહુરાણી ઘરે આવી શરૂઆતમાં વહુરાણીઓ મા - રશ્મિકાનો પડતો બોલ જિલવા લાગી ધીરે ધીરે વિનય ઓછો થયો. સામું બોલવું, ઝઘડો કરવો, છણકા કરવા, માન - અપમાન કરવા, ખોટી ભંભેરણી કરવી આદિની શરૂઆત થઈ ગઈ. ડોસી હવે કણીયાની માફક ખુંચવા લાગી ડોસી હવે જાય તો સારું એમ ઈચ્છતી વહુરાણીઓ અનેક પ્રયત્ન કરવા લાગી અંતે અહીં બહુ સંકડાશ પડે છે એમ સમજાવી માને ગામ મોકલી આપી.

ગામડે રહેતી માને દર મહિને ૫૦૦ રૂા. નું મનીઓર્ડર મળે ત્યારે મા હર્ષના આંસુ પાડવાને બદલે શોકના આંસુઓ પડે છે ગામડાની રશ્મિકાની આડોશ-પાડોશમાં રહેતી બહેનપણીઓ ભેગી થઈને કહે છે.

હે રશ્મિકા ! તારા પુત્રો સપૂત છે

નિસાસો નાખતી રશ્મિકા મૌન થઈ જતી, મનોમન વિચારતી કે શહેરની એ સાંકડી જગ્યામાં હું કેટલી સુખી હતી મારા દિકરા તો મારી સાથે હતા. આ નિર્જીવ મનીઓર્ડરથી હું કયાં સુધી મન મનાવ્યા કરીશ.

-રશ્મિકા

સંસાર અસાર છે. તેમાં ધર્મ જ સારવાના વિચાર આવેતે જરૂરી છે.

જુ મારવા ઉપર ગોવાળનું દ્રષ્ટાંત
જીવદયા - અભયદાન - સુપાત્રદાન - મોક્ષ અપાવે છે.

શાહ રતિલાલ ડી. ગુટકા - લંડન

નાગપુરમાં માધવ નામનો ગોવાળ રહેતો હતો ગાયો ચરાવવા જંગલમાં જાતો હતો. ૧ દિવસ જંગલમાં બપોરના ૧ ઝાડ નીચે બેઠો ત્યાં તેના માથામાંથી એક જુ ખોળામાં પડી જુ ને જોઈને બબડયો : ''આ જુ મારૂં લોહી પી જાય છે. આને તો રીબાવી - રીબાવીને મારી નાંખવી જોઈએ.'' આમ વિચારી તેણે જુ ને બાવળની તીક્ષણ અણીયારી શૂળ ઉપર ચીટકાડી દીધી- હવે

આ જીવ વધનું પાપ તેને તેજ ભવમાં મળ્યું. ૧ દિવસ ચોરીના આરોપ હેઠળ રાજાના સુભટોએ તેને પકડયો. તેને ફાંસીની શૂળીની શિક્ષા કરી. શૂળી પર ચડતાં તે ભારે વેદનાથી મરણ પામ્યો. આ પ્રમાણે તેને ૧૦ ભવોમાં ચોરીના ગુના માટે સજા થઈ અને એ પણ શૂળીની જ સજા ૧૦૭ ભવો સુધી વિચારવાનું છે. ૧૦૮ ભવે તેનો કર્મ બંધ પાતળો પડયો અને તાપસી દીક્ષા લીધી કોઈવાર ધ્યાન ધરતો ત્યારે એક સમયે ચોરોએ ચોરેલ રત્નની પોટલી તેની બાજુમાં મુકી ચોરો નાસી ગયા ત્યાં પણ તે તાપસને પકડી જુઠો આરોપ છતાં શૂળીની સજા સમભાવે સહન કરીને મૃત્યુ પામી તે શુભ ભાવે દેવતા થયો આપણે દરેક નાના મોટા જીવોને ન મારવાની પ્રતિજ્ઞા જીવનમાં લેવી અને જયણા જાણી જોઈ કોઈપણ જીવને ન મારવો એટલું થઈ શકે.

■ ■ ■

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪) | સંવત ૨૦૫૭ ભાદરવા વદ ૮ | મંગળવાર તા. ૧૧-૯-૨૦૦૧ | (અંક : ૩/૪

વાર્ષિક રૂા. ૧૦૦ | આજીવન રૂા. ૧૦૦૦ | પરદેશ રૂા. ૫૦૦ | આજીવન રૂા. ૫૦૦૦

વિરોધ વિવેકથી સફળ બને

આજે રાજકારણમાં ગમે ત્યાં જુઓ તો સત્તા વિનાનો પક્ષ માત્ર વિરોધ જ કરતો દેખાય છે અને તેથી તેનું નામ જ વિરોધ પક્ષ પડી ગયું છે પરંતુ તે જ પક્ષ દેશ અને પ્રજાના હિત ની પુરતી કાળજીથી વાત કહે તો સત્તાધારી પક્ષ પણ મુંઝાઈ જાય છે અને યથાર્થ માર્ગદર્શન આપવું પડે છે.

આજે જૈન શાસનમાં આજના યુગની છાયા, આજના ભણતરની છાયા, આજના સ્વાર્થની છાયા, આજની તકલીફ ની છાયા અને મહાત્માઓમાં પણ તાત્વિક બોધ, તત્વિક અભ્યાસ તથા અનુભવ કે અનુભવીઓની નિશ્રાનો અભાવ તેમજ અભ્યાસમાં ઉપર છલ્લા પાના ફેરવ આટલા ગ્રંથો વાંચ્યા વિ. સંતોષ માનવાથી સત્ય તત્ત્વ ને પકડી શકાતું નથી.

આજે ઘણા સાધુ, શ્રાવકોને દેવદ્રવ્યની શી જરૂર છે ? સાધર્મિકને અપાતી દેવું જોઈએ ? મંદિરની શી જરૂર છે ? પૂજામાં પૈસાન પાણી થાય છે, દીક્ષાની શી જરૂર છે ? પારકા રોટલા ખાવા તેના કરતાં કમાવીને ખાવું તે સારું. આવી તો ઘણી વાતો છે. જો તેનું જ્ઞાની પાસે વિધિસર સમાધાન લે તો આ તો વિતરાગનું શાસન છે સમાધાન થઈ જ જાય.

પરંતુ તેમાં કદાગ્રહ, દ્વેષ કે પૂર્વગ્રહ હોય તો સફળતા મળતી નથી અને આજે મોટા ભાગના વિતંડા કદાગ્રહ, દ્વેષ અને પૂર્વગ્રહ વિ. માંથી પેદા થાય છે.

એક દાખલો લઈએ

તો જિન મંદિરમાં મૂળનાયક પ્રભુજીના જ શાસન દેવ દેવી મુકાવા જોઈએ તેમ ઘણી જગ્યાએ થાય છે પરંતુ ટ્રસ્ટીઓમાં કે સંઘોમાં કોઈને કોઈ દેવ દેવી ગમતા હોય તો સંઘમાં પધરાવવાની વાત લઈ આવે અને પ્રભુજીની પ્રતિષ્ઠા કરતાં સારી રકમ આપી સંઘો પણ લોભાય. અને સંઘમાં જે ગુરુ કે તેમના માનેલા ગુરુ હોય તેમને પણ એ વાત પસંદ પડી જાય છે તેમાંજ પ્રેરણા આપે અને ઘંટાકર્ણ, માણિભદ્ર, પદ્માવતી વિ. ની મૂર્તિઓની શ્રેણી આવી વિચારધારામાંથી પ્રગટ થઈ છે હજી કેટલાક મહાત્માઓ સરસ્વતી જોઈએ લક્ષ્મી જોઈએ, એ ભ્રમણા શ્રાવકોના, ટ્રસ્ટીઓના મનમાં ઠસાવી દે છે અને પછી જે ભગવાન કહી ચાલે નહિ આ દેવ દેવીઓ સ્વીકાર કરી આપે એવી મિથ્યા બુદ્ધિ ધર્મપ્રત્યેની અશ્રદ્ધા અને સંસારી લાલસાઓ તેમાં ભળે છે અને એવા ગુસ્વર્યો તેમાં પ્રાણ પૂરે છે અને જૈન શાસન અવિધિ, આશાતના, પરમાત્માની અવજ્ઞા, જૈન શાસનની જડને તોડવાના કામો થઈ જાય છે.

આને કારણે આજે દેવ દેવીઓની હજારો મૂર્તિઓ પધરાવાઈ ગઈ અને લાઈન ચાલુ છે જેમણે નથી પધરાવી તેમને વસવસો છે આવું અકુદરતી નાટક ચાલુ

થઈ ગયું છે તેમાં કોઈને બોજો દેખાતો નથી, પુતળા દેખાતા નથી, મૂર્તિની ભરમાળ દેખાતી નથી. સામેથી આનંદ અને પ્રસન્નતા દેખાય છે.

તે સામે જિનમૂર્તિઓ ભરાવાય, જિન મંદિર થાય તેમાંજ આવાઓને અવરોધ લાગે છે. ધરતીકંપે મંદિરની હારમાળાનો નાશ કર્યો ત્યાં હવે શી જરૂર છે ? કરે તો નાનું મંદિર કરે વિ. બોલાય છે. અને આ વખતે ઘટતા દ્રવ્યની કે દેવદ્રવ્યનો વરસાદ વરસાવો જોઈએ તેને બદલે ઘટતું તો આપવાનું મન નથી પણ દેવદ્રવ્ય પણ આપવાનું મન થતું નથી તે જ બતાવે છે કે જૈન શાસનમાં કે સંઘોમાં ધર્મ વિધિની અવજ્ઞા થઈ રહી છે અને ધર્મ સામે અવિધિનો આદર થઈ રહ્યો છે.

તે રીતે ગુરુ મૂર્તિઓની બાબતમાં તો કેટલાક અકળાય ઉઠે છે અને તેમાં પણ કોઈ બહુમાન ધન્ય મહત્તાની મૂર્તિ પધરાવાય ત્યારે બધે ઢગલા થઈ જશે ? આ પુતળાની શી જરૂર છે ? કોણ પૂજશે ? ખોટા કેટલા ખર્ચા થાય છે ? વિ. પ્રતિઘોષ આપે છે.

એક કાળ એવો હતો કે મૂર્તિ માટે આરસ મળતો નહિ પછી મંદિર માટેના આરસની વાત તો કયાં કરવી ? બાર મહિને ૨૦૦ કમાતા અને ૧૫૦ તો ખર્ચ બાર મહિને હતો જ્યારે આ કાળ ધન સંપત્તિની વૃદ્ધિ વાળો છે કરોડ કરોડના બંગલા, ફલેટ વિ. બને છે એક લગ્નમાં લાખો કરોડો ખર્ચાતા સંભળાય છે. ત્યારે પાવન હૃદયવાળા પુન્યાત્માઓને જિન મંદિર, સંઘ, ઉપધાન, ગુરુમૂર્તિ વિ. ભરાવવાનું મન થાય તેમાં ગુરુની પ્રેરણા હોય પછી તેથી સારો પ્રતિઘોષ કેમ થાય છે.

અજ્ઞાન કે સુધારક તો કહે તેનો કોઈ વિકલ્પ નથી. તેઓ સદ્‌ગુરુ પાસે આવે સમજે તો તેઓનો વિકલ્પ થાય.

વર્ષો પૂર્વથી ગુરુ મૂર્તિઓ બનતી રહી છે. પૂ. આત્મારામજી મ., વલ્લભ સૂ. મ. વિ. ની મૂર્તિઓ ઘણી થઈ પૂ. નેમિ સૂ. મ. આદિની પણ ઘણી મૂર્તિઓ થઈ ત્યારે તે તે ક્ષેત્રમાં તે તે ગુરુઓના ઉપદેશથી કાર્યો થયા તે સહજ હતું આજે જ્યારે બહુશ્રુત ધન્ય, જગત માત્રને જૈન તત્ત્વનો સાર આપનારા પૂ. રામચન્દ્ર સૂ. મ. ની મૂર્તિઓ ભરાય છે ત્યાં બહારના તો સમજ્યા કે જેમને પૂ. શ્રી નો પ્રતિવાદ કરવા સિવાય બીજું કંઈ મગજમાં નથી તેઓ કહે તે તો તેના સ્વભાવગત કહેવાય છતાં તેઓ પણ પ્રતિવાદ કરતા નથી તો પૂ. શ્રી ના પાવનકારી પ્રભાવમાં રહેલા પૂજ્ય શ્રીના અભૂતપૂર્વ, અદ્વિતીય અને અનુપમ પ્રભાવની છાયામાં રહેલાઓને આવો વિચાર આવે કે આવું લખાણ કરી જાહેરમાં મુકવામાં પોતે સારા વકતા કે પ્રતિભ સંપન્ન છે તેવું માનવામાં આવે તે કેટલું સત્ય છે અને આવા લખાણો લઈને જૈન શાસન સામે કે પૂજ્ય પાર્શ્વનાથની પ્રતિમા સામે કે મૂર્તિ નિર્માણ સામે કાદવ ઉછાળવાનું કામ કરવાનું મન થાય ત્યારે આ પ્રવૃત્તિ સ્વ પ્રત્યનિક અને સ્વપરોપઘાતક બની જાય છે

તેમને હજારો સંખ્યામાં બનતી ઘંટાકર્ણ, મણિભદ્ર, પદ્માવતી વિ. ની મૂર્તિઓ સામે કંઈ કહેવાતું નથી તે પણ આશ્ચર્ય છે તેથી વિવેકનો વિરોધ સફળ બને છે પણ સાચું એટલું કહેવા જેવું હોતું નથી, જાણીએ તેટલું બોલવા જેવું હોતું નથી એ વાત વિચારવામાં આવે તો કંઈ વિસંવાદ થવા સંભવ નથી અને ધર્મ માર્ગની અવજ્ઞા અને અધર્મ માર્ગને ઉત્તેજન આપવા જેવું થાય તે સંભવ નથી.

જૈન શાસન જયવંતું છે કાલની પરંપરાથી હજારો મૂર્તિઓ હજારો મંદિરો થતા આવે છે સંપ્રતિ મહારાજાએ ૩૬ હજાર જિર્ણોદ્ધાર, સવા કરોડ જિન બિંબ, સવા લાખ નૂતન મંદિર કરાવ્યા હતા. તેમને એક મંદિરનો પાયો પડે તે સમાચાર મળે પછી દાન આપી દાતણ કરતાં. આવી ઉત્તમ નેક ભાવના પ્રવૃત્તિ હોવી જોઈએ થાય ન થાય તે જુદી વાત પણ પણ ભાવનાથી તો ન ભાગીએ આજે પણ બાગ બગીચા બંગલા તેમજ જાહેરમાં સ્કુલ, કોલેજ હોસ્પીટલ આદિ સામે જિન મંદિરોનો વધારો જરૂર જણાય કે ઉત્સાહ જણાય ત્યાં બને તેમાં રાજા ભોજ દાન આપે અને ભંડારી મોઢું કુટે તેમ કરવાની કયાં જરૂર છે સૌ સદ્‌ભાવથી માનવ જન્મને સફળ કરે એજ અભિલાષા.

ખમુ હું સૌને, ખમાવો સૌ મને

- પ્રશ્નેન્દુ

રાગાદિ દ્વંદ્વોના કારણે જીવનમાં વૈર - વિરોધ અને કટુતાના પ્રસંગો જન્મે છે. તે વખતે જો હૈયામાં નિર્મલ વિવેક હોય તો તે તેના ભયાનક અનર્થોથી બચી જાય છે. વિનય વૈરીને પણ વશ કરે છે. વૈરની વૃત્તિને વધારવામાં મહાનતા નથી પણ તેને નિર્મૂલ કરવામાં જ મહાનતા છે. ગમે તેવો પરાક્રમી અને સમર્થ આત્મા પણ વૈરી પ્રત્યે ઉદારતા બતાવે, તેની ભૂલોને માફ કરી દે તો તે પણ દિલોજાન દોસ્ત બની જાય છે. પરસ્પર તૂટેલાં હૃદયને - મનને, સાંધવાનું કામ ક્ષમાપના કરે છે. જે પર્વાધિરાજનો સાર છે અને જીવનનું અદ્‌ભુત રસાયણ છે.

હૈયાના સાચા પશ્ચાત્તાપના પર્વતમાંથી પ્રવાહિત થયેલી પાવન સુર સરિતા તેનું નામ જ ક્ષમાપના છે જેમાં સાચા ભાવે ડૂબકી લગાવનાર પાપાત્મા પણ નેર્મલ બને છે પશ્ચાત્તાપની પાવક જ્યોત હૃદયને દીપ્યમાન બનાવે છે અને આત્મિક ગુણોથી ઝગમગાવે છે. ''પણ મારી ભૂલ થઈ'' આ ત્રણ શબ્દ બોલવા સહેલા નથી. ભૂલનો સ્વીકાર અને એકરાર તે જ આત્મા કરી શકે જેને ક્ષમાપનાના પરમાર્થને પચાવ્યો હોય. જેનું હૃદય બાળકની જેમ સરળ - નિર્દોષ - નિખાલસ - નિર્દંભ હોય, ઉદાત્ત - વિશાળ હોય. જેનું મન ગંભીર હોય, નમ્ર હોય. તેના વિના સાચા ભાવે ઉપશમભાવની પ્રાપ્તિ અસંભવિત છે.

શરીરના રોગોની દવા માટે ડોક્ટરનું શરણું લઈએ છીએ. તેમ ક્રોધાદિ કષાયથી પેદા થયેલી, માનમાંથી જન્મેલી, મમકાર - અહંભાવથી વધે એવી આત્માની બિમારીને દૂર કરવા સાચી સંજીવની હોય તો ક્ષમાપના છે. 'હું તમને હૈયાપૂર્વક ખમાવું છું, આપ પણ મને ખમાવો' ડુંટીમાંથી નીકળેલો આ નાદ આત્મામાં અપૂર્વ સત્ત્વ - સામર્થ્ય પેદા કરી, વૈર - વિરોધના વિકારનો જડમૂળમાંથી વિનાશ કરે છે. આવું સત્ત્વ જન્મ્યા વિના મોંમાંથી ક્ષમાપના નીકળશે પણ સાચા ભાવે ક્ષમાપના હૈયાની નહિ થાય.

સાચી ક્ષમાપના પણ તે જ પુણ્યાત્મા કરી શકે, જેને પોતે જ કરેલી - કરાવેલી કે અનુમોદેલી, મન - વચન - કાયાની અનુચિત વૃત્તિ - પ્રવૃત્તિનો બોજ સખત હૈયામાં ડંખ્યા કરે, દાક્ષિણ્યતાના સુંવાળે નામે કરેલી પણ અનુચિત પ્રવૃત્તિનો ભાર લાગ્યા જ કરે. માલવાહક મજૂર મસ્તકનો ભાર ઈષ્ટ સ્થાને પહોંચાડી જેમ હળવો - હલકો થાય છે તેમ તે ભારથી હલકો થવા સદ્‌ગુરૂ પાસે નિખાલસતાથી એકરાર થાય તે સાચી ક્ષમાપનાનો સ્વાદ માણે.

ક્ષમાપનાના તો હું શું ગુણગાન ગાઉં ? 'ખમું હું સૌને, ખમાવો સૌ મને' એવી આરઝુ દિલ ધરું છું. ક્ષમાપના તો દ્રષ્ટિવિષ સર્પનું વિષ ઉતારનાર જાંગુલી મંત્ર છે, જીવનના ઉદયની ઉષા છે, આત્મગુણ સમૃદ્ધિની વરમાળા છે, જીવન પ્રભાતનો પુણ્યભાનુ છે, વિશ્વમૈત્રીનું મંગલપ્રભાત છે, જીવનની સાચી જ્યોતિ છે, માર્ગસ્થ પ્રજ્ઞાનો પ્રકાશ છે, સમકિત, સંવેગ, વિરાગ આદિ આત્મગુણોનું રંજન છે, જીવન પ્રાસાદનું પ્રથમ પગથિયું છે. ખમે - ખમાવે તે આરાધક, ન ખમે- ન ખમાવે તે વિરાધક તો સાચા આરાધકભાવને પામવા સૌને સાચા ભાવે ખમી - ખમાવી કર્મભારથી સર્વથા મુકત બની આત્માની અનંતી ગુણલક્ષ્મીના સૌ ભાજન બનો તે જ મંગલ મહેચ્છા.

■ ■ ■ ■

બોધકથા

જનક વિદેહી કેમ કહેવાય ?

-પૂ. સા. શ્રી અનંતગુણ શ્રીજી મ.

અન્ય દર્શનોમાં જનક વિદેહીનું નામ અત્યંત પ્રસિદ્ધ છે. રાજ સુખ - સાહ્યબી - સમૃદ્ધિનો ઉપભોગ કરવા છતાં પણ તેઓ જનક વિદેહી કહેવાતા હતા. વિદેહીનો સામાન્ય અર્થ થાય દેહ વગરના. અને આ તો શરીર ધારી હતા છતાં પણ 'વિદેહી' શબ્દથી ઓળખાતા હતા. રાજાના રાજ્યમાં રહેતા એક સજ્જન પુરૂષના મનમાં આ પ્રશ્ન ઘોળાતો હતો કે- રાજા સાક્ષાત્ શરીરધારી હોવા છતાં પણ 'વિદેહી' કેમ કહેવાય છે ? તેથી એકવાર પ્રસંગ પામીને રાજસભામાં તેઓએ રાજાને પૂછ્યું કે- ''રાજન્ ! અવિનય - અવિવેક થાય તો ક્ષમા કરજો પણ આપ દેહધારી હોવા છતાં પણ 'વિદેહી' કેમ ઓળખાવ છો ?'' રાજાએ જરાપણ ચલ-વિચલ થયા વિના કહ્યું કે- 'ભદ્રે ! અવસરે તને આ વાત સમજાશે.'' તે પછી રાજાએ પોતાના વિશ્વાસુ-વફાદાર સેવકોને કહ્યું કે- આ પ્રતિષ્ઠિત્ સજ્જનની એક નાની પણ ભૂલ થાય તો તેને પકડીને મારી પાસે લઈ આવજો. સંસારમાં જીવને કયારેક નાની - મોટી ભૂલો થવી સંભવિત છે. તે સજ્જનથી પણ એક નાની ભૂલ થઈ ગઈ. રાજ સેવકોને ખબર પડી અને પકડીને રાજા પાસે લઈ આવ્યા. રાજાએ વાત સાંભળી તેમને મૃત્યુદંડની સજા ફરમાવી. આખા નગરમાં હાહાકાર મચી ગયો કે આવી નજીવી ભૂલની આવી કઠોર સજા ! પણ સત્તા આગળ શાણપણ નકામું છે. જે દિવસે સાંજના મૃત્યુદંડની સજા થવાની હતી તે દિવસે રાજાએ તે સજ્જનને માન સન્માનપૂર્વક પોતાના મહેલમાં બોલાવ્યા અને કહ્યું કે આજે આપણે બન્ને સાથે ભોજન કરીશું. રાજાના અતિ આગ્રહને તેઓ ટાળી ન શકયા. રાજાએ રસોઈયાને બોલાવી કહ્યું કે, ''આજે ઉત્તમમાં ઉત્તમ સ્વાદિષ્ટ રસોઈ બનાવજે પણ એકમાં ય મીઠું નાખીશ નહિ.'' ભોજન સમયે બન્ને સાથે જમવા બેઠા. ભોજન પૂર્ણ થયા પછી પ્રેમાળભાવે રાજાએ પૂછ્યું કે, રસોઈમાં કાંઈ ખામી લાગી ખરી ! ત્યારે તે સજ્જને કહ્યું કે- ''રાજન્ ! મારી નજર સામે ૪-૬ કલાક પછી મૃત્યુનો ભય હતો તેથી મને ખાવામાં જરાપણ રસ ન હતો. મેં તો આપના આગ્રહથી જ ખાધું બાકી ખાવું ભાવતું પણ ન હતું તો રસોઈમાં શું ખામી હતી તેનો જરાપણ ખ્યાલ ન આવ્યો.''

આ જવાબ સાંભળતા અત્યંત આનંદિત પ્રસન્નચિત્ત બનેલા રાજાએ માર્મિક સૂચક વાત કરી કે- ''ભદ્રે ! ૪-૬ કલાક પછી મૃત્યુના ભયથી તારા જીવનમાં રસ ઊડી ગયો, તને ખાવું - પીવું પણ ન ભાવ્યું, શું ખાધું કે શું પીધું તેનો પણ ખ્યાલ ન આવ્યો તો મને તો સમયે સમયે મૃત્યુ દેખાય છે, ભૂલ્યું ભૂલાતું નથી, વીસર્યું વીસરાતું નથી. ક્ષણે ક્ષણે હું મૃત્યુની નજીક જઈ રહ્યો છું કઈ ક્ષણે તેનું આગમન થશે તેની ખબર નથી માટે તેને આવકારવા હંમેશા તૈયાર છું. તેથી મને સંસારની સુખ - સામગ્રીમાં, રાજ્ય સંપત્તિમાં, રાજ્ય સમૃદ્ધિના ભોગોપભોગમાં, કયાંથી રસ આવે ! ખાવા પીવાદિની ઢગલાબંધ સામગ્રી છે, નોકર - ચાકર સેવકો, દાસ - દાસી પરિવાર આજ્ઞાંકિત છે, અનેક પ્રકારના વસ્ત્ર - અલંકારોથી દેહને શણગારું છું'' પણ મને કયાંય કશે કે કશામાં જરા પણ રસ નથી, લેશ પણ આસક્તિ નથી, મોહ નથી, મમતા નથી, માયા નથી, મારા - તારાપણું નથી તેથી જ હું વિદેહી કહેવાઉં છું. રાજાની આ ટકોર સાંભળી તે સજ્જન તેનો મર્મ સમજી ગયા. રાજાએ પણ તેમને સન્માનભેર મુકત કર્યા, મૃત્યુદંડની સજા માફ કરી.

જૈન શાસનને પામેલા આપણા બધાની દશા કેવી ઉત્તમ હોવી જોઈએ. જૈન શાસનની છાપ પણ જેના પર નથી પડી તે જો આવી વિરકિતને ધારણ કરતા હોય, આસકિતથી મુકત હોય તો આપણે તો તેનાથી કઈ ગણી સારી સામગ્રી પામ્યા છીએ. આવી રીતના સાચા વિદેહી બનવામાં જ આ જીવનની સાચી સફળતા - સાર્થકતા છે. જો આવી દશા નહિ પામીએ, આસકિતમાં અટવાઈ જઈશું તો કર્મની જંજીરોથી બંધાઈ જન્મ - મરણના ફેરામાં ફરતા રહીશું. કમમાં કમ આપણી દશાને બદલવા માટે આસકિતને તોડવા અને વિરકિતને પામવા આજથી જ ભવ્ય પુરૂષાર્થ કરીએ જે આપણને પરમપદે પહોંચાડે.

■ ■ ■ ■

પ્રવચન - ઓગણપચાસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ -૨, બુધવાર, તા. ૯-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ

બે ગોવા ગેયા હતા. તેઓને એકવાર મુનિઓનો યોગ થયો અને તે મુનિઓની સેવાના પ્રતાપે તેઓ પણ ધર્મ સમજ્યા એટલું નહિ તેમને ધર્મ ગમી પણ ગયો અને તે બન્નેએ સાધુપણું સ્વીકાર્યું. સાધુપણાનું પાલન કરીને તે બે ય ગોવાળીયાના જીવ દેવલોકમાં ગયા. ત્યાં દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને તે બન્ને કોઈ એક પ્રખ્યાત નગરમાં શ્રેષ્ઠીના પુત્રો થયા. ત્યાં તેઓને બીજા ચાર શ્રેષ્ઠીપુત્રોની સાથે મિત્રતા થઈ. એકવાર તે છ યે ને સદ્‌ગુરુનો સુયોગ થયો અને તે સદ્‌ગુરુની પાસે શ્રી જિનેશ્વરદેવના ધર્મનું શ્રવણ કરવાથી તે છ યે શ્રેષ્ઠીપુત્રો પ્રતિબોધ પામ્યા અને તે છ યે દીક્ષાને અંગીકાર કરી. લાંબા કાળ સુધી દીક્ષાનું સુંદર પાલન કરીને તે છ યે મિત્રો પ્રથમ દેવલોકમાં રહેતા 'પદ્મ ગુલ્મ' નામના વિમાનમાં શ્રેષ્ઠ દેવો તરીકે ઉત્પન્ન થયા.

તે બે ગોવાળના જીવો કરતાં, ચાર શ્રેષ્ઠીપુત્રો દેવલોકમાંથી કાંઈક વહેલાં ચ્યવીને મનુષ્ય તરીકે ઉત્પન્ન થયા. તેમાં એક કુરૂદેશમાં 'ઈષુકાર' નામના રાજા થયા, બીજા તે રાજાની 'કમલાવતી' નામની પટ્ટરાણીરૂપે થયા. ત્રીજા ભૃગુ નામના તે જ રાજાના પુરોહિત તરીકે ઉત્પન્ન થયા અને ચોથા તે પુરોહિતની 'યશા' નામની પત્ની તરીકે ઉત્પન્ન થયા. ભૃગુ પુરોહિતને ઘણા કાળે પણ કોઈ પુત્રાદિ સંતતિ ન થઈ તેથી તે પુત્ર ચિન્તામાં આકુલ - વ્યાકુલ બન્યા. અને દેવોની માન્યતા રાખવા લાગ્યા તથા સેવા - ભક્તિ કરવા લાગ્યા.

હવે આ બાજુ દેવલોકમાં રહેલા બે ગોવાળના જીવોએ પોતે અ દેવલોકમાંથી ચ્યવીને ક્યાં જવાના છે તેનો વિચાર કર્યો અને તે માટે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં જોયું કે 'અહીંથી ચ્યવીને અમે બે ભૃગુ પરોહિતના પુત્રો થવાના છીએ. ત્યાં પણ બાલ્યકાળમાં જ દીક્ષાને પામીએ તેવું કરવું જોઈએ.' તેથી તે બન્ને સાધુવેષને લઈને પુરોહિતના ઘરે આવ્યા. પુરોહિત ભલે મિથ્યાદ્રષ્ટિ હતો પણ સાધુઓને જોઈને આનંદ પામ્યો. મુનિઓએ પણ તેને ભગવાનનો ધર્મ સમજાવ્યો એટલે પોતાની પત્નીની સાથે તે પણ પ્રતિબોધ પામ્યો અને સમ્યક્ત્વ મૂળ શ્રાવકપણાના બાર વ્રતનો સ્વીકાર કર્યો.

પછી પુત્રની ઉત્કટ ઈચ્છાથી પુરોહિત તે બે મુનિઓને પૂછ્યું કે- ''હે પૂજ્યો ! મને પુત્ર થશે કે નહિ ?'' ત્યારે મુનિવેષને ધરનારા તે દેવોએ કહ્યું કે- ''હે પુરોહિત ! તને બે પુત્રો થશે. તે બન્ને ય પુત્રો બાલ્યકાળમાં જ પ્રવ્રજ્યાને અંગીકાર કરશે. માટે પ્રવ્રજ્યાને અંગીકાર કરતા એવા તેઓને તમારે અંતરાય કરવો નહિ.'' આમ કહીને તે બે દેવો પોતાના સ્થાને ચાલ્યા ગયા. આયુષ્ય પૂર્ણ થયે તે બે ગોવાળના જીવો દેવલોકમાંથી ચ્યવીને તે ભૃગુ પરોહિતની યશા નામની પત્નીના ગર્ભમાં આવ્યા. પોતાની પત્નીને ગર્ભવતી થયેલી જાણીને ભૃગુ પુરોહિતને થાય છે કે- તે મુનિદેવની વાત યાદ આવી. એટલે મનમાં થાય કે- પુત્ર જરૂર થવાના પણ બાલ્યકાળમાં જ સાધુ થવાના મારે તેમને સાધુ થવા દેવા નથી. આવો નિશ્ચય કરીને તે નગરનો ત્યાગ કર્યો અને એવા ગામડામાં જઈને વસ્યો કે જ્યાં સાધુનું દર્શન પણ થાય નહિ. મોહનીય કર્મની ભયંકર ભીષણતાનો વિચાર કરો કે- તેને શ્રાવકધર્મનો ત્યાગ કર્યો અને એવા ગામમાં જઈને વસ્યો કે સાધુનું દર્શન પણ દુર્લભ થયા.

હવે તે ગામમાં પુરોહિતની પત્ની યશાએ પુત્ર યુગલને જન્મ આપ્યો અને ક્રમે કરીને તે બન્ને પુત્રો વૃદ્ધિને પામવા લાગ્યા. તે બન્નેને મોટા થતા જોઈને મોહથી પુરોહિત અને પુરોહિત પત્નીએ વિચાર કર્યો કે- આ ગામમાં સાધુઓના આવાગમનનો બિલકુલ સંભવ નથી. છતાં પણ ભાગ્યયોગે કાંઈ સાધુ આપણા ગામમાં આવી જાય અને આપણા દિકરાઓ સાથે મેળાપ ન થાય તો સારું નહિ તો સાધુનો મેળાપ થતાં જ આ બન્ને જરૂર સાધુ જ થશે. એટલે તે પુરોહિત અને પુરોહિત પત્નીએ તે બન્ને બાળકોને એવી શિખામણ આપી કે- ''મુંડ મસ્તકવાળા, હાથમાં દંડ આદિને ધારણ કરીને, જે

સાધુઓ બગલાની જેમ નીચી દ્રષ્ટિ રાખીને ચાલે છે તેમનો વિશ્વાસ કરવો નહિ. કેમકે, તે સાધુઓ બાળકોને પકડીને એકદમ મારી નાખે છે અને રાક્ષસની જેમ મારી નાખેલા તે બાળકોનું માંસ ખાય છે. માટે તમારે તેવા સાધુની પાસે જવું નહિ તેઓનો વિશ્વાસ પણ કરવો નહિ.'' આ રીતે નાનપણથી જ સાધુઓનો ભય લગાડીને, સાધુઓથી તે બેને ભડકાવી મૂકયા.

ત્યારથી તે બન્ને પુત્રો સાધુના નામમાત્રથી ભડકવા લાગ્યા. પણ તેમનું ભવિષ્ય સારું હતું. એટલે એકવાર ગામ બહાર રમવા ગયા છે. તે વખતે તે જ માર્ગે દૂરથી સાધુઓને આવતા તે બેએ જોયા એટલે માતા - પિતાએ શિખામણ રૂપે પાયેલા ઝેરથી એકદમ ગભરાયા અને વિચારવા લાગ્યા કે- નક્કી આજે આપણું આવી બનવાનું એકદમ ગભરાઈને નજીકના મોટા વડના ઝાડ ઉપર ચઢી ગયા.

મુનિઓ પણ તે જ વડના ઝાડ નીચે આવીને ઊભા રહ્યા એટલે તે બન્ને થરથર કાંપવા લાગ્યા. મુનિઓને તો આ કશી ખબર નથી. તેઓ તો પાસેના ગામમાંથી જે આહારાદિ લાવ્યા હતા તે કરવા લાગ્યા. ઝાડ ઉપર રહેલા તે બાળકોએ મુનિઓને શુધ્ધ આહારનું જ ભોજન કરતા જોયા પણ માતા - પિતાએ કહેલ માંસભક્ષણ જેવું કશું જોયું નહિ. તેથી તેમને શંકા પડી કે, માતા પિતાએ આપણને ઠગ્યા છે, ખોટું સમજાવ્યું છે.

મુનિઓની બીજી પણ ચર્યાદિ જોવાથી શુધ્ધ હૃદયવાળા તે બન્ને બાળકો વિચારવા લાગ્યા કે- આવા સાધુઓને આપણે કયાંક જોયા છે. આ વિચારણાના યોગે બહુ ઉહાપોહ કરતાં તે બન્નેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તે જાતિસ્મરણ જ્ઞાનના યોગે પૂર્વના ભવો અને પૂર્વે આરાધેલું સાધુપણું યાદ આવ્યું. મોહની પરવશતાના યોગે આપણા માતા - પિતાએ ખોટું ખોટું સમજાવીને આપણને ઠગ્યા છે. આપણે સાધુના પરિચયમાં જ ન આવીએ તેવી ચેષ્ટા કરી છે. આજના શ્રાવકવર્ગને પણ પોતાનાં સંતાન સાધુના અતિ પરિચયમાં આવે તે ગમે ખરું ?

સભા : શ્રાવક હોય તો ગમે !

આ બધા શ્રાવક નથી ?

શ્રાવકને સાધુ થવાનું મન હોય ને ? તેનાં સંતાન સાધુ થાય તે ગમે કે ઘર માંડે તે ગમે ? અ જે તમારા ઘરે જન્મેલા ધર્મ ન કરે તો વાંધો નહિ પણ સંસારનાં તમે કહેલાં કામ ન કરે તો બધા જ વાંધા ! તમારાં ઘરોમાં જન્મેલાઓને તમે સંસારમાં જોડનારા છો પણ ધર્મમાં જોડનારા નથી. તમારા છોકરા વેપારી, ડૉકટર, વકીલ, બેરીસ્ટર બને પણ શું ન બને ? સાધુ કે શ્રાવક ન બને. આજે કેટલાના છોકરા શ્રાવક છે ? અ કેટલા બાપ શ્રાવક છે ?

તમારા ધર્મ માટે તમે જ અંતરાય ઊ૫ છો. કેમ કે, તમને અધર્મનો ભય નથી અને ધર્મનો ખ નથી. ધર્મથી જ સદ્‌ગતિ થાય અને અધર્મથી દુર્ગતિ થાય તો અધર્મ વિચારથી પણ દૂર રહેવું તેવો પણ વિચાર છે ખરો ?

સભા : 'ધર્મથી સુખ અને અધર્મથી દુઃખ' તે વાત માનીએ છીએ.

ઉ. - મોઢેથી બોલો છો કે હૈયાથી બોલો છો ? હૈયાથી માને તેનું જીવન કેવું હોય.

પુરોહિતના તે બે પુત્રો જાગી ગયા તેમ તમે જાગી ગયા છો ? તે બે પુત્રો હવે શું કરે છે, માતા - પિતાને કઈ રીતે સમજાવે છે તે વાત હવે પછી-

■ ■ ■

સુધારીને વાંચવું

હીરારત્ન માણેક ભાઈના ૪૧૧ ઉપવાસને પા. શ્રી જયઘોષ સૂ. મ. માન્યતા આપી અને પં. શ્રીચંદ્રશેખ વિ. મ. તેના પારણાનાં પ્રસંગમાં હાજરી આપી.

એ બન્ને શાસ્ત્ર વિરૂદ્ધ કાર્ય છે.

આવા હેડીંગવાળા લેખમાં ''તીર્થંકર ભગવ તોએ જેટલો તપ કર્યો હોય એટલોજ તપ એમના શાસનમાં કરવાનો હોય છે એનાથી વધારે તપ ન કરાય.'' આવું લખાયું યાર બાદ ''तपो वृषभतीर्थेऽभूदुत्कृष्टवार्षिक तथा षण्मासिकं वीरतीर्थे रोषेलु चाष्टमासिकं''

આ રીતનો શાસ્ત્રપાઠ જાણવા મળ્યો એથી ા ગ્યુ કે ઉપરોકત લખાણ આ શાસ્ત્રપાઠથી વિપરીત લખાયુ છે તો તે બદલ હું मिच्छामि दुक्कडम् દઉ છું અને દરેક વાચક વ આ લેખમાં કે એની પહેલાના લેખમાં કે અર્થઘટનમાં ''ઋષભ દેવના શાસનમાં ૧ વર્ષનો, ભગવાન મહાવીરના શાસનમાં ૬ માસનો અને બાકીના ૨૨ તીર્થંકરોના શાસનમાં આઠ મા નો ઉપવાસનો ઉત્કૃષ્ટ તપ છે.'' આ રીતે સુધારીને વાંચવું.

લી. મુકિતપંથપથિક

સમકિતના સડસઠ બોલની વિચારણા

હપ્તો - ૧

- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

(શ્રી જૈન શાસનનો પાયો, આત્માના ઉત્થાનનું મૂળ સમ્યક્ત્વ છે. તે અંગે શાસ્ત્રોમાં એટલું સ્પષ્ટ વિવરણ છે જેનું વર્ણન ન થાય. પણ વર્તમાન કાળની સર્વ ધર્મ સમ અને મમની ભાવનાઓ આત્માને સમ્યક્ત્વથી ઘણું દૂર રાખેલ છે.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય, સમ્યક્ત્વ સપ્તતિકા અને પ્રવચન આરોદ્ધાર (દ્વાર-૧૪૮) ના આધારે અત્રે સામાન્યથી વિચારણા કરી છે. તો શાંત ચિત્તે વાંચી, વેચારી, આત્મસાત્ કરી આત્માની મુક્તિના બીજ રૂપ આ ગુણને પામી સૌ આત્મ કલ્યાણના ભાગ બનો અને શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે તે તે ગ્રંથકાર પરમર્ષિના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના સહ વિરમું છું. -લેખક)

સમ્યક્ત્વના સડસઠ ભેદો :-

(શ્રી પ્રવચન સારોદ્ધાર દ્વાર - ૧૪૮ ના આધારે)

મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષય - ક્ષયોપશમ કે ઉપશમથી પ્રાપ્ત થયેલો એવો આત્માનો શુભ ભાવ પરિણામ તેનું નામ સમ્યક્ત્વ કહેવાય છે.

જેના વડે સમ્યક્ત્વનો નિશ્ચય થાય તે શ્રદ્ધા વગેરે લક્ષણો છે અને તે શ્રદ્ધા વગેરેના પરમાર્થ સંસ્તવ વગેરે સડસઠ (૬૭) ભેદો છે. તે ભેદોથી વિશુદ્ધ સમ્યક્ત્વ પારમાર્થિક છે. સમ્યક્ શબ્દ પ્રશંસા કે અવિરોધ અર્થમાં છે. સમ્યક્ એટલે જીવ તેનો જે ભાવ તે સમ્યક્ત્વ. જીવનો મોક્ષ તરફનો અવિરોધી પ્રશસ્ત જે સ્વભાવ વિશેષ તે જ સમ્યક્ત્વ કહેવાય છે.

તે સમ્યક્ત્વના સડસઠ (૬૭) ભેદો આ પ્રમાણે છે.

ચાર શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દોષ, આઠ પ્રભાવના, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના, છ સ્થાન. આ સડસઠ લક્ષણોના ભેદોથી વિશુદ્ધ સમ્યક્ત્વ કહેવાય છે.

ચાર શ્રદ્ધા :-

જેના વડે સમ્યક્ત્વનો સ્વીકાર થાય તે સદ્દહણા-શ્રદ્ધા કહેવાય છે.

૧. પરમાર્થ સંસ્તવ :- પરમ એટલે તાત્ત્વિક, અર્થો એટલે જીવ - અજીવ આદિ પદાર્થો; તેનો સંસ્તવ એટલે પરિચય. અર્થાત્ બહુમાનપૂર્વક જીવાજીવાદિ પદાર્થોના બોધ માટે જે અભ્યાસ તેનું નામ **પરમાર્થ સંસ્તવ** કહેવાય.

૨. સુદૃષ્ટ પરમાર્થ સેવન :- સુ એટલે સુષ્ઠુ-સમ્યગ્નીતિપૂર્વક, દૃષ્ટ એટલે પ્રાપ્ત કર્યા- જાણ્યા છે, પરમાર્થ એટલે જીવાજીવાદિ પદાર્થો જેમણે સારી રીતે. અર્થાત્ જીવાદિ પદાર્થોને યથાર્થ રીતે જાણનાર આચાર્ય આદિની સેવા - ભક્તિ, યથાશક્તિ વૈયાવચ્ચ કરવી તે **સુદૃષ્ટ પરમાર્થ સેવન** કહેવાય.

૨. વ્યાપન્ન દર્શન વર્જન :- વ્યાપન્ન એટલે નાશ પામ્યું છે દર્શન જેમનું એવા નિહ્નવ વગેરેનો ત્યાગ કરવો તેનું નામ **વ્યાપન્ન દર્શન વર્જન** કહેવાય.

૪. કુદર્શન વર્જન :- કુત્સિત - ખરાબ એવું જે દર્શન. બૌદ્ધ - મિમાંસક - ન્યાય આદિ જે દર્શનો તે કુદર્શન કહેવાય. તેનો ત્યાગ કરવો તે **કુદર્શન વર્જન** કહેવાય.

સમ્યક્ત્વ ગુણની મલિનતા અને નાશ ન થાય તે માટે વ્યાપન્ન દર્શન અને કુદર્શનનો ત્યાગ કરવાનો છે.

ત્રણ લિંગ :-

સમ્યક્ત્વને જણાવનારા જે ચિહ્નો તેનું નામ લિંગ કહેવાય.

૧. શુશ્રુષા :- સાંભળવાની જે ઈચ્છા તે શુશ્રુષા. સદ્બોધને માટે સદ્ગુરુ મુખે શ્રી જિનવાણી શ્રવણની જે ઈચ્છા તેનું નામ **શુશ્રુષા** કહેવાય.

ચતુર, સુખી, સંગીતનો જાણ યુવાન સ્ત્રીથી પરિવરેલો એવો યુવાન પુરૂષ કિન્નરોના ગીતોને જે ઉત્સુકતા અને રાગપૂર્વક સાંભળે તેના કરતાં પણ અધિક રાગથી જિનવાણી શ્રવણ કરે તે શુશ્રુષા ગુણવાળો કહેવાય.

૨. ધર્મરાગ :- શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એમ બે પ્રકારનો ધર્મ છે. તેમાં શ્રુતધર્મનો સમાવેશ શુશ્રુષામાં આવી જાય છે. તેથી અહીં ધર્મરાગ ને ચારિત્ર ધર્મનો રાગ જાણવો. તથા પ્રકારના કર્મોદયે ચારિત્રધર્મ ન પણ પામી શકે તો પણ જંગલમાંથી આવતો દુઃખી, ભૂખથી દુર્બલ એવા બ્રાહ્મણને ઘેબરની જેવી ઈચ્છા હોય તેના કરતાં અધિક ઈચ્છા ચારિત્રધર્મની હોય.

૩. યથાસમાધિ ગુરુ - દેવની વૈયાવચ્ચ :- ગુરુ એટલે ધર્મોપદેશક શ્રી આચાર્ય અને દેવ એટલે શ્રી વીતરાગ પરમાત્મા. દેવ અને ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા ગુરુ છે માટે અહીં ગુરુ પદ પ્રથમ જણાવ્યું.

યથાસમાધિ એટલે સમાધિનો ભંગ કર્યા વિના ગુરુ - દેવની યથાશક્તિ સેવા - ભક્તિ - વિશ્રામણા - પૂજા આદિ કરવા તે યથાસમાધિ ગુરુ - દેવની વૈયાવચ્ચ કહેવાય. વિદ્યાસાધકની જેમ અપ્રમત્તપણે કરે.

ધર્મ અને ધર્મીને એક ગણાવી આને સમ્યક્ત્વના લિંગો કહ્યા છે, જેના દ્વારા આત્મામાં સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિ થઈ છે તેનો નિશ્ચય કરાય છે.

દશ વિનય :-

આત્મા ઉપર લાગેલાં કર્મોને દૂર કરે તેનું નામ વિનય છે. વિનયને મોક્ષનું બીજ કહેવાયું છે.

૧. અર્હન્ત એટલે શ્રી તીર્થંકર, ૨. આઠે કર્મથી મુક્ત તે સિદ્ધ ભગવંતો, ૩. શ્રી જિનેશ્વરની પ્રતિમા રૂપ ચૈત્યો, ૪. શ્રી આચારાંગાદિ આગમ સ્વરૂપ શ્રુતજ્ઞાન, ૫. ક્ષમા આદિ દશ પ્રકારનો યતિધર્મ, ૬. શ્રમણ સમુદાય રૂપ સાધુવર્ગ, ૭. આચાર્ય, ૮. ઉપાધ્યાય, ૯. જીવાદિ તત્ત્વોને કહે તે પ્રવચન એટલે સંઘ અને ૧૦ દર્શન એટલે સમ્યક્ત્વ ગુણ અને ગુણીને એક માનવાથી ઉપચારથી દર્શનવાળા પણ દર્શન કહેવાય.

આ શ્રી અરિહંતાદિ દશ સ્થાનોની ભક્તિ, પૂજા, ગુણોદ્‌ભાવન, અવર્ણવાદ ત્યાગ, અનાશાતના તે દર્શન વિનય કહેવાય.

૧. ભક્તિ :- ગુર્વાદિ વડિલો આવે તો સામે લેવા જવું, બેસવા આસન આપવું, પર્યુપાસના સેવા કરવી, હાથ જોડવા, જાય ત્યારે મૂકવા જવું ઇત્યાદિ બાહ્ય આદર - સત્કાર તે ભક્તિ કહેવાય.

૨. પૂજા :- ગંધ, ધૂપ, માળા, વસ્ત્ર, પાત્ર, આહાર - પાણી આદિથી સત્કાર કરવો તે પૂજા કહેવાય.

અન્યત્ર (સજ્ઝાયમાં) પૂજાના જગ્યાએ **'બહુમાન'** પદ જોવા મળે છે. બહુમાન એટલે હૈયાના ઉલ્લાસ - ઉમળકા પૂર્વક આદર - સત્કાર કરવો તે. જેમ ગૃહસ્થોને દીકરી અને જમાઈ આવે તો કેવો હૈયાનો ઉમળકો ઉછળે છે તેથી પણ વિશેષ બહુમાન આ દશે સ્થાન વિષે હોય.

૩. વર્ણોજ્વલન :- વર્ણ એટલે પ્રશંસા. જ્વલન એટલે જ્ઞાન વગેરે ગુણોનું પ્રકટીકરણ. પ્રશંસા કરવા પૂર્વક દશે સ્થાનોના ગુણો પ્રકટ કરે તે વર્ણોજ્વલન.

સજ્ઝાયમાં 'ગુણ સ્તુતિ' તેમ કહ્યું છે.

૪. અવર્ણવાદનો ત્યાગ :- આ દશોની નિંદાનો ત્યાગ. કોઈની પણ નિંદા કરવાની નથી. તેમાં ય ગુણવાન આત્માની નિંદા તો કયારે ય કરવા જેવી નથી.

૫. આશાતાનો પરિહાર :- મન - વચન - કાયાથી પ્રતિકૂળ વર્તનનો જે ત્યાગ તે આશાતના પરિહાર કહેવાય. આત્માના જ્ઞાન - દર્શન - ચારિત્રાદિ ગુણોનો નાશ કરે તે આશાતના કહેવાય.

આ દશ સ્થાનના વિષયરૂપ હોવ થી આ દશ પ્રકારનો દર્શન વિનય છે. પાંચ ભેદે આ દશનો વિનય કરનાર આત્મા, ધર્મરૂપી વૃક્ષના મૂળને અમૃત રસથી સીંચે છે.

ક્રમશઃ

ઈમાનદારી

- મોતીલાલ જે. મકવાણા

નાનકડી એક બાળા હતી.

તે આઠ વરસની હતી.

ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતી હતી.

તેનું નામ હતું પીન્કી.

તેની બા સુશીલા એક પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતી હતી.. એક દિવસે તે સ્કૂલ બંધ પડી ગઈ અને સુશીલાનું આવક સાધન છિનવાઈ ગયું...

બેકારીના ચક્કરમાં સુશીલાની નાનકડી દુનિયાની નાવ હાલક ડોલક થવા માંડી.

એક વિધવા સ્ત્રીનું નાનકડું આવકનું સાધન ઝુંટવાઈ જાય.. ત્યારે તે શિયાવિયા બની જાય...!

સુશીલાની પણ આવીજ હાલત હતી.

પિન્કીના પિતા બે વરસ ઉપર જ અચાનક હાર્ટએટેકના કારણે દેવલોક પામ્યા હતા. અત્યારે ઘરનો બધો જ નિર્વાહ પિન્કીની માં સુશીલાના શિરે હતો.

બે મહિનાનું મકાનભાડું ચડયું હતું.

પિન્કીની સ્કૂલની ફી ભરવાની તારીખ પણ વીતી ગઈ હતી. જો બે દિવસમાં તેની ફી ભરવામાં ન આવે તો સ્કૂલની યાદીમાંથી તેનું નામ કાઢી નાખવામાં આવે તેમ હતું.

તેનો નાનો ભાઈ લલિત બીમાર હતો. તેના ઈલાજ માટે પણ પૈસાની ખૂબજ જરૂર હતી.

શ્રમજીવી વર્ગની સુશીલા ત્રણ સાંધે અને તેર તૂટે એવી સ્થિતિમાં ફૂકાઈ ગઈ હતી.

તે દિવસે તેલની નાની બરણી પિન્કીને આપતાં સુશીલાએ કહ્યું :

''પિન્કી... જા... મજૂરગામ જઈને મનોજને ત્યાંથી તેલ લઈ આવ...!''

''પૈસા ..!'' પિન્કીએ બરણીને લેતા કહ્યું : ''કેટલું તેલ લાવવાની છે ? ''

''બસો ગ્રામ ....! અને પૈસા બાકી રાખવાનું કહેજે...!''

શ્રમજીવી વિસ્તાર ભીલવાડાથી નીકળીને પિન્કી મજૂરગામ જવા ચાલી નીકળી.

પિન્કી શાણી અને સમજુ દીકરી હતી. નાની ઉંમરથી જ તે ઘરના કામ કરતી હતી, બાપ વિનાની પિન્કીને સુશીલાએ કદી 'પિતા' ની ઓછપ આવવા દીધી ન હતી. બાપ અને મા બનીને તે પોતાના બે સંતાનોને ઉછેરી રહી હતી.

કરીયાણાની દુકાનવાળો મનોજભાઈ ખૂબજ ભલો અને દયાળું વેપારી હતો. પિન્કીની બાને તથા તેના પિતાને ઓળખતો હતો. અનેકવાર માની સાથે તે દુકાને અનાજ લેવા ગઈ હતી. મનોજ સુશીલાની ગરીબ પરિસ્થિતિથી વાકેફ હતો. બાઈ ગરીબ હતી પણ વહેવારની ચોખ્ખી હતી. નિયમિત રૂપે તેનું નામું મળી જતું હતું. પિન્કી દુકાને પહોંચી અને ઉધાર તેલ લઈને પાછી પણ વળી, હાથમાં બસો ગ્રામ તેલની બરણી લઈને તે ભૂલાભાઈ પાર્ક તરફના રસ્તે આવી રહી હતી કે તે બનાવ બની ગયો.

તે આજુબાજુ નજર કરીને રસ્તો ક્રોસ કરવા ગઈ અને એક પથ્થરની ઠેસ વાગી ગઈ.... !

ઠેસ વાગતાં તે બેલેન્સ ગુમાવી બેઠી અને તેના હાથમાંની બરણી છટકી ગઈ. સડક પર પછાડાતાં જ બરણીનાં ભૂક્કા બોલી ગયા અને તેલ ઢોળાઈ ગયું...!

પિન્કી રડમશ ચહેરે ઢોળાયેલા તેલ સામે જોઈ રહી, બસો ગ્રામ તેલ, ધૂળમાં રગદોળાઈ ગયું હતું...! હવે તે પોતાની વિધવા માને શો જવાબ આપશે ? વાસણ પણ તૂટી ગયું. હતું... દસ રૂપિયાનું તેલ અને પંદર રૂપિયાની બરણી તોડી બેઠી હતી...!

તેને રડવું આવી ગયું. તે અત્યંત ધીમા પગલે ઘર

તરફના રસ્તે વળી, અચાનક તેની નજર સડક પર પડેલી એક વસ્તુ પર ગઈ. તે તેની નજીક ગઈ. તે એક લેડીઝ પર્સ હતું. કોઈ સ્ત્રીનું પર્સ...!

તેણે તેને ત્વરાથી ઉઠાવી લીધુ અને ખોલીને જાયું તો અંદર સો સોની ખાસ્સી નોટો હતી. તેમાં એક કાર્ડ પણ જોવા મળ્યું. શ્રીમતી દમયંતિબેન પારેખ. મંત્રી : મહિલા આશ્રમ....!

તે સ્ત્રીનું નામ પિન્કીએ પહેલાં કયાંક સાંભળેલું હતું. તે ખૂબજ જાણીતી સમાજ સેવિકા હતી. તેણે નારીઓનાં ઉત્કર્ષ અને કલ્યાણ માટે મહિલા આશ્રમ સ્થાપ્યો હતો. ત્યાં સ્ત્રીઓને ભરત - ગૂંથણ, ટાઈપ રાઈટીંગ, શોર્ટહેન્ડ, સીવણ, કોમ્પ્યુટર વગેરે શીખવાડવામાં આવતું. આ સિવાય પણ પૌઢ શિક્ષણના વર્ગોમાં આ સ્ત્રી પુરૂષોને પાયાનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ સંસ્થા મારફત સ્ત્રીઓને કેળવણી તેમજ નોકરી એમ બંને મળતું.

પિન્કી વિચારમાં પડી ગઈ.

કોઈએ તેને પર્સ લેતાં જોઈ ન હતી તેથી તે સહેલાઈથી તેને છૂપાવી શકે તેમ હતી.

તેના મનમાં એક ક્ષણ માટે વિચાર આવ્યો કે તેની વર્તમાન ગરીબાઈની સ્થિતિમાં આ પર્સમાંની રકમ ખૂબજ મદદરૂપ બની શકે તેમ હતી. તેની સ્કૂલની ફી ભરાઈ શકે. ઉધાર નામું ચૂકવી શકાય અને તેમ છતાં આખો મહિનો પૈસાનો અભાવ ન સતાવે તેટલાં પૈસા પર્સમાં હતાં. જોતે નવી બરણી ખરીદીને તેલ લઈને ઘેર જાય તો માનો ખોફનો ભોગ ન બની શકે ?

પરંતુ બીજી જ ક્ષણે તેનાં સંસ્કારો એ તે વિચારી ઝાટકી : ''છિ.... છિ..... આ કેવા ખરાબ વિચાર છે. પડાયા ધનને પચાવી પાડવું તેમાં પાપ છે. આ પર્સમાં તેના માલિકનું સરનામું છે ત્યારે પર્સને પચાવી પાડવું તે ચોરી બરાબર દુષ્કૃત્ય છે. મારી ફરજ થઈ ચૂકે છે કે મારે આ પર્સ શ્રીમતી દયમંતીબેનને પાછું આપી આવવું જોઈએ. આટલા હાલની પરિસ્થિતિમાં થોડી રાહત થાય. પણ સદાને માટે તો અમારી સ્થિતિ સુધરવાની નથી જ..! કદાચ આ મંત્રીશ્રી માટે આ રૂપિયા નાની રકમના હશે ! પણ આ અણ હક્કના રૂપિયાને રાખી લેવા એ ચોરી બરાબર પાપ છે. મારે આવા પાપમાં ન પડવું જોઈએ.

તેનાં સંસ્કારો તેને રોકી રહ્યા હતા ત્યારે લાલચ - સ્વાર્થ તેને જાણે કહી રહ્યા હતા : પિન્કી બેટા રાખી લે આ પૈસાને....! તું કંઈ ચોરી કરવા નથી ગઈ ? તે કંઈ કોઈનું પર્સ માર્યું નથી. ભગવાનની તારા પર કૃપા વરસી છે. કૃપાના આ પ્રસાદને રાખી લે તું આ ધનને ભગવાને દીધેલી મદદ જ સમજ ! અને ભગવાનની સહાયમાં કોઈ પાપ નથી.''

તે પર્સ લઈને ચાલતાં ચાલતાં વિચારોના આરોહ-અવરોધમાં અટવાઈ ગઈ હતી તેની માએ નાનપણથી જ તેનામાં સારાં સંસ્કાર સીંચ્યા હતા. બાળપણથી જ તેને સત્ય અને ઈમાનદારીના પાઠ ભણાવ્યા હતા તેથી અંતે તેનું લાલચું મન હારી ગયું અને તેના અંતરાત્માનો અવાજ જીતી ગયો. અંતરાત્મા હંમેશા સાચી વાતનો પક્ષ ખેંચતો હોય છે. ખોટી વાતને તે તિરસ્કારતો હોય છે, પરંતુ લાલચુ મનની આગળ ઘણીવાર અંતરાત્માનો સત્ય અવાજ દબાઈ જતો હોય છે.

તે ત્યાંથી સીધી ગાયત્રી મહિલા આશ્રમ તરફ ચાલી નીકળી.

મહિલા આશ્રમના તોતિંગ દરવાજે ઉભા ચોકીયાતે પિન્કીને રોકી.

પિન્કી કહે : ''મારે શ્રીમતી દમયંતીબેનને મળવું છે.''

ચોકીયાત અંદર ગયો અને થોડીવારમાં તે પાછો આવ્યો. બોલ્યો : ''જાવ..... બેઠક રૂમમાં રાહ જુઓ....!''

પિન્કી બેઠક રૂમમાં ગઈ. સામે જ કાર્યાલયનું દ્વાર હતું... અંદર દમયંતીબેન કોઈની સાથે ચર્ચા કરી રહ્યા હતા. પણ દૂર બેઠેલી હોઈ તે સ્પષ્ટ સાંભળી શકતી ન હતી.

થોડીવાર પછી દમયંતીબેને આ પ્રમાણે બોલતાં બહાર આવ્યા : ''હમણાં તો હું કંઈ વાયદો નથી કરી શકતી... હા... થોડાં બીજા વર્ગો શરૂ કરવાનો વિચાર છે. થોડાં દિવસો પછી કંઈ બની શકે.. હા.... હું આપને જરૂર જણાવીશ...!''

મંત્રીશ્રી દમયંતિબેનની પાછળ જે સ્ત્રી હતી તે પિન્કીની બા સુશીલા હતી.

પિન્કીને કામ સોંપીને તે પોતે નોકરી માટે અહીં આવી હતી.

બહાર આવતાં દમયંતિની નજર પિન્કી પર પડી. સુશીલા પણ પિન્કીને અહીં જોઈને નવાઈ પામી હતી.

દમયંતિબેન બોલ્યા ''આવ.... બેટી.... તારે મારું શું કામ છે ?''

''હું આનું આ પર્સ આપવા આવી છું. રસ્તામાંથી મને મળ્યું છે.''

પિન્કીની ઈમાનદારી પર દમયંતિબેનને ઘણો જ આનંદ થયો. તેણે પિન્કીની પીઠ થાબડતાં કહ્યું : ''તારી પ્રમાણિકતા પર હું વારી ગઈ... દીકરી.... લે આ સોની નોટ... ૧.... તારું નામ શું ? તારાં મા - બાપ શું કરે છે ?''

અત્યાર સુધી ચૂપ રહેલી સુશીલા બોલી : ''બહેન... આ મારી દીકરી પિન્કી છે.''

દમયંતિબેન બોલ્યા : ''આ તમારી દીકરી છે... તેણે કેટલી મોટી સિધ્ધિ મેળવી છે એ જોયું... ગરીબોનાં દિલોમાં જ પ્રમાણિકતા વસી છે... આટલી નાનકડી છોકરી તેને મળેલાં પૈસાથી ભરેલા પર્સને પાછું આપવા આવી છે....'' પછી કંઈક વિચારીને તેમણે સુશીલાને કહ્યું હું તમને મારે ત્યાં નોકરીએ રાખી લઉં છું. તમારે આ ત્રણ બહેનોને ભણાવવાનું રહેશે... મહિને રૂા. બે હજાર પગાર મળશે... આ નોકરી તમારી આ દીકરીની પ્રમાણિકતાની છે.... જે મા પોતાના સંતાનોને પ્રમાણિકતાના પાઠ શીખવી શકે, તે બીજી હજારો બહેનોનાં જીવનમાં જ્ઞાનનો પ્રકાશ જરૂર પાથરી શકે....! હા... તો સુશીલા... કાલથી નોકરી પર આવી જજે...!''

પછી દમયંતિબેન પિન્કીને લાડ અને પ્રેમથી એક મીઠી બચ્ચી ભરી.

મા-દીકરી આનંદથી હરખાતા ઘરે આવ્યા. ઢોળાયેલું તેલ શુકનિયાળ બન્યું હતું. પણ સાચી વાત એ હતી કે નાનકડી બાળા પિન્કીની ઈમાનદારીથી ત્રણે સભ્યોના એ નાનકડાં કુટુંબનો આજીવિકાનો પ્રશ્ન હલ થઈ ગયો હતો.

ઈમાનદારીમાં સાચું અને અપૂર્વ સુખ છે.

સૌજન્ય : ફૂલવાડી

પાના નં. ૪૫ થી ચાલું

સ્તવનોનો સંગ્રહ છે ભક્તિ પ્રેમી આરાધકો માટે ઘણું ઉપયોગી પુસ્તક છે.

નરભવ નગર સોહામણું - પ્રવચનકાર, સંપાદક, પ્રકાશક ઉપર મુજબ ડેમી ૮ પેજી ૧૮૨ પેજ મૂલ્ય રૂા. ૪૧-૦૦. મનુષ્ય જન્મની દુર્લભતા અંગેના પૂજ્યશ્રીના પ્રવચનો ઉત્તમ સંગ્રહ છે જે પઠનીય છે. અને પાછળ હંસા ! ચરો, મોતીનો ચારો, સુવાકયો ૧૦ પેજમાં આપ્યા છે તે પણ મનનીય છે પુસ્તક ખાસ વસાવવાનું યોગ્ય છે.

જિનાજ્ઞા જીવનમંત્ર - પ્રવચનકાર પૂ. મુ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ., પ્રકાશક - સન્માર્ગ પ્રકાશન પીછીયા પોળ, રિલીફ રોડ, અમદાવાદ - ૧ ડેમી ૮ પેજી ૨૮ પેજ મૂલ્ય રૂા. ૫/- પ્રવચનકાર આચાર્યદેવના જિન આજ્ઞા અંગેના પ્રવચનનું સારભૂત અવતરણ છે જે મનનીય અને શ્રદ્ધાવર્ધક છે.

જૈન શાસનનો ભાગ્ય વિધાતા લેખક શ્રી રાજુભાઈ પંડિત ક્રાઉન ૧૬ પેજી ૪૪ પેજ મૂલ્ય રૂા. ૨૦-૦૦ પ્રાપ્તિ સ્થાન શાહ રાજેશ શાંતિલાલ, ૩૨, પટેલ સોસાયટી, આમ્રપાલી સિનેમા પાસે, ગોમતીપુર, અમદાવાદ - ૩૮૦ ૦૨૧. પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. ના જીવન સંબંધી વિ. સં. ૧૯૫૨ થી ૧૯૬૯ સુધી જન્મથી દીક્ષા સુધીનું સાક્ષાત્ દર્શન હોય તે રીતે સુંદર વર્ણન કર્યું છે રાજુભાઈની પ્રૌઢ અને માર્મિક શૈલી દ્વારા પૂ. શ્રીના જીવન કવનનું આ પ્રથમ સોપાન છે.

■ ■ ■



જ્ઞાન ગુણગંગા



- પ્રજ્ઞાંગ

શ્રી જૈન ધર્મ તે જ સૌથી પ્રાચીન ધર્મ છે. અન્ય દર્શનકારોએ પણ પોત પોતાના ગ્રન્થોમાં તેનો ઉલ્લેખ કરેલો છે.

૧. 'ૐ નમો **वृषभो**' - યજુર્વેદ

૨. ૐ રક્ષ **अरिष्टनेमि** स्वाहा - યજુર્વેદ

૩. ૐ त्रैलोक्यप्रतिस्नां चतुर्विंशति
तीर्थकराणां **ऋषभादि वर्धमानान्तानां**
सिद्धानां शरणं प्रपद्यो - ऋग्वेद.

૪. ''ૐ परित्रं नग्नमुपवि (ई) प्रसाम हे येषां नग्ना (नग्नेय) जाति येषां वीरा'' - ऋग्वेद.

૫. ''ૐ नग्नं सुधीरं दिग्वाससं **ब्रह्मगर्भं** सनातनं उपैमि **वीरपुरुषमर्हतमा** दित्यवर्णं तमसः पुरस्तात् स्वाहा - ऋग्वेद.

૬. ऋषभ एव भगवान् ब्रह्मा भगवता ब्राह्मण स्वयमेवाचीर्णानि ब्रह्माणि तपासि च प्राप्तः परं पदम् ।। - આરણ્યકે

૭. अर्हन् बिभर्षि सायकानि, धन्वार्हन निष्कं यजतं विश्वरूपं **अर्हन्नि** दंयसे विश्व भवभुवं - ऋग्वेद.

૮. ૐ नमो **अर्हन्तो ऋषभो** पवित्रं पुरु हुताम्बरं यज्ञेषु नग्नं परम साहसं स्तुतं वारं शत्रुंजय तं ययुरिद्रमाहुरिति स्वाहा ।' - ऋग्वेद.

૯. ૐ ज्ञातामिन्द्रं **वृषभं** वदन्ति, अमृतारमिन्द्रं हवे सुगतं **सुपार्श्वमिन्द्रमाहु** रिति स्वाहा'' - ऋग्वेद.

૧૦. आतिथ्यरूपं भासरं महावीरस्य नग्न हु ।
स्पा मुपासदामेत तिथो रात्रौ सुरासुतः ।। - ऋग्वेद.

૧૧. ''तरणि सिषासति बीजं पुरं ध्याः युजा आबइन्द्र पुरुहूतं नमो गिरा नेमि तष्टेव शुद्धं ।।''- ऋग्वेद.

૧૨. स्वति नो तार्क्ष्यो **अरिष्टनेमिः** स्वतिनो बृहष्पति र्दधातु ।'' - ऋग्वेद.

૧૩. दीर्घायु युजबलायुर्वा शुभजालायु ॐ रक्ष रक्ष **अरिष्टनेमि** स्वाहा

૧૪. वामदेव शान्त्यर्थमतुरिधीयते सास्माकं **अरिष्टनेमि** स्वाहा । - બૃહદારણ્યકે.

૧૫. अजितं **जिनेन्द्रं** तद्वर्धमानं पुरुहुतमिन्द्रं स्वाहा । दधतु दीर्घायस्तेत्याय बलायवर्चसे सुप्रजास्त्वाय रक्ष रक्ष **रिष्टनेमि** स्वाहा ।। - બૃહદારણ્યકે.

૧૬. दर्शयन् वर्त्मवीराणं सुरासुर - नमस्कृतः ।
नीतत्रयकर्ता यो, **युगादौ प्रथमो जिन** ।।
- સ્મૃતિ શિવપુરાણ

૧૭. **ऋषभाद्** भारतो जज्ञे, वीरपुत्रशताग्रज ।
राज्ये अभिषिच्य भरतं, महाप्रवज्याम श्रितः ।।
- બ્રહ્માંડ પુરાણ

૧૮. परमात्मानमात्मानं लसत् केवल निर्मलम् ।
निरंजनं निरकारं **ऋषभन्तु** महाऋषिम् ।
- સ્કન્ધ પુરાણ

૧૯. पद्मासनसमासीनं, श्याममूर्ति दिगम्बरः ।
नेमिनाथं सिवोथैवं, नामचक्रस्य वामन ।।
सर्वज्ञ सर्वदर्शी च, सर्वदेव नमस्कृतः ।
छत्रत्रयीभिरापूज्यो, मुक्तिमार्गमसावदन् ।।
- શિવપુરાણ

૨૦. कैलासे विमले रम्ये, **ऋषभाऽयं** जिनेश्वरः ।
चकार स्वावतारं यो, सर्वमतः शिवः ।
- શિવપુરાણ

૨૧. अष्टषष्टिषु तीर्थेषु, यात्रायां यत्फलं भवेत् ।
आदिनाथस्य देवस्य, स्मरणेनापि तध्दवात् ।।
- નાગપુરાણ

દર્શન - પરમ સૌભાગ્ય

- વિરાગ

દોરડા પર નાચતાં ઈલાચીકુમારને જુઓ સાધુ જીવનની ચર્યાચિ તેમને કેવળજ્ઞાનની ભેટ આપી.

નાચી રહ્યા છે દોરી ઉપર દિલમાં ભાવના છે રાજાને ખુશ કરવાની પ્રસંગ બન્યો છે એવો કે કોઈ નાની છોકરી ઉપર મોહિત થયા છે.

ઈલાચીકુમાર તે છોકરી પાછળ પાગલ થયા છે. ઘર છોડયું, ધન છોડયું, ધાન્ય છોડયું, ઈજ્જત છોડી, લજ્જા છોડી એક છોકરીના પ્યારમાં સઘળું છોડી તેને મેળવવાનો અથાગ પ્રયત્ન કર્યો. ઈલાચીકુમારને છોકરી પસંદ, છોકરીને ઈલાચીકુમાર ગમે પણ વચ્ચે આવ્યો અવરોધ.

મન મળે, નયનથી નયન મળે પણ સ્પર્શનું સુખ ન મળે તે મેળવવા માટે તેના બાપને રીઝવવો પડે. છોકરીનો બાપ કહે આ રીતે મારી છોકરી તમને નહી મળે. પહેલાં દોરી પર નાચવાની કળા શીખો. તે દ્વારા કોઈ રાજાને ખુશ કરો. મોટું ઈનામ પ્રાપ્ત કરો. આટલું કર્યા બાદ મારી છોકરીના સ્પર્શનો આનંદ માણી શકશો.

બસ ! વિષય - વાસનાથી લપટાયેલા ઈલાચીકુમારે ઘરબાર છોડયાં ચાલવા માડયું નટની સાથે, નટ નચાવે તેમ નાચવું. ધીરે ધીરે દોરી ઉપર નાચવાની કળા શીખવા માંડી, કળામાં પારંગત થયા એક નગરમાં પ્રવેશ કર્યો રાજાની સામે પોતાની આગવી કળા પ્રદર્શન કરવા ઉપસ્થિતિ થયા કારણ કે રાજા ખુશ થાય તો ઈનામ મળે. ઈનામથી છોકરી મળે. છોકરી મળે તો જ ઈન્દ્રિય જન્ય સુખ પ્રાપ્ત થાય પરંતુ ઘટના બની વિચિત્ર.

જે નટની છોકરી પર ઈલાચીકુમાર પાગલ તે જ છોકરી પર રાજા મોહિત થયો જુઓ આ સંસાર ! સ્વાર્થના પાયા ઉપર આ સંસારની આખી મંઝિલ ઉભી છે. સ્વાર્થી માનવી પોતાના સ્વાર્થમાં જ રમે છે.

ઈલાચીકુમાર અવનવા ખેલો બતાવે છે. એક એક કળાથી નગરના નગરજનો આનંદીત થયા. જય જયકાર બોલાવે છે. ઈનામનો ઢગલો વર્ષાવાની ઈચ્છા આકંઠ થઈ જાય છે પણ જ્યાં સુધી રાજા ખુશ થઈને કાંઈ આપે નહિ ત્યાં સુધી કેમ અપાય ? અઢારે આલમ ખુશ પણ રાજા નાખુશ કેમ ?

રાજા મોહ્યો નટની છોકરીમાં રાજાની આંખે પાપનું પ્રોડકશન કર્યું. વિકાર - વાસનાની પેદાશ થઈ. વિષય - વાસના જન્મે છે આંખમાં, વધે છે ઈન્દ્રિયોના સંગથી અને વસે છે દિલમાં - મનમાં, રાજાની આંખો સામે આવી ગયું વિજાતીય રૂપ, થયો વાસનાનો જન્મ કાન તેને સાંભળવવાનું પસંદ કરે છે. જીભ તેની સાથે બોલવા ઈચ્છે છે અને શરીર તેના સ્પર્શનું સુખ ઝંખે છે. શરૂઆત થઈ આંખથી, આંખો નટની છોકરીમાં સ્થિર થઈ. છોકરીને મેળવવી છે તેમાં મન ભળ્યું મન ભળવાને કારણે ઈલાચીકુમારની કળાઓ ફીકી લાગી. જોવાની ઈચ્છા નથી. આંખો એક જ જગ્યાએ સ્થિર છે. નવા નવા ખેલો તથા કળાઓ દેખાડતો ઈલાચીકુમાર વારે ઘડીએ રાજા પાસે આવી નમસ્કાર કરે. હાથ લાંબો કરે પણ રાજા મોઢું મચકોડે - બગાડે. રાજા વિચારે છે કે જો હું ખુશ થાઉં અને ઈનામ આપું તો છોકરી મને ન મળે. ઈલાચીકુમાર દોરડા પરથી નીચે પડે અને મરી જાય તો જ છોકરી મને મળે. આ સ્વાર્થ રાજામાં આવ્યો તેથી રાજા રીઝતો નથી. ઈલાચી ખેલ ખેલી રહ્યો છે રાજાને રીઝવવા માટે.

પરંતુ દોરડાં પર નાચતાં - નાચતાં ઈલાચી મારે એક ગજબ પ્રકારનું નાટક જોયું આ નાટકે મને કેવળજ્ઞાન આપ્યું.

જોયું, સામે કોઈ એક મકાન. તેમાં એક જૈન સાધુ ગોચરી વોહરવા માટે ગયા. રસોડામાં એક નવયૌવના સ્ત્રીએ તેઓને આવકાર્યા સુમધુર સ્વરો દ્વારા રસવંતીની વિનંતી કરવા લાગી તેમાં પણ કેસરીયા મોદકની વિનંતી વારંવાર કરવા લાગી મહાત્મા ના પાડે છે અને નવયૌવના વિનંતી ઉપર વિનંતી કરે છે. એકાદનો પણ લાભ મળી જાય તો જીવન ધન્ય બની જાવ. નવયૌવના મહાત્માજીની સામે જોઈને આજીજી કરે છે ત્યારે સાધુ મહાત્મા નીચી નજરે ના પાડે છે. રૂપસુંદરીના રૂપને નિહાળવાની તસ્દી પણ લેતા નથી તથા રૂપસુંદરી તરફ નજર પણ કરતાં નથી. અતિસુંદર રૂપ જોવાની પણ ફુરસદ નથી ધન્ય છે મહાત્માને...

અને હું, આ નટકન્યાની પાછળ પાગલ બન્યો છું. નથી તેમાં રૂપ કે નથી તેમાં આકર્ષણની યોગ્યતા નથી અણિયારી આંખો કે નથી નાકના ઠેકાણા ધિક્કાર છે મને આવી નટકન્યામાં મોહિત થયો. રૂપ - રૂપના અંબાર જેવી કન્યા સામે એકલી ઉભી છે સાધુ મહાત્મા પણ જોતાં ગમી જાય તેવા હોવા છતાં એકાંત અને એકલપણાનો લાભ લેવાની ઈચ્છા બન્નેમાંથી એકેયને ઉઠતી નથી અને મને તો આ કાળી કાબરચીતરીને મેળવવાની ઇચ્છા થઈ. ખરેખર ! મારી આંખોએ મને છેતર્યો. મને ઠગી, સંસારમાં ભટકાવનારો બનાવ્યો. મને ધિક્કાર થાવો. આવી અણછાજતી સ્ત્રીને મેળવવા મે સ્વબળ છોડયું, રાજાને રીઝવવા આટઆટલા પ્રયત્ન કર્યા છતાં હજીપણ મેં ઈનામ પ્રાપ્ત ન કર્યું સાધુ મહાત્માએ ઈષ્ટ ભોજન મળે છે છતાં તેઓ લેતાં નથી અને હું કુકશ - બાકશ ભોજન મેળવવાનો પ્રયત્ન કરું છું. હું ધિક્કારતાને જ લાયક છું. આવી ભાવના માં આગળ વધતા વધતા ઈલાચીકુમારને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આપણને પણ સાધુના દર્શન થાય છે તે આપણું પરમ સૌભાગ્ય છે પરંતુ સુસાધુઓને પામીને આપણે આપણું જીવન ધન્ય બનાવવું છે જરા શાંતિથી વિચારજો ?

● ● ●

રાજસત્તાના કર્તવ્યો

शठदमनमशठपालनमाश्रितभरणं च राजकृत्यानि ।
अभिषेकपट्टबन्धो वालव्यजनं व्रणस्यापि ॥१॥

શઠ દમન અશઠ પાલન આશ્રિતનું રક્ષણ તે રાજકૃત્યો છે, અભિષેક પટ્ટબંધ, વાલ વીંઝણું, વ્રણનું પટ્ટા.

दुष्टस्य दंडः स्वजने च पूजा,
न्यायेन कोशस्य च संप्रवृद्धिः ।
अपक्षपातोऽरिषु राष्ट्र रक्षा,
पञ्चैव धर्माः कथिता नृपाणाम् ॥२॥

राज्ञि धर्मिणी धर्मिष्ठाः पापे पापाः समे समाः ।
राजानमनुवर्तन्ते यथा राजा तथा प्रजाः ॥१॥

દુષ્ટને દંડ, સ્વજનની પૂજા દુશ્મન પ્રત્યે ન્યાયથી ભાવની વૃદ્ધિ દુશ્મન પ્રત્યે પક્ષપાત નહીં, અન્ય ભાવ, રાષ્ટ્રરક્ષા એ પાંચ કર્તવ્યો રાજાઓના છે

રાજા ધાર્મિક તો પ્રજા ધાર્મિક, રાજા પાપી તો પ્રજા પાપી, રાજા સમ તથા પ્રજા સમ, પ્રજા રાજાને અનુસરે છે જેવા રાજા તેવી પ્રજા હોય છે.

(ઉદયવીર કૃત પાર્શ્વનાથ ચરિયં પૃષ્ટ ૧૬)

સ્નાત્ર મહોત્સવનો હેતુ

પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા.

આસો વદ ૧ - ૧૧ રવિવાર તા. ૧૦/૧૧/૭૪ ના રોજ લાલબાગ નાથવબાગમાં 'ભવ્ય સ્નાત્ર મહોત્સવ' ઉજવાયો હતો તે પ્રસંગને અનુલક્ષીને પ. પૂ. પરમોપકારી, ત્રિવોદધિતારક, પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ પરમ ગુરૂદેવેશ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ તે પ્રસંગને અનુલક્ષીને જે પ્રવચન આપેલું તેનું સારભૂત અવતરણ.

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ તથા પૂજ્યપાદ શ્રીજીના આશય વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્)

અવતરણકાર :

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી અરિહંત પરમાત્માઓએ આ સંસારને અનાદિ અનંત કહ્યો છે. તે જ કારણે સંસારનો માર્ગ અનાદિ કાળથી ચાલે છે અને અનંતકાળ ચાલવાનો છે. સાથે અનંતજ્ઞાનીઓએ એ પણ ફરમાવ્યું છે કે, મોક્ષ પણ અનાદિ અનંત છે. મોક્ષ માર્ગ પણ અનાદિ - અનંત છે.

પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં અનાદિથી શાસન ચાલે છે અને અનંતકાળ ચાલવાનું છે. તેની આરાધના દ્વારા આજ સુધીમાં અનંતા જીવો મોક્ષે ગયા છે, સંખ્યાબંધ જીવો મોક્ષમાં જઈ રહ્યા છે અને અનંતા જીવો મોક્ષમાં જવાના છે.

અનાદિ અનંત એવા મોક્ષમાર્ગના સ્થાપક શ્રી અરિહંત પરમાત્માઓ મહાવિદેહ ક્ષેત્રમાં અનંતા થઈ ગયા, વર્તમાનમાં વિશ વિચરી રહ્યા છે અને અનંતા થવાના છે.

પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં આજ સુધી અનંતી ચોવીશી થઈ છે, અનંતી ચોવીશી થવાની છે.

સઘળા ય શ્રી અરિહંત પરમાત્માઓના ચ્યવન - જન્મ - દીક્ષા - કેવળજ્ઞાન - નિર્વાણ આ પાંચે પાંચ દિવસો 'કલ્યાણક દિવસો' ગણાય છે. સઘળા ય શ્રી અરિહંત પરમાત્માઓ માટે આ એક સરખી સ્થિતિ છે.

આજે તેઓનો જન્મકલ્યાણક ઉજવવા રૂપ સ્નાત્ર મહોત્સવ ઉજવાય છે. એક તીર્થંકરનું જન્મ કલ્યાણક ઉજવવાથી અનંતા અરિહંત પરમાત્માઓના જન્મ કલ્યાણક ઉજવવાનો લાભ મળે છે.

શ્રી અરિહંત પરમાત્માનો જન્મ જગતના ઉદ્ધાર માટે થાય છે. કોઈ અરિહંત પરમાત્મા આજસુધીમાં એવા થયા નથી જેમને સઘળાય જીવોના ઉદ્ધારનો વિચાર ન કર્યો હોય !! એટલું જ નહિ મારી શકિત આવે તો વિષય - કષાયથી પીડાતા જીવોને 'શાસનના રસી' બનાવી ઝટ મોક્ષમાં મોકલી આપું. જ્ઞાનીઓ કહે છે કે આ વિચાર વગરના કોઈ અરિહંત થયા નથી અને થશે પણ નહિ.

અરિહંત કેવા તેમ તમને પૂછે તો શું કહો ? અનંતા અરિહંત થયા, તેમના જેવા જ વીશ થયા છે, તેમના જેવા જ અનંતા થવાના છે. તેમની સરખામણીમાં જગતના કોઈ જીવને મૂકી શકાય નહિ. આવી શ્રદ્ધા ન જન્મે, એમની સર્વોત્તમતા ન સમજાય તો એમના પ્રત્યે સાચી ભકિત જન્મે નહિ.

આ જ આત્માઓ એવા થયા કે જેમને આખા જગતને મોક્ષ માર્ગ બતાવ્યો. અને સમજાવ્યું કે આ આખો સંસાર દુઃખરૂપ, દુઃખફલક - દુઃખાનુબંધી હોવાથી રહેવા જેવો નથી. રહેવા જેવો તો અનંત સુખમય મોક્ષ જ છે.

મોક્ષમાર્ગના સ્થાપક શ્રી અરિહંતો પર કેટલું બહુમાન થાય !! અનંતા જીવો સિદ્ધગતિને પામ્યા છે, અનંતા પામવાના છે, સંખ્યાબંધ પામી રહ્યા છે તે

ઉપકાર શ્રી અરિહંત પરમાત્માઓએ સ્થાપેલા મોક્ષમાર્ગનો છે. તેમણે મોક્ષમાર્ગ સ્થાપ્યો ન હોત, અનાદિથી મોક્ષમાર્ગ ચાલુ ન હોત તો આપણું શું થાત...? ભરત-ઐરાવત ક્ષેત્રો એવા છે જ્યાં સદાકાળ મોક્ષમાર્ગ ચાલુ નથી રહેતો. કાળની યોગ્યતા આવે એટલે શ્રી અરિહંત પરમાત્માઓ થાય છે અને ભરત-ઐરાવત ક્ષેત્રના જીવો માટે શાસન સ્થાપે છે.

આ વાત બરાબર સમજાઈ જાય તો અરિહંત સદા માટે પૂજનીક છે. તેમની જગ્યા અરિહંત વિના કોઈ આત્મા લઈ શકતો નથી. જગતના જીવોને સંસારથી બચાવી મોક્ષે લઈ જવાનો વિચાર અરિહંત સિવાય બીજા કોઈને આવતો નથી. સઘળા ય અરિહંતો અરિહંતના ભવમાં રાજકુળમાં જન્મે, ભોગોમાં ઉછળે પણ જળ કમળવત્ નિર્લેપ રહે. સંસારમાં સુકુમાળ એવા તે આત્માઓ સંયમ લે ત્યારથી વજ્ર કરતાં કઠોર બને. સંયમના ઘોર ઉપસર્ગો - પરિષહો વેઠે, કઠોર તપથી આત્માને તપાવે, કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી પ્રાયઃ ક્ષણમાત્રનો પ્રમાદ કરતા નથી, નિદ્રા લેતા નથી, બેઠતાં ય નથી. સાત પહોર ધ્યાનમાં રહે છે. ત્રીજા પહોરે આહાર - નિહાર કરે છે. જ્યારે કેવળજ્ઞાન પામે પછી જ મોક્ષમાર્ગની સ્થાપના કરે છે.

સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ભેગા થાય એટલે મોક્ષમાર્ગ બને. આ વાતમાં કોઈ અરિહંતના શાસનમાં મતભેદ નહિ. સઘળા ય અરિહંતો કહેવાના કે- મોક્ષ મેળવવો હોય તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જોઈએ જ. આ ત્રણેના પરિણામથી એકાકાર થયેલો આત્મા મોહને મારવા ક્ષપક શ્રેણિ માંડે, મોહને મારી, વીતરાગ થઈ કેવળજ્ઞાન પામે. આયુષ્ય બાકી હોય તો કેવલીપણે વિચરે. આયુષ્ય પૂર્ણ થાય ત્યારે શરીરના સંગને છોડી, અયોગી થઈ મોક્ષે જાય.

અરિહંતોએ સ્થાપેલ મોક્ષમાર્ગની સરખામણીમાં જગતનો કોઈ માર્ગ ઉભો રહી શકે તેવો નથી. જગતના જીવોને આત્માના સ્વરૂપનો ખ્યાલ નથી. આત્મા સંસારમાં ભટકે શાથી ? ભટકતો જીવ કયારે જાગૃત થાય ? જાગૃત થયેલો જીવ શું કરે તો મોક્ષે જાય તે માટે શ્રી અરિહંતોએ સમ્યક્ ચારિત્રનો પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ યુકત જે માર્ગ બતાવ્યો તેવો દુનિયામાં શોધ્યો જડે તેવો નથી. આ વાત હૈયામાં બેસે ? તેની શ્રદ્ધા થાય ? અરિહંત તે જ લોકોત્તર...! લોકના નાથ થવાને પણ તે જ લાયક.... નાથ થવું બહુ કઠીન છે. નાથ કોના થવાય ? જેને નાથનો ખપ હોય. નાથનો કોને ખપ હોય ? જેને મોક્ષનો ખપ હોય. મોક્ષનો કોને ખપ હોય ? મોક્ષ ખપ માટે સમ્યગ્દર્શન, સમ્કગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર, સમ્યક્ તપનો ખપ હોય. આવા જીવના ભગવાન નાથ છે. બીજા જીવોના નહિ.

અરિહંતનો ખપ કોને ફળે ? જેને મોક્ષ અને મોક્ષ માર્ગ જોઈતો હોય તેને.

જગતમાં કોઈ જીવ એવો નથી જેના હિતની ચિંતા અરિહંતોએ ન કરી હોય ! લોકમાં ઉત્તમ ભવ્ય જીવો. માટે અરિહંતોને નાથ કહેવા તો બીજાધાન દિને લાયક જીવોના નાથ. આ વાત મગજમાં ઉતરે તો કામ થાય.

આ કાળ એવો છે કે આ વાત નહિ સમજનાર, નહિ જાણનાર, જાણવાની ઈચ્છા સરખી ય નહિ તેવા જીવો જગતમાં મોટા ગણાઈ રહ્યા છે. તે પોતે અજ્ઞાનમાં અટવાઈ રહ્યા છે અને અનેકને અજ્ઞાન તરફ દોરી રહ્યા છે.

આપણું સદ્ભાગ્ય છે કે અરિહંતની ભકિત કરવાનું મન થાય છે. તેનું આ પ્રદર્શન છે. આપણા હૈયામાં અરિહંત અને અરિહંતના શાસનની ભકિત જ કરવી છે તેવું છે ? તેના માટે જગત છોડવું પડે તો છોડાય પણ આ નથી છોડવું તેમ મનમાં હોય તો સાચી ભકિત જન્મે. પછી તો જગતના જીવો ઘેલા કહે તેની ય દરકાર કર્યા વગર, જગતના જીવો શું કહેશે તેની ય ચિંતા કર્યા વગર અરિહંતના ગુણ ગાવા જોઈએ.

જે અરિહંતનો સાચો ભગત છે તેને અરિહંતની કોઈ અશાતના કરે તે ખમાય નહિ. તે માટે દુનિયાને ગમે કે ન ગમે પણ આશાતના અટકાવવા તો પુરુષાર્થ કર્યા વગર રહે નહિ. આપણે ભગવાનની આજ્ઞા મુજબ

ઉત્સવ ઉજવીએ છ એ. વિરોધ કરવામાં તેમના પ્રત્યે (ઉજવણીકારો) દુર્ભાવ નથી. અરિહંત પરમાત્માની જે આશાતના થઈ રહી છે તે અટકાવવા સિવાય બીજો કોઈ હેતુ નથી. શકિત હોવા છતાં આશાતના અટકાવવા બળ ન વાપરે અને હું અરિહંતનો ભગત છું તેમ કહે તો સમજવું તે નામનો ભગત છે.

અરિહંતની આશાતના શું તે સમજતો ન હોય, તેનાથી પોતે બચતો ન હોય, કોઈ આશાતના કરે અને અટકાવવાની કોશિશ ન કરે અને કહે હું અરિહંતનો ભગત છું. તો મારે કહેવું છે કે- તે સાચો ભગત નથી.

અરિહંત પરમાત્માએ જે માર્ગ બતાવ્યો તેની જે માન્યતા હોય તે જ માન્યતા અરિહંતના ભગતને હોય. તેને પોતાની માન્યતા હોય નહિ. અરિહંત પરમાત્માઓએ કહેલ, મહાપુરુષોએ શાસ્ત્રોમાં ગૂંથેલ તે જ મારી માન્યતા છે. આપણા કોઈની પોતાની માન્યતા હોય નહિ. અમે કહીએ આ અમારી પોતાની માન્યતા છે તેમ બોલીએ ત્યારથી અમે શાસનની બહાર થયેલા છીએ.

જેમનો જન્મ કલ્યાણક ઉજવવા આ સ્નાત્ર મહોત્સવ કરીએ છીએ તેમના ચ્યવનના અને જન્મના સમયે દેવતાઓની દોડાદોડ થાય છે તેમાં શ્રદ્ધા છે ? શ્રદ્ધા હોય તો કહે મારી માન્યતા છે. દુનિયામાં કહેતી છે સો પંડિતનો એક મત, સૌ મૂરખાના એકસો એક મત. જૈન શાસનને પામેલ હજારો, લાખો, ક્રોડો, અબજો હોય પણ બધાનો એક મત.

નરકમાં ભગવાનના સેવકો છે, દેવતામાં છે, તિર્યંચમાં અસંખ્યાતા છે મનુષ્યમાં સંખ્યાતા છે તે બધાને ભેગા કરીએ તો એક મત.

અરિહંતનો મોક્ષમાર્ગ અનાદિનો, સમ્યગ્દર્શનનું સ્વરૂપ અનાદિનું એક સરખું, સમ્યગ્જ્ઞાનનું, સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ પણ અનાદિનું એકસરખું, પરમેષ્ઠી સદા માટે પાંચ જ તત્ત્વો પણ નવ જ, દ્રવ્યો પણ છ . આમ બધી બાબતમાં બધા અરિહંતોનો એક મત. **માટે આપણે બહુમતિને - સર્વાનુમતિને નથી માનતા પણ શાસ્ત્રમતિને જ માનીએ છીએ. જેની માન્યતામાં ગોટાળો હોય, જાત સાચવવાની ઈચ્છા હોય તે અનંતા આવા મહોત્સવો કરે તોય તેને લાભ ન થાય ઉપરથી હાનિ થાય. અરિહંતને સાચવવા જાત હોમવી પડે, લોક ખરાબ કહે - નિંદા કરે તેનીય પરવા ન હોય તેવા જીવોને આવા મહોત્સવ લાભદાયી બને. જે પોતાની જાત સાચવે તે શાસન ન સાચવી શકે.** હૈયામાં શાસન જચી જાય, શાસન સાચવવાનું મન થાય તેવા જીવોને જ આ કલ્યાણક ઉજવવાનો સાચો અધિકાર છે. અધિકાર વગર કલ્યાણક ઉજવે તેની કાંઈ કિમંત નથી.

તમે અશ્રદ્ધાને ખંખેરી નાંખી, શ્રદ્ધાને હૈયામાં સ્થિર કરી, ભગવાન અને ભગવાનનો મોક્ષમાર્ગ અજોડ છે તેવી શ્રદ્ધા રાખી કલ્યાણ સાધો તે જ શુભેચ્છા.

સ્નાત્ર મહોત્સવ ઈન્દ્રાદિ દેવોએ ભગવાનનો જન્માભિષેક જેવો મેરૂ પર્વત પર કર્યો તેનું અનુકરણ છે. એમને જે ભકિતથી અને જે ઉત્તમોત્તમ સામગ્રીથી કર્યો તેનું વર્ણન થાય તેમ નથી. તમે પણ તેવા ભાવો અને ઉલ્લાસથી કરો તો તમને પણ લાભ થાય.

જન્માભિષેકના આનંદમાં આવેલા ઈન્દ્રાદિ દેવો કહે છે કે,- 'માત તુજ નંદન ઘણું જીવો.'

જેને સંસાર ન જોઈતો હોય, મોક્ષ જ જોઈતો હોય તે 'ઉત્તમ' છે. જે સંસાર પાછળ રખડતા હોય અને મોક્ષ ન જોઈતો હોય તેવા જીવો પર અરિહંતો પણ ઉપકાર કરી શકતા નથી. તમે સૌ ઉત્તમ બનવા પ્રયત્નશીલ બનો તેજ શુભેચ્છા.

તમે સૌ સમજીને સ્નાત્ર ભણાવો તો સંસાર ઓછો છે, મોક્ષ રાહ જુવે છે, મોક્ષ ન થાય ત્યાં સુધી સદ્ગતિ સુંદર થવાની છે અને દુર્ગતિના બારણા બંધ થાય છે. સૌ એ માટેના પ્રયત્નોમાં ઉદ્યમશીલ બનો અને શીઘ્રાતિશીઘ્ર પરમપદને પામો તે જ શુભેચ્છા.

● ● ●

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર (ગાંધીનગર)

સુખ શામાં ? તૃષ્ણામાં કે ત્યાગમાં ?

પૂ. સા. શ્રી નિર્વિદરત્નાશ્રીજી મ.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ઈચ્છાને આકાશ જેવી અનંતી કહી છે. આપણા સૌના સ્વાનુભવમાં પણ છે કે, એક ઈચ્છા પૂરી થઈ ન થઈ ત્યાં તો બીજી ઈચ્છા આવીને ચઢી બેસે છે, ઈચ્છાનો અંત જ આવતો નથી. ઈચ્છા, તૃષ્ણા, લાલસા, પિપાસા એકાર્થવાસી શબ્દો છે. બધીજ અશાંતિનું મૂળ વિચારીએ તો ઈચ્છા - તૃષ્ણા - લાલસા આદિ રાક્ષસીઓએ જમાવેલ કબજો છે. આ બધાનું ઉદ્‌ગમ સ્થાન મન છે અને મન ઉપર એવું સ્વામિત્વ આ બધાએ જમાવ્યું છે કે જેના કારણે આપણા આત્માની હિતશત્રુ હોવા છતાં સન્મિત્ર જેવો દેખાવ કરે છે. તૃષ્ણાથી રહિત મન તે જ શાંત - સ્થિર મન તૃષ્ણાયુક્ત મન એટલે અશાંતિ અસ્થિરતાનું સામ્રાજ્ય ! મનની શાંતતા સ્થિરતા વધુ તેમ જીવના વિચાર - વાણી - વર્તન - વ્યવહાર પણ સુંદર મનની અશાંતતા - અસ્થિરતા વધુ તેમ બધું ડહોળાયેલું. તેના જ કારણે મન એવા વિચાર કરે છે વાણી વદે છે, વર્તન કરે છે. જે સ્થિરતા ગુણ પામવામાં અવરોધક બને છે. માટે મનને જીતવા પ્રયત્ન કરવો અનિવાર્ય જરૂરી છે.

માણસની તૃષ્ણાઓ - લાલસાઓ મનની બાહ્ય અપેક્ષાઓ, અધિકારવૃત્તિ, આગ્રહમાંથી વકરે છે. વસ્તુ માત્ર પ્રત્યેનો રાગાત્મક કે દ્વેષાત્મક સંબંધ આ લાલસાઓમાંથી આકાર લે છે, સર્જાય છે પછી તેને જ વશ પડેલો આત્મા મનરૂપી મર્કટ નચાવે તેમ નાચે છે, કહે તેમ કરે છે અને તેમાંથી જ વાદ - વિખવાદ, કલેશ - સંકલેશ, ના દ્વન્દ્વો જન્મે છે અને અનંતબલી આત્મા કાયર, પરવશ, પરાધીન બની સાચી સ્વતંત્રતા ભૂલી જાય છે. કામનાઓ છે ત્યાં પરાધીનતા છે પછીની પરિસ્થિતિનો અનુભવ છે.

રાગ અને વિરાગ, પ્રેમ અને નફરત, વૈર અને વાત્સલ્ય આમાંથી જન્મે છે જે વસ્તુ કે વ્યકિત પ્રત્યે મન સંવેદનશીલ બની, તેને જ બધા સુખનું મધ્ય કેન્દ્ર માને છે તેના તરફ તે સતત આકર્ષાય છે, તેને પોતાની જ માલીકીની બનાવવા બધા પ્રયત્નો કરે છે અને પોતાની બની જતા જાણે ત્રણે લોકનું સામ્રાજ્ય મલી ગયું તેવી એમની લાગણી બને છે. પછી મહોન્મત્ત બની બાહોશ પણ બેહોશ અને મદહોશ બને છે. નશાનો ક્ષણિક આફરો ઉતરી જતા, પરિસ્થિતિ પલટાતા જે વ્યકિત કે વસ્તુ તરફ પ્રેમ ઉભરાતો હતો તેના બદલે નફરત પેદા થાય છે. કારણ પોતાની અપેક્ષાઓ સંતોષાઈ નહિ, અધિકાર મનાયો નહિ, આગ્રહ પૂર્ણ ન થતાં નિરાશા અને નિષ્ફળતાના નકારમાંથી ધિક્કારની લાગણી પેદા થાય છે જેમાંથી તિરસ્કાર જન્મે છે અને અંતે નફરત પેદા થાય છે. જેના વિના ચાલતું ન હતું, રહી શકતો ન હતો તેની તરફ ઘૃણા - નફરત થાય છે. એકવાર કે વારંવાર થતા નકારાત્મક અનુભવો મનમાં વિકૃત ભાવો જન્માવે છે અને પેટનો બળ્યો ડામ બાળે છે. બીજાની ખાના - ખરાબી, ખુવારી કરવાનું ખુન્નસ ચઢે છે. માટે જ જ્ઞાનિઓ પોકારી પોકારીને કહે છે કે- હે ભદ્રો ! ઈચ્છાઓ, તૃષ્ણાઓ, લાલસાઓને કાપો ! જીતો... ! તેના પ્રભાવમાં આવેલા જીવની મોહોન્મત્ત દશાના પરિણામો વિચારો રાગ - દ્વેષ દિને આધીન બનેલ માણસ અસંતોષ વ્યકત કરે છે, બળાપો કાઢે છે, નફરત - તિરસ્કાર કરે છે. રાગ - દ્વેષને આધીન નહિ બનનાર સ્વસ્થ અને સ્વચ્છ રહે છે. પરિસ્થિતિને પચાવે છે.

પરિસ્થિતિને પચાવનારના જીવનમાં પ્રકાશ છે, જાગૃતિ છે, વિશાળતા, ઉદારતા, પ્રસન્નતા છે. જ્યારે પરિસ્થિતિને પરવશ થનારના જીવનમાં નિર્દયતા, નિષ્ફળતા, નિરાશાનો ઘોર અંધકાર છે. વસ્તુ - વ્યકિત પ્રત્યેનો રાગાદિનો અભિગમ છે ત્યાં છે અરાજકતા, અસંતોષતા, સંઘર્ષ, પ્રતિશોધવૃત્તિ અને ચિત્ર - વિચિત્ર પ્રતિક્રિયાઓ હૃદયમાં સંકીર્ણતા, ઈર્ષ્યા, દ્વેષ, વૈરવૃત્તિ પડી હોય તે બીજાને તિરસ્કાર અને નફરત આપે માલિકીપણાની ભાવના બળવત્તર બને ત્યાં નફરતનો ત્રાસ અને ત્યાગની ભાવના બળવત્તર બને ત્યાં જ પ્રભુનો વાસ આત્માનું આત્મામાં સાચું મિલન ત્યાગ અને સમર્પણ ભાવોથી વિકસિત બની, તૃષ્ણાઓને જીતી આપણે સૌ પણ પરમાત્મા પણાને પામીએ તે જ કામના.

■ ■ ■

૩૦૦ વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમ કહી શકાય એવો વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠાનો મુહૂર્તગ્રહણ પ્રસંગ

અમદાવાદ - તા. ૨૯ : સાબરમતીને કાંઠે રામનગરમાં નિર્માણ પામી રહેલાં ભવિષ્યના એક ઐતિહાસિક સ્થાપત્યરૂપ વિજય રામચન્દ્રસૂરિ સ્મૃતિ મંદિરમાં ચાતુર્માસ બાદ થનારી પ્રાણપ્રતિષ્ઠા તેમ જ મૂર્તિપ્રતિષ્ઠાનાં વિવિધ મુહૂર્તો રાજશાહી દબદબા સાથે ગ્રહણ કરવાનો એક ઐતિહાસિક કાર્યક્રમ શ્રાવણ સુદ-૭ શનિવાર ૨૮ જુલાઈના રોજ પાલડી પ્રીતમનગરના અખાડાના વિશાળ ગ્રાઉન્ડમાં શ્રી કુંથુનાથ જૈન સંઘના સહયોગપૂર્વક વિજય રામચન્દ્રસૂરિ મહારાજ સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે ઊજવાઈ ગયો.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થયેલા અહેવાલ અનુસાર સાબરમતી રામનગરમાં આજથી દસ વર્ષ પૂર્વે જૈન શાસનના એક સર્વોચ્ચ સત્તાધીશ તપોગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ મહારાજાના પાર્થિવ દેહને ત્રણ ત્રણ લાખ માનવમેદની વચ્ચે અગ્નિદાહ દેવાયો હતો. એ સમાધિસ્થળે, ગુરુભક્તો દ્વારા આકાર લઈ રહેલા શ્રી શંખેશ્વર ચિંતામણિ પાર્શ્વનાથ જિનમંદિર તથા વિજય રામચંદ્રસૂરિ ગુરુમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનાં મુહૂર્તો ગ્રહણ કરવા માટેની એક ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ દર્શન બંગલેથી થયો હતો, જે શોભાયાત્રામાં ચાર હાથી, અમદાવાદની તમામ બગીઓ, ૩ જીપો, પાંચ ઘોડા તથા હજજારો ગુરુભક્તો રાજશાહી પહેરવેશમાં જોડાયા હતા. જે શોભાયાત્રા પ્રીતમનગરનાં અખાડાના ગ્રાઉન્ડમાં ધર્મસભારૂપે પરાવર્તન પામી હતી. ગચ્છનાયક વયોવૃદ્ધ જૈનાચાર્યશ્રી મહોદય સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી મિત્રાનંદસૂરિ મ., પૂ. આ. શ્રી જયકુંજરસૂરિ મ., પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરિ મ., પૂ. આ. શ્રી હેમભૂષણસૂરિ મ., પૂ. આ. શ્રી નરવાહનસૂરિ મ., પૂ. મુ. શ્રી ભવ્યદર્શન વિ. ગણી પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. ગણીવર્ય આદિ સુવિશાલ સાધુ - સાધ્વીઓ અને પાંચ હજારની વિરાટ જનમેદની વચ્ચે સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તે પૂર્વ માનનીય શેઠ શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ, ત્યારબાદ આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટીઓએ અમદાવાદના આંગણે આવેલા આ એક પ્રતિષ્ઠાના મહાન પ્રસંગે ભારતભરનાં સંઘો વતી મુહૂર્ત પ્રદાન કરવા માટે વિનંતી કરી હતી. આ પ્રસંગે સોના - ચાંદીની શાહીથી લખેલ દોઢ મીટર લાંબો વિનંતીપત્ર સભાને સંભળાવીને ગચ્છાધિપતિશ્રીજીના વરદ હસ્તમાં સુપરત કરાયો હતો. ત્યાર બાદ મુંબઈ મલાડથી આવેલા બેન્ડની સૂરાવલિ વચ્ચે ગચ્છાધિપતિશ્રીજીએ મુહૂર્ત પ્રદાન કરતાં પ્રાણપ્રતિષ્ઠા માટે વિ. સં. ૨૦૫૮ મહા સુદ - ૧૦, ૨૨ ફેબ્રુઆરી એ પ્રતિષ્ઠા માટે મહા સુદ ૧૩, ૨૬ ફેબ્રુઆરીનું મુહૂર્ત આપતાં સભાના વાતાવરણમાં ખુશનુમા ફેલાઈ ગયું હતું.

આ પ્રસંગે ગુજરાત સમાચારના માનનીય તંત્રી શ્રેયાંશભાઈએ ઉપસ્થિત રહી શુભેચ્છા વ્યક્ત કરી હતી. ભારતભરના ભાવિકો તરફથી આ પ્રસંગે પૂર્ણાહુતિ સમયે સમસ્ત શ્રોતાજનોને એક શ્રીફળ, નાનકડો ગોળનો રવો, મીઠાઈ બોકસ તથા રોકડા રૂા. ૮૦ની પ્રસાદી અપાઈ હતી. અમદાવાદના છેલ્લાં ૩૦૦ વર્ષના ઈતિહાસમાં આ રીતે રાજશાહી દબદબા સાથે પ્રતિષ્ઠા મુહૂર્તગ્રહણનો આ પ્રથમ જ પ્રસંગ હશે એમ કહી શકાય.

(સમકાલિન)

પ્રસંગ પરાગ

તોછડા વર્તન માટે જનરલ મેકલીનને સેનાપતિપદેથી દૂર કરવાનો પ્રસ્તાવ આવતાં પ્રમુખ લિંકને તેનો વિરોધ 'પણ એ તો જાહેરમાં આપને ભાંડે છે તેનું શું ? એમ પૂછતાં લિંકને કહ્યું : ''એ તેની 'માણસ' તરીકેની નિર્બળતા છે; પણ સેનાધિપતિ તરીકે તો એ જ યોગ્ય છે. યુદ્ધમાં જીતીને આવે તો હું જાતે તેના ઘોડાની લગામ પકડીને આગળ ચાલું.''

મુંબઈ - ચંદનબાળા જૈન સંઘમાં ચાતુર્માસ

મુંબઈ : ચંદનબાળા જૈન સંઘના પ્રાંગણમાં સ્વ. પૂ. જૈનાચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય પ્રશિષ્યરત્નો વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજા તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૧૮ ચાતુમાસાર્થે બિરાજમાન છે. પ્રતિદિવસ દોઢ હજાર ભાઈ - બહેનો પ્રવચન - શ્રવણનો લાભ લઈ રહ્યા છે. જ્યારે રવિવારીય વ્યાખ્યાન - વાચના શ્રેણીમાં બે હજારથી પણ વધારે ભવ્યાત્માઓ ઉપસ્થિત રહે છે.

સ્વ. જૈનાચાર્ય પ્રવર શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની દશમી સ્વર્ગારોહણ તિથિનો મહોત્સવ શાનદાર થયો. તેઓ શ્રીમદ્ની અંતિમ સંસ્કારભૂમિ સાબરમતી - રામનગર - અમદાવાદમાં નિર્માણ થનાર, વિશ્વમાં આશ્ચર્યરૂપ, ચાર માળીય, મકરાણાના આરસથી યુકત, સ્મૃતિમંદિરની વિવિધ કલાત્મક સુવર્ણથી આચ્છાદિત સપરિવાર દેવ - ગુરૂની પ્રતિમાઓ ભરાવવાની બોલીઓ બહુ જ ઐતિહાસિક થઈ. કરોડોની ઉપજ થઈ. ગુરૂભકતોનાં હૃદયમાં પૂજ્ય ગુરૂદેવોનો વાસ શાશ્વતરૂપે થયો છે, એની ફરી એક વાર પુણ્ય પ્રતિતિ થઈ.

શ્રા. સુ. ૯ નાં દિવસે અમદાવાદમાં સ્વ. પૂજ્યપાદશ્રીજીનાં પટ્ટધર ૧૦૦૦ થી અધિક શ્રમણ - શ્રમણી ભગવંતોનાં ગુરૂદેવ પૂ. ગચ્છાધિપતિશ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાનાં વરદહસ્તે ખૂબ જ ઠાઠમાઠથી સાબરમતી સ્મૃતિમંદિરની મંગલ - પ્રતિષ્ઠાનાં મુહૂર્ત - ગ્રહણનો કાર્યક્રમ થયો. પૂજ્યશ્રીએ વિ. સં. ૨૦૫૮ નાં મહા સુદ - ૬ સોમવાર તા. ૨૫ - ૨ - ૨૦૦૨ નો મંગલ દિવસ પ્રતિષ્ઠા માટે જાહેર કર્યો અને પૂરા સમુદાય સાથે નિશ્રા પ્રદાન કરવાની વિનંતીનો પણ સ્વીકાર કર્યો. જૈન સંઘના અગ્રણી શ્રી શ્રેણિકભાઈએ પૂજ્યશ્રીને ભારતભરના સકલ સંઘો વતી સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રા આપવા વિનંતી કરી હતી.

હાલ આ મહામંદિરની પ્રતિષ્ઠા સંબંધી કાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. કુલ ૨૭ દિવસનો મહામહોત્સવ નિર્ધારિત કરવા પાછળ જૈનશાસનની અદ્ભુત પ્રભાવના કરવાનું લક્ષ્ય છે.

આ મહામંદિર-નિર્માણમાં શાસ્ત્રીય માર્ગદર્શન વિદ્વાન શિલ્પજ્ઞ જ્યોતિર્નિધિ પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજ દ્વારા પ્રાપ્ત થઈ રહ્યું છે.

શ્રાવણ સુદ ૧૦ નાં દિવસે સ્મૃતિમંદિરના કાર્યકર્તાઓ દ્વારા પૂજ્યોએ આપેલા મુહૂર્તનું મુંબઈ મહાનગરીમાં આગમન કરાયું. બપોરે ૨-૦૦ વાગ્યે શ્રીપાલનગર સંઘથી મુહુર્તનો વરઘોડો નીકળ્યો હતો અને ચંદનબાળા શ્રી વિજય રામચન્દ્ર સૂરી આરાધના ભવનનાં વિશાળ હોલમાં ભાવુકો દ્વારા મુહૂર્તને સોના - રૂપાનાં પુષ્પો, મોતી - અક્ષતથી વધાવાયું હતું. પૂજ્યશ્રીએ મહોત્સવને શાનદાર બનાવે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ધર્મસભા પછી સ્મૃતિમંદિરનાં કાર્યકર્તાઓની બેઠક તે જ સ્થળે સંપન્ન થઈ. જેમાં પ્રતિષ્ઠા કાર્ય પ્રભાવક બનાવવા સઘન વિચાર - વિમર્શ કરાયો.

આ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ભારતભરથી માનવ મહેરામણ ઉમટશે. લગભગ ૧૦૦૦ થી પણ અધિક સંખ્યામાં પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં તેમજ લાખો આરાધકોની ઉપસ્થિતિ થશે.

મીઠાની મૂઠી ખાનાર મૂર્ખ

ગહ્વર નામે કોઈ ગામડીયો જડ પુરુષ હતો, એક નગરવાસી મિત્ર તેને પોતાને ઘેર લઈ ગયો અને મીઠા વડે સ્વાદિષ્ટ બનાવેલાં અન્ન અને ફરસાણ તેણે તેને જમાડયાં 'અન્નાદિની આ સ્વાદિષ્ટતા શાથી છે ?' એમ તે ગહ્વરે પૂછયું, એટલે તે મિત્રે ઉત્તર આપ્યો કે 'મુખ્યત્વે મીઠાને લીધે.' ''એમ હોય તો તે જ ખાવું જોઈએ'' એ પ્રમાણે કહીને તેણે દળેલા મીઠાની મૂઠી લઈને મોઢામાં નાખી ખાવા માંડી એટલે તેમ કરતાં એ મૂર્ખના હોઠ અને દાઢી એ મીઠાથી ભરાઈ ગયા, અને લોકોનું મુખ પણ હસતા હસતા ધોળું થઈ ગયું.

(કથાસરિ સાગર, ૯૪)

સ્વીકાર સમાલોચન

અધ્યાત્મ મન પરીક્ષા શબ્દશઃ વિવેચન ગ્રંથ ભાગ - ૧

કર્તા પૂ. મહો. યશોવિજયજી મ. વિવેચનકાર પૂ. પં. શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મહેતા, સંકલન સંશોધનકારીક પૂ. સા. શ્રી ચંદનબાળાશ્રીજી મ., પ્રકાશક ગીતા ર્ગંગા, ૫, જૈન મરચન્ટ સોસાયટી, ફતેપુરા રોડ, ાલડી, અમદાવાદ. ભા. ૧ મુલ્ય રૂા. ૭૦-૦૦ ક્રા. પેજી પેજ ૩૬૪ ગાથા ૧ થી ૭૧

આ ગ્રંથ ી રચના કુલ ૧૮૪ ગાથામાં થઈ છે. અને તેની સ્વો ારી ટીકા છે.

અધ્યાત્મ મન પરીક્ષા શબ્દશઃ વિવેચન ગ્રંથ ભાગ - ૨

કર્તા પૂ. મહો. યશો વિજયજી મ. વિવેચનકાર, સંકલનકાર, પ્રકાશક ઉપર મુજબ ક્રા. ૮ પેજી પેજ ૩૬૫ થી ૫૯૨ મૂલ્ય રૂા. ૫૫-૦૦ ગાથા ૭૨ થી ૧૨૩ સુધીનું િવેચન છે.

ગ્રન્થો ત્રીજો ભાગ બાકી છે તેમાં આ ગ્રંથ પૂર્ણ થશે આ મહાન ગ્રંથ માત્ર વિદ્વાનો માટે વાંચવો શકય હતો હવે આ સ્વોપરી ટીકા સહિત વિવેચન સાથે સંકલિત થયો ોવ તેથી દરેક વાંચી શકશે ખાસ કરીને દિગંબર જાત પરમાત્મા ઉપર મૂકેલા દૂષણોનું ઉન્મૂલન કરીને જૈન સિદ્ધાંતની જોરદાર સ્થાપના કરવામાં આવી છે. આવા તાત્વિક શ્રદ્ધાને જ્ઞાનથી સ્પષ્ટ કરનાર આ ગ્રંથ દરેકે વસાવવો જોઈએ ગ્રંથનું મૂલ્ય પણ ઘણું ઓછું છે. દરેક ભંડારો આ ગ્રંથના ત્રણે ભાગની સ્થાપના થઈ જાય તે જરૂરી છે.

આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન

ગ્રંથકાર નાદિ ઉપર મુજબ ડેમી ૮ પેજી, ૭૨ મૂલ્ય રૂા. ૧૦/- ભગવતી સૂત્રમાં દેશઆરાધક, દેશવિરાધક, સર્વઆરાધક, સંઘવિરાધક એ ચતુર્ભંગી છે તેનું વિવેચન ઉપર મુજબ પૂ. ગ્રંથકારે પાંચ શ્લોકમાં કર્યું છે તેમાં તેમની જ ટીકા છે અને વિવેચનકાર ઉપર મુજબ છે આ તાત્વિક બોધ માટે આ નાના ગ્રંથનું પરિશીલનું કરી શકાય તેમ છે.

વીતરાગ સ્તોત્ર - સટીક ગુજરાતી ભાવાનુવાદ

ગ્રંથકર્તા પૂ. હેમચંદ્ર સૂ. મ., ભાવાનુવાદકર પૂ. આ. શ્રી વિજયરાજશેખર સૂરીશ્વરજી મ., સંપાદક પૂ. મુ. શ્રી ધર્મશેખર વિજયજી મ., પ્રકાશક અરિહંત આરાધક ટ્રસ્ટ C/o. હિંદુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, આગ્રા રોડ, ભીવંડી - ૪૨૧૩૦૫. ડેમી ૮ પેજી ૩૦૬ પેજ મૂલ્ય રૂા. ૧૦૦-૦૦ ઉપયોગી શાસ્ત્ર અને અધ્યયનનો આ ગ્રંથ મૂળ ટીકા અને વિવેચન સાથે છે. દરેક ભંડારોમાં વસાવી લેવા જેવો છે પાછળથી આવા ગ્રંથો સુલભ રહેતા નથી.

સિદ્ધિકી સીઢિયાં - પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ., સંપાદક પૂ. મુ. શ્રી ભુવન ભૂષણ વિજયજી મ., પ્રકાશક પાર્શ્વાભ્યુદય પ્રકાશન, અમદાવાદ. ડેમી ૮ પેજી પેજ ૪૦ મૂલ્ય રૂા. ૧૬-૦૦ પ્રાપ્તિ સ્થાન રસીકલાલ ચંદુલાલ શાહ, ૪૭, ચંદ્રાલય સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ. ટે. નં. ૪૪૧૩૭૮

પૂ. શ્રીના પ્રવચનો હિંદીમાં પ્રકાશીત થાય તો ઘણા મોટા વર્ગને તે લાભ મળે અને એ રીતે હિંદીમાં આ પ્રવચનો પ્રકાશિત કરીને હિંદી સમાજ ઉપર મહાન ઉપકાર થયો છે.

મુનિ સુવ્રત મન મોહ્યું મારૂં - સંકલન, પ્રકાશક, પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ ડેમી ૧૬ પેજી પેજ ૬૦ મૂલ્ય રૂા. ૧૨-૦૦ શ્રી મુનિ સુવ્રતસ્વામી પ્રભુના સ્તવનો એક ઉપયોગી સંગ્રહ છે આ પુસ્તીકામાં મુનિ સુવ્રત સ્વામીના ચૈત્યવંદનો સ્તોત્ર સ્તવન અને ૪૮

અનુસંધાન પાના નં. ૩૫

સમાચાર સાર

અમદાવાદ (રંગસાગર) : અત્રે ચાતુર્માસાર્થે પધારેલ સૂરિસમ્રાટશ્રીજીના શિષ્ય રત્ન પ. પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન મહારાજે, અ. વ. ૧૧ ના સકલાગમ રહસ્યવેદી સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. **દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન અને દીક્ષાના દાનવીર સ્વ. પ. પૂ. આ. **શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.** ના દીક્ષા દાતા સ્વ. પ. પૂ. મુ. **શ્રી મંગલવિજયજી મ.** ના લઘુ ગુરૂભ્રાતા સ્વ. પ. પૂ. આ. **શ્રી વિ. મેરૂસૂરીશ્વરજી મ.** ની ૨૫ મી સ્વર્ગતિથિ નિમિત્તે, તેઓશ્રીના ગુણાનુવાદ કરેલ. ત્યાર પછી પ્રવર્ત્તિની પૂ. સા. શ્રી દેવેન્દ્રશ્રીજી મ. ની પ્રેરણાથી મંજુલાબેન તરફથી સંઘપૂજન - ગુરૂ પૂજન તથા પ્રભુજીને સુંદર અંગરચના રચાયેલ.

અ.વ. ૧૩/૧૪ ના જિન શાસન શિરતાજ સ્વ. પ. પૂ. આ. **શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.** ની ૧૦ મી સ્વર્ગતિથિ નિમિત્તે ગુણાનુવાદ - ગુરૂગુણસ્તવના તથા શ્રી સંઘ તરફથી ૨ - ૨ રૂા. નું સંઘ પૂજન અને પ્રભુજીને સુંદર અંગરચના રચાયેલ.

ભવ્ય ચાતુર્માસિ પ્રવેશ

વાપી : પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી લલિતશેખર સૂ. મ. સાહેબ વૈશાખ વદ ૬ ના ભિવંડીમાં શુભ - શાન્તિ કોમ્પલેક્ષમાં પ્રતિષ્ઠા કરાવી મુલુન્ડ - બોરીવલી, વિરાર - બારેડી આદિ સ્થળોએ શાસન પ્રભાવના કરતાં કરતાં વાપી મુકામે પધારતા સંઘમાં અને ખાસ કરીને હાલારી ભાઈઓમાં આનંદોલ્લાસ વર્તી રહ્યો છે અ. સુ. ૧૦ તા. ૩૦ ના રોજ સવારના ૭-૫૫ નગર પ્રવેશ કરી અમૃતલાલ કે. શાહ તથા શાન્તિલાલ કે. શાહ (લખીયાવાળા)ના નિવાસસ્થાને પધારતા તેમના તરફથી સકળ સંઘની નવકારશી રાખવામાં આવી બરાબર ૮-૦૫ કલાકે પ્રવેશ યાત્રા શરૂ થઈ ભીડભંજન દેરાસરે પ્રભુ સ્તવના કરી વિશાળ જનમેદની સાથે ૧૦-૩૫ કલાકે શ્રદ્ધા સોસાયટી વાપી જી. આઈ. ડી. સી. ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો પ્રવેશ પછી વ્યાખ્યાન થયું ગુરૂપૂજન તથા કામળીનો લાભ રમણિકલાલ જેઠાભાઈ બીદે (નાના માંઢા હાલ મુલુન્ડ) લીધો. વ્યાખ્યાનમાં હજારથી ઉપર સંખ્યા હતી દરેકનું સો ૨। રૂપિયાથી સંઘ પૂજન કરવામાં આવ્યું. વ્યાખ્યાન પહેલા સકળ સંઘનું સાધર્મિક વાત્સલ્ય કેશવજી ભારમલ ગુમરીયા ગોઈજ હાલ વાપી તરફથી રાખવામાં આવેલ.

પ્રવેશ પ્રસંગે ભિવંડીથી ૨૫૦ થી ૩૦૦ જેટલી સંખ્યામાં હાલારી ભાઈઓ પધાર્યા હત . મુલુન્ડ તેમજ ભરૂચથી બસો આવેલી. બારેડી, અચ્છાડ આદિ સ્થળેથી પણ સારી સંખ્યામાં ભાવિકો આવેલા વાપીમાં ખુબજ સારી શાસન પ્રભાવના થઈ રહી છે.

અમદાવાદ : સેટેલાઈટ રોડ ધનંજય ટાવરની આગળ શ્રી મહાવીર સ્વામી આદિ જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા પ. પૂ. આ. ન. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી આદિની નિશ્રામાં પૂ. ગણિવર્યશ્રી જયવર્ધન વિજયજી મ. ના માર્ગદર્શન મુ બ શ્રાવણ સુદ ૯ થી શ્રાવણ સુદ ૧૫ સુધી ભવ્ય રીતે ઉજવાઈ.

વિધિ માટે શ્રી નવિનચંદ્ર બાબુભા ઈ શાહ પધારેલ તથા સંગીતકાર શ્રી આશીષભાઈ મહેતાએ આવી રંગ જમાવ્યો હતો.

મુંબઈ ભુલેશ્વર : શેઠ મોતીશા લાલબાગ સંઘને આંગણે પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પુણ્ય તિથિ નિમિત્તે અષાડ વદ ૧૨ થી ૦)) સુધી ત્રણ દિવસનો મહોત્સવ શાંતિસ્નાત્ર સહિત પૂ. મુ. શ્રી વિનોદવિજયજી મ., પૂ. મુ. શ્રી હિતપ્રજ્ઞ વિજયજી મ. આદિની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયે .

મલાડ (મુંબઈ) માં યોજાયેલી ૪ - ૪ ગુણા ુવાદ સભાઓ

ગત અષાડ વદ ૧૨ થી શ્રાવ ા સુદ ૧ ના દિવસોમાં મલાડ (રત્નપુરી)નો જૈન સંઘ જાણે કે 'સૂરિરામમય' બની ગયો.

પૂજ્યપાદ મુનિરાજ શ્રી ભવ્યવર્ધ વિ. મ. ની પ્રભાવક નિશ્રામાં ઉકૃત સંઘમાં અ. વ. ૧૨ થી માંડીને શ્રા. સુદ ૧ સુધી ગુણાનુવાદ ચાલ્યા હતા કુલ ૪ સત્રમાં યોજાયેલી ૪ ગુણાનુવાદ સભાને સંબો ીત કરીને પૂ. મુનિવર શ્રી હિતવર્ધન વિજયજી મહા જે પૂજ્યપાદ શ્રીજીના ગુણસમૃદ્ધ જીવનનો સાક્ષાત્કાર ક વ્યો તો.

અ. વ. ૧૪ ની મુખ્ય શ્રદ્ધાંજલી સભામાં ૮૦ મીનીટનું અસ્ખલિત પ્રવચન આ લું. વિજય

રામચન્દ્રસૂરિ મહારાજ જૈન શાસનનું સૌભાગ્ય ચિન્હ બનીને આવ્યાં હતાં. યુગોના યુગો સુધી તેમનું નામ ગવાતું રહેશે...

આ તબક્કે મલાડના ૧૭ જિનાલયોમાં સુંદર અંગરચનાઓ પણ યોજાયેલી. ૨૫૦ થી વધુની સંખ્યામાં સમૂહ આયંબિલો પણ થયા અને સભા સ્થળ ડેકોરેટ કરાયેલા મંચ પરથી પૂજ્યશ્રીની પ્રતિકૃતિનું ઉછામણીપૂર્વક વાંગી ગુરૂપૂજન પણ થયું તથા જીવદયાની સુંદર રકમ પણ એકત્રિત થઈ.

મલાડ : ધનજી વાડીમાં પણ પૂ. મુનિરાજ શ્રી મંગલવર્ધન વિ. મ. નિયમિત દેશના સંભળાવવા જાય છે. એમની પાવન પ્રેરણાથી ત્યાંના સંઘે પણ પૂજ્યશ્રીની પુન્યતિથિને રંગે ચંગે ઉજવી જાણી સમૂહ આયંબિલ અને ગુણાનુવાદ સભાનું આયોજન ત્યાં પણ થયું હતું.

ખંભાત જૈન ચાલી : પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. ની ૧૦ મી પુણ્યતિથિ નિમિતે પૂ. પં. શ્રી જિતેન્દ્રયશ વિ. મ. આદિની નિશ્રામાં અષ્ટોતરી સ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ અષાડ વદ ૧૧ થી ૦)) સુધી ઉજવાયો હતો.

પુના : અત્રે પંચ દશા ઓસવાળ જૈન સંઘમાં પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. ની ગુણ ગુણ ગંગાસ્નાન રૂપે પૂ. આ. શ્રી વિજય શ્રેયાંશપ્રભ સૂરીશ્વજી મ. ની નિશ્રામાં અષાડ વદ ૧૨ થી ૦)) ત્રણ દિવસ મહોત્સવ ઉજવાયો ગુણાનુવાદ સભા થઈ.

નાસિક : મહારાષ્ટ્ર દેશોદ્ધારક ઉપકાર સ્મૃતિ મહામહોત્સવ પૂ. મુ. શ્રી આત્મરતિ વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી હિતરતિ વિજયજી મ. ની નિશ્રામાં અષાડ વદ ૧૨ થી શ્રાવણ સુદ ૨ સુધી પંચહ્નિકા સહીત ભવ્ય મહોત્સવ યોજાયો.

વાપી : પૂ. આ. વિ. રત્નભૂષણસૂરીશ્વરજી મ. ઠા. ૨ તથા મુનિ કુલભૂષણ વિજયજીનું ચાતુર્માસ વાપી છે.

સરનામું : C/o. દિપક આર. મહેતા
એચ/૧૦૪, આદર્શ વિહાર, જી. આઈ. ડી. સી.,
ગુંજન રોડ, વાપી - ૩૯૬ ૧૯૧.
ફોન : (૦૨૬૦) ૪૨૦૯૧૯

ભીલડી : મુ. શ્રી વિશ્વચંદ્ર સાગરજી C/o. જૈન શ્રમ શ્રાદ્ધ ભીલડી ૩૮૫ ૫૩૦ ચોમાસુ છે.

શિતગંજમાં આરાધનાનુપુર : (રાજસ્થાન) શિવગંજનગરમાં ૧૮ જિનાલયોથી સુશોભિત અને અનેક ઉપાશ્રય ઉપયોગી બને તેથી લગભગ આ વર્ષે ૫૪ સાધુ સાધ્વીજીઓના ચાતુર્માસ છે. શ્રી ઓશવાળ જૈન ઉપાશ્રયમાં પં. પૂ. આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી રવિરત્નવિજયજી મ. સા. આદિ ઠાણાનો ચાતુર્માસ છે. વ્યાખ્યાન તપ વિ. ની જોરદાર શ્રેણિ ચાલે છે.

ભાયંદર : શ્રી ભટેવા પાર્શ્વનાથ જૈન સંઘ - ભાયંદરમાં ચાતુર્માસ બિરાજમાન ગોડવાડના ગૌરવ પૂજ્ય ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં દર રવિવારે સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ સુધી વાચનાશ્રેણીનું આયોજન કરવામાં આવેલ છે. વાચનાશ્રેણી દરમ્યાન પૂજ્ય ગણિવર્યશ્રીના માનવ જીવનની સફળતાના ઉપાયો, જૈન શાસનનો ગૌરવવંતો ઈતિહાસ, આપણા કર્તવ્યો, આપણા મહાન પૂર્વજો, આહારશુદ્ધિ મનશુદ્ધિ આદિ વિવિધ વિષયો ઉપર ખુબ સુંદર અને પ્રભાવશાળી શૈલીમાં પ્રવચનો થાય છે. વાચનાશ્રેણીનું આયોજન પોદ્દાર હાઈસ્કુલના વિશાળ હોલમાં થાય છે.

દરરોજ આરાધના ભવનમાં 'યોગાશાસ્ત્ર' અને 'સમરાઈચ્ચકહા' ગ્રંથ ઉપર પ્રેરણાદાયી પ્રવચનો ચાલે છે. પૂજયશ્રીની પ્રેરણાથી સંઘમાં સામુદાયિક અરિહંતપદની આરાધના વૃત્તિ સંક્ષેપ તપ, શત્રુંજ્ય તપ, ગૌતમ સ્વામીજીના છઠ્ઠ આદિ વિવિધ તપશ્ર્યાઓ પણ ચાલુ છે.

જિન શાસનના મહાન જ્યોતિર્ધર સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ની ૧૦ મી પુણ્યતિથિ નિમિત્તે વિશાલ ગુણાનુવાદ સભા દેરાસરનો ભવ્ય શણગાર - મહાપૂજા સામુદાયિક છઠ્ઠ, ત્રિદિવસીય ભક્તિ મહોત્સવ આદિનું આયોજન કરેલ છે.

માટુંગા : અત્રે પૂજ્યશ્રી મૃગેન્દ્ર વિ. મ. ની નિશ્રામાં પજુષણની ઉજવણી સારી થઈ જન્મવાંચન દિને શ્રી ચીનુભાઈ નાગરદાસ શાહ તરફથી સાધાર્મિક વાત્સલ્ય થયું બારસા સૂત્ર વાંચન વખતે સુજનમલજી ચંદનમલ ધીયા તરફથી પ્રભાવના તથા ભાદરવા સુદ ૧૦ ના વરઘોડો થયો તે વખતે સાધર્મિક વાત્સલ્ય થયેલ.

બોરીવલી (મુંબઈ) : અત્રે ચંદાવરકર લેનમાં પૂ. તપસ્વીરત્ન સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. ના સમાધિપૂર્વક કાલધર્મ નિમિત્તે પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. સા. શ્રી રવિચંદ્રાશ્રીજી મ. આદિની નિશ્રામાં શ્રાવણ સુદ ૧૫ થી શ્રાવણ વદ ૮ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, સિદ્ધચક્ર મહાપૂજન તથા સામુદાયિક અઠ્ઠમ સહિત અઠ્ઠાઈ મહોત્સવ સારી રીતે ઉજવાયો.

અમદાવાદ (રંગસાગર) : શ્રી જિન શાસન શણગાર પૂ. પ. પૂ. આ. શ્રી વિ. **રામચન્દ્ર સૂરીશ્વરજી** મ. સા. ના આજીવન ચરણોપાસક સ્વ. પ. પૂ. ઉપા. **શ્રી ચારિત્ર વિજયજી** ગણિવર્યની શ્રા. વ. ૧૦ ની **૩૪** મી પુણ્યતિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં તેઓશ્રીજીના ગુણાનુવાદ પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. કરેલ તેમજ તે નિમિત્તે તથા પૂ. સા. શ્રી દેવેન્દ્રશ્રીજી મ. ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી આત્મદર્શિતાશ્રીજી મ. ની **૫૯** મી અને સુ. મંજુલાબેન રમણલાલની ૯૦ મી ઓળીની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે સૌ. જ્યોત્સનાબેન ભરતકુમાર ચાલીસ હજાર અને સૌ. જયાબેન કલ્યાણભાઈ શાહ તરફથી ગુરૂપૂજન ૨ - ૨ રૂા. નું સંઘપૂજન અને શ્રી જિન મંદિરમાં સુંદર આંગી રચાયેલ તેમજ ભાઈઓ અને બેનોના પ્રતિક્રમણમાં પણ ૨ - ૨ રૂા. ની પ્રભાવના કરાયેલ.

પૂ. મુનિરાજશ્રીજીની નિશ્રામાં અત્રે શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના ઉલ્લાસપૂર્વક થયેલ અને ઉપજ પણ સમયાનુકૂલ સારી થયેલ.

તેમજ પૂ. મુ. શ્રી ધર્મભૂષણ વિ. મ. રોજ નારાયણ નગરમાં વ્યાખ્યાન વાંચવા જતા હતા અને ત્યાં પણ ઉપજ આદિ સમયાનુકૂલ સારી થયેલ.

પૂજ્ય રાજસ્થાનદીપક આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મહારાજા પોતાના પરિવાર સાથે સૂર્યનગરી રાજસ્થાનમાં ચાતુર્માસ અને શાસનપ્રભાવના

પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કમલરત્ન સૂરીશ્વરજી મહારાજા, પ. પૂ. ન્યાય વિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતરત્નસૂરીશ્વરજી મ. સા. આદિની શુભનિશ્રામાં રાજસ્થાનના જોધપુર નગરે પ. પૂ. સિદ્ધાન્તચુસ્ત મુનિરાજશ્રી ખાંતિરત્નવિજયજી ના સળંગ ૫૦૦ આયંબેલ તપ પ. પૂ. તપસ્વીની સાધ્વીજી સંવેગ દર્શનાશ્રીજીના ૫૧ ઉપવાસની સુદીર્ઘ તપસ્યા આદિ નિમિત્તે શાનદાર વરઘોડો બે મહાપૂજન સહીત અઠ્ઠાઈ મહોત્સવ થયેલ ભાદરવા સુદ ૮ તા. ૨૬-૮-૨૦૦૧ રવિવાર થી ભાદરવા સુદ ૧૫ તા. ૨-૯-૨૦૦૧ રવિવાર સુધી અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. ચાતુર્માસ પ્રવેશ પછી શ્રાવણ વદ ૧૪ (અષાડ વદ ૧૪) ના પ. પૂ. સુવિશાલ - ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના ભવ્ય ગુણાનુવાદ પ્રવચન આદિ થયેલ. ભાદરવા વદ ૫ ને પ. પૂ. તપસ્વી સમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજા સાહેબના ગુણાનુવાદ થયેલ ચૈત્યપરિપાટી મહોત્સવ પણ થયેલ.

અમદાવાદ શાહીબાગ : જયપ્રેમ સો. મા. પૂ. મુ. મુક્તિધન વિ. મ., પૂ. મુ. પુન્યધન વિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ નાં થયો તે દિવસે ૩૫ રૂા. નું સંઘ પૂ. તથા ૧૦૦ આયંબિલ કરેલ હોય તેને ૨૫/- રૂા. ની પ્રભાવના થઈ હતી. અષાડ સુદ ૧૪ થી સાંઠમી અઠ્ઠાઈ, આયંબિલ રોજ, તથા અઠ્ઠમ તપ ચાલી રહ્યા છે. રોજ ધર્મ બિન્દુ ગ્રંથ તથા સમરાદિત્ય કેવળી ચરિત્ર પ્રવચનમાં ચાલી રહ્યા છે. લોકો સુંદર લાભ લે છે. દર શનેવારે શિશુ સામાયિક ચાલે છે. પછી અલ્પાહાર આપવામાં આવે છે. અષાડ સુદ ૪ થી અણુ પ્રાતિહાર્ય તપમાં ૧૧૦ જણા જોડાયા હતા. તેમનાં એકાસણ સામુદાયિક કરાવામાં આવતા હતા. દર રવિવારે દીપક એકાસણ, સાધર્મિક ભક્તિ એકાસણા, વગેરે થતા. અષાડ સુદ ૧૪ નાં પૂ. ગ. રામચન્દ્ર સૂ. મ. ની તિથી નિમિતે ગુણાનુવાદ પછી ૨૨/- રૂા. નું સંઘ પૂજન તથા ૧૭૦ આયંબિલમાં ૨૩/- રૂા. ની પ્રભાવના થઈ હતી શ્રા. સુ. ૧૨ નાં પૂ. પં. ભદ્રાનંદ વિ. મ. ની ૧૭ મી સ્વર્ગતિથિ નિમિત્તે સવારે ગુણાનુવાદ તેમાં ૧૪/- રૂા. નું સંઘ પૂજન બપોરે ૧-૦૦ કલાકે ૪૫ આગમની મહાપૂજા તેમાં ૪૫ છોડની રચના, ઝુમ્મરો ફૂઆરા ફૂલોનો શણગાર અષ્ટ મંગલ ફળ - નેવેદ્યની રચના સાથે ભવ્ય ભણાવાયેલ. આજથી શ્રા. વ. ૩-૪-૫ ના શંખેશ્વર પાર્શ્વનાથનાં અઠ્ઠમ ચાલે છે. અને શ્રા. વ. ૮ નાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની માતા વામા માતાનો થાળનાં એકાસણા રાખવામાં આવેલ છે.

શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃત સૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર મહાતીર્થ ~ હાલારી ધર્મશાળા માં

જિન બિંબ પ્રતિષ્ઠાનો ભવ્ય લાભ

શુભ સ્થળ : પંચાસર રોડ, શંખેશ્વર તીર્થ.

જુજ ધર્મબંધુ,

પ્રણામ સાથ ણાવવાનું જે **શંખેશ્વર મહાતીર્થમાં શ્રી હાલારી ધર્મશાળામાં** પ્રતિમા ભરાવવાની યોજના કરી છે. જેમને પધરાવવાની જગ્યા મળે તો અત્રે પ્રતિમા ભરાવીને રાખી શકાય છે.

વિશેષમાં ઘણા ભાવિકો શંખેશ્વરમાં પ્રતિમા પધરાવવાની માંગણી કરે છે અને હાલ ૧૫૦ ઉપર પ્રતિમા પરોણા તરીકે પણ અત્રે છે. તેથી જેમણે અહીં પ્રતિમા ભરાવ્યા છે તેમને પ્રથમ પ્રતિષ્ઠાનો લાભ મળે તે રીતે જિનબિંબ પ્રતિષ્ઠાનું આયોજન થયું છે.

મુખ્ય દેરાસર પાછળ ત્રણ હોલ તથા પાછળ વિશાળ આર્ટ ગેલેરી છે. મહેમાન પ્રતિમાજી ત્યાં છે તથા ત્રણ હોલમાં ૧૦૮ પાર્શ્વનાથજી અને આર્ટ ગેલેરીમાં ૧૦૮ તીર્થ આરસમાં લેમીનેશન કરીને મુકાય છે. જેનો નકરો પાર્શ્વનાથ પટ (૨૦ X ૩૦) નો ૨૫૦૦/- અને તીર્થ પટ(૩૦ X ૪૮ઈંચ) નો નકરો ૫૦૦૦/- છે. ઘણા પટ આવી ગયા છે.

મધ્ય હોલમાં ૨૪ જિનબિંબની પ્રતિષ્ઠા નક્કી કરી છે. તેમા ૭ ત્રિગડા છે. ૨૪ જિનબિંબ ઉપર ૨૪ ઘુમટ પણ થશે.

જિન બિંબ પ્રતિષ્ઠા આદિ નકરા

(૧) સાત મૂળ નાયકમાં વચ્ચેના મુખ્ય મૂળનાયક ૨ લાખ ૧૧ હજાર છે. કાયમી ઘજા ૨૧ હજાર.

(૨) સાત મૂળ નાયકમાંથી બાકી ૬ મૂળનાયકનો નકરા રૂા. ૧ લાખ ૧૧ હજાર છે. કાયમી ઘજા ૧૬ હજાર.

(૩) મૂળનાયક ની બંને બાજુના ૧૭ પ્રતિમાજીનો નકરા રૂા. ૫૧/- હજાર તે પ્રતિમા ૨૧ ઈંચ સુધીના તેથી મોટા હશે તેનો નકરો વધુ થશે. કાયમી ઘજા ૧૧ હજાર.

(૪) ઘજા, દંડ, કળશ પ્રતિષ્ઠા અને કાયમી ઘજા ચડાવવાનો લાભ જિનબિંબ પ્રતિષ્ઠા કરનારને અપાશે. તેમની ઈચ્છા નહિ હોય તો બીજાને અપાશે.

આ પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૮ મહા સુદ ૫ રવિવાર તા. ૧૭-૨-૨૦૦૨ ના થશે. જિનબિંબ પ્રતિષ્ઠાનો પ્રથમ લાભ અહીં હાલારી ધર્મશાળામા જેમણે જિનબિંબ ભરાવ્યા છે અને ભરાવવાના છે તેમને અપાશે. તે માટે તે ભાવિકોએ પોતાના જિનબિંબની પ્રતિષ્ઠા કરવી હોય તેમણે ૨૦૫૭ બીજા આસો સુદ ૧૫, ગુરુવાર, તા. ૧-૧૧-૨૦૦૧ સુધીમાં જણાવી દેવું. પછીથી બીજે પ્રતિમા ભરાવનાર જે નકરા નક્કી કરી લાભ આપી શકાશે.

વહેલો તે પહેલો એ રીતે લાભ લખાશે. આ લાભ ચુકવા જેવો નથી.

:: આ અંગે પત્ર લખવા રકમ ડ્રાફ્ટ મોકલવાનું સરનામુ ::

શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા

પંચાસર રોડ, મુ. શંખેશ્વર, (તા. સમી, વાયા : મહેસાણા, ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧૦

• મુંબઈ	: મગનલાલ લક્ષ્મણભાઈ માડ,	થાણા.	ફોન : ૫૪૦૧૪૧૩
	કરખચંદ ગોવીંદજી માડ,	ઘાટકોપર.	ફોન : ૨૦૬૧૫૮૮
	પ્રેમચંદ મેઘજી ગુઢકા,	પરેલ.	ફોન : ૪૧૩૨૮૨૯
• નાઈરોબી	: મેઘજી વીરજી, બોક્સ નં. ૪૯૬૦૬		
• લંડન	: રતિલાલ દેવચંદ		FAX : + 44 208931 6526
			Email : RATILAL GUDKA@HOTMAIL.COM
	મોતીચંદ એસ. ગુઢકા.		ફોન : ૦૧૮૧-૯૩૩૮૪૫૮
	ગુલાબચંદ મૂળચંદ.		ફોન : ૩૪૬૬૨૩

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- સદાચાર વિનાનું રૂપ અને વિવેક વિનાનું જ્ઞાન એ ખરેખર શ્રાપ રૂપ છે.
- સદાચાર વિનાના રૂપની અને વિવેક વિનાના જ્ઞાનની પ્રશંસા એ તો પાપની પ્રશંસા છે.
- ઉપકારીઓ ફરમાવે છે કે- દુઃખના કારણ પ્રત્યે અરુચિવાળા બનો દુઃખથી ડરવાને બદલે, દુઃખના કારણોથી ડરો. પાપના અને પાપનિવારણના વાસ્તવિક કારણોના અભ્યાસી બનો અને ઉપકારી મહાપુરુષોની આજ્ઞા મુજબ પાપથી મુકત બનવાને માટે સુપ્રયત્નશીલ બનો.
- સાચા સુખના અર્થી આત્માઓએ શ્રી જિનાજ્ઞા પ્રત્યે રુચિવંત બનવું જોઈએ, પોતાની તે રુચિને નિર્મલ બનાવવાનો સતત અભ્યાસ કરવો જોઈએ અને ધર્મની ઉત્કટ આરાધના થઈ શકે તેવા ઉપાયો પ્રત્યે ખૂબ જ આદરવાળા બનવું જોઈએ.
- દુરાચારોનો દ્વેષી અને સદાચારો પ્રેમી આત્મા જ શિષ્ટ ગણાય છે.
- લોક વિરોધથી ડરવું એ ડરપોકવૃત્તિ છે, જ્યારે ધર્મવિરુદ્ધ કાર્યોથી ડરવું એ પાપભીરુતા છે.
- લાયકાત વિનાનો ગમે તેટલું ભણે તો ય ભાવને તેને કાંઈ સગપણ નથી.
- જૈન અને મોક્ષની અને પરલોકની ચિંતા વિનાનો ત્રણ કાળમાં બને ખરૂં ?
- વગર ભણેલા લાયકને જે જ્ઞાન આવે તે જ્ઞાન પરિણામ પામે, ભણેલો નાલાયક હોય તો જ્ઞાન પરિણામ ન પામે.
- ભૌતિક સુખ અને પૈસો એ બે ચીજ જે કાળમાં કિંમતી થાય તે કાળ ધર્મ માટેની લાયકાત ગુમાવે.
- તપ જવાથી સંયમ મેલું થાય અને સંયમ મેલું થવાથી અહિંસા પાંગળી થાય.
- અનંતજ્ઞાનીઓ સંસારને દુઃખ, દુઃખ રૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી કહે છે તે સમજવાની ઈચ્છા જાગે નહિ તો સમજવું કે દર્શન અને ચારિત્ર મોહનીય ગાઢ છે, તેથી કષાય પણ ગાઢ છે અને રાગ-દ્વેષે તો માઝા મૂકી દીધી છે. તેને લઈને અનુકૂળ વિષયો પર ભારેમાં ભારે રાગ છે અને પ્રતિકૂળ વિષયો પર ભારેમાં ભારે દ્વેષ છે.
- આજે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા-દાનાદિ કરનારને તે તે ધર્મ પ્રત્યે આદર નથી. અનાદર એ મોટું પાપ છે. દેવ - ગુરૂ પ્રત્યે અનાદરવાળા આવે નહિ, આવે તો ટકે નહિ.
- ધર્મથી જ સુખ મળે તે વાત સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ ધર્મ તો મોક્ષ માટે જ કરાય. સુખ માટે ય ધર્મ કરાય આવું કહેવું તે મિથ્યાત્વનો ઉદય હોય તે જ બોલાવે.
- તમે અમને હાથ જોડો તે ધર્મ. પણ તમે અમને નમસ્કાર કરો એમ ઈચ્છીએ તે અધર્મ.
- આપણે જો ડાહ્યા થઈ જઈએ તો આપણું ભાવી સારું છે. કોઈ ડહાપણ આપે છતાં તે ન જોઈએ તો સમજવું કે ભાવી ભૂંડું છે. જ્ઞાનીઓને આમાં પડવું એમ કહેવાનો શોખ ન હતો, તેમને તેમના જ્ઞાનનું અજીર્ણ થયું ન હતું. તેમનો તો એક જ હેતુ હતો કે- જે કોઈ સમજે અને જલ્દી આરંભ-સમારંભથી છૂટી જાય અને એવું જીવન જીવે કે ઝટ મોક્ષે પહોંચી જાય.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
c/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
27/9/2001
2052

વિનયની મહત્તા સમજો !

વિણઓ સિરીણ મૂલં,
વિણઓ મૂલં સમત્થસોક્ખાણં ।
વિણઓ હુ ધમ્મમૂલં,
વિણઓ કલ્લાણમૂલં તિ ॥

(શ્રી સંવેગરંગ શાળા, ગા. ૧૬૦૬)

વિનય જ બાહ્ય - અભ્યંતર લક્ષ્મીનું મૂળ છે, વિનય જ સઘળા ય બાહ્ય - અભ્યંતર સુખોનું મૂળ છે, વિનય જ ધર્મનું મૂળ છે અને વિનય જ સઘળા ય કલ્યાણોનું મૂળ છે.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો ચઉવિસાએ તિત્થયરાણ
- ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

વર્ષ ૧૪ અંક ૫

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

આત્મ પ્રબોધક પ્રસંગો

મોહ મરેલો છે કે જીવતો છે ?

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

મહાસતી મદનરેખાના જીવનનો પ્રસંગ છે. શ્રી નંદીશ્વર દ્વીપ[illegible] દેવની સાથે પુત્રના મુખને જોઈ, આત્મહિતને સાધ[illegible]ની ભાવનાથી મિથિલાનગરીમાં આવી છે. જે નગરી આ અ[illegible]વસર્પિણી કાલના ઓગણીશમા શ્રી મલ્લિનાથ સ્વામિ ભગવ[illegible]ન અને એકવીશમાં શ્રી નમિનાથ સ્વામિ ભગવાનના જન્મ[illegible] દીક્ષા અને કેવલજ્ઞાન કલ્યાણકથી પવિત્ર બનેલી છે. ત્યાં શ્[illegible] જિન મંદિરમાં પૂજા-ભક્તિ આદિ કરી, સાધ્વીજી મહાર[illegible]જાની પાસે ગઈ છે. ખરેખર ધર્માત્માના હૈયામાં સમ્ય[illegible]ર્મ પરિણામ પામ્યો છે કે નહિ તેની આ પારાશીશી છે. પુ[illegible]નું મુખ જોવાના ઉદ્દેશથી આવી હોવા છતાં પહેલા દેવ-[illegible]ના જ દર્શન કરે છે. ધર્માત્માને મન ધર્મ જ પ્રધાન હોય [illegible]ને સંસાર ગૌણ જ હોય તે આના પરથી સૂચિત થાય છે. જ[illegible]રે આજે સામાયિકમાં પાણ દિકરી-જમાઈ આવે તો કેવા ઉ[illegible]ળકાથી વાત-ચીત થાય છે તે સૌના અનુભવમાં છે તે જ બ[illegible]વે છે કે સંસારનો રસ કેવો ગાઢ છે.

આવો દુર્લભત્તમ મનુષ્યભવ પામીને, કર્મના વિપાકને અનુ[illegible]વીને, એકમાત્ર જિનધર્મની જ આરાધના કરવી જોઈએ[illegible] કારણ કે કર્મવશ જીવોને પુણ્યયોગે ઘર-બાર, કુટુંબ-પરિવા[illegible], પૈસા-ટકાદિ સામગ્રીનો સંયોગ પ્રાપ્ત થાય છે. અને અશુ[illegible]કર્મના યોગે તે બધાનો વિયોગ થાય છે. સંયોગ અને વિયો[illegible] કર્માધીન છે. જ્યારે એક શ્રી જિનધર્મ એવો છે કે જીવ [illegible]તેને સારી રીતના આજ્ઞા પ્રમાણે આરાધે તો તેનો ક્યારે[illegible] વિયોગ થતો નથી. આવા ભાવની સાધ્વીજી ભગવ[illegible]ના શ્રી મુખેથી શ્રી જિનવાણીનું શ્રવણ કરવાથી મહાર[illegible]જીનો મનમયૂર નાચી ઊઠ્યો એટલું જ નહિ પુત્રના મુખન[illegible]દર્શનનો મોહ પણ મરી ગયો. ખરેખર તેના હૈયાની પરિણ[illegible]તિ કેવી નિર્મલ હશે. જેમ તપોવેલા લોઢાને જેવો ઘાટ આપ[illegible]તેવો અપાય તેમ જે આત્માને ધર્મપરિણામ પામે તેની હાલત કેવી સુંદર થાય છે તે સમજવા આ દૃષ્ટાન્ત ખૂબ જ દિશાસૂચક છે. હૈયાની નિર્મલપરિણતિ, લઘુકર્મિતા, સમ્યગ્દૃષ્ટિતા જીવને કેવી લાભદાયી બને છે તે આ પ્રસંગ સમજાવે છે. પુત્રના પ્રેમથી ખેંચાઈને પુત્રનું મુખ જોવા આવી અને જિનવાણી પરિણત થવાથી બધો મોહ ના[illegible] પામ્યો. આજે આપણા બધાની હાલત કેવી છે. ધર્મની [illegible]રાધના કરનારા આપણે બધાએ ખૂબ જ શાંતિથી વિચારવા [illegible]ની જરૂર છે કે- આપણા બધાનો મોહ દિન-પ્રતિદિન ઘટે છે કે વધે છે? આજે તો ધર્મપાગ મોહને પુષ્ટ કરવા કરનારો વર્ગ વધી ગયો દેખાય છે. શ્રી જિનવાણી શ્રવણ પછી દેવે પુ[illegible]ના મુખ જોવા જઈએ તેમ કહ્યું તેના પ્રત્યુત્તરમાં મહાસતીએ જે વાત કહી તે પણ આપણને ગમે, રૂચે તો સમજવું કે આપ [illegible]ું ભાવિ ભદ્રંકર છે. બાકી તો જ્ઞાની જાણે શ્રી ઉત્તરાધ્યયન [illegible]ત્રમાં પૂ. શ્રી ભાવવિજયજી મ. ની ટીકામાં તે વાતમાં કહ્યું કે -

"सा ब्रवीद्दुःखं मे प्रेमणा, कृतं दुःखौघदायिना ।
भवे हि भ्राम्यतां कस्को, नाभूद्बन्धुः परोऽथवा ॥१६८॥

તેણીએ કહ્યું કે દુઃખના સમુદાયને આપનાર[illegible] પ્રેમ વડે મારે સર્યું. આ સંસારમાં ભમતા એવા આત્માને કો[illegible]ણ કોનો બન્ધુ કે શત્રુ થયો નથી. અથવા કર્મવશવર્ત્તી જીવે બ[illegible]ધા સાથે બધા પ્રકારના સંબંધો બાંધ્યા છે. તો આ બધા સંયોગજન્ય સંબંધોના નાશ માટે પારમેશ્વરી પ્રવ્રજ્યાને જ હું અંગીકાર કરી. આત્મહિતને સાધીશ.

ખરેખર નિકટ મુક્તિ ગામી ભવ્યાત્માઓની મનોદશા કેવી ઉત્તમ હોય છે. સંસારના સ્વરૂપને સમજનારા આત્માઓ કેવી ભાવનામાં રમે છે. આપણે સૌ પણ આ [illegible]સંગના પરમાર્થને આત્મસાત્ કરી સંયોગજન્ય સંબંધો પર પૂર્ણ વિરામ મૂકવા, આજ્ઞામય ધર્મની આરાધના કરી, મોહ ને મારી પરમાત્મા પણાને પામીએ તે જ હાર્દિક ભાવના.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગૃહકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગૃહકા (થરાદ)

વર્ષ : ૧૪) સંવત ૨૦૫૭ અ. આસો સુદ ૯ મંગળવાર તા. ૨૫-૯-૨૦૦૧ (અંક : ૫/૬

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

વૈરાગ્યમેવ અભયં

જૈન શાસન જગતના પદાર્થોને અશાશ્વત, અસ્થિર, કૂટ અને મોહના હેતુ બતાવે છે. આપણો આત્મા પુણ્યાઈ કરીને આવ્યો છે અને તેથી ઉત્તમ કુલ આદિ અને મનુષ્યપણું જિનવાણીનું શ્રવણ જિન વચનની શ્રદ્ધા અને સંયમમાં શકિત ફોરવવાનું મળ્યું છે.

આ પૂર્વના પરમ પૂણ્યથી મળેલ ચીજો છે તેમાં ચિત્ત જોડે તે દ્વારા આત્મ સાધના કરી લેવી જોઈએ.

મનુષ્ય જન્મ પામીને તરી જનારા છે જિનવાણી સાંભળીને તરી જનારા છે. જિનવચનમાં શ્રદ્ધા કરીને તરી જનારા છે સંયમ લઈને પણ તરી જનારા છે.

એ સીધા માર્ગની વાત થઈ તેવી રીતે વિકૃત માર્ગની વાત આવે તો તેવા જીવો પણ છે. મનુષ્ય જન્મ પામીને ડૂબી જનારા છે. સાતમી નરકમાં માત્ર મનુષ્ય અને મત્સ્ય ગો જ જાય છે.

જિનવાણી સુણીને પણ ડૂબી જનારા છે, પાખંડીઓ અને અવિનેત જીવો જિનવાણી સાંભળીને વાણીથી ધારે અને ધર્મ સંયમ વિ. નો દ્રોહ કરીને સંસારમાં ડૂબી જનારા છે. સમકિત પામે એટલે તેનો સંસાર પરિમિત થઈ જાય પરંતુ તેમાં શંકા વિગેરે દૂષણો લાગે તો ડૂબી જાય છે અને મિથ્યા અભિનિવેશ થઈ જાય તો જિન ધર્મનો દ્રોહ કરીને, દ્વેષ કરીને જિનવચનને અન્યથા કરવાની પેરવી કરીને પણ ડૂબી જાય છે.

જૈન દીક્ષા એ તો મહાન વ્રત છે. તેની પ્રાપ્તિ કેટલા પ્રયત્નથી થાય છે ? કેટલો ક્ષયોપશમ ભાવ ખીલ્યો હોય ત્યારે થાય છે ? એ વિચાર કરીએ તો આટલી અનુપમ સંયમની પ્રાપ્તિ એ ઊચ્ચત્તમ પ્રાપ્તિ છે. આ સંયમની વિરાધના ક્રોધ આદિથી કરીને જીવો સંસારમાં ડૂબી જાય છે. ૧૪ પૂર્વી પણ પ્રમાદને આધીન બની ને નિગોદમાં ચાલ્યા જાય છે.

આમ મનુષ્ય જન્મ, જિનવાણી શ્રવણ જિનવચનની શ્રદ્ધા અને સંયમમાં શકિત ફોરવવી એ ચાર મહાન વસ્તુ દુર્લભ છે. છતાં વિરલ પુણ્યાત્માઓને પ્રાપ્ત થાય છે. તેઓ ધન્યવાદને પ્રાપ્ત થાય છે.

જે આત્માઓ આ મહાન વસ્તુઓ પામ્યા પછી પ્રમાદમાં પડી જાય છે ક્રોધ આદિને આધીન બને છે અને આ લોકની મહત્તામાં આ લોકની કીર્તિ સત્તામાં પડી જાય છે તેઓ સદાને માટે તે દોષ દ્વારા પોતાના સંયમ આદિને કરડી ખાય છે તેમની સાધનાને પોતે સડાવી દે છે તે દુઃખની વાત છે આવા દોષો આત્માને હિંસા જુઠ, ચોરી, અબ્રહ્મ પરિગ્રહ અને રાત્રિભોજન, ધન સંગ્રહ, દુકાન મિલ્કત તરફ દોરી જાય છે અને સારા મશીનવાળું એન્જીન પાટા ઉપરથી ઉતરી જાય છે તો તે બગીને ભૂકો થઈ જાય છે તે ટ્રેનમાં બેઠેલા ઉતારૂઓ પણ મોતને શરણ થાય છે.

જેથી સંયમ સાધક પુણ્યાત્માઓએ પોતાને બનાવવાના છે અને પોતાને શરણે આવેલાને પણ બચાવવા છે જો તે ઉપયોગ ન રાખે અપ્રમત્ત ન બને તો તે બચવા બચાવવાનું તો દૂર રહે પણ પોતે ડૂબે છે બીજાને પણ ડૂબાવે છે.

અરિહંતના ઉત્તમ શાસનને પામવાનો મહાન જોગ સફળ બને તે જ આત્માએ ઉપયોગથી જોવાનું છે આવા ઉત્તમ દૃષ્ટા ધન્યવાદ પામે છે. પોતે તરે છે બીજાને તારે છે.

"Man is a waster of sorrow"

(મેન ઈઝ એ વેસ્ટર ઓફ સોરો)

મનુષ્ય વેદનાને વેડફી નાખનારૂ પ્રાણી છે.

— પ્રોફેસર હંસાબેન ડી. શાહ
"આત્મ જ્ઞાન" બંગલો
અઠવાડિક ઈન્સ, સંસ્થા.

નિકટનાં સ્વજનોનો પાર્થિવ દેહ ચિતા ઉપર બળી રહ્યો હોય તેટલા ક્ષણ પૂરતો સંસારમાંથી મનુષ્યનો રસ ક્ષીણ થઈ જાય છે. કોઈનું મૃત્યુ આંચકો આપી જાય છે. અને મનુષ્યને ક્ષણે ક્ષણે ઢંઢોળી જાય છે. પણ સમય જતા બધુ થાળે પડી જાય છે. મૃત્યુ મૃત્યુને ઘેર અને આપણે આપણે ઘેર, કદાચ એવું પણ બને કે મનુષ્ય આવા આઘાતોથી ટેવાઈ પણ જાય છે. તેની સંવેદનશીલતા સાવ બુઠ્ઠી થઈ જાય છે. પોતાને જગાડી દેવાની સંભાવના લઈને આવેલા પ્રત્યેક આઘાત અને આંચકા સાથે ઘણા લાંબા કાળથી આપણા આત્માએ આવો જ વ્યવહાર કર્યો છે. એક કવિએ કહ્યું છે કે Man is a waster of sorrow. મનુષ્ય વેદનાને વેડફી નાંખનારૂ પ્રાણી છે. એમ છતાં જૈન જગતનાં ઈતિહાસની ગવાહ છે કે કેટલાયે વેદનાને વૈરાગ્યમાં ફેરવીને મુક્તિસુખ માણ્યું છે. અને એટલે જ કહેવાયું છે કે મનુષ્ય ભવમાં જ આત્મીક વિકાસ શકય છે. આત્મિક વિકાસ માટે સંત, મહંત, આધ્યાત્મિક યોગીઓએ મંતવ્ય રજૂ કરેલા છે. માનવીનો કોઈ યાંત્રિક કે આપમેળે ઘટતો આત્મિક વિકાસ તો શકય નથી. તેનાં ખુદની પ્રયાસોની અનિવાર્યતાનો સ્વિકાર કરવો જરૂરી છે. બીજીવાત એ છે કે આવો વિકાસ ફરજીયાત પણ નથી. વિકસવું કે સંસારમાં સડી જવું એ વ્યક્તિની પોતાની મુનસફીની વાત છે. આ બે વિકલ્પથી મનુષ્યની આકરી કસોટી થઈ છે. સડવાનાં (રાગ-દ્વેષ અવિરતિ) વિકલ્પોનું પલ્લું જીવન એટલું બધું લલચાવનારૂ અને લોભાવનારૂ છે કે મોટેભાગે આપણે એક જ વિકલ્પ પસંદ કરતા હોઈએ છીએ. પરિણામે વીતરાગ બનવાનાં પ્રયાસો કરવાને બદલે રાગ-દ્વેષની વાતો કરીને જ સંતોષ માનીએ છીએ.

આત્મિક વિકાસ એટલે કેટલીક એવી આંતરિક શક્તિઓ અને ક્ષમતાઓનો વિકાસ. પણ જો એ સામાન્ય સંજોગોમાં અવિકસીત રહેતો તો તે આત્મા સંસારમાં સડી જાય છે. મુશ્કેલી એ છે કે આ શક્તિ સુષુપ્ત ઢબે તો પ્રત્યેકમાં પડેલી છે. એટલે બીજનો પડેલા છે. પણ વટવૃક્ષમાં તેને ઉછેરવાની ઈચ્છા જવલ્લે જ થાય છે. શારીરિક વિકાસ આપમેળે ઘટે છે. તેમ આત્મિક વિકાસ ઘટી શકતો નથી. જિનશાસન એટલે જ પ્રબળ પુરૂષાર્થની વાત કરે છે. આત્મિક વિકાસએ નોખી ચીજ છે. એ માટે જે વિશેષ પ્રયાસો, પ્રયત્નો યોજવામાં ન આવે તો આત્મા અમૂક અંક વચ્ચે અટકી જાય છે. અનુભવ અને નિરીક્ષણ પરથી એક વાત સિદ્ધ થઈ છે કે આ પ્રકારના સભાન (કૃત્રિમ કથિત) આત્મિક વિકાસ માટે કેટલાક સંજોગો જરૂરી છે. અમુક વિશેષ પરિસ્થિતિમાં જ આ પ્રકારનો વિકાસ શકય છે. સર્વ વિરતિ-સાધુપણું અનિવાર્ય છે. આત્મિક વિકાસ માટે શ્વાસ શ્વાસથી જ સંભાવનાં કેળવવી પડે છે. આત્મિક કે આધ્યાત્મિક વિકાસ એ બિલકુલ અંગત મામલો છે. આ વિકાસ વિરલ છે. આધુનિક યુગમાં ભૌતિકસામગ્રી અને પુદ્ગલનાં રસીયાઓ માટે આ વિકાસ ખરેખર વિરલ જ છે. શારીરિક અને સંસારી માંગો આવા અસાધારણ વિકાસને જીરવી શકતા નથી. એટલે સાધક પક્ષે ચોક્કસ પ્રયાસો, લાંબા ગાળાની સજ્જતા અને પૂર્વની આરાધનાં આભવમાં મોટું બળ આપી જાય છે. એ કહ્યું જ નહીં પણ એ માટે અત્યંત તીવ્ર તલસાટ પણ જરૂરી છે. બાકી સંસાર સુખ મેળવવું છે, ભોગવવું છે અને એ ચાલી ન જાય તેની તકેદારી રાખવી છે અને ચાલી જાય તો ખિન્ન થઈ જવાય છે આવી પરિસ્થિતિમાં આત્મિક વિકાસ શકય નથી. આખ્ય ક્ષમાં ઉપર છલ્લા સ્મશાન વૈરાગ્યથી કશું જ પરિણામ સિદ્ધ થતું નથી.

જૈન જગતની વિરલ વિભૂતિઓએ વેદનાને વેડફી નથી, વેદનાને વૈરાગ્યમાં ફેરવીને મુક્તિ સુખ માણ્યું છે. એક ને માથે નાથ નો' તો (અનાથીમુનિ) તેની વેદના વૈરાગ્ય આપી ગઈ અને એકને માથે નાથ હતો. (શાલીભદ્ર) તેની વેદના પણ વૈરાગ્ય આપી ગઈ. અરિસા ભવનમાં આંગૂલી પરની મુદ્રા ખરી પડતા ક્ષણ વિધ્વંસિની કાયાનો શું ભરોસો એવી ભરત ચક્રવર્તીની મનોવેદના કૈવલ્ય તરફ દોરી ગઈ. વિષયની વિષમતાનાં ધિક્કારે ઈલાચી કુમારને પંચમજ્ઞાન આપી દીધું. 'ઉપશમ સંવર અને વિવેક આ ત્રિપદીએ ચિલાતી પુત્રે દેહના છીછરા સુખમાંથી આત્મકલ્યાણનો અર્થ બની સુરલોક શોભાવ્યો અને અનંત લબ્ધિ નિધાન શ્રી ગુરૂગૌતમનાં વિલાપે કેવળ પ્રાપ્ત કરાવ્યું આમ આ અનુપમ શાસાનનાં અનેક વિધ દ્રષ્ટાંતો મનુષ્ય ભવની દુર્લભતા સમજાવે છે. પ્રતિક્ષણનો એવો ઉપયોગ કરી આપણે વૈરાગ્યવાસિત બની માનવભવની દુર્લભતા સાર્થક કરીએ એ જ એકની એક મનોકામના. ■

પ્રવચન - પચ્ચાસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ -૨, બુધવાર, તા. ૧૧-૯ ૧૯૮૬
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કોઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અ.વ.)

माया य पिया ण्हुप्पइ, नो सुलहा सुगइ वि पिच्चओ ।
एमाइं भया पेहिया, आरंभा विवमिज्ज सुव्वए ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા આ 'પ્રકીર્ણક ધર્મોપદેશ' નામના ગ્રન્થમાં અત્યાર સુધી એ વાત સમજાવી આવ્યા કે- જીવને જે સુખ જોઈએ છે તે સુખ મોક્ષમાં જ છે. પણ સંસારમાં નથી. માટે જ શ્રી અરિહંત પરમાત્માઓએ પ્રરૂપેલો ધર્મમોક્ષને માટે જ કરવાનો છે પણ સંસારને માટે કરવાનો જ નથી. કેમ કે, શ્રી અરિહંત પરમાત્માઓએ પણ ધર્મ મોક્ષની સાધના માટે જ કરવાનો કહ્યો છે.

શ્રી અરિહંત પરમાત્મા કોણ થાય ? સર્વજીવોને મોક્ષે પહોંચાડવાની ભાવના થાય તે. શ્રી તીર્થંકરનામકર્મ કોણ નિકાચે ? શ્રી વીશ સ્થાનકની અથવા એમાંના કોઈ એકપદની આરાધના કરે તે શ્રી તીર્થંકર નામકર્મ બાંધે ખરા પણ તે શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના માટે કયો ભાવ જોઈએ 'મારામાં જો સામર્થ્ય આવે તો બધા જીવોના હૈયામાં સંસારનો - વિષયકષાયનો જે રસ ઠાંસી ઠાંસીને ભર્યો છે તે નીચોવી નાંખીને મોક્ષમાર્ગ રૂપ શ્રી જિન શાસનનો રસ ભરી દઉં. જેના પ્રતાપે સૌ શાસનની આરાધના કરી વહેલામાં વહેલા મોક્ષે પહોંચી જાય.' મોક્ષમાં ગયા વિના જીવને સાચું અને વાસ્તવિક સુખ મળવાનું નથી અને સંસારના સુખમાં મોજમઝાદિ મઝેથી કરે તેને દુર્ગતિ વિના બીજું મળવાનું નથી. મોક્ષનું સુખ પણ કોને મળે ? ભગવાનના ધર્મને મોક્ષને માટે જ આરાધે તેને. આ સંસારનુ સુખ કેવું છે ? દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી. તેના જ જે રસિયા બને તે ક્યાં જાય ? દુર્ગતિમાં, આ પાયાની વાત ન બેસે ત્યાં સુધી આગળની વાત અસર ન કરે.

મહાપુણ્યોદયે ભગવાનનું શાસન મળ્યું છે. ભગવાનનું શાસન સમજી શકાય અને પામી શકાય તથા બધી સામગ્રી પામ્યા છો. તો આ શાસન સમજ્યા વિના જશો તો સંસાર બહુ લાંબો છે. ફરી આવી સામગ્રી ક્યારે મળે તે કહેવાય નહિ. આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષમાં ગયા, તેઓની પાછળ તેઓની પરમતારક આજ્ઞાની આરાધના કરીને બીજા પણ અનંતા આત્માઓ મોક્ષે ગયા. છતાં પણ આપણો નંબર ન લાગ્યો. કારણ ? શું શ્રી અરિહંત પરમાત્મા નહિ મળ્યા હોય ? શ્રી અરિહંત પરમાત્મા ય મળ્યા હશે, તેમને સાંભળ્યા પણ હશે. પરંતુ તે પરમતારકની વાત હૈયામાં નહિ બેઠી હોય. નહિ ગમી હોય.

ધર્મ શા માટે કરવાનો છે ? મોક્ષે જવા માટે. મોક્ષ ન થાય ત્યાં સુધી મોક્ષની સાધના ચાલુ રહે તેવી સદ્ગતિમાં જવા માટે. દુર્ગતિમાં એટલા માટે નથી જવું કે- મોક્ષસાધક ધર્મ સામગ્રી મલે નહિ તેથી ધર્મની સાધના કરી શકાય નહિ એટલે સંસારમાં રખડી જવાય. આ ભાવના પેદા થઈ છે ? આ રીતનું જ જીવન જીવો છો ? દુર્ગતિમાં ન જવું હોય અને સદ્ગતિમાં જવું હોય તો કેવું જીવન જીવવું પડે ? જે રીતે જીવો છો તે રીતે મરીને સદ્ગતિમાં જ જવાના છો તેવો વિશ્વાસ છે ખરો ? આવો વિશ્વાસ હોય તેને મરણનો ભય ન હોય.

આપણને મરણનો ભય છે ? મરણ આજે આવે તો આજે તૈયાર છો ? મરવામાં શું નુકશાન છે ? જન્મેલાએ મર્યા વિના ચાલે ? જન્મેલાને અવશ્યમેવ મરવાનું છે તો મરણનો ભય કરવાનું શું કામ છે ? મરણથી બચવા ગમે ત્યાં જશો તો પણ બચી જશો ? મરણનો ભય શાથી છે ? અહીંથી મરીને ક્યાં જઈશું તે ખબર નથી માટે ! મર્યા પછી મારી સારી ગતિ જ થવાની છે આવી જેને ખાત્રી હોય તેને મરણનો ભય હોઈ શકે ખરો ? જેને મરણનો ભય હોય તે ધર્મ નથી પામ્યો એમ કહેવાય. મરણનો ભય હોય તો હજી આપણે પણ ધર્મ સમજ્યા નથી તેમ

લાગે છે ? તમે ઘેર જઈને આ બધું વિચારતા નથી. 'આવો સુંદર મનુષ્યભવ પામ્યા પછી તો ધર્મ પામવો જોઈએ અને ધર્મ જ કરવો જોઈએ' - આવો વિચાર હજી તમને પેદા થયો નથી. નહિતર તમે આજે જે રીતે વર્ત્તો છો એ રીતે વર્ત્તી શકો નહિ.

જેને સાધુપણાની ઈચ્છા પણ ન થાય તેનામાં દેશવિરતિ ધર્મ પણ આવતો નથી. જેને સાધુપણાની ભાવના પણ ન થાય તો તે સમ્યક્ત્વ પામેલો પણ ન કહેવાય. 'દેશવિરતિ પરિણામો ખલુ સર્વવિરતિલાસઃ' એ પ્રમાણે શાસ્ત્રે કહ્યું છે. આ સાધુપણું મનુષ્યજન્મમાં જ મળે છે. આ મનુષ્યજન્મને શાસ્ત્રે શા માટે વખાણ્યો છે ? આ મનુષ્યજન્મમાંથી જ મોક્ષે જવાય છે અને મોક્ષને સાધવા માટે જે સાધુધર્મ જોઈએ તે પણ અહીં જ મળે છે અને પળાય છે માટે. દેવતાઓને પણ સાધુપણું પામવા માટે અહીં આવવું પડે છે. સમ્યગ્દ્રષ્ટિ દેવો દેવલોકને જેલ માને છે. સર્વાર્થસિધ્ધવિમાનના દેવો પોતાનું તેત્રીશ સાગરોપમ કાળનું લાંબું આયુષ્ય તત્ત્વચિંતનમાં જ પસાર કરે છે. ત્યાં એવું સુખ છે જેનું વર્ણન ન થાય છતાં ય તેઓ માને કે- ભારે જેલમાં ફસાયો છું. તેવી ભારેમાં ભારે રાગની સામગ્રીમાં બેઠેલા તે દેવોને શાસ્ત્રે વીતરાગપ્રાયઃ જેવા કહ્યા છે. આ સમજો તો સમ્યક્ત્વનો મહિમા સમજાય.

સમ્યક્ત્વ પામેલા જીવને આ સંસારનું સુખ કેવું લાગે ? ઝેર જેવું લાગે અને ન છૂટકે ભોગવવું પડે તો કમને ભોગવે, તેનું ચાલે તો ભોગવે જ નહિ. આ સંસારના સુખને મઝેથી ભોગવે તો તેને દુર્ગતિમાં જ જવું પડે. આ જાણ્યા પછી તમને આ સુખનો ભય લાગે છે ? જે સુખ અને સંપત્તિ પાછળ મનુષ્યો પાયમાલ થઈ રહ્યા છે. ઘણાં પ્રચ્છન્ન પાપ કરી રહ્યા છે તેથી આત્માની ઈચ્છા નહિ હોય તો ય પાપકર્મો ઘસડીને દુર્ગતિમાં લઈ જશે આ વાત હૈયામાં બેઠી છે ? જેના હૈયામાં આ વાત બેઠી હોય તેને લાગે કે- દુનિયાની આ બધી ચીજો ઈચ્છવા જેવી નથી, મેળવવા મહેનત કરવા જેવી નથી, મળે તો રાજી થવા જેવું નથી, મળ્યા પછી ભોગવવા જેવી પણ નથી, જાય તો રોવા જેવું પણ નથી. મરતી વખતે તેને થાય કે- 'હાશ ! છૂટ્યા.' આવા જીવને મરતી વખતે દુઃખ હોય કે આનંદ હોય ? તમને બધાને દુનિયાની જે સુખ સંપત્તિ મળી છે તે મેળવવા જેવી છે, ભોગવવા જેવી કે છોડવા જેવી છે ? તમે બધા તે સુખ - સંપત્તિ મઝેથી ભોગવો છો કે ન છૂટકે ભોગવો છો ?

પ્ર. - મઝેથી ભોગવોનો અર્થ સમજાતો નથી.

ઉ.- સમકિતિ જીવને અવિરતિના ઉદયે દુનિયાની સુખ સામગ્રીની ઈચ્છા થાય, તેને લેવાનું - મેળવવાનું ભોગવવાનું મન પણ થાય - પણ તે વખતે તેને દુઃખ થાય કે આનંદ થાય ? સમ્યગ્દ્રષ્ટિની અવિરતિ અને મિથ્યાદ્રષ્ટિની અવિરતિમાં કેટલો ભેદ છે તે ખબર છે ?

''સમકિતદ્રષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ.

અંતર્ગત ન્યારો રહે, જેમ ધાવ ખેલાવે બાળ.''

આ ગુજરાતી ભાષાના દોહરાનો અર્થ સમજો છો ને ? સમ્યગ્દ્રષ્ટિ જીવ સંસારમાં રહે તો કુટુંબનું પાલન પણ કરે. કોની જેમ ? ધાવ માતાની જેમ. આગળ રાજા મહારાજા - શ્રેષ્ઠી આદિ શ્રીમંતોને ત્યાં ધાવમાતાઓ રહેતી હતી. ધાવમાતા કોણ થાય ? જેને ધાવણું સંતાન થયું હોય તે. તે અવસરે માલિકના છોકરાને રમાડે હસાવે અને પોતાના છોકરાને રોવા દે - તે વખતે તેની અંતરની હાલત કેવી હોય ? પોતાનું છોકરું રોતું હોય તે જોઈને તેનું હૈયું કપાતું હોય છતાં પણ માલીકના છોકરાને સ્તનપાન પહેલાં કરાવે. તે સમજે છે કે જો માલિકના સંતાનની બરાબર સાર સંભાળ ન કરું તો મારા સંતાનને સારી રીતે મોટું પણ ન કરી શકું. પોતાનું બાળક રોવે તે તેને ગમતું નથી અને માલીકનાં સંતાનને રાજી કરવો પડે છે આ બન્નેનો ભેદ સમજાય છે ને ? તેવી રીતે અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ જીવને ધન મેળવવું પણ પડે, દુનિયાનું સુખ ભોગવવું પણ પડે પણ તે મઝાથી ભોગવે દુઃખથી ભોગવે ? તે વખતે પણ તેનો પ્રેમ ક્યાં હોય ? આ સમકિત તો કાચનાં ભાજન જેવું છે. અથડાય તો ફુટ્યા વિના રહે નહિ. સમકિતના અતિચાર કેટલા છે ? અતિચાર તો માત્ર જાણવાના છે પણ આચરવાના નથી.

તમને તમારા પુણ્યયોગે દુનિયાની સુખ - સંપત્તિ મલી છે પણ તે છોડવા જેવી લાગે છે કે ભોગવવા જેવી લાગે છે ? જેને છોડીને જવાનું નક્કી છે તે જાણવા - સમજવા છતાં ય તેને જ વળગીને રહે તો તેના જેવો બેવકૂફ બીજો કોણ છે ? તેવાને મરણ ત્રાસ લાગે તેમાં

નવાઈ છે ? જીવ માત્ર એક સાચા ધર્માત્માને છોડીને - બધા મરણથી ગભરાય છે. વાત વાતમાં 'બાપરે મરી ગયો' બોલે છે. તે બધા ધર્મ પામેલા કહેવાય ? શ્રી શ્રીપાલકુમારને ધવલશેઠે મધ્ય દરિયે જહાજમાંથી ફેંકી દીધા તે તેમના મોંમાંથી શું નીકળ્યું ? 'નમો અરિહંતાણં.' તમારા મોંમાંથી શું નીકળે ? 'ઓ બાપરે... કે 'નમો અરિહંતાણં' ?

ભૂતકાળમાં ધર્મની સુંદર આરાધના કરીને આવેલા જીવો તો નિમિત્ત મળતાં જ જાગી જાય છે. શ્રી સુબાહુકુમારની વાત તમે સાંભળી છે. ધર્મની આરાધના કરીને દેવલોકમાં જઈને શ્રી સુબાહુનામના રાજપુત્ર તરીકે જન્મે છે. રાજા તેને યોગ્ય સમયે પાંચસો રાજપુત્રીઓને પરણાવે છે. તેઓ પણ દોગુંદક દેવની જેમ તે બધી પાંચસો રાજપુત્રીઓની સાથે મોજ - મઝાદિ આનંદ કરે છે. એકવાર ઝરૂખામાં પત્નીઓ સાથે આનંદાદિ કરતાં તેઓ બેઠા છે તે વખતે રાજમાર્ગ ઉપરથી, નીચું જોઈને ભીક્ષા માટે જતા મહામુનિને જુએ છે. મુનિને જોતાં જ વિચારે છે કે- આવું કશે જોયું છે. અને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને ભૂતકાળમાં આરાધેલું સાધુપણું યાદ આવે છે. અને ચેતનાને પામી, ઊભા થઈને એકદમ સીધા નીચે ઉતરે છે. તે પાંચસો પત્નીઓ ગભરાઈ જાય છે કે- સ્વામીનાથને એકદમ શું થયું ? સીધા માના પાસે આવીને માના પગમાં પડીને માને કહે છે કે- ''મા ! આ અસાર સંસારમાં મારે હવે નથી રહેવું.'' મા કહે છે કે- તને શું દુઃખ પડયું છે ? ત્યારે તેઓ કહે છે કે- ''રાજમાર્ગ ઉપરથી જતાં મહામુનિને જોતાં જ મેં ભૂતકાળમાં આરાધેલું સાધુપણું મને યાદ આવ્યું. તેથી આ બધી સુખ સાહ્યબીની મોજમઝામાં મરું તો મારે દુર્ગતિમાં જ જવું પડે. મારે નરક આદિ દુર્ગતિમાં નથી જવું.'' તે પછી તેઓની માતા તેમને સંયમનાં કષ્ટોની તેની સુકુમારતાનું સંયમની દુષ્કરતાદિની વાતો સમજાવે છે. પણ તેમની પક્કમતાને જોઈને છેલ્લે કહે છે કે- તારી આ પાંચસો સ્ત્રીઓનું શું થશે ? ત્યારે તેઓ કહે છે કે- ''હે માતાજી ! ઘરમાં જો એક નાગણ નીકળે તો સુખેથી નથી રહી શકાતું તો આ પાંચસો નાગણની વચમાં હું સુખથી કેમ રહી શકું ?'' તે વખતે તે પાંચસોમાંની એક બોલતી નથી કે- આજ સુધી અમારી સાથે ગેલ કર્યા, મોજમઝાદિ કરી અને હવે અમને નાગણ કહો છો ! ધર્મિનું કુટુંબ પણ કેવું હોય તે સમજાય છે ? જે જીવ ધર્મ સમજે તેને આ સંસાર કેવો લાગે ? રહેવા જેવો લાગે કે છોડવા જેવો લાગે ?

ગૃહસ્થપણામાં રહેલા શ્રાવક - શ્રાવિકાઓને, પાપના યોગે ઘરમાં રહેવું પડે, મરતા સુધી ય સાધુ ન થઈ શકે છતાં પણ તેઓ મરીને વૈમાનિક દેવલોકમાં જ જાય. ધર્મ આવો કોલ શી રીતે આપે ? આયુષ્ય પુણ્યને એક જ વાર બંધાય છે માટે કેટલા સાવચેત રહેતા હશો ! સમકિતી જીવ ભોગ ભોગવીને કર્મની નિર્જરા કરે છે. ભોગ તેને માટે ઔષધ સમાન છે. દવા કોણ ખાય ? બિમાર.

પ્ર.- તેને ઝેર પણ અમૃતનું કામ કરે ને ?

ઉ. - હા.

તમે બધા શાસ્ત્રનાં વર્ણનો સાંભળીને બરાબર યાદ રાખો, મહાપુરૂષોનાં કથાનકો બરાબર યાદ રાખો તો આ સંસારમાં જરા પણ મઝા આવે તેમ છે ? સંસારમાં મઝા આવી જાય તો તે મઝામાં ઉપાદેય બુદ્ધિ આવતાં વાર લાગે ખરી ? અને હેયબુદ્ધિને ભાગતાં પણ વાર લાગે ? તેવે જ સમયે આયુષ્યનો બંધ પડે તો ક્યાં જવું પડે ?

પ્ર.- સમકિતી જીવોને આખી જીંદગી સુધી સંસારના સુખ પ્રત્યેની હેયબુદ્ધિ જીવંત રહે અને ન છૂટકે સુખને ભોગવે ?

ઉ.- હા. સમકિતી જીવો મઝાપૂર્વક સંસારનું સુખ ભોગવતાં જ નથી. કર્મના યોગે જ તેઓને તે સુખ ભોગવવું પડે છે. અવિરતિ સુખ ગમાડે તો તરત જ દુર્ગતિ ન થાય. હિંસક જનાવરવાળા જંગલમાંથી જતા હો અને ત્યાં ભૂલા પડયા તો તે અટવી જ્યાં સુધી લંઘો નહિ ત્યાં સુધી ભય કેવો હોય ? તેમ અહીં પણ બને. દેવલોકમાં પણ સાગરોપમાદિ કાળ સુધી સમકિત ટકી શકે છે. સર્વાર્થસિધ્ધ વિમાનના દેવો તો તેત્રીશ સાગરોપમકાળ સુધી સમકિતને જાળવી રાખે છે, ત્યાંની અનુપમ સુખ સામગ્રીમાં જરાપણ મૂંઝાતા નથી તેથી તો શાસ્ત્રે તેઓને શ્રીવીતરાગપ્રાયઃ જેવા કહ્યા છે. તમે સમકિતને સમજી લો તો કામ થઈ જાય તેવું છે. સમકિત કાંઈ પડીકું નથી.

ક્રમશઃ

મોક્ષપ્રાપક માનવજીવનમાં અંકુશનું મહત્ત્વ

- પૂ. મુનિરાજ શ્રી હિતવિજયજી મ.

માનવ - વસતિમાં (ગામ - નગરમાં) અંકુશધારી મહાવત સાથેનો હાથી જ હરી ફરી શકે. જેણે પોતાના માથે અંકુશધારી મહાવતને રાખ્યો નથી તેવો હાથી જંગલમાં હરી ફરી શકે, પણ ગામ - નગરમાં નહિ. નિરંકુશ હાથીને ગામ - નગરમાં ફરવા દેવામાં આવે તો એ સ્વ-પરને માટે જોખમી પુરવાર થયા સિવાય રહે નહિ. ઘોડા - ગધેડા, ગાય - ભેંસ, કૂતરાં - બકરાં વગેરે અલ્પ શક્તિવાળાં હોવાથી અનર્થકારી નહિ એવા પ્રાણીઓ **અંકુશ** વિના પણ ગામ - નગરમાં ફરી શકે, પરંતુ હાથી ઘણી મોટી શક્તિવાળો હોવાથી એ કોઈ પણ સંજોગોમાં અંકુશ વિના ગામ - નગરમાં ફરી શકે નહિ. જીવની શક્તિ જેમજેમ વધે તેમ તેમ એના માથે અંકુશની જરૂરિયાત વધતી જાય.

નિરંકુશપણે તો જંગલમાં જ જીવી શકાય, માનવવસતિમાં તો અંકુશ વિના જીવી શકાય જ નહિ. માણસ જો જંગલમાં વસતો હોય તો ત્યાં નિરંકુશપણું કદાચ ચાલે, પણ માણસને જ્યારે સમાજ (માનવસમૂહ)માં જ વસવું પડતું હોય ત્યારે એણે ફરિયાત અંકુશમાં રહીને જ જીવવું પડે. માનવેતર પ્રાણીઓમાં જેમ જેમ શક્તિ વધે તેમ તેમ અંકુશની જરૂરિયાત વધતી જાય તેવી જ રીતે માણસમાં પણ જેમ જેમ શક્તિ (શારીરિક-આર્થિક-આધ્યાત્મિક બળ) વધે તેમ તેમ એના માથે પણ અંકુશની જરૂરિયાત વધતી જાય.

આર્થિક રીતે શક્તિસંપન્ન એવો શ્રીમંત વર્ગ અપેક્ષાએ હાથી સમાન ગણાય. એથી સામાન્ય માણસોની અપેક્ષાએ એ વર્ગના માથે અંકુશની જરૂરિયાત વધે. શક્તિસંપન્ન એવો શ્રીમંત વર્ગ જો નિરંકુશ બનીને સ્વચ્છંદપણે માનવસમાજમાં રહે તો એ પોતાની જાત સાથે આખાય માનવસમાજ માટે જોખમી, ભયજનક અને અહિતકર પુરવાર થયા સિવાય રહે નહિ. માટે અંકુશ વિનાનો શ્રીમંત વર્ગ સમાજ (માનવસમૂહ)માં રહેવાને લાયક નથી. **અંકુશ તો સ્વપર શ્રેયસ્કર છે. બોલવું - ચાલવું, હરવું - ફરવું, ખાનપાન, પહેરવેશ આદિ માનવોની સર્વ બાબતો અંકુશિત હોવી જોઈએ.**

કાળ જ્યારે સારો હોય અર્થાત્ સજ્જનોની બહુલતાવાળો હોય ત્યારે માણસના માથે ધાર્મિક, રાજકીય, સામાજિક, વ્યાવહારિક, જ્ઞાતિ સંબંધી, ઉત્તમ કુળ સંબંધી, કુટુંબ સંબંધી, વડીલજન સંબંધી, એમ અનેક પ્રકારના અંકુશો હોય. કુળ જેમ જેમ ઊંચું હોય તેમ તેમ અંકુશો વધારે હોય. બુદ્ધિમાન કુલીન મનુષ્યો આ બધા અંકુશોને સ્વપર કલ્યાણકારી માનીને એનો સ્વેચ્છાએ સહર્ષ સ્વીકાર કરીને રહે; **એઓ એ અંકુશોને સ્વપ્નમાં પણ 'પોતાને માથે લદાયેલા અને દુઃખદ છે' એમ માને નહિ. આ બધા અંકુશો 'પોતાના માથે લદાયા છે અને દુઃખદ છે' એવું તો આત્મશ્રેયની ભાવના વિનાના અજ્ઞાની અને દુર્ભાગી આત્માઓ જ વિચારી શકે !**

કલિકાળના પ્રભાવે અને પડતા (ઉત્તરોત્તર બગડતા જતા) કાળના પ્રતાપે મોટા ભાગના માણસોની બુદ્ધિમાં ઉત્તરોત્તર બગાડો થવાથી શ્રેયસ્કર (આત્મકલ્યાણકારી) અંકુશો પણ એમને અશ્રેયસ્કર લાગવા માંડ્યા; એઓ એ બધા અંકુશોને પોતાના માથે લદાયેલા અને દુઃખદ માનવા લાગ્યા. એમના દુર્ભાગ્યે એમને સરકારી કાયદાઓની સહાય મળવા લાગી. અસામાજિક તત્ત્વો, પાપીઓ, દુર્જનો સજ્જનોના અંકુશમાં રહે નહિ, દીકરા - દીકરીઓ માબાપના અંકુશમાં રહે નહિ, સ્ત્રીઓ પુરૂષોના અંકુશમાં રહે નહિ, વિદ્યાર્થીઓ શિક્ષકોના અંકુશમાં રહે નહિ, નોકરો શેઠના અંકુશમાં રહે નહિ, નાનાઓ વડીલોના અંકુશમાં રહે નહિ, આખોય માનવસમાજ નિરંકુશ ને સ્વચ્છંદી બનીને જીવે એવા કાયદા ઘડાવા લાગ્યા. તેથ આખાય માનવસમાજમાં સર્વક્ષેત્રે બોલવું - ચાલવું, હરવું - ફરવું, ખાનપાન, પહેરવેશ આદિ સર્વ બાબતોમાં નિરંકુશપણું અને સ્વચ્છંદપણું વ્યાપી ગયું. લોકો બધી

મર્યાદાઓ તોડીને મનફાવે તેમ વર્તવા લાગ્યા. કોઈ કોઈને રોકટોક કરી શકે નહિ એવી પરિસ્થિતિ સરજાઈ ગઈ. આમ છતાં સામાન્ય માણસો તો ધર્મ, કુલાચાર આદિ વિરુદ્ધનું કોઈ નવું, અનુચિત વર્તન કરતાં મનમાં દેવ-ગુરુ મને સમાજનો તથા પાપનો ડર રાખીને સંકોચ અનુભવતા રહ્યા, પરંતુ આર્થિક બળ ધરાવતા શ્રીમંત વર્ગની સામે આંગળી ચીંધવાની કે એમને રોકવા - ટોકવાની હિંમત સામાન્ય માણસો તો કરી શકે જ નહિ. એથી દેવ - ગુરુ - સમાજ વગેરેનો અને પાપનોય ડર રાખ્યા વિના પાપાનુબંધી પુણ્યના ઉદયવાળો શ્રીમંતોનો મોટા ભાગનો વર્ગ, લક્ષ્મીના મદથી છકી જઈને નિઃસંકોચપણે ધર્મના તેમજ ઉત્તમકુળના આચારો તથા સમાજના રીત-રિવાજોનો ત્યાગ કરી દઈને તથા આ લોક પરલોકમાં સુખદાયક એવી મર્યાદાઓનો પણ છેડેચોક ત્યાગ કરીને, લગ્નાદિક પ્રસંગે ખાનપાનમાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ચૂકીને અભક્ષ્ય પદાર્થો બનાવવા ઉપરાંત ખાવા ને ખવરાવવા લાગ્યા.

અજૈનના ઘેર જમણવારમાં જૈન આડતિયા અને જૈન સંબંધીઓ માટે જૈન કાઉન્ટર (જૈનોને ખપતા ભોજનની વ્યવસ્થા) હોય એનું આશ્ચર્ય ન હોય, પણ જૈનના ઘેર જમણવારમાં (જૈનોમાં ચુસ્ત જૈનો અને અચુસ્ત જૈનો એવા બે ભાગ પાડીને) ચુસ્ત જૈનોને માટે, જૈન કાઉન્ટર પર જૈનોને ખપતા ભોજનોની વ્યવસ્થા હોય અને અચુસ્ત જૈનોને માટે અભક્ષ્ય ભોજનોની વ્યવસ્થા હોય એ આશ્ચર્ય ઉપજાવનારી બાબત છે. અચુસ્ત જૈનના ભોજનમાં કાંદા, બટેટા, ગાજર, આદુ વગેરે કંદમૂળ હોય, ફણગાવેલા મગ વગેરે અનંતકાય કઠોળ હોય કંદમૂળવાળા સલાડ હોય, શ્રીખંડ સાથે ચણાના લોટની કઢી અને ખમણ ઢોકળાં હોય, સેવપૂરીમાં કાચું દહીં હોય, ખાસ જમણવાર માટે બજારમાંથી તૈયાર આવતા કાંદા, લસણ આદિના પાવડરવાળા મસાલાનો ઉપયોગ થાય, બરફ પણ વપરાય અને અભક્ષ્ય પીણાંઓ પણ પીરસાય, વળી અધૂરામાં પૂરું ચાંદલો આપવા આવનારાઓ માટેની રીસેપ્શન પાર્ટીઓ તેમજ જન્મદિવસની ઊજવણીની બર્થ ડે પાર્ટીઓ રાત્રે યોજાય અને એમાં ખૂબ ખૂબ આનંદથી રાત્રિભોજન કરાય ને કરાવાય. **આમ ખાનપાનની બાબતમાં જે તત્ત્વનું કે જૈનકુળના આચારોનું નામનિશાન પણ ન રહે એવી રીતનું નિરંકુશપણું હાલમાં પાપાનુબંધી પુણ્ય લઈને આવેલા શ્રીમંત વર્ગમાં પ્રવર્તી રહ્યું છે. એ નિરંકુશપણાની ક્યાંય હદ હોય કે એને ક્યાંય થોભો હોય એમ જણાતું નથી.**

ખાનપાનની બાબત જેવું જ નિરંકુશપણું પહેરવેશની બાબતમાં પણ પ્રવર્તી રહ્યું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું ને અહિતકર અનુકરણ કરીને, ભારતીય સંસ્કૃતિના લજ્જા - મર્યાદાયુક્ત ને સદાચારપોષક એવા સ્ત્રીવેશનો ત્યાગ કરીને શ્રીમંત વર્ગની દીકરીઓ ઉદ્ભટ ને પોતને માટે અનુચિત તેમજ જે અંગોપાંગ સારી રીતે ઢાંકવાં યોગ્ય છે એવાં અંગોપાંગ પણ ઉઘાડાં દેખાય એવો સદાચારનાશક ને દુરાચારપોષક પુરુષવેશ પહેરીને મોટા ગર્વ સાથે ને વિના રોકટોક સમાજમાં ફરવા લાગી ને એનો પ્રાણઘાતક ચેપ સામાન્ય જનસમાજમાં પણ ફેલાવી દીધો. બંધ તૂટ્યા પછી નદીઓ સલામત રહી શકે નહિ, એ પણ ગાંડીતૂર બને ! દેરાસર - ઉપાશ્રયમાં પણ પુરુષવેશ પહેરીને પ્રવેશ નહિ કરવા જેટલોય વિવેક શ્રીમંત વર્ગની દીકરીઓમાં દેખાતો નથી. યુરોપ, અમેરીકા વગેરે દેશો પણ ચર્ચ જેવાં ધાર્મિક સ્થળોમાં સ્ત્રીઓને બિકીની (બિકીની) જેવો અનુચિત પોષાક પહેરીને પ્રવેશ કરવાની મનાઈ ફરમાવે છે. આમ ત્યાં પણ ધાર્મિક અંકુશ છે, જ્યારે આપણે ત્યાં અનુચિત એવો પુરુષવેશ પહેરીને સ્ત્રીઓ રોકટોક વિના નિઃશંકપણે દેરાસર, ઉપાશ્રયમાં પ્રવેશ કરી શકે છે. આ રીતે પ્રવેશ કરવાની આપણે એમને મનાઈ ફરમાવી શકતા નથી એ આપણી કમનસીબી છે. **કદાચ દેરાસર, ઉપાશ્રય જેવાં ધાર્મિક સ્થળોમાં સ્ત્રીઓને ઉદ્ભટ, અનુચિત, પુરુષવેશ પહેરીને પ્રવેશ કરવાની મનાઈ ફરમાવવામાં આવે તો પણ શ્રીમંત વર્ગની દીકરીઓ એવી મનાઈને આત્મકલ્યાણકારી માનીને એનો સ્વેચ્છાએ સહર્ષ સ્વીકાર કરી સત્કાર્યમાં સહકાર આપે એ પણ બનવા જોગ લાગતું નથી.**

આમ ખાનપાન, પહેરવેશ અને અન્ય સર્વ બાબતોમાં સર્વ પ્રકારે નિરંકુશ બનેલા શ્રીમંત વર્ગ સ્વચ્છંદતાના અનર્થકારી માર્ગે ચાલવાની શરૂઆત કરી એ જ માર્ગે દિનપ્રતિદિન બેરોકટોકપણે આગળ ને આગળ વધવા સાથે આખાય સમાજને પણ પોતાની સાથે સ્વચ્છંદતાના માર્ગે ઘસડ્યો, હજીયે એ વર્ગ દ્વારા ઘસડાયા જ કરશે. નિરંકુશ બનીને સ્વચ્છંદતાના માર્ગે

આગળ વધેલો શ્રીમંતવર્ગ એ માર્ગેથી પાછો વળે ને અંકુશિત બનીને રહે એવી આશા રાખી શકાય તેમ નથી. આમ છતાં પોતાના કારણે બીજા અનેક જીવોનું અહિત ન થાય એટલા માટે પણ શ્રીમંતવર્ગ જિનાજ્ઞા મુજબનું અંકુશપૂર્વકનું જીવન જીવવા કટિબદ્ધ બને એમ આપણે ઈચ્છીએ ! મોક્ષપ્રાપક માનવભવનાં મૂલ્ય જેઓ સમજે એમને જ અંકુશનું મહત્ત્વ સમજાય. અંકુશનું મહત્ત્વ જેમને સમજાય તેવા ભવ્યાત્માઓ નિરંકુશ બનીને સ્વચ્છંદી જીવન જીવનારાઓથી દૂર રહે, એમના અનર્થકારી ચાળે ચડે નહિ એજ એક પોતાની જાતને સલામત રાખવાનો શકય ઉપાય છે.

માનવભવનાં મૂલ્ય જેમને સમજાયા નથી એવા જૈનેતરો ગમે તેમ જીવે, પણ માનવભવનાં મૂલ્ય જાણનારા જૈનોથી ગમે તેમ ન જિવાય. એના માટે જિનાજ્ઞાનો અંકુશ હોવો જ જોઈએ. **જૈનો જગત જીવે તેમ ન જીવે, પણ જિનાજ્ઞા મુજબ જીવે** જૈનોની **ધાર્મિક, સાંસારિક આદિ તમામ પ્રવૃત્તિઓ જિનાજ્ઞાને લક્ષ્યમાં રાખીને હોય સાંસારિક પ્રવૃત્તિમાં પણ જૈનો જગતથી જુદા તરી આવે. એમની રહેણી-કરણી, ખાનપાન, પહેરવેશ બધું જ જગતથી નીરાળું હોય, જિનાજ્ઞાને લક્ષમાં રાખીને હોય.**

■ ■ ■

રાજકોટની ધર્મધરા પર ધર્મથી ધબકતા વર્ધમાનનગરની ધન્યધરા પર શ્રી પર્યુષણા મહાપર્વમાં થયેલ અનેકવિધ તપાદિ ધર્મની અનુમોદના નિમિત્તે પરમાત્મા ભક્તિનો પંચદિવસીય ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાયો જેની આછેરી ઝલક અત્રે રજુ કરાએલ છે.

શ્રી જિનશાસનમાં પંચાચાર પ્રધાન છે. જ્ઞાનાચારાધનામાં ૩ ટાઈમના પ્રવચનો વાંચનાઓ, જાહેર પ્રવચનો, સંસ્કારશ્રેણી, ગજરાજની અંબાડી પર શોભતું શ્રી પ્રભુજીનું પારણું ઈત્યાદિ દર્શન, ચારિત્ર અને તપારાધના જે એકથી એક ચઢિયાતી થઈ તેનામાંથી મહોત્સવનાં મંડાણ થયા. ઘણા વર્ષે પ્રભુ ભક્તિનો મહોત્સવ મંડાતા પ્રભુભક્તોના હૈયા હેલે ચઢયા.

શુભ સાનિધ્ય - પર્યાય સ્થવિર, તપસ્વી મુનિપ્રવર શ્રી લાભ વિ. મ. સા., બન્ધુ બેલડી પૂ. મુનિપ્રવર શ્રી તત્ત્વરત્ન વિ. મ. સા., પૂ. મુનિરાજ શ્રી હિતરત્ન વિ. મ. આદિઠા. સાધ્વીજી ચંદનબાળાશ્રીજી ઠા. ૭.

મહોત્સવના પાંચે દિવસ પ્રભુજીને ભવ્યા અંગરચના કરાએલ. પ્રસંગોપાત પૂજ્યશ્રીના પ્રભુભક્તિના મનનીય પ્રવચનો થતા. શ્રાવકોના ૧૧ કર્તવ્યો ભવ્ય સ્નાત્ર મહોત્સવનું આયોજન થતા **રામ રંગોત્સવ વાટિકા** સ્થળે સ્ટેજ પ્રોગ્રામ સહ મેરૂ પર્વત, ૫૬ દિક્કુમારી, ૬૪ ઈન્દ્રો, સૌધર્મેન્દ્ર, ઈશાનેન્દ્ર, અચ્યુતેન્દ્ર, હરિણૈગમેષ પાત્રો સહ ખૂબ જ ઉલ્લાસભેર ઊજવાયો જેમાં વિશાળ સ્થાન પણ નાનું પડે અને બધાને એમ થયું કે, આ રીતે દર વર્ષે **જિનજન્મમહોત્સવ** ઉજવાય તો કેટલું સારું. રાજકોટ નગરમાં જેનું આયોજન સહુપ્રથમવાર થવા પામેલ બધાને એમ હતું કે, આ **સામુદાયિક અષ્ટપ્રકારી** પૂજાનું આયોજન કઈ રીતે થશે. પણ સ્નાત્ર મહોત્સવની જેમ વિશાળ સંખ્યામાં ભાવિકો હાથમાં પૂજાના થાળ ભરીને પૂજા ગુરૂ ભ. ને લઈ વાજતે - ગાજતે રામ વાટિકામાં પધાર્યા ત્યારે ૯ ત્રીગડા ઉપર પદ પ્રભુજીના દર્શને સહુનો આત્મ મયૂર નાચી ઉઠયો. અષ્ટપ્રકારી પૂજાના દુહા, દશત્રિક અને અનેક વિધિઓનું માર્ગદર્શન આપતી **શા. ઈન્દુભાઈ માદવજીભાઈ** પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તિકા સહુના હાથમાં મૂકવામાં આવી અને આ બન્ને દિવસ પ્રભુજીની ભક્તિમાં રસ તરબોળ કરવાનું કામ સુશ્રાવક **અનંતરાયભાઈ** એ ખૂબ જહેમત ઉઠાવીને કર્યું હતું **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ** મહાપૂજન અને **સત્તરભેદી પૂજા** જેમાં સુશ્રાવક પ્રતાપભાઈની મંડળીએ પ્રભુભક્તિમાં ભાવિકોને તલ્લીન બનાવ્યા હતા. સુશ્રાવક પ્રકાશભાઈ દોશીએ આ મહોત્સવને જિનાજ્ઞા મુજબ શાસન પ્રભાવક બનાવવા **વિધિવિધાન** આદિ સર્વ બાબતોની ખૂબ કાળજી લીધી હતી.

આ મહોત્સવ કરવા પાછળનો ઉદેશ પત્રિકામાં જણાવ્યા મુજબ વર્ધમાનનગર શ્રીસંઘમાં મોક્ષમાર્ગની આરાધનાઓ વર્ધમાન બનતી રહે આવા શુભભાવ થી....

પ્રાન્તે પંચ દિવસીય પ્રભુભક્તિના મહોત્સવથી સંઘના નાના - મોટા ભાઈઓ - બહેનોને ઘણો લાભ થયો છે.

જિનબિંબ પ્રતિષ્ઠાનો મહિમા અને મંદિરના વહિવટની શાસ્ત્રીય રૂપરેખા

[illegible] શ્રી વિ. [illegible] ના.

ભવાની પેઠ મધ્યે નવનિર્મિત શ્રી નૂતન જિનાલયમાં મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથ સ્વામિ ભગવાન આદિ શ્રી જિનબિંબોને ગાદીનશીન કરાવ્યા પછી આપેલ પ્રવચન :

(૨૦૩૨માં પૂના–ભવાની પેઠ મધ્યે, પ્રતિષ્ઠા પછી આપેલ મનનીય પ્રવચન, મહાવીર શાસન વર્ષ–૨૮, અંક – ૪ માંથી સાભાર અત્રે પ્રગટ કરીએ છીએ. આજે પ્રવચન વર્તમાનકાળમાં દેવદ્રવ્યાદિના બાબતમ જે ગેરસમજો છે તેની સામે લાલબત્તી ધરે છે, જૈનશાસનમાં ગુરૂ સંબંધી દ્રવ્ય–ઉપજ તે દેવદ્રવ્ય-જ ગણાય છે, માટે દેવદ્રવ્ય – જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય એ ત્રણના ભંડાર રાખી દર્શન કરવાનું વિધાન છે. – તેની ઉપયોગની સ્પષ્ટ સમજ આપી, શાસ્ત્રીય માર્ગે ચાલવાની પ્રેરણા આપનાર આ પ્રવચન શાંતચિત્તે વાંચી–વિચારી, સિધ્ધાંતના સાચા રક્ષક–આરાધક બની સૌ આત્મ કલ્યાણના ભાગી બનો તે જ શુભેચ્છા સહ શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુધ્ધ લખાયું હ' ત્રિવિધે ક્ષમાપના – અવ.)

પ્રવચન ૯ મું

આત્માનો આ સંસારથી નિસ્તાર થાય એવા ઉત્તમકોટિના ભાવથી જે કોઈ જિનબિંબની પ્રતિષ્ઠા કરે છે. એ નો કરવાની શકિત ન હોય તે બીજાઓને પ્રેરણા આપી કરાવે છે અને કરવાની કે કરાવવાની શકિત નથી ધરાવતા એવા આત્માઓ આવા પ્રસંગો જોઈ જોઈ અનુમોદના કરે છે તે બધા આલોકમાં અને પરલોકમાં સાચા સુખી થાય છે અને પરિણામે શાશ્વત સુખના સ્વામી બને છે.

દેવદ્રવ્ય વધી ન જાય અને પોતાની મૂડી ઘટે નહિ તેવી ચિંતાવાળાની અમને ખરેખર દયા આવે છે.

વહિવટ કરો તો એવો કરજો કે સૌ કોઈ સમજી કહે કે ધર્માત્મા છે અને બીજાઓ પણ તમારો વહિવટ જોઈને વહિવટ કેમ કરાય તે ય શીખે. સાત ક્ષેત્રોની વ્યવસ્થા અને અનુકંપા પણ શું ચીજ છે એ સારી રીતે સમજો અને આજ્ઞા મુજબ તેની ઉપાસના કરી સાચું કલ્યાણ સાધો.

जह सिद्धाण पइट्ठा, समग्गलोगस्स मज्झयारंमि ।
आचंदसूरियं तह, होउ इमा सुप्पइट्ठत्ति ।। १ ।।

जह सग्गस्स पइट्ठा, समग्गलोगस्स मज्झयारंमि ।
आचंदसूरियं तह, होउ इमा सुप्पइट्ठत्ति ।। २ ।।

जह मेरूस्स पइट्ठा, दीवसमद्दाण मज्झयारंमि ।
आचंदसूरियं तह, होउ इमा सुप्पइट्ठत्ति ।। ३ ।।

जह जंबूस्स पइट्ठा, समस्यदीवाण ममज्झयारंमि ।
आचंदसूरियं तह, होउ इमा सुप्पइट्ठत्ति ।। ४ ।।

जह लवणस्स पइट्ठा, समत्यउदहीण ममज्झयारंमि ।
आचंदसूरियं तह, होउ इमा सुप्पइट्ठत्ति ।। ५ ।।

धम्माऽधम्मागासा – त्तिकायमइगस्स सव्वलोगस्स ।
जह सासया पइट्ठा, एसा वि य होउ सुप्पइट्ठा ।। ६ ।।

पंचण्ह वि सुपइट्ठाण, परिमट्ठीणं जहा सए भणिआ ।
नियया अणाइ निहणा, तह एसा होउ सुप्पइट्ठा ।। ७ ।।

સુંદર રીતિએ શાસ્ત્રની આજ્ઞા મુજબ થયેલી સુંદર પ્રતિષ્ઠા જયાં સુધી ચન્દ્ર અને સૂર્યનું અસ્તિત્વ છે ત્યાં સુધી બની રહો એવી ભાવના મહાપુરૂષોએ પ્રગટ કરી છે. શ્રી સર્વજ્ઞ પરમાત્માઓનું શાસન ચન્દ્ર સૂર્યના અસ્તિત્વને શાશ્વત માને છે એ તો તમે સૌ જાણતા જ હશો. એ રીતે સુપ્રતિષ્ઠા પણ શાશ્વત રહો એવી ભાવના વ્યકત કરતાં અનેકમાંની કેટલીક શાશ્વત વસ્તુઓનું જે વર્ણન કરે છે તે આપણે જોઈએ.

સમગ્ર લોકના મધ્યમાં અનંત શ્રી

સિદ્ધપરમાત્માઓની શાશ્વત પ્રતિષ્ઠા છે. ૧. સમગ્ર લોકના મધ્યમાં સ્વર્ગની પ્રતિષ્ઠા શાશ્વત છે. ૨. જમ્બૂદ્વીપ આદિ અસંખ્ય દ્વીપો છે અને લવણસમુદ્ર આદિ અસંખ્ય સાગરો છે તે અસંખ્ય દ્વીપો અને અસંખ્ય સમુદ્રોની મધ્યમાં મેરૂપર્વતની પ્રતિષ્ઠા શાશ્વત છે. ૩. સઘળાઈ દ્વીપોની મધ્યમાં જંબૂદ્વીપની પ્રતિષ્ઠા શાશ્વત છે. ૪. સઘળાઈ સમુદ્રોની મધ્યમાં લવણસમુદ્રની પ્રતિષ્ઠા શાશ્વત છે. ૫. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય મય સર્વ લોકની પ્રતિષ્ઠા શાશ્વત છે. ૬. 'શ્રી અરહિંત ભગવંતો, શ્રી સિદ્ધભગવંતો, શ્રી આચાર્ય ભગવંતો, શ્રી ઉપાધ્યાય ભગવંતો અને સાધુ ભગવંતો' આ પાંચેય પરમેષ્ઠીઓની પ્રતિષ્ઠા આ પંચાસ્તિકાયાત્મક લોકની મધ્યમાં શાશ્વત છે.

આ પ્રમાણેની શાશ્વત વસ્તુઓની નોંધ કરી મહાપુરૂષોની એવી ભાવના વ્યકત કરવાનું કહે છે કે – જેમ આ વસ્તુઓની પ્રતિષ્ઠા શાશ્વત છે તેમ અને જેમ ચન્દ્ર અને સૂર્ય શાશ્વત છે તેમ આ સુંદર પ્રતિષ્ઠા પણ શાશ્વત રહો.

હવે આ પ્રસંગે એ વાત સમજવી જરૂરી છે કે – બનાવવામાં આવેલાં શ્રી જિનમંદિરો, ભરાવવામાં આવેલા શ્રી જિનબિમ્બો અને તેની કરવામાં આવેલી પ્રતિષ્ઠાનું અસ્તિત્વ શાશ્વત હોઈ શકતું જ નથી એટલે આ ભાવનાનું સાફલ્ય જે આત્માઓ ભગવંતોને પોતાનાં આત્મામાં સુંદર રીતે સુપ્રતિષ્ઠિત કરે છે તે, તે પ્રતિષ્ઠા તે આત્માઓને ભગવંત સ્વરૂપ બનાવનારી હોઈ, શાશ્વતપણાને પામે છે આ વાત સમજાવવાનો મહાપરૂષનો આશય છે.

આ વાતથી તમે સમજી શકશો કે – જે ભવ્યશાલીઓના હૈયામાં જો ભગવાન પ્રતિષ્ઠિત ન થાય તો તેઓને શાસ્ત્રમાં કહ્યા મુજબ પ્રતિષ્ઠા કરાવવાનું મન થાય નહિ. જેઓના હૈયામાં ભગવાન આવ્યા, તેઓને પ્રતિષ્ઠા કરાવવાનું સુંદર મન થાય છે. તેને લઈને તેઓ લક્ષ્મીનો એવો સદ્વ્યય કરે છે કે જોનારાઓને પણ તેનો પરમ સદ્ભાવ થાય. જેના આત્મામાં શ્રી અરિહંત પરમાત્માની પ્રતિષ્ઠા થઈ છે તે કયાં સુધી રહેવી જોઈએ ? તે આત્મા મુકિતમાં ન જાય ત્યાં સુધી. સૂર્ય ચન્દ્ર રહેવાના ત્યાં સુધી આ પ્રતિષ્ઠા કાયમ રહેવાની. આ ભાવ ન આવે તો મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ખરેખર! આવી પ્રતિષ્ઠા જે દેશમાં જે નગરમાં થાય ત્યાંની સ્થિતિ કેવી હોય તેનું વર્ણન કરવું છે. મધ્યલોકમાં રહેલા જીવોને મહાપુણ્યના યોગે કર્મભૂમિમાં મનુષ્ય જન્મ મલે અને તેમાં આર્યદેશાદિ સારામાં સારી સામગ્રી પામ્યા પછી લક્ષ્મી મલી હોય તો કયી લક્ષ્મી સફલ અને કયી લક્ષ્મી નુકશાનકારી તે વાત સમજાવી છે.

राया बलेण वड्ढइ,जसेण सयलंड सयत्तो दिसम , ।
सो पुण वड्ढइ विउल, सुपइट्ठा जस्स देसंमि ॥ १ ॥

उवहणइ रोगमारिं, दुब्भिक्खं हणइ कणइ राहभावं ।
भावेण कीरमाणा, सुपइट्ठा जस्स देसंमि ॥ २ ॥

जिणबिंबपइट्ठं जे, करिंति तह कारविंति भत्त , ।
अणुमन्नंति पइदिणं, सव्वेसुहभाइणो हुंति ॥ ३ ॥

આજે જે જાતિનું માનસ બનવું જોઈએ તે જાતિનું માનસ નથી બનતું આથી તે જાતિનું માનસ બનવવા શાસ્ત્રેકહેલી વાતો કહેવી છે.

અનંત જ્ઞાનીઓ અને તેના શાસનને પામેલા પરમર્ષિઓ ફરમાવી રહ્યા છે કે – જે દેશની અંદર આવાં પ્રતિષ્ઠાનાં વિધાનો, સુંદર વિધાનપૂર્વક થાય છે તે દેશનો રાજા બલદ્વારા વૃદ્ધિને પામે છે. તેને પોતાને યશે કરીને દિશાઓને પ્રકાશીત કરે છે. જે દેશની અંદર આવા પ્રકારની સુંદર પ્રતિષ્ઠા ભાવ પૂર્વક કરાય અને દેશના લોકો પણ આવી પ્રતિષ્ઠાને સુંદર ભાવથી અનુમોદે તે દેશમાં રોગ–દુષ્કાળ–મારી વગેરે ભયો પેદા થયા હોય તો તે નાશ પામે છે અને શુભ ભાવો પેદા થાય છે. જે જીવો ભકિતથી જ, નમના માટે નહિ, કીર્તિ માટે નહિ, પ્રસિદ્ધિ માટે નહિ, આ લોકના

આ જ કારણે ભવ્ય જીવ તે જ દ્રવ્યને સફલ માને છે કે – જે દ્રવ્ય શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાદિ કાર્યોમાં ઉપલક્ષણથી શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા

કે પરલોકના તુચ્છ સુખ માટે નહિ પણ આત્માનો આ સંસારથી નિસ્તાર થાય એવા ઉત્તમ કોટિના ભાવથી જે કોઈ જિનબિંબની પ્રતિષ્ઠા કરે છે, જેની કરવાની શક્તિ ન હોય તે બીજાઓને પ્રેરણા આપી કરાવે છે અને કરવાની શક્તિ નથી ધરાવતા એવા આત્માઓ આવા પ્રસંગો જોઈ જોઈ અનુમોદના કરે છે તે બધા આલોકમાં અને પરલોકમાં સાચા સુખી થાય છે અને પરિણામે શાશ્વત સુખના સ્વામી બને છે.

આ જ કારણે ભવ્ય જીવ તે જ દ્રવ્યને સફલ માને છે કે – જે દ્રવ્ય શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાદિ કાર્યોમાં ઉપલક્ષણથી શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા મુજબના શ્રી જિન મંદિરોના જિર્ણોદ્ધાર આદિ કાર્યોમાં લાગે છે. તે સિવાયના દ્રવ્યને દુર્ગતિને પેદા કરનારૂં માને છે. આથી જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે – આ પ્રમાણે સમજીને હે ભવ્યજીવો ! તમે સૌ ભવ્યજીવો સદા શ્રી જિનબિમ્બોની પ્રતિષ્ઠા સુંદરમાં સુંદર રીતિએ કરો અને શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞા મુજબ શ્રી જિનમંદિરો જીર્ણ થયાં હોય તેના ઉદ્ધાર આદિનાં કાર્યો કરો અને પ્રતાપે જરા અને મરણથી રહિત એટલે કે જન્મથી પણ રહિત એવા શાશ્વત સ્થાને – મોક્ષને પામો.

અનંતજ્ઞાનીઓની આવા પ્રકારની આજ્ઞાનો વિચાર કરીએ તો આજે એવી દશા પેદા થઈ છે કે – જેનું વર્ણન કરતાં પણ દુઃખ થાય. આ કાલમા અપવાદ બાદ કરતા જેઓને ધન મલ્યું છે તેમાંના મોટા ભાગની એવી દશા છે કે – જેનું વર્ણન કરવું તે પણ કઠિન છે. તમે સાચા પરિસ્થિત સમજો તો સારૂં એ માટે આ બધી વાત થાય છે. આ કાલ ખરાબ છે એ વાત પણ સાચી છે. દક્ષિણ દિશા છે એટલે કૃષ્ણપક્ષિના જીવો કે જેનો સંસારમાં ભટકવાનો કાલ લાંબો હોય છે. એવા જીવોની સંખ્યા પણ મોટી હોય. આમ છતાં આ દક્ષિણાર્ધ ભરતમાં સારા કાલમાં શ્રી ભરત મહારાજાએ શ્રી અષ્ટાપદપર જે મંદિર બનાવ્યું છે તે સૌને ચકિત બનાવે એવું છે અને એનો વણો મહિમા શ્રી જિનાગમોમાં ગવાય છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં થયેલા શ્રી સંપ્રતિ મહારાજાએ ભરતક્ષેત્રની ત્રણખંડની ભૂમિને શ્રી જિનમંદિરોથી મંડિત બનાવી દીધી છે. તે મહારાજાએ સવા લાખ નવા શ્રી જિનમંદિરોનું નિર્માણ કર્યું છે. સવા ક્રોડ શ્રી જિનબિંબો ભરાવ્યાં છે. છત્રીસ હજાર જીર્ણ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે અને ૯૫૦૦૦ પિત્તલની પ્રતિમાઓ ભરાવી છે. એવી જ રીતિએ શ્રી કુમારપાલ મહારાજા, વિમલશા, વસ્તુપાલ અને તેજપાલ મંત્રી આદિ પુણ્યશાલીઓએ શ્રી જિનમંદિરો બનાવ્યા આદિની વાતો આવે છે. શ્રી મોતીશા શેઠ પણ થોડા સમય પહેલાં થયા છે. તેમના નામનાં મંદિરો વિદ્યમાન છે. આવી વાત મહાપુરૂષોએ રચેલાં શાસ્ત્રોમાં અને સ્તવનાદિમાં મળે છે.

વર્તમાનમાં કોઈને આજ કાલમાં જે મંદિરો બને છે તેને અંગે લખવું હોય કે કોણે કેટલાં મંદિરો બંધાવ્યાં ? તો તે શું લખે ? જીર્ણ મંદિરોનાં જીર્ણોદ્ધારો કોણે કરાવ્યાં તેમાં શું લખે ? મહાપુરૂષો લખી ગયા તેમ આજે લખવાની ઈચ્છા થાય કે – અમુક નગરમાં અમુક ગામમાં અમુક જગ્યાએ ફલાણાએ મંદિર બાંધ્યું તો કોનું નામ પહેલું લખે ?

આજે વ્યક્તિગત મંદિર બાંધવાની વાત મોટે ભાગે ગઈ. આજે મોટે ભાગે દેવદ્રવ્યથી જ મંદિર બંધાય છે. આ બધી વાત શા માટે કરવી પડે છે ? વર્તમાન કાળના પુણ્યશાલિઓમાં જે જાતિનો ક્ષયોપશમ કે પુણ્ય ભાવ જોઈએ તે છે નહિ અને વધારામાં કહીએ તો પ્રગટાવવાનો પણ ભાવ નથી.

આજે દેવદ્રવ્યની વૃદ્ધિ ચાલુ હોય તો જ સમજવાનું કે નવા મંદિરો બંધાશે અને જુનાં જીર્ણમંદિરોનો જીર્ણોદ્ધાર થશે. હજી ભાગ્યોદય છે કે આવા પ્રકારના ઉત્સવોને પ્રેમ પૂર્વક જોનારા તેને ઉજવનારા, તેમાં ભાગ લેનારા આવા કાળમાં લક્ષ્મીનો વ્યય કરવો તેને ઘણું સારૂં માનનારા જીવો જીવે છે. ઘણાને વર્તમાનમાં આવી જાતિના ઉત્સવો ગમતા નથી, જેમ તેમ ઉત્સવો પતાવી દેવાની યોજનાઓ થઈ ચુકી છે. એવો વખત આવશે કે નવા મંદિરો બાંધી

નહિ કરાય અને જીર્ણ મંદિરોનો ઉદ્ધાર નહિ થાય.

એક કાલે ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ વગેરે ધર્મમય પ્રદેશો હતા. તેના ગામડાઓમાં પણ શ્રી જિનમંદિરો અને ધર્મસ્થાનો હતાં અને છે.

આજે તે જાય એવી પરિસ્થિતિ ઉભી થઈ છે, કેમકે ગામનાં ગામ ખાલી થવા માંડયા છે. મંદિરો એમને એમ પડયાં છે. તેને ઉઠાવવાની યોજનાઓ ચાલી રહી છે કેમકે પૂજનાર કોઈ નથી. પૂજનાર નથી માટે શું કરવું તેની ચિંતા થઈ રહી છે. તમે સમજો છો કે, દેવદ્રવ્ય જીવંત હશે તો આ બધાની રક્ષા થશે નહિ તો રક્ષા કેવી મુશ્કેલ છે. આ કાળના કેટલાક ટ્રસ્ટીઓ પણ લગભગ બને ત્યાં સુધી કોઈને નહિ આપવાની ઈચ્છાવાળા છે. પૈસાના વહિવટ માટે જે બધા ધર્મના વહિવટ કરનારા થયા છે તે બધા આ મનુષ્ય ભવને હારી જવાના છે.

શાસ્ત્રે દેવ દ્રવ્યના, સાધારણ દ્રવ્યના અને જ્ઞાન દ્રવ્યના નિધાન રાખવાની આજ્ઞા કરી છે. તમે નિધાન સમજયા ? જેટલુ દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય કે જ્ઞાન દ્રવ્ય હોય તેને અડવાનું નહિ પણ પૂજવાનું. જયાં સુધી સુખી જીવો બેઠા હોય, સુખી જીવ તો સમજો છો ને ? ઘણા સુખી જીવો છે તે બધાની વાત કરવી છે. તે બધા સુખી જીવો વિદ્યમાન હોય તેઓએ જેમ ભગવાનનાં દર્શન કરવાનાં સાધુનાં–ધર્માત્માનાં દર્શન કરવાના તેમ દેવદ્રવ્યનાં, સાધારણ દ્રવ્યનાં અને જ્ઞાન દ્રવ્યનાં પણ દર્શન કરવાનાં પણ તેને અડવાનું નહિ. સુખી માણસોની હાજરી હોય ત્યાં સુધી ભંડાર ખોલવાના નહિ. તો પછી તે ભંડારો કયારે ખોલવા જોઈએ ? એવો કાળ આવે કે સુખી માણસો વિદ્યમાન હોય, વિદ્યમાન હોય પણ કરવાની ભાવના વાળા ન હોય, જેની કરવાની ભાવના હોય પણ પોતાની શકિત ન હોય ત્યારે મંદિરના દ્રવ્યથી ઉદ્ધાર– જીર્ણોદ્ધાર કરાય, નવા મંદિરો બંધાવાય. પૂજા ભકિત પણ કરાવાય.

મેં મારા જીવન કાળમાં સારા ટ્રસ્ટી જોયા છે. તે વખતે તેઓ ટ્રસ્ટી નહોતા કહેવાતા પણ વહીવટદાર કહેવાતા. હું ત્યારે તરતનો દીક્ષીત થયેલ નાનો સાધુ હતો. વ્યાખ્યાનમાં સાદી જાજમ પથરાઈ હતી. આગેવાન શેઠીયો આવ્યો અને જાજમ જોઈ. મુનીમને બોલાવી પૂછયું કે – આ જાજમ કયાંથી આવી ? મુનીમ કહે – જુની જાજમ ફાટી ગયેલી એટલે આ નવી લાવ્યા.. તો તે આગેવાન શેઠીયાએ પૂછયુ કે આના પૈસા કોણે આપ્યા ? મુનીમ કહે – સાધારણ ખાતામાંથી લાવ્યો. એટલે તે આગેવાન શ્રાવક કહે – અમે બધા સાધારણ માણસ છીએ ? તું અમને સાધારણ સમજે છે ? મારી પાસે કેમ ન આવ્યો ? આ જાજમ કેટલાની આવી ? જેટલાની આવી હતી તેટલા પૈસા પોતે આપી દીધા . અને કહ્યુ કે – સાધારણ ખાતામાં મૂકી દે જે અને ફરી આવી ભૂલ કરતો નહિ.

અને વર્તમાનમાં એવા ટ્રસ્ટીને પણ મેં જોયા છે કે એક ગામમાં અમે ગયા. ત્યાં મેં પ્રસંગ પામતા પૂછયું કે – મંદિરમાં મૂડી કેટલી છે ? એટલે આગેવાન કહે કે સાહેબ ! મૂડી તો ઘણી પણ પાંજરાપોળમાં ઘાસપાણીની જરૂર હતી માટે આપી દીધી. મેં પૂછયું કે – તમારા ઘરમાં પૈસા હતા કે ખાલી છો ? તમારા જેવા લોકોને ટ્રસ્ટી થવાનો અધિકાર નથી. તમારા ઘરની મૂડી સાચવી અને દેવદ્રવ્યની મૂડી આપી દીધી તો આમાથી અપાય ? સુવર્ણ બોન્ડ વખતે પણ ટ્રસ્ટીઓએ ટ્રસ્ટમ થી સુવર્ણ આપી દીધું અને પોતાનું સાચવી રાખ્યું

મંદિરો શકિતસંપન્નોએ પોતે બાંધવાનાં છે. પોતાની શકિત હોય તો પોતે એક જા બાંધે, તે શકિત ન હોય તો બે જણા ભેગા થઈ બાંધે. આજે તો બધાને લાભ આપવા નીકળી પડયા છે એટલે પોતાની તિજોરી તરની રહે. તમારા પૈસા દુનિયાદારીમાં ખર્ચાય, પ્લેનમાં ઉડો. મોટરોમાં ફરો, એરકન્ડીશનમાં રહો, ફર્નીચરમાં ઘાલો તેમાં બાર મહિને પાંચ લાખ રૂપિયા ય ખરચો પણ ત્યાંથી એક પૈસો ય ન ખરચો તેનું કારણ શું ? મને તો એક જ કારણ લાગે છે કે –

આજે લોકોનું માનસ બગડયું છે. દેવ દ્રવ્યથી મંદિર બંધાતું હોય, જીર્ણોદ્ધાર થતો હોય તો આપણે લપટાવું ન પડે તેવી મોટા ભાગની માન્યતા છે. તમે એકલાએ બાંધેલા ૫-૧૦ લાખના બંગલા જોયા છે પણ મંદિર ?

આ જે દેવદ્રવ્યથી મંદિર બંધાય છે તે સ્વાભાવિક થયું છે. મંદિર બાંધ્યું, પ્રતિષ્ઠા કરી. ભગવાન પધરાવ્યા પછી તમારી કાંઈ જોખમદારી ખરી ? ઘર માંડયા પછી કે પેઢી ખોલ્યા પછી ઘરના કે પેઢીના માણસની જોખમદારી ખરી ?

જે કે મંદિર બંધાવનાર આજે નહિવત્ થઈ ગયા છે. દેવદ્રવ્યથી મંદિર બંધાવવા શરૂ થયા. બધા ટ્રસ્ટીઓએ નક્કી કર્યું કે – મંદિરની પૂજા કરવા પૂજારી જોઈએ પૂજારીને પગાર અધિક ન આપવો પડે તે માટે શું નિર્ણય કર્યો તે જાણો છો ? ચોખા-ફળ-નૈવેદ્ય પૂજારીને નાખવા અને ઓછા પગારે પૂજારી રાખવા. કોઈ કોઈ સ્થાને તો આંગીના ઉતારા પણ પૂજારીને આપવાનો નિર્ણય કર્યો છે અને તે પછી પણ જો ઓછો પગાર આપવાનો રહે તે પણ દેવદ્રવ્યમાંથી જ આપવો. આ બાબતમાં કોઈ પૂછે કે – આવો નિર્ણય કોના કહેવાથી કર્યો ? કોઈ સાધુ મહારાજે તમને શાસ્ત્ર બતાવી કહ્યું હશે –દેવદ્રવ્ય હોય ત્યાં સુધી તમારે પોતાનું કેસર, સુખડ, બરાસ વગેરે લાવવાની જરૂર નથી ? બધું ભગવાનનું ભગવાનને જ ચઢાવો એમ કોઈએ સમજાવેલ ? કે આ બધું ચાલે છે તે પોતાની મરજી મુજબ છે

પ્ર - સરકારના કાયદા એવા છે કે બધું લઈ જાય.

આ વાત કાયદા વખતની નહિ પણ કાયદા ન હતા ત્યારની પણ છે. તમારા લોકોની કૃપણતા અને ભક્તિનો અભાવ તેને લઈને આજ્ઞા વિરુધ્ધ આ બધું શરૂ થયું છે.

આજે નવા નવા ટ્રસ્ટી બની રહ્યા છે. તે ટ્રસ્ટો પોત પોતાની મરજી મુજબ જુદા જુદા કાનુન બનાવે છે. તે ટ્રસ્ટો કહેવાય ? મંદિર ભગવાનના અને તેમાં ભગવાનની આજ્ઞાનું નામ નિશાન નહિ. આ તે ચલે ? હજુ પણ તમે સુધારવા ધારો તો સુધારી શકો તેવી પોઝીશન છે. પણ તમારે તેમ કરવું નથી કેમકે સુધારવા જાવ તો પહેલી ઘર પર પાડ આવે તેવી છે.

જેમ દેવદ્રવ્યથી મંદિર બંધાય છે તેમ મૂર્ત્તિદ્રવ્યથી પૂજા થાય ? પૂજારી રખાય ? તમને કાંઈ અડી ન જાય તેની કાળજી રાખી રહ્યા છો. તમે તમારા વહિવટના ચોપડામાં પહેલે પાને લખો કે

(૧) 'ભગવાનને માનનારા અમને અમારા ભગવાનની, શાસ્ત્રોની અને મહાપુરૂષોની આજ્ઞા છે કે, 'મંદિર તમારી શકિત હોય તો જાતે બંધાવવું, જીર્ણોદ્ધાર પણ જાતે જ કરાવવો.' આ આજ્ઞા હોવા છતાં અને અમારી શકિત હોવા છતાં પણ અમે મંદિર સ્વતંત્રપણે બંધાવતા નથી, મોટે ભાગે દેવદ્રવ્ય ઉપજાવી તેમાંથી મંદિર બંધાવીએ છીએ, જીર્ણોદ્ધાર પણ દેવદ્રવ્યમાંથી જ કરાવીએ છીએ. આ અમારી ખામી છે પણ વિધિ નથી. મેં માગી ભીખીને, વ્યાજે પૈસા લઈને મંદિર બાંધ્યું છે. મંદિર બંધાવી શકે તેવા લોકોએ પણ વ્યાજે પૈસા ધીર્યા છે.'

(૨) 'અમને ભગવાનની મૂર્તિ પર ભકિત ઘણી છે. નામ લખાવવા માટે મૂર્તિ ભરાવવામાં ઘણું દ્રવ્ય ભેગું થાય છે તેને અમે તે દ્રવ્યથી જ ભગવાનનો પૂજારી રાખીએ છીએ, તેમાંથી જ કેસર-સુખડ-બરાસના પૈસા કાઢીએ છીએ. આ શાસ્ત્રાજ્ઞા નથી પણ અમે બધા કૃપણ પાકયા માટે આ બધું કરીએ છીએ.'

આ બે ઠરાવ ચોપડાના પહેલા પાને લખી પછી તમારે જેમ વ્યવસ્થા કરવી હોય તેમ કરજો. સાચી વાત સાધુ પણ ના કહે તો દોષના-પાપના ભાગીદાર બને માટે આ વાત કરી છે. તમે જો શાસ્ત્રાજ્ઞા મુજબ વહિવટ નહિ કરો તો પાપના ભાગી તમે બનશો અને સાચી વાત સમજાવનારા સાધુ બચી જશે.

ભગવાનને અપૂજ્ય રખાય નહિ. ઘણાં ગામ એવાં છે જ્યાં સામગ્રી નથી, પૂજા થતી નથી. લોકોની પણ એવા સામાન્ય સ્થિતિના છે કે કાંઈ કરી શકે તેમ નથી. આ મૂર્તિદ્રવ્ય તેવે વખતે ત્યાં કામ લાગે. તમારા શહેરમાં તમને ઘસારો ન લાગે તે માટે તમે આજ્ઞાવિરુદ્ધ ગરબડ કરો તે બરાબર નથી.

દેવદ્રવ્ય વધી ન જાય અને પોતાની મૂડી ઘટે નહિ તેવી ચિંતાવાળાની અમને ખરેખર દયા આવે છે.

તમે લોકો ભાગ્યશાલી છો. આવા પ્રસંગોમાં લોકોનું માનસ જોયું ! કેવા ઉલ્લાસ અને ઉમંગથી ભાગ લે છે તે જોયો. જે આગેવાનો ઉદાર હોય, ભાવના ભક્તિવાળા હોય તો સામાન્ય લોકો તેનું અનુમોદન કરનારા છે. આજે તો આવા ઉત્સવો ન જોઈએ એમ માનનારા પાકી ચૂકયા છે. એટલે જે જગ્યાએ સારામાં સારું કામ થઈ શકે તેમ હોય ત્યાં પણ સારા કામ થતાં નથી.

જ્યાં સુધી ભાગ્યશાલી જીવો જીવતા હોય ત્યાં સુધી આવા મંદિરમાં પૂજારીને ૧૦૦–૨૦૦ અથવા વખત આવે તો ૩૦૦–૪૦૦–૫૦૦ રૂ. આપવા પડે તો પણ આપીવસનાર વર્ગ દેવદ્રવ્ય કે મૂર્તિદ્રવ્ય સામે જોવું પડે તેમ હોય એવું હું માનતો નથી.

જે બાર મહિને ૧૦૦૦) રૂા. ખાતા હોય તે ૨૫ રૂા.) ૫૦૦૦) રૂા. ખાતા હોય તે ૫૦ રૂા. સાધારણ ખાતે આપે. એજ રીતે ૩૦૦૦) રૂા. ખાતા હોય તે ૭૫) રૂા., ૪૦૦૦ રૂા. ખાતા હોય તે ૧૦૦) રૂા. ૫૦૦૦) રૂા. ખાતા હોય તે ૧૨૫) રૂા. ૧૦૦૦૦) રૂા. ખાતા હોય તે ૨૫૦) રૂા. અને ૧૦૦૦૦ રૂા. કરતાં અધિક ખાનારા હશે ને ? બાર મહિને અધિકમાં અધિક ખાવાનો ખર્ચો કરનારા કેટલા હશે ? એ મુજબ બધા ૧૨ મહિને પેઢીમાં મોકલી દે. ૨૦૦૦ રૂા. વાળા ૫૦૦ રૂા., ૪૦૦૦૦ રૂા. વાળા ૧૦૦૦ રૂા. અને લાખ રૂપિયા ખાતા હોય તે ૨૫૦૦) રૂા. આપે. તો પછી ગમે તેવો સારામાં સારો પૂજારી રાખવો હોય, ચોકીદાર રાખવો હોય, દરરોજ તાજાં વિધિપૂવક ફુલ લાવનાર માળી રાખવો હોય તો તેને દેવદ્રવ્ય સામે જોવું પડે ખરું ? ચોખા–ફળ નૈવેદ્ય વગેરે પૂજારીને આપવાનાં તે શાસ્ત્રવિધિ છે ? તમે સમજો તો ' નથી જ ' એમ શાસ્ત્ર કહે છે.

તમે વહિવટ કરનારા શાસ્ત્ર જોઈને વહીવટ કરવાનું કહ્યું તે સારી રીતે સમજો. માટે તમે ચોપડામાં લખશો કે, " શાસ્ત્રે આ આ રીતે વહિવટ કરવાનો કહ્યો છે પણ અમે અમારી કૃપણતા આદિના પ્રતાપ આ રીતે અમારી મરજી મુજબ વહિવટ કરીએ છીએ. પણ જે કોઈ ભાગ્યશાલી શક્તિસંપન્ન પાકે તેને આ રીતે વહીવટ કરવા જેવો નથી. પણ શાસ્ત્રાજ્ઞા મુજબ કરવા જેવો છે. '

આટલું ય તમે લખો તો જે કોઈ સારા પાકે તેને ય માર્ગદર્શન મલે.

તમે આટલો મોટો ઉત્સવ કર્યો તેમાં તમારી ઉદારતા જોઈ અમને આનંદ આવે છે. મારી તો તમને ખાસ ભલામણ છે કે –' વહીવટ કરો તો એવો કરજો કે સૌ કોઈ સમજુ કહે કે ધર્માત્મા છે અને બીજાઓ પણ 'તમારો વહિવટ જોઈને વહિવટ કેમ કરાય તે ય શીખે. ' તમે સૌ સાતે ક્ષેત્રોની વ્યવસ્થા અને અનુકંપા પણ શું ચીજ છે એ સારી રીતે સમજો અને આજ્ઞા મુજબ તેની ઉપાસના કરી સાચું કલ્યાણ સાધો.

આવો સારો પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો, આનંદદાયક ઉત્સવ કર્યો, ભગવાનને ગાદીનશીન કર્યા, મંગલમય કામ થયું, હજારો–લાખ્ખો રૂપિયા ભાગ્યશાલીઓએ ખર્ચ્યા: આટલું કરવા છતાં ભગવાનની આજ્ઞા મુજબ વિષયની વાસનાઓ ઘટે નહિ, કષાયોની ઉગ્રતા નહિ ઘટે, ક્ષમા કેળવશો નહિ, નમ્ર બનશો નહિ, સરલતાને જીવનમાં પ્રાપ્ત નહિ કરો, સંતોષને નહિ પામો તો ભગવાન કહે છે કે – " લાખો મંદિરો બનાવો, ' મોટાં મોટાં જિનબિંબો ભરાવો, પ્રતિષ્ઠા મહોત્સવો કરો પણ તમારું કલ્યાણ કદી નહિ થાય.

તમે સૌ ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવવાની કોશિશ કરો જેથી આ જનમ સફલ થાય, પરલોકની પરંપરા સુધરે અને વહેલામાં વહેલી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય.

પ્રાન્તે સૌને ભલામણ છે કે 'શક્તિ મુજબ ઉદાર બનો, ભગવાનની આજ્ઞા સમજો અને સમજીને જીવનમાં જીવવા માંડો એજ કલ્યાણકારી છે. ટ્રસ્ટીઓ પણ ભગવાનની આજ્ઞા મુજબ વહિવટ કરે, વિષય અને કષાયનું જોર આત્મા પરથી ઓછું કરી એવી રીતે ધર્મારાધના કરતા થાય કે જેના પરિણામે આ જનમ સફલ થાય, પરલોક સુધરે અને વહેલામાં વહેલા મોક્ષને પામે એવી ભાવના

વાસના - ઉપાસના !

- વિરાગ

નિરાશ શ ભાવે ધર્મારાધના કરનારા ભારતીય જનો પાસે ૧૨ - જમીનો ટોટો ન હતો, અવારનવાર પરદેશી બ દશાહઓ હિન્દુસ્તાનને લૂંટવા માટે આવતાં સિ દર આવ્યો, મહંમદ ગઝની આવ્યો, ચંગીઝખાન આવ્યો આવા અનેક સમ્રાટો લૂંટવા માટે આવ્યા ભયં ર કૃત્યો કરી ભારતની પ્રજાને હેરાન પરેશાન કર . એવામાં એકવાર ઈરાનનો બાદશાહ પણ હિન્દુસ્ત નને લુંટવા આવ્યો.

આવા સમ્રાટોને ખબર નથી હોતી કે હિન્દુસ્તાન અનેક સંત - સન્યાસોથી ભરેલો છે. ગામ - પ ગામ - શહેર - નગરોમાં જતાં - આવતાં, ર તાં - ફરતાં કોઈને કોઈ સંત - સન્યાસીઓ ા દર્શન થઈ જાય.

બસ નેજ ન્યાયે ઈરાનના બાદશાહ જ્યાંથી નીકળવાના હતા ત્યાં માર્ગમાં એક યોગી ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. ઘણા મસ્તીથી બેઠાં હતા. ઈરાનના બાદશાહનું લાવ લશ્કર - કાફલો તે માર્ગથી નીકળી રહ્યો હતો અને અઠંગ યોગી રસ્તા વચ્ચે બેઠાં બેઠાં ધ્યાન કરી રહ્યા હતા. ખસવાનું નામ પણ લે ા નથી.

બાદશ હના સૈન્યને નીકળવાની મુસીબત પડતી, કહે ા છતાં, સમજાવવાં છતાં વિનવણી કરવા છતાં એ બાપજી ! જરાપણ રસ્તા વચ્ચેથી ખસતા નથ . બાપજી, આપશ્રી જરા હટી જાવ. અમને જવ દો પછી ફરી આપ, આપશ્રીની જગ્યાએ ધ્ય નસ્થ થઈ જાવ.

એહ મેં નહી હટુંગા. મેં જહાં બેઠાં વહાં હી બેઠે રહુંગા. સિપાહીએ કહ્યું અરે ખસી જાઓ જીદ ન કરો અમ ારો બાદશાહ આવી રહ્યો છે. ઈરાનના બાદશાહની સવારી આવી રહી છે માટે તમે રસ્તો આપો.

યોગીરાજ બોલે, ભાઈ એક બાર બોલા, મેં તસુ ભાર ભી નહી ખસુંગા. મેં ભી બાદશાહ ું. તુમારા તો બાદશાહ હૈ મગર મેં બાદશાહો ા બાદશાહ હું. સમ્રાટો કે સમ્રાટ હું. બાપજી જરાપણ ખસ્યા નહિ અને ખસસે પણ નહિ એથી સિપાહી વિલખો થતો પહોંચી ગયો બાદશાહ પાસે હાથ જોડી વિનંતી કરી, રાજનૂ રસ્તામાં કોઈ સન્યાસી બેઠા છે. ખસતા નથી. હઠતા પણ નથી અને કહે છે બાદશાહનો બાદશાહ હું છું. અર્થાત્ જાતનો મોટો બાદશાહ કહેવડાવે છે.

આ સાંભળતા જ બાદશાહની આંખો પહોળી થઈ ગઈ. અરે ! શું વાત કરે છે તે બાદશાહનો પણ બાદશાહ. છતાંય રસ્તામાં બેઠો છે. બાદશાહ ઊભા થયા તે ફકીરની પાસે આવ્યાં નમન કરી વિનંતી કરી. મહાત્માજી ! જરા રસ્તામાંથી ખસી જાવ. મારી સવારી જવા દો મારું લશ્કર અહીંથી નીકળવાનું છે.

બાવાજી મસ્તીથી બોલ્યા, નહી બાદશાહ જરાપણ નહિ, હસતાં હસતાં નકારાત્મક જવાબ સંભળાવી દીધો.

તે સાંભળી બાદશાહ બોલ્યો, બાપજી આપ મને ઓળખો છો હું ઈરાનનો બાદશાહ છું.

સન્યાસી બોલ્યા તુમ ઈરાનકા બાદશાહ હો તો મે બાદશાહ કા બાદશાહ હું ચલે જાવ મે ય યહાંસે બીલકુલ ખસને વાલા નહિ હું.

બાદશાહ આશ્ચર્યચકિત થયો. સાધુની આત્મમસ્તી, બોલવાની છટા જોઈ દંગ થઈ ગયો બાદશાહે પૂછયું તમે બાદશાહ છો તો તમારું રાજ્ય કયાં છે ? તમારા નોકર - ચાકર - સેના - ખજાનો - અંતઃપુર આદિ કાંઈપણ દેખાતું નથી તેમ જ

લાગતું પણ નથી રાજા પાસે તો આ સઘળું હોવું જ જોઈએ ને ?

ત્યારે સન્યાસી બોલ્યો ભૈયા, સેના, ખજાના, અંતઃપુર - યહ બાદશાહકા લક્ષણ થોડે હૈ ? યહ તો ભિખારી કે લક્ષણ હૈ, ગુલામી કી નીશાની હૈ, ચોંટ લગાને જેસા જવાબ સુનકર ઈરાનકા બાદશાહ આશ્ચર્યમેં ગરકાવ હો ગયે, એસી પરિસ્થિતિ વાસ્તવિકો બાદશાહ કૈસે માના જાય ?

જો આવું હોય તો તેને બાદશાહ કેવી રીતે માની લેવાય ? આ શબ્દોએ બાદશાહ હૃદયને હચમચાવી નાખ્યું. કાંઈક ખટકવા લાગ્યું. રાજાએ બાવાજીને કહ્યું મહાત્મન્ ! તમે શું બોલી રહ્યા છો જરા મોઢું સંભાળીને વાત કરો બોલો આટલો મોટો બાદશાહ સામે ઉભો છે અને તમે ભિખારી - ગુલામ કહો છો શરમ નથી આવતી હમણા આંખ ફેરવીશ તો જોવા જેવું થઈ જશે.

સન્યાસી બોલ્યા, ભાઈ ! તમારી ધમકીથી હું ગભરાતો નથી તમે તો ભિખારી નહિ પણ મહાન ભિખારી છો. કારણકે તારી પાસે રાજ્ય છે. તું ઈરાનનો બાદશાહ છે છતાં પણ તને તે રાજ્યથી સંતોષ નથી. અધિક રાજય મેળવવાની ભૂખ જાગી છે તૃષ્ણાથી હિન્દુસ્તાનનું રાજ્ય હડપ કરવા માટે તું અહિ આવ્યો છે. માટે મોટો ભિખારી છે. રસ્તાના ભિખારી તો નાના છે. કેમ કે તેઓ થોડું થોડું માંગી રહ્યા છે રિટેલમાં માંગણી તેઓ કરે છે ત્યારે તું તો જથ્થાબંધ માંગી રહ્યો છે. આખું હિન્દુસ્તાન કબજે કરવા નીકળ્યો છે. ભિખારી પેટ પુરતું માંગે છે ત્યારે તું તો વિશાળ રાજ્યથી પણ સંતોષ પામતો નથી તેથી અન્ય અન્ય રાજ્યો લેવા દોડી જાય છે. તું ભિખારી નહિ તો બીજો કોણ ?

બીજી વાત, તને પાંચેય ઈન્દ્રીયોની વાસના સતાવી રહી છે. માટે આપશ્રીની સાથે કોમળ સ્પર્શવાળી આપશ્રીની અર્ધાંગનીઓ ષટ્રરસ ભોજનની સામગ્રીઓ, ખુશબુદાર સુગંધી પદાર્થો, નયન સ્થિર થાય તેવા ચલ - વિચલ રૂપો, અને સુમધુર સૂરો સંભળાવતી - છોડતી સામગ્રીઓ આપશ્રીને સાથે છે. વાસનાના ભિખારીરૂપી ભિખારી બની પોતાની તૃષ્ણાને તૃપ્ત કરવા પ્રયત્ન કરે છે. આ ખજાનો તથા અંતઃપુર કોઈ લૂંટી ન જાય તેનો ડર તને સતાવે છે. એ માટે સૈન્ય લશ્કર સાથે રાખ્યું છે.

હવે સાંભળ બાદશાહના બાદશાહની બાદશાહી.

મને - અમને સંસારના કોઈપણ ભૌતિક સુખની ભૂખ નથી ઈચ્છા નથી. એટલા માટે મારા - અમારામાં ભિખારીપણું નથી વિષય - વાસનાના મારા - અમારાથી દૂર ભાગે છે. હું- અમે વિષય - વાસનાના કીડા નથી. વિષયોની ખણજ દૂર કરવા તમે અંતઃપુર સાથે રાખ્યું ત્યારે વિષયો ભોગવવાની ઈચ્છા મને - અમને થતી જ નથી તેથી હું- અમે અંતઃપુર રાખતા નથી મારી - અમારી પાસે જર. -જમીન અને છોરૂ નથી તેથી મને - અમને કોઈ લૂંટી જશે એવો ભય નથી તમને ભય છે માટે તમે લશ્કર રાખ્યું છે હું - અમે લશ્કર - ભૈયા રાખ્યા નથી.

બોલો બાદશાહ ! બાદશાહી તો અમારી પાસે જ છે ને ? એટલા માટે જ હું - અમે કહીએ છીએ કે હું - અમે સમ્રાટોના સમ્રાટ છીએ. બાદશાહોનો બાદશાહ છું ઈરાનનો બાદશાહ આખ ફાડીને બાવાજી સામે જોઈ રહ્યો. એક શબ્દ પણ ઉચ્ચારી ન શક્યો.

બસ, જેટલા આપણે દુન્યવી પદાર્થોથી દૂર તેટલા આપણે આત્માની નજીક જેટલા આપણે વિષયોથી વિમુખ તેટલા આપણે યોગની સન્મુખ

''ઉપાસના જ વાસનાને મારી શકે છે ''

પ્રશ્ન - ઉત્તર

- સમાધાન કર્તા - અભ્યાસી

પ્રશ્ન : ગણધરોની પણ સામાચારીમાં પણ ભેદ હોય છે એ શેમાં આવે છે ?

ઉત્તર : શ્રાદ્ધવિધિ ગાથા ૬ ની ટીકામાં સ્નાત્રની વિધિમાં આવે છે કે- 'ગણધરોની સામાચારીમાં પણ ઘણાં ભેદ હોય છે' જુઓ પાઠ-

स्नात्रादौ सामाचारी विशेषेण विविध वेधिदर्शनेवि न व्यामोहः कार्योऽर्हद्भक्ति फलस्यैव सर्वेषां साध्यत्वात् । गणधादिसामाचारीष्वपि मूयांसो भेदा भवन्ति । तन यद्यद्धर्माद्यविरुद्धमर्हद्भक्तिप्रोषकं तत्तन्न केषामप्यसंमतम । एवं सर्वधर्मकृत्येष्वपि नेयम् ।

પ્રશ્ન : વરઘોડો વગેરે શાસનપ્રભાવનાના કાર્યોમાં શ્રાવક-શ્રાવિકાઓ પગમાં મોજડી વિગેરે પહેરે, તે ઉચિત કે અનુચિત વરઘોડામાં નવા વસ્ત્રો - આગીના વિગેરે પહેરીને આવવાનું છે કે- જેથી શાસન - પ્રભાવના થાય, તેમ મોજડી વિગેરે પહેરવાથી પણ મહિમા વધે, ને શાસન પ્રભાવના થાય, બીજી બાજુ જીવદયાનો પ્રશ્ન રહે. શું કરવું ? કેટલાક દીક્ષાર્થીઓ વાયણાના પ્રસંગે વરઘોડા પ્રસંગે મોજડી વગેરે ખાસ પહેરે છે (શાસન પ્રભાવના ના ઉદ્દેશથી) તો કેટલાક દીક્ષાર્થીઓ આવું પહેરવું અનુચિત્ત માને છે. શું ઉચિત છે. ?

ઉત્તર : જેને મોજડી વગેરેનો ત્યાગ હોય તો ન પહેરે બાકી પણ છ'રી પાલક સંઘમાં ખુલ્લા પગે હોય છે. દીક્ષાર્થી ન પહેરે તો વાંધા જેવું નથી. બાકી બીજા શ્રાવકો સ્વસ્વ-સ્ટેટસ પ્રમાણે વર્તે.

પ્રશ્ન : પોષધમાં શ્રાવકો એકાસણા - આંબેલ કરવા જવા માટે રજા માંગવા સારૂં પાસે આવે તો શું બોલ્યુથી 'જહાસુખે' કહેવાય કે મૌન રહેવું ?

ઉત્તર : 'જહાસુખે' કહેવાની પરંપરા છે.

પ્રશ્ન : રેશમના વસ્ત્રો પહેરી જિનપૂજા કરવી ઉચિત છે. (અત્યારે બે પ્રકારની માન્યતાવાળા મલે છે. કેટલાક કહે છે વર્તમાનમાં રેશમી વસ્ત્રો ખૂબ હિંસાથી બને છે, માટે ના વપરાય, કેટલાક કહે છે- ત્યાં હિંસાને પ્રધાન ન કરાય, રેશમ વસ્ત્રો શુભ - પવિત્ર હોવાથી ભાવમાં વૃદ્ધિનું કારણ છે, માટે વપરાય.)

ઉત્તર : સંસાર માટે સંપૂર્ણ ત્યાગ હોય તો પણ પૂજામાં ન વાપરે તો બાધ નથી. (પૂ. ગચ્છાધિપતિ શ્રી રામચન્દ્ર સૂરિજી મ. એમ ખુલાસો આપેલ છે.)

પ્રશ્ન : શીખરજી વગેરે પ્રવાસ વખતે ચાલુ ટ્રેને પ્રતિક્રમણ કરવું હોય તો શું કરવું ?

ઉત્તર : ઢાવાનું નહીં, અને 'કરેમિભંતે્' ન ઉચ્ચારવું તે સિવાયની ક્રિયા કરે.' બાકી આવી ટ્રેન, જેમાં સો ક્રિયા અને આચારની ઉત્તેજક હોતી નથી.

પ્રશ્ન : ચરમાવર્તમાં આવેલા નો જ પુરૂષાર્થ સફલ છે કે અચરમાવર્તમાં રહેલાનોય પુરૂષાર્થ સફલ છે ?

ઉત્તર : ચરમાર્વતમાંજ પુરૂષાર્થ સફલ થાય છે. અચરમાવર્તમાં કર્મનું જોર હોય છે. ત્યાં પુરૂષાર્થ થઈ પણ શકતો નથી. થોડા કર્મ તો પણ તે સત્પુરૂષાર્થ નથી હોતો અને કર્મ તેને પછાડે.

પ્રશ્ન : 'નયવ્યવહારે આવરણ ક્ષય કરી અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ (જ્ઞાનપંચમીના ખાતે જ્ઞાનના દેવવંદનમાંથી) નો શો અર્થ ?

ઉત્તર : વ્યવહારનયથી આત્મા કર્મની આવરાયેલો છે. નિશ્ચયનયથી તો આત્મા શુદ્ધ છે. માટે વ્યવહારનયથી કર્મક્ષય થાય છે, અજ્ઞાની જ્ઞાની થાય છે. અજ્ઞાની જ્ઞાનને પામે છે.

પ્રશ્ન : 'અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય. એ તો મધ્યમાં વૈખરી રે, વચન ઉલ્લેખ કહેવાય

રે ભાવિ ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે, 'અલખ અગોચર રૂપ પરા પશ્યંતિ પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપરે. ભાવિ (જ્ઞાનપંચમીના કેવલજ્ઞાનના સ્તવનમાંથી) આનો શું અર્થ ?

ઉત્તર : ઈત્તર દર્શનમાં ચાર પ્રકારની વાણી બતાવી છે. વૈખરી, મધ્યમા પશ્યંતી, પરા, ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મ હોય છે. વૈખરી એટલે આપણે બોલીએ તે ભાષા કયાં શું જાય જેવી મધ્યમા તે કરતાં સૂક્ષ્મ સૂક્ષ્મતર બીજી બે ભાષા છે.

સિદ્ધ પરમાત્મા અનામી છે માટે નામથી વિશેષ ન થઈ શકે. મધ્યમાં વૈખરીઓ વડે ઉલ્લેખ જ થઈ શકે. પ્રભુધ્યાન સમયે અગોચર હોય છે પણ પરા, પશ્યંતી વાણીને પામી, કોઈ પ્રમાણથી પ્રભુ ગોચર થઈ શકે. આ મુનિપુંગવ માટે શકય છે.

પ્રશ્ન : અપુનર્બંધકપૂર્વે જીવ ધર્મ દેશના સાંભળવાને અયોગ્ય છે, કારણ સંસારમાં તેને તીવ્રપણે સુખ બુદ્ધિ છે. તે જીવ જો ધર્મદેશના માટે ગેરલાયક હોય તો કયાં નિમિત્તને લઈને જીવ અપુનર્બંધકપણું પામશે ? અપુનર્બંધકપણું પમાડવા ધર્મદેશના અપાય ?

ઉત્તર : અપુનર્બંધક પહેલા સકૃદબંધક હોય છે. તેવા જીવો ધર્મ સાંભળી સાંભળી અપુનર્બંધક કક્ષાને પામી શકે છે. માટે જ પંચાશકમાં ૨/૪૪ માં સકૃદબંધકનો ઉલ્લેખ કર્યો છે.

બાકીના જીવોને ધર્મશ્રવણ પણ અનર્થકારી થાય. ઉંધો અર્થ લે. તેવા જીવોની કર્માસ્થિતિ ઓછી થાય. કાલાનુસાર ત્યારે ધર્મ પરિણમે.

પ્રશ્ન : અચરમાવર્તમાંથી ચરમાવર્તમાં આવવા પુરૂષાર્થ કામ લાગે ? પાંચ કારણોના સમવાયથી જીવ ચરમાવર્તમાં આવે તેમાં કાલની મુખ્યતા એ જ જીવ ચરમાવર્તમાં આવે ? શાસ્ત્રપાઠ બધાએ ભાવના મલે છે. જ્યારે તર્કથી વિચારીએ તો વાત બેસતી નથી. જો કાલના ભરોસેજ રહેવું પડે તેમ હોય તો અચરમાવર્તકાલના અનન્ત પુદ્ગલ પરાવર્ત કાલમાં આપણે ઈ ફેર કરી ના શકીએ. સંસારમાં ભટકવું ૦ પડે માત્ર ચરમાવર્તકાલમાં જ પુરૂષાર્થને અવકાશ રહે. અનન્તા પુદ્ગલપરાવર્ત સામે ૧ક પુદ્ગલ પરાવર્તકાલ જ પુરૂષાર્થને યોગ્ય રહે. તેની 'અલ્પાવત, અવિવક્ષા' કરીએ તો એવો સિદ્ધાન્ત સ્થાપિત થાય કે- 'જીવ ને સંસારમાં જેટલું ભટકવાનું છે તે નિયમ જ ક૨.' તો આ વાતને શી રીતે સંગત કરવી પંચસૂત્રમાં 'કાલના પરિપાક' માટે સુકૃત - અનુમોદના; દુષ્કૃત - ગર્હા વગેરે જણાવ્યાં ૬, તો આ કાલનો પરિપાક એટલે જ અચરમાવર્તથી ચરમાવર્તમાં આવવા માટેના કાલનો પરિપાક સમજવો ? જો તેમ સમજીએ તો એનો અર્થ એ થાય કે જીવ પુરૂષાર્થ કરે, તેની કાલપરિપાક થાય. કાલપરિપાકથી જીવ ચરમાવર્તમાં આવે. તાત્પર્ય એ કે જીવપુરૂષની પરવા ચરમાવર્તમાં આવે તો શું બરાબર છે ?

ઉત્તર : કાલના પરિપાકથી ચરમાવર્તમાં આવો ત્યાં પુરૂષાર્થે કામ ન લાગે. અચરમાવર્તમાં જીવ કર્મ અને કાલના આધારે જ હોય છે. ચરમાવર્તમાં જ પુરૂષાર્થ કરવો પડે છે. 'અલ્પની અવિવક્ષા' આ બધે લાગુ ન પડે. યથાપ્રવૃત્તકરણે અન્તઃ કોટાકોટી થાય. સમકિતીને પણ તેટલી કર્માસ્થિતિ હોય છે. ૬૯ કોટાકોટી તોડવા વિશેષ મહેનત ન કરવી પડે. પણ અન્તકોટા કોટિ સાગરોપમને તોડવા જ પ્રચંડ પુરૂષાર્થ જરૂરી હોય છે. આમાં 'અલ્પની અવિવક્ષા' કરીયે તો ? માટે મૂલ્ય ચરમાવર્તનું જ છે અચરમાર્વતતો બાલ્યકાલ છે.

પંચસૂત્રમાં તથા ભવ્યત્વના પરિપાક માટે દુષ્કૃતગર્હા વર્ગો બતાવેલ છે. તે અચરમાવર્તથી ચરમાવર્તમાં આવવા માટે નથી કારણ એ પરિપાક વગેરે ચરમાવર્તમાં થયા છે. ત્યાંજ દુષ્કૃતગર્હા વગેરે વાસ્તવિક હોય છે અને તેનાથી તથા ભવ્યત્વ પામે છે.

ક્રમશ :

ખોટું નો લગાડતા હો જે

ભદ્રંભદ્ર અને શતાબ્દિ

-ભદ્રંભદ્ર

શ । બ્દિ.

અ । ગાડીનું નામ છે.

અ । ગાગાડીનું નામ છે. એમ કહીએ તોય ચાલે. તમને ખબર ન હોય મારે મારી જિંદગીમાં પહેલી (ને છેલ્લી) વાર શતા બ્દિમાં જવાનું થયું. જો કે મારા પૈસે નહિ. બીજાના પૈસે. (અ । રીમારે ખરેખર તો મને લઈ જનારનું નામ આવાડતું હોય તો એ આવું જોઈએ તો જ હું ખરો પ્રમાણિક ગાગાઉં. કેમ કે આપણ । શાસ્ત્રોમાં એવું કહ્યું છે કે તમને જે વ્યક્તિએ પૂજના ફૂલ આપ । હોય તે ફૂલ તેમના નામથી તેમના વતી ચઢાવવા જોઈએ ત । જાહેર કરવું જોઈએ કે આમાં આટલા ફૂલ બીજાના છે. પાણ । આ શાસ્ત્રોની વાત શતાબ્દિની યાત્રા કરાવનારના પ્રસંગે ઉ યોગમાં લેવાય કે નહિ હું તે અંગે દ્વિધામાં છું. સ્પષ્ટતા થશે ત્યારે જણાવી દઈશ. બીજાના ફૂલ બીજાના છે એમ કહ્યા વગર ચડાવીએ તો આપણા પોતાના ફૂલ પણ અન્યાય ઉપાર્જિત દ્રવ્ય જેવા થઈ જાય છે) એટલે મારે બીજાના પૈસે જ જવાનું થયું.

પ્લેટફોર્મના એનાઉન્સ બોક્ષ પરથી જાહેરાત થઈ કે શતાબ્દિ એક્સપ્રેસ ૬-૨૫ વાગે ઉપડશે. મેં એ વાતની બરાબર નોંધ લીધ । એટલા માટે કે આ લોકો બોલ્યા પછી ફરી જતા નથી ને ? અને પાંચ મિનિટ પછી ફરી જાહેરાત થઈ શતાબ્દિ ૬-૨૫ ને બદલે ૬-૩૦ વાગે ઉપડશે. મને થયું કે આ લોકો પહેલા બોલેલી વાતને વ । દારી પૂર્વક વળગી રહે છે. ધન્ય છે તેમને. (આ વિચારનો । સાથે મારા મગજમાં ઝપાટાબંધ પંન્યાસ શ્રી શશિશેખ ર વિ., આચાર્યશ્રી નિર્ભયશેખર વિગેરે વિગેરે સ્મરણમ આવીને ખસી ગયા. મને નવાઈ લાગી કે આ લોકો કેમ યાદ આવ્યા ? ચોક્કસ પાકિસ્તાનનો જ હાથ હોવો જોઈએ. । રીસર્ચ કરવા માંડ્યો. કાંઈ સમજાણ નહિ કે આ મહાપુરૂષો કેમ યાદ આવ્યા ? છેવટે વૈજ્ઞાનિક ઢબે શોધ કરતાં મને એવું જ્ઞાન થયું કે - એનાઉન્સર તો ૬-૨૫ વાળી વાતને બરાબર ચોક્કસતાથી વળગી રહે છે. પણ આ મહાપુરૂષો તો ''અભી બોલા અભી ફોક'' એ કહેવતને વફાદાર રહ્યા છે.

અને છેલ્લે ૨/૩ મિનિટ બાકી રહી ત્યારે એનાઉન્સમેન્ટ થયું કે હવે શતાબ્દિ ઉપડવાની તૈયારીમાં છે. આટ-આટલી જાહેરાતો બાદ કદાચ મારા માટે જ કોઈ કેમ કે હું ક્યારનો બહાર જ ઉભો રહેલો. મારું નામ તેને ના'તુ આવડતું એટલે તે એનાઉન્સર મને નામ સાથે ગાડીમાં બેસવાનું કહેતો ન હતો. (જો કે જગત પ્રસિદ્ધ ભદ્રંભદ્રને કો નથી ઓળખતો એટલે એ વિચારે મને દુઃખ તો થયું જ. પણ કંઈ નહિ. ઋષભકૂટની શિલા ઉપર કાંકીણીરત્નથી ઘણા ચક્રવર્તીઓના નામ પાણ એક દા'ડો ભૂંસાઈ જતા જોવા છે. તેમની આગળ તો હું કોણ માત્ર છું ? એ રીતે મેં મારા મનને સમજાવવા પ્રયાસ કર્યો ખરો, પાણ ચાલું મારું નામ એનાન ખબર પડવી જ જોઈએ. ન ખબર હોય તેને હવે પછી નાત બહાર ગાણવા વિચારી લીધેલું) હવે ગાડી ઉપડવાની તૈયારી હોવાથી બહાર ઉભા રહેવાનું જોખમ લેવા જેવું ન લાગ્યું. આમ તો ગાડી સમયસર ઉપડશે તેવી મને ધારણા નો'તી. પાણ ગાડીના સદ્નસીબે ગાડીના લગભગ દરેક પેસે જણો આવી ગયેલા હતા. એટલે ગાડીને વધુ વાર ઉભા રહીને ટાળો અનુભવવાની જરૂર પડી નહિ. (મને અહીં એવું યાદ આવ્યુ કે ગાડીનો સમય હોય તેના કરતા અડધો કલાક વહેલા સ્ટેશને ફીલ્ડીંગ ભરવા મંડીએ છીએ. અને વ્યાખ્યાનનો સમય હોય ત્યારે તો બહુ જ ધીરજ પૂર્વક-જરાય ગભરાટ વિના-''વ્યાખ્યાન ચુકાવવું પડશે તો ?'' તેવા કોઈપણ જાતના અફસોસ વિના વ્યાખ્યાનના સમય પછી પાણ જઈએ તો ય વ્યાખ્યાનમાં ભળી જવાય છે. ગાડીના ટાઈમમાં કોઈ એમ નથી વિચારતું કે ગાડી ૯/૩૦ વાગ્યાની હોય તો એ તો ૯/૩૦ કહે પણ ૧૦/- જ વાગશે. જ્યારે વ્યાખ્યાન પૂજા-પૂજન/ વિ. ધર્મના અનુષ્ઠાનોમાં લોકો આવું વિચારી લે છે. આમ કેમ હશે ? એવું વિચારવા મેં વિચાર્યું છે પણ તે અવસરે વિચારીશ.)

હું બરાબર મારી સીટ નં.-૧૬ ઉપર બેઠો એટલે ગાડી ઉપડી. સ્ટેશન પર મને હું હજી સુધી એકલો જ હોવાથી કોઈ વળાવવા તો શું પાણ મૂકવા આવ્યું નો'તુ'' સથવારા વિનાના આ સંસારમાં જીવ એકલો જ આવ્યો છે. એકલો જ જવાનો છે. અહીં ન કોઈ સાથી છે ન કોઈ સંગાથી, ન કોઈ સહારો છે ન કોઈ સથવારો.'' આવી ઋષિવાણીને યાદ કરતા કરતા એકલવાયાનું દુઃખ ભૂલવા પ્રયત્નો ઘણા કર્યા પાણ બીજા લોકોને આવજો કહેનારા મલ્યા એ નજરોનજર જોયા કરવાથી એકલવાયાના દુઃખને વધુ મજબૂત થવાનો ચાન્સ મલ્યો. જો કે તમે કોઈ મારી દયા ખાશો નહિ. એ તો હું સહન કરી લઈશ, ના છૂટકે. કેમ કે મને એક શાસ્ત્રવાણી યાદ છે કે-'' તારૂં બાંધેલું જ તું ભોગવે છે, બીજો કોઈ દુઃખ દેતો નથી. નહિ બાંધેલું ભોગવવાનું નથી.'' એટલે તમે કોઈ મારી ચિંતા કરશો નહિ. અને એમ પાણ નહિ વિચારવાનું કે-''આવડો મોટો ઢાંઢો થયો તોય વાંઢો (સાથી વગરનો) કેમ રહ્યો ? કંઈ કારણ હશે.'' એક અપેક્ષાએ હું એકલો ન કહેવાઉં આ અંગેની વિગતો પછી કહીશ.

એટલે લોકોને 'આવજો' કહેતા જોઈ મેં પાણ આવજો કહેવા માટે હાથ ઊંચો કરવા મક્કમ નિર્ણય કર્યો. પાણ કોઈ રીતે હાથ ઉંચો જ ન થયો. જો કે મનમાં જ આવજો કહેવાનો ભાવ હતો એટલે આવજો માટે હાથ ઉંચો કરવો નિશ્ચયનયથી જરૂરી ન હતો. છતાં મનમાં એવો અફસોસ રહ્યા કર્યો કે- હું મારો જ હાથ ઉંચો પાણ કરી ના શક્યો. (''સાંવત્સરિક ક્ષમાપના વખતે કહેવાય છે ને કે મનથી તો ક્ષમાપના કરી લેવાની પાણ વચનથી તથા કાયાથી પાણ સામે જઈને ક્ષમાપના કરવાની હોય.'' આ વાક્ય મને થોડું અળખામણું લાગ્યું. કેમ કે કોઈને આવજો કહેવા માટે હાથ ઉંચો કરતા સંકોચ પાણ થાય.'' મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.'' આ બધાં આશ્વસન-વચનોથી હું મારા મનને સમજાવવા બહુ મથ્યો પાણ મનને સંતોષ નો થયો. છેવટે મેં દૃઢ નિર્ધાર સાથે હાથ ઉંચો કર્યો. 'આવજો' એવું બોલ્યો ત્યારે મારી બાજુવાળાએ બારી તરફ જોયું. પાણ મને ફાયદો એ થઈ ગયો ગાડી ઝડપથી ચાલતી હતી એટલે મારી બાજુવાળાને સમજ્યા ના પડી કે મેં કોને આવજો કીધું. તમને કહું મેં કોને આવજો કીધું રાતોકા રાજા હતા. ભૂખ્યા કરવાનું નું કામ.

''આવજો'' ના ગહન દુઃખદ ચિંતનમાંથી કંઈક સ્વસ્થ થઉ ત્યાં તો એક વાદળી ટોપી-વાદળી જમીશ-વાદળી લેંઘાવાળો માણસ મારી પાસે છાપાઓની થપ્પી લઈને આવ્યો. મોટા ભાગના ઈંગ્લીશ છાપા હતા મને કીધું આપું સર! મેં કીધું- ગુજરાતી છે. તો તેણે તરત જ મકાલીન આપ્યું. મેં કીધું-મુંબઈ સમાચાર છે. તો કહે કે - વે નહિ દેતે હૈં. મેં કીધું ક્યો ? તે કહે- માલૂમ નહિ.

મેં વધુ ઈન્કવાયરી કરવી મુલતવી રાખી. મને હતું કે તે છાપાના પૈસા માંગશે. પાણ છેક ઉતર્યો ત્યાં સુધી તેણે પૈસા જરા ના માંગ્યા. મારા મનમાં એવો ભાવ આવતા આવતા બચી ગયો કે- ચાલો ઉઠા. આપ્યા વગર ઉતરવાનું થયું. મને તો છેલ્લે ખબર પડી કે-'છાપુ મફત વાંચવા આપાય છે.' ત્યારે મને થયું કે- તેવી ખબર હોત તો હું મોટું કિંમતનું જ છાપુ માંગત ને. ઈંગ્લીશ છાપુ લઈ લીધું હોત તો ચાર થાત. અરે! આવી કોઈ આપાણા હાથમાં આવું છાપું જ્યાં ત્યાં જ હું ઈંગ્લીશ જાણું છું. તેવી છાપ-ઈમ્પ્રેશન મળી શકે છે. પાણ આ બધું ગાડીમાંથી ઉતર્યા પછીની વાત છે.

હવે બન્યું એવું કે- મારી ૧૬ નંબરની સીટની આગળની ૩૨ નંબરની સીટ તરફ તો લોકોને કોઈ વેઈટર નોવેલો આપતો હતો. તેથી મને તે માટે ઈર્ષ્યા તો નહિ પાણ ઉત્કંઠા જાગી કે અમને કેમ ન આપે. આમ તો હું ચાલુ ટ્રેઈનમાં/ બસમાં/ ગાડીમાં વાંચતો નથી. આંખના બગાડ માટે નહિ પાણ જ્યાણાનો પરિણામ જાણવા માટે. સતત જીવને વિરાધનાનો જ વિચાર કરતો રહું છું. પાણ નોવેલો માટે મને ઉત્કંઠા જાગી. છેવટે મારી હાર્દિક ભાવના ફળી એટલે તે ચોપડીવાળો મારી પાસે આવ્યો. મને કહે કઈ આપું ? મેં કીધું- ચિત્રલેખા. તેણે તરત કાઢી આપી. પછી કહે કે- ૮ રૂપિયા. મેં કીધું- ખ્યાલ છે. ૮ રૂપિયા તો વો.

તે કહે- મુજે ૮ રૂપિયા દો.

મેં કીધું- ક્યું ?

તો કહે- નોવેલ કી કિંમત ૮ રૂપિયા હૈ.

મેં કીધું- (મનમાં જ હો). હું તો આ ગંદા

મેગેઝિન વાંચતો ય નથી. તો આને ખરીદીને શું કરું. મેં પાછી આ... પી. તો પેલો તરત જ લઈને પળનો ય પ્રમાદ કર્યા વિના જ ... ા રહ્યો.

મને ચિંતા તો થઈ કે છાપા મફત અને નોવેલના પૈસા ? ... ાવું કેમ ? પાગ પહેલી મુસાફરી હતી. અનુભવ થયો નો... તો. એટલે અને કોઈને આ અંગે પૂછીએ તે એમ સમજે કે આ ડોબા જૈનોને કંઈ ગમ પડતી નથી લાગતી. એટલે આ... વી છાપ લોકોને સામે થાળીને આપવામાં જોખમ લાગતા ... કોઈને કશું કીધું, પૂછ્યું નહિ. પાગ મેં બરાબર માર્ક કર્યું તેની ચોપડી કોઈએ લીધી નહિ. બિચારો ખોટા વજન ઉ... કીને ફર્યા કરતો હતો.

... માં 'સમકાલીન' જોવાનું શરૂ કર્યું. કિંમત રૂા. ૩/- હતી. એટલે મારી ટિકિટ વીથ રીઝર્વેશન હતા તેની કિંમતમાં તો ૩/- રૂા. નું વળતર મને મળ્યું હતું. એટલે કેટલા ટકાનું વળતર મળ્યું ગણાય એમ હજી વિચારમાં જ હતો. મારી આ ... દની ટિકિટ હતી. રૂા. ૧૮૫ હતા. એટલે ૬૦૦/- જ સમજને. મેં ટિકિટ આગલા જ દિવસે કઢાવેલી ઓફ સિઝન હ... તો એટલે મલી ગઈ એમ માનવા કરતાં મારા નામનો જ પ્રભા... હશે અથવા મારું પુન્ય જીવતું જાગતું હશે તેવું વિચારવા... માં મને આનંદ મળતો હતો. એટલે એ જ વિચાર્યું. એટલે ૧ દિવસના ૬૦૦/- રૂા. ના રોકાણમાં ૩/- રૂા. સમકાલી... છાપાના રૂપમાં વળતર મલ્યું હતું. એટલે કેટલું વળતર ... ગાય ? એવું વિચારતા વિચારતા જ મને થોડી અમથી ... ઘ આવી ગયેલી. પછી જાગીને જોયું તો વેઈટર મારી સીટ ... ની સામે મારા માટે રોનકની બીસલરીની રૂા. ૧૦/- ની ઠંડા પાણીની બોટલ તથા એક કાગળનો ગ્લાસ મૂકી ગયેલો. ... ાસની કિંમત પૂછવાનું મેં વિચારી રાખેલું. મને આ બધું ... વું નવું લાગતું હતું. અને સારૂ પણ લાગતું હશે. કેમ કે આ ... ાડીમાં આવવાની ટિકિટ બીજાએ કઢાવી હતી. બોટલમાં જોયુ તો ૧ લીટર પાણી હતું. મેં પૂછ્યું કે કદાચ બીજી બો... લ જોઈએ તો મળશે ને ?

વે... ટરે હા કહેતા કહ્યું કે - બીજી બોટલ ૧૦/- રૂા. માં મળશે જૈન ભોજનશાળાઓમાં દાળભાત સાથે અડદનો પાપડ આ... ાય છે. પણ બીજો લેવો હોય તો પૈસા આપતા પણ નથી મળતો. એના કરતા આ બાટલી પૈસા આપતા ય મળે તો છે. (જો કે મારે આ પાણી પીવાય કે નહિ તે બાબતે મુંઝવણ હતી. કેમ કે હું ઉકાળેલા પાણીને જ પીવું છું. મેં પૂછ્યું કે- આ પાણી ઉકાળેલું છે ને ? પેલો ડોબા જેવો કંઈ કે- ''અરે ! ઉકાળેલા પાણી કરતા પાણ ચોકખુ-શુદ્ધ પાણી છે. તમારે ઉકાળેલું પીવાની જરૂર નથી.'' એને કેમ સમ... વવું કે- ''મારે આ નહિ ચાલે તું પાણ ઉકાળવાવાળુ ઉકા... ને પરાતમાં બરાબર ઠંડુ કરીને માટીના માટલામાં ... ને આપીશ તો જ પીશ. નહિ તો મારે જળનો ત્યાગ કર... ની ફરજ આવી પડશે.'' આમ છતાં મારું મન બીજું પાણ વિચારવા લાગ્યું કે- આમેય કેટલાંક સારા શ્રાવક ગા... તા જૈનો પાણ ઉકાળેલા પાણીને ફ્લાઈટ બોટલમાં ભરીને ફ્રીજમાં મૂકીને પીએ જ છે ને ? તે પીવાય કે નહિ એટલું ઠંડુ વિચારવાની જરૂર નથી લાગતી. નહિ તો આ પાણી પાણ નહિ પી શકાય અને આ કરતા પાણ વધુ મહત્ત્વની વા... એ હતી કે મારી ડાબી બાજુ બે કોલેજીયન યુવતીઓ હતી અને જમણાં હાથે બે વયોવૃદ્ધ કાકા હતા. તેમાંથી કોઈ... ને ધરમ-બરમ જાણતા હોય તેવું ન લાગ્યું. એટલે મેં ય... ટલું સરસ ઠંડુ મજાનું પાણી પીવાના લોભમાં બહુ ધરમની ... ર્યા કરવાનું માંડી વાળ્યું. કેમ કે છેવટે ઠંડુ પાણી મા... જ ગુમાવવાનું હતું. આવા આપત્તિના સમયે ધર્મિષ્ઠ ન ગણાવવામાં ફાયદો છે તેવું મને લાગ્યું. જેમ મારા બે ... ો છે (૧) નરેશભાઈ (૨) દિલિપભાઈ. આ બંન્નેની ... ક ખાસિયત છે કે ખાતા વખતે ક્યારેય બહુ ભક્ષાભક્ષ... ના જાણકાર ન ગણાઈ જવાય તેની આસ કાળજી રા... છે. અને જમી લીધા પછી જ્યારે અન્ય લોકો થાળી ... ને પીવાની વિધિમાં પરોવાયા હોય છે ત્યારે આ બંન્ને ભા... ઓ ગમે તે રીતે દરેકની નજર ચૂકાવીને ઉભા થઈને હાથ પાણ ધોયા વિના ઉભા જ થઈ જાય છે. પછી બીજે જઈને હાથ ધોઈ નાંખે છે. મને તેમના આ વર્તનની વારંવાર નિંદા કરવાની ઈચ્છા થયા કરતી. પાણ હું મારા મનને વારતો. આજે બંન્ને મને બહુ સાંભરવા લાગ્યા. એટલે તેમના વર્તનનું અનુકરણ કરવાની મને ઈચ્છા જાગતા મેં પાણ ધરમમાં બુદ્ધુ જેવો હોવાનો ડોળ કર્યો. ''એક-બે હાથના પેટને પા... વા માટે હું મારા પ્રાણપ્યારા ધર્મને અત્યારે વિસરી ચૂકયો છું હાય ! ભદ્રંભદ્ર તારી આ દશા ?'' આવો વિચાર મગજમાં પેસી ન જાય તેની મેં કાળજી રાખી. ક્રમશ:



માગું બહુમાનની આ રીત બરાબર નથી. બહેનનું બહુમાન બહેન કરે ભાઈનું બહુમાન ભાઈ કરે.

અ તે પ્રિસેગ્રશનમાં ભાઈ ભાઈ હાથ મિલાવે તે સંસ્કૃતિની વિકૃતિ છે.

છકાયની હિંસા

એક જીવ એકી સાથે પાંચ અથવા છકાયની હિંસા કેવી રીતે કરે છે. તે દૃષ્ટાંત નીચે મુજબ છે.

રસોઈ બનાવતી વખતે લીલોતરીનું શાક આદિ બનાવતાં પાંચ અથવા છએ નો બંધ સંભવી શકે છે. તે આ પ્રમાણે. સળગતી સગડી કે ચૂલા (ગેસ) આદિથી અગ્નિ કાય તેને સળગાવવા પંખા આદિથી વાયુ નાંખતા વાયુકાય, કાચા પાણીમાં લીલોતરીનું શાક આદિ બનાવવામાં અપકાય અને વનસ્પતિ કાય, મીઠું (સોલ્ટ) અને તેના જેવો, પદાર્થોમાં પૃથ્વી કાય, તેમજ ચોમાસા આદિમાં કુંથુઆ આદિ અતિ બારીક ત્રસ જીવો પ્રમાણમાં હોવાથી ત્રસકાય. એમ છએ કાયની હિંસાઓ એકી સાથે સંભવી શકે છે. તેવા પ્રમાણે હોકો, ચલમ (બીડી, સિગારેટ) આદિનો વપરાશમાં પણ છકાયની હિંસા શાસ્ત્રમાં બતાવેલી છે.

- પ્રો. હંસા શાહ, સંકલીત "પંચસંગ્રહ"



પૂ. મુનિ શ્રી મોક્ષરતિ વિજયજી મ. ૪૫ ઉપવાસના તપસ્વી સાબરમતી

પ્રત્યેક લેશ્યાના સ્વભાવો

- પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

૧. કૃષ્ણ લેશ્યાવાળો અત્યંત રૌદ્ર સ્વભાવી છે. રોમેરોમ ક્રોધની ઉત્પત્તિ વાળો દયા વિનાનો આંખમાં ખુનસ જીભમાં કડવાશ શરીરની આકૃતિ રુદ્ર હોય છે.

૨. નીલ લેશ્યાવાળો અત્યંત આળસુ જડબુદ્ધિ સ્ત્રીઓમાં અશક્ત પારકાને ઠગનારો ભયભીત અને અહંકારનું પુતળું આ સ્વભાવો નીલ લેશ્યાનો છે.

૩. કાપોત લેશ્યાવાળો અત્યંત શોકાતુર પરકાની નિંદ અને પોતાની બડાશ મારવામાં સાવધાન મરવાના વાંકે જીવનારો આ લેશ્યાનો માલીક જાણવો.

૪. પીત લેશ્યાવાળો વિદ્યા મેળવવામાં રૂચીવાળો કરૂણાથી ભરેલો કાર્યાકાર્યમાં વિચારક લાભઅલાભમાં સદા ખુશ રહેનાર આ લેશ્યાનો માલીક છે.

૫. પદ્મ લેશ્યાવાળો ક્ષમાને ધારણ કરનાર પ્રતિક્ષણ ત્યાગ તરફ જ ગતિ કરનાર પરમાત્માનો પૂજક ઈન્દ્રિયોને દમનારો આત્મિક જીવનમાં પવિત્ર હંમેશા પ્રસન્ન ચિત્તવાળો પદ્મલેશ્યાનો માલિક છે.

૬. શુક્લ લેશ્યાવાળો રાગ દ્વેષ રહિત શોક સંતાપ તથા નિંદા રહિત પરમાત્મ પદનો ઈચ્છુક આ લેશ્યાવાળો હોય છે.

કૃષ્ણ લેશ્યાવાળો ક્ષુદ્ર સાહસિક નિર્દય દુષ્ટ ઈન્દ્રિયોનો ગુલામ દુરાચારી હોય છે. નીલ લેશ્યાવાળો ઈર્ષ્યાળુ કદાગ્રહી અજ્ઞાની માયાવી વિષય લોલુપી કપટી અસંયમી મિથ્યાદૃષ્ટિ અનાર્ય મર્મ ભેદકવાળો હોય છે. તેજો લેશ્યાવાળો નમ્ર અચપલ નિષ્કપટ વિનયી પાપ ભીરૂ સંયમી ધર્મપ્રેમી હોય છે. પદ્મ લેશ્યાવાળો પ્રશાંત ચિત્તવાળો જ્ઞાન ધ્યાન તપમાં શુરવીર જિતેન્દ્રિય હોય છે. શુક્લ લેશ્યાવાળો આત્માને દમનાર વીતરાગી સમિતિ ગુપ્તિનો પારક હોય છે.

સમાચાર સાર

ગોલ : વર્ધમાનતપોનિધિ આચાર્યદેવશ્રી વિજય કમલરત્ન રીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. આચાર્યદેવ મિદ્ વિજય અજિતરત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન ૫. પૂ. શાસન પ્રભાવક મુનિરાજ શ્રી પ્રજ્ઞરતિવિજ જી મ. સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં ઉમેદાબાદ (ોલ)માં ચાતુર્માસ પ્રારંભથી જ પ્રવચનનો રંગ ચઢયો અને ણધરતપ, ચિંતામણિતપ વગેરે તપશ્ચર્યા થયેલ. રાજુ નેમિચં જી ચુનીલાલ રાનીથી પધારેલ તથા સાધ્વીજીના સંસારી સગ તરફથી તથા ગોલ સંઘ તરફથી એમ અનેક સંઘપૂજનો થ ાલ આવતાં વર્ષે ચૈત્ર મહીનાની ઓળીનો લાભ શા. જુગરા જી પારસમલજીએ બોલી બોલીને લીધેલ તથા આ ચાલુ વર્ષે આસોજ મહીનાની ઓળીનો લાભ કાન્તિલાલજી નેનમલજીએ ઢાવો બોલીને લીધેલ.

શ્રાવ વદ ૧૧ દિ. ૧૧-૭-૨૦૦૧ થી પર્યુષણ પ્રારંભ થયેલ અને ઉ સાહમાં અભિવૃદ્ધિ થયેલા.

શ્રી ક્લ્પસૂત્ર ઘેર લઈ જવાનો લાભ શા. ભેરૂમલજી ખીમજીએ લીધેલ શ્રીકલ્પસૂત્ર વહોરાવાનો લાભ શા. જીઠમલજી મૂલાજીએ લીધેલ.

પહેલ જ્ઞાન પૂજા - દલીચંદજી અમરતાજી, બીજી જ્ઞાન પૂજા, કાંતિ ાલ ભંવરલાલજી, ત્રીજી જ્ઞાન પૂજા - મુથા લાલચંદજી ુકરાજજી. ચોથી જ્ઞાન પૂજા - ચંદનમલજી પારસમલજી, પાંચમી જ્ઞાન પૂજા - જીઠમલજી મૂલાજી સોના રૂપાનાં ફૂલ વધાવવાનો શા. ચંપાલાલજી હાકિમલાલજી પારણું ઘેર લ જવાનો - ફૂઆલાલજી સુખરાજજી નવાપુરા.

ભાદ વા સુદ પાંચમના પારણાનો લાભ શ્રીમલજી હજારીમલજી ને લીધેલ. બારસાસૂત્ર ઘેર લઈ જવાનો લાભ - શા. સુમેરમ જી રિખવદાસજી, બારસાસૂત્ર વહોરાવાનો શ્રીમલજી હ ારીમલજી, પહેલી જ્ઞાન પૂજા - દલીચંદજી સમરતાજી, ીજી જ્ઞાન પૂજા - ધનજી ભંડારી, ત્રીજી જ્ઞાન પૂજા - બા ુલાલજી કુંદનમલજી, પાંચમી જ્ઞાન પૂજા - ઓટમલજી ર મરતાજી.

એકંદ ખૂબ શાસનપ્રભાવના થયેલ. કુલ નાના ગામમાં ચાર લાખની આવક થયેલ.

રોહટમાં પાલી મારવાડમાં સૈંકડો વર્ષોના ઇતિહાસમાં મંદિરમાર્ગીનું પ્રથમ ચાતુર્માસ

પ્રવર્તિની સાધ્વીજી ખાંતિશ્રીજીની નિશ્રાવર્તિની સાધ્વીજી તત્ત્વશીલાશ્રીજી આદિ રોહટ નગરમાં પધારતાં બહેનોમાં રોજ વ્યાખ્યાન થતાં અનેરો આનંદ છવાઈ ગયેલ પર્યુષણમાં તો અનેરો રંગ થયેલ સ્થાનકવાસીના ગામમાં રોજ સ્નાત્રપૂજા, આંગી, રાત્રે ભાવના ઘણાં ઠાઠથી થયેલ દેરાસરે કદી ન જનારા પણ ખૂબ ઠાઠથી રાત્રે ભાવના કરે શ્રી કલ્પસૂત્રના ઢાલિયા વાજતે ગાજતે ઘેર લઈ ગયા. ત્યાં પ્રભાવના, રોજ રાત્રે જાગરણ, પારણું પણ વાજતે ગાજતે ઘેર લઈ ગયા. ત્યાં પણ સંઘપૂજન આદિ શ્રાવણ વદ ૧૧ ગુરુવાર દિ. ૧૫-૮-૨૦૦૧ થી પર્યુષણ પ્રારંભ થયેલ. તેમાં બહેનોમાં અષ્ટાહ્નિકાસૂત્ર વહોરાવાનો લાભ મુથા ચંપાલાલ લાભચંદ, જ્ઞાનપૂજા - મુથા શાંતિલાલ દીપકકુમાર, ધૂપપૂજા મુથા ચંપાલાલ લાભચંદ, દીપક પૂજા - મુથા હમીરમલ ધરમચંદ, સાધ્વીજીનું પૂજન - મુથા ચંપાલાલ લાલચંદ, અક્ષતપૂજા શા. હમીરમલ ધરમચંદ, નૈવેદ્યપૂજા તથા ફૂલ પૂજા પણ હમીરમલ ધરમચંદે લીધેલ બહેનોમાં રોજ પર્યુષણમાં પણ વ્યાખ્યાનો થતાં શ્રાવણ વદ ૧૩ ના દિવસે શ્રી કલ્પસૂત્રના ઢાલિયાની બોલીઓ થયેલ. શ્રી કલ્પસૂત્ર ઢાલિયા વહોરવાનું મુથા હમીરમલ ધરમચંદજી, જ્ઞાનપૂજા ભંસાલી હકમીચંદ અરૂણકુમાર, ધૂપપૂજા - મુથા ચંપાલાલ લાલચંદ, દીપકપૂજા - શાંતિલાલ દિપકકુમાર, અક્ષતપૂજા - પારેખ લાલચંદજી મકનચંદજી, નૈવેદ્યપૂજા - મુથા. ઓમજી સુકતરાજજી, ફલપૂજા - મુથા ચંપાલાલ લાભચંદજી, ગુરૂપૂજા શાંતિલાલ દીપકકુમાર (ઘીની બોલીઓ બહેનોએ લીધેલ)

શ્રાવણ વદ ૩૦ + ૧ ના દિવસે પારેખ બાબુલાલજી તિલક અને હારથી બોલીઓ બોલવાનું બહુમાન કરનારની બોલી પણ બાબુલાલજી પારેખે લીધેલ. પહેલુ સ્વપ્ન ભંસાલી પરિવાર બીજુ સ્વપ્ન લાલચંદજી અશોકકુમાર, ત્રીજુ સ્વપ્ન શાન્તિલાલ દીપકકુમાર, ચોથુ સ્વપ્ન લક્ષ્મીજી શાંતિલાલ તેજરાજજી, પાંચમુ સ્વપ્ન હમીરમલજી તેજરાજજી, છઠું સ્વપ્ન ભંસાલી પરિવાર, સાતમું સ્વપ્ન ચંપાલાલજી લાલચંદજી, આઠમુ સ્વપ્ન - ભંસાલી પરિવાર, નવમું સ્વપ્ન રતનલાલ નરેન્દ્રકુમાર, દશમું સ્વપ્ન લાલચંદજી અશોકકુમાર, અગ્યારમું સ્વપ્ન જવરીલાલજી મોહનલાલજી, બારમું સ્વપ્ન પ્રકાશમલજી નેમિચંદજી, તેરમુ સ્વપ્ન - બાબુલાલ દિનેશકુમાર ચૌદમું સ્વપ્ન - ઘેવરચંદજી ઓમપ્રકાશજી, પારણું ભંસાલી પરિવાર - પારણું હિલોવાનો - ભંસાલી પરિવાર, કંકુથાપા - સુરેશકુમાર

પ.પૂ. કૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

ધીરકુમાર, થાલી વગાડવી શાંતિલાલ દીપકકુમાર પારણામાં ભગવાન બિરાજમાન લાલચંદજી અશોકકુમાર.

નવ દિવસ આંગી પદમચંદજી ભંસાલી, હુકમચંદજી ભંસાલી, કમલાબેન ઘેવરચંદજી, કમલાબેન લાલચંદજી પારેખ, બાબુલાલજી પારેખ, સંતોકબેન ચંપાલાલજી, ભાગ્યશ્રીબેન શાંતિલાલ, હમીરમલ ધરમચંદ, બાબુલાલજી મુથા રોજ એક એક જણ તરફથી આંગી થયેલ. ચૌદ સ્વપ્ન ને માલા પહેરાવી ભંસાલી પરિવાર, કલ્પવૃક્ષ - ભંસાલી પરિવાર, બેડાનીબોલી - ઘેવરચંદજી ઓમજી.

માદરવા સુદ ૪ ને બારસાસૂત્ર દર્શન કરાવવાનો હમીરમલજી દેવરચંદજી. દેરાસર દ્વાર ઉઘાડવાનો પૃથ્વીરાજજી મિશ્રીમલજી, આરતી ઉતારવાનો - ભંસાલી પરિવાર, મંગલદીવો શાંતિલાલ દીપકકુમાર.

આઠે દિવસ પ્રભાવના પહેલો દિવસ ૨) બાબુલાલજી મુથા બીજો દિવસ બાબુલાલજી મુથા ૨), ત્રીજો દિવસ શ્રીફળ કમલાબેન ઘેવરચંદજી, ચોથો દિવસ પદમજી ભંસાલી ૨), પાંચમો દિવસ હમીરમલજી ૧), કમલાબેન લાલચંદજી ૨), સાતમો દિવસ ભણસાલી પરિવાર શ્રીફળ, પારણું ઘેર લઈને ગયા તે ઘરે લાડુની પ્રભાવના, છઠા દિવસે બાબુલાલજી પારેખ તરફથી ૨), સાતમા દિવસે ચંપાલાલજી લાલચંદજી તરફથી શ્રીફળ આઠમો દિવસ ઈન્દ્રમલજી ભંવરલાલજી ૨), ની પ્રભાવના થયેલ.

મલાડ 'રત્નપુરી' માં પર્યુષણા પર્વની યાદગાર આરાધના

વિક્રમની ૨૦૫૭ મી સાલના પર્યુષણા મલાડ 'રત્નપુરી' જૈન સંઘના ઈતિહાસ માટે એક યાદગાર પ્રકરણ પૂરવાર થયા હતા.

જૈનશાસનના જ્વલંત જ્યોતિર્ધર પૂ. આ. ભ. વિ. રાજચંદ્ર સૂ. મ. ના પટ્ટાલંકાર ગચ્છાધિપતિ પૂ. આ. ભ. વિ. મહોદય સૂરીશ્વરજી મહારાજાની પાવની આજ્ઞાથી પ્રવચન પ્રભાવક ગણિવર્ય શ્રી નયવર્ધન વિ.મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિ ઠાણા ૩ જ્યારથી ચાતુર્માસ પધાર્યા ત્યારથી સંઘના સભ્યોમાં ઉલ્લાસનો માહોલ દ્રષ્ટિગોચર બનતો હતો.

દૈનિક તેમજ સાપ્તાહિક પ્રવચનોમાં ભાવિકો ઉલ્લાસભેર લાભ લેતા હતાં. રામલીલા મેદાનના વિશાળ હોલમાં યોજાતા પ્રવચનોમાં પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિ. મ. જૈનશાસનના વિશિષ્ટ તત્ત્વોને હૃદયસ્પર્શી રીતે રજુ કરતાં હતાં. ઉપદેશમાલા, શ્રાદ્ધવિધિ, સમ્યગ્દર્શનનો સૂર્યોદય અને પ્રશ્નોત્તરી જેવા વિવિધ વિષયો પરનું મુનિશ્રીનું મોહક વિવેચન શ્રોતાઓ માટે પ્રિય થઈ પડતુ.

એમાંય પર્યુષણા પર્વની પધરામણી થતાં તો સંઘના ઉલ્લાસની સાથે શ્રોતાજનોનો પ્રવાહ રાકાપ્રાએ પહોંચ્યો તો. રામલીલાનો વિશાળ હોલ પણ સાંકળો પૂરવાર થતો. શ્રોતાઓ હોલની બહારના પેસેજમાં બબ્બે કલાક સુધી ઉભા - ઉભા પ્રવચનોનો [illegible] માણતાં.

પર્યુષણાનાં ૩-૩ [illegible] શ્રોતાઓ આદિથી અંત સુધી બેઠા રહેતાં સ્વદ્રવ્યની ઉપજ અને ખાસ કરીને ઘોડીયા પારણાના ચઢાવાએ મલાડના ઈતિહાસમાં નવો કીર્તિમાન રોપ્યો હતો.

અમદાવાદ - સાબરમતી ખાતે આકાર પામી રહેલા પૂ. આ. ભ. વિ. રામચન્દ્ર સૂ. મ. ના સ્મૃતિ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બનવાની ટીપમાં પણ લોકોએ સુંદર ઘસારો નોંધાવ્યો હતો.

આમ મલાડ - રત્નપુરી માટે વિગત પર્યુષણા યાદગાર પૂરવાર થયાં.

શંખેશ્વર - હાલારી ધર્મશાળામાં પર્યુષણની આરાધના પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ., પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂ. મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ., પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિ. મ. આદિની નિશ્રામાં સારી રીતે થઈ, પ્રવચનો સ્વપ્નાદિની બોલીઓ તથા વરઘોડો વિ. સારા થયા બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળ તરફથી અત્તરવાયણા તથા પારણા તથા જન્મવાંચન દિવસે ભક્તિ તથા નવ દિવસ પ્રભુજીને આંગી તથા દરરોજ પ્રવચન વિ. માં પ્રભાવના થઈ હતી.

જૈન યાત્રીઓ માટે

ગરમ - પાણી (ઉકાળેલું પાણી)

નંદુરબાર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં. ૧, સ્ટેશન માસ્તર ઓફીસ ની પાસે, કાયમ માટે મળશે. કૃપયા લાભ લેશો. (મફત સેવા)

સૌજન્ય - શ્રી નવકાર જૈન સેવા કેન્દ્ર, નંદુરબાર

વિશેષ સંપર્ક : (દુ) ૨૨૪૩૧, (દુ) ૨૨૨૪૨ (નિ) ૨૨૩૪૦ (દુ) ૨૪૯૧૨ (નિ) ૨૩૧૩

તપ ~ ક્ષમા ~ દમસાર મુની

- રતિલાલ ડી. ગુઢકા- લંડન.

પ્રભુ મહાવીર વિહાર કરતાં ૧ વાર કૃતંગલા નગરીમાં પધાર્યા. . સિંહરથ રાજા છે. તેમને દમસાર નામનો કુંવર છે. સિંહરથ રાજા કુંવરને લઈ મહાવીર પ્રભુના દર્શન કરવા જાય છે. ત્યાં દર્શન કરી પ્રભુની વાણી સાંભળે છે. દમસાર કુમારને વૈરાગ્ય ભાવ થયો. માતા પિતાની આજ્ઞા મેળવી દીક્ષા લીધી જ્ઞાનાભ્યાસ અને તપશ્ચર્યામાં આગળ વધ્યા. પહેલાં છઠ્ઠના પારણે છઠ્ઠ પછી અઠ્ઠમના પારણે અઠ્ઠમ એમ કરતાં એવી ભાવના જાગી પ્રભુને કહે છે મારા આત્મા ઉપર પનાદિના શત્રુઓ ઝઝૂમી રહ્યા છે. એને ભગાડવા તપરૂપી દારૂગોળો ફોડવો છે માટે આપ મને માસક્ષમાણને પારણે માસક્ષમાણની તપશ્ચર્યા ની પ્રતિજ્ઞા કરાવો અને પ્રભુએ એની યોગ્યતા જોઈને પ્રત્યાખ્યાન કરાવ્યા. અને દમસાર મુનીને સંયમ સાથે જ તપશ્ચર્યાનો રંગ લાગ્યો ને માસક્ષમાણને પારણે માસક્ષમાણ કરવા લાગ્યા. શાસ્ત્રમાં નિધાન છે કે અઠ્ઠાઈ અઠ્ઠમ તપ કરનારો તો શું પણ પ્રભુને ભજનારો પૂજનારો, અભક્ષ્ય, અનંતકાયના રાત્રી ભોજનના પચ્ચખાણ કરી દીએ અને તો જ શ્રાવક તે કુળને શોભાવે છે. આજના જમાનામાં અઠ્ઠાઈ, સોળ ભથ્થુ કરી લીએ પણ હોટલનું ખાવાનુ ન છોડે દમસાર મુની પણ પવિત્ર કર્મની ભેખડો તોડવા કેવો ઉગ્રતપ કરે છે. પણ મનમાં શંકા થાય છે કે હું ભવી હોઈશ કે અભવી ? આના માટે પ્રભુ પાસે ગયા પ્રભુને વંદન કરીને પૂછ્યું કે હે પ્રભુ હું ભવ્ય છું કે અભવ્ય હુ ચરમશરીરી છું કે અ ચરમશરીરી, હું સમક્તિી છું કે મિથ્યાત્વી. ત્યારે પ્રભુએ કહ્યું કે દમસાર મુનિ તમે ભવ્ય છો. તમે ચરમ શરીરી છો અને તમે સમક્તિી છો. પછી વધુ જાણવા માટે પૂછ્યું કે હું મોક્ષે જવાનો છું તો મને કેવળજ્ઞાન ક્યારે થશે. ભગવાન કહે છે આજે અત્યારે તમારા અંતરાત્મા માં જે વિશુદ્ધી ધારા ચાલે છે એવી ધારા જો બરાબર ચાલે તો ૧ પ્રહરમાં કેવળજ્ઞાન એટલી કક્ષાએ તમે પહોંચી ગયા છો પણ આજે તમારે માસક્ષમાણની તપશ્ચર્યાના પારાણાનો દિવસ છે એટલે તમો મારી આજ્ઞા લઈને પારણા માટે શહેરમાં જાશો ગૌચરી માટે ત્યાં તમને ક્રોધ કષાયના નિમિત મળશે. એ નિમિત મળતાં તમે તમારું ભાન ચુકાવી બેસશો. વધુ ક્રોધ કષાયનો ઉદય થશે તે કારણે થોડા સમયમ પનાનું કેવળજ્ઞાન દૂર હડસેલાઈ જશે. ત્યારે દમસાર મુનિ કહે છે પ્રભુને વિનયથી કહે છે કે હું નિમિતને આધીન નહિ બનું મારા આત્માને શુદ્ધ ઉપયોગમાં ટકાવી રાખીશ દમસાર મુનિ ભગવંતની પાસેથી ઉભા થઈને વંદન કરી પોતાના સ્થા ન ગયા અને ગૌચરીનો સમય થતાં પાત્રાનું પડિલેહાણ કરી ન જીકના શહેરમાં જવા રવાના થયા. વૈશાખના તડકા હતા મા ાનનો સમય ધરતી ખૂબ તપી હતી શરીર શુષ્કે ભૂકે થઈ ગયું હ . તેમાં આ નિમિત મળ્યું. ચાલતાં ચાલતાં શહેરના દરવાજ પાસે પહોંચી ગયા. તે સમયે ૧ ક્ષત્રિય પુત્ર લાંબી બિમારીથી સાજો થઈ આજે પહેલ વહેલો કોઈ શુભ કાર્ય કરવા માટે બીજા ગામ જતો હતો ને મુનિરાજ ભેગા થયા મુનિરાજે નિખાલસ ભાવે પૂછ્યું. ભાઈ આ શહેરમાં અમારા જેવા સાધુ સંતોને નદોષ આહારપાણી મળે તેવા ધર્મપરાયણ ગૃહસ્થના ઘર કેટ આજુ છે. આ ક્ષત્રિયને ન ગમ્યું એને મને અપશુકન થયા સ જી હું એને બરાબર કષ્ટમાં નાખું. જે બાજું શ્રાવકના ઘર હતા એનાથી અવળો માર્ગ બતાવી દીધો. દમસાર મુનિ એ માગે કલાક કલાક ફર્યા પણ ભિક્ષા જેવું એકે ઘર ન હતું મુનિ અકળાયા ગેલા ક્ષત્રિય ઉપર ગુસ્સો આવ્યો. પછી મ મના બધા ખરાબ છે ને ક્રોધ આવ્યો એટલેથી ન અટકતાં લ ધીના પ્રભાવથી નગરની પ્રજાને ભયભીત બનાવી બધા ડવા ભાગવા લાગ્યા. ફરી મુનિ દમસારને વિચાર આવ્યો આ મારી લબ્ધીથી લોકો ભય પામ્યા છે. હૈયુ કોમળ બન્યુને પ્ર ભુની વાણી યાદ આવી. વચન યાદ આવ્યા અંતરમાં પ્રશ્ચાતા થયો પ્રભુએ કહ્યું હતું એક પ્રહરમાં કેવળજ્ઞાન દૂર હડસેલાઈ ગયું. હવે જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મારે રાગું કરવું નથી. અને પ્રભુ પાસે દોડી ગયા. પ્રભુને વંદન કરી પૂછે પ્રભુ મારો કેવળજ્ઞાન કેટલો દૂર છે. પ્રભુએ કહ્યું હવે ારા પ્રાશ્ચાતથી શુદ્ધ ભાવથી તને ૭મા દિવસે કેવળજ્ઞાન થશે પછી આનંદ થયો. ૭મા દિવસે કેવળજ્ઞાન થયું. પછી પૃથ્વી ત વિશે વિચરી ભવ્યાત્માઓને પ્રતિબોધ પમાડી છેવટે અજ્ઞાનિ ભો ચાવી નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુરુદર્શી

પરિમલ



- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- જે પુણ્ય વધારેમાં વધારે પાપ કરાવે તે પુણ્યને વધારણાય ખરું !
- 'મંદિર સંઘનું છે, સંઘ સાચવે, મારે શું લાગેવળગે; ઘર તો મારું જ છે મારે જ તે સાચવવાનું અને સંભાળવાનું છે'- આમ જે માને તે જૈન કહેવાય ?
- તો બધા 'અમારે પૈસો અને પૈસાથી મળતું સુખ જોઈએ છે, તે માટે જે કરવું પડે તે કરાય તેમાં પાપ નથી'- એવું મારી પાસે બોલાવવા માગો છો પણ હું બોલવાનો નથી. હું તો ભગવાનનો ધર્મ મોક્ષ માટે જ કરાય તે વાતની ડીમડીમ પીટવાનો છું.
- ધર્મીને ધર્મીનો જ સહવાસ ગમે, અધર્મીનો સહવાસ ન ગમે. ધર્મીને સુદેવ - સુગુરુ - સુધર્મના નિંદક સાથે બેસવાનું પણ ન ગમે કે મન પણ ન થાય !
- જેને સાચું - ખોટું સમજવાની ઈચ્છા નહિ તેને ધર્મનો રાગ છે તેમ કહેવાય નહિ.
- સત્યનો અર્થી કેવો હોય ? ન સમજાય ત્યાં સુધી હું સમજ્યો છું તેમ કહે નહિ, ન સમજ્યો હોય તેવી વાત કદી બોલે પણ નહિ અને સમજ્યા પછી સત્ય માટે પ્રાણ આપવા પણ તૈયાર થઈ જાય.
- જે ભણેલા ભગવાનની આજ્ઞા ન માને તો તે આપો આપ શ્રી સંઘની બહાર છે, શ્રી સંઘમાં પેસી ગયેલા છે. મંદિર - ઉપાશ્રયે જાય, ભગવાનની આજ્ઞા માને નહિ, સુસાધુની આજ્ઞા માને નહિ, ફાવતા ગુરુની આજ્ઞા માને તે શ્રી જૈન શાસનમાં ચાલે જ નહિ,
- જેના ઈન્દ્રિય જીતે, તેની બધી ઈન્દ્રિયો જીતાઈ જાય.
- જૈનની આબરૂ હોય કે- 'કંદિ તે નં ખોવ નું ખાય નહિ, જે - તે ખાય નહિ, જ્યારે - ત્યારે ખાય નહિ.'
- ખાવાની જે કુટેવ પડી છે, શરીરને અંગે જે જે કુટેવો વળગી છે તે છોડવા માટે આ તપ કરવાનું વિધાન છે.
- ખાવાને જે પાપ ન માને તે જૈન પણ નહિ.
- જે ભણેલાને ભગવાનની આજ્ઞા પણ ન ગમે, યાદ પણ ન આવે તેનું આગમનું જ્ઞાન પણ અજ્ઞાન !
- જે ભણતર આત્માને, મોક્ષને, પરલોકને ભૂલાવે, યાદ પણ ન કરાવે તે ભણતર પણ ખોટું !
- દુનિયાની સુખ - સંપત્તિની જે આશા છે તે ખોટી છે, તે કાઢવાની ઈચ્છા પેદા થાય તેવા જ આત્મા ધર્મ પામી શકે.
- તમને સંસારમાં મહાલતા જોઈને દયા ન આવે તો તે સાધુપણું પામ્યો નથી. મોટા સુખીને જોઈને 'આવું મને મળે તો સારું'' આમ થાય તે ય સાધુપણું પામ્યો નથી.
- આ દુનિયાની સુખ - સંપત્તિ પાછળ જ પડે તો આત્માનું બધું સાચું બળ નાશ પામે અને દુર્ગતિમાં જવું પડે.
- તમારા માનથી રાજી થાય તો તે સાધુ ય કુ !
- જેનામાં માન ઘણું હોય તેનામાં વિનય ન આવે સાચા શ્રુત જ્ઞાનની તેને પ્રાપ્તિ ન થાય. ગમે તેટલું ભણે તો ય તેનું મિથ્યાત્વ ખસે નહિ પણ ચમુ મજબૂત બને.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
૮/૦. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

૪૦૭૨

સમ્યગ્જ્ઞાનની ઉત્તમતા

નાણં ચિંતારયણં,
નાણં કપ્પદ્રુમો પરો લોએ ।
તહ સવ્વગયં ચક્ખૂ,
ધમ્મસ્સ ય સાહણં નાણં ॥

(શ્રી સંવેગ રંગશાળા, ગા. ૧૩૫૦)

જ્ઞાન એ ચિન્તામણિ રત્ન સમાન છે, લોકમાં શ્રેષ્ઠ કલ્પ વૃક્ષ જેવું છે, સર્વગત ચક્ષુ સમાન છે અને ધર્મને સાધનારું સિદ્ધ કરનારું પણ જ્ઞાન છે.

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

Received
11-10-01

વર્ષ ૧૪ | અંક ૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

॥ श्री शंखेश्वर पार्श्वनाथ स्वामीने नमः ॥ ॥ श्री अजितनाथ स्वामीने नमः ॥ ॥ श्री शान्तिनाथ स्वामीने नमः ॥

उपधान करने पधारिये

॥ श्री दान प्रेम रामचन्द्र भद्रंकर महोदय जिनप्रभ वारिषेण वि. सद्गुरुभ्यो नमः ॥

उपधान करने पधारिये

विश्वविख्यात झीलों की नगरी मेवाड देश के

उदयपुर नगर में

श्री पंचमंगल महाश्रुत स्कंध उपधान तप प्रसंगे

स्नेहसभर मंगल निमंत्रण

पुण्य प्रभावक धर्म साम्राज्य
जैन शासन शिरताज संघ सन्मार्ग दर्शक सुविशाल
गच्छाधिपति प. पू. आ. भ.
श्री रामचन्द्रसूरीश्वरजी महाराजा

यह है उपधान तप की महिमा, पधारिये पधारिये
आप भी इन महाफलो को प्राप्त कर सकते है।

उपधानमे प्रेरक निश्रा
प्रवचनकार मुनिराज श्री युगप्रभ वि.म.सा.
तपस्वी मुनिराज श्री अमितप्रभ वि.म.सा.
एवं
साध्वीजी श्री शुभोदयाश्रीजी आदिठाणा - ५
साध्वीजी श्री सुदर्शनाश्रीजी आदिठाणा - १५
साध्वीजी श्री दिव्यरत्नाश्रीजी आदिठाणा - ४

दिव्य कृपा
अध्यात्मयोगी प.पू. प. श्री - द्रंकर वि.म.सा.
मृदुभाषी प.पू. आ.म. श्री नप्रभ सू.म.सा.
त्यागी तपस्वी प.पू.मु. श्री व रिषेण वि.म.सा.

श्रावक जीवन का एक ही सार
उपधान बिना नहीं उद्धार

आज्ञा और आशीर्वाद

सहस्त्राधिक श्रमण श्रमणी नेता वात्सल्य सिंधु प.पू. आ. भ. श्री महोदय सूरीश्वरजी महाराज।

प्रथम प्रवेश
द्वितीय आसोज सुदी १०
शुक्रवार
दि. २६-१०-२००१

माला पारीधान
मारवाडी मागसर वदी १४
गुजराती कार्तिक वदी १४
गुरुवार दि. १४-११-२००१

द्वितीय प्रवेश
द्वितीय आसोज सुदी प्रथम १२
रविवार
दि. २८-१०-२००१

आराधक वर्ग उपधान संबंधी सभी उपकरण साथ में लेकर पधारे उदयपुर का शीतलकारी वातावरण आराधना में अनुकुल होगा।

उपधान तप की आराधना करने हेतु आप सभी को हमारा सादर आमंत्रण है।

उपधान तप करने वाले तपस्वी दिनांक २५-१०-२००१ गुरुवार शाम तक अवश्य पधार जावे तथा पधारने वाले तपस्वी अग्रिम सूचना दि. १०-१०-२००१ तक नीचे लिखे पते पर अवश्य भिजवा देवें।

निःश्रिक :
दो सद्गृहस्थ परिवार

सम्पर्क सूत्र :
अर्जुनलाल चुन्नीलालजी जैन
आदेश्वर कॉलोनी, उदयपुर,
फोन : ०२९४-४१८३९७ (नि.), ५२७४८४(कॉ.)
हजारीलाल चुन्नीलालजी जैन
सम्यक् एपार्टमेन्ट, तीसरा माला, फ्लेट नं. ८,
गीताबाग सोसायटी, पालडी, अहमदाबाद.
फोन : ६५८३०२० (नि.)

आराधना स्थल :
श्री जैन श्वेताम्बर मूर्तिपूजक श्री संघ
अजितनाथ धर्मशाला, आराधना भवन, मालदास, स्ट्रीट.
उदयपुर-३१३००१ फोन : ०२९४-४२२६७१

किरणमल जी सावनसुखा अध्यक्ष | **लालचन्द जी जैन** मंत्री | **बसन्तीलाल जी बोल्या** चातुर्मास संयोजक

सम्पर्क सूत्र :
हस्तिमल धासीरामजी परिवार, मालदास सेहरी, बापना की सेहरी, मकान नं. ६, चारभुजा मन्दिर के पास, उदयपुर फोन : ०२९४-५२१६१९
भरतकुमार बंशीलालजी जैन, २१, आदेश्वर कॉलोनी, बडी बोहरवाडी, उदयपुर फोन : ५२२१०७ (नि.)

આજ્ઞારાદ્ધા વિરદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪) સંવત ૨૦૫૭ અધિક આસો વદ ૭ મંગળવાર તારીખ ૯-૧૦-૨૦૦૧ (૨૪ ૭/૮

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦ પરદેશ વાર્ષિક રૂા. ૫૦૦ પરદેશ આજીવન રૂા. ૦૦૦

દેવ દેવીઓના નામે નકલી તીર્થ

જૈન શાસનમાં જિનેશ્વરના પંચકલ્યાણક તેમના ધ્યાન આદિ સ્થાનો મહામુનિઓના નિર્વાણ આદિ સ્થાનો અને જિન મંદિરો તીર્થ તરીકે પ્રસિદ્ધ છે.

પરંતુ હાલમાં જૈનોમાં જ્યાં તત્ત્વની તેમજ જિનેશ્વરોના વચનની શ્રદ્ધા ઘટતી જાય છે ત્યાં આલોકના અર્થીપણા વધી ગયા છે કે ઐહિક આશંસા તથા દુઃખના નાશ માટે એવો મોટો પ્રચાર થાય છે કે જિનેશ્વર દેવો વીતરાગી છે માટે કંઈ કરે નહિ. જ્યારે દેવ દેવીઓ ભક્તોના કાર્યો કરે માટે દેવ દેવીઓની પૂજા, બાધા વિગેરે રાખીને આવા જીવો મિથ્યાત્વનું સેવન કરે છે.

કદાચ આ બધા જીવો મોટા માર્ગે જાય પરંતુ જ્યારે આચાર્ય અરિહંતપદને ધારણ કરનારા પણ દેવ દેવીઓ દ્વારા ઈષ્ટ સિદ્ધિ થાય આવો ભોગશ અને શાસ્ત્ર વિરુદ્ધ પ્રચાર કરીને લોકોને ભરમાવવાનું કામ કરે છે ત્યારે જૈન ધર્મ અને જૈન ધર્મના સિદ્ધાંતોને કોણ પાળશે અને કોણ બચાવશે ? એ સવાલ થઈ જાય છે. શું આવા મહાત્માઓ કર્મના સિદ્ધાંતને માનતા નથી ? કર્યા કર્મ પોતે ભોગવે એ વાત સત્ય નથી ? જો આ શ્રદ્ધા હોય તો કદી દેવ દેવીઓ દ્વારા લૌકિક કે લોકોત્તર દેવ મત મિથ્યાત્વનું સેવન કરાવે નહિ.

ઘંટા કર્ણ રાક્ષસ હતો. તે શિવનો ભક્ત હતો. અને વિષ્ણુનો દુશ્મન હતો. તેવા લખાણો છે. કવિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર પૂ. મહારાજા તેમના અભિધાન કોશમાં ઘંટા કર્ણને લોહી ચડાવવામાં આવતું તેવું લખ્યું છે. છતાં ધર્મની શ્રદ્ધા વધી ગયેલા સાધુ અને શ્રાવકો ઘંટા કર્ણને બાવન વીરમાંના વીર નહિ પણ મહાવીર શબ્દનો પ્રયોગ કરીને સત્યથી નિરપેક્ષ બની જાય છે.

એક મહાત્માને કોઈ જગ્યાએથી કાઢી મુક્યા તો પીપળા પાસે ઘંટાકર્ણ આશ્રમ બનાવી બેઠા અને પછી અજ્ઞાન એને ગરજવાન સંઘો દ્વારા ચોમાસા કરતાં અને પ્રભાવક પણ બની ગયા.

આમ જૈન સંઘમાં જૈન ધર્મની શ્રદ્ધાની ઓટ આવી જાય છે. અને સાધુ અને શ્રાવકો મોક્ષ માર્ગના વાહક બને શ્રદ્ધાળુ બનાવને બદલે સંસારના વાહક અને મુસાફર બનવાના માર્ગો ઉભા કરે છે.

માણિભદ્ર થયે પાંચશો વર્ષ થયા હશે. ત્યાં ઉગમણી (ભોયણી) પાસે ઈત્તરોની દેરીમાં ઉભી મૂર્તિ છે તે વર્ષોથી ઈત્તરો પૂજે છે તે મૂર્તિને માણિભદ્રની અપૂર્વ અને ૮૦૦ વર્ષ પ્રાચીન મૂર્તિ છે તેવો પ્રચાર કરી તે મૂર્તિ જૈન સંઘમાં લાવી ત્યાં મંદિર વિગેરે બનાવી તીર્થ ઉભું કરવાનું કર્યું.

કોઈ આચાર્ય આવ્યા કહે કે માણિભદ્રને તો ૫૦૦ વર્ષ થયા મૂર્તિ ૮૦૦ની ક્યાંથી હોય ? એટલે સિદ્ધચક્રના વીરમાં માણિભદ્ર પૂર્ણભદ્ર વિ. આવે છે તે હશે ?

આમ ૮૦૦ વર્ષ વાતને પડતી મુકી અને ઉભી પ્રાચીન મૂર્તિનો પ્રચાર કરી અને તીર્થ ઉભું કરવામાં આવી રહ્યું છે તે

જૈન સંઘને એક કલંક રૂપ છે. અને જૈન શાસન ઉપર કારમો ઘા મારવા બરાબર છે.

અજ્ઞાન અને લાચાર લોકો ને લૂંટવાનો આ એક પ્રયોગ છે. વાડ ચીભડા ગળે તેમ જૈન સાધુઓ જ આવા જુઠ પ્રચારના પ્રેરક બને જે પછી શ્રી જિનેશ્વર દેવના માર્ગને ઉજ્જવળ અખંડ રાખવાની જવાબદારી કોની રહેશે ?

તપગચ્છરક્ષક માણિભદ્ર પ્રયોગ કરવો તે પણ આજે મૂર્ખાઈ છે. કદાગ્રહમાં પીડાતા અને મોક્ષ કે પરલોકની ચિંતાથી ખસી ગયેલા એવા તપગચ્છના આચાર્યો આદિ આ દ્વારા શું કરી શકવાના છે. માણેકશાહના માણિભદ્ર બનેલા છે. તેમને ઉપાશ્રયના ગોખલામાં બેસાડજો અને સાધુ આવે તેમને ધર્મલાભ કહે તો મારો નિસાટ જલ્દી થાય. આમ કહી ગયા છે તેમ તેઓને પ્રચારે છે એ માણિભદ્રને ધર્મ લાભ દેવાને બદલે સાધુ જ તેના પૂજક અને તેના તીર્થો ઉભા કરે અને માણિભદ્રને ગોખલામાં બેસાડવાના બદલે મોટી મોટી મૂર્તિઓ બનાવી તેના સ્વતંત્ર મંદિરો બનાવી તેઓ માણિભદ્રના દ્વેષી અને વિરોધી છે તેમને માણિભદ્રની વાત માનવી નથી અને માણિભદ્રના નામે પોતાની નૌકા ચલાવવી છે.

ખરેખર માણિભદ્ર અત્યારે છે જ નહિ.. હોત તો આવા તેમના વિચારોના દ્વેષી દુષ્ટોને જ શિક્ષા કર્યા વગર રહે જ નહિ. પરંતુ આવાઓના પાપને પડાવવા માટે માણિભદ્ર વિચ્છેદ પામી ગયા છે કે અદૃશ્ય થઈ ગયા છે. માણિભદ્રના પ્રચારક એક આચાર્યને પૂછવામાં આવ્યું કે માણિભદ્ર હાજરાહજુર છે. જો તપગચ્છમાં કલેશ દૂર થાય માટે પૂછોને ? તો તે આચાર્યશ્રીએ જવાબ આપેલો કે માણિભદ્રને કોને જોઈએ છે. આ તો તેના નામે કામો થઈ જાય છે.

આવી કલ્પનાવાળી વાતને જૈન શાસનની મહાન વાત બનાવીને જગતમાં માણિભદ્રને નામે થતી બનાવટ બંધ થાય. સંઘના સભ્યો પણ સમજે, જૈને ધર્મના ભાવો વિચારી પ્રાપ્ત કરે અને આવા સ્વાર્થ રૂપ મિથ્યાત્વ રૂપ અને ભ્રમ ફેલાવનારા દેવ દેવીઓના તીર્થથી દૂર રહે. જો ભગવાન મહાવીરના બનાવેલા માર્ગના તેઓ સાચા આરાધક બની શકશે ? તો જ જૈન શાસન જયવંતુ રહેશે. ■

(પાના નં. ૯૩ થી ચાલુ)

વળી આપા જીવાએ સરૂ મેમાણને નાણતા કહ્યું: 'પણ આ તો ભણ્યું ગાયું વાળવાની વાત છે...'

'તે ભલેને રહી બાપુ!' સરૂ મેમાણ હાથ ઊંચા કરતા બોલ્યો: 'ખુદાના દરબારમાં તો જીવમાત્ર સરખા છે.'

આપા ખાચરને થયું કે, સરૂ મેમાણને વધારે નાણવાની જરૂર થી. તેમાણે કહ્યું: 'તો પછી થૈ જા તૈયાર... વખત હાથમાંથી હાલ્યો જાય છે!' આપો જીવો ખાચર અને સરૂ મેમાણ લાખાણકાની સીમમાં આવ્યા. જોયું તો સરવૈયાના પાંચ-સાત જુવાનિયાઓ, કડરિયો ગઢ જીત્યા હોય એમ ગઢડાની ગાયોનું ધણ વાળીને હાલ્યા જાય છે. ત્યાં પાછળથી જ પડકાર્યો: 'એલા, પાણીયાળા હો તો જાજ્યો માટી!'

-આભમાં ગાબડું પાડે એવો પડકારો સાંભળતા જુવાનિયા થોભ્યા. પાછા વળીને જોયું તો, ખુદ આપો જીવો વયા આવે છે! 'આપા!' એક જુવાને મહેર કરતાં કીધું: 'આ ઉંમરે ધીંગાણા નો મેલાય. હમજીને છાનામુના પાછા વળી જાવ!'

'ઈ તો મેદાને પડો તંઈ ખબર્ય પડે. કઈ ઉંમરે ધીંગાણા થાય ને કઈ ઉંમરે ધીંગાણા નો થાય!'

'લ્યે, ભાણ્યું... આપાને તો ગો લાગે છે!'

'એલા આપાનો ગોઉતારી નાખો!'

-એક સામટી પાંચ-સાત તલવારું ગાજી ચેતી થઈ. સામે કારભારી એવા સરૂ મેમાણને જોયા.

'અરે કારભારી તમેય તે ગાયું વાંહે...!

'રે વાઘો... રે વાઘો... એકેય ધરમમાં જીવહિંસાની વાત નથી કરી અને રાજની સંપત્તિનું રક્ષાણ કરવું એ તો આપદા ધર્મ છે!' સરૂ મેમાણે મોં પર ફટકાર્યું.

'ઈમ ફીક્કાં ખાંડવા રેવાઘો ને મેદાને પડ!' ગાંડી ગિરનો સાવઝ ડાણક દે એમ આપા જીવા ખાચરે ત્રાડ નાખી.

-ધીંગાણું જામી પડ્યું. સામટા દુશ્મનો સામે જીવો ખાચર અને સરૂ મેમાણ જીવ લગોલગ લડતા રહ્યાં ને છેવટે મૂંગા પશુની વારે લીલુડી કાયાને કુરબાન કરી ત્યારે ઘેલા ના સેંજળ એની શહાદતની ચડી પોકારતા વાંભ વાંભ ઉછળી રહ્યા' તા. ખુદાનો બંદો સરૂ મેમાણ અને ગૌપ્રતિપાળ, ક્ષત્રિયવટનું છોગું એવા આપા જીવા ખાચરની એકતાના પ્રતીકરૂપ સિંદુરિયા પાળિયા આજ્ય ઊભા છે.

સૌજન્ય : સંદેશ — *પ્રવજી માધડ*

પ્રવચન - પચ્ચાસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ -૨, બુધવાર, તા. ૧૧-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગત કથી ચાલુ...

સમ્યક્ત એવી અનુપમ ચીજ છે કે તે આત્મામાં પ્રગટ થઈ ગયા પછી તો જીવ એકદમ જાગૃત થઈ જાય છે. તે જીવ એવો સાવધ હોય છે કે- જેનું વર્ણન ન થાય. જરાક ગાફેલ રહ્યા તો સમકિત ગયું સમજો ! જે માણસને ખબર હોય કે અહીં પાણીમાં ઊતર્યા વિના આગળ જવાનો રસ્તો નથી તો તે કેવી રીતે પાણીમાં ઊતરે ! જે સારામાં સારો તરવૈયો હો તે પણ કેટલો સાવધ હોય ! દરિયામાં રહેવું અને મગર મચ્છથી ડરવું તે ચાલે ?

આ સંસાર તો ભયંકર દરિયા જેવો છે. તેમાં વિષયો રૂપી મોટા મોટા મગર મચ્છો ચારે બાજુ ભમ્યા કરે છે, તે કરડી ન જાય તેની સાવચેતી કેટલી રાખવી પડે ! તો આ વિષયો ભોગવવા પડે તો કેવી રીતે ભોગવાય ? સ્ત્રી, પુરુષને કેવો માને ? અને પુરુષ, સ્ત્રીને કેવી માને ? ન સાચવીએ અને સંભાળીએ તો પ્રાણ લે તેવી ! સારા માણસને કુભાર્યા મલી હોય તો તે ઘર કેવી રીતે ચલાવે ? તેના ધરમ ફજેતી કેમ દેખાતી નથી ? તે બધું જ સહન કરે છે, કેમ કે, તેને પોતાની આબરૂની ચિંતા છે તે કેમ જીવતો હશે ? આબરૂવાળા વેપારીઓ પણ કેવી રીતે જીવે છે ? જેને આબરૂની દરકાર નથી તેવા નફફટો પણ હોય છે ને ? જેને પોતાની આબરૂનો ખ્યાલ હોય તે જ આ વાત સમજી આ મરદાર જીવો જેમ તલવારની ધાર ઉપર જીવે છે તેમ સમ્યક્તિ જીવો પણ તલવારની ધાર ઉપર જીવે છે.

વિરાગ એટલે શું ? દુનિયાની સુખ સામગ્રી ઉપર ભારોભાર દ્વેષ થાય તો વિરાગ આવે. તમારા કોઈ દ્વેષીને મળવું પડે તો મળો પણ કેવી રીતે મળો ? પ્રેમથી ? જેનું મોં ય જોવા લાયક ન હોય તેને ઘેર જવું પડે તો કેવી રીતે જાવ ? રાજી થઈને ? તેને પ્રેમથી સલામ ભરો ? ખરાબ શબ્દો બોલે તે પણ સાંભળી લો ને ? મોં હસતું રાખો તો પણ તમારા હૈયામાં શું હોય ? મારું ચાલે તો આનું નામ પણ ન દઉં પણ શું કરું - પરાધીન છું ! તેવી રીતે સમકિતી જીવ ભોગ કર્મને કરીને નિર્જરા સાધે છે.

સભા : તે ભોગ કરતો નથી પણ કર્મ બળાત્કારે તેની પાસે ભોગ કરાવે છે તેમ જ થયું ને ?

હવે સમજ્યા !

માંદો પડેલો જીવ માંદગી કેવી રીતે ભોગવે ? માંદગીમાં તેની બધી સગવડ બરાબર સચવાય છતાં પણ તે માંદગીને માને કેવી ? તેવી રીતે સમકિતી જીવ ભોગને રોગ તરીકે ચિંતવે. બહારથી રાગ દેખાડે પણ અંતરમાં વિરાગ જીવતો હોય. સમ્યક્ત્વ એવી ચીજ છે કે એકવાર પ્રગટ થયા પછી સંસારમાં જીવને ચેનથી જીવવા દે નહિ. સમકિત જીવતું - જાગતું હોય તે જીવ ખરાબગતિમાં જાય નહિ. કેટલો સાવચેત હશે તે ! ભાદરવાની અમાસની રાત્રિમાં ઘોર અંધારામાં, વિજળીના ઝબકારામાં સોય જેને પરોવવી હોય તે જીવ કેટલી સાવચેતીથી કેવી રીતે બેસે ? તેવી રીતે સમકિતી જીવે ? આ દુનિયાના સુખમાં જરાક મઝા આવી ગઈ તો મર્યો સમજો તેમ તે માને. ધર્મ કરનારા પણ દુર્ગતિમાં ગયાના દાખલા આવે છે તે તેમના પરિણામ બદલાઈ ગયા માટે બાકી જેઓ ધર્મની સારી આરાધના કરીને, આવ્યા હોય તેઓને તે ધર્મ યાદ આવ્યા વિના રહે નહિ.

ધર્મ નહિ પામેલા ને સમજેલા, ધર્મ પામીને પણ મોહમાં પડીને ધર્મ ભૂલી ગયેલા માતા - પિતાદિ સંબંધી સંસારમાં ભટકાવનાર છે. તે અંગે આપણે ગઈકાલથી ભૃગુ પુરોહિતની વાત જોઈ રહ્યા છીએ. તમને તમારાં સંતાનો ઉપર કેટલો પ્રેમ છે ? કામ કરનારા છોકરા ઉપર ઘણો પ્રેમ હોય તો તે મરીને કયાં જશે તેવી ચિંતા થાય છે ? તમારો છોકરો પાપ કરે, અનીતિ કરીને પૈસા કમાઈને લાવે તો તે તમને ગમે ને ? ઘરનો અજ્ઞાન પણ મરતા સુધી ધંધો કરે. કુટુંબમાં કોઈ તેને કહેનારા મળે કે- 'કયાં સુધી આ પાપ ચાલુ રાખવું છે ? હવે તો ધર્મ કરો.'

જે જીવ પરલોકને ભૂલી જાય તો તેને આસ્તિક પણ ન કહેવાય તો સમકિતી તો કયાંથી કહેવાય ? આસ્તિક પણ પરલોકને ભૂલતો નથી. પરલોક બગડે તેવી વાત આવે તો ના પાડે છે. ઘણા આસ્તિકો પણ અહીં સારામાં સારું જીવન જીવે છે. પાપ કરવું તેમને ભારે પડે

છે. એવા મિથ્યાદ્રષ્ટિ પણ જીવો હોય છે કે જેઓ અનીતિ નથી કરતા, નીતિથી જે મળે તેમાં મઝેથી જીવે છે. નીતિથી જે મળે તેમાં મઝેથી જીવવું છે તેવા વિચારવાળા પણ કેટલા મળે ? અહીં આવનારા પણ આસ્તિક છે કે નહિ તેમાં શંકા છે ! તેથી તો આજે આસ્તિક શોધવા પણ ભારે પડે તેમ છે તો સમકિતીની તો વાત જ કયાં કરવી ? જેને પરલોક યાદ હોય તેનો આ લોક પણ સારો હોય.

ધર્મ પામેલો જીવ પણ મોહના યોગે કેવી રીતે ધર્મ ભૂલી જાય છે એટલું જ નહિ પણ ધર્મ ન પામે તે માટે શું કરે છે તે અંગે ભૃગુ પુરોહિતની વાત આપણે કરી રહ્યા છીએ. બે ગોવાલના જીવો હતા. તેઓને એકવાર સુસાધુઓનો યોગ થયો. તેમની પાસેથી ધર્મ સાંભળીને પ્રતિબોધ પામ્યા **અને દીક્ષાનો સ્વીકાર કરીને, આરાધીને** દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને તે બે ય શ્રેષ્ઠીપુત્રો થયા. ત્યાં તેમને બીજા ચાર શ્રેષ્ઠી પુત્રો સાથે મિત્રતા થઈ. તે છ એ જણા સદ્‌ગુરૂના યોગે ભગવાનનો ધર્મ સમજ્યા અને છ એ જણાએ દીક્ષાને લીધી. અને દીક્ષાનું અનુપમ પાલન કરીને પહેલા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. તેમાંથી ચાર જણા પહેલા ચ્યવીને રાજા અને રાણી તરીકે તથા તે જ નગરમાં તે જ રાજાના ભૃગુ પુરોહિત અને તેમની પત્ની યશા તરીકે ઉત્પન્ન થયા. હવે જે બે ગોપાલના જીવો દેવ હતા તેમણે અવધિજ્ઞાનથી જાણ્યું કે- આપણે. ભૃગુ પુરોહિતના પુત્રો તરીકે જનમવાના છીએ. ભૃગુ પુરોહિતને કોઈ જ સંતાન હતું નહિ તેથી તે પુત્ર માટે દેવ - દેવીઓની માનતા માનતો હતો.

આપણે ભૃગુ પુરોહિતના પુત્ર તરીકે જનમવાના છીએ તે જાણ્યા પછી તે બન્ને દેવો મુનિનું રૂપ લઈને ભૃગુ પુરોહિતને ત્યાં આવે છે. ભૃગુ પુરોહિત પણ પોતાની પત્ની સાથે તે બન્ને મુનિઓનો આદર સત્કાર કરે છે. તે મુનિઓ તેને ભગવાનનો ધર્મ સમજાવે છે તેથી તે બન્ને ય પ્રતિબોધ પામે છે. અને સમ્યક્‌ત્વ મૂલ શ્રાવકપણાનાં બાર વ્રતો સ્વીકારે છે. પુત્રના અભાવથી દુઃખી એવો પુરોહિત તે મુનિઓને પૂછે છે કે- મને પુત્ર થશે કે નહિ ? ત્યારે તે મુનિદેવો કહે છે કે- ''તમને બે પુત્રો થશે. પણ તે બન્ને ય પુત્રો બાલ્યવયમાં જ દીક્ષિત થશે. માટે દીક્ષા લેતા એવા તેઓને તમારે અંતરાય કરવો નહિ.'' આવું કહીને તે બન્ને ય મુનિદેવો પોતાના સ્થાને જાય છે.

હવે આયુષ્ય પૂર્ણ થયે તે બન્ને દેવો, દેવલોકમાંથી ચ્યવીને ભૃગુ પરોહિતની યશા નામની પત્નીના ગર્ભમાં આવે છે. પોતાની પત્નીને ગર્ભ રહેલો જાણીને પુરોહિત અને પુરોહિતની પત્ની વિચારે છે કે- મુનિઓની એક વાત તો સાચી પડી. આપણાને પુત્રો જરૂર થશે. આપણે તેમને સાધુ કરવા નથી. માટે આપણે એવા ગામમાં જઈને વસવું જોઈએ કે જ્યાં સાધુનું દર્શન પણ દુર્લભ હોય પછી સાધુના આવાગમનની તો વાત જ શી કરવી ? મોહની આધીનતા કેટલી ભયંકર છે તેનો વિચાર કરો. તે બન્ને ય ભગવાનનો ધર્મ ભૂલી ગયા. શ્રાવકપણું પણ વિસારી દીધું, સમકિત પણ હારી ગયા અને એવા ગામમાં જઈને વસ્યા કે- જ્યાં સાધુનું દર્શન પણ ન થાય. તે ગામમાં 'યશા' પુરોહિત પત્નીએ બે પુત્રોને જન્મ આપ્યો અને તે બન્ને બાળકો ધીમે ધીમે વૃદ્ધિને પામવા લાગ્યા.

હવે તે પુરોહિત અને તેની પત્ની વિચારવા લાગ્યાં કે- આ ગામમાં સાધુઓનું આવગમન દુર્લભ છે. છતાંય દૈવ વશાત્ સાધુઓ આવી જાય તો આ બન્ને પુત્રો સાચો ધર્મ સમજી ન જાય તે માટે બાલ્યકાળથી તે બન્નેના મનમાં સાધુઓ પ્રતિ ઝેર રેડવા લાગ્યા કે- ''મુંડિત મસ્તકવાળા અને હાથમાં દંડ આદિ લઈને નીચું જોઈને ચાલતા બગલાની જેવા દંભી તે સાધુઓનો વિશ્વાસ જરા પણ ન કરવો અને તે બોલાવે તો પણ પાસે પણ ન જવું કેમ કે તે લોકો નાના નાના બાળકોને પકડીને મારી નાખે છે અને રાક્ષસની જેમ તેમનું માંસ ખાય છે.'' તેથી તે બન્ને બાળકો સાધુનું નામ સાંભળતા ભરાય એવા થઈ ગયા. વિચારો કે- ધર્મ ભૂલી ગયેલા જીવોની કેવી શોચનીય હાલત થાય છે.

આજે પણ તમે તમારાં નાનાં નાનાં સંતાનો બહુ રડતાં હોય તો કહો છો ને કે- 'બાવો આવ્યો !' ત્યાગીથી ગભરાનારા ઘણા હોય છે. તેથી ઘણાને તો ત્યાગીનો પરિચય કરવાનું પણ મન થતું નથી. આજે પણ ઘણા જીવો સાધુપણાના પ્રેમી નહિ. જે સાધુપણાના પ્રેમી નહિ અને માત્ર સાધુના જ પ્રેમી હોય તે શ. માટે ? પોતાના સ્વાર્થ માટે. ઘણા તો કહે છે કે- ''સાધુ પાસે શું જઈને ? સાધુઓ તો એમ જ કહે કે- આ સુખ ભૂંડું છે. છોડવા જેવું છે. સાધુ જ થવા જેવું છે. અમારે સાધુ થવું નથી.'' ''અમને અમારા પુણ્યથી દુનિયાનું જે સુખ મળ્યું તે ભોગવીએ તેમાં તમારા બાપનું શું જાય છે ?'' આવું પણ અમને કહેનારા ઘણા મળે છે. સાધુના નિરંતર પરિચયમાં

આવે તેને આ સંસારના સુખમાં એવો રાગ ન થાય. ઉપાદેયબુદ્ધિ પણ ન આવે અને હેયબુદ્ધિ જીવતીને જાગતી રહે તે લાભ નાનો સૂનો છે ?

હવે એકવાર તે બન્ને ય બાળકો રમવા ગયા અને રમતા રમતા ગામ બહાર નીકળી ગયા. ત્યાં દૂરથી સાધુઓને આવતા જોયા અને એકદમ ભયભીત બની ગયા. જીવ બચાવવા એક મોટા ઝાડ ઉપર ચઢી ગયા. અને સાધુઓ પણ તે જ ઝાડ નીચે આવ્યા. તેથી અત્યંત ગભરાઈને લપાઈ - છૂપાઈને બેસી ગયા. સાધુઓ પાસેના ગામમાંથી આહારાદિ અંત પ્રાંત લાવેલા તે, તે જ ઝાડ નીચે વાપરવા બેઠા. મા-બાપે જે ઝેર રેડેલું કે- 'સાધુઓ બાળકોને પકડીને મારી નાખીને માંસ ખાય છે' તેવું કાંઈ જ જોયું નહિ. અને સાધુઓની તે તે ચર્યા જોઈને લાગ્યું કે- આવું આપણે ક્યાંક જોયું છે. અને ઊહાપોહ કરતાં તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વે આરાધેલું સાધુપણું યાદ આવ્યું મા-બાપનાં વચનોથી દુઃખ થયું કે મોહને આધીન બનીને અમને ખોટે માર્ગે ચઢાવ્યા. ત્યાંને ત્યાં વિરાગ પામી ગયા. હવે ઘર-બારાદિ કશું ગમતું નથી. ભૂતકાળમાં આરાધેલો ધર્મ યાદ આવી જાય તો તો બેડો પાર થઈ જાય !

પ્ર. - સુખ પણ ધર્મથી મળે ને ?

ઉ. - દુનિયાનું સુખ મળે પુણ્યથી જ. તે પુણ્ય ધર્મથી થાય કે અધર્મથી થાય ? ધર્મથી મળેલો પૈસો ધર્મમાં વધારે ખર્ચાય કે મોજમઝાદિમાં વધારે ખર્ચાય ?

શાસ્ત્રે કહ્યું છે કે- ગૃહસ્થોનો પ્રધાન ધર્મ દાન છે. શક્તિ મુજબ દાનધર્મની આચરણા નહિ કરનારા ગૃહસ્થો ધર્મને જ ભૂલી ગયા છે ! ધર્મી ગણાતો ગૃહસ્થ પણ શક્તિ મુજબ દાન કરે ? શીલ પાળે ? તમને ઈચ્છિત વસ્તુ ન મળે તો લાભાંતરાય નડે પણ યોગ્ય પાત્રમાં દાન ન કરો તો દાનાંતરાય નડે ? શક્તિ મુજબ દાન ન દઈ શકો તો દુઃખ થાય કે શક્તિ મુજબ ખાઈ - પી ન શકો તો દુઃખ થાય ? દવા લઈને પણ ખાવ - પીઓને ? તેમ દાનને માટે અભ્યાસ કરો છો ? ધન મળ્યું છે તે દાન કર્યું માટે ને ? તો ધન મળ્યા પછી દાન દેવાનું મન થાય છે કે સાચવી રાખવાનું મન થાય છે ?

પ્ર. - દાનાંતરાયની દવા છે ખરી ?

ઉ. - હા, દવા છે. એક ગૃહસ્થ એવો હતો જે પોતે બોલી આદિ બોલી ન શકે. પણ ધર્મનો પ્રેમ ઘણો હતો. પોતાના મિત્રને કહી રાખેલું કે- મારાથી બોલી બોલી નહિ શકાય માટે મારા વતી તું આટલી બોલી બોલજે. હું વિના સંકોચે રકમ આપી દઈશ. દાનાંતરાય જીવતા આમ કરનારા પણ હોય.

તમે શક્તિ મુજબ દાન નથી કરી શકતા તેનું દુઃખ તમને છે ખરું ? આટલી આટલી મહેનત કરવા છતાં ય હજી ધાર્યા પૈસા નથી મળતા તો વધુ પૈસા કેમ મળે તેનો ઉપાય પૂછવા સાધુ પાસે જાવ છો પણ દાનના પાત્રમાં શક્તિ હોવા છતાં ય દાન દેવાનું મન નથી થતું તો દાન દેવાનું મન થાય તેવો કોઈ ઉપાય પૂછવા સાધુ પાસે જાવ છો ખરા ? તમે બધા શક્તિ મુજબ દાન કરતા હોત તો આ દુષ્કાળ કોઈને નડત ખરો ? કોઈ સાધર્મિક પણ દુઃખી હોત ? કોઈ જનાવર પણ ભુખે મરત ? કોઈ દીન - દુઃખી પણ ભુખ્યો રહેત ખરો ? તમે બધા તમને તમારા પુણ્યથી મળેલી આ દુનિયાની સુખસંપત્તિ છોડી દો, બધી ફેરચી નાખો તેમ હજી કહેવાનું મન છતાં નથી કહેવું પણ તે લાગે છે કેવી તે જ જાણવું છે ? તમે બધા દાન ધર્મને તો માનો છો ને ? શક્તિ મુજબ દાન કરો કે કૃપણતા મુજબ દાન કરો ? હિન્દુસ્તાનના સુખી લોકો જો દાતાર હોય તો આ દેશમાં કોઈ ભૂખે મરે તેમ નથી ! પછી તો તમારી પડોશમાં રહેલા જીવો પણ ધર્મશીલ બની જાય !

પ્ર.- સુખીની ભૂખ પૂરી થાય પછી બીજાની ભૂખ લાગે ને ?

ઉ.- આવી ભૂખ સમકિતીને હોય ખરી ? તે ધનનો આવો લોભી હોય ? શક્તિ મુજબ દાન ન કરે તેમ બને ? અને દાન ન કરે તો દુઃખ પણ ન થાય તેમ બને ?

હવે તે બન્ને બાળકોને જાતિસ્મરણ જ્ઞાન થયા પછી ઘરે આવીને માતા-પિતાને કહે છે કે- ''આ મનુષ્યપણું થોડાકાળનું છે, ઘણાં અંતરાયોથી ભરેલું છે, મરણ નજીક છે માટે હવે અમને આ સંસારમાં ફાવતું નથી તેથી અમે તમારી પાસે સંયમની રજા માગવા આવ્યા છીએ.'' આ સાંભળીને માબાપ ગભરાઈ ગયાં અને સમજી ગયાં કે- સાચા મુનિના દર્શનથી આ બન્ને છોકરા વિરાગભાવને - મુનિપણું પામવાના ભાવને પામી ગયા છે. મુનિને જોઈને મુનિ થવા જેવું છે તેમ પણ મન ન થાય તો તે કયા પાપનો ઉદય કહેવાય ?

ક્રમશઃ

પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. ની જીવન ઝલક

સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાનવાચસ્પતિ, વીસમી સદીના મહાન જ્યોતિર્ધર **પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** સમુદાયના પરમ વિદુષી સ્વ. સાધ્વીરત્ના **પૂ. સા. શ્રી દર્શનશ્રીજી મ.** ના પ્રશિષ્યા અને પરમ વિદુષી પૂ. સાધ્વીજી **શ્રી કીર્તિપ્રભાશ્રીજી મ.** ના સુશિષ્યા વર્ધમાનતપ આયંબિલની ૧૦૯ ઓળીના અજોડ આરાધક યાવજ્જીવ અપ્રત્તમ સંયમ સાધક પૂજ્ય સાધ્વીજી શ્રી હેમપ્રભાશ્રીજી મહારાજે ૭૭ વર્ષની જૈફ વયે ૬૦ વર્ષના નિર્મળ ચારિત્ર પર્યાયને પૂર્ણ કરી ૬૮ શ્રમણી ભગવંતોનું **સુકાની પદ સંકેલી વિ. સં. ૨૦૫૭** ના અષાઢ વદ બીજની મધ્યરાત્રી (૨.૫૦ મિ.) એ સતત બે મહિનાથી સમાધિ પ્રદાન કરનારા પ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજા** સહિત ચતુર્વિધ શ્રી સંઘની ઉપસ્થિતિમાં અરિહંત... અરિહંત... ના નાદ - શ્રમણપૂર્વક સ્વયં પણ એ નાદમાં લીનતા કેળવવાપૂર્વક પૂર્ણ જાગૃત અવસ્થા પરમોચ્ચ સમાધિ મરણને પ્રાપ્ત કરી દેવલોક પ્રયાણ કર્યું છે.

જિનશાસનના પરમ તપસ્વિની સાધ્વીવર્યા પૂ. સા. શ્રી હેમપ્રભાજશ્રીજી મહારાજનો બાહ્ય - અભ્યંતર પરિચય

જન્મ	:	વીસલપુર ૧૯૮૧ શ્રાવણ વદ ૧૩+૧૪
માતા	:	જતનાબેન **પિતા** : હજારીમલજી
સંસારી નામ	:	હેમીબેન
દીક્ષા	:	સાવરકુંડલા ફાગણ સુદ ૩ સંવત ૧૯૯૮
દીક્ષા દાતા	:	સમર્થ સાહિત્યકાર પ. પૂ. આ. શ્રી વિ. કનકચન્દ્રસૂરિ મહારાજા
સંસારણી	:	પૂજ્ય સાધ્વીજી શ્રી કીર્તિપ્રભાશ્રીજી મ.
દીક્ષિત નામ	:	પૂજ્ય સાધ્વીજી શ્રી હેમપ્રભાશ્રીજી મ.
પ્રથમ શિષ્યા	:	પૂજ્ય સાધ્વીજી પદ્મયશાશ્રીજી મ.
રાજીવન	:	પૂજ્ય સાધ્વીજી શ્રી રવિચન્દ્રાશ્રીજી મ.

અંતેવાસિની શિષ્યા

અંતિમ શિષ્યા	:	પૂજ્ય સાધ્વીજી શ્રી રવિચંદ્રાશ્રીજી મ.
શિષ્યા -પ્રશિષ્યા પરિવાર	:	૬૮
દીક્ષિત પરિવાર	:	ભાઈ મહારાજ - પૂ. આ. શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ
કાકી મહારાજ	:	પૂ. સા. શ્રી ભક્તિશ્રીજી મહારાજ
ભાભી મહારાજ	:	પૂ. સા. શ્રી કીર્તિપ્રભાશ્રીજી મહારાજ
તપશ્ચર્યા	:	દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રથમ વર્ષે માસક્ષમણની આરાધના. તદુપરાંત ૨૧, ૧૬, ૧૧, ૯. ૧૦ વખત અઠ્ઠાઈ, બે વરસીતપ (એક વરસી તપમાં સિદ્ધિ તપ, વીશ સ્થાનક, ૧૦૮ અઠ્ઠમ, સળંગ ૫૦૦ આયંબિલ, વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ થયા પછી ૧૦૧, ૧૦૨.... ૧૦૯ ઓળી પૂર્ણ કરી... છેલ્લે સુધી ૧૧૦, ૧૧૧ ઓળીની આરાધનાની ભાવના રાખી હતી. બીજી વખત પાયો નાંખી ૧૫ ઓળી પૂર્ણ કરી કષાય જય છ માસી, બે માસી, દોઢ માસી વગેરે તપધર્મ આચરવા સાથે સંયમની સાધના અપ્રત્તમણે કરી હતી
કાળ ધર્મ	:	વિ. સં. ૨૦૫૭, અષાઢ વદ - ૨, શનિવાર, રાત્રે ૨.૧૦ કલાકે
અંતિમ ચાતુર્માસ	:	શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વે. મૂ. ટ્રસ્ટ, ચંદાવરકર લેન, બોરીવલી, મુંબઈ - ૯૨.

મંગલેશ - તે "જૈન શાસન" વાંચ્યું
રોહિત - હા, કેમ?
મંગલેશ - તેમાં મારી પત્ની એ લખેલો લેખ છે. તેનું નામ પણ છપાયું છે.
રોહિત - એમ! મારું નામ પણ એક જાડા પુસ્તકમાં છે.
મંગલેશ - (આશ્ચર્યથી) કયા પુસ્તકમાં? મેં તો હજી જોયું નથી? તે બતાવ્યું પણ નથી?
રોહિત - (શાંતિથી) ટેલીફોન ડિરેક્ટરીમાં...

શય્યંભવ સૂરિની કથા

* શાહ રતિલાલ ડી. ગુઢકા - લંડન

શારુ ના પાને અને ઘાણા જૈન અંક બહાર પડે છે. તેમાં પાણ ચેલ છે ને વળી ઉપદેશ પ્રાસાદમાં પણ આ કથા વિશે ઘાણું વર્ણન છે તેજ આધારે શ્રી જંબુસ્વામીની પાટે શ્રીપ્રભવસૂરિ બિરાજમાન થયા. શ્રી પ્રભવસૂરિએ પોતાની પાટ પર બેસાડવા માટે કોઈ યોગ્ય શિષ્યનો વિચાર કર્યો. આવો કોઈ યોગ્યશિષ્ય તેમને પોતાના શિષ્ય પરિવારમાં કે ગચ્છમાં જોવા મળ્યો નહિ. આથી તેમાણે શ્રુતજ્ઞાનનો ઉપયોગ મુક્યો. આ ઉપયોગથી રાજગૃહિ નગરીમાં રહેતો શય્યંભવ ના મનનો બ્રાહ્મણ તેમને પોતાના ઉત્તરાધિકારી તરીકે યોગ્ય જણાયો. આથી શ્રી પ્રભવસૂરિ રાજગૃહી ગયા.

શય્યંભવ બ્રાહ્મણ રાજગૃહીમાં યજ્ઞ કર્મ કરાવતો હતો. તેને પ્રતિબોધ પમાડવા શ્રી પ્રભવસૂરિએ બે શિષ્યોને યજ્ઞ સ્થળે મોકલ્યા. ગુરૂની આજ્ઞા પ્રમાણે યજ્ઞ સ્થળે પહોંચી આ બે શિષ્યો એક શ્લોક બોલ્યા: ''અહો કષ્ટ મહો કષ્ટં તત્ત્વં ન જ્ઞાયતે પરં'' અરે ! આ તે કેવી કષ્ટની વાત છે કે મહાકષ્ટ કરે છે પણ તે પરમતત્ત્વને જાણતો નથી. આટલું બોલીને શિષ્યો તુરત જ ત્યાંથી ચાલ્યા ગયા.

શય્યંભવ એ શ્લોક સાંભળી વિચારમાં પડી ગયો. શું હું મહાકષ્ટ કરું છું. છતાંય પરમતત્ત્વને નથી જાણતો ? આ પરમતત્ત્વ શું હશે ? આ સાધુઓને એવું અસત્ય બોલવાનું કોઈ પ્રયોજન ન હોઈ શકે, તો પછી હવે મારે યજ્ઞાચાર્યને જ તત્ત્વવિશે પુછ્યું જોઈએ.

યજ્ઞાચાર્યને તત્ત્વ વિશે પૂછતાં તેમાણે કહ્યું: ''હે વત્સ ? તું આ દેહ ન કર યજ્ઞ જ તત્ત્વ છે.'' પરંતુ શય્યંભવને તેથી બરાબર સમાધાન ના થયું. પેલા બે સાધુઓની શોધ કરતો તે પ્રભવસૂરિ પાસે આવ્યો. પૂર્વ ઘટના કહી પૂછ્યું: પરમતત્ત્વ શું છે ? સૂરિજીએ કહ્યું: ''હે ભદ્ર ? આ પરમતત્ત્વ તને તારા ગુરૂ આર્ય જ કહેશે પણ આ માટે તારે તેમને ખોટી રીતે ડરાવવા પડશે.''

શય્યંભવ પાછો યજ્ઞાચાર્ય પાસે આવ્યો. લાલ આંખ કરી, ખડગ, કાઢીને ઉંચા અવાજે તેણે કહ્યું: ''મને ખરેખર આપ તત્ત્વ શું છે તે કહો નહિ તો આ ખડગથી તમારું માથું છેદી નાખીશ.''

''યજ્ઞાચાર્ય એથી ડરી ગયા. તેમાણે તુરત જ યજ્ઞના સ્થંભ નીચે સ્થાપિત કરેલી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા બહાર કાઢીને બતાવી, એ પ્રતિમા જોઈ શય્યંભવ શાંત રસમાં લીન થઈ ગયો. એ પ્રતિમા લઈ તે ફરી પાછો પ્રભવસૂરિ પાસે પહોંચ્યો અને તેનું સ્વરૂપ વગેરે પૂછ્યું. સૂરિજીની પ્રેરક દેશનાથી શય્યંભવે મિથ્યાત્વ છોડી દીધું અને આશાતના ન થાય તેવા સ્થળે જિન પ્રતિમાની સ્થાપના કરી, તે પછી શય્યંભવે જિન ધર્મની દીક્ષા અંગીકાર કરી. દીક્ષા પર્યાયમાં તેમાણે દ્વાદશાંગીનું અધ્યન કર્યું. પૂરતી યોગ્યતા આવી જાણી **પ્રભવસૂરિએ શય્યંભવ સૂરિને પોતાની પાટે સ્થાપિત કર્યા.** શય્યંભવે દીક્ષા લીધી ત્યારે તેની પત્નિ સગર્ભા હતી. ગર્ભકાળ પૂરો થતાં પત્નિએ મનક નામના પુત્રને જન્મ આપ્યો. મનક શેરીમાં રમવા લાગ્યો ત્યારે બાળકો તેને બાપો કહીને તેનું અપમાન કરતાં અને ચીડવતાં, મનકે માતાને પૂછ્યું: ''મારા પિતા કોણ છે અને ક્યાં છે ?'' માતાએ અશ્રુભીની આંખે બધી માંડીને વાત કરી. અને કહ્યું, હાલ તેઓ પાટલીપુત્ર નગરમાં છે.

માતાની આજ્ઞા લઈ મનક પાટલીપુત્ર આવ્યો. નગરમાં ફરતાં તેણે મુનિઓના એક સમૂહને જોયો. તેમાંથી એક મુનિને પૂછ્યું: તમારામાંથી શય્યંભવ મુનિ કોણ છે ?'' શય્યંભવે પુત્રને શ્રુતજ્ઞાનના ઉપયોગથી ઓળખી કાઢ્યો, અને ઉપાશ્રયમાં લાવી તેને દીક્ષા આપી. જ્ઞાનના ઉપયોગથી પિતાએ જાણ્યું કે પુત્રનું આયુષ્ય માત્ર છ જ માસનું છે. આથી પુત્રનો ઉદ્ધાર કરવાના શુભાશયથી શય્યંભવ સૂરિએ દ્વાદશાંગીમાંથી ઉદ્ધાર કરી દશ વૈકલીક સુત્રના રચના કરી પુત્રને ભણાવ્યું.

આયુષ્ય પુરું થતાં બાળ મનક મુનિ કાળધર્મ પામ્યા, તે સમયે સૂરિની આંખમાં દડદડ આંસુ જોઈને એક શિષ્યે પૂછ્યું: ''ગુરૂદેવ ! આપની આંખમાં મૃત્યુના શોકમાં આંસુ ? આપના જેવા જ્ઞાની ત્યાગી મોહમાં તણાઈ આમ આંસુ સારે તો પછી સમતા ભાવ કેવી રીતે જળવાશે. ?''

આંસુ લુછતાં સૂરિએ કહ્યું: ''વત્સ ? મારા આંસુ મોહના કે મૃત્યુની વેદનાના નથી. આ મારા પુત્રનું આયુષ્ય ટુકું હતું, ટુંકા આયુષ્યમાં પણ ચારિત્ર ધર્મનું પાલન કરી તે સ્વર્ગે ગયો. એનું આયુષ્ય લાંબુ હોત તો તે પણ સ્વર્ગથી વધુ મહત્વનું પદ પ્રાપ્ત કરી શકત ને ? એ વિચારમાંથી ખેદના આંસુ મારી આંખમાંથી દદડી રહ્યાં છે.''

આ સાંભળી સૌને વિષાદ અને વિસ્મયની અનુભૂતિ થઈ એકે.વિનયથી કહ્યું: ગુરૂદેવ ? આ બા મુનિ આપના પુત્ર હતા, એવી તો અમને જાણ કરવી હત , અમે તેમની વૈયાવચ્ચ તો કરત.''

સુરિજીએ ગંભીરતાથી કહ્યું: ''વત્સ ? એવી જાણ કરી હોત તો તેનું આત્મહિત ન સધાત.''

શય્યંભવ સૂરિની આ કથા વાંચીને જનપ્રતિમાની પૂજા કરવામાં, સ્તુતિ કરવામાં ભક્તિ કરવામાં જાગ બનવાનું છે. જિન પ્રતિમાને ચિત્તમાં ધારવાથી તેમના વનનો ઉદ્ધાર થઈ ગયો. તેમ આપણો પણ ઉદ્ધાર થઈ કે છે. આથી હંમેશા જિન પ્રતિમાને ચિત્તમાં ધારણ કર રી એ જ શિવ મસ્તુ સર્વ જગત. જગત માત્રનું કલ્યાણ થા તેવી ભાવના.

પ્રત્યેક લેશ્યાના સ્વભાવો

— પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

૧. કૃષ્ણ લેશ્યાવાળો અત્યંત રૌદ્ર સ્વભાવી છે. રોમેરોમ ક્રોધની ઉત્પત્તિ વાળો ધ્યા વિનાનો આંખમાં ખુનસ જીભમાં કડવાશ શરીરની આકૃતિ રુદ્ર હોય છે.

૨. નીલ લેશ્યાવાળો અત્યંત આળસુ, જડ બુદ્ધિ સ્ત્રીઓમાં આશકત પારકાને ઠગનારો ભયભીત અને અહંકારનું પુતળું આ સ્વભાવો નીલ લેશ્યાનો છે.

૩. કાપોત લેશ્યાવાળો અત્યંત શોકાતુર પારકાની નિંદ અને પોતાની બડાશ મારવામાં સાવધાન મરવાના વાંકે જીવનારો આ લેશ્યાનો માલીક જાણવો.

૪. પીત લેશ્યાવાળો વિદ્યા મેળવવામાં રૂચીવાળો કરૂણાથી ભરેલો કાર્યાકાર્યમાં વિચારક લાભ – અલાભમાં સદા ખુશ રહેનાર આ લેશ્યાનો માલીક છે.

૫. પદ્મ લેશ્યા વાળો ક્ષમાને ધારણ કરનાર પ્રતિક્ષણે ત્યાગ તરફ જ ગતિ કરનાર પરમાત્માનો પૂજક ઇન્દ્રિયોને દમનારો આત્મિક જીવનમાં પવિત્ર હંમેશાં પ્રસન્ન ચિત્તવાળો પદ્મલેશ્યાનો માલિક છે.

૬. શુકલ લેશ્યાવાળો રાગ દ્વેષ રહિત શોક સંતાપ તથા નિંદા રહીત પરમાત્મ પદનો ઇચ્છુક આ લેશ્યાવાળો હોય છે.

કૃષ્ણ લેશ્યાવાળો ક્ષુદ્ર સાહસિક નિર્દય દુષ્ટ ઇન્દ્રિયોનો ગુલામ દુરાચારી હોય છે. નીલ લેશ્યાવાળો ઇર્ષ્યાળુ કદાગ્રહી. અજ્ઞાની, માયાવી વિષ લોલુપી દ્વેષી હોય છે.

કાપોત લેશ્યાવાળો વક્ર કપટી અ ંયમી મિથ્યા – દૃષ્ટિ. અનાર્ય મર્મ ભેદકવાળો હોય છે.

તેજો લેશ્યાવાળો નમ્ર અચપલ નિષ્કપટ વિનયી પાપ ભીરુ સંયમી ધર્મ પ્રેમી હોય છે. પદ્મ લેશ્યાવાળો પ્રશાંત ચિત્તવાળો જ્ઞાન – ધ્યાન – તપમાં શુરવીર જિતેન્દ્રિય હોય છે. શુકલ લેશ્યાવાળો આત્માનો દમનાર વી રાગી સમિતિ ગુપ્તિનો ધારક હોય છે. ■

:: મીઠાની મૂઠી ખાનાર મૂર્ખ :

ગહ્વર નામે કોઈ ગામડિયો જડ પુરુષ હતો. એક ગરવાસી મિત્ર તેને પોતાને ઘેર લઇ ગયો. અને મીઠા વડે સ્વાદિષ્ટ બનાવેલાં અન્ન અને ફરસાણ તેણે તેને જમાડ્યાં. 'અન્નાદિની આ સ્વાદિષ્ટતા શાથી છે ?'' એમ તે ગહ્વરે પૂછ્યું, એટલે તે મિત્ર ઉત્તર આપ્યો કે 'મુખ્યત્વે મીઠાને લીધે.' એમ હોય તો તે જ ખા જોઈએ.'' એ પ્રમાણે કહીને તેણે દળેલા મીઠાની મૂઠી લઈને મ ઢામાં નાખીને ખાવા માંડી. એટલે તેમ કરતાં એ મૂર્ખના હોઠ અને દાઢી એ મીઠાથી ભરાઈ ગયા અને લોકોનું મુખ પણ હસતા હસતા ધોળું થઈ ગયું.

(કથા સરિત્સાગર ૯૪)

અમૂલ્ય માર્ગદર્શન

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

*(સં. ૨૦૪૫ના પાલીતાણા - મહારાષ્ટ્ર ભુવનના ચાતુર્માસમાં પૂ. પ્રવચનકારશ્રીજીના ઉપદેશથી જોત જોતામાં એક અવર્ણનીય ટીપ થયેલી. હરેક કાળમાં પોતાને જ ફાવતું લેનારા જીવોનો અભાવ નથી હોતો. તેથી ભાદરવા સુદિ - ૧૧, સોમવાર, તા. ૧૧-૯-૧૯૮૯ના પૂ. જગદ્‌ગુરૂ આ. શ્રી વિ. **હીરસૂરીશ્વરજી** મહારાજાના ગુણાનુવાદના પ્રસંગે પૂ. શ્રી એ જે માર્ગદર્શન આપેલ કે શ્રી જિનમંદિરાદિનું નિર્માણ શ્રી જૈન પૂજા વગેરે **સ્વદ્રવ્યથી કે સાધારણ દ્રવ્યથી** જ કરાય.*

*તે માર્ગદર્શન આજે પણ તેટલું જ અનિવાર્ય ઉપયોગી અને ભૂલેચૂકે પણ જાણતાં કે અજાણતાં દેવદ્રવ્યના દુરૂપયોગનો કે ભક્ષણનો દોષ લાગી ન જાય તેના મોટે પણ **લાલબત્તી** આપનાર છે. તો સૌ કોઈ શાંતચિત્તે વાંચી વિચારી શાસ્ત્રાજ્ઞા મુજબ ચાલી આત્મ કલ્યાણના ભાગી બનો તે જ ભાવના સહ શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. -અવ.)*

જૂઓ તમે બધાએ ૩૧,૦૦૧) રૂા. ની જે તિથિઓ ભરી તેથી બધા તાજૂબ પામી ગયા છે.

પ્ર. - તેનો અર્થ ઊંધો થયો ને ?

ઉ. - તે જુદી વાત છે. પાપીઓ સાવધ છે. તેનો લાભ લીધો. તેઓએ ખોટી જાહેરાત કરી. (જૂઓ તા.૧૦-૯-૧૯૮૯ ને રવિવારનું 'સંદેશ' તથા 'ગુજરાત સમાચાર' દૈનિક પેપર શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું સકલ શ્રી સંઘને નિવેદન) તેની સામે જોવાય નહિ.

આપણે તેમને પૂછવું છે કે- તમે લોકોએ શું કર્યું છે ? તમારા ઉપદેશથી આ થયું છે ? ખોટા લોકો હંમેશા ગપ્પા જ મારવાના છે. સંમેલનમાં જે ઠરાવો કર્યા તેથી જેટલા જૂના લોકો છે તે બધાએ કહ્યું કે- ''નવી કોઈ વાત નહિ ચાલે. શાસ્ત્રે કહ્યા મુજબ જે રીતે ચાલે છે તે રીતે જ ચાલશે ''

પ્ર. - આપની નિશ્રામાં થયું તે નથી ગમ્યું.

ઉ.- નામની નથી પડી પણ જે હકીકત છે તે કહેવી છે. આપણે તો કહેવું છે કે- તમારા સંમેલનનો વિરોધ કરનારાઓએ આ કામ કર્યું છે. તમે કશું જ કર્યું નથી. **તમે તો ધર્મ છોડાવવાનો પ્રયત્ન કર્યો છે પણ સમજુ લોકોએ ધર્મ છોડ્યો નથી.** તમે તો આ વાતનો ખોટો લાભ લેવા પ્રયત્ન કર્યો છે. આવી સાચી વાત સંભળાવો અને તેઓમાં શાન હોય તો ઠેકાણું પડશે. તમે બધા સમજુ અને ડાહ્યા થાવ **તો માર્ગની સાચી રક્ષા થાય અને તેથી જ ધર્મશાસનની સાચી પ્રભાવના થાય.**

પ્ર.- આપણે જ કાંડા કાપી આવ્યા તેનું શું ? અ. × ક. ની પેઢીમાં ઠરાવ કરવામાં આવ્યો છે કે- ચા રકમના વ્યાજમાંથી પૂરૂં ન થાય તો દેવદ્રવ્ય વાપરવાની છૂટ. આમાં આપણે હા પાડી આવ્યા તેનું શું ?

ઉ.- તે બધું બરાબર થઈ જશે. વિચારણા ચાલે છે.

મારે તો તમને એ સમજાવવું છે કે આજે કોઈ પણ શ્રાવક પેઢીને પૂછે છે ખરો કે- પૂજારીનો, માણસોનો પગાર પેઢી શેમાંથી આપે છે ?

પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈએ મને કહ્યું છે કે- અમારે ત્યાં - પેઢીના વહિવટમાં જે ખાતાના પૈસા છે તે જ ખાતામાં ખર્ચાય છે. તેમાં કાંઈ ભૂલભાલ થતી હોય તો દંડ કરો.''

શ્રાવકોએ સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઈએ અને મંદિરના કામ માટે પણ સ્વદ્રવ્યનો જ કે સાધારણ દ્રવ્યનો ઉપયોગ કરવો જોઈએ- આ વાત હું વર્ષોથી ગામે ગામ કરતો આવ્યો છું અને કરું છું. જે લોકો આપણી યોજનાનો ખોટો લાભ લેવા માગે તેમને તો સંભાળાવી દેવું જોઈએ કે- તમે તો કશું જ કર્યું નથી. તમારી માન્યતાવાળા જેટલાં ગામ હોય તેમાં આમ કરી બતાવો. આટલી સાચી અને સ્પષ્ટ વાત કરવા છતાં ય જો તેઓ સુધારો નહિ કરે તો તેઓનું અકલ્યાણ તેમાં આપણે શું કરી શકીએ ? બાકી ખોટા મૂંઝાવ નહિ, બધું સારું થશે.

મને નામની પરવા નથી. જો શ્રેણિકભાઈ પણ તેમાં ભૂલ કરે તો હું જાહેરમાં વિરોધ કરું પણ તેઓ તેવું કરે એમ લાગતું નથી. તેઓ તો કહે છે કે- અમે તો બધાં જ મંદિરો અને બધાં જ તીર્થોમાં સાધારણમાંથી પગાર આપવા તૈયાર છીએ. અમને વાંધો નથી પણ લાવીએ કયાંથી તે પ્રશ્ન છે. બધે જ ટીપ કરવા અમે પહોંચી શકીએ તેમ નથી.

પ્ર. - બધા જ આચાર્યો પાસે જાય, તો પહોંચી વળે ને ?

ઉ.- અત્યાર સુધી તેમને સાધુઓ પણ તેવા જ મળ્યા છે **જે કહે કે- દેવદ્રવ્યનો પણ ઉપયોગ કરો તો ચાલે.** તેનું પરિણામ એ આવ્યું કે- **જે કોઈ સ્વદ્રવ્યથી પૂજા કરતું હોય તેને 'રામભક્ત' નો સિક્કો મારે છે.**

સાધુનો ભગત મફત પૂજા કરે ? શાસ્ત્રે તો કહ્યું છે કે જેની શક્તિ ન હોય તેને દ્રવ્યપૂજા કરવાની નથી. તેવો જીવ મંદિરનો કાજો કાઢે, મંદિરનું પાણી ભરે, મંદિરનાં વાસણ માંજે તો પણ તેને લાભ થાય. આ વાત ખુદ ભગવાન કહી ગયા છે, શાસ્ત્રો કહી રહ્યા છે કે- **જેની શક્તિ ન હોય તેનાથી પારકી ચીજથી પૂજા થાય નહિ.** આ વાતનો જો બધા જ અમલ કરે તો કામ થઈ જાય.

આજે જે બધી ગરબડો ચાલે છે તેમાં ઘણી ભૂલો તો સાધુઓએ કરી - કરાવી છે. હું શ્રાવકોનો બહુ વાંક નથી કાઢતો. તમને સાચું સમજાવવા છતાં પણ જો તમે નહિ માનો તો તમારો પણ વાંક ગણાશે.

જો સાધુઓએ તમને બધું બરાબર સમજાવ્યું હોત તો દેવદ્રવ્યની જે ગરબડ ચાલે છે તે ચાલત ? આ બધા તો નાયક છે પણ સાધુઓએ સાચું સમજાવ્યું નથી.

પ્ર.- સાધુ સાચું કહે તો તેમનું કામ ન થાય ને ?

ઉ.- આવા સાધુ ઘણા છે. તમારી પાસે કામ કઢાવવા તમને સારા કહે છે. તમારા વડે ધર્મ ચાલે છે એમ કહે છે. પણ તમે જો ડાહ્યા - સમજુ થઈ જાવ તો કામ થઈ જાય.

પ્ર.- દેવદ્રવ્ય તો ઊંચું છે પણ કેટલાક ગમે ત્યાં ખર્ચે તેમ કહે છે.

ઉ.- **જેને દેવદ્રવ્ય ઊંચુ - મહત્ત્વનું ન લાગે તે સાધુ મનાય ખરો ?** તેવો સાધુ હોઈ શકે ? તેવો હોય તેને સાધુ મનાય ખરો ?

શાસ્ત્રે કહ્યું છે કે- **દેવદ્રવ્યની ઉપેક્ષા કરે તેનામાં ચારિત્ર હોય નહિ.** તે ભલે માસખમણને પારણે માસખમણ કરતો હોય. તે તો એક મોટો મજૂર છે. તપ આદિ ક્રિયા દેખાવ માટે કરે છે. **દેવદ્રવ્યને હાનિ થતી હોય તે જાણવા છતાં ય જાણકાર સાધુ કાંઈ જ ન બોલે, તેનો પ્રતિકાર ન કરે તો તેને ય અનંત સંસારી કહ્યો છે.** આ બધી વાત મારા ઘરની નથી કહેતો મહાપુરૂષો લખી ગયા છે તે બોલીએ છીએ. અને આ બધી વાતો પુસ્તકોમાં લખેલ છે. તમે માગો તો હું બતાવવા તૈયાર છું. શાસ્ત્રોમાં તો એવું લખ્યું છે જેનું વર્ણન ન થાય. તેવાનું મોં જોવું તે પાપ છે તેમ કહ્યું છે. 'અદ્રષ્ટવ્ય મુખા' એમ કહ્યું છે. દુનિયામાં પણ ઘણા સુખી એવા કૃપણ હોય છે કે, લોકો કહે છે કે- તેવાનું મોં સવારના જોઈએ તો ખાવા ય ન મળે. **તેમ દેવદ્રવ્યનો પણ સાધારણમાં ઉપયોગ થાય તેમ સાધુ બોલે નહિ તો ? બોલે તો અજ્ઞાન જ કહેવાયને ?** તમે સમજી જાવ તો કામ થઈ જાય.

પેપરમાં જે જાહેરાત આવી છે તેના અંગે કાર્યવાહી ચાલુ છે અને છતાં પણ જો નહિ સમજે તો જાહેરમાં વિરોધ કરીશ માટે શાણા અને સમજુ બની માર્ગ સમજો. માર્ગે ચાલશો તો કલ્યાણ થશે. હાલ આટલું બસ છે. વિશેષ અવસરે.

■ ■ ■

- Still waters run deep.
- Strike while the iron is hot.
- Suspicion is the poison of FRIENDSHIP.
- Sweet things are bad for the teeth.
- See no EVIL, hear no evil, speak no evil.
- The winds and waves are always on the side of the ablest navigators.

  - Gibbon
- To ask ADVICE is fine cases out of ten to tout for flattery.

  - John Churton Maxims & Reflections

પૂ. આ. શ્રી વિજય મલ્લિસેન સૂરીશ્વરજી મ. નો.

સમાધિ પૂર્ણ કાલધર્મ

સાવરકુંડલા મધ્યે આસો સુદ ૨/૩ તા. ૧૯.૯.૨૦૦૪, બુધવાર ના સવારે ૭ : ૪૫ કલાકે પરમ પૂજ્ય પરમારાધ્યપાદ શ્રી રામચંદ્રભદ્રંકરહર્ષવિજયજી મહારાજના શિષ્ય રત્ન આચાર્ય દેવ શ્રીમદ્ વિજય મલ્લિસેન સૂરીશ્વરજી મહારાજ ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે.

રાજસ્થાન (મારવાડ) ના સિરોહી જીલ્લાનાં કૈલાસનગર ગામના પિતા ચીખમચંદજી માતા ઉજીબેનના પુત્ર તરીકે સં. ૧૯૯૦ ના અષાડ વદ ૧૧ ના જન્મ થયો - નામ પાડ્યું મગનલાલ. ધર્મ કુટુંબ - ધર્મના સંસ્કાર તેથી ધર્મરૂચી સારી.

કાર્યદક્ષતા એવી કે શંખેશ્વરજીતીર્થમાં પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની નિશ્રામાં સુશ્રાવક હિમતભાઇ બેડાવાળા તરફથી ઉપધાન હતા તેમાં ૪૦૦ આરાધકોની સંપૂર્ણ દેખરેખ તથા જવાબદારી પૂર્ણ કરેલી ત્યારથી સંયમનાં ભાવ વિશેષ વધ્યા અને પૂજ્યપાદ્ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વર જી મ. સા. તથા તેમના શિષ્યરત્ન પૂજ્યપાદ્ પરમ ગુરૂદેવ પં. પ્રવર ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી ના સંપર્કથી સંયમની ભાવના વિશેષ જાગૃત થતા પૂજ્ય પંન્યાસજી મહારાજનાં ચરણોમાં જીવન સમર્પિત કરવા સદ્ભાગી બન્યા અને સંવત ૨૦૨૬ નાં મહાસુદ ૧૦ ના દિવસે લાસ મુકામે ખુબજ ઉલ્લાસ પૂર્વક દીક્ષા લીધી. અને પૂજ્યશ્રીનાં પ્રથમ શિષ્યરત્ન, પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી હર્ષ વિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી મલ્લિસેન વિજયજી બની સંયમની આરાધના કરવા લાગ્યા.

પૂજ્યોની આજ્ઞાપાલન પૂર્વક સ્વાધ્યાય, તપ આદિ આરાધનામાં લાગી ગયા અને વૃદ્ધ મહાત્માઓની સેવા ભક્તિમાં મગ્ન બન્યા.

જીવનમાં તેમણે માસક્ષમણ - ૬, ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ ૧૦૮, વીશ સ્થાનક તપના અઠ્ઠમ ૪૦૦, બે વાર ૧૮ ઉપવાસ, ૧૬ ઉપવાસ - બે વાર, ૧૫ ઉપવાસ - પાંચ વાર, ૧૩ ઉપવાસ - એકવાર, ૮ ઉપવાસ - પાંચ વાર, શ્રેણી તપ - એક વાર, વરસીતપ - એક વાર, નવપદજીની ઓળી અલૂણી - ૯ વાર, વર્ધમાન તપની ઓળી - ૩૪, પોષ દશમી, સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસ - ૧, સિદ્ધિતપ - ૧, તેમજ દરરોજ ૩૪૬ લોગ્ગસનો કાઉસગ્ગ, ૧૦૦ બાંધી નવકારવાળી ઉપરાંત વિશેષ કાયમી આરાધના દ્વારા તપ ધર્મને આત્મસાત્ બનાવેલ.

પૂજ્યોની આજ્ઞાથી જ્યાં ચાતુર્માસની આરાધના માટે પધારતાં ત્યાં સંઘને આરાધનામાં જોડતા જેથી એ સંઘ એમને કાયમ યાદ કરતો.

પૂજ્યોપાદ ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આ. ભ. શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞા અને આશીર્વાદથી જામનગર કામદાર કોલોની મધ્યે સં. ૨૦૫૫ માગસર વદ - ૩ નાં આચાર્યપદથી વિભૂષિત કરાયા. તેમની પ્રેરણાથી સંસારી વડિલ બંધુ મુનિ ધન્યસેનવિજયજી તથા સંસારી ભાભી તથા ભત્રીજી સા. વિનિત દર્શિતાશ્રીજી તથા અનુપમદર્શિતા શ્રીજી સુંદર આરાધના કરી રહ્યા છે.

પૂજ્યપાદશ્રીજી ની આજ્ઞા, આશિર્વાદથી સાવરકુંડલા ચાતુર્માસાર્થે ગયા. સંઘ ખુબ ભાવિક તથા આચાર્ય મહારાજ પણ લાગણીશીલ એટલે સંઘમાં ખુબ સારી રીતે આરાધના થતી હતી. તેમાં આચાર્ય મહારાજે તથા મુનિશ્રી ધન્યસેનવિજયજી એ અ. વ. ૪ થી માસક્ષમણ તપનો પ્રારંભ કર્યો. તેઓએ શ્રા. વ. ૫ ના દિવસે પારણું કર્યું અને મુનિશ્રી ધન્યસેન વિ. એ ૪૪ ઉપવાસનું પારણું ભા.સુ. ૫ ના કર્યું.

સંઘની આરાધના તથા માસક્ષમણ ૪૪ ઉપવાસ તેમજ વીશ સ્થાનકનાં ૪૦૦ અઠ્ઠમની પૂર્ણાહુતિ રૂપ તપની અનુમોદનાર્થે ૨૦ છોડનાં ઉજવણાપૂર્વક મહોત્સવ ઉજવાયો હતો.

સાથે મહાત્મા મુનિશ્રી મનમોહનવિજયજી દીક્ષાથી તેમની સાથે જ રહેતા તેમની ખુબ સેવા ભક્તિ કરી રહ્યા હતા.

આચાર્ય મહારાજ સાહેબ, મુનિ મનમોહન વિજયજી મ. ની અસ્વસ્થ તબિયતના કારણે સંપૂર્ણ કાળજી રાખતા.

અચાર્ય મહારાજને થોડા વર્ષો પહેલાં હાર્ટની તકલીફ થયેલ પણ હમણાં સારૂં હતું. તેમા આજે સવારે દરરોજની આરાધના - પ્રતિક્રમણ આદિ કરી દહેરાસર પધાર્યા. ત્યાં ચૈત્યવંદનાદિ કરીને ઉપાશ્રય ઉપર પધાર્યા અને નવકાર ગણતા હતા. શ્રાવકને વાસક્ષેપ નાખ્યો એકાએક હાર્ટ એટેક આવ્યો ડોકટરને બોલાવ્યા. મુનિશ્રી મનમોહન વિ. તથા ધન્યસેન વિ. એ તથા સાધ્વીજી શ્રી નિર્વેદગુણાશ્રીજી આદિ ચતુર્વિધ સંઘે નવકાર સંભળાવવાના શરૂ કર્યા નવકાર મંત્ર સાંભળતા સાંભળતા કાળધર્મને પામ્યા.

સમુદાયમાં અને પંન્યાસજી મહારાજના ગ્રુપમાં એક તપસ્વી આરાધક મહાત્માની મોટી ખોટ પડી છે. તેઓનો આત્મા, પરમાત્માનું શાસન પામી પરમપદને પામવા સદ્‌ભાગી બને એ જ અભ્યર્થના.

સાવરકુંડલા જૈન સંઘે ખડે પગે સેવા ભક્તિ કરી હતી. આચાર્ય મહારાજનાં સંસારી કુટુંબીજનો મદ્રાસ, મુંબઇ, મારવાડ આદિથી તેમજ જુનાગઢ, જામનગર, પાલિતાણા, મહુવા, ચિત્તલ, ઘંઘુકા, ભાવનગર, બગસરા, બોટાદ, અમદાવાદ, જોમજોધપુર આદિ સંઘો પાલખીમાં આવી ગયા હતાં.


ચડાવા તથા જીવદયાની ટીપ સારી થઇ હતી. સુદ ૪ નાં ૧૧ વાગ્યે પાલખી નીકળી હતી. અને ૧૨ : ૩૯ મિનીટે તેમના સંસારી ભાઇ રતનચંદજી - કેશરીચંદજી - કાંતિલાલજી આદિ કુટુંબીઓએ અગ્નિસંસ્કાર કર્યો હતો. ■

ભોજનનાં પ્રકારો

૧. **સિંહ ભોજન** : એક બાજુથી સિંહની જેમ વાપરવું તે.
૨. **પ્રતરભોજન**: જેવું લીધું તેવું મૂગની જેમ વાપરવું તે.
૩. **હસ્તિભોજન**: ઉપેક્ષા ભાવથી હાથીની જેમ વાપરવું તે.
૪. **કાકભોજન**: ચૂંથીને કાગડાની જેમ વાપરવું તે.
૫. **શૃંગાલ ભોજન** : જ્યાં ત્યાંથી શિયાળની જેમ વાપરવું તે.

આ પ્રકારોમાં પ્રથમનાં ત્રણ ઉપાદેય છે. બાકીના હેય છે. અર્થાત હાથીની જેમ ઉપેક્ષાભાવે કે સિંહની જેમ એક બાજુથી જ ભોજન કરવું તે રસનાને જીતવાનો પ્રબલ ઉપાય છે.

-પ્રો. હંસા એન. શાહ



રમેશભાઇ – હું તમોને કહેવા આવ્યો છું આજે ધર્મ વગરના જીવો કેવું કેવું પાપ કરે છે.
ચમનકાકા – વાત સાચી છે જોને મારા ભાણકો ભણવાને બદલે ક્રીકેટમાં જ સમય બગાર કરે છે.
ધનજીભાઇ – જુઓ મારો ભાઇબો ભણવાનું છોડી ક્રીકેટ છોડી અને ક્રિકેટના જુગારમ પડી ગયો. તેમાં ઘર દુકાન પણ વેંચી સમજો શું કરવું ?

:: કોઠ માટે માથું ફોડનાર મૂર્ખ ::

તાંબાનાં કુંભ જેવા મસ્તકવાળો કોઇ ટાલવાળો પુરુષ હતો, ભૂખ્યા થયેલા તથા હાથમા કોઠ લઈને માર્ગેથી આવતાં કોઇ તરુણે તેને એક ઝાડ નીચે બેઠેલો જોયો. રમત કરતાં તેણે કોઠ વડે પેલા ટાલવાળાના માથા ઉપર ઘા કર્યો. ટાલવાળાએ એ સર્વ સહન કર્યું. પરંતુ કઇ બોલ્યો નહિં. એથી પેલાએ બીજાં સર્વ કોઠ તેને અનુક્રમે માર્યા, માથામાંથી લોહી ઝરતું હોવા છતાં તે મૂંગો જ બેસી રહ્યો, નિષ્ફળ તારુણ્યક્રીડા કરીને જેણે બધા કોઠ ભાંગી નાખ્યાં હતાં એવો પેલો મૂર્ખ યુવક ભૂખથી પીડાતો ઘેર ગયો. "આવાં સ્વાદિષ્ટ કોઠના ઘા મારે કેમ સહન ન કરવા ?" એમ બોલતો તથા જેના માથામાંથી લોહી ઝરતું હતું એવો તે ટાલવાળો મૂર્ખ પોતાના ઘેર ગયો, જાણે મૂર્ખ—સમ્મજયના પટ્ટથી બંધાયું હોય તે રૂં લોહીથી ખરડાયેલું તેનું મસ્તક જોઈને કોણ હસે નહોતું ?

(કથા સરિત્સાગર, ૯૬)

સમકિતના સડસઠ બોલની વિચારણા

હપ્તો - ૨

— પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

:: ત્રણ શુદ્ધિ ::

જેના વડે સમકિત શુદ્ધ થાય તે શુદ્ધિ કહેવાય. શ્રી જિનેશ્વર દેવ, શ્રી જિનમત - જિનાગમ અને શ્રીજિનમતમાં રહેલ - આજ્ઞા પ્રમાણે જીવતા શ્રી સાધુ આદિ સિવાય આખા જગતને - સંસાર કચરારૂપ અસાર છે તેમ વિચારે તેનું નામ ત્રણ શુદ્ધિ કહેવાય.

સજ્ઝાયમાં ત્રણ શુદ્ધિ આ પ્રમાણે કહી છે.

૧. મન શુદ્ધિ : શ્રીજિન અને શ્રી જિનમત વિના બીજું બધું ખોટું છે. આ પ્રમાણેની જે બુદ્ધિ તેનું નામ મનશુદ્ધિ કહેવાય.

૨. વચન શુદ્ધિ : 'શ્રી જિનભક્તિથી જે ન થાય, તે બીજાથી થાય જ નહિ.' આવા પ્રકારનું જે શ્રદ્ધાયુક્ત વચન કહેવું તે વચન શુદ્ધિ કહેવાય.

૩. કાયા શુદ્ધિ : પોતાને શારીરિક ગમે તેટલી પીડાઓ આવે, પોતાની કાયાને છેદે, ભેદે, અનેક પ્રકારની વેદનાઓ આપે તો તેને પણ મજ્જેથી આનંદોલ્લાસથી સહન કરે પણ શ્રી જિનેશ્વર દેવ વિના બીજા કોઈપણ અન્ય દેવ - દેવીને નમે નહિ તે કાયા શુદ્ધિ કહેવાય. સંસાર સુખનું અર્થી-આસક્તિપણું ગયા વિના આવી દશા પામવી અસંભવિત છે.

:: પાંચ દૂષણનો ત્યાગ ::

સમકિતને મલિન - દૂષિત કરનારા જે દોષો છે તે દૂષણ કહેવાય. તેનાથી બચવા તેનો ત્યાગ કરવો શ્રેયસ્કર છે.

૧. શંકા : સમજવા માટે સંશય થવો તે અલગ છે. પણ શ્રી સર્વજ્ઞભગવંતે કહેલાં વચનોમાં જ સંશય કરવો તે 'શંકા' છે. આત્માનો સર્વથા અભાવ માનવો તે સર્વશંકા કહેવાય. આત્મા સપ્રદેશી છે. અમુક ભાગમાં છે, અમુક ભાગમાં નથી તે દેશથી શંકા કહેવાય. મતિમંદતા, અલ્પ ક્ષયોપશમ, વિશિષ્ટ જ્ઞાનિઓનો વિરહ, દુઃષમા કાલ આદિના પ્રભાવે અર્થ ગંભીરગહન શ્રી જિનવચન ન પણ સમજાય તો પણ તેમાં શંકા તો ન જ કરવી પણ વિચારવું કે- ''રાગ-દ્વેષ અને મોહ - અજ્ઞાનને જીતનારા એવા શ્રી જિનેશ્વર દેવોને ખોટું બોલવાનું કોઈ જ કારણ નથી માટે તેઓએ જે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું છે.'' જેથી શંકા થશે નહિ.

૨. કાંક્ષા : અન્ય અન્ય દર્શન - ધર્મોની જે ઇચ્છા તે કાંક્ષા નામનો દોષ કહેવાય. આ આત્માની અસ્થિર દશા કહેવાય. અસ્થિર પરિણતિવાળાઓની મહેરબાની પામી, બાવલ સમાન અન્ય ધર્મની ઇચ્છા કોણ કરે ?

૩. વિચિકિત્સા : ધર્મના ફલમાં સંદેહ કરવો કે ''ભૂતકાળના મહાપુરૂષોના સંહનન, ધૃતિ બળ આગળ વર્તમાનકાલીન આપણા સંહનન, ધૃતિ બળ કાંઈ નથી તેથી હું જે જે ધર્મ કરું છું તેનું ફળ હશે ખરું ?'' આવો જે વિચાર તે વિચિત્કિસા દોષ કહેવાય.

અથવા સાધુ - સાધ્વીના મલ - મલિન ગાત્રાદિ દેખી જુગુપ્સા કરવી કે પ્રાસુક જલથી પણ સ્નાનાદિ કરે તો દોષ લાગે - તે પણ વિચિત્કિષા દોષ કહેવાય.

૪. કુલિંગી - મિથ્યાદષ્ટિ - પ્રશંસા : અન્ય દર્શનીઓની પ્રશંસા કરવી. જૈનોનો તપ તો બહુ કઠોર. બીજા લોકોમાં તપનો તપ અને પાછો ફળાહાર શરીરને જરાપણ દમવાનું નહિ.

ઉન્માર્ગીઓની પ્રશંસા કરવાથી ઉન્માર્ગનું પોષણ થાય. ભલા-ભોળા લોકો તે તરફ વળે તે બધું પાપ પ્રશંસા કરનારને લાગે. માટે પ્રશંસા કરવામાં ખૂબ જ વિવેકી બનવું.

૫. કુલિંગી- મિથ્યામતિનો સંસ્તવ - પરિચય : મિથ્યામતિનો સંસ્તવ એટલે તેની સાથે બોલવું, વાતચીત કરવી અને તેમ કરતાં પરિચય વધારવો તે કુલિંગી સંસ્તવ કે મિથ્યામતિ પરિચય કહેવાય. અનાદિકાળથી આત્મા સુખનો અર્થી અને દુઃખનો કાયર છે. તેથી સુખના પ્રેમે, દુઃખના ડરે તેવાના પરિચયથી સમ્યક્ત્વથી ખસતાં વાર પણ લાગે નહિ. માટે તેમના પરિચયથી બચવાનું છે. તેમનો તિરસ્કાર કરવાનો કહ્યો નથી. આમાં અન્ય ધર્મોની નિંદાનો હેતુ નથી પણ માંડ માંડ પ્રાપ્ત ગુણરત્નોના રક્ષણનો હેતુ છે.

—ક્રમશઃ

જ્ઞાન ગુણગંગા

—પ્રજ્ઞાંગ

અનંતષટ્ક

सिद्धा निगोयजीवा वणस्सई काल पोग्गला चेव ।
सव्वमलोगागासं छप्पेएऽणंतया नेया

(॥ પ્રવચન સારોદ્ધાર ગા. ૧૪૦, દ્વાર - ૨૧૬ ॥)

૧ - સર્વ કર્મકલંકથી રહિત શ્રી સિદ્ધ ભગવંતો, ૨ - તથા બધાયે એટલે સૂક્ષ્મ - બાદર ભેદવાળા નિગોદ એટલે અનંતકાય રૂપ જીવો. ૩- પ્રત્યેક અને અનંત વનસ્પતિકાય રૂપ સર્વે વનસ્પતિ જીવો. ૪- ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળના સમય રૂપ કાળ. ૫- સંપૂર્ણ પુદ્ગલાસ્તિકાયમાં રહેલા બધા પરમાણુ રૂપ પુદ્ગલો. ૬- સંપૂર્ણ અલોકાકાશ: આ છયે રાશિ એટલે સમૂહો અનંતા જાણવા.


અપહૃત ન કરાય તેવા ૧૭વો

समणीम वगयवेयंपरिहार पुलाय प्पमत्तं च ।
चउद्दसपूव्विं आहारगं च न य कोइ संहरइ ॥

(પ્રવચન સારોદ્ધાર ગા. ૧૪૧૮, દ્વાર - ૨૬૧)

સુવિશુદ્ધ બ્રહ્મચર્યની ધારક શ્રમણી એટલે સાધ્વી, અપગત વેદ એટલે વેદનો સંપૂર્ણ ક્ષય કરી છે તેવા જીવો કેવલી ભગવંતો, પરિહાર વિશુદ્ધિ ચારિત્ર સ્વીકારનારા મુનિઓ, પુલાક લબ્ધિધારી, અપ્રમત્ત સંયમી, ચૌદપૂર્વી અને આહારક શરીરવાળા મુનિઓ આ બધા જીવોનું કોઈ વિદ્યાધર કે દેવ વગેરે દુશ્મનપણાથી, દયાથી કે પ્રેમના કારણે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા રૂપ સંહરણ અપહરણ ન કરી શકે. બધા જ ચૌદપૂર્વીઓ, આહારક લબ્ધિવાળા નથી હોતા તે જણાવવા ચૌદપૂર્વી અને આહારક લબ્ધિધર બન્નેને જુદા જુદા ગણાવ્યા છે

- ક્રમશ:



ચૂટણી એટલે ગપ્પ સપ્પ અને લપ્પ

પ્રશ્ન - ઉત્તર

હપ્તો - ૨

—સમાધાન કર્તા - અભ્યાસી

પ્રશ્ન : ધન સાર્થવાહ (ઋષભદેવનો જીવ) 'બોધિબીજ' પામ્યા તેમ લખ્યું. તો તેનો (બોધિબીજનો) અર્થ 'સમ્યગ્દર્શન' કરવો કે 'સમ્યગ્દર્શનનું બીજ' કરવો ?

ઉત્તર : ઋષભદેવ પ્રભુના ૧૩ ભવ છે. પહેલામાં સમકિત પામ્યા. માટે બોધિબીજ સમ્યગ્દર્શનની અર્થમાં લખેલ છે. કારણ ત્યાં **'मोक्षतरोर्बीजं बोधिबीजम्'** લખેલ છે.

પ્રશ્ન : દુર્ભગ - અનાદેય - અપયશનામકર્મ ચારગુણસ્થાનક સુધી જ ઉદયમાં કેમ કહ્યાં ? સીતા - સુદર્શનશેઠ કે ઝાંઝરીયામુનિ વિ. ને પણ થોડો કાલ તો અપયશાદિનો ઉદય ન હતો ? સાચા શ્રાવક કે સાધુને અપયશાદિ ન હોઈ શકે ?

ઉત્તર : બાહ્ય દૃષ્ટિએ અપયશ કહેવાય, તાત્ત્વિકદૃષ્ટિએ નહીં, શિષ્ટ - સુજ્ઞપુરૂષોમાં અપયશ થાય તે તાત્ત્વિક અપયશનામ કર્મનો ઉદય કહેવાય. અન્યથા પરમાત્માને નિહ્નવો, પાખંડિયો દ્વારા અપયશ માનવાની આપત્તિ આવશે.

પ્રશ્ન : નાભિથી નીચેના અંગો અશુભ છે. ઉપરના શુભ છે. તો એકેન્દ્રિયોને નાભિ ન હોવાથી શું ઘટાવવું ?

ઉત્તર : નાભિના ઉપલક્ષણથી મધ્યભાગવર્તી આત્મપ્રદેશો લઈ તેની ઉપર નીચેનો ભાગ શુભ - અશુભ સમજવો. પૃથ્વી અપ્તેઉ - વમ્યુમાં શરીર સૂક્ષ્મ હોવાથી ખ્યાલ ન આવે. વનસ્પતિમાં વૃક્ષાદિમાં મૂલિકા અશુભ, શાખા વગેરે શુભ એમ યથાસ્થાને ઘટાવી શકાય.

પ્રશ્ન : 'અંધત્વ' એ દર્શનાવરણીયના ઉદયથી હોય કે નામકર્મના ઉદયથી ? નામ કર્મ હોય તો ક્યાં નામ કર્મના કારણે હોય ? જીવ લંગડો ક્યાં કર્મના ઉદયથી થાય ?

ઉત્તર : મુખ્યપણે જ્ઞાન- દર્શનાવરણના ઉદયથી ગૌણ રીતે અંગોપાંગ - નિર્માણ નામકર્મની ન્યૂનતા, અશાતાનો ઉદય વગેરે પણ કામ કરે તેમ બધે સમજવું. લંગડામાં પણ એમ જ સમજવું. અંધા, બહેરા, બોબડા, મુંગા, પાંગુલા થાય. જ્ઞાનવિરાધનાથી માત્ર.

પ્રશ્ન : અસ્થિર નામ કર્મથી જીહ્વા - ભ્રૂ - કાર્ણ વિગેરે અપલ થાય છે. તેમ ૧ લા કર્મગ્રંથ ગાથા ૫૦ ના વિવરણમાં છે. જીહ્વા દિ ચપલ હોવા તે યોગ્ય જ છે. તો આ કર્મને અશુભ કેમ કહ્યું ?

ઉત્તર : જેનાથી અનુકુલતા મલે તે પુણ્યકર્મ, જેનાથી પ્રતિકૂલતા મલે તે પાપકર્મ આ સ્થૂલ વ્યાખ્યા છે. ચોક્કસ વ્યાખ્યા આ પ્રમાણે - જેનો તીવ્ર રસ વિશુદ્ધિમાં બંધાય તે પુણ્ય કર્મ અને જેનો તીવ્રરસ સંક્લેશમાં બંધાય તે પાપકર્મ. અસ્થિરનો તીવ્રરસ સંક્લેશમાં બંધાય છે. માટે તે પાપકર્મ અશુભ છે.

પ્રશ્ન : એકેન્દ્રિયને પ્રચલા - પ્રચલા નિદ્રા કઈ રીતે ઘટે ? વલી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધી થિણદ્ધિ પણ કઈ રીતે ઘટે ? કારણ દિવસે ચિંતવેલું રાત્રે કરતો નથી. અર્થાત્ ચિંતવતો જ નથી.

ઉત્તર : પાછલના ત્રણ નિદ્રાની વ્યાખ્યાઓ પંચેન્દ્રિય આશ્રયી સમજવી. એકેન્દ્રિયાદિમાં ગાઢ, ગાઢતર, ગાઢતમ સમજવું.

પ્રશ્ન : તીર્થંકરો દીક્ષા લીધા પછી કેવલજ્ઞાન સુધી પલાંઠી લગાવી બેસતા નથી, તો તેમને જે અલ્પ એવી નિદ્રા આવે છે. તેને પાંચમાંથી ક્યાં પ્રકારની ગણવી ?

ઉત્તર : નિદ્રા કે પ્રચલા કોટિમાં આવી શકે એવું લાગે છે.

- ક્રમશ :

ખોટું નો લગાડતા હો ને

ભદ્રંભદ્ર અને શતાબ્દિ

— ભદ્રંભદ્ર

ગતાંકથી ચાલુ

ગાડી આગેકુચ કરી રહી હતી. ૬-૨૫ વાગે ઉપરેલી ગાડી ૭-૧૫ વાગ્યાના સમય ઉપર આવી ત્યારે પાછા કેટરસવાળા વેઈટરો આવવા લાગ્યા. મેં કીધું-યાર! આ ગાડીમાં શિયાળો બહુ વહેલો શરૂ થયો લાગે છે મને એક ધાબળો આપોને ?

તેણે કીધું - રાત કો મિલેગા.

મે કીધું - મેં રાત રૂકનેવાલા નહિં હું.

તે કહે - યહાંપર જિસકા જો સમય હો વહ તબ હી મિલતા હૈ.

મેં કીધું - કુછ અપવાદ ભી હોગા ને ?

તે કહે - હૈ ને. અપવાદ ભી હૈ. તુમકો ધાબળા નહિ દેંગે મગર તુમ યહાંસે ખડે હોકર કોચ સે બહાર જા સકતે હો.

મેં કીધું - અરે ! મેં ને પૈસા આપ્યા છે. આઈ એમ ખડો શું કામ થાઉ ? જાવ તુમ ધાબળા લે આઓ. નહિંતર જાકર એ.સી. બંધ કર દો.

તેણે કીધું - તુમ અકેલે હો. તુમ્હારી લઘુમતિ હૈ. બહુમતિ હો તો કુછ હો સકેગા. એમ બોલીને હસતો હસતો ને મને ખીજવતો ખીજવતો વેઈટર વયો ગયો.

આમ મારી ઈચ્છા પૂર્ણ ન થતાં મારૂં માન ઘવાયું. અને માન ઘાયલ થતાં જ દોષદ્રષ્ટિ સતેજ બને છે આ સિધ્ધાંતાનુસાર ગાડી અંગેના દોષો મારી નજરે ચડવા માંડ્યા. મને થયું આ શતાબ્દિ ગાડીવાળા સાવ મૂરખ છે. જોતા ય નથી કે અત્યારે શિયાળો છે ઉનાળો છે કે ચોમાસુ ? બસ બારેમાસ એ.સી. ચલાવવું એટલે ચલાવવું. જો કે આમ કરવા પાછળ એમનો દીર્ઘદ્રષ્ટિનો ધંધો છે. અત્યારે એ.સી. ચાલુ રાખીને લોકોને ઠંડી લગાડવી તેનાથી શરદી થાય એટલે દવાખાને જવું પડે. એટલે ગાડીવાળા અને ડોકટરો બન્ને મળેલા હોવા જોઈએ. આમાં ચોક્કસ પાકિસ્તાનનો જ હાથ છે પણ ''એણે એ.સી. બંધ ના કર્યુ અને મને ધાબળો પણ ન આપ્યો '' તેની આ વાતની મક્કમતાથી હું અંદરથી બહું પ્રભાવિત થયો. કેમ કે ગાડીના નિયમો એટલે નિયમો. કોઈપણના પ્રાણના ભોગે તો તે પાળવાના જ. આજે મેં માંગ્યો કાલે બીજો કોઈ માંગે. એ ઉચિત નથી જ. મનોમન ધન્યવાદ દે તો હું પાછો જોકુ ખાઈ બેઠો.

થોડીવાર થતાં મારૂ ડાઈનીંગ ટેબલ તે તૈયાર કરી ગયો. અને પછી નાસ્તાની પ્લેટ આપી ગયો. ડાઈનીંગ ટેબલ બેઠકની બરાબર આગળ રહેલી સીટમાં પાછળ રાખવામાં આવ્યા હતાં. હું સાવ નાના/ નાના ડાઈનીંગ ટેબલો જોઈ પ્રભાવિત થયો.

મેં કીધું - જૈન નાસ્તા લાવ.

તે ગયો જૈન કટલેસ / પાઉ -બટર લાવ્યો.

મેં ડીશ જોઈ તો સનમાઈકાની હતી, એક છરી-એક કાંટો, એક પેકેટમાં કટલેસ તથા સૂપના પાઉચ અને બીજા પેકેટમાં બે બ્રેડ હતાં. આ બધું કેવી રીતે ખવાય તેની વિધિ મને આવડતી ન હતી. મારી ડાબી બાજુની બેય કોલેજીયનો તો ફટફટ બધુ તોડી તોડીને ખાવા માંડી. મેં કાકા સામે જોયું તો તે હજુ છાપું વાંચતા હતા. મેં કટલેસનું પેકેટ હાથમાં લઈને તોડ્યું પણ છોકરીઓ બોલી - તુમ જૈન હો તો ઈસમેસે કુછ નહિ ખા શકતે હો, મેં કીધુ - કટલેસમાં આલુ નહિ હૈ, જમીકંદ, કંદમૂલ - હિ હૈ, છોકરીઓ બોલી - મગર એક હી તેલમાં તલા ગયા હૈ.

હવે મારી પરિસ્થિતિ વિકટ બની. મનમાં થયું આને આવું અધકચરું જ્ઞાન ન હોત તો મારે ખાવામાં અંતરાય ન થાત. છતાં મેં કીધું- અબ પેકેટ તોડ હી દીયા હૈ તો વો વાપસ નહિ લેગા. તો છોકરીઓ કહે કોઈ બાત નહિ હમ કો દે દિજીયે. મેં કીધું- મુજે તુમકો દેનેમેં કોઈ વાંધા નથી. પણ પેલો રસોઈઓ મને વઢશે કે તુમકો દિયા થા વો ઉનકો ક્યોં દિયા.

છોકરીઓ મારો પીછો પકડ્યો - અમે તેના દેખતા નહિં ખાઈએ. બસ.

મેં કીધું - ના. ના. યાર. કોઈ ચાડી મરશે તો મને આ કોચમાંથી કાઢી મૂકશે.

છોકરીઓ બોલી - તોય તમારે ખાઈ ત. ન જ શકાય. હા તમે અભક્ષ્ય ખાતા જ હો તો તમે ખાવ.

હવે મારી મુંઝવણો વધી ગઈ. મેં કીધુ ગાડીવાળાઓએ ઉકાળેલા પાણીવાળાની અલગ સગવડ રાખવી જોઈએ. એકાસણા / બેસણાવાળાને અલગ બેસાડવા જોઈએ.

હા પણ આ તમારે ખવાશે તો નહિ જ.

મારી મુંઝવણને ઓળખી જઈને બન્ને છોકરીઓ થોડીવાર માટે બહાર જતી રહી. એ તકનો લાભ લઈને મેં ખાવાનું શરૂ કર્યુ એટલું ઝડપથી કે પેલી માતાઓ આવી જાય તે પહેલા પતાવી દીધું. છેલ્લો કોળીઓ મોંમાં નાખ્યો ત્યાં જ બેઉ માતા જી આવ્યા. મેં મારુ મોઢું છૂપાવી દીધું. પણ એ લોકો સમજી ગયા કે મેં ખાઈ લીધુ છે.

અને મને થયું કે પ્રભુ! હવે પછી આવી શતાબ્દિમાં આવા સાવ થોડુ પણ પરફેક્ટ જ્ઞાન ધરાવનાર લોકોને મારી આજુબાજુ બેસાડશો નહિ. કમસે કમ ખાવાના પ્રસંગો આવે ત્યારે તો નહિ જ બેસાડશો.

(આ છીનું હવે પછી)

જિન મંદિર - જિન પ્રતિમા

— પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.

અનંત ઉપકારી અનંત કલ્યાણને કરનારું શ્રી જિન-શાસન ભવ્યાત્માઓને સંસાર સાગર તરી જવા માટે જબરજસ્ત આધાર છે. તેમાં પણ 'સમ્યગ્ દર્શન' શુધ્ધ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેનો વિકાસ મોક્ષ માર્ગમાં થઈ શકતો નથી. મોક્ષના અભિલાષી આત્માએ સન્માર્ગ પ્રકાશક સુગુરુ મુખે શાસ્ત્ર શ્રવણ કરવું જોઈએ. શાસ્ત્રના સૂક્ષ્મબોધને પ્રાપ્ત કરવો જોઈએ. તો જ લાભ થાય. હાલ્યાં કેટલાંક વર્ષોથી એવા જાતો ફૂટી નીકળ્યા છે કે જે જિનમંદિર અને જિનમૂર્તિમાં પાપ મનાવી રહ્યા છે. ભદ્રિક જીવોને પ્રભુ શાસનથી વિમુખ કરી રહ્યા છે. તેની સામે મહોપાધ્યાય પૂ. યશોવિજયજી મ.સા. એ જોરદાર સત્વનો બનાવ્યા છે. પ્રતિમા-શતક ગ્રંથ લખી તેની પતિષ્ઠા કરી છે. તેમજ અધ્યાત્મ યોગી પ.પૂ. પંન્યાસ પ્રવર ભદ્રંકર વિજયજી મ.સા. એ ''પ્રતિમ પૂજન'' નામનું જોરદાર હૃદય સ્પર્શી પુસ્તક પણ બહાર પાડ્યું છે. 'મૂર્તિ પૂજાકા રહસ્ય' નામનું પુસ્તક પ.પૂ. મુનિરાજ શ્રી જ્ઞાન સુંદર વિજયજી મ.સા. એ પણ બહાર પાડેલ છે. ઉપરોક્ત ગ્રંથો -પુસ્તકોનું વાંચન / મનન / પરિશિલન યોગ્ય આત્માના બિડાઈ ગયેલા હૃદયને વિકસિત કરવાનું અદ્ભુત સામર્થ્ય ધરાવે છે. ખુબ લાભદાયી થાય તેવુ છે.

જિનમંદિર અને જિનમૂર્તિનું આલંબન નાના બાળકથી મોટા વૃધ્ધને લાભ કરનારુ છે. શાસ્ત્રનો સૂક્ષ્મ બોધ બધા જીવોને પ્રાપ્ત કરવો સહેલો નથી. પરંતુ સામાન્ય બુધ્ધિવાળો જીવ જિન મંદિર અને જિન મૂર્તિ દ્વારા કલ્યાણ કરી શકે છે. ઘણાંએ કલ્યાણ કર્યું છે-કરી રહ્યા છે અને કરશે.

નીચેના બુદ્ધિને ઉઘાડનારા માર્મિક ચિંતનો શ્રધ્ધાને વધુ પ્રબળ બનાવશે.

કોઈપણ રાજ્યની ટંકશાળમાં છપાતા નાણાં ઉપર તે રાજ્યનો સિમ્બોલ લાગી જતાં મામૂલી કાગળનું મૂલ્ય એકદમ વધી જાય છે !

કાગળનો ટૂકડો ગમે ત્યાં ગોડાઉનમાં પડ્યો હોત અગર કોઈ જગ્યાએ કચરા માં પડ્યો હોત તો કોઈ તેને હાથમાં ઉપાડત?

પત્થરમાંથી સર્જન પામેલી તે પ્રતિમા બન્યા બાદ તપસ્વી / સંયમી / જ્ઞાની / પરમપવિત્ર / ત્યાગી પૂજનીય આચાર્ય ભગવંતો દ્વારા પવિત્ર મંત્રોચ્ચાર દ્વારા તેમાં ભગવાન તરીકેની છાપ મારે છે. પરમાત્માના પાંચે કલ્યાણકોનું આરોપણ તેમાં થાય છે.

ઘણાં એમ કહે છે કે ભાવ વગર ધર્મક્રિયાઓ કરવાથી શું લાભ ? જે દિવસે સાચા ભાવ પ્રગટશે ત્યારે ધર્મ કરીશું !

આ તો એવી વાત કરે છે કે દુકાન ત્યારે જ ખોલવી જ્યારે ઘરાક આવે નહીંતર દુકાન ખોલવી જ નહીં!

જડ પ્રતિમાને નમવાથી શું વળે ? આમ પ્રશ્ન પૂછનારા જમાનાવાદી નાસ્તિક ભાઈના ગૃહ આંગણે પગલા કરવા જવાનું થયું.

તે સમયે ભારત ઈંગ્લેંડ સામે ''ક્રિકેટમેચ'' માં વિજયી બન્યું હોવાથી ભાઈ હરખઘેલા થઈ ગયા હતા અને ટી.વી. જડ હોવા છતાં ૧૫૦ રૂા. નો ગુલાબનો હાર પહેરાવતા હતા!

જ્યાં તેમના મુખ સામુ જોયું..... ત્યારે એના સવાલનો જવાબ એને મળી ગયો હતો.

અજ્ઞાન / મિથ્યાત્વ/ વિષયોને આધીન અને આગમોથી દુર થઈ ગયેલા જ્યારે જિનેશ્વરના નામ નીચે પૂજાય છે અને જિનમંદિર / અને જિનપ્રતિમાનો લોપ કરે છે, ત્યારે હૈયામાં તેવા જીવો પ્રત્યે અપાર કરુણા ઉત્પન્ન થાય છે. પૂંછડા વિનાના ગધેડાનું શું થશે ?

પપ પકવાન તૈયાર હોય છતાં ભોજન સમયે પેટમાં મળ જામ થઈ ગયા હોય તો પપ પકવાન પણ જીવને ઝેર જેવા લાગે છે. તેમ તત્વજ્ઞાનથી સભર / સવર્ણ ભગવંતોના અકાપ્ય પદાર્થો / તત્વો / શાસ્ત્રો મિથ્યાત્વના મળથી દૂષિત થયેલા આત્માઓને લાભકારી બનતા નથી. મિથ્યાત્વ મરે નહિં ત્યાં સુધી ઠેકાણું પડે નહિં.

એક વાર એક ભાઈ પોતાના પિતાજીના ફોટાને વારંવાર પ્રણામ કરતા હતા. ભગવાનની પ્રતિમાના દર્શન કરવાથી પાપ લાગે એમ કહ્યું.

ત્યારે આશ્ચર્ય સાથે મેં એ ભાઈને પૂછયું. ભઈલા! પિતાજીની પણ આરસની પ્રતિમા બનાવી હોય તો પ્રણામ કરતા પાપ લાગે ને ?

કમાલ છે તારી બુધ્ધિના આ તોફાનને તો તો તારી ''બુધ્ધિ રિસર્ચ સેન્ટરમાં'' બતાવવા જવું જોઈએ. બધો બગાડો મૂળમાંથી દૂર કરાવવો જોઈએ. અરિસો દેખાતા તેમાં મુખનું પ્રતિબિંબ પડે છે. 'કેમેરો' દેહની આકૃતિને ઝડપી લે છે. તેમ જેને પ્રતિમામાં સાચા દર્શન કરતાં આવડે તેને આત્માની પ્રકૃતિ શું ચીજ છે તેનો ખ્યાલ આવે. પ્રતિમા જોતાં જ જિનેશ્વર દેવનો અજોડ ઉપકાર / તેમની સાધના-કરુણા-કેવળજ્ઞાન તેમના ભવો વિગેરે જાણવાની ભાવના થાય. પરમાત્માના પાંચે કલ્યાણકો કેવા ભવ્ય હોય છે. વિશ્વમાં શાશ્વત / અશાશ્વત પ્રતિમા ક્યાં છે? કેટલી છે? જિનપ્રતિમા પૂંજીને કોને કેવા લાભ થયા? ચક્રવર્તી દાનવીરોએ ભોગસુખોમાં ડૂબતી દુનિયાને જીવનનો સાચો રાહ પામવા, ઠેર ઠેર મહેલ / બંગલા / અને મરવાના સાધનો ભૂલી, તરવા માટે કેવા જિનમંદિરો બનાવ્યા ! તેના વિચાર આવે ! જગતની નાશવંત વસ્તુઓ જીવને વિનાશી વસ્તુઓ તરફ ઘેલુ લગાડે છે. જ્યારે જિનપ્રતિમા તારકતત્વો સાથે સંધાન કરી આપે છે. અવિનાશી પદ પામવાની ભાવનાને પુષ્ટ બનાવે છે પ્રબળ બનાવે છે. અજોડ ચિતપ્રસન્નતા અને આહ્લાદ આપે છે.

'અરે ! પેલા સંપ્રતિ મહારાજા તો જૂઓ, રોજ એક જિન મંદિરનો પાયો ન નંખાય ત્યાં સુધી અન્ન-પાણી ન વાપરવાની પ્રતિજ્ઞા પાળનારા સમ્રાટ સંપ્રતિ મહારાજા. તેના વંશજો દર્શન-પૂજનમાં પાપ માની રહ્યા છે. બલ્ડ કેન્સરની જેમ કદાચ બુધ્ધિનું કેન્સર હોઈ શકે છે ?

કેટલા વળી કહે છે કે આપાણે તો દેરાસર / મૂર્તિની કાંઈ જરૂર નથી આપાણે તો ભાવથી ચલાવીશું તો તેઓ દુકાને શું કામ જાય છે? ધંધો કરવાની શી જરૂર ?

એક કાબેલ તરવૈયો હતો . નાનકડા તળાવમાં પડયો અને ડુબી ગયો ! પાણીમાં જંપ તો લગાવી દીધો પરંતુ હાથ પગ હલાવવાની ક્રિયા કરવાની ભૂલી ગયો. આજે પણ કેટલાંક ધ્યાનવાદીઓ ચોમેર અળસીયાની જેમ ફુટી નીકળ્યા છે. દશ પૂર્વધર ઉમાસ્વાતીજી મહારાજા કહે છે જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ તે સિવાય મોક્ષ થાય નહિં. કોરા અધ્યાત્મની વાતો કરી કલ્પવેલડી સમાન જિનપૂજા / સામાયિક / પ્રતિક્રમણ/ દેવવંદન જેવી ધર્મ ક્રિયાઓની ઉપેક્ષા કરે છે. રખેને એ ડૂબી જાય !!!

જિનપૂજા અને જિન મંદિર જવા થી પાપ લાગે તેવું સમજાવવાવાળા પોતાના કુટુંબીજનોને મલાતા મલકાતા થિયેટર / હોટેલ/ ક્લબો અને ટીવીમાં એકતાન બનેલા જોઈએ છીએ ત્યારે હાય ! પેલા કસાઈને ઘેર તો માત્ર બોકડા વધેરાય છે જ્યારે અહીં તો અનંતી પુણ્યરાશી એકઠી કરી દુર્લભ માનવ જીવન અને જૈન કુળ મળ્યા પછી આ બિચારાઓ વગર કતલે દ્રવ્ય અને ભાવ પ્રાણને ખત્મ કરી રહ્યા છે. તેમને કોણ બચાવશે ?

રોજ યાદ કરવા જેવું છે કે મૂર્તિ તૈયાર જ તૈયાર થઈને પૂજાય કે જ્યારે બરાબર ઘડાય, સોનાનો દાગીનો શો-કેસમાં શોભાયમાન થઈને ત્યારેજ આવે કે તે ઘડાય. તેમ જીંદગી પણ ધર્મ રંગથી રંગાયા પછી જ ચળકાટવાળી થાય છે- અન્યથા નહિં. જીંદગી પલટાય નહિ તો પટકાયા વગર ન રહે.

આ વિશ્વની અંદર માનવ માત્રને જીવનનો સાચો રાહ બતાડનાર જિનમંદિરો/ જિનમૂર્તિઓ / જિનઆગમો/ ઉપાશ્રયો /સુગુરૂ અને સુધર્મ છે. તેના પગલે શ્રધ્ધા પૂર્વક મક્કમતાથી સત્યમાર્ગે આરાધના કરનારા છે.

બાકી આંખ ખોલેને ઠેર ઠેર જીવનમાં ધનોત પનોત કાઢી નાખે સુસંસ્કારોને મશળી નાખે તેવા નિમિત્તો / સ્થાનો / સાધનો/ પ્રેરણા કરાવનારાઓ / ઠેર ઠેર મળ્યા જ કરે છે. જેના નુકશાનનો અંદાજ કાઢવા માટે વિશ્વના અર્વાચીન અર્થ શાસ્ત્રીઓ / કોમ્પ્યુટરો નાના બાબા જેવા લાગે છે. ફીક્કા લાગે છે. અપંગ લાગે છે.

ભંયકરતા અને ભયાનકતાતો દિવસે દિવસે વધતી જ જાય છે. ત્યારે સમજુ આત્માઓએ જીવનનું લક્ષ મોક્ષ પ્રાપ્તિ તેના માટે મેળવવા જેવું કાંઈ હોય તો તે છે ચારિત્ર ધર્મ તે ન પામી શકાય ત્યાં સુધી શ્રાવકજીવન ને યોગ્ય બારવ્રત / ૧૪નિયમ / જિનપૂજા -સામાયિક / પ્રતિક્રમણ / દાન-શીલ-તપ-ભાવ-ધર્મની આરાધના દ્વારા તન-મન-ધન-સમય- અને શક્તિનો સમ્યગ્ આરાધનાને માર્ગે ઉપયોગ કરવો તેમાં જ જીવનની સાચી સફળતા છે. સૌ કોઈ ઉચ્ચ પ્રકારનું આધ્યત્મજીવન પામી સર્વ કર્મોનો ક્ષય કરી વહેલા વહેલા અજર અમર/અક્ષય એવા શાશ્વત મોક્ષ સુખને પામનારા બનો. ઉન્માર્ગથી બચો. સન્માર્ગમાં સ્થિર રહો અને સૌને રાખો.

જ્ઞાન સુધારસ પિજિયે

– પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

મહામહો પાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યનું નામ યાદ આવતાં જ અધ્યાત્મ રસિક જીવોનું મન પ્રસન્ન થઈ જાય છે, વાણી ગદ્ ગદ બની જાય છે અને કાયા તો અવનત થઈ જાય છે, હાથ જોડાઈ જાય અને મસ્તક ઝુકી જાય ખરેખર અધ્યાત્મ યોગી એવા આ મહાપુરૂષે જે જે કૃતિઓ સર્જી અમારા જેવા બાલ જીવો પર જે ઉપકાર કર્યો છે તે વર્ણવવા શબ્દો પણ નથી . દુનિયામાં પણ કહેવાય ''આહાર તેવો ઓડકાર''. હૈયા ના ભાવો વાણી અને વર્તનમાં પ્રતિબિંબિત થયા વિના રહે ન હીં. જે હૈયે હોય તે જ હોઠે આવે. જ્ઞાનયોગમાં રસ પેદા કરવા, જ્ઞાનામૃતનું પાન કરવા આ મહાપુરૂષના વાંચેલા ગ્રન્થોનું અવતરણ આત્માર્થી જ્ઞાનપિપાસુ જીવોના આનંદ માટે રજૂ કરું છું.

શ્રીપાલ રાસમાં કહે છે –

''મારે તો ગુરૂ વચન પસાયે, અનુભવ ઘટમાં પેઠો''.

'અધ્યાત્મ સાર' માં અધ્યાત્મના ગુણગાન ગાય છે કે –

'' रसो भोगा वधि : कामे सदभ्क्ष्ये भोजना वधिः ।
अध्यात्म शास्त्र से वायां, रसो निर वधि पुन : ॥''

વિષય રસમાં કે ભોજનમાં રસની મર્યાદા છે પણ અધ્યાત્મ શાસ્ત્ર ની સેવામાં - જ્ઞાન પ્રાપ્તિમાં રસ નિરવધિ છે જેની કોઈ સીમા નથી.

માણસ ની સામે મનોહર મનગમતા-ભાવતા ભોજનના થાળના થાળ પડ્યા હોય તો પણ કેટલું ખાઈ શકે ? બે પેટ કરીને કોઈ ખુશ થાય નહિં ! પેટ ભરાયા પછી સોના જેવી ચીજ પણ ગમતી નથી. તેમ ઈન્દ્રિય જન્ય વિષયોનો ઉપભોગ પણ મર્યાદિત છે. માટે જ જ્ઞાનિઓ કહે પુદ્ગલાનંદી ન બનો પણ જ્ઞાનાનંદી -આત્માનંદી બનો. પુદ્ગલ માત્રમાં સુખ આપવાની તાકાત નથી તે તો સુખાભાસ છે અને ક્ષણિક તૃપ્તિનો અનુભવ કરાવી અતૃપ્તિની આગમાં સળગાવે છે.

જ્યારે જેના આત્મા પરથી મોહનો અધિકાર ઉઠ્યો અને જેને વાસ્તવમાં સાચા અધ્યાત્મની પ્રાપ્તિ થઈ તેવા અધ્યાત્મના રંગમાં ડૂબેલા આત્માને ક્રોડ પૂર્વનો સમય પણ ક્યાં પસાર થાય તે ખબર પડતી નથી કે, સર્વાર્થ સિદ્ધ વિમાનવાસી દેવનું તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પણ અનેક પલકારામાં જોતજોતામાં પુરૂં થયું તેમ લાગે છે. માટે જ્ઞાનીઓ કહે છે કે, અધ્યાત્મનો રસ એ નિઃસીમ છે.

જ્ઞાનસારમાં કહ્યું છે કે –

''स्वद्रव्य-पर्याय-चर्या वर्या परान्था''.

આત્મા અને આત્માના ગુણોમાં જે આનંદ છે તે અપૂર્વ છે બીજામાં તેવો આનંદ આપવાની તાકાત નથી.

નવપદની ઢાળમાં પણ કહ્યું કે –

''आगम-नो आगम ताणो, भाव ते जाणो साचो रे.
आतम भावे स्थिर हो जो, परभावे मत राचो रे.''

આત્મગુણોમાં રમણતા કરવા આત્મભાવમાં સ્થિર થવા જણાવે છે, આત્મા સિવાયના બાહ્ય ઔદાયિક પુદ્ગલોમાં કે પરભાવોમાં જરાપણ રાચવા -રમવા જેવું નથી. આજે આપણો આત્મા ક્ષાયોપશમિક ભાવ આદિને ભૂલીને ઔદયિક ભાવમાં એવો મૂંઝાયો છે કે વાસ્તવમાં આત્મિક સુખની અનુભૂતિ થતી નથી. જ્ઞાનિઓ ઔદયિક ભાવથી બચવા કહે છે અને આપણે તેમાં રમીએ - રાચીએ છીએ. પછી સજા થાય તો વાંક કોના ? સવાસો ગાથાના સ્તવનમાં પણ કહ્યું કે –

''सुत्र-अक्षर-परावर्त्तना, स-रस शेलडी दाखी,
तास रस अनुभव चाखीऐ जिहां छे एक साखी.
आतमराम अनुभव भजे, तजे परतणी माया,
एह छे सार जिनवचनो, वळी एह शिव छाया.''

પરભાવોથી બચવા સ્વાધ્યાયના પ્રેમ ઉપર ભાર મૂકી, પરતણી માયાને ત્યજે તો જ શિવની છાયાને પમાય.

આપણે સૌ વાચકો મહામહોપાધ્યાયજીના આ ટંકશાળી વચનોને હૃદયમાં, અસ્થિ મજ્જા સ્થિર કરી, બાહ્ય પ્રવૃત્તિથી બસી આત્મપરિણતિને ભજનારા બની જ્ઞાનાનંદમાં મસ્ત બની એ અને આત્માની અનંતીગુણલક્ષ્મીના સ્વામી બનીએ તેજ શુભ ભાવના.

વિસનગર જૈન સંઘ આયોજિત ૩૬ લાખ નવકાર મહામંત્ર સમૂહ અખંડ જાપ

વિસનગર જૈન સંઘના સહયોગથી પૂ. સિધ્ધહસ્ત સાહિત્યકાર જૈનાચાર્ય શ્રી પૂર્ણચન્દ્ર સુરીશ્વરજી મ.ની પાવન નિશ્રામાં સર્વ જીવોના કલ્યાણર્થે ૩૬ લાખ શ્રી નવકાર મહામંત્રનાં અખંડ જાપનું ભાદરવા સુદ ૧૧ થી ભાદરવા વદ ૩ દરમિયાન પારેખ પોળ ઉપાશ્રયમાં આયોજન કરવામાં આવેલ. આ જાપ કરવા માટે પારેખ પોળ ઉપાશ્રયમાં જ અતિ સુંદર જાપ ખંડ ઉભો કરવામાં આવેલ જ્યાં પ્રાચિન પંચધાતુમય ચમત્કારીક શ્રી મહાવીરસ્વામી પ્રભુજીની ભવ્ય પ્રતિમા મુખ્ય વેદિકાપર બિરાજમાન કરવામાં આવેલ. જાપ ખડને પંચરંગી નાડા છડી-બેનર-કોતરણીવાળી હાંડીઓથી સુશોભિત કરેલ. નવે ય દિવસ અખંડ દીવો રાખવામાં આવેલ. બબ્બે / ચાર-ચાર કલાક જાપ ખંડમાં બેસીને ભાવિકો મન્ત્ર જાપ કરતાં પણ આનંદ અનુભવાતા હતા. કુલ છસોથી વધુ ભાવિકોએ ઉત્સાહપૂર્વક મંત્રજાપમાં ભાગ લીધો હતો. નવ દિવસમાં ૧લા દિવસે આયંબિલ તપમાં ૧૭૫ તપસ્વીઆએ અને પછીના ૮ દિવસમાં એકાસણામાં ૧૩૫ તપસ્વીઓએ લાભ લીધો હતો, જુદા જુદા ૯ ભાગ્યશાળી તરફથી આયંબીલ /એકાસણા કરવાનો લાભ લેવાયો હતો. દરરોજ પ્રભુજીને નયનરમ્ય આંગી કરવામાં આવતી હતી, જે રાત્રે દીવડાઓની હારમાળામાં ખૂબ સુંદર જણાતી હતી. ભાવિકોના અત્યુત્સાહને લીધે ૩૬લાખ નવકાર મંત્રના જાપનો લક્ષ્યાંક ૩ દિવસ અગાઉ જ પૂર્ણ થઇ ગયો હતો. કુલ ૬૮ લાખ નવકાર મંત્રના જાપ પૂર્ણ થયા.

આ કાર્યક્રમના પ્રેરકબળ તરીકે પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી યુગચન્દ્ર વિજયજી મ.ની. પ્રેરણા અને પ્રોત્સાહન નોંધપાત્ર હતાં.

ભાદરવા સુદ પૂનમના દિવસે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ સમુહજાપમાં ૪૦૦ ભાઇ બહેનોએ જોડાઇ નવકાર મંત્રના જાપનો લાભ લીધો હતો. તે જ દિવસે સાંજે મહા આરતીના મંગલ કાર્યક્રમમાં ભારે ભીડ ઉમટી પડી હતી.

ભાદરવા વદ ૩ ગુરૂવારના સાંજે મહા પૂજા-મહાઆરતી-સંધ્યાભક્તિનો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો હતો. પારેખ પોળ ઉપાશ્રયમાં રંગોળી -રચનાઓ કરવામાં આવેલ. ફૂલોનો શણગાર અને દીવડાઓની શ્રેણીથી જાપ ખંડ ઝળહળાં થઇ ગયો હતો. મહાપૂજા-ભવ્ય આંગીના દર્શન કરવા ભાવિકોનો રાત્રે ૧૦ વાગ્યા સુધી સતત ધસારો ચાલુ રહ્યો હતો. ભાદરવા વદ ૪ સવારે મન્ત્રજાપની પૂર્ણાહુતિ બાદ ગામના તમામ જિનાલયોમાં દર્શન માટે ચૈત્ય પરિપાટી યોજાઇ હતી. ત્યાર બાદ ભાતી -નાસ્તાથી સૌની સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ. ભાદરવા વદ ૬ રવિવારે સવારે પ્રવચન દરમ્યાન નવકારમંત્રના આરાધકોનું બહુમાન કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં વિસનગર જૈન સંઘના પદાધિકારીઓ, ઉત્સાહી કાર્યકરો, યુવાનો સાથે જૈન જાગૃતિ સેન્ટરે ખૂબ જહેમત ઉઠાવી હતી.

ભાવિકોએ કરેલા મંત્ર જાપની નોંધ કરવા માટે જૈન જાગૃતિ સેન્ટરના યુવાનો અને અન્ય કાર્યકરોએ રાત દિવસ સેવા બજાવી હતી. આયંબિલ અને એકાસણાની વ્યવસ્થામાં પણ આ યુવાનોનો.ઉત્સાહ નજરે તરવરે તેવો હતો. પર્યુષણ બાદ પણ પર્યુષણ પર્વ કરતાં સવાયું ઉત્સાહી વાત વરણ જોઇ સૌના મનમાં જૈન શાસનના નમસ્કાર મહામંત્ર પ્રત્યે અહોભાવ પેદા થતો હતો..

વિસનગર સંઘના અનેરા ઉત્સાહમાં વૃધ્ધિ થાય તેવા દિવાળી બાદ / ઉપધાન તપ કરાવવાનો સંઘ તરફથી નિર્ણય કરવામાં આવેલ. આયોજન જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી કરવામાં આવનાર છે.

આવા વસમા વખતે હું તમારી પડખે ઊભો રહું એ જ મંછા છે

આ ખું ગઢડા ગામ વીરડાની માફક ઉલેચાઈ ગયું છે. જુવાન હૈયા મેળાની મોજ લૂંટવા તરાગેતરના મેળામાં પોગી ગયા છે. નાના છોકરા અને ગલઢા - ડોસા સિવાય લગભગ કોઈ રહ્યું નથી. બજારુમાં કાગડાં ઊડે છે. આવા વખતે આપો જીવો ખાચર ઢનીં વીધો એક વખુંભર જગ્યામાં એકલા બેઠાં છે. કાવા - કં બા કરનાર કોઈ નથી કે નથી વાતુંના સાથિયા પુરનાર રોયારા મનેખ. મનમાં ભાત - ભાતના વિચારોની ઘંટી ફરે છે. ત્યાં બેમ હલધારીઓ હાંફળા - ફાંફળા થાતાં ગઢમાં દાખલ થયા અને આપા જીવા ખાચર આગળ હાથ જોડીને ઊભાં રહ્યાં.

'બાપુ... બાપુ.... !' એના કોઠામાં શ્વાસ સમાતો નથી.

'એલા ગોકળી ભાણું આગળા તો કાંક બોલો . . !' આપો જીવો ખાચર બોલ્યા: 'કે ન કર્યું બાપુ... બાપુ... જ કરતા રે' હો !'



'ગાય ધાણ...'

'ગાય ધાણ!!'

'ગાય ધાણ ઓલ્યા લાખાણકા વાળા...'

'- લ્યાં કી ગયા છે !'

'તે તં લડયા જેવા હું કરતાં' તા ! આપા જીવા ખાચરે માલધારીઓને કહ્યું : 'પંડ્ય માથે બબ્બે સાવજ ધરાય એટલું લોય છેને...'

'માલધારીઓ કાંઈ જ બોલ્યા વગર જીવા ખાચર આગળ હાથ જોડીને ઊભા રહ્યાં. તેની અબોલતામાં મૂંગા પશુની ધા હતી. ગઢડા થી ઉગમાગી કોર્ય આવેલા લાખાણકા ગામના સરવૈયાઓએ અરાબરનો મોકો જોઈને ધાણને આમ વાળી લેવાનો કારસો કરેલો ગોવાળિયાને ડારો - ડફારો કરી, એના ગેડિયા આંચકી લઈ તગેડી મૂકેલા ને જાતા - જાતા કીધેલું: 'એલા ગોકળિયું પા ર્યું વાળીને જોયું છે કે, ઉકારોય કર્યો છે તો ભલી વાર નંઈરે લ જ્યા !'

ને ગોકળિયું લદડક-પદડક કરતી આવી આપા જીવા ખાચર પાસે આપો જીવો ખાચર ઘડીભર વિસામાગમાં પડી ગયા. આમ તો આખું ખાલી છે. પોતાના દેહને અવસ્થાનો લૂણો લાગી ગયો છે. કાયાના કૌવત દાખવ્યા એની માથેય વખતની ખેપર લાગી ગઈ છે. શું કરવું ? પાણ ચપટી વગાડતા વાર લાગે. એના કરતા ઓછા વખતમાં નિર્ણય કરી લીધો અને માલધારીઓને કહ્યું: 'લ્યો મોર્ય થાવ !'

આપાના પંડ્ય માથેથી આઠેક દાયકા અવગોટિયા ખાઈને નીકળી ગયા છે. દુન્વયી માયામાંથી મનડાને વાળી અલખના આરાધનામાં જીવડાને રચ્યો-પચ્યો રાખે છે. છતાંય કોઈ આવે એને બે ઘડી સુવાણ કરાવે છે. આપાએ ઢાલ-તલવાર લીધા. ભેટમાં કટાર ખેંચી અને ઘોડારમાંથી ઘોડીને બાર્ય કઢાવી. ત્યાં રાજ્યના કારભારી સરૂ મેમાણની નજર આપા માથે પડી. આપાને ધીંગાણે જાતા હોય એમ જોયા. અને મનમાં ધ્રાસકો અનુભવતો સરૂમેમાણ આપા પાસે આવ્યો અને બોલ્યો: 'બાપુ, આમ'

'સરૂ, ગામમાં કોય છે નંઈ ને ભાણું લાખાણકાના સરવૈયાયું એ ગાયું વાળી છે...!'

સરૂ મેમાણ આખી વાતને પામી ગયો તોયે આપાને રોકતા કહ્યું: 'બાપુ, બે ઘડી જાણવી જાવ... !'

'કાં ભાણું !' 'હુંય આવું...'

'ના, બા...' આપો જીવો બોલ્યા: 'અ કલમ હલાવવા જેવું કામ નથી. આંયા તો ખાંડાના ખેલ ખેલવાના છે !'

'તે ભલેને બાપુ !' સરૂ મેમાણ બોલ્યો મને ખાંડાના ખેલ ખેલતા આવડે કે ન આવડે એનું મારે મન મૂલ્ય નથી.'

'તો !' આપો નોગણી ઢીંગલીયું ભેગી કરતા બોલ્યા.

'આવા વસમા વખતે હું તમારી હારે આવું... પડખે ઊભો રહું એ જ મંછા છે.'

વાત વાજબી હતી. રાજનું કારભારી પાણું કર્યું એની ના નહીં, પાણ રાજનું અન્ન તો ખાધું ને ! અને અન્નદાતાને જ્યારે સંકટ આવ્યું હોય અને એ પાણ જીવરક્ષા કાજે ત્યારે આમ બોલે એ સ્વાભાવિક હતું. સરૂ મેમાણની વાત આપા જીવાના ગળા શીરાના કોળિયા માફક ઊતરી ગઈ.

'બાપુ ! આવા વસમા વખતે હું હાથ જોડીને બેસી રહું તો ખુદાતાલા મને માફ ન કરે. કબર મને સંધરે નહીં !'

'વાત તો ભાણું લાખોણી છે, પાણ જીવ ખોવા સિવાય...'

'ભલે બાપુ. જીવ ખોવા સિવાય કાંય હાથમાં નો આવે' સરૂ મેમાણ બોલ્યો: 'પાણ રાજની રક્ષા કાજે જીવ જાહે ને ?'

(અનુ. પાના નં. ૭૪)

સમાચાર સાર

વર્ધમાન નગર ધન્ય બન્યું તપધર્મની અનુમોદના કરી

પરમ શાસન પ્રભાવક, સુવિશાલ ગચ્છાધિરાજ, પરમ ગુરૂદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા સાહેબના વિનેય શિષ્ય તપસ્વી મુનિરાજ **શ્રી તત્ત્વરત્ન** વિ. મ. સાહેબની ૬૩ મી વર્ધમાન તપની ઓળી પૂર્ણ થવા આવતા.

પૂજ્યશ્રીના લઘુગુરૂબંધુ મુ. શ્રી હિતરત્ન વિ. મ. સા. વ્યાખ્યાનમાં ઉપવાસના દિવસે સહુને સારી સંખ્યામાં આયંબિલ કરવાની પ્રેરણા કરતા ૧૩૧ આયંબિલ થવા પામ્યા જેનો લાભ શા. પ્રાણલાલ ભૂધરભાઈ પરિવારે લીધેલ તેમજ તે દિવસે બપોરે શ્રી સંભવનાથ જિનાયલે શ્રી નવપદજીની પૂજા રાખવામાં આવેલ શા. સૌભાગ્યચંદ વસા પરિવાર તરફથી પારણાના દિને અત્રે શ્રી સંઘમાં ચાલી રહેલ સામુદાયિક વર્ષીતપના ૨૭ આરાધકોની વિનંતી થતા વાજતે - ગાજતે પૂજ્યો ત્યાં પધારેલ અને માંગલિક પ્રવચન થયા બાદ શ્રીફળની પ્રભાવના તેમજ સંઘપૂજન થયેલ વર્ષીતપના તપસ્વીઓના સામુદાયિક બેસણાના સ્થાને પૂજ્યોની પધરામણી થતા એક ભાઈ જૈનેતર ઘણા વખતથી હેરાનગતિ કરતા હતા તે સામે ચાલીને આવી માફી માંગી ગયા અને પોતાની ભૂલનો એકરાર કર્યો. બન્ને દિવસ પ્રભુજીને ભવ્ય અંગરચના કરાએલ.

ખરેખર ! શ્રી જિનશાસનની પ્રત્યેક આરાધનાઓ જાણતા - અજાણતા પણ કેટલાય ભાગ્યશાળીઓ ઉપર કેવી ઉપકારની હેલી વરસાવતી હોય છે.

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

પાઠશાળાના બાળકોનું કેવું ખમીર !

વર્ધમાન નગરના આંગણે પર્યુષણા મહાપર્વમાં થએલ અનેકવિધ તપાદિ ધર્મની અનુમોદના નિમિત્તે પરમાત્મ ભક્તિ મહોત્સવનું નોખું - અનોખું આયોજન થવા પામેલ.

જેમાં પાઠશાળાના બાળકોએ આરાધના કરવા સાથોસાથ આ મહોત્સવને સારામાં સારો ધર્મપ્રભાવક પણ બનાવવાનું એક સુંદર કાર્ય કરેલ જેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

નાની ઉંમરના ૫ બાળકોએ ચૌષદ પહોરી પૌષધ કરેલ.

જિન જન્મ સ્નાત્ર મહોત્સવમાં નાની - નાની બાલિકાઓ ૫૬ દિક્કુમારી ઘણા દિવસો સુધી પ્રેકટીસ કરીને બની હતી.

૬૪ ઈન્દ્રોમાં પણ ઘણા બધા બાળકો જોડાઈ ગયા હતા.

સહુ પ્રથમવાર રાજકોટમાં યોજાએલ અષ્ટપ્રકારી પૂજાના ભવ્ય કાર્યક્રમની આંગલી રાત્રે ખૂબ વરસાદ પડવાથી જ્યાં સમીયાણું બાંધીને આ પ્રોગ્રામ કરવાનો હતો તે વિશાળ મંડપ પાણીથી ભરાઈ ગયો હતો. તે સ્થાનને જોવા માટે સવારે જતા એમ લાગ્યું કે, આ સ્થાને આ પ્રોગ્રામ કઈ રીતે થઈ શકશે. તેમ છતાં અન્ય કોઈ સ્થાનની પસંદગી ન થતા પાઠશાળાના બાળક - બાલિકાઓની ફોજ ત્યાં ઉતરી પડી સુશ્રાવક પ્રકાશભાઈ દોશીની દોરવણી મુજબ ૨ કલાકમાં તો આખી જગ્યા સાફ કરીને જ્યારે સ્ટેજ ઉપર ત્રીગડામાં પ્રભુજી પધરાવાયા અને વાજતે - ગાજતે તપસ્વી મુનિરાજ શ્રી લાભ વિ. મ. સા, બન્ને બેલડી મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. સા., મુ. શ્રી હિતરત્ન વિ. મ., મુ. શ્રી હિતધર્મ વિ. મ. સા. અને સા. ચંદનબાળ શ્રીજી પોતાના પરિવાર સાથે પધારતા અનેક શ્રાવક, શ્રાવિકાઓ અને બાળકો પણ હાથમાં પૂજા સામગ્રીઓના થાળ લઈને પહોંચ્યા અને પૂજાવિધિનો પ્રારંભ થયો ત્યારે બધા ભાવવિભોર બની ગયા આપણી આ ભાવિ પેઢીમાં પણ ધર્મની કેવી સૂઝ છે તે એ વખતે બધાને ખ્યાલ આવ્યો.

જૈનં જયતિ શાસનમ્

મહારાષ્ટ્ર રાજ્યે માલેગામ નગરે શાસન નાયક શ્રી મહાવીર પ્રભુના સુવર્ણબિંબ નિર્માણ

સાવ રે સોનાના તારા મંદિરીયા બંધાવું, રતનની પ્રતિમા ભરાવું રે.

હા, રત્નોની પ્રતિમા ભરાવવાની ભાવના પણ ભાવવી જોઈએ- પરંતુ સુવર્ણના પ્રતિમાજી ભરાવવાનો એક સુંદર લ્હાવો તીર્થસ્વરૂપ માલેગામ શ્રી સંઘને દીર્ઘસંયમ પર્યાયી પૂ. મુનિશ્રી શાંતિભદ્ર વિ. મ. સા. તથા સુમધુર વક્તા પૂ. મુનિશ્રી યશકિર્તી વિ. મ. સા. ની નિશ્રામાં ભાદરવા સુદ ૮ ના દિવસે એકાએક મળી આવ્યો. સવારે ૧૦ વાગે યુગપ્રધાન ગણધર દેવનંદન પૂજ્યશ્રીની

નિશ્રામાં શરૂ થયા ત્રિગડા પર શાસનનાયક મહાવીર પરમાત્માની મૂર્તિ અને ચાંદીના સમવસરણ પર ચાંદીના ચૌમુખજી ભગવંત, તેમજ આગમ પુરૂષ અને આગમોની રચના, દિવાઓ ની રચના, સુગંધથી મઘમઘતું વાતાવરણ એમાં દેવવંદન રાગળ ઘપતુ હતું. દેવવંદનમાં પૂ. મુનિશ્રી યશકિર્તી મ. સા ના મિઠાસ ભર્યા સુમધુર સ્વરે સ્તવનો સાંભળી પ્રભુભક્તિમાં ચતુર્વિધ સંઘ હિલ્લોળે ચઢયો હતો. દેવવંદનમાં દિક્ષ કલ્યાણકના પ્રસંગે પૂજ્યશ્રીના ઉપદેશથી સંઘમાં અનેરો ઉમંગ ભર્યો ઉત્સાહ પ્રગટયો અને સંઘ શ્રી મહાવીર પરમાત્માની સુવર્ણમય પ્રતિમા ભરાવવા માટે કટિબદ્ધ બન્યો અને વર્ષાઋતુના દિવસોમાં ઉપાશ્રયમાં સુવર્ણ વરસવા લાગ્યું. બેનોએ મણીની માળા, બુટીઓ, વિંટીઓ ઉતારી સંઘના અગ્રણીઓને સોંપવા લાગ્યા, ભાઈઓએ જુન. તોલાઓમાં સુવર્ણ લખાવવા માંડયુ. સહુના હૃદયો જાણે પોકારતા હતા-

''ઉગ્યો (ગ્યો સુરજ આજ સોનાનો''

સુવર્ણ લે ા અને લખતા કાર્યકર્તાઓ થાકી ગયા. નવગ્રહ તો બધ જ જાણે છે. પણ દસમો જે પરિગ્રહ તેને દૂર કરવાનો પુ: ષાર્થ શ્રાવક શ્રાવિકાઓએ જે અગ્યારમો પરિગ્રહ - પરમ ાત્માનો અનુગ્રહ એને પામીને કર્મો અને સામે સામે ધન્યતાનો અનુભવ કર્યો.

હવે સંપૂર્ણ સુવર્ણના આ પ્રતિમાજીની અંજનશલાકા, સાબરમતી સ્મૃતિમંદિરનો પ્રતિષ્ઠા સમયે પૂ. ગચ્છાધિપતિશ્રી ના વરદ હસ્તે થશે. ધન્ય છે જયવંતુ શ્રી જિનશાસન.

લિ રંજનભાઈ રસિકલાલ પટ્ટણી - માલેગામ

બેંગ્લોર - રાજાજીનગર - અત્રે નેમચંદભાઈ કાલીદાસને ત્ય દરરોજ ૭૦ - ૮૦ બહેનો પ્રતિક્રમણ કરતા તેમના ગે ડાઉનમાં ૮ થી ૧૦ રાત્રે ભાવના થતી ૩૨ તપસ્યાઓ થઈ ે શ્રીમતી ચેતનાબેન જયેશ ગલૈયાએ ૧૬ ઉપવાસ કર્યા ે ને આ બીજી ૨૨ અઠ્ઠાઈ ૭ છકાઈ વિ. તપસ્યા થયા સંવત્સરી પ્રતિક્રમણ હીરજીભાઈ તથા રમેશભાઈ કાલ દાસને ઘેર કરેલ ૩૨૫ ની સંખ્યા થઈ હતી. ઉત્સાહ ધ ો હતો.

પાલીતાણા - સૌધર્મ નિવાસમાં પૂ. મુ. શ્રી જયાનંદ વિજયજી મ. ાદિની નિશ્રામાં ચાતુર્માસિક આરાધના અને પર્યુષણ સ રી રીતે ઉજવાયા.

પુના સીટી - ટિંબર માર્કેટ શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનમંદિર પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મ ની નિશ્રામાં તથા ચાતુર્માસ બિરાજમાન પૂ. મુ. શ્રી ધરદર્શન વિજયજી મ. આદિની નિશ્રામાં ભા. સુ. ૧૨ થી ભાદરવા વદ ૪ સુધી અર્હત્ અભિષેક મહાપૂજન તથા શ્રી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ શા. અમીચંદ માનાજી એન્ડ કું. તરફથી સ્વ. પિતાશ્રી ખૂમાજી માનાજી સંઘવી તથા સ્વ. માતુશ્રી નાથુબાઈ ખૂમાજીના આત્મ શ્રેયાર્થે ભવ્ય રીતે ઉજવાયો.

પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મ ના શેષ ચાતુર્માસ ભવ્ય પ્રવેશ તથા ચૈત્ય પરિપાટી આયોજન કર્યુ હતું.

બીલીમોરા - અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રદ્યોતયશ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પર્યુષણ સારા ઉજવાયા ૭૦૦ના સંઘમાં ૨૨૫ અઠ્ઠાઈઓ થઈ. પૂ. આ. શ્રી ને ૧૮૮૧ આંબેલ સળંગ થયા છે. ૫૦૦ કરવાની ભાવના છે.

સુરેન્દ્રનગર - અત્રે શ્રી વાસુપૂજ્યસ્વામી દેરાસરે શ્રી સંઘ તરફથી પૂ. આ. શ્રી વિજય હીંકારચંદ્ર સૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી વિદ્યાધર વિ. મ. ની આદિની નિશ્રામાં પર્યુષણની વિવિધ તપસ્યા આદિ નિમિત્તે શાંતિસ્નાત્ર અર્હત્ પૂજન આદિ પંચાહ્નિકા મહોત્સવ ભા. સુદ ૧ થી સુદ ૧૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો .

પૂના કેમ્પ - સાચાપીર સ્ટ્રીટ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિન મંદિર પર્યુષણાની આરાધના ઉધાવત નિમિત્તે શાંતિસ્નાત્ર અષ્ટાપદ મહાપૂજા આદિ અષ્ટાહ્નિકા મહોત્સવ પૂ. મુ. શ્રી ભવ્યચંદ્ર વિજયજી મ., પૂ. બાલ મુ. શ્રી સિદ્ધસેન વિ. મ. ની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો.

અમદાવાદ - અત્રે કાળુશાની પોળમાં પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી જયપ્રભાશ્રીજી મ. ની સંયમજીવનની અનુમોદનાર્થે ભા. સુ ૧૫ થી ભાદરવા વદ ૩ સુધી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

જામનગર (શાંતિભુવન) - પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મહારાજાના શિલ્પરત્ન પૂ. મુનિપ્રવરશ્રી હર્ષશીલ વિજયજી મ. ઓશવાળ કોલોનીથી ચાતુર્માસમાં નિયમિત સવારે ૯-૧૫

થી ૧૦-૧૫ પ્રવચનાર્થે પધારે છે. ''શાંતસુધારસ'' ઉપર ચાલતા પૂજ્યશ્રીના મનનીય પ્રવચનમાં વિશાલ સંખ્યામાં ભાવિકો જિનવાણી શ્રવણ કરી રહ્યા છે. શ્રી પંચમહાવ્રત તપ આદિ અનેક અનુષ્ઠાનોનું સંઘમાં આયોજન થયેલ. પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વમાં તો યાદગાર અવિસ્મરણીય આરાધના સંપન્ન થઈ. પૂજ્યશ્રીના પ્રવચન શ્રવણની પ્રેરણા પામી સંઘમાં અપૂર્વ ધર્મ જાગૃતિ આવી. પર્યુષણ મહાપર્વમાં બપોરના વ્યાખ્યાનોમાં પણ વિશાળ સંખ્યાની ઉપસ્થિતિ આશ્ચર્યજનક બની ગયેલ. પૂજ્યશ્રીને કલ્પસૂત્ર બારસા સૂત્ર આદિ વહોરાવવાની, સંવત્સરી પ્રતિક્રમણના સૂત્રોની ઉછામણીઓ અપૂર્વ થયેલ તો સ્વપ્નકલ્પની ઉછામણી પણ સુંદર થયેલ સંઘમાં ૩/૪ વર્ષ બાદ ચોસઠપ્રહરી પૌષધનું આયોજન થયેલ જેમાં નાની ઉંમરના અનેક બાળકો સહિત સુંદર પ્રમાણમાં આરાધકો જોડાયેલ સંઘમાં તપશ્ચર્યાઓ પણ સુંદર પ્રમાણમાં થયેલ મુંબઈથી આવેલ ભાવિન વિનોદભાઈ રૂમાલવાળાએ ચોસઠપ્રહરી પૌષધ સાથે અઠ્ઠાઈની અપ્રમત્તપણે આરાધના કરેલ. ભા. સુ. ૫ ના સર્વે તપસ્વીઓના પારણા અ. સૌ. બીનાબેનની અઠ્ઠાઈ નિમિત્તે શ્રી વ્રજલાલ ઘેલાભાઈ ઝવેરી પરિવાર તરફથી કરાવવામાં આવેલ. સાંકળી અઠ્ઠમવાળાને ચૌસઠપ્રહરી પૌષધવાળા આદિ તપસ્વીઓને પ્રભાવનાઓ પણ સુંદર થયેલ. ભા. સુ. ૧ ભા. સુ. ૩ અને ભા. સુ. ૬ ના સ્વામિવાત્સલ્ય ખૂબ સુંદર રીતે થયેલ. ભા. સુ. ૬ ના બપોરે રથયાત્રાનો ખૂબ જ સુંદર વરઘોડો નીકળેલ જેમાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા. આદિ ઓશવાળ કોલોનીથી પધારેલ. ભા. સુ. ૫ ના ભવ્ય ચૈત્યપરિપાટીનું આયોજન થયેલ. પૂ. સા. શ્રી નિરાગરેલાશ્રીજી, સા. શ્રી દિવ્યગિરાશ્રીજી, સા. શ્રી મોક્ષનંદિતાશ્રીજીના સાંનિધ્યમાં બહેનોમાં પણ સુંદર આરાધનાઓ મણિબાઈ ઉપાશ્રયમાં થયેલ. પૂજ્યશ્રીના પ્રવચનોની પ્રેરણા પામી સંઘમાં અપૂર્વ ઉલ્લાસનું વાતાવરણ સર્જાયેલ.

પૂ. ભુવન તિલકસૂરિજી ભક્તિ ઉત્સવ

લોણાર-હિંગોલીનગરમાં અઠ્ઠાઈ -૧ અઠ્ઠમ -૧૫, આયંબિલ ૧૦૧ ની આરાધના, સ્વામિવાત્સલય, રથયાત્રા, કેવલ ચિત્રો રંગોળીથી ઉજવીને પૂ. તપસ્વી આ. શ્રી વારિષેણ સૂરિજી, પં. વિનયસેન વિ., પ્રવર્તક વજ્રસેન વિ. પ્રવચક વલ્લભસેન વિ., ભક્તિપ્રિય વિરાગસેન વિ. મ. આદિ અંતરિક્ષજી તીર્થે પધાર્યા. વિઘ્નહર પાર્શ્વનાથ પ્રતિષ્ઠાકારક આ. ભુવન તિલકસૂરિજીની ૨૯ મી પુણ્યતિથી, આ. શાંતિચંદ્રસૂરિજી સ્વર્ગતિથીએ ૩-૬-૨૦૦૧ના ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આ રાજેન્દ્રસૂરિ, આ. વારિષેણસૂરિજી વિ. મ. એ ભણાવાયું. લોણારનગરના અત્યંત આગ્રહથી શ્રી વારિષેણસૂરિજી તથા સા. પ્રજ્ઞાશ્રીજી મ. આદિ ૩૦-૬-૨૦૦૧ના ચાતુર્માસ પધારતા ભવ્ય સામૈયું ગહુલી કળશ સાથે સમૂહ ૧૪૧ આયંબિલ, સંઘ પૂજન, સાધર્મિક ભક્તિ થયેલ.

ધર્મબિન્દુ વીરભાણ ચરિત્રના પ્રવચનોમાં સંખ્યા સારી થાય છે. ભક્તામર પાઠ સંઘપૂજન પ્રભાવના રવિવારે જાહેર પ્રવચન, સંધ્યા ભક્તિ સુંદર થાય છે. અખંડ અઠ્ઠમ ને આયંબિલ બહુમાન સાથે થાય છે. પૂ. લબ્ધિસૂરિજી પુણ્યતિથીએ ભક્તામર પૂજન, અઠ્ઠમો, આયંબિલ, ૧૮ - અભિષેક સાથે ઉત્સવ, રંગોળી, શાકાહાર પ્રદર્શની, ગુણાનુવાદ સભા થયા. રવિવારે ૩૦૦ એકાસણા સ્પર્ધા - વિવિધ આરાધના થાય છે. પર્યુષણમ માસખમણ રાજુમતિબેન, સરોજબેને સિધ્ધીતપ સુધાબેન સરોજબેનને ૧૧ ઉપવાસ ૨, નવ ઉપવાસ - ૪, અઠ્ઠાઈ -૧૦, ચૌષઠ પ્ર. પૌષધ -૩૦ અક્ષય નિધિતપ ૨૫, સમેતશિખર-૧૦ ને શત્રુંજય મોહકતપ ૮૦ તેલા બેલા - ૫૦ થયેલ, સર્વના પારણા બહુમાન પ્રભાવના ને ૨ - અલ્પાહાર સાથે અરિહંત વંદનાવલી વિશ્વશાંતિ, સર્વ ધર્મ પ્રાર્થના, ચાર સ્વામિવાત્સલ્યો તપસ્યા નિમિત્તે થયેલ. ચૈત્ય પરિપાટી, રથયાત્રા, થાલણું, કલ્પસૂત્ર વરઘોડા શાસન પ્રભાવક બનેલ. સર્વ સંપ્રદાયના ભાવિકો ઉત્સાહથી ૪૦૦ ની સંખ્યામાં સમુહ સામાયિકમાં પધારે છે. રાત્રિ ભોજન ત્યાગ ઘણાએ કર્યા છે. ગૌતમ સ્વામિ પૂજન એકાશના નવકાર સહ પૂજન એકાશના ૩૦૦ થવા પામેલ મુનિસુવ્રત મંડલ સાથે રોજ રાત્રે ભક્તિ ભાવના થાય છે. તીન દિન ''નમો જિણાણં'' અખંડ જાપ થયેલ પૂ. આ. શ્રી ને પણ આયંબિલ એકાતરાથી અરિહંત આરાધના ચાલું છે. ભવ્ય અંગરચના થર્મોકોલથી સમવશરણ સાથે નવજીવન વાટિકા મંડળે બનાવેલ છે.

જૈન યાત્રીઓ માટે

ગરમ - પાણી (ઉકાળેલું પાણી)

નંદુરબાર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં. ૧,
સ્ટેશન માસ્તર ઓફીસની પાસે, કાયમ મળશે.
કૃપયા લાભ લેશો. (મફત સેવા)

સૌજન્ય - **શ્રી નવકાર જૈન સેવા કેન્દ્ર, નંદુરબાર**
વિશેષ સંપર્ક : (દુ) ૨૨૪૩૧, (દુ) ૨૨૨૪૨
(નિ) ૨૨૩૪૦ (દુ) ૨૪૯૧૨ (નિ) ૨૨૧૩૯

શ્રી સંભવનાથ સ્વામિને નમો નમઃ

શ્રી આત્મ કમલ વીર દાન પ્રેમ રામચંદ્ર મહોદય સૂરિભ્યો નમઃ

વિશ્વભવ્ય જના રામ,
કુલ્યાતુલ્યા જયન્તિ તાઃ ।
દેશના રામયે વ ચઃ
શ્રી સંભવ જગતા તેઃ ॥

વિશુદ્ધ દેશના દક્ષં,
સાર્વ શાસન રક્ષકં ।
રામચન્દ્ર ગુરૂ વંદે,
પ્રેમ પટ્ટ સુશોભકં ॥

સદ્ગતિસાધક

શ્રીમતી સૂરજબેન મગનલાલ મહેતા નાં સમાધિમરણ યુક્ત સ્વર્ગવાસ નિમિત્તે ત્રિદિવસીય શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ...

ધર્મ મહોદય સુશ્રાવક શ્રી.

રાજકોટથી લી., મહેતા મગનલાલ મોતીચંદનાં સબહુમાન પ્રણામ સ્વીકારશોજી...

પરમકૃપાળુ શ્રી [illegible]નેશ્વર પરમાત્માનાં પરમ શાસનમાં "આત્મા અજન્મા, અમર સ્વરૂપ છે, પરંતુ કર્મબંધનોનાં કારણે દેહને ધારણ કરે છે અને જન્મ જરા મરણ પીડાઓને વરે છે, તેમાંથી મુક્ત થવા માટે ધર્મનું પાલન આચરણ કરવું જરૂરી શ્રેયસ્કર છે." એવો પરમબોધ અમોને પૂજ્ય પાદ શ્રી ગુરૂભગવંતોની જિનવાણીનાં શ્રવણથી પ્રાપ્ત થયો છે અને એવાં પરમ બોધનાં આધારે મારાં ધર્મપત્નિ **સ્વ. સૂરજબેન મગનલાલ મહેતા**એ પોતાના જીવનમાં સુંદર ધર્મારાધનાઓ કરીને પોત [illegible] નાં જીવનને કૃતાર્થ - સફલ બનાવ્યું છે.

સતત પરમાત્મા [illegible] નામની ધુન શ્રી નમસ્કાર મહામંત્રનાં શ્રવણથી ગુંજતુ વાતાવરણ અને તેમાં તલ્લીન નિમગ્ન એવાં એમનાં સમાધિમરણને જોઈને અમોને પણ તેવું પંડીત મ [illegible]ણ પ્રાપ્ત કરવાની ભાવના થતા તેમના સ્વર્ગવાસનાં ઉપલક્ષમાં અત્રે ચાતુર્માસ બીરાજમાન પૂ. ગુરૂ ભગવંતોની પ્રેરણાથી અમોએ નીચે મુજબ ત્રિદિવસીય [illegible]હોત્સવનું આયોજન કર્યું છે.

શુભનિશ્રા : સુવિશા [illegible]ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **મહોદય સૂરીશ્વરજી** મ. નાં આજ્ઞાવર્તિ પૂજ્ય પર્યાય સ્થવિર મુનિવર્ય શ્રી **લાભ વિ. મ.** [illegible]હેબ, બન્ધુ બેલડી તપસ્વી મુનિશ્રેષ્ઠ શ્રી **તત્વરત્ન વિ. મ. સા.**, પ્રવચનદક્ષ મુનિરાજશ્રી **હિતરત્ન વિ. મ. સા.** તથા પૂજ્યશ્રીના શિષ્યરત્ન [illegible] મુનિરાજશ્રી **હિતધર્મ વિ. મ. સા.**

મહોત્સવનો મંગલમય કાર્યક્રમ

પ્રથમ મંગલદિને આસો સુદ [illegible] નેરૂ વાર	શ્રી પંચકલ્યાણક પૂજા શ્રી સંભવજિન મહિલા મંડળ	મહેતા દેવચંદ જાદવજી તરફથી
રાગ-દ્વેષને ટાળતો બીજો દિવસ આસો સુદ [illegible] નેરૂ વાર	શ્રાવકજીવનના આદર્શને જીવંત કરવા સમ્યક્ત્વમૂલ બારવ્રતની પૂજા	બહેનો - દિકરીઓ તરફથી
જન્મ - જરા - મ [illegible] ચુનો નાશ કરતો ત્રીજો દિવસ આસો સુદ [illegible] નેરૂ વિવાર	શ્રી વીસ સ્થાનક મહાપૂજન વિજય મુહૂર્તે	વિધિકાર ડો. પ્રવિણભાઈ તથા પ્રકાશભાઈ પધારશે.

અત્રે શ્રી [illegible] ધર્મા બહેનોને સુંદર આરાધના કરાવી રહેલ માતુશ્રદ્ધયા સા. ચંદ્રાનનાશ્રીજી મ. ના શિષ્ય સા. ચંદનબાળાશ્રીજી ઠા. ૪ તેમજ [illegible] પારોઠસા. જિનેશરત્નાશ્રીજી ઠા. ૬ની અમોને નિશ્રા પ્રાપ્ત થયેલ છે. જેથી અમારા હર્ષોલ્લાસમાં વૃદ્ધિ થયેલ છે.

મહોત્સવના ચમકારા

- પ્રતિદિન પરમાત્માની પ્રતિમાને ઝાઝરમાન અંગરચના
- જિનભક્તિથી સમ્યક્ત્વની પ્રાપ્તિને જગાવનાર જિનવાણીનું પૂ. ગુરૂભગવન્તો પાન કરાવશે.
- સંગીતકાર શ્રી અનંતભાઈ શાહ તથા શ્રી ચંદ્રકાન્તભાઈ પ્રતાપભાઈ મંડળી સાથે રમઝટ બોલાવશે.
- મહોત્સવના અંતિમદીને પ્રભુજીની ભવ્યાતિભવ્ય મહાપૂજા જેવી અંગરચના આદિ કરાશે.
- સવારે પ્રભાતિયા તેમજ શરણાઈ વાદન...

મહોત્સવ સ્થળ

શ્રી વર્ધમાનનગર જૈન દેરાસરજી

વર્ધમાનનગર, રાજકોટ.

નિમંત્રક

મહેતા મગનલાલ-મોતીચંદ પરિવારનાં

સબહુમાન પૂર્વક પ્રણામ

પ્રાર્થના રવિવાર સવારે ૧૦-૦૦ કલાકે વિશા શ્રીમાળી જ્ઞાતિની વાડીમાં

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- ધર્મી તેનું નામ કે જેને પોતાના ધર્મની ચિંતા હોય તેમ બીજાના ધર્મની પણ ચિંતા હોય.
- પાંચેય ઈન્દ્રિયોના અનુકૂલ વિષયો પર રાગ અને ભૂંડા વિષયો પર દ્વેષ તેનું નામ અવિરતિ.
- ભગવાનની પાસે આવી સંસારની સામગ્રી માંગે તેને પુણ્ય ન હોય તો મલે જ નહિ. પુણ્ય હોય અને મલે તો સાથે મિથ્યાત્ત્વ, અવિરતિ, કષાય એવા ગાઢ બંધાય કે તેમાં એવો લીન થઈ જાય કે અનંતકાળ સુધી ઠેકાણું ન પડે.
- પૈસાના અર્થીપણાએ અને ભોગ, મોજ - શોખના અર્થીપણાએ તમારી પાસે શું શું કરાવ્યું છે ? અહીં આટલું ખરાબ થાય છે તો મર્યા પછી કેટલું ખરાબ થશે તેની કલ્પના કરો. એ પૈસાએ અને મોજશોખે તમને અહીં કેવા પાયમાલ કર્યા છે ! તમે કદી જાહું નથી બોલ્યા ને ? રાગ-દ્વેષ કેડે પડયા છે અને સાચા બોલા રહી શકયા નથી. ધન - ભોગ કેટલા ભૂંડા છે તે સમજાવવું પડે તેવું છે કે સમજાઈ જાય તેવું છે ?
- ભગવાન અરિહંત મોક્ષમાર્ગના દર્શક છે. મોક્ષે જવું હોય તેને મોક્ષ માર્ગ જોઈએ મોક્ષમાર્ગે જવું હોય તો મોક્ષમાર્ગ બતાવનાર ઉપકારી લાગે. સંસાર ભયંકર અટવી છે તે અટવી લંઘાવનાર ભગવાન અરિહંત સાર્થવાહ જેવા છે.
- અમે અને તમે અટવી લંઘવા ન નીકળ્યા હોઈએ તો માર્ગ પામ્યા જ નથી. અટવી લંઘવા નીકળ્યા હોઈએ તો માર્ગ પામ્યા છીએ કાં માર્ગ પામવાની તૈયારીમાં છીએ.
- સંસારનું સુખ જેને ગમે તેનો સંસાર શાશ્વત !
- અનંતાનુબંધી કષાય સમકિતને રોકે. અપ્રત્યાખ્યાની કષાય દેશ વિરતિને રોકે પ્રત્યાખ્યાન કષાય સર્વ વિરતિ રોકે સંજ્વલનના કષાય વિતરાગતા રોકે.
- જેટલા શ્રાવક હોય તેને ધનનો લોભ હોય તો તેને ભૂંડો લાગતો હોય તો ધર્મ લોભે તેના કેયામાં સાચે હોય.
- સંસારનું સુખ એવું છે કે જે જ્ઞાની સાવચેત ન રહે તો તેને પણ ગમી જાય અને દુર્ગતિમાં લઈ જાય.
- સુખ મળે તે પુણ્ય છે પણ ગમે તે પાપ છે.
- જગતમાં પુણ્યશાલીઓ માટે જ સુખની સામગ્રી છે તે સુખથી સામગ્રીની મજા જ સંસારને જીવતો રાખનારી છે.
- સંસારમાં જીવ, જે પોતે સારું માન્યુ હોય તે મેળવવા શું શું નથી છોડતો ?
- સંસારના સુખ માટે દુઃખ વેઠવા કર્મ સહાયક છે. કર્મ જ બોલાવે કે દુઃખ વિના સુખ નહિ, મહેનત મજુરી વિના પૈસા નહી.
- મોહનીય એક એવું પાપ કર્મ છે જે પાપ જ કરાવે તે મોહનીયનો એક ભેદ એવો છે જે પાપને પાપ માનવા દે જ નહિ. પાપ વિના તે ચલતુ હશે તેમ કહેવરાવે.
- આજે અવિધિનું સામ્રાજ્ય છે. મુર્ખાઓનું આધિપત્ય છે. વિધિ જાણવાની મહેનત નથી. વિધિ જાણ્યા પછી કરવાની ઈચ્છા નથી.
- ધર્મ કરવા સમજ જોઈએ. તેમાં કર્મ સહાય ન કરે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

8092

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

Received
25-10-91

કોપ કરવો તો કોના પર કરાય !

अपकृति कारिषु कोपः क्रियते,
चैत्कोप एवस क्रियताम् ।
यो हरति धर्मवित्तं,
दत्ते चानन्तदुःखभरम् ॥

(શ્રી ઉત્તરા. અધ્ય. ૧૩, શ્લોક ૩ ની ટીકામાંથી)

જો અપકાર કરનાર - બગાડનારની ઉપર કોપ કરાય છે. તો જે આત્માના ધર્મરૂપી ધનને હરે છે અને અનંત દુઃખના સમુદાયને આપે છે તેના ઉપર જ કોપ કરવો જોઈએ.

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૪ | અંક ૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪) સંવત ૨૦૫૭ આસો સુદ ૭ મંગળવાર તા. ૨૩-૧૦-૨૦૦૧ (અંક : ૯/૧૦

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

૨૬૦૦મી જન્મ કલ્યાણક રાષ્ટ્રીય ઉજવણી અશાસ્ત્રીય

ભગવાન મહાવીરની ૨૫ મી નિર્વાણ શતાબ્દિ મનાવવામાં આવી હતી. એમાંથી આપણને શું શીખવા મળ્યું ? હવે ૨૬વીશમો જન્મ શતાબ્દિની ઉજવણી કરવાનો વિચાર કર્યો. આ અઠ્ઠાવીસ વરસોમાં દેશ અને દુનિયાની વાત તો જવા દો પણ જૈનો ભગવાન મહાવીરની નજીક પહોંચ્યા ?

ખરેખર ૨૫ મી નિર્વાણ શતાબ્દિ કેન્દ્ર સરકારના સહયોગથી સપ્રશંસા - પ્રભાવનાના ઈચ્છુક નામધારી ધર્માચાર્યોએ, શ્રીમંતોએ, સત્તાધીશોએ જૈનસંઘની એકતાના લોભામણા ઓઠા હેઠળ મનાવી પ્રભુ મહાવીરનું અવમૂલ્યન કર્યું છે એમ દેખાય છે. પ્રભુ મહાવીરને વર્તમાનના થઈ ગયેલ રાષ્ટ્રપ્રમુખો સાથે સરખાવીને પ્રભુ મહાવીરનું અપમાન જ કર્યું છે.

રાષ્ટ્રપતિ પાસે એમના પટાવાળાને બેસાડી બન્નેને એક સરખા નમ કરવા વાળા કહેવામાં રાષ્ટ્રપતિનું અપમાન કે સન્માન ' એ સ્પષ્ટ છે એમ જ નિર્વાણ શતાબ્દિના સમયમાં ઈશુ ખ્રિસ્ત આદિ પુરૂષો સાથે મહાવીરનો બેસાડો આ સર્વેની અહિંસા સરખી છે એમ જગતને દેખાડયું છે.

'પગ ભાંગેલા તડફડતા ઘોડાને ગોળીથી મારી નાખવો' અને અહિંસા કહેવાય ? ફકત ઈબાદતના દિવસે માંસ ન ખાવું (બાકીના દિવસોમાં ખાવું) એ શું ભગવાન મહાવીરનો અહિંસાને તોલે આવે ખરૂં ?

ધર્મ પ્રચારની ધૂન આજે આપણા ગુરૂ ભગવંતોને, ગૃહસ્થોના માનમાં એટલી જોરથી ચાલે છે કે પરદેશમાં લોકોને ધર્મ પમાડવા દોડી રહ્યાં છે. પૂર્વે વિશ્વધર્મ પરીષદમાં પૂ. આત્મારામજી (શ્રી વિજયાનંદ સૂરિજી) ને ચિકાગોથી નામંત્રણ મલ્યું હતું. પરંતુ તે વખતે પોતે ન જતાં એ સમયના યુવા શ્રી વીરચંદ રાઘવજીભાઈને પ્રતિનિધિ તરીકે મોકલ્યાં હતાં. ત્યાં એમણે આપણા ધર્મના આચારોના વર્ણન દ્વારા જૈન ધર્મની પ્રભાવના કરી હતી. પણ આજે તો ધર્મ પ્રચારના ભૂતે, વળગાડે આપણા એકમાત્ર જગતના સર્વોત્તમ ધર્મને આઠમાં નંબરે પહોંચાડીને ગઢ જીતવાના ઢોલ પીટી રહ્યા છે.

તા. ૩૦/૧૧/૯૦ના જૈન પેપરમાં નિચેના સમાચાર વાંચ્યા.

અને એ રીતે ઈન્ટર નેશનલ નેટવર્કમાં બૌદ્ધ, ક્રીસ્તી, હિન્દુ, યહુદી, શીખ, ઈસ્લામ અને બહાઈધર્મ, પછી જૈનધર્મને આઠમો ગણવામાં આવ્યો. કેવળી પ્રરૂપિતધર્મને અસર્વજ્ઞ, પ્રરૂપિતધર્મ પછી મૂકવાનું કામ તો અજ્ઞજનોજ કરી શકે.

જૈન ધર્મને આઠમા સ્થાને મુકાવી તેની પ્રશંસા કરનારાઓએ પ્રભુ મહાવીર, અનંત કેવળજ્ઞાની અનંત તીર્થંકરો, અનંત આચાર્યાદિ મુનિ ભગવંતોની આશાતનાનું ભયંકર પાપ પોતાને શીરે લઈ લીધું છે. એમાં શંકાને સ્થાન જ નથી.

જગદ્‌ગુરૂની મહાન પદવી બાદશાહ અકબર દ્વારા શ્રી હીરસૂરીશ્વરજીને પ્રદાન કરવામાં આવી તેમાં પ્રચારનું મહત્ત્વ નહોતું તેમાં આચારની મહત્તા હતી. વર્તમાનમાં પદવીઓ પોતાના હાથે લઈ લેવાના કૌભાંડો ચાલ્યાં છે. જે જે ધર્મધૂરંધરોએ રાજનેતાઓને બોલાવી પદવીઓ લીધી છે. તેઓનાં સન્માન કરાવ્યા છે. થેલીઓ અર્પણ કરાવી છે. તો તેઓના ભકતોએ રાજનેતાઓના ઘરે જઈને કોઈ દિવસ જોયું છે કે એમનાં ઘરમાં જૈનોનાં ધર્મગુરૂનું કોઈ ચિત્ર આદરણીય રૂપે લગાવેલું હોય ! વિપરીત સ્થિતિ તો એવી છે કે રાજનેતાઓ સાથે પડાવેલા ફોટાઓ અપણા

ધર્મગુરૂઓએ પોતાના પુસ્તકોમાં છપાવ્યા છે. પોતાની માલિકીની ધર્મશાળાઓમાં, પોતાના ભક્તોના ઘરોમાં લગાડાવ્યા છે. અને પદવીપ્રદાનના નાટકનાં આલ્બમો વીડીયો કેસેટો ઉતરાવીને પોતાના સામાન ભેગી રાખી છે. એ રીતે પોતાના કરતાં રાજનેતાઓનું સ્થાન ઉંચું કર્યું છે. દુઃખદ સ્થિતિ આ છે કે આ રીતે પોતાના હાથે પોતાનું અવમૂલ્યન કરી નાંખ્યું છે.

એક રાજનેતાઓ તો એક પ્રસંગે કહ્યું હતું કે હું આવ્યો નથી. મને બોલવવામાં આવ્યો છે. તો મારું આસન ધર્મગુરૂના બરાબર હોવું જોઈએ.

રાજનેતાઓ ધર્મગુરૂઓને મળવા માટે આવ્યા હોય એવું તો કયારેક ભાગ્યેજ બન્યું હશે. આ વાત અમારા ધર્માચાર્યો પદવીધરો અને એમનાં અંધ ભક્તોને અતિ અપ્રિય લાગશે પણ સંઘની સામે સત્યદર્શન કરાવવું એ પણ એક કર્તવ્ય છે. એ કર્તવ્યને અદા કર્યું છે.

વર્તમાનમાં અમારા કેટલાંક ધર્મ ધુરંધરોએ પોતાના વિશ્વાસુ ભકતો દ્વારા રાજનેતાઓનો સંપર્ક કરી ૨૬૦૦ મી જન્મ શતાબ્દિ મનાવવાની વાત અમલમાં મુકાવી છે. મને એથી લાગતું કે કોઈ રાજનેતાને એ ખ્યાલ હોય કે શ્રી મહાવીર પરમાત્માના જન્મને ૨૬૦૦ વર્ષ થયા છે. આ તો મોટા થવાના, જગજાહેર થવાના યશ કીર્તિના લાલચું ધર્મગુરૂઓએ જ પોતાના ભક્તો દ્વારા શતાબ્દિની ઉજવણીની ગોઠવણ કરાવી છે. રાજનેતાઓને તો પોતાના વોટની ચિન્તા હોય છે. આ રીતે જૈનોના વોટ મળતા હોય તો કેમ જવા દેવાય ?

સો કરોડની યોજના અહિંસાના પ્રચાર માટે ફાળવનારા રાજનેતાઓને કોઈએ પુછયું કે આ સો કરોડની મુડીની વહેંચણી થઈ ગયેલ છે માત્ર જાહેરાત થઈ.

આજના આ રાજનેતાઓ (ઘણાખરાં) કેવા છે તે તો જગ જાહેર છે. અમારા સંતોથી અજાણ્યા નથી. જેઓ હરહંમેશ ભ્રષ્ટાચારની કટકીઓ નહીં મોટા ટુકડાઓ ભરખી રહ્યા છે. અરે ! તે એટલે સુધી કે વાવાઝોડું તો ઠીક ભયંકર ધરતીકંપથી પીડીતો માટેની જાહેર કરેલી યોજનાઓનાં નાણાં અને દેશ - પરદેશથી આવેલ નાણાં અને વસ્તુઓ આવા નેતાઓની કેબીનનાં, ઘરમાં ઘર કરી ગઈ છે. પશુઓનાં ઘાસચારાનાં પૈસા હડપ કરી જનાર આપણા રાજનેતાઓ હવે માણસ મટી પશુથી પણ બદતર હેવાન બની ગયા હોય એવું અમારા ધર્મનેતાઓને કેમ નથી લાગતું ? સંરક્ષણ જેવા દેશ રક્ષા માટેના હથિયારના સોદાઓમાં પણ તેઓ હાથ મારતા અચકાતા નથી. એવા રાજનેતાઓ આપણી જનતા પાસેથી ટેક્ષ રૂપે અબજો રૂપિયા વસુલ કરનાર શું આ નાણાંનો આ શતાબ્દિ મહોત્સવ માટે ખર્ચ કરશે કે એમની ખાણી - પીણ. (માંસ - મદીરાની) મહેફીલોમાં પુરા કરશે ? આનો જવાબ જનતા તો જાણેજ છે પણ આપણા ધર્મધુરંધરો, ધર્માચાર્યો વિચાર કરે છે ખરા ? સાધારણ ગરીબ જનતાના પૈસા રાજનેતાઓના ઘરમાં ભરવાની આ રીતે લીલી ઝંડી ફરકાવીને આપણા ધર્માચાર્યો વિશ્વાસ ઘાતકી રાજનેતાઓનું અનુમોદન કરીને પાપના ભાગીદાર નહિ બને શું ? અવશ્ય વિચારજો.

જન્મ શતાબ્દિના આયોજકોએ આ વરસને અહિંસા વરસ જાહેર તો કર્યું છે. તો શું આ વરસમાં દેવનાર, અલકબોર વિગેરે હિન્દુસ્તાનનાં સેંકડો કતલખાના બંધ રખાવશે ખરા ? અહિંસા વર્ષનો અર્થ આપણાં ધર્માચાર્યો અને રાજનેતાઓ એ શું કર્યો છે ? તેનું સ્પષ્ટીકરણ સંઘ સામે કરવું જરૂરી નથી શું ? કે પછી આ કાર્યના અનુમોદક ધર્મનેતાઓ પોતે તો ડુબશે અને સંઘને પણ ડુબાડશે ?

શતાબ્દિના પુરસ્કર્તાઓ દ્વારા જેટલી વાતો લખાઈ છે તેને જિનાજ્ઞાના ત્રાજવે સુક્ષ્મ દ્રષ્ટિથી તોળવાનો એક વખત ફરી પ્રયત્ન કરશો તો ધ્યાનમાં આવશે કે આ કાર્યોથી ધર્મનો પ્રચાર થશે કે ધર્મ પર અત્યાચાર થશે ?

પોસ્ટ ટીકટ અને તેના ઉપર મહાવીર પ્રભુનું નામ શું મહાવીરના નામ ઉપર સ્ટેમ્પ મરાવવો છે ? પૂજવાને બદલે એ ફોટાને ફડાવવો છે ? ગટરમાં નાખવી છે ? શું વિચાર્યું છે ? તે સમજાતું નથી. આની સાથે દૈનિક છાપાઓમાં પત્રિકાઓમાં પોતાની સાથે ભગવાનના ફોટા છપાવી આપણે કેટલી આશાતના કરીએ છીએ કરાવીએ છીએ આના પર પણ ચતુર્વિધ સંઘે વિચારવું જોઈએ. મને એજ નથી સમજાતું કે આચાર્યો, પંન્યાસો, પદવીધરો વ્યાખ્યાનોમાં જ્ઞાનની આશાતનાની વાતો જૈન અજૈન જનતાને સમજાવનારા જ જ્ઞાનની આશાતના સાથે ભગવાન ની આશાતના કેમ કરાવતા હશે ? કે પછી એ સમય પૂરતાં મૂર્તિપૂજકો સ્થાનકવાસી બની જતા હશે. સ્થાનકવાસી ચિત્રની આશાતના માનતા નથી.

ભગવાનના ચિત્રોને પોતાના ગુરૂઓના ચિત્રોને જાહેર દૈનિક પેપરોમાં છપાવી એ ચિત્રો ઉપર કોઈ બેસે. કોઈ ચંપલ બાંધે, કોઈ વિષ્ટા ઉપાડે કોઈ ગટરમાં નાંખે એવું રોજે રોજ બનતું જોવામાં આવતાં છતાં એના પ્રત્યે આંખ આડા કાન સ્વપ્રશંસાની ભૂખે જ કરાવ્યા છે.

'વનસ્પતિકાય' એટલે વનસ્પતિકાયનો કચ્ચરઘાણ શું આ પ્રભુ મહાવીરની અહિંસાને અનુકૂળ છે. પર્વ તિથિએ લીલોતરીની બાધાઓ પાલનારા અને શ્રાવકોને આપનારા મુનિભગવંત જરા વિચારે તો ખરા ?

'ધર્મપ્રચારકોની બુદ્ધિ ઘાસ ચરવા ગઈ છે' એમ લાગ્યું પ્રભુ મહાવીર પર ફીલ્મ બનવાની વાત સાંભળી ને. પ્રભુ મહાવીરનો પાર્ટ લેવા કયા ગચ્છાધિપતિ જશે. કયા આચાર્ય જશે કે પછી કોઈ મુનિભગવંત કે પંન્યાસજીને મોકલશે ? કાંઈ ખબર પડતી નથી. ફીલ્મ ઉતારાવા દ્વારા માંસ મદિરા પીનારાઓને પ્રભુ મહાવીરનો પાર્ટ આપવો છે એ યોગ્ય છે કે અયોગ્ય એનો નિર્ણય એના હિમાયતીઓએ કરવાનો છે રામલીલાના પડદા પાછળ રામનું પાત્ર ભજવનારો દારૂની પ્યાલી પીતો હોય એવું નાટક - ફારસ પ્રભુ મહાવીરની ફીલ્મ બનાવીને કરવું છે ? હોટલોમાં 'જૈનવેજ' નામ આપીને જૈનોને હોટલોમાં જવાની છૂટ આપવાનું પાપ કરવું છે ?

પાંચરો છસ્સો વરસથી ચાલતી વેટીકનની ચાલ બાજીને પ્રોત્સાહન જ મળી રહ્યું છે. મને તો તાલીબાનમાં જે બન્યું એમાં પણ વેટીકનની ચાલબાજી દેખાય છે. ધર્મઝનુની બનાવી એ ધર્મનો નાશ કરવો.

પંથધર્મની એકતા માટે આપણે ઘણું બોલીએ છીએ પોતપોતાના સ્થાનેથી પણ એકતાની વાતો પોકળ જ થઈ રહી છે. કારણ કે પંથધર્મની એકતા ન ભૂતો ન ભવિષ્યતિવાળી છે. અને ધર્મ તો એક જ છે. ''કેવળી પન્નત્તોધમ્મં'' ''કેવળી પ્રરૂપતિ ધર્મ'' આમાં વળી શાની એકતા કરવા છે. શું અકેવળી પ્રરૂપિત અને કેવળી પ્રરૂપિતધર્મની ખીચડી બનાવવી છે. જૈન ધર્મ તો એક જ છે અને એક જ રહેશે અને ધર્મના પંથો કદી એક બન્યા નથી અને બનવાના નથી.

જૈન શાસનના આજના ધર્માચાર્યો પંથ બનાવી ને તેનેજ ધર્મ માનીને અંદરોઅંદર લડી રહ્યા છે. અને પાછા એક થવા ઈચ્છે છે. પ્રયત્ન કરે છે. વાસ્તવમાં તો પંથનો અર્થ સમાચારી થાય અને સમાચારી ભિન્નતા કદી નામશેષ થઈ નથી. એ તો રહેવાની જ. એમાં એક સંપી જોઈએ વર્તમાનમાં જરૂરત છે. પોતપોતાની સમાચારી પ્રમાણે વર્તીને એકબીજાને નીચે પાડવાના પ્રયત્નમાંથી મુકત થવાની. **એ સંપીને અત્યંત આવશ્યકતા છે.**

આજના બીજા ધર્મોમાં પણ ટુકડા છે. વિચાર ભેદ છે, આચાર ભેદ છે. કોઈ ધર્મવાળા એકતાની વતો કરતાં નથી. આપણા જૈનો જ એકતાની વાતો કરે છે. અને મારો અનુભવ કહે છે કે આ એકતાની વાતો કેવળ સ્વપ્રશંસા માટે જ છે. કારણ કે આચાર શુદ્ધિ માટે કોઈ પ્રયત્ન થતો નથી અને સમાચારો માટે લડી ઝગડીને એક થવા ઈચ્છે છે. વર્ષો વીતી ગયા એકતાની વાતોમાં એકતા તો ન થઈ પણ ટુકડાઓ વધ્યાં, વૈમન્ય વધ્યું. અશાંતિ વધી.

ઓ શતાબ્દિના પ્રેરકો ! આપના મોઢામાંથી કોઈ દિવસ અમે છવ્વીસમી શતાબ્દિમાં જીવીએ છીએ એવું બોલાણું છે ? વ્યાખ્યાનના પાટ પરથી એકવીસમી શતાબ્દિની વાતો કરનારાઓને પ્રભુ મહાવીરની નિર્વાણ કે જન્મ શતાબ્દિની વાતો કરવાનો પણ કયો અધિકાર છે ?

પાઠયપુસ્તકોમાં મહાવીર પ્રભુ કેવા હશે ? દિગંબર માન્ય, સ્થાનકવાસી માન્ય કે શ્વેતાંબર મૂર્તિપૂજક માન્ય કોઈ દિવસે વિચાર્યું છે ખરું ? કે પછી રાજનેતાઓને જે યોગ્ય લાગે એવા મહાવીરનો પાઠ મુકી દેવાશે ? આપણામાં મહાવીર પ્રભુ જીવન વિષે એક વાકયતા તો છે નહીં પછી કઈ રીતે સહમત થઈશું ? એક રાજનેતાએ એક વખત કહેલું કે 'અમે કોના મહાવીર ને માનીએ ?'

આજથી સો - દોઢસો કે તેથી આગળના ઈતિહાસ ઉપર નજર જાય ત્યારે શતાબ્દિની ઉજવણીની વાત દેખાતી નથી. આપણે તો પાંચેય કલ્યાણક દર વર્ષે ઉજવવાના જ હોય છે. પછી આ શતાબ્દિની ચાલ પણ અંગ્રેજોની જ દેખાય છે. છતાં ભગવાનનો મહોત્સવ જિનાજ્ઞા અનુસાર થતો હોય તો વિરોધ કરવા જેવું છે જ નહીં.

આજના મહોત્સવો જિનશાસનની ઉન્નતિમાં કેટલાં સહાયક બન્યા છે એ પર પણ સૂક્ષ્મતાથી વિચારવાનો સમય પરિપકવ થઈ ગયો છે. આજના મહાવ્રત ધારિયોના સમૂહમાંથી કેટલાંય મહાવ્રત ધારિયોંના મહાવ્રતનું મહાપ્રયાણ થઈ ગયું છે છતાં શાસન પ્રભાવક બનીને ફરી રહ્યાં છે. અને સ્વપ્રશંસા સ્વકીર્તિ અને સ્વયશ વિસ્તારિત કરવા માટે શાસન ઉન્નતિની આડ લેવાઈ રહી છે.

શ્રમણોપાસક સંઘને પણ અનીતિનું ધન ખર્ચીને ધર્મી કહેવડાવવું છે. પ્રશંસા મેળવવી છે અને છોકરા છોકરીઓને સારા ઠેકાણે વળગાડવવાં છે. આવું ન હોત તો ભગવાનનો મહોત્સવ હોય અને ત્યાંજ રાતે ખાતાં હોય ભીખ માંગીને ખાતાં હોય. ભીખ માગીને ખાતાં હોય અભક્ષ્ય ખાતાં હોય આને ભગવાનનો મહોત્સવ કહેવાય ખરો ? ન્યાય નીતિ તરફ જવાની વાત કયાં છે ?



પ્રશ્ન - ઉત્તર



હપ્તો - ૩

- સમાધાનકર્તા : આચાર્યશ્રી

પ્રશ્ન - આપઘાત કરવો તે ઉપઘાત નામ કર્મ કહેવાય, તેવી વાત ૧લા કર્મગ્રંથમાં છે તો તે કઈ રીતે ? - આપઘાત કરવાનું મન થાય, તેવા બાહ્ય નિમિત્તો જીવને ભટકાય છે, તે અશાતાવેદનીયથી ભટકાય છે. તે નિમિત્તોની અસર જીવ ઝીલે છે, તે અરતિમોહનીય કર્મનો ઉદય છે. તે અસર અસહ્ય બને ત્યારે જીવ આપઘાત કરે છે, તો આમાં નામકર્મનો ઉદય ક્યાં આવ્યો ?

ઉત્તર - આઠેય કર્મોનો ઉદયજીવને ચાલુ છે. દરેક કાર્યમાં તે તે કર્મનો ઉદય ગૌણ - મુખ્યભાવે કામ કરે છે. આપઘાતમાં મુખ્યતઃ કષાય મોહનીય વગેરે મોહનીય પ્રકૃતિનો ઉદય સામાન્યથી ગણી શકાય અશાતા, નામકર્મ, આયુષ્ય વગેરે પણ કામ કરે ગૌણપણે એમ સમજાય છે.

પ્રશ્ન - આત્મામાં અનંતા ગુણો છે. તે કઈ રીતે સમજવા ? (જ્ઞાનાવરણીય વગેરે આઠેય કર્મો જે ગુણોને આવરે છે. તે આઠ જ ગુણોને આવરે છે કે અનન્ત ગુણોના ઝુમખાને આવરે છે ?

ઉત્તર - અનન્તગુણોની સમજણ માટે ''નવપદ પ્રકાશ સિદ્ધપદ'' (લેખક પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મ.) માં વિસ્તારથી સમજણ આપેલી છે મુખ્યગુણ ૮ છે તેથી ૮ કર્મ તે તે ગુણને આવરે. અનંતગુણોના ઝુમખાને નહીં, ૮ કર્મ કે ૧૫૮ પેટા કર્મ ભેદો સામાન્યથી મુખ્યતામી અપેક્ષાએ વિશેષથી અનંતગુણોને અત્વરનારા કર્મના અનંતભેદ થાય છે.

પ્રશ્ન - જીવ સમ્યગ્દર્શનથી ત્યારે જ પતન પામે કે જ્યારે પૂર્વના નિકાચિત કર્મનો ઉદય હોય, તો શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શનનું (૧) જો નિકાચિત કર્મનો ઉદય હશે તો કાળજી રાખવા છતાં પતન નિશ્ચિત છે.

(૨) જો નિકાચિત કર્મનો ઉદય નથી તો ડરવાનું કામ નથી કારણ કે પતન નથી.

(૩) વળી સમ્યગ્દર્શનની હાજરીમાં નવા અશુભ નિકાચિતકર્મો બંધાતા નથી તો સમ્યગ્દર્શનની સાચવણી શા માટે કરવાનું કહ્યું ?

ઉત્તર - નિકાચિત કે અનિકાચિતનો નિર્ણય કેવલી કરી શકે. આપણે નક્કી ન કરી શકીયે માટે જતન કરવું આવશ્યક છે. કાર્ય પત્યા પછી આર્ત્તધ્યાનાદિ ટાળવા માટે જે નિકાચિતનો વિચાર કરવો છે નહીં તો પુરૂષાર્થ ન જાગે, મોક્ષમાર્ગે આગળ ન વધાય.

પ્રશ્ન - દશમાં ગુણ ઠાણે સૂક્ષ્મ લોભનો ઉદય કહો છે, તો સૂક્ષ્મલોભનું સ્વરૂપ શું ?

ઉત્તર - બાહ્યભાવોથી જાણી ન શકાય તેવું.

પ્રશ્ન - સ્વેચ્છાએ સંસાર છોડીને ઉપસર્ગ - પરિષહોને વધાવનાર એવા સાધુને પુણ્યાનુબંધી પાપનો ઉદય બતાવો કે પુણ્યા - પુણ્યનો ? નવતત્ત્વ વિવેચનમાં પુણીયા શ્રાવકને પુણ્ય-પાપના દ્રષ્ટાંતમાં બતાવ્યો છે, તે બરાબર છે ? તેણે તે સંપત્તિ હતી તે ધર્મમાર્ગે ખર્ચી નાખી નવી મલે તેમ છે. છતાં મેળવવી નથી

ઉત્તર - પુણ્યાનુબંધી પાપની ઉદીરણા સમજવી ઉદય - ઉદીરણા કથચિત્ત અભેદ માનીયે તો ઉદયવણ કહી શકાય.

પ્રશ્ન - क्या क्षायिक समकित वाला, उपशमश्रेणी ले शकता है ?

उत्तर - उपशमश्रेणी का प्रारंभ क्षायिक समकिती अथवा औपशमिक समकिती ही कर सकता है - क्षायोपशमिक समकिती श्रेणि के पूर्व में औपशमिक समकित प्राप्त करके श्रेणिका प्रारंभ करता है

ક્રમશઃ

પ્રવચન - પચ્ચાસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ -૨, બુધવાર, તા. ૧૧-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ...

પ્ર - મિથ્યાત્વ મોહનીયનો.

ઉ - તમે માનો છો ?

તમારાં સંતાનોને શું બનાવવાનું મન છે ? તમને પણ શું થવાનું મન છે ? સુખીને જોઈને સુખી થવાનું મન થાય છે તમ ભગવાનને જોઈને ભગવાન થવાનું, સાધુને જોઈને સાધુ થવાનું અને સારો ધર્મ કરનારને જોઈને ધર્મ કરવાનું મન થાય છે ? આવું મન ન થાય તો લાગે કે- 'મારામાં સમકિત પણ નથી ! અને આ જન્મમાં કમમાં કમ સમકિત પણ નહિ પામું તો સંસારમાં રખડી જઈશ' દુર્ગતિમાં જઈશ તો મારું શું થશે તેવી પણ ચિંતા થાય છે ? તમારા કુટુંબમાં કોઈ દુર્ગતિમાં ન જાય તેવી ચિંતા થાય છે? તમારાં સંતાનો શકિત મુજબ ધંધાદિ ન કરે તો દુઃખ થાય કે ધર્મ ન કરે તો દુઃખ થાય ? તમે આજે જે રીતે જીવો છો તે બરાબર છે ? તમારું જીવન શ્રાવક તરીકેનું છે ?

આ જન્મમાં સાધુ જ થવા જેવું છે. સાધુ ન થવાય તો શ્રાવક થવા જેવું છે. શ્રાવક પણ ન બનાય તો સમકિત તો પામવા જ જેવું છે અને કદાચ સમકિત પણ ભારે લાગે તો માર્ગાનુસારી તો બનવા જેવું છે. આજે તમે માર્ગાનુસારી પણ નથી તેનું તમને દુઃખ છે ખરું ? આજે તમારી પાસે ન્યાય સંપન્નવિભવ નથી, અન્યાય સંપન્ન જ વિભવ છે તો તેનું પણ દુઃખ છે ? અન્યાયથી શ્રીમંત થયેલા તમે મઝેથી ફરો છો કે નીચું મોં રાખીને ફરો છો ? જે પૈસો કહી શકાય તેવો નહિ હોવા છતાં ય તે પૈસો ઘર-પેઢીમાં હોય તો ય લાલચોળ થઈને ફરો તે નફટાઈ છે કે માણસાઈ છે ? અનીતિના ધનથી રાજી થાય તેનામાં ધર્મ આવે ખરો ? આજના મોટા વેપારીઓ, શેઠીયાઓ, શાહુકારો અને સત્તાધીશોનો જો પુણ્યોદય ન હોય તો તે બધા ઘરમાં રહેવા લાયક છે કે જેલમાં રહેવા લાયક છે ? જેલમાં જવા લાયક પણ પોતાને સારા માને તો તેનામાં માણસાઈનો કયો ગુણ હોય ? તેને માણસ કહેવાય કે ન કહેવાય ?

સભા - માણસાઈનું દેવાળું કહેવાય !

ઉ. - આ તમે ખરેખર માનો છો ? માનો છો તો તેવા થવાનું મન નહિ ને ?

મારે માત્ર સાંભળનારા જોઈતા નથી. સાંભળ્યા પછી ન સમજાય તો સમજવા પ્રયત્ન કરે, સમજ્યા પછી આચરવા મહેનત કરે તેવા જોઈએ છે. અહીં સાંભળેલી વાત ઘરે જઈને કહો ખરા ? બજારમાં કાંઈ સારી ચીજ આવી તો ઘરે લઈ જાવને ? શકિત ન હોય અને ન લઈ જવાય તો દુઃખ થાય ને ?

સભા - કાંઈ પામી જશે ને ?

ઉ. - કોઈ પામી જશે તેવી ઈચ્છાવાળો કદી પામે નહિ.

તમને સાધુ થવાનું મન છે ? તે બન્ને પુત્રોને મુનિપણાનો ભાવ આવી ગયો તેથી પિતા પાસે સંયમની અનુમતિ માગે છે. ધર્મ કરનારા પણ ધર્મથી સંસારનું સુખ જ ઈચ્છતા હોય. મોક્ષની તો ઈચ્છા સરખી પણ ન થાય તો તે બધા ધર્મ કરવામાં અંતરાયભૂત છે. તેના માટે આજે દાખલા જોવા જઈએ તો તમે બધા છો. તમારા છોકરા કહે કે- આપણી પાસે ઘણા પૈસા છે તો ધંધાદિ નથી કરવા તો તમે હા પાડો ? ઉપરથી ઘણા તો કહે કે- તને ભણાવવામાં આટલા પૈસા ખરચ્યા તે પહેલા પૂરા કર પછી બીજી વાત. સાધુપણાનો સ્વાદ જે અનુભવીને આવ્યા હોય તે ગમે તેવા પ્રલોભનોમાં જરાય મૂંઝાય નહિ તે વાત હવે સમજાવવી છે.

ધર્મ સાધુપણાને જ શાસ્ત્રે કહ્યો છે. દેશવિરતિને તો ધર્માધર્મ કહ્યો છે. તેમાં ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો છે. ધર્મથી જ સુખ તેમ માનનારા તમને સાધુ થવાનું મન થાય છે ? આજે શ્રાવકોના મોટાભાગને સાધુ થવાનું મન જ નથી. જો ધર્મથી જ

સુખ તમે માનતા હો તો ધર્મથી મળેલો પૈસો ધર્મનાં કામમાં વાપરવાનું મન કેમ થતું નથી. 'દે તો મળે' તેમ બોલનારા તમને ધર્મમાં પૈસા ખરચવામાં શું પાપ લાગે છે ? સુખ માત્ર ધર્મથી મળે પણ ધર્મથી કયું સુખ મેળવાય ? ધર્મથી મેળવવા લાયક સુખ હોય તો એક માત્ર મોક્ષનું જ સુખ છે.

ઘણા આજે એમ પણ કહે છે કે- સુખ જોઈએ તો અધર્મ ય કરાય તો હું અધર્મ કરવાનું કહું છું ? આવી સીધી સાદી વાત પણ ન સમજે અથવા તો સમજવા છતાં ય ઊંધું જ પકડે તે કેવા કહેવાય ? ઉપદેશ સાંભળવા પણ લાયક કહેવાય ખરા ? ધર્મથી જ સુખ મળે તેમ કહીએ છતાં ય મેળવવા જેવું સુખ કયું કહીએ છીએ - મોક્ષનું જ. અને મોક્ષના સુખ માટે જે જીવ ધર્મ કરે તેને મોક્ષ ન મળે ત્યાં સુધી દુનિયાનું સુખ મળ્યા વિના ન રહે છતાં પણ તે જીવને દુનિયાનું મળેલું તે સુખ લેવા જેવું ન લાગે પણ છોડવા જેવું જ લાગે અને કર્મયોગે તે સુખ ન છૂટી શકે અને લેવું પડે તેનું તેને દુઃખ હોય - શાસ્ત્રની આ વાત મંજુર છે ? આટલી સ્પષ્ટતા પછી પણ હવે એમ નહિ પૂછો ને કે- અમારે સુખ જોઈએ છે તો ધર્મ કરીએ કે અધર્મ કરીએ ?

પ્ર. - જેના હાથમાં ઓઘો છે તે પણ એમ કહે છે કે- સુખ જોઈએ છે તો તેના માટે પણ ધર્મ ય કરાય ?

ઉ. - આવું બોલતા હોય તો તેનો દા'ડો ઊઠયો છે ! તે કાં તો અભણ હોવા જોઈએ. સમજવા છતાં ય બોલતા હોય તો સ્વાર્થી છે તેવાને તો સંભળાય પણ નહિ.

સાપથી ડરનારા કુગુરુથી નથી ડરતા તે ખેદની વાત છે સાપ કરડે તો એકવાર મારે પણ કુગુરુ તો અનંતકાળ મારે માટે કુગુરુથી બચવાનું છે. ભગવાનના સાધુ કોઈ દા'ડો દુનિયાનું સુખ મેળવવાનું કહે ? તે મેળવવા ધર્મ પણ કરો તેમ કહે ? મોક્ષ સુખ મેળવવા ધર્મ કરે તે દુઃખી તરીકે જન્મે ? દુઃખી તરીકે જન્મે તે પાપ કરીને આવ્યા છે. ધર્મ કરીને આવ્યા હોય તે દુઃખી હોય નહિ.

પ્ર. - સંસારમાં ફસાયેલા હોઈએ તો કયાંથી ખ્યાલ આવે કે આ કુગુરુ છે અને આ સુગુરુ છે ?

ઉ. - આ સમજાય તેવું નથી ? તમે કહો કે- અમારે સમજવું નથી માટે જ નથી સમજાતા ! જે સંસારની પુષ્ટિ થાય તેવી વાત કરે તે કુગુરુ અને મોક્ષની વાત કરે તે સુગુરુ - આ વાત સમજાય તેવી નથી ?

ભગવાને ધર્મ કહ્યો તે મોક્ષ માટે જ કરવાનો કહ્યો છે. સંસારના સુખ માટે ધર્મ કરવાની વાત જ કહી નથી.

આજનું શિક્ષણ પણ બદલાઈ ગયું છે. 'સા વિદ્યા યા વિમુક્તયે' ના મોટાં મોટાં બોર્ડ લગાવે પણ શિક્ષણમાં મુક્તિની વાતજ ન આવે. આત્મા, પુણ્ય - પાપની વાત પણ ન આવે. આજનો વધારે ભણેલો વધારે કરામખોરી કરનારો. આજના ભણેલાનો કોઈ વિશ્વાસ કરે નહિ. આજે ભણેલા જેટલું પાપ કરતા હશે તેટલું અભણ નહિ કરતા હોય ! આજના વકીલો જેની ફી ખાય તેનું ય ખરાબ કરે. આજના જજો પાસે પણ સાચ. ન્યાયની આશા ન રખાય. દુનિયાનું ભણેલો પણ જે તે ધર્મ શિક્ષણ ન પામે તો તે મૂરખો જ કહેવાય. આગળ માસ્તરો કલાસ ચલાવતા હતા આજે વિદ્યાર્થી કલાસ ચલાવે છે. આવા ભણતરમાં ભણેલા પથરા જ પાકે ને ? ડોક્ટર લોભી હોય તો કોઈ દર્દી સાજો થાય નહિ. સુખી દર્દી હાથમાં આવે તો ડોકટર માને કે- સોનાની ચકલી કાયમ ખાતેની મલી ગઈ. દવા પણ એવી આપે કે મરતા સુધી ખાવી પડે. રોગનું સાચું નિદાન કરતું જ નથી.

પ્ર.- આવું થવાનું કારણ શું ?

ઉ.- ભગવાનને માનવા છતાં ય ભગવાનની વાત માનવી નથી, સાધુને માનવા છતાં ય સાધુની વાત માનવી નથી.

શાસ્ત્રે કહ્યું છે કે- આ સંસાર એજ મોટામાં મોટો રોગ છે. મોક્ષ એજ સાચું આત્માનું આરોગ્ય છે ધર્મ તેનું ઔષધ છે. સંસારની બધી જ પ્રવૃત્તિ કુપથ્ય છે, ધર્મની પ્રવૃત્તિ સુપથ્ય છે. વિષયની પરવશતા અને કષાયની આધીનતા તે જ ખરેખર સંસાર છે. તે બેના ગુલામ બનેલા જીવો શું શું કરે છે તેનું વર્ણન થાય તેમ નથી.

આ બે પુત્રોને સાધુ થવાનો ભાવ આવી ગયો તમને શો ભાવ છે ? તમે શ્રાવક કેમ છો ? સાધુ ધર્મ થઈ શકતો નથી તે કરવાની શક્તિ આવે તે માટે શ્રાવક

બન્યા છો ને ? આ સંસાર રહેવા જેવો નથી, છોડવા જેવો જ છે ને વાત હૈયામાં બરાબર લખાયેલી છે ? તમારે પણ સંસાર છોડવો છે અને તમારાં સંતાનોને પણ સાધુ જ બનવવાં છે ને ? સંતાનો સાધુ ન થયા માટે લગ્ન તો ન છૂટકે કરવાં પડે છે ને ? લગ્નની ઉપાધિની ખબર છે ને ? તમે બધા લગ્ન પહેલા સુખી હતા કે લગ્ન પછી સુખી છો ? મોટાભાગને સંસારના સુખ માટે લાતો ખાવી પડે તો તે ય મીઠી લાગે છે. પણ ધર્મની બાબતમાં સાચી વાત સાંભળવી પણ ગમતી નથી !

આજના મોટાભાગના ધર્મી વર્ગને મોક્ષ જોઈતો નથી પણ સંસારનું સુખ જ જોઈએ છે. શાસ્ત્રે કહ્યું છે કે- આ અસાર સંસારમાં મનુષ્ય જન્મ દુર્લભ છે. અને મનુષ્ય જન્મમાં પણ રોજ સદ્‌ગુરુ મુખે શ્રી જિનવાણીનું શ્રવણ કરવું તે દુર્લભ છે. રોજ સદ્‌ગુરુ મુખે શ્રી જિનવાણીનું શ્રવણ કરનારા કેટલા ટકા મળે ? આજે તો 'સંસારમાં આવ્યા થવું, તેવા થવું - આગળ વધો' તેવું જે કહે તે જ વાતા ગમે ને ? સંસારના સુખના જ ભુખ્યા અને દુઃખના કાયર જીવોને આવી જ વાતો કરનારા ગમે. તે બધા તો દુનિયાના સુખને માટે ધર્મ કરે, મોક્ષની સાથે કાંઈ લેવાદેવા નહિ. તે બધા તો ભગવાન પાસે પણ તે જ માગે કે- 'વેપાર-ધંધાદિ સારા ચાલે, પૈસા કમાવું, મોજ-મઝાદિ કરું' પણ કદી એમ ન કહે કે- 'મારી પાસે આટલ પૈસા છતાં ય દુઃખીને દાન દેવાનું, સાધર્મિકની સેવા કરવાનું મન કેમ થતું નથી ?' તમે કદી ભગવાન પાસે આવું મન માગ્યું છે ?

આજે તો દરિદ્રી પણ દુઃખી છે અને શ્રીમંત પણ દુઃખી છે. દરિદ્રી જો સંતોષી હોય તો સુખી છે અને શ્રીમંત લોભી હોય તો દુઃખી છે. તમે ગોભદ્ર શેઠની કથા સાંભળી છે ને ? તે દરિદ્રી હોવા છતાં ય હૈયાનો શ્રીમંત હતો. તે શ્રીમંતોની દયા ખાતો હતો કે- આ બિચારા પાસે આટલ પૈસા છતાં ય ખાવા - પીવાદિની ફુરસદ નથી, ધર્મ કરવાની ફૂરસદ નથી. મારે લીલાલહેર છે. કોઈ બોલાવે નહિ. સુખી કોણ ? શ્રીમંત કે સંતોષી ? દુઃખી કોણ ? દરિદ્રી કે અસંતોષી ?

પ્ર. - દરિદ્રી અને શ્રીમંત બન્નેય સંતોષી હોય તો સુખી કોણ ?

ઉ. - શ્રીમંત પણ જો સંતોષી બની ગયો અને તે જો પૈસાનો સદુપયોગ કરવા ઈચ્છે, તે પણ ભોગમાં નહિ પણ દાનમાં તો તેના જેવો બીજો સુખી કોણ છે ! તેવા જ શ્રીમંતો ધર્મની મહાપ્રભાવના કરે. તેવા શ્રીમંતો જ્યાં હોય ત્યાં મંદિરાદિ ધર્મસ્થાનો જીર્ણ ન હોય. એક શ્રાવક દુઃખી ન હોય. શ્રીમંતો જો સંતોષી અને દાનપ્રિય હોય તો તો ધર્મમાં લંક લાગી જાત. પણ આજના શ્રીમંતો મહા અસંતોષી અને ભીખારી જેવા બની ગયા છે માટે સાધર્મિકો સીદાય છે અને જનાવરો ભૂખે મરે છે.

વિરાગભાવને પામેલા તે બે પુત્રો હવે પોતાના પિતા ભૃગુ પુરોહિતને કહે છે કે- ''આ મનુષ્યભવ શાશ્વત નથી. આ શરીર રોગોથી ભરેલું છે, ઘણા અંતરાયોને કરનારું છે. મૃત્યુ ક્યારે આવે તે નક્કી નથી માટે આ ઘરમાં વાસ કરવાનું અમને જરાપણ મન નથી. તેથી મૌન અર્થાત્ સાધુપણાનું જ આચરણ કરવા ઈચ્છીએ છીએ. માટે આપની અનુમતિ લેવા આવ્યા છીએ.'' આ સાંભળતાં જ મા-બાપ સમજી ગયાં કે પુત્રોને સાધુઓનો યોગ થયો લાગે છે માટે સારા મુનિભાવને પામી ગયા છે. કેમ કે, તે બે પણ પૂર્વે ધર્મને તો પામેલા જ છે પણ અમે પુત્ર મોહના પ્રતાપે જ ધર્મ ગુમાવી દીધો છે.

સુસાધુઓનો ઉપદેશ તો તમે પણ સાંભળો છો. તો તમને શું થવાનું મન થાય છે ? તમે પૂર્વે શું કરીને આવ્યા છો ? ધર્મ કે અધર્મ ? આ ભવ દુર્ગતિમાં જવા માટે મળ્યો છે કે સદ્‌ગતિમાં જવા માટે મળ્યો છે ? તમારી પ્રવૃત્તિ જોતાં લાગે છે કે- ભૂતકાળમાં તમે ધર્મ એવો નથી કર્યો કે જેથી, સારા ધર્મીને જોઈને પણ ધર્મ ગમે. ભગવાનને જોઈને ભગવાન થવાનું મન થતું નથી, સાધુને જોઈને સાધુ થવાનું મન થતું નથી. દાતારને જોઈને દાતાર થવાનું ય મન ન થાય તેવી તમારી હાલત છે.

પ્ર. - ધર્મ અને ધર્મક્રિયામાં ફેર શો ?

ઉ. - પરિણામ અને પ્રવૃત્તિ સમજો છો ? પરિણામના આધારે પ્રવૃત્તિ થાય. ધર્મક્રિયા એ પ્રવૃત્તિ રૂપ છે અને ધર્મ તે પરિણામરૂપ છે. જેમ કે, લક્ષ્મીનું ફળ શું ? દાન કે ભોગ ? લક્ષ્મીનું ફળ તો દાન જ છે

તેને જે ન સમજે તે ધર્મક્રિયા કરવા છતાં ય સાચો ધર્મી નહિ જ. ખરેખર ધર્મ પામવા ઘણી મહેનત કરવી પડે. તે માટેનું સાધન ધર્મક્રિયા છે તેની પણ ના નથી. જે જીવ ખરેખર ધર્મ પામી ગયો હોય તેને જેમ ધર્મક્રિયા વગર ચેન ન પડે તેમ જેને ધર્મ પામવો હોય તેને પણ ધર્મક્રિયા કર્યા વગર ચેન ન પડે. તેવો જીવ જેટલી ધર્મક્રિયા કરે તે વિધિ બહુમાનપૂર્વક જ કરે.

પ્ર.- આપ સત્ય સમજાવવા લોહીનું પાણી કરો છો છતાં ય અમારા પેટનું પાણી ય હાલતું નથી તેનું કારણ શું ?

ઉ. - મિથ્યાત્ત્વ ગાઢ છે તે. જેનું મિથ્યાત્ત્વ ગાઢ હોય તેને ખુદ ભગવાનની દેશના સાંભળવા મળે તો પણ દેશનાની સાચી વાત ગમે નહિ. પોતાનો ખરાબમાં ખરાબ સંસાર પણ ગમે. ઘર ગમે છે અને (પાશ્રય નથી ગમતો શાથી ? ભારે અજ્ઞાન જીવતું છે માટે તે અજ્ઞાન કોનામાં હોય ? જેનામાં સમકિત ન હોય તેનામાં તે સમકિત કોનામાં ન હોય ? દુનિયાનું સુખ અને તેનું સાધન જે સંપત્તિ છે તે ખરાબમાં ખરાબ છે તેમ જે ન માને તેનામાં સમકિત ન હોય.

તે બે પુરોહિતપુત્રોને દુનિયાનું સુખ અને તેનું સાધન સંપત્તિ ભૂંડામાં ભૂંડી લાગી ગઈ, છોડવા જેવી જ લાગી ગઈ. તેથી પિતાની પાસે સંયમની અનુમતિ લેવાને આવ્યા છે. પિતા વેદના પાઠી છે તેથી વેદની ઉક્તિઓ દ્વારા પુત્રોને સમજાવવા પ્રયત્ન કરે છે અને પુત્રો પણ જાતિ સ્મરણજ્ઞાનને પામેલા છે તેથી તેનો શો જવાબ આપે છે તે બધી વાતો હવે પછી...

જ્ઞાનગુણગંગા

-પ્રજ્ઞાંગ

હપ્તો -૨

જીવ - પુદ્ગલ આદિનું અલ્પબહુત્ત્વ :

જીવા પોગ્ગલ સમયાદવ્વ પએસા ય પજ્જવા ચેવ ।
થોવાણંતાણંતા વિસેસહિઆ દુવેડણંતા ॥

॥ પ્રવચન સારોદ્ધાર ગા. ૧૪૩૬ ॥

જીવો, પુદ્ગલો, સમય, દ્રવ્ય, પ્રદેશ અને પર્યાયએ સહુથી થોડા પછી અનંતા, અનંતા, વિશેષાધિક, અનંતા - અનંતા અનુક્રમે જાણવા.

જીવો સહુથી થોડા છે. જીવોથી પુદ્ગલો અનંતગુણા છે. અહીં પરમાણુ દ્વિપ્રદેશી - ત્રિપ્રદેશી વગેરે અલગ - અલગ દ્રવ્યો છે.

તે દ્રવ્યો સામાન્યથી પ્રયોગપરિણત, મિશ્રપરિણત અને વિશ્રસા પરિણત એમ ત્રણ પ્રકારે છે. તેમાં પ્રયોગ પરિણત દ્રવ્યો પણ જીવોથી અનંતગુણા છે. કારણ કે એક એક જીવ અનંતા જ્ઞાનવરણ આદિ કર્મપુદ્ગલના સ્કંધો વડે વીંટળાયેલા છે.

પ્રયોગ પરિણતથી મિશ્રપરિણત પુદ્ગલો પણ અનંતગુણા છે.

મિશ્ર પરિણત પુદ્ગલોથી પણ વિશ્રસા - સ્વાભાવિક પરિણત પુદ્ગલો પણ અનંતગુણા છે.

માટે જીવોથી પુદ્ગલો અનંતગુણા કહ્યા તે બરાબર છે.

તે પુદ્ગલોથી કાળના સમયો અનંતગુણા છે. કારણ કે એક જ પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવવિશેષ સંબંધના કારણે અનંતા સમયો થઈ ગયેલા હોય છે.

જેમ એક પરમાણુના અનંતા સમયો છે તેમ બધા યે પરમાણુના, બધાયે દ્વિપ્રદેશી આદિ દરેક સ્કંધોના જ અન્ય - અન્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંબંધથી અનંતા સમયો પસાર થયેલા છે. તેથી નિશ્ચિત થાય છે કે પુદ્ગલોથી સમયો અનંતગુણા છે.

અત્ર જે અદ્ધા એટલે કાળના સમયો કહ્યા છે, તે પુદ્ગલોથી અનંતગુણા છે. અને તે દરેક સમય દ્રવ્ય જ છે. તેથી દ્રવ્યની વિચારણામાં તે સમયો પણ લેવાય છે. તથા સર્વ દ્રવ્યોમાં બધા યે જીવ દ્રવ્યો, બધા યે પુદ્ગલ દ્રવ્યો અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયરૂપ દ્રવ્યોનો પણ સમાવેશ કરાય છે. તે બધાયે ભેગા થઈને પણ અદ્ધા સમયના અનંતભાગ જેટલા જ થાય છે. તે ઉમેરવા છતાં પણ કંઈક થોડી જ અધિકતા થાય છે. આથી અદ્ધા સમયોથી તે સર્વદ્રવ્યો વિશેષાધિક છે.

તે સર્વદ્રવ્યોથી સર્વપ્રદેશો અનંતગુણા છે. કારણકે એક અલોકાકાશ દ્રવ્યોના જ સર્વપ્રદેશો, સર્વદ્રવ્યોથી અનંતગુણા છે.

તે સર્વપ્રદેશથી સર્વપર્યાયો અનંતગુણા છે. કારણકે એક - એક આકાશ પ્રદેશમાં અનંતા અગુરુ લઘુ પર્યાયો રહેલા છે.

ક્રમશઃ

સમકિતના સડસઠ બોલની વિચારણા

- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

હપ્તો - ૩

આઠ પ્રભાવક :-

આ પ્રાવચનિક વગેરે આઠે જગતમાં ભગવાનના શાસનને પ્રવચનને પ્રભાવિક કરે છે માટે પ્રભાવક કહેવાય છે. વાસ્તવમાં તો શાસન - પ્રવચન પોતે જ સ્વયં પ્રકાશક જ છે તો પણ તે તે દેશ - કાળાદિમાં ઉચિત પ્રવૃત્તિ દ્વારા શાસનને પ્રકાશિત - પ્રભાવિત કરે છે માટે તે પ્રભાવક કહેવાય છે. 'હું છું માટે શાસન છે તેમ નહિ પણ શાસન છે માટે હું છું હું ન હતો, ન હોઈશ તો પણ શાસન તો જગતમાં વિદ્યમાન હતું, છે અને રહેવાનું જ છે'- આ ભાવનાવાળો જ સાચો પ્રભાવક બને

૧. પ્રાવચનિક :- પ્રવચન એટલે દ્વાદશાંગી. તે જેમની પાસે અતિશય પૂર્વક હોય તે પ્રાવચની. તે તે કાળમાં જે તે શ્રુત વિદ્યમાન હોય તેના અર્થનો જે પારગામી હોય અને પોતાની શક્તિ દ્વારા અનેકને શાસનાભિમુખ બનાવે, સૌના હૈયામાં શાસન અસ્થિમજ્જા સ્થિર કરે તે પ્રાવચનિક કહેવાય.

૨. ધર્મકથી :- જેમની ધર્મકથા એટલે વ્યાખ્યાન શક્તિ સ્પષ્ટ, સરળ, સુબોધ, હૃદયંગમ હોય. શ્રોતાઓના સંદેહને દૂર કરનારી હોય. અપૂર્વ વકતૃત્વથી શ્રોતાઓને ધર્માભિમુખ બનાવે. મેઘ જેવી ગંભીરવાણી વડે આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગની અને નિર્વેદની રૂપ ધર્મકથાથી શ્રોતાઓના હૃદયને શાસનના રંગથી રંગાવ દે, તે ધર્મકથી કહેવાય.

૩. વાદી :- વાદી, પ્રતિવાદી, સભ્ય અને સભાપતિ આ વી ચાર પ્રકારની સભામાં પ્રતિપક્ષ એટલે વિરોધી પક્ષના ખંડનપૂર્વક સ્વપક્ષનું સ્થાપન કરે તે વાદી.

નિરૂપણવાદ લબ્ધિથી વાચાળવાદીઓના સમૂહ વડે પણ જેની વાણી પરાસ્ત - નિસ્તેજ ન થાય તે વાદી.

જગતમાં જૈનશાસનની જયપતાકા લહેરતી રાખે અને અનેકને શાસનના અનુરાગી બનાવે. જૈનદર્શન એવું અનુપમ અને અદ્‌ભુત છે કે કોઈથી પણ પરાજય પામે તેવું નથી, જેની યુક્તિ - પ્રયુક્તિઓ અકાટ્ય છે, કોઈથી પણ ખંડન થઈ શકે તેવી નથી - આવા ભાવ ભવ્યોના હૃદયમાં પેદા કરાવે તેનું નામ વાદી. માટે આર્હત્ - શ્રી અરિહંત પરમાત્માના ઉપાસકની [illegible] છે કે, તે કોઈથી પણ પરાસ્ત ન થાય.

૪ નૈમિત્તિક :- અષ્ટાંગ નિમિત્ત [illegible] ત્રણે કાળના લાભ અલાભને જણાવનાર શાસ્ત્રો [illegible] સાંગોપાંગ યથાર્થ જાણે - ભણે અને પચાવે તે નૈમિત્તિક. શાસનના જ કામ માટે તેનો ઉપયોગ કરે પણ સંસારના વ્યવહારના કામ માટે કે જાતની પ્રભાવના નામના માટે તેનો કદાપિ પણ ઉપયોગ ન કરે. કેમ કે, આ જ્ઞાન તે કાચા પારા જેવું છે તે પૂચે તો જ ફળે નહિ તો ફૂટી જઈ નીકળે અને સ્વ - પરને માટે વિનાશક જ બને.

૫. તપસ્વી :- વિપ્રકૃષ્ટ એટલે અઠ્ઠમ કે તેથી ઉપર કઠોર - દુષ્કર તપ કરનાર જે હોય તે તપસ્વી કહેવાય 'ત'ત્ત્વજ્ઞાનની જે 'પ'રિણતિ તે તપ છે, તે જેના હૈયામાં પરિણામ પામે તે સૌના હૈયામાં સદ્‌ધર્મને રોપે, પરમતારક શ્રી જિનાજ્ઞાને ગમે તેવા માન પાનાદિ પ્રસંગોમાં ગોપે - લોપે નહિ, આશ્રવથી બચે અને તપના અજીર્ણ રૂપ કોપની છાયામાં પણ ન જાય.

૬. વિદ્યાવાન :- પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાદેવીઓ શાસનરક્ષક દેવ - દેવીઓ જેમને સહાયક અને સાત્ત્વિકતાથી જેઓ મંત્રથી બલવાન છે તે શ્રી વજ્રસ્વામિ મહારાજા જેવા તે વિદ્યાવાન કહેવાય. અને તેનો ઉપયોગ શાસનની રક્ષા - પ્રભાવનાદિમાં કરે.

૭. સિદ્ધ :- અંજન, પાદલેપ, તિલક, ગુટિકા, સકલજીવોનું આકર્ષણ આદિ સિદ્ધિઓ જેમને સિદ્ધ છે [illegible]

સિદ્ધ કહેવાય જરૂર પડે ત્યારે શાસનની પ્રભાવનાદિ માટે પોતાની શક્તિઓનો સદુપયોગ કરી અનેક જીવોને શાસનની સમુખ બનાવે.

૮. કવિ :- સુધારસ સમાન, મધુરતાદિ ગુણોથી યુક્ત, ચતુરાઈ ભરેલી, ગહન - ગંભીર અર્થોને સહજ સુબોધ રોચક બનાવી સજ્જનોના હૃદયને આનંદ આપનારી અને ધર્મની સન્મુખ બનાવનારી નવી નવી સુંદર ગદ્ય - પદ્યની રચના કરે તેનું નામ કવિ. જેમ શ્રી સિદ્ધસેન મહારાજા, પૂ. શ્રી હેમચન્દ્ર સૂ. મ., આદિની રચનાઓથી આજે પણ મુર્ધન્ય વિદ્વાનોના મસ્તક ડોલી ઉઠે છે.

આ રીતે આવા વિશિષ્ટ શક્તિ સંપન્ન પ્રભાવકના વિરહમાં તે તે કાળમાં શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞાનુસારે વિધિપૂર્વક શ્રી જિનયાત્રાદિક કાર્યો કરે કરાવે તે પણ પ્રભાવક કહેવાય.

અન્યે ગ્રન્થોમાં આઠ પ્રભાવક આ પ્રમાણે પણ જણાવ્યા છે.

૧. - અતિશેષ ઋધ્ધિ - અતિશય (લબ્ધિ) વાળા- અતિશેષ એટલે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, આમર્ષૌષધિ આદિ અતિશય - લબ્ધિરૂપી ઋદ્ધિઓ જેમની પાસે હોય તે અતિશેષઋદ્ધિવાળા કહેવાય.

૨. - ધર્મકથક - વ્યાખ્યાનકાર

૩. - વાદી

૪. - આચાર્ય

૫. - ક્ષપક - તપસ્વી

૬. - નૈમિત્તિક

૭. - વિદ્યાવંત

૮. - રાજગણ સંમત એટલે રાજમાન્ય, રાજપ્રિય અને ગણ સંમત એટલે મહાજન આદિને બહુમાન્ય જેમનું વચન સર્વગ્રાહી બને તે.

ક્રમશઃ

❄ ❄ ❄ ❄ ❄

શ્રી હાલારી વીશા ઓસવાળ જૈન યુનિવર્સીટી

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર ફોન : (૦૨૮૮) ૭૭૦૯૬૩

શ્રી શંખેશ્વર તીર્થમાં જૈન યુનિવર્સીટી કલાસીઝ

ઠે. હાલારી ધર્મશાળા, પંચાસર રોડ, શંખેશ્વર. તા. સમી. વાયા : મહેસાણા ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧૮

વિ. સં. ૨૦૫૮, કારતક સુદ - 3, રવિવાર તા. ૧૮-૧૧-૨૦૦૧ થી કારતક સુદ ૧૨ મંગળવાર તા. ૨૭-૧૧-૨૦૦૧ સુધી (દિવસ - ૧૦)

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી જ્ઞાન અભ્યાસ માટે આ યોજના છે. તેઓશ્રી શંખેશ્વર ચાતુર્માસ છે.

આ જ્ઞાન અભ્યાસનો લાભ લેવા સર્વે બાળકોને (ઉંમર ૧૦ વર્ષ થી ૨૦ વર્ષ) પધારવા વિનંતી છે. ફોર્મ મંગાવી રૂા. ૨૫/- ફી ભરી પ્રવેશ પત્ર મેળવી લેવા વિનંતી છે.

જૈન યુનિવર્સીટી ૨૦૫૮ વર્ગના મુખ્યદાતા ● પૂ. સા. શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી મ. ના ઉપદેશ થી
શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારૂ મોટા માંટાવાળા - લંડન.

આપના બાળકોને ધાર્મિક શિક્ષણ માટે અવશ્ય મોકલો વહેલો તે પહેલો મર્યાદામાં બાળકો લેવાના છે.

■ દૈનિક કાર્યક્રમ ■

સવારે ૬-૦૦ કલાકે નિદ્રા ત્યાગ ● ૬ થી ૭ પ્રતિક્રમણ ● ૭ થી ૮ પૂજા સ્નાત્ર ● ૮ થી ૯ નવકારશી
૯ થી ૧૨ અભ્યાસ ● ૧૨ થી ૧ ભોજન ● ૧ થી ૨ આરામ ● ૨ થી ૫ અભ્યાસ ● ૫ થી ૬ ભોજન
● ૬ થી ૭ આરામ ● ૭ થી ૮ પ્રતિક્રમણ ● ૮ થી ૯ ભાવના ● ૯ વાગ્યે શયન

C/o. શ્રુતજ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫.
તા. ૧-૧૦-૨૦૦૧.

લિ. સંચાલક
પરેશ જયંતિલાલ ચંદરીયા

સુરત શહેરના સમગ્ર જિનાલયોની
ચૈત્ય પરિપાટી

સુરતમ ગોપીપુરા શ્રી રામચંદ્ર સૂરીશ્વર આરાધના ભવનથી પૂ. આ. શ્રી વિજય મહાબલ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય પુણ્યમાલ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સુરત શહેરની ચૈત્ય પરિપાટી ભવ્ય રીતે નીકળી હતી. તે મંદિરોની યાદી ઘણી ઉપયોગી હોવાથી અત્રે આપી છે.

પ્રથમ દિવસ

ભા. વદ ૬, રવિવાર તા. ૯-૯-૨૦૦૧

નવાપુરા - ત્રીકમનગર - ડુંભાલ

(૧) શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ - સુભાષ ચોક
(૨) શ્રી શાંતિનાથ જિનાલય - નવાપુરા
(૩) શ્રી શાંતિનાથ જિનાલય ગૃહમંદિર - બેગમવાડી
(૪) શ્રી આદિનાથ જિનાલય- સૈફી સો., લંબે હનુમાન રોડ
(૫) શ્રી સંભવનાથ સ્વામી જિનાલય - સાધના સોસાયટી
(૬) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય - ત્રીકમનગર
(૭) શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય - મોડેલ ટાઉન, ડુંભાલ

સ્નાત્ર મહોત્સવમાં ભક્તિની રમઝટ બોલાવવા
શ્રી વર્ધમાન જિન ભક્તિ મંડળ પધારેલ.

બીજો દિવસ

ભા. વદ ૭, સોમવાર તા. ૧૦-૯-૨૦૦૧

ગોપીપુરા - માળીફળિયા

(૧) શ્રી શીતલનાથ જિનાલય (જગાવીર) - આરાધના ભવન માર્ગ
(૨) શ્રી ઋષભદેવ જિનાલય - તીનબત્તી
(૩) શ્રી અનંતનાથ સ્વામી જિનાલય - વાડી ઉપાશ્રય
(૪) શ્રી મહાવીર સ્વામી જિનાલય - આગમમંદિર
(૫) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - મોતીપોળ
(૬) શ્રી સમેતશિખરનું દેરાસર - મોતીપોળ
(૭) શ્રી અજીતનાથ જિનાલય - ઓસવાળ મહોલ્લો
(૮) શ્રી ચંદ્રપ્રભ જિનાલય - ઓસવાળ મહોલ્લો
(૯) શ્રી મોતિચંદ તલકચંદ ગૃહ મંદિર - ઓસવાળ મહોલ્લો
(૧૦) શ્રી શાંતિનાથ જિનાલય - ઓસવાળ મહોલ્લો
(૧૧) શ્રી ઉમરવાડી પાર્શ્વનાથ જિનાલય - ઓસવાળ મહોલ્લો
(૧૨) શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલય - ઓસવાળ મહોલ્લો
(૧૩) શ્રી શાંતિનાથ જિનાલય - માળીફળિયા
(૧૪) શ્રી આદિનાથ જિનાલય - માળીફળિયા
(૧૫) શ્રી આદિનાથ જિનાલય (કાંકરીયા) - માળીફળિયા
(૧૬) શ્રી ગોડી પાર્શ્વનાથ જિનાલય - માળીફળિયા
(૧૭) શ્રી સંભવનાથ જિનાલય - સુભાષચોક
(૧૮) ગૃહમંદિર - પોલિસ ચોકી સામે

ત્રીજો દિવસ

ભા. વદ ૮, મંગળવાર તા. ૧૧-૯-૨૦૦૧

શાહપોર - કતારગામ - અમરોલી

(૧) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય - શાહપોર
(૨) શ્રી મહાવીર સ્વામી જિનાલય - કતારગામ દરવાજા
(૩) ગૃહમંદિર - ચંદનબાળા
(૪) શ્રી આદિનાથ જિનાલય - કતારગામ બસ સ્ટેન્ડ
(૫) ગૃહ મંદિર - ખોડીયાર સોસાયટી
(૬) શ્રી આદિનાથ જિનાલય - કતારગામ
(૭) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - અમરોલી

ચોથો દિવસ

ભા. વદ ૯, બુધવાર તા. ૧૨-૯-૨૦૦૧

છાપરીયા શેરી - સ્ટેશન - શાંતિનિકેતન

(૧) શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય - ખપાટીયા ચકલા
(૨) શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય - નંદીશ્વરદ્વિપ, શ્રાવક શેરી
(૩) શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય - દાદાવાડી
(૪) શ્રી શીતલનાથ જિનાલય - હરીપુરા
(૫) શ્રી સાકરચંદ વજેચંદ ગૃહમંદિર - મહીધરપુરા
(૬) શ્રી સુપાર્શ્વનાથ જિનાલય - છાપરીયા શેરી
(૭) શ્રી આદિનાથ જિનાલય - છાપરીયા શેરી મેઈન રોડ
(૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય - ગોળ શેરી
(૯) શ્રી ગોડી પાર્શ્વનાથ જિનાલય - ગોળશેરી

(૧૦) શ્રી કુંથુનાથ જિનાલય - સ્ટેશન - ધર્મશાળા
(૧૧) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - શાંતિનિકેતન
(૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - અરિહંત પાર્ક

પાંચમો દિવસ

ભા. વદ ૧૦+૧૧, ગુરૂવાર તા. ૧૩-૯-૨૦૦૧

જોગાણીનગર - પાલનપુર પાટીયા - રાંદેર ગામ

(૧) શ્રી શ્યામ સમેતશિખર પાર્શ્વનાથ જિનાલય - જોગાણીનગર
(૨) શ્રી મહાવીર સ્વામી ગૃહ મંદિર - ગંગાનગર
(૩) શ્રી વિમલનાથ સ્વામી ગૃહ મંદિર - પાલનપુર પાટીયા
(૪) શ્રી આદિનાથ સ્વામી જિનાલય - રાંદેર - લાલા ઠાકોરની પોળ
(૫) શ્રી નેમિનાથ જિનાલય - રાંદેર - લાલા ઠાકોરની પોળ
(૬) શ્રી આદિનાથ સ્વામી જિનાલય - નિશાળ ફળી - રાંદેર
(૭) શ્રી અજિતનાથ સ્વામી ગૃહમંદિર - નિશાળ ફળી - રાંદેર
(૮) શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલય - નિશાળ ફળી રાંદેર.

છઠ્ઠો દિવસ

ભા. વદ ૧૨, શુક્રવાર તા. ૧૪-૯-૨૦૦૧

કૈલાસનગર - ટીમલીયાવાડ

(૧) શ્રી નેમીનાથ જિનાલય - કૈલાસનગર
(૨) શ્રી મહાવીર સ્વામી જિનાલય - પાર્શ્વનાથ કોમ્પલેક્ષ
(૩) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય - શંખેશ્વર કોમ્પલેક્ષ
(૪) શ્રી ગૃહમંદિર - કૈલાસનગર
(૫) શ્રી ગૃહ મંદિર - કૈલાસનગર
(૬) શ્રી આદિનાથ જિનાલય - કૈલાસનગર
(૭) શ્રી કુંથુનાથજી ગૃહમંદિર - સુરેશભાઈ ઘોકા
(૮) શ્રી ભીલડીયા પાર્શ્વનાથ જિનાલય - સિદ્ધશીલા
(૯) શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ ગૃહમંદિર - ટીમલીયાવાડ
(૧૦) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - રત્નરેખા
(૧૧) શ્રી મહાવીર સ્વામી જિનાલય - નાનપુરા ગેટ
(૧૨) શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલય - મક્કાઈપુલ
(૧૩) શ્રી સુવિધિનાથ જિનાલય - (૧૦૮ તીર્થદર્શન)

સાતમો દિવસ

ભા. વદ ૧૩, શનિવાર તા. ૧૫-૯-૨૦૦૧

અઠવાલાઈન્સ - ઉમરા

(૧) ગૃહમંદિર - અમીઝરા એપાર્ટમેન્ટ બીજો માળ
(૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - અમીઝરા એપા.
(૩) શ્રી આદીશ્વર જિનાલય - શાલિગ્રામ એપાર્ટ.
(૪) શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલય - અંબિકાનગર શલાકા
(૫) શ્રી શાંતિનાથજી જિનાલય - સમર્થસ રથી
(૬) શ્રી સીમંધર સ્વામિ જિનાલય - પ્રતિષ્ઠા કોમ્પલેક્ષ
(૭) ગૃહમંદિર - સૂર્યકાન્તભાઈ કાપડિયા
(૮) શ્રી કુંથુનાથ જિનાલય ઉમરા - સિદ્ધચક્ર
(૯) ..... જિનાલય - સીટીલાઈટ
(૧૦) શ્રી સંભવનાથ સ્વામિ ગૃહમંદિર - ધરમપેલેસ

આઠમો દિવસ

ભા. વદ ૧૪, રવિવાર તા. ૧૬-૯-૨૦૦૧

ભટાર રોડ, લાલ બંગલા

(૧) શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલય - ભટાર રોડ
(૨) શ્રી સંભવનાથ સ્વામિ ગૃહ મંદિર - કીરીટભાઈ શ્રોફ
(૩) શ્રી સંભવનાથ જિનાલય - ભટાર રોડ નહેર પાસે
(૪) શ્રી આદિશ્વર જિનાલય - સૂર્યકિરણ ની ગલીમાં
(૫) શ્રી શીતલનાથ સ્વામિ ગૃહમંદિર - રંગમહલ પેલેસે
(૬) શ્રી અજીતનાથ સ્વામિ ગૃહમંદિર - સીતા રો હાઉસ
(૭) શ્રી શાંતિનાથ જિનાલય - ત્રિભુવન કોમ્પલેક્ષ
(૮) શ્રી સુમતિનાથ સ્વામિ ગૃહમંદિર - ડો. રમણભાઈ શાહ
(૯) શ્રી શીતલનાથ સ્વામી ગૃહમંદિર - ડો. ધનવંતભાઈ શાહ
(૧૦) શ્રી આદિનાથ જિનાલય - લાલ બંગલા

નવમો દિવસ

ભા. વદ ૦)), સોમવાર તા. ૧૭-૯-૨૦૦૧

અઠવાગેટ, ગેલેક્ષી

(૧) શ્રી શાંતિનાથ જિનાલય - અઠવા ગેટ
(૨) શ્રી પાર્શ્વનાથ જિનાલય - ગજ્જર વાડી
(૩) શ્રી શાંતિનાથ જિનાલય - દીવાળી બાગ
(૪) શ્રી આદિશ્વર જિનાલય - આદર્શ સંસાયટી
(૫) શ્રી વિમલનાથ સ્વામી જિનાલય - દેપમંગલ
(૬) શ્રી મહાવીર સ્વામી જિનાલય - ગેલેક્ષી
(૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહમંદિર - મેઘમયુર
(૮) શ્રી પાર્શ્વનાથ ગૃહમંદિર રવિછાયા
(૯) શ્રી નેમિનાથ ગૃહમંદિર - કંચનગિરિ

(૧૦) શ્રી સુમતિનાથ ગૃહમંદિર - કેશવજ્યોત
(૧૧) શ્રી મુનિસુવ્રત સ્વામી ગૃહમંદિર - કેશવજ્યોત

દસમો દિવસ

પ્ર. આસો સુદ ૧, મંગળવાર તા. ૧૮-૯-૨૦૦૧

ઓવારી કાંઠા - વડા ચૌટા - નાણાવટ

(૧) શ્રી આદિનાથ જિનાલય - ઓવારી કાંઠા
(૨) શ્રી અમરચંદ કરમચંદ ગૃહમંદિર - વડાચૌટા
(૩) શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલય - વડાચૌટા
(૪) શ્રી નેમિનાથ જિનાલય - પંડોળની પોળ
(૫) શ્રી ગોડી પાર્શ્વનાથ જિનાલય - નગરશેઠની પોળ
(૬) શ્રી સીમંધર સ્વામી જિનાલય - તાળાવાળાની પોળ
(૭) શ્રી અજિતનાથ સ્વામી જિનાલય - નાણાવટ
(૮) શ્રી અમરચંદ ફૂલચંદ કાપડીયા ગૃહમંદિર - નાણાવટ
(૯) શ્રી અજિતનાથ સ્વામી જિનાલય હનુમાન પોળ
(૧૦) શ્રી મહાવીર સ્વામી જિનાલય - સમવસરણ કચરાની પોળ
(૧૧) શ્રી આદિનાથ ગૃહમંદિર વૃંદાવન એપા., પાણીની ભીંત
(૧૨) શ્રી કુંથુનાથ જિનાલય - બંગલાનો ઉપા. ચાંલ્લા ગલી

અગીયારમો દિવસ

પ્ર.આસો સુદ ૨+૩, બુધવાર તા. ૧૯-૯-૨૦૦૧

સગરામપુરા - ઉધના દરવાજા - ઉધના

(૧) શ્રી કુંથુનાથ સ્વામી - સુભાષ ચોક મેઈન રોડ
(૨) શ્રી સુવિધિનાથ ગૃહમંદિર - ઉમેશ મેન્શન
(૩) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - સગરામપુરા
(૪) શ્રી અજિતનાથ સ્વામી જિનાલય - શાસ્ત્રીનગર
(૫) શ્રી આદિશ્વર જિનાલય - હરીનગર ઉધના
(૬) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય - ઉધના રોડ નં.૧૨

બારમો દિવસ

પ્ર. આસો સુદ ૪, ગુરૂવાર તા. ૨૦-૯-૨૦૦૧

ગોપીપુરા - સોનીફળિયા

(૧) શ્રી પાર્શ્વનાથ ગૃહમંદિર - આયંબીલ ભવન ઉપર
(૨) શ્રી નેમનાથ સ્વામી ગૃહમંદિર - સુમંગલમ્ ટ્રસ્ટ
(૩) શ્રી સુમતિનાથ સ્વામી ગૃહમંદિર - ત્રિભુવનદેવ
(૪) શ્રી ચંદ્રપ્રભ સ્વામી ગૃહમંદિર - ત્રિભુવનદેવ
(૫) શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ જિનાલય - ચંદનબાગ
(૬) શ્રી વિમલનાથ સ્વામી જિનાલય - સોનીફળિયા
(૭) શ્રી મહાવીર સ્વામી જિનાલય - દેસાઈપોળ પેઢી પાસે
(૮) શ્રી અષ્ટાપદ જિનાલય - દેસાઈપોળ પેઢી પાસે
(૯) શ્રી સંભવનાથ જિનાલય - વકીલનો ખાંચો
(૧૦) શ્રી ધર્મનાથ સ્વામી (સૂરજમંડણ) - હાથીવાળો ખાંચો
(૧૧) શ્રી ધર્મનાથ સ્વામી જિનાલય - હાથીવાળો ખાંચો
(૧૨) શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલય - હાથીવાળો ખાંચો
(૧૩) શ્રી ગૃહમંદિર આદિનાથ એપાર્ટ. - સુભાષ ચોક
(૧૪) શ્રી આદિશ્વર જિનાલય - સુભાષ ચોક
(૧૫) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય - બંગડીવાળાનો ખાંચો
(૧૬) જીતુભાઈનું ગૃહમંદિર - કાયસ્થ મહોલ્લો
(૧૭) બાબુભાઈ જરીવાળાનું ગૃહમંદિર - કાયસ્થ મહોલ્લો
(૧૮) ખીમચંદ સરૂપચંદ સંઘવીનું ગૃહમંદિર - કાયસ્થ મહોલ્લો

તેરમો દિવસ

પ્ર. આસો સુદ ૫, શુક્રવાર તા. ૨૧-૯-૨૦૦૧

જોગાણી નગર, પન્ના ટાવર

(૧) ગૃહમંદિર - મકનજી પાર્ક પાસે
(૨) શ્રી સીમંધર સ્વામી જિનાલય - મકનજી પાર્ક
(૩) શ્રી સીમંધર સ્વામી જિનાલય - દીપા કોમ્પ્લેક્ષ
(૪) શ્રી આદિનાથ સ્વામી જિનાલય - સંઘવી ટાવર
(૫) શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય - ઈશીતા પાર્ક
(૬) શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ગૃહમંદિર - વિઠલનગર
(૭) શ્રી શીતલનાથ સ્વામી જિનાલય - પન્ના ટાવર
(૮) શ્રી આદિશ્વર જિનાલય - શત્રુંજ્ય ટાવર
(૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય - રાંદેર રોડ

ચૌદમો દિવસ

પ્ર. આસો સુદ ૬, શનિવાર તા. ૨૨-૯-૨૦૦૧

રીવેરા ટાવર, અડાજણ ગામ - પાલ

(૧) વિઘ્નહર પાર્શ્વનાથ જિનાલય - રીવેરા ટાવર
(૨) વાસુપૂજ્ય સ્વામી જિનાલય - અક્ષર જ્યોત
(૩) અડાજણ ગામ જિનાલય - અડાજણ ગામ
(૪) શ્રી અજીતનાથ જિનાલય - પાલ

રાજા મુંજ અને ભોજ

- રતિલાલ ડી. ગુ.કા - લંડન

માળવાના રાજા મુંજને અહંકાર હતો કે માળવાનું રાજ્ય હું ભોગવું ને પછી મારો દિકરો પછી એનો દિકરો અને એકવાર એને ભોજની જન્મ કુંડલી હાથમાં આવી ગઈ. ભોજ ૫૫ વર્ષ ૭ માસ ૩ દિવસ માલવ દેશનો રાજા થઈ રહેશે એટલે એણે પોતાના ભાઈ સિંધલની આંખો ફોડી નાખી હતી અને એને ફરી આંખ સમક્ષ ભોજની જન્મપત્રિકા રાજ્યનો વારસ યાદ આવતુ એજ મુંજ હવે ભત્રીજા ભોજને મરાવી નાખુ એવો વિચારમાં ખાવું પીવું વીસરી ગયો હતો એટલે પ્રધાનો, રાણીઓ પણ વિચારમાં પડી પૂછતા પણ જવાબ આપતા નહિ - રાજ્યનો લોભ પાપ કરાવે છે હવે એને ૪ ખાનગી માણસોને ઉભા કર્યા અને ખબર ન પડે તેમ ઉંઘતા ભોજને ઉપાડયો આખે પાટા બાંધી દીધા મોઢામાં ડૂચા ભરાવી દીધા ગાઢ જંગલમાં લઈ ગયા. ત્યાં પાટા છોડી નાખ્યા મોઢામાં ડૂચા કાઢી નાખ્યા ચારે બાજુ ૪ માણસો ખુલી તલવાર લઈ ઉભા છે અને ભોજ સમજી ગયો આ કાકાનું કાવતરૂં છે પણ એ ક્ષત્રિય બચ્ચો હતો મરણથી ગભરાના ડર્યો અને પ્રસન્ન ચિત્તે હસ્તો ઉભો હતો આ જોઈ મારનારા ચંડાળોના હાથમાંથી તલવારો પડી ગઈ. ત્યારે બાળક ભોજ કહે છે મને મરણનો ડર નથી તમે શા માટે મુંઝાઓ છો જલ્દી તલવાર મારા મસ્તક ઉપર ફેરવી દો રાજાની આજ્ઞાનું પાલન કરો ! ત્યારે ચંડાળો કહે છે અમને તને જોતાં દિકરા જેવું વ્હાલ આવે છે તાટે તું આ ગામ છોડીને અહીથી ભાગી જા ફરીને કોઈ દિવસ આવતો નહિ અમે મુંજ રાજાને સમજાવી દેશું. ભલે હું ચાલ્યો જાઉં છું પણ મારા કાકાને કેજો તમારા ભત્રીજાએ આ એક મરતી વખતે પત્ર આપ્યો છે ત્યારે મુંજ રાજા કહે છે શું ભોજને મેં મરાવ્યો છે એની ખબર પડી ગઈ. ત્યારે ચંડાળો કહે એ અમે નથી જાણતા અમે મારવા જતાં તેને ત્યાં તેણે આ પત્ર આપ્યો છે.

પૂજ્ય કાકા આપ દીર્ઘાયુ બનો ને વર્ષો સુધી માળવાનું રાજ્ય ભોગવો પણ મને એક વિચાર થાય છે કે રાવણ સીતાજીને ઉપાડી ગયો. એ સીતાજીને પાછા લાવવા માટે રામચંદ્રજી અને રાવણ વચ્ચે ખૂનખાર લડાઈ થઈ એની પાછળ રામાયણની રચના થઈ - રાવણનું નામનિશાન નથી દેખાતું લોભ ખાતર દુઃશાસન - દુર્યોધન આદિ કૌરવોએ ધર્મ રાજાને જુગાર રમાડયા કપટથી હરાવી વનવાસ આપ્યો, પાંડવો ને કૌરવો વચ્ચે જંગ જામ્યો પાંડવો જીત્યા છતાં નથી પાંડવો કે કૌરવો આ પૃથ્વી ઉપર દુર્યોધન - દુઃશાસન - યુધિષ્ઠિર - ભડવીર ભીમ - વિશ્વામિત્ર - વશિષ્ટ કોઈ નજરે પડતું નથી મહારાજા ચક્રવર્તીઓ ચાલ્યા ગયા કોઈ દેખાતું નથી પણ અફસોસ પૃથ્વી કે રાજ્ય કોઈની સાથે ગયુ નહિ મને આનંદ છે કે પૃથ્વી આપની સાથે આવશે મુંજે ભોજનો પત્ર વાંચ્યોને આંખ ખુલી ગઈ અહો છ છ ખંડના માલિક ચક્રવર્તીઓને પણ એક દિવસ ૬ ખંડનું રાજ્ય છોડીને જવું પડયું છે તો શું હું કાયમ ટકવાનો છું મેં મારા ભાઈની હત્યા કરાવી અને નિર્દોષ બાળકની હત્યા કરતાં કરાવતાં મને શરમ ન આવી. આમ બોલતાં ચોધાર આંસુ વહેવા લાગ્યા હવે પોતાને પસ્તાવો થાય છે હા મારૂં શું થશે. આત્માને કહે છે નાલાયક યાદ રાખ તારે જવાનું છે જાવું પડશે એમ પાપ ભડભડ બળી રહ્યું છે મેં ભોજને મારી નાખ્યો છે એ પવિત્ર નિર્દોષ હસતો - રમતો - ખેલતો કૂદતો બાળક મને ક્યારેય પણ જોવા નહિ મળે શું ? એના કેવા ઘા લાગ્યા હશે એને કેટલું દુઃખ થયું હશે એ વેચારે રાજા મુંજ રડવા લાગ્યા વ્હાલા બેટા મને માફ કર મેં તને મરાવ્યો છે પણ તુ જ્યા હો ત્યાંથી પાછો આવ તારા વિના હું હવે જીવી શકુ તેમ નથી તું જલ્દી આવ મુજનો કલ્પાંત સાંભળી રાણીઓ અને પરિવાર દોડી આવ્યો ને મંત્રી સમજી ગયા કે મુંજે ભોજને મરાવી નાખ્યો છે અને મુંજ દોડીને મરવા ઠેકળો મારે છે ત્યાંતો મંત્રીઓએ તેમને પકડી લીધા હાથ જોડી કહ્યું આવું ઉતાવળુ પગલુ ન ભરાયને ઉતાવળા પગલાનો અંજામ એ તો જોયો અમે ભોજની તપાસ કરવા મોકલી દીધા ૧૦ સૈનિકોને મુંજ કહે છે મે જ મરાવી નાખ્યો છે તો મંત્રી ઓ કહે છે કદાચ મારનારાઓએ છોડી દીધો હોય.

■ ■ ■

આચાર વિહિન પ્રચાર

- શ્રી લબ્ધિ શિશું - મદ્રાસ

જ્યારે કોઈ જૈનાચાર્ય એ પ્રમાણે કહે કે આચાર વિનાનો પ્રચાર શું કામનો પ્રથમ -- આત્મ કલ્યાણ કરો પછી પર કલ્યાણનો પરોપકાર કરો તો લોકો કહેશે આમને કોઈ ધર્મને એકવીશમી સદીમાં લઈ જવો નથી. પરંતુ જ્યારે એક ક્રાંતિકારી વિચારક ચંદનમલ ચાંદ જેવા સ્થાનકવાસી ને વિશેષ ભારત મંડલના મંત્રી એકતાના હેમાયતી પણ હવે પાકી ગયા છે તેમ તેમના લેખ રાજેન્દ્ર પ્રકાશ મોહન ખેડાના અંકમાં જ્યારે વાંચ્યું કે હવે જૈન સાધુઓ પ્રચારના નાતે વિડિયો, ફીલ્મો અખબારમ. સભાઓમાં પ્રભાવપૂર્ણ શૈલીમાં લચ્છેદાર ધારાબધ્ધ પ્રવચનોમાં વિદ્વતા ભાષણ શૈલી ને ભાષા પર લોક ફીદા થઈ પડે છે તે વિડીયો કેસેટો ગરમ પકોડીની જેમ વેંચાય જાય છે. પરંતુ સાથે આધુનિક વાહનોનો ઉપયોગ કેશલોચનની અનાવશ્યકતા આધુનિક સુવિધાઓ તો ગૃહસ્થ કરતા પણ વિશેષ સાહ્યબીથી ભોગવતો વેગેરે જોતા શું આ યોગ્ય છે ? શું ધર્મ કેવલ ભાષણમાંજ છે. ધર્મ શું ? કેવળ વિદ્વતા અથવા જોરદાર પ્રવચન શૈલીમાંજ છે. ધર્મ શું ? ભીડ ભેગી કરવામાં છે. ધર્મ કેવલ વિજ્ઞાપનો ને સમાચાર પ્રકાશીત થવામાંજ છે. પ્રસિદ્ધિ મેળવવા પ્રચાર તંત્રોનો ખુલકર ઉપયોગ યશ પદ પ્રતિષ્ઠા માટે પ્રતિસ્પર્ધાઓ જોવાય છે. આચાર વિનાના આ પ્રચાર યુગના સમર્થકોને શું કહેવું ભલે એક વખતના સાધુના માઈક, લાઈટ, ફાઈટના હિમાયતી પણ ચાંદને હવે આંખે અંધારા આવવા લાગ્યા છે પાપલીલાઓ જોઈને, તે આનંદની વાત છે. પણ હવે માઈકના હિમાયતીઓના ભાષણોમાં તેમાં માન લેવા કેટલા ઓછા જાય છે તે જોવાનું છે. ત્રીસ્તુતિક સમુદાયના રાજેન્દ્રસૂરિ મ. ની પેઢીથી પ્રકાશિત માસિક રાજેન્દ્ર પ્રકાશની ઉદારતા છે કે તેમાં જ તેમનું લખાણ છે. આજે ગચ્છો પંથોની સાથે ગરૂ પરંપરાઓના પ્રચાર દિનોદિન વધી રહ્યા છે અપને ગુરૂની કીર્તિ માંજ ધર્મ દેખાય છે. જ્ઞાન વિદ્વતા એક પૈસો છે જ્યારે નવાણું પૈસા તો ત્યાગ તપ અને સાધના છે. પ્રચારની આંધીમાં જૈન સમાજને સાવધાન કરવાની તેમની ભાવના ઉત્તમ છે. આચાર વિનાની કોરી પ્રચારની દિવાલ કેટલી ટકશે ? નીંવમાં આચાર તપ ત્યાગ સાધનનો આધાર જરૂરી છે. કંઈ પ્રચારના જીવનમાં ધર્મ દેખાતો નથી આજના કહેવાતા પ્રચારક આચાર્ય સુશીલકુમાર કહેતા નળનું પાણી ફિલ્ટર થઈને આવે માટે અચિત છે તેમના કપડાં નળનાં નીચે ધોતા તો ઉપાધ્યાય અચર મુનિને તેમની ભાષા ભાષા કહે છે ધર્મ મનમાં છે. પૈસો, પત્ની, પુરૂષ, સ્ત્રીના છકાયને, સ્પર્શે તેમાં કોઈ દોષ નથી, છકાયની વિરાધના પણ થાય. તેવાં પાપ નથી. ફકત આશકિત વિના કરો કંદમૂળ પણ ખવાય તેમાં જીવ દેખાતા નથી. અનંત જીવ કોને જોવા છે. આજના પ્રચારક બંધુ ત્રિપુટી જેવા તો થમ્સપ ને ગોલ્ડ સ્પોટના નશામાંજ આનંદ માને છે કોઈ વકતાની સગવડ માટે આરંભ સમારંભના પાપોને ગણ ગણે છે. આધુનિક યુગના બહાના નીચે સુખ સગવડ ભોગવવી તે ઠેકેદારી ધર્મની સાથે મશ્કરી છે. બાકી ચાંદને પણ પ્રવચન તો તેવા સાધુ ના જ ગમે છે. જે માઈક, ફાઈટ, લાઈટના ભોકતા હોય ફકત કદમ હાથમાં હોય ત્યારે ફરક પડતો હશે કદમ તો વિજ્ઞાન યુગમાં દોડે તે દુઃખદાયી છે પ્રચાર કરો યા ન કરો જૈન ધર્મનો જગમગતો દિવ્ય દીપક ૧૮ હજાર વર્ષ સુધી જલતો રહેવાનો છે. તમે તમારા આત્મ કલ્યાણની ચિંતા કરો બાકી પર ચિંતા અદમાધયા કહી છે. આવી ચિંતા ઉત્તમ છે જીવને રસ બીજાને સુધારવાનો વધુ છે પ્રચાર માટે છે પણ ઘટમાં આચાર ધર્મના દેવાળા નીકળી રહ્યા છે. માટે સર્વ કોઈ લેખકને વકતા પ્રચાર પેમ્પલેટ પ્રોપરગંડામાં મસ્ત બનતા પ્રથમ કોઈની શ્રધ્ધા ડગી ન જાય કોઈ અધર્મ પામી ન જાય તેનો સદૈવ ખ્યાલ રાખીને પ્રયત્ન કરે નહિ તો સ્વમ બોધિ બીજ બળી જશે તો ભવોભવ જૈન ધર્મ દુર્લભ થઈ જશે.

આત્મ પ્રબોધક પ્રસંગો

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

વેષની વફાદારી જાણો

આ અવસર્પિણીકાળના ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા, શ્રી નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યો. અને મરિચિના ભવમાં શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાન પાસે મહાવૈરાગ્યથી દીક્ષા લીધી. અગિયાર અંગના પાઠી અને અનુપમ દેશના લબ્ધિના દાતા થયા અનેક વર્ષો સુધી સંયમની નિરતિચારપણે આરાધના કરી અને એકવાર ચારિત્રમોહનીય કર્મના ઉદયે ઉનાળાની ગરમી સહન ન કરી શકયા અને પતિત પરિણમી થયા. 'કિં કર્તવ્યમ્ ?' આવી ઘણી ગડમથલના અંતે ત્રિદંડી વેષની કલ્પના કરી. જેમાં સાધુપણા પ્રત્યેનો પ્રેમ જીવતો જાગતો હતો. ભગવાનના મુનિઓ મન - વચન - કાયાના દંડથી વિરામ પામેલા છે, હું મન - વચન - કાયાના દંડોથી દંડાઈ રહ્યો છું હું મોહથી જીતાઈ રહ્યો છું કષાયથી પરાજિત થયો છું. આવા ભાવની શુભ વિચારણા તે વેષમાં હતી જેથી ડગલેને પગલે સાધુપણું યાદ આવે. લોકોની આગળ પોતાની નિર્બળતા, પામરતા, કમનશીબી બેધડક જાહેર કરત પણ તેને છૂપાવવાનો કે તેનો બચાવ કરવાનો લેશ પણ પ્રયત્ન શકિત હોવા છતાં કરતા ન હતા. જ્યારે આજે આપણા બધાની પુણ્યોદયે પ્રાપ્ત આ વેષની આપણે વફાદારી કેવી છે તે ખૂબ જ શાંતચિત્તે વિચારણીય છે. મરિચિ ધારત તો નવો પંથ શરૂ કરી શકત અને પોતાના અનુયાયીઓ પણ વધારી શકત તેના બદલે તેમને શાસનને જ પ્રાણભૂત માની, શાસનની જ શરણ - આન વધારી, શાસનનું ત્રાણ કર્યું. કમમાં કમ આપણે નિખાલસ ભાવે આપણી ભૂલોનો, ખામીઓનો સ્વીકાર કરતા થઈએ તો ય ઘણું છે. આજે આપણી ખૂબીઓને જે સીફટથી પ્રગટ કરીએ છીએ તેવી જ રીતે આપણી ખામીઓનો ઢાંકપિછોડો કરીએ છીએ ત્ય. આપણું શું થશે ? ભૂલ સેવવી પડી તેવો લૂલો બચાવ કરવા કરતાં ભૂલોનો ભૂલ તરીકે સ્વીકાર - એકરાર કરતાં થઈએ તો આ પ્રસંગ આપણા માટે જીવનનો સચો ટર્નીંગ પોઈન્ટ બની જાય કિં બહૂના !

■ ■ ■

संसारकी याचक नही

आचार्य श्री जिन कांतिसागर सूरीश्वरजी म. ना शिष्यरत्न उपाध्याय श्री मणिप्रभ सागरजीએ अषाढ सुद ११ दि. १-७-२००१ ना जयपुर चातुर्मास प्रवेश दिवसे विशाળ धर्मसभाने संबोधित કરતા ફરમાવેલ કે- परमात्मा महावीर का अनुयायी संसार का याचक नहीं हो सकता । यह तो संसार भ्रमण मिटाने की प्रार्थना करता है ।

જિનેન્દુ સાપ્તાહિક વિ. સં. ૨૦૫૦ શ્રાવણ સુદ ૨
દિ. ૨૨-૭-૨૦૦૧

હાસ્યરસ

રોહિત . મમ્મી ! દૂધ આપને ?

મમ્મી દૂધ ગરમ છે દહીં નખાય એવું નથી એટલે આપું

રોહિત (સાંજે) આજે હું એકલું દહીં વાપરીશ

મમ્મી પણ આજે ઘરમાં દહીંનો છાંટો નથી.

રોહિત કહ્યું ને ! કાંઈ પણ ખાધા વિના હું દહીં ખાઈશ

મમ્મી એ કેવી રીતે ?

રોહિત સવારે તે મને વાડકી ભરી દૂધ પીવડાવેલું ને, તે મેળવણ (દહીં) નખાય એવું થયું. તે પછી મને આપેલું અને તેના પછી તે એક ચમચી દહીં મને ખવડાવેલું એટલે સાંજે થઈ જશે.

ચમત્કાર ને અંધવિશ્વાસ

- પુણ્ય કૃપા અંતરિક્ષજી

એક સાધ્વીજી મહારાજે પાલીતાણાની પવિત્ર ભૂમિમાં કર્ણાટકથી આવેલ શ્રાવિકાની ભક્તિ જોઈને બીજે દિવસે સવારે કહ્યું આજે પ્રાતઃકાલમાં મે મારા ગુરૂના જ પ કરતી વખતે તમારા લાભનો સંકલ્પ છેડયો છે બોલય કરી છે. ભોળી શ્રાવિકા સમજી બાપજી કેટલા ઉપકારી છે. મારા માટે બોલયા કરી કે મને પુત્ર થશે તો ગુરૂ મહારાજના તીર્થની યાત્રા કરવા આવશે. બન્યું પણ એવું કાગનું બેસવું ને ડાળનું પડવું તે શ્રાવિકાને એક નહિ પણ પાંચ વર્ષમાં ત્રણ બાળકો થયા પણ શ્રાવિકા મિથ્યાત્વના પાપથી ડરીને બોલયાની યાત્રા કરવા ગઈ જ નહિ. ત્યારે દયામૂર્તિ સાધ્વીજી ના પત્રનો રાફડો ફાટયો, કેવી છે. અક્કલ વિનાની, વિગેરે વિશેષણોથી પત્ર લખ્યો ને બાઈને ગભરાવી-ડરાવી નાખી ને, એક દિન પાછા લોકોતર મિથ્યાત્વના પોષણ કરવા ગુરૂના તીર્થ ધામમાં યાત્રા કરવા મોકલી ત્યારે શાન્તિ થઈ. બાઈ સાથે વાત કરતો હતો ને ત્યારેજ એમ.પી.ના મોહનખેડા થી પ્રકાશિત રાજેન્દ્ર વિદ્યા પ્રકાશ નામનું માસિક નવા રૂપ રંગ સાથે મનમોહક સાહિત્યના રસથાળ સાથે હસ્ત કમળમાં આવ્યું ને ખોલ્યું ત્યાંજ ક્રાન્તિકારી લેખક ચંદનમલ ચાંદનો લેખ ''અંધવિશ્વાસ ને ચમત્કાર'' વાંચવા મળ્યો તેમની તથા સંપાદકોની ઉદારતા પૂર્ણ સાહિત્ય પસંદગીથી આનંદ થયો તેઓએ લખેલ કે ''શ્રધ્ધાની જીવનમાં બહુજ મહત્ત્વતા છે. વર્તમાન યુગમાં જૈન સમાજ કાઈને કોઈ અંધવિશ્વાસમાં દિન દિન વધારે ફસાતો જાય છે. દેવ, પિતૃ, ઓલીયા, મજાર, જીર, મમીર, પૂજન, હવન આદિ વધી રહ્યા છે. આધિ વ્યાધિ, સુખ, દુઃખનું કારણ અમારૂ કર્મ પાપ પૂણ્ય તે માનતા હોવા છતાં ભીખારીના જેમ કપડા પસારી ભીક્ષા માંગે છે. તે જોઈ મહા દુઃખ થાય છે.

ભક્તિ તીર્થંકરોના તરફની હતી તે હવે દેવી દેવતા અન્યે તરફ વધી છે. માકોડા, મહતુ, નરોડા વિગેરેના ભક્ત બને છે. એક સાધે સર્વ સધાયની જેમ વીતરાગથી ભક્તિ કરવી ઉચિત છે. પુણ્યાઈનો સંયોગ છે, ત્યાગ તપનો માર્ગ મળ્યો છે, ત્યાં અંધવિશ્વાસનો ચમત્કારનો સંબંધ શા માટે જોડાય છે, તે સમજાતું નથી. આજકાલ અમારા પૂજ્ય ગુરૂવરો તેને પ્રોત્સાહન આપે છે. ચમત્કાર ત્યાં નમસ્કાર શીખવાડે છે. સ્વયંને તથા પોતાના ગુરૂને પ્રભાવશાળી ચમત્કારી પુરૂષ સિધ્ધ કરાવવા શ્રાવકોને અનુષ્ઠાનો તંત્ર મંત્ર તાવીજ દોરા ધાગા ગંડે આદિ કરવા લાગ્યા છે. સ્તોત્રો, જાપ, એકાશના, જ્યોતિષના ફેલાવા કરવા લાગ્યા છે. કર્મને અનુસાર સર્વ થાય છે, તે જૈન ધર્મનો મૂળ સિધ્ધાંત ભૂલાવી રહ્યા છે. આજે સર્વ કોઈ ધન લાલસા, વાસના, ભૂખ્યા, ને પુત્ર જંખના, આદિ વિઘ્ન સંકટ નિવારણ, કેસોને જીતવા, લાભ નુકશાની માટે, ધર્મ કરતા હોય છે. ધર્મ મોક્ષ માટે સવ્વપાવ પણાસણો માટે કરવાનો ભૂલી જાય છે. ચિંતામણી રત્નને કાગ ઉડાડવા પ્રયત્ન થાય છે.'' ચાંદનો અંધવિશ્વાસનો લેખ વાંચતા લાગ્યું કેટલું સુંદર લખાણ છે. પણ આજના લેખકો, વકતાઓ, સુધારકો પણ દોરાધાગાની માયા જાળથી મુક્ત તો નથી રહી શકતા, તેઓ પણ સંમય આવે દેવ બનેલા ગુરૂઓને સાધુ જીવનમાં વિરતિમાં અવિરતિમાં જીવની પૂજા પાઠ કરાવવા દેવી દેવતાઓના પૂજનો કરાવવા વિરતિમાં અવિરતીમાં સ્તુતિઓ બોલવા સ્તોત્રોના પાઠ કરવા દેવવંદનોમાં ઉપધાન દીક્ષાની ક્રિયામાં કરતા પણ અચકાતા નથી. ફકત એક કંઈ લોકોને પૂજામાં, તો કંઈને પ્રતિક્રમણમાં, તો કંઈને વંદનમાં વિરોધ છે. બાકી દેવી દેવતા વિના કોઈને ચાલતું નથી. આજના જમાનાને વાસના ભૂખ્યા જીવના વિવેક શૂન્ય લાલસાના વધારાના પાપો વધી ન જાય માટે સર્વ કોઈએ લૌકિક મિથ્યાત્વ કે લોકોતર મિથ્યાત્વના પાપોથી દૂર રહેવા પ્રયત્ન થવો જોઈએ તે માટે સૌનો વિરોધ છે. અને રહેવો જોઈએ. ને ફકત ધર્મ મોક્ષના લક્ષથી થાય તેવું ઘડતર થવું જોઈએ ને દેવીદેવતા મોક્ષનું મહત્વ આપશો તો દેવી દેવતાના ભીખારીપણાની વૃત્તિઓ ઓછી થશે ગુરૂ ને દેવીદેવતા નામે થતા વિનયો ઓછા થશે.

દેવ દ્રવ્યને ઓળવવાનું કૃત્ય

(શ્રી જૈન પ્રવચન, વર્ષ - ૨૬ મું, અંક ૩૦ મો, પૃ. ૨૪૦ માંથી સંપાદકીય નોંધમાંથી સાભાર. વર્ષો પૂર્વેની આ વાત આજે જ જેટલી વિચારણીય, જરૂરી અને દેવદ્રવ્યના ભક્ષણની ચાલી પડેલી પ્રવૃત્તિમાંથી બચાવવા રેડસિગ્નલ સમાન છે. તેથી તેમાંથી સાભાર વાચકોની જાણ માટે રજૂ કરીએ છીએ.)

પાટાણમાં શ્રી પંચાસરાજીના શ્રી જિન મન્દિરમાં પ્રતિષ્ઠા નિમિત્તે જે બોલીઓ બોલાઈ હતી. તે બોલીઓમાંથી ભગવાનને ગાદી નશીન કરવાની બોલીઓ સિવાયની બોલીઓનું દ્રવ્ય, બોલી બોલનારની ઈચ્છા મુજબ દેવદ્રવ્યમાં કે શ્રી જિનમન્દિરના સાધારાણમાં લઈ જવાનું ત્યાંના સંઘે ઠરાવ્યું હોવાના સમાચારો બહાર આવ્યા છે. જો આ હકીકત સાચી હોય, તો અમે પાટાણના શ્રી સંઘને એ વિષે પુનઃ વિચાર કરીને, દેવ-ભક્તિ નિમિત્તક બોલીઓની દેવદ્રવ્યની રકમ, દેવ દ્રવ્યમાં જ લઈ જવાનું ઠરાવવાની, આ તકે વિનંતિ કરીએ છીએ. બોલી બોલનારને, કદી પાણ એ બોલીની રકમ કયાં અને કેમ વાપરવી, તેનો નિર્ણય કરવાનો હક્ક હોઈ શકે નહિ. દેવભક્તિ નિમિત્તે થતી બોલીઓની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય, એ સહેલાઈથી સમજી શકાય એવી વાત છે. થાણાના ઉપધાન - માલારોપણના પ્રસંગથી બોલી બોલનારની ઈચ્છાને પ્રધાન બનાવવાનો ચીલો પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરંતુ એથી દેવ દ્રવ્યને ઓળવવાના અનિષ્ટ પ્રસંગ પ્રાપ્ત થાય છે, એ બીના તરફ લક્ષ્ય આપવાની જરૂર છે. **આ ચીલો પાડવાના પ્રયત્નથી, શાસ્ત્રની આજ્ઞા ઉપેક્ષાનો પ્રસંગ પણ ઉભો થાય છે. કયી બોલીનું દ્રવ્ય કયાં લઈ જવાય અને કયાં વપરાય તથા કયાં લઈ જવાય નહિ અને કયાં વપરાય નહિ, એનો નિર્ણય કરવાનો અધિકાર શાસ્ત્રનો છે.** શાસ્ત્રના એ અધિકારને છીનવી લઈને, એ અધિકાર બોલી બોલનારાઓને આપી દેવો કે બોલી બોલનારાઓએ એ અધિકાર લઈ લેવો, એ બન્ને જ અનુચિત છે. (થાણામાં આ સુધારો થઈ ગયો છે.) પાટાણમાં, તે જ સમયે, બોલી બોલનારની ઈચ્છા અંગે કરાયેલા ઠરાવની બાબતમાં, પૂ. મુનિરાજે આ જ તરફથી વિરોધ જાહેર કરવામાં આવ્યો હતો. એ પાણ ભૂલવું જોઈએ નહિ. (છતાં સુધારો કર્યો નથી). ■

:: કેશ મુગ્ધની કથા ::

તાંબાના કુંભ જેવા મસ્તકવાળો કોઈ ટાલવાળો પુરુષ હતો. મૂર્ખ તથા ધનવાન એવો તે આ લોકમાં વાળ વિના જગત પામતો હતો. હવે, બીજાની ઉપર આજીવિકા ચલાવનાર કોઈ ધૂર્ત તેની પાસે આવીને કહ્યું કે "એક વૈદ્ય છે જે કેશ ઉગાડવાનું ઔષધ જાણે છે." એ સાંભળીને તેણે કહ્યું "તેને જો તું મારી પાસે લાવે તો હું તને તથા તે વૈદ્યને ધન આપીશ." તેણે એમ કહ્યું, એટલે પેલો ધુતારો થોડા સમય સુધી તેનું ધન વાપરીને પછી એ મૂર્ખ પાસે એક ધૂર્ત વૈદ્યને તેડી લાવ્યો. ઘણા સમય સુધી તેની ઉપર આજીવિકા ચલાવ્યા પછી એક વાર તે વૈદ્યે પાગ પોતાના માથાં ઉપરથી પાઘડી ઉતારીને એ મૂર્ખને પોતાનું ટાલવાળું મસ્તક બતાવ્યું એ જોયાં છતાં પાગ પેલા વિચાર વિનાના જડબુદ્ધિએ એ વૈદ્ય પાસે કેશ માટેના ઔષધની માંગણી કરી ત્યારે એ વૈદ્યે કહ્યું કે "હું પોતે ટાલવાળો હોવા છતાં બીજાનાં વાળ રીતે ઉગાડું?" એટલા માટે જ હે મૂર્ખ! મેં વાળ વિનાનું મારૂ મસ્તક તને બતાવ્યું તો પાગ તું સમજતો નથી, તો તને ધિક્કાર છે! એમ કહીને તે વૈદ્ય ગયો.

(કથા સરિત્સાગર ૧૦૦)

રામની રમણીયતા

—પૂ. મુનિરાજ શ્રી વજ્રસેન વિજયજી મ., રાજકોટ.

જૈન શાસનમાં એક આદિત્યનો અસ્ત થયો સર્વના મનોભાવો જો દેખાય તોઅનુભવો થાય કે આજનો જૈનો સર્વ ને અંતરમાં આઘાત લાગ્યો છે.

સૂર્યથી અધિક તેજસ્વી ચંદ્રથી અધિક શીતલ સાગર સા ગંભીર ગુરૂવરના વિદાયના સ્વર સૂનતા, શિરમાં યાદ આવી ગઈ ખંભાત નગરની. પુણ્યભૂમિ જ્યાં મને મારી બેન મહાસતી જયશ્રી, ભત્રીજી દેવીકા સાથે એક અનમોલ ચરાણ સેવાનો લાભ મળ્યો હતો.

૨૦૨૫ ની સાલ હતી જ્યારે દેદવાણ નગરમાં આબુભાઈની ઉદારતા ભરી ભક્તિનો અનુભવ કરાવતી ઉપધાન તપની આરાધના હતી. ૭૦૦ આરાધકો હતા. સર્વની ભક્તિ ઓની ભરતી પૂ. ગચ્છાધિપતિ શાસન સંસ્કાર દિવ્ય જ્યોતિર્ધર આચાર્ય સમ્રાટ રામચંદ્ર સૂરિજી મહારાજ સાહેબના મંગલ પ્રવચનોથી આકાશને આંબી જતી હતી.

નાની ઉંમરમાં મહાન તપ માટે મારી હિમ્મત થતી ન હતી. પાણ છાણીથી પરિવાર સાથે પૂજ્યશ્રીના ચરણોમાં આવ્યો ને પ્રૌઢ વૃધ્ધ ગીતાર્થ ચમત્કારી ગુરૂવરની સામે બેઠોને ઉપધાન કરવા આવ્યો છે ?

મીઠા મધુરા ટહુકારે દિલમાં દિવ્ય ચેતનાને હિમ્મત આવી ગઈ તબીયત નરમ ગરમ ચાલતી હતી પાણ પૂજ્યશ્રીના દિવ્ય ચમત્કારે સુંદર સાધનાનો સંગમ કરાવી દીધો.

પ્રતિ દિન છોડવા જેવો સંસાર, મેળવવા જેવો મોક્ષને લેવા જેવો સંયમના મંગલ ગાને અમારા મન મયુરોરો સંયમના ભાવોમાં નાચવા લાગ્યા. મારા વડિલ બંધુ મુનિ વારિષેણ વિજય મ. ને (હાલ આચાર્ય) પત્રથી જાણ કરી હું ને મારી ભત્રીજી સંયમ લેવાના છે ત્યારે પૂજ્યશ્રીને અનેરૂ આશ્ચર્ય થયું પરંતુ અમોએ લખેલ કે દીક્ષાના દાનવીર સંયમના શૂરવિર પૂજ્ય આચાર્યદેવેસના મન મૂકીને વરસતા મંગલ આશીર્વાદો અને પ્રવચનોએ અમારા સંસારના મોહને ભીંજાવી નાખ્યો છે. યાદ કરતા નયનો ભરાઈ જાય છે કેવા પ્રભાવક પ્રવચનકાર હતા એ ગુરૂવર કે જેમના એકેક પ્રવચનોથી ભલ ભલા નાસ્તિકો, બેરિસ્ટરો ધર્મ ભાવનાથી ડોલવા લાગે છે. મીઠી વાણીની મોરલીએ અનેકોના અંતરમાં અહિંસાની અલખ જગાવી હતી. દીક્ષાના વીરોધીઓને પાણ દીક્ષા લેવા ઉત્સુક બનાવી દીધા હતા. તેઓની સંયમ પાલનની તત્પરતા તો જ્યારે ફરી દીક્ષા બાદ પૂ. ગુરૂદેવ વારિષેણ સૂરિ. મ. સાથે સિદ્ધિગીરીરાજની છાયામાં પન્ના-રૂપા ધર્મશાળામાં પ્રવચનો સાંભળવાની તક સાંપડી ત્યારે એકવાર પૂજ્યશ્રીના પ્રવચન અગાઉ મુનિવર પૂર્વભૂમિકા પ્રવચનની સમજાવતા હતા. પરંતુ પ્રવચન કરવાની ઉત્કૃષ્ટ ભાવનામાં મુનિવરનો મુહપતિનો મુખ્ય ઉપયોગ વિસરાઈ જતો હતો. ત્યારે પૂ. આચાર્યશ્રી ખુદની મુહપતિ હાથમાં રાખીને ઉપયોગ કરવા ધ્યાન દોરતા હતા.

મનમાં થતું બીજાની ભૂલ જોનારા ઘણા હોય છે. સુધારવા પાણ લગન રાખે પાણ સ્વયં શું કરે તે જોવાનો વારો થયો ને. જ્યાં ૮૪ વર્ષની પાકટ વયે યુવાનને શરમાવે તેવી મેઘગર્જના જેવી છટાથી મુહપતિના પાઠ. બોલમાં કેવા ભાવો ભર્યા છે તે જ્યારે સાંભળ્યું ત્યારે લાગ્યું જીવનમાં આવો અમૃતનો સ્વાદ લેવાનો રહી જાત. પૂ. શ્રી એ પરિહરવા યોગ્ય પાપો માટે જે રજુઆત ભાવોથી કરી તે જોતા મનમુકી જાય કે આવી વયો વૃધ્ધ ઉમરે અસ્વસ્થ સ્વાસ્થયમાં પાણ કેવો ઉપયોગ મનમાં રમતો હશે.

કેટલા ઉચ્ચ ભાવો ઉપયોગ પૂર્વક કેળવ્યા હશે સંસ્કારોને આત્મસાત્ કરવા કેવા શિક્ષાણ પામ્યા હશે. આજ જ એક મહાપુરૂષની વિદાય સૌને અંતરમાં વેદના આપી ગઈ છે.

જૈન શાસન માટે પાણ તેઓની સાથે વડિલોની થતી ચર્ચાઓ જ્યારે સાંભળીયે ત્યારે લાગે કેટલી વિશાલ હૃદયની

ઉદારતા દાખવે છે. બાલ દીક્ષા, અહિંસા, તીર્થપ્રકરણ, દ્રવ્ય તિર્થી ચર્ચા જેવા વિષયોમાં એક જ સૂર શાસ્ત્ર સિદ્ધાંતની આજ્ઞાઓ હું મુકવા તૈયાર છું. વર્ષો અગાઉના પ્રવચનો વાંચો કે આજના પ્રવચનો સાંભળો પણ એકેય અક્ષરનો ફેરફાર નહિ. સદાકાળ એક જ વાક્ય મોક્ષ માટે પ્રયત્ન કરો. સ્વીકારવું જ પડે છે. ભલભલાને કે જે આચાર્યશ્રી રામચંદ્રસૂરિજી મહારાજ ફરમાવે છેતેમા મીનમેખ પણ ગલત નથી. અયોગ્ય વાત કદી તેઓ સ્વીકારતા જ નહિ આજે તો લાગે છે કે એક વાત માં બારી મૂકી એટલે છેલ્લા પાટલે પહોંચી ગયા જેવું થવા આવ્યું છે.

જ્ઞાન ધ્યાન તપ ત્યાગની વાતોમાં આજના ક્રાંતિકારીને રસ નથી માન પાન, સન્માનમાં ફસી જાય છે. ને આચારો છોડીને પ્રચારના વાવંટોળમાં ધર્મનામે અધર્મના ફુગાવો જેવો થઈ ગયો છે. આજે સૂર્યના અસ્ત થ ાથી ઘુવડોના રાજાઓ મસ્ત થવા માંડયા છે. કોઈને ક ી શકતું નથી. સમજીને વિચારીને આત્મના કલ્યાણનો લ ા લગાવવાથી પૂ. શ્રી ના સિદ્ધાંત પસંદ પડે છે. માનસરોવર હંસને તો જ્યાં હશે ત્યાં મોતીનો ચારો જૈનશાસનનાનની આરાધનાનો મળી જશે. ખામી આપના જેવા માન સરોવ ના જલને છે કે મહાન પુરૂષની ખોટ રહે છે. દિવ્ય પ્રેરણાના અભાવે મહાન દુર્લભ માનવ ભવ સફલ થતો અટકી જાય છે. અશિષ વર્ષવિ ને સંયમશુદ્ધિ દે. ભાવના ભરતી લાવે મોક્ષ કિનારે પહોંચાડે.

* સુધરો *

સર્વ પાપોની પેદાશ કઇ ઇન્દ્રિયથી થાય છે ? આંખ જ પાપોનું પ્રોડકશન કરે છે. વાસનાઓનું મુખ્ય સ્થાન આંખ જ છે.

''આંખ'' એ વિકાર - વાસનાઓનું જન્મ સ્થાન છે. વાસના જન્મે છે આંખમાં, વધે છે ઇન્દ્રિયોના સંસર્ગમાં અને વસે છે દિલમાં - મનમાં, આંખ સામે આવ્યું વિજાતીય રૂપ.

વાસનાનો જન્મ થયો, કાને તેને સાંભળવા પસંદ કરે. જીભ તેને બોલાવવા ઇચ્છે. શરીર તેના સ્પર્શને ઝંખે છે. શરૂઆત આંખથી

''જીભ સુધરી તો જીવન સુધર્યું,
આંખ સુધરી તો આત્મા સુધર્યો.''

— રશ્મિકા

હળવી ફૂલ ફિલસૂફી

પોતે કેવી રીતે જ્ઞાન પ્રાપ્ત કર્યું, એ અંગે ગુરુ કદી વાત કરતા નહીં. શિષ્યો ઘણી વાર જુદા જુદા પ્રશ્નો પૂછીને ગુરુને તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. તેની વાતો કઢાવવાનો પ્રયત્ન કરતા પણ ગુરુ તેને ટાળી દેતા હતા. તેમને એટલી ખબર હતી કે ગુરુના પુત્રએ પણ એક દિવસ બહુ જીદ કરીને તેમને પૂછ્યું હતું, ''જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો એ ક્ષણે તમને કેવી અનુભૂતિ થઈ હતી ?

ગુરુએ ત્યારે કહ્યું હતું, ''હું મહામૂરખ હોઉ એવું મને લાગ્યું હતું.

જવાબ સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયેલ પુત્રને ગુરુએ સમજાવ્યું હતું, ''દીકરા, એક મકાનમાં ઘૂસવા માટે મહામહેનતે પાંછલી દીવાલ પરથી ચઢીને બારી સુધી પહોંચીએ, ગમે તેમ કરીને બારી ખોલીએ અને અંદર ગયા પછી ખ્યાલ આવે કે ઘરનું મુખ્ય બારણું ખુલ્લું જ હતું. તો કેવું લાગે ?

('હસતા ફિલસૂફ' સ્વ. ફાધર ટોની ડીમેલોના બોધકથા સંગ્રહ 'ધ પ્રેયર ઓફ ધ ફ્રોગ'માંથી સાભાર.)

— સૌજન્ય : સંદેશ

કંજુસ શેઠ

- વસંત મિસ્ત્રી

એક હતા શેઠ. આખો દિવસ રામરામ બોલે પાણ કદી હાથ નાંખી પૈસા ના છૂટે લોકો એને કંજૂસરામ કહેતા.

કંજુસરામને ત્યાં એક નાનકડો બાગ હતો. બાગમાં જાતજાતના પક્ષીઓ આવે પતંગિયા આવે ભમરા આવે આ બધા બાગની મઝા માણે. ધીરેધીરે બાગ સુકાતો ગયો. કંજુસરામથી નવા છોડ માટે પૈસા ના છૂટે કે નવા માળી માટે પૈસા ના છૂટે પણ કંજૂસરામની પત્ની ખૂબ ધાર્મિક તેમાગે તો દરરોજ મંદિરે જવું ગમે ભગવાનને ફૂલ ચઢાવવું ગમે. કંજુસરામ પત્નીને અવારનવાર કહે : **'જો ભાગ્યવંતી,** તારે આપણાં બાગના ફૂલ જ ચઢાવવા. તેનાથી જ ખૂબ પૂણ્ય લાગે. પણ તેમના પત્ની સમજે કે કંજુસરામને બજારના વેચાતા ફુલ્યો ના ગમે. પૈસા આપવા પડે એટલે આવી વાત તે પોતાનાં પત્નીને વારંવાર કરે.

હવે તેમના બાગમાં ફૂલ ઓછા ઉગવા માંડ્યા. પત્નીને તો મંદિર માટે ફૂલ જોઈએ અને અંબોડામાં નાંખવા માટે વેણી જોઈએ હવે કંજૂસરામ મુંઝાયા. તેમની પત્નીને એક દિવસ બજારમાંથી વેચાતા ફૂલ લઈ આવ્યા. પોતાનો બાગ છતાં ફૂલ માટે પૈસા ખર્ચાય એ તો કેમ ચાલે ? છેવટે કંજુસરામે એક માળી રાખવાનું વિચાર્યું તેમણે બે ત્રણ ઓળખીતા મિત્રોને વાત કરી.

એક દિવસ એક ભાઈ નોકરી શોધતા આવ્યા. કંજુસરામે કહે : ''જુઓ, ભાઈ આપણો બાગ તમારે સવાર-સાંજ સાફ કરવાનો, પાણી વાળવાનું, ફૂલો તોડવાના અને સાંજે સૂર્યાસ્ત થાય એટલે બાગનો ઝાંપો બંધ કરી દેવાનો સાંજે જમીને જવાનું.''

આ શરત પેલા ભાઈને ના ગમી. આખાં બપોરના જમાણની વાત ન હતી. પગારની વાત પણ ન હતી. બીજા દિવસે તે ભાઈ દેખાયા નહિ. કંજુસરામ સમજી ગયા તેમને થયું કે શરતમાં સુધારો કરવો પડશે. ગમે ત્યાંથી માળી તો રાખવો જ પડશે. બીજી બાજુ તેમના પત્ની તો દરરોજ પાંચ રૂપિયાના ફૂલ લઈ થોડા વાળમાં નાંખવા માંડ્યા અને થોડા મંદિરે લઈ જવા માંડ્યા. શેઠને થયું આ તો ખોટું થાય છે. ફરી તેમાગે એક ભાઈને શોધી કાઢી બાગકામ કરવા કહ્યું.

શેઠ કહે: ''જૂઓ ભાઈ તમારે આ બાગમાં આખો દિવસ કામ કરવાનું. સવારનો નાસ્તો મળશે. બપોરનું જમાણ અને રાતનું વાળુ કરવાનું. વધારામાં ૧૦ રૂપિયા પગાર આપીશ. બોલ ફાવશે ?

પેલા ભાઈને થયું કે ચાલો, બેકાર છે તેના કરતાં, ત્રણવાર જમવાનું તો મળી જશે. તેણે 'હા' કહી અને બીજા દિવસથી કામ શરૂ કરવાનું નક્કી કર્યું. સાંજે શેઠને વિચાર આવ્યો કે એ માળી તો એમને મોંઘો પડવાનો રોજના ૧૦ રૂપિયા લેખે મહિનાના ત્રણસો રૂપિયા થાય સવારના નાસ્તાના અને બે વાર જમાણના પચ્ચીસ રૂપિયા ગણે તો ૭૫૦ રૂપિયા થઈ જાય આમ એક હજાર પચાસ રૂપિયાનો માળી તો મોંઘો પડે...! એના કરતાં વેચાતા ફૂલ શું ખોટાં ?

તેમને એક યુક્તિ સુઝી. બીજા દિવસે સવારે માળી આવ્યો શેઠ એક નાની રકાબીમાં સવારનો નાસ્તો, બીજી ડીશમાં બપોરનું દાળ-ભાત અને ત્રીજી ડીશમાં સાંજની ભાખરી મુકી એક સાથે આપી દીધા પેલા ભાઈ પણ હોંશિયાર બધુ એક સાથે પતાવી દઈ ઉભા થઈ ગયા. શેઠ તેના હાથમાં ૧૦ રૂપિયા મૂકી બાગકામ શરૂ કરવા કહ્યું.

પેલાભાઈ કહે, ''શેઠ, મારું સાંજનું જમવાનું આવી ગયું ને ?''

કંજુસરામ કહે, ''હાસ્તો વળી, હવે શું બાકી છે ?''

''પેલા ભાઈ કહે : 'શેઠ, રાતનું વાળુ કર્યા પછી હું કશું કામ કરતો નથી બસ સૂઈ જાઉં છું...! એટલું કહી કંજુસરામને તોણે ''રામ... રામ કહ્યા અને પોતાને ઘેર ચાલી નીકળ્યો...!!

- સૌજન્ય : ગુ. મિ.

સમાચાર સાર

સાંગલી : અત્રે પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિતવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ તથા પર્યુષણ આરાધના અનુમોદનાર્થે શાંતિસ્નાત્ર સહિત નવાહ્નિકા મહોત્સવ ભાદરવા સુદ ૧૩ થી ભાદરવા વદ ૬ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

જૈન મર્ચન્ટ સોસાયટી અમદાવાદ : અત્રે પર્વાધિરાજ તથા ચાતુર્માસિક વિવિધ આરાધના નિમિત્તે પૂ. ગણિવર્યશ્રી નયવર્ધન વિજયજી મ. આદિની નિશ્રામાં ભા. સુ. ૧૩ થી વદ દ્વિતિય ૨ સુધી શાંતિ સ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

જામનગર (ઓસવાલ કોલોની) : અત્રે ચાતુર્માસ બિરાજમાન પ્રવચનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા., પૂ. મુનિપ્રવર શ્રી કુલશીલ વિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસમાં અવિસ્મરણીય આરાધનાઓ ચાલી રહી છે. પૂજ્યશ્રીના પ્રવચનોની પ્રેરણા પામીને સંઘમાં સામુદાયિક ગણધર તપ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની આરાધનાના અઠ્ઠમ આદિ અનેકવિધ આરાધનાઓ પર્વાધિરાજના આરંભ પહેલા સંપન્ન થઈ. સંઘમાં અનુપમ ઉત્સાહનું વાતાવરણ સર્જાયેલ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધનામાં સંઘમાં માસક્ષમણ, ૨૧ ઉપવાસ, ૧૬ ઉપવાસ, ૧૧, ૧૧, ૮ વિશાલ સંખ્યામાં અઠ્ઠાઈઓ, અઠ્ઠમો આદિ તપશ્ચર્યાઓ વિપુલ પ્રમાણમાં થઈ. પર્વાધિરાજ, પર્યુષણ મહાપર્વમાં વિશાલ સંખ્યામાં પ્રવચન શ્રવણ માટે ભાવિકોની ઉપસ્થિતિથી વિશાલ હોલ, મંડપ પણ સાંકડો પડવા માંડ્યો, પૂજ્યશ્રીજીને કલ્પસૂત્ર, બારસા સૂત્ર આદિ વહોરાવવા વાદિની ઉછામણીઓ, સ્વપ્નદ્રવ્યની અપૂર્વ ઉછામણીઓ, સાધારણ જીવદયા, સાધર્મિક ભક્તિ આદિના વિશાલ ફંડોથી સંઘમાં દાન શીયલ, તપ, ભાવ ચારે પ્રકારના ધર્મની અપૂર્વ આરાધના / સાધના થઈ. ભા. સુ. પના સર્વે તપસ્વીઓના પારણા હિતેષકુમારના ૧૧ ઉપવાસ નિમિત્તે શ્રી હરખચંદ દેવશી ગૃહકા પરિવાર તરફથી થયેલા. તપસ્વીઓનું બહુમાન પણ અપૂર્વ થયેલ. ભા. સુ. ૬ ના સંઘના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ૬૮ ભૂતપૂર્વ રથયાત્રાનું આયોજન થયેલ. ૬૮માં અનેક વાહનો.. આકર્ષક મંડપથી શણગારાયેલ ઉંટ ગાડીઓ આદિ દ્વારા અપૂર્વ શાસન પ્રભાવના થયેલ. ભા. સુ. ૮ ના સમસ્ત લાલન વિશા ઓશવાલ જ્ઞાતિનું સંઘબળ ગણ ઓશવાળ સેન્ટરમાં થયેલ. ભા. સુ. ૧૩, ૧૪ અને ભા. વ. ૧૨ ત્રણ દિવસ સમસ્ત જામનગરના જિનાલયોની પ્રભાવક ચૈત્યપરિપાટીનું આયોજન થયેલ. પૂ. સા. શ્રી નિર્મળા શ્રીજી મ., પૂ. સા. ઈન્દુરેખાશ્રીજી મ. ની નિશ્રામાં અઠ્ઠાવનમાં પણ સુંદર આરાધનાઓ ચાલી રહી છે. પૂજ્યશ્રીના પદાર્પણથી સુંદર ધર્મ જાગૃતિ થવા પામી છે.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી નિવેદન : ૬૮ યાત્રિકો ચોમાસામાં પણ તિર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજ ઉપર જાય છે તેઓને આથી જાણ કરવામાં આવે છે કે પૂજ્યશ્રી, દાદાજીના દેરાસરના ગભારામાં તથા શ્રી દાદાજીની ટુંકમાં મુખ્ય જિનાલયોમાં ઓપકાર તથા સફાઈકામ કરવાનું હોવાથી.

"પ્રથમ આસો સુદ-૬ તા. ૨૨-૯-૦૧ થી દ્વીતીય આસો સુદ-૬ તા. ૨૨-૧૦-૦૧ સુધી" પૂજ્યશ્રી દાદાજીના દેરાસરમાં તથા મોટી ટુંકના અન્ય મુખ્ય જિનાલયોમાં યાત્રિકથી સેવાપૂજા થઈ શકશે નહિતર્નો આથી દરેક યાત્રીકોને જાણ કરવામાં આવે છે.

નાગપુર (મહારાષ્ટ્ર) : અત્રે પૂ. આ. શ્રી વિજય રાજેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉપધાન ચાલુ છે. કા. વ. ૧૪ માળ પરિધાન થશે. માગશર સુદ ૧ ના પૂજના સંઘે. પોષ સુદમાં બેતુલગંજમાં પ્રતિષ્ઠા છે. મહાન સુમાં દીસામાં દીક્ષાઓ છે.

બેંગ્લોર : નગરશેઠ પેટમાં પૂ. આ. શ્રી નિત્યોદય સાગરજી મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી દર્શન સાગરસૂરીશ્વરજી મ. ની અ.સુ.૧૧ પુણ્યતિથિ નિમિત્તે પૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ, ભા. વદ ૩ થી ૭ સુધી ઉજવાયો.

મંગલોર : પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિ વિજયજી મ., પૂ. મુ. શ્રી પ્રશાન્ત રતિ વિ. મ. ની નિશ્રામાં પૂ. પિતાશ્રી રમેશલાલ ભાઈ તથા માતુશ્રી શૈલાબેનની વિવિધ આરાધના ની અનુમોદનાર્થે પ્રથમ આસો સુદ ૪ થી ૬ ત્રણ દિવસનો મહોત્સવ યોજાયો સુદ ૬ ના સાધર્મિક વાત્સલ્ય થયું.

મુંબઈ ડીલાઈટ રોડ : પૂ. આ. શ્રી ચિદાનંદ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં નૂતન મુનિ શ્રી હેમકીર્તિમુનિ મ. ના માસક્ષમણ તપસ્યા નિમિત્તે તા. ૧૫-૯ થી તા. ૧૦-૯ સુધી પંચ દિનકા મહોત્સવ ઉજવાયો.

છાણી : પર્યુષણામાં નાની ઉંમરના બાળકોની તપસ્યાનું વિશિષ્ટ છે. તેમાં પણ ૬ વર્ષનાં બાળકે જીવનમાં સૌ પ્રથમ ઉપવાસ કરી પારણાં ઉપર તુરત ૧૦ ઉપવાસ કરેલ છે. ભા. સુ. ૧ નો ભવ્ય વરઘોડો હતો. ત્યારબાદ ભા. સુ. ૬ નો પણ વરઘોડો હતો. પર્યુષણા દરમ્યાન પણ ૨-૩ વરઘોડા હતાં. ભા. સુ. ૧ ના ત્રણે ટાઈમનો સાધર્મિક વાત્સલ્ય તેમજ ભા. સુ. ૬ થી ભા. સુ. ૧૨ સુધી રોજ સાધર્મિક વાત્સલ્ય છે. ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ૨૬૦ આંબેલ થયેલ તેમજ ચાતુર્માસ દરમ્યાન સાંકળી આંબેલ, સાંકળી અઠ્ઠમ તેમજ સાંકળી અઠ્ઠાઈની આરાધના ચાલુ છે. ૧ રવિવારે વીરના એકાસણાં ૧ રવિવારે દીપક એકાસણાં (બધા ભાગ્યો) ના તથા ૧ રવિવાર ધેબરાંદહીંના એકાસણાં વિ. થયેલ છે.

રંગસાગર - અમદાવાદ : સંઘસ્થવિર સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. સિદ્ધિ સૂ. મ. સા. (પૂ. શ્રી બાપજી મ. ની) ભા. વ. ૧૪ ની પુણ્યતિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં પૂ. પ્રશાન્ત દર્શન વિ. મ. એ તેમના ગુણાનુવાદ કરેલ તથા સૌ. જયાબેન કલ્યાણભાઈ શાહ તરફથી વ્યાખ્યાન પ્રતિક્રમણમાં ૧ રૂા. ની પ્રભાવના તથા શ્રી જિનાલયમાં સુંદર અંગરચના રચાયેલ.

અમદાવાદ : શ્રી દાનસૂરિ જ્ઞાનમંદિર માં પૂ. તપસ્વી મુ. શ્રી વિરાગદર્શન વિ. મ. ના વીશ સ્થાનક તપની પૂર્ણાહુતિના પાળા પ્રસંગે પ્ર. આસો સુદ ૧૩, રવિવાર તા. ૩૦-૯-૨૦૦૧ ના શ્રી વિશ સ્થાનક પૂજન પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા આદિની નિશ્રામાં શ્રી સંઘવી ચંદુલાલ જેશીંગભાઈ પરિવાર (કદાતીર્થ) મુંબઈ તરફથી ભાગ્યવાઈ. વિધિ માટે જામનગરથી શ્રી નવીનભાઈ બાબુલાલ શાહ તથા સંગીતકાર શ્રી કુંપશ કુમારની મંડળી પધારેલ.

શિવગંજ (રાજ.) માં અદ્‌ભુત આરાધનાઓ

શિવગંજ (રાજ.) માં પ. પૂ. દીક્ષાદાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ. ના શિષ્ય પંન્યાસપ્રવર શ્રી રવિરત્નવિજયજી મ. ઓસવાળ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ કર્યો ત્યારથી ૬૪ ભવ્ય આરાધનાઓનો યજ્ઞ મંડાયો હતો. પ્રવેશ નિમિત્તે સામુહિક આંયબિલ અને દરરોજ ૬૪ ઉપદેશમાળા ગ્રંથ ઉપર પ્રવચનો. રવિવારે જાહેર જૈન રામાયણ અને મહાભારતના પ્રવચનોથી જાગૃતી આવી હતી. તેથી ખિચડના એકાસણા, લુણિખિચડ, વીર ગુણવરતપ, આદિને સાથે સંઘ પર્યુષણા મહાપર્વની આરાધનાઓ અષ્ટાહ્નિકા અને કલ્પસૂત્ર, આરાધનાસૂત્રના વ્યાખ્યાનોના શ્રવણનો રસ અજબનો હતો જિંદગી પહેલી ૬૪ વખત સાંભળા લોકોએ સંપૂર્ણ વ્યાખ્યાનો સાંભળ્યા હતા. પર્યુષણા દરમ્યાન ૧૬, ૧૫, ૧૧, ૧૦, ૯ અને અનેકો અઠ્ઠાઈની તપસ્યા કરી હતી. તેમનું ભવ્ય સન્માન, બહુમાન સમારોહ ઉજવાયો હતો. પર્યુષણા અને વાર્ષિક કર્તવ્યો નિમિત્તે સંઘ ૯ દિવસનો ભવ્ય ભક્તિ મહોત્સવ, ૮ ચૈત્ય પરિપાટી જાકોડાજી તીર્થ, કોરટાજીતીર્થ, સુમેરપુર, બડગાંવ, પાલડી આદિની નિકળી હતી. સામુહિક નવલાખ મહામંત્રોના જાપનું આયોજન થયું તેમા નવકાર મંત્રનો સંપૂર્ણ જાપ થતાની સાથે ૬૪ બોક્સ ઉપર કેશર, બાદલ યુક્ત વાસક્ષેપનો વર્ષાદ થયો હતો. દર રવિવારે ભવ્ય ચૈત્યપરિપાટી, દુષ્કૃત ગર્હાની આરાધના,

...ર સ્વામીની ભાવયાત્રા, શંત્રુજ્ય મહાતીર્થની ...ત્રા, ૨૪ જિનની અષ્ટપ્રકારી પૂજા સાથે ભાગ્યભક્તિ ...ના આદિનું આયોજન ચાલુ જ છે. નવપદજીની ...ળી અને દ્વિ. આસોજ સુદી ૧૧ તા. ૨૭-૧૦-૨૦૦૧ ...ભ્ય ઉપધાન તપની આરાધના પ્રારંભ થશે. ઘણા વર્ષો ...ી સંઘમાં આરાધનાઓનો ઉલ્લાસ વધ્યો છે.

...હાસુખ નગર - કૃષ્ણનગર : આ. શ્રી કીર્તિસેન સૂ. મ...ની નિશ્રામાં આરાધના અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર પૂજન આદિ ત્રાણ દિવસની મહોત્સવ તા. ૧૪-૯- થી ૧૬-૯- સુધી ઉજવાયો.

...જકોટ : વર્ધમાનનગરમાં શ્રીમતી સૂરજબેન મગનલાલ મહેતાના સમાધિ મરણની અનુમોદના નિમિત્તે પૂ. મુ. શ્રી લાભ વિ. મ. તથા પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. આદિની નિશ્રામાં આસો સુદ ૫ થી ૭ વીશસ્થાનક પૂજન આદિ ત્રાણ દિવસનો મહોત્સવ ભક્તિપૂર્વક ઉજવાયો.

...ોટાદ : અત્રે કારીયાણી વાળા શાહ અમુલખભાઇ પરસોત્તમભાઈના આત્મ શ્રેયાર્થે ગિરિરાજ સોસાયટીમાં આસો સુદ દ્વિ. ૧૦ ગુરુવાર, તા. ૨૭-૯-૨૦૦૧ ના સવારે ૯-૦૦ કલાકે સિદ્ધચક્ર મહાપૂજન તેમના પરિવાર તરફથી ભવ્ય રીતે રાખેલ. બપોરે સંઘ સ્વામિવાત્સલ્ય રાખેલ.

...ારદેવ ફોરજેટ હીલ : કુમુદ મેન્શનમાં ચાતુર્માસ આરાધના, પર્યુષણ આરાધના તથા પૂ. મુ. શ્રી મતિરત્ન વિ. જયજી મ. ની ૧૦૮ પાર્શ્વનાથ અઠ્ઠમની અનુમોદનાર્થે પ્ર. આ. સુ. ૧૩-૧૪-૧૫ ત્રાણ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો.

...ના ભવાની પેઠ : ન્યુ ટીંબર માર્કેટ શ્રી મનમોહન પાર્શ્વનાથ દેરાસરે પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ૫૬ દિક્કુમારી ભવ્ય મહોત્સવ સહિત ત્રાણ દિવસનો મહોત્સવ પ્ર. આસો સુદ ૬ થી સુદ ૮ સુધી નવાણું અભિષેક પૂજા અષ્ટાપદ પૂજા આદિ સાથે ઉજવાયો.

...વસારી : અત્રે પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં નવ દિવસ વાંચના ...ણી પ્ર. આ. વ. ૪ તા. ૬-૧૦-૨૦૦૧ થી પ્ર. આ. વ. ૧૨ તા. ૧૪-૧૦-૨૦૦૧ સુધી થયો. સ્થળ: રમાગુલાલ ...રાધના ભવન, કે. જી. હોસ્પીટલની સામે નવસારી. ફોન ...૧૩૫૬.

અમદાવાદ - નારણપુરા ચાર રસ્તા : પૂ. આ. શ્રી વિજય નિમાના સૂ. મ. આદિ તથા પૂ. ...ા. શ્રી રતિપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા શ્રી શીલરત્નાશ્રી...જી મ. આદિની નિશ્રામાં પૂ. નૂતન દીક્ષિત સા. શ્રી પાવનય...શ્રીજી મ. ને માસખમણ તપ નિમિત્તે ભા. વ. ૦)) થી પ્રથમ આસો સુદ ૫ સુધી પંચાહ્નિકા મહોત્સવ સુંદર રીતે યોજા...ો.

સંગમનેર : પૂ. બાપજી મ. ના સમુદાયના પૂ. સા. શ્રી ભાગ્યરત્નાશ્રીજી મ. ના ચાતુર્માસમાં વિવિધ ...પસ્યા તથા પૂ. સા. શ્રી ભાગ્યરત્નાશ્રીજી મ. ના ૨૭ વર્ષના સંયમ જીવન. પૂ. સા. ભક્તિરત્નાશ્રીજી, પૂ. સા. શ્રી આર્યરત્નાશ્રીજી મ. ના વીશસ્થાનક તપ તથા પૂ. ...ા. શ્રી દિવ્યરત્નાશ્રીજી મ. ના ૧૦૮ સળંગ અઠ્ઠમ તથા પૂ. ...ા. શ્રી મંગળરત્નાશ્રીજી મ. ની ૨૭ ઓળી નિમિત્તે પ્ર. આ. સુ. ૬ થી પ્ર. આ. સુ. ૮ ત્રાણ દિવસનો ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત મહોત્સવ સુંદર રીતે ઉજવાયો.

ઘંટાકર્ણ એક રાક્ષસ હતો

ઘંટાકર્ણ એક રાક્ષસ હતો અને તે શિવનો ભક્ત હતો અને વિષ્ણુનો વિરોધી હતો.

(વિખ્યાત બંગાલી લેખક તારાશંકર બંદોપાધ્યાય શ્રી ભારતી જ્ઞાન સન્મતિ નવલકથા મહા દેવતા પાના નં. ૧૬૭)

જૈન સંઘમાં ઘંટાકર્ણની વિકૃત રજુઆત થઈ અને ઠેર ઠેર ઘંટાકર્ણ મહાવીર દેવતા નામે પ્રચાર થાય છે તે ખોટો છે.

આત્મતત્ત્વનો અનુભવ : પ્રવચનકાર આ. શ્રી કીર્તિસેન સૂ. મ., પ્રાપ્તિસ્થાન જૈન વાસુપૂજ્ય સ્વામી શ્રી મૂ. સંઘ મહાસુખનગર- કૃષ્ણનગર, અમદાવાદ. ડેમી ૮ પેજ પેપર ૭૦. કિં. રૂા. ૨૩, આચાર્ય દેવ શ્રી ના પ્રવચનના અંશો સંગ્રહિત કર્યા છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- જેને ભગવાન મલી જાય, ભગવાનનો માર્ગ ગમી જાય તેજ આ કલ્યાણક બરાબર ઉજવ્યા કહેવાય. ભગવાન આપણા હૈયામાં આવવા જોઈએ ભગવાનની એક એક આજ્ઞા આપણા હૈયામાં અંકિત થવી જોઈએ. તેમાં પહેલાં મિથ્યાત્વને ભાંગવાનું છે, સમ્યક્ત્વ મેળવવાનું છે, મિથ્યાત્વ પર ગુસ્સો આવવો જોઈએ અને સમ્યક્ત્વ પર પ્રેમ થવો જોઈએ.
- જેને વળગેલી લક્ષ્મી તારો સત્યાનાશ કાઢનારી છે એમ ભગવાને પહેલાં જ કહ્યું. બીજા નંબરે ભોગને ભૂંડો કહ્યો, ત્રીજા નંબરે દુનિયાના સુખની ઈચ્છાને ભૂંડી કહી અને ચોથા નંબરે દુનિયામાં જે કાંઈ પણ સારું તેને ભૂંડુ કહ્યું. આ બધી ઈચ્છાઓ કયારે જાય ? જ્યારે આખો સંસાર ભૂંડો લાગે ત્યારે.
- ભગવાન મહાવીરને સમજ્યા હોઈએ તો સંસાર કાળા કેર જેવો લાગવો જોઈએ. ધર્મ જ એક સારામાં સારી ઉત્તમ ચીજ લાગવી જોઈએ એવા જીવોનું જ કલ્યાણ થવાનું છે. ધર્મ કરતા હોય પણ કેવા ભૂંડા હોય તો તેનું કદી કલ્યાણ થવાનું નથી.
- જીવને સુખી કરવો હોય તો મોક્ષે મોકલવા સિવાય બીજો કોઈ ઉપાય નહિ જીવ સુખી ત્યારે જ કાં તો જે મોક્ષમાં જાય અથવા તો સમકિતની પ્રાપ્તિ કરે. સંસારમાં સુખી સમકિતી અને સમકિતનો અર્થી.
- બોલો તમે બધા સુખી છો કે દુઃખી ? સમકિતનો અર્થી દુઃખની ફરિયાદ જ ન કરે. ગમે ત્યારે પૂછો તો કહે આનંદમાં. કેમ આનંદમાં ? તો કહે કે દેવ - ગુરૂ - ધર્મ મલી ગયા છે. દેવ - ગુરૂ - ધર્મની જેને સામગ્રી મલી હોય તેને દુઃખ શું ? સંસારના સુખની સામગ્રીને સુખ માને તે પહેલા નંબરના દુઃખી છે. આ સામગ્રી સુખ રૂપ ન લાગી હોત તો તમે દુઃખી હોત જ નહિ. સમકિતનો અર્થી પણ દુઃખી અને સમજુ હોય તે કોઈ દિવસ ખાવાની કે ના ટકાની પહેરવા ઓઢવાની ફરીયાદ જ ન કરે.
- ધર્મ સમજવાની શકિત છતાં ધર્મ સમજવા પ્રયત્ન ન કરે તો તે ધર્મની બેદરકારી સૂચવે છે. ખરેખર વસ્તુતઃ ધર્મની બેદરકારી એ આત્મની બેદરકારી છે.
- સંસારમાં જીવ મા-બાપને સમર્પિત જોઈએ, ધર્મમાં દેવગુરૂને સમર્પિત જોઈએ.
- સમજીને ''ઈચ્છામિ ખમાસણો'' બોલનાર જીવ અવસરે મા-બાપના પગમાં પડીને કહે કે, 'ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા વિરૂદ્ધની આપની એક પણ વાત નહિ મનાય આપ માથું માગો તો આપીશ પણ ખોટી વાત પાળે નહિ માનું કેમ કે, આપ મા-બાપ માત્ર આ ભવના છો જ્યારે 'શ્રી અરિહંત પરમાત્મા તો ભવો ભવના મા-બાપ છે.'
- વિધિપૂર્વક ખમાસમણું દે તો રોગની દેન છે કે રોગ આવે ? નિકાચિત કર્મના ઉદયે રોગ આવે તે જુદી વાત. આ તો માનસિક, વાચિક કાયિક કરતા છે.
- 'ખમાસમણુ' તે 'નાટક' નથી પણ દેવ-ગુરૂને સમર્પિત ભાવની ક્રિયા છે.
- ભગવાન તો કહી ગયા છે કે, સમજવા છતાં પણ ધર્મ મરજી મુજબ ઊંધી રીતે કરે તો ખોડો નીકળી જવાનો છે.
- અમારે ઈર્યા સમિતિ વગર ચલાય ન કે, તમારે યતના વગર કોઈ કામ થાય નહિ.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
c/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

8113

Received
9-11-01

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૪
અંક ૧૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

પ્રશમ સુખને માટેનો પ્રયત્ન જ પ્રશસ્ય છે !

**भोगसुखैः किमनित्यैर्भयबहुलैः
कांक्षितैः परायत्तैः ।
नित्यमभयमात्मस्थं प्रशमसुखं
तत्र यतितव्यम् ॥**

(પ્રશમરતિ - ૧૨૨)

ઈન્દ્રિયજન્ય ભોગસુખો જે અનિત્ય છે, ઘણા ભયોથી યુક્ત છે, બીજાઓથી પણ. કાંક્ષિત છે અને પરાધીન છે તો તેવા ભોગ સુખો વડે સર્યું. માટે જે નિત્ય, અભયને આપનાર અને આત્મામાં જ રહેલું જે પ્રશમસુખ - આત્મધર્મનું સુખ - તેને માટે જ પ્રયત્ન કરવો હિતાવહ છે.

બોધકથા

ભૂષણ અને દૂષણ

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

મહાપુણ્યોદયે આવી સુંદર સમજ - સામગ્રીવાળો દોહિલો એવો મનખાદેહ મળ્યો છે. તો તેને શું કરવો છે ? ભૂષિત કે દૂષિત !

એકવાર એક જિજ્ઞાસુએ એક સાચા તત્ત્વજ્ઞાની મહાત્માની પાસે આવી અવસર પામી પૂછયું કે- 'દેહમાં ઉત્તમ અંગ કયું !' ત્યારે મલકાતા મહાત્માએ જવાબ આપ્યો કે- ''અંતઃકરણ અને જીભ.'' કરૂણા - દયાથી છલકાતું અને પાપભીરૂ હૃદય અને હિત - મિત - પથ્ય અને સત્યના નિવાસરૂપ જીહ્વા - એ બે દેહમાં ઉત્તમ અંગ છે. પછી તેણે પ્રશ્ન પૂછયો કે- 'દેહમાં અધમ અંગ કયું ? ' તો સહજતાથી મહાત્માએ કહ્યું કે- 'અંતઃકરણ અને જીભ' આ જવાબ સાંભળતાં જ તેના મોઢામાંથી આશ્ચર્ય 'હે' નીકળી ગયું. જેને આપે ઉત્તમ કહ્યા તે જ અધમ. આર્ષ અને અનુભવી પુરૂષોની વાણી કયારે પણ ખોટી હોતી નથી. પણ આજે આપણને આર્ષદ્રષ્ટા પુરૂષો પર સદ્‌ભાવ-વિશ્વાસ નથી.

તેથી તેના આશ્ચર્યનું સમાધાન આપતાં મહાત્માએ કહ્યું કે- ''ભદ્રે ! સાંભળ. અંતઃકરણમાં ક્રૂરતા અને જીભ પર અસભ્ય અસત્ય - પાપની પુષ્ટિ કરવાનો નિવાસ કરે તે અધમ છે. ક્રૂરતા અને અસત્ય એ બધા જ પાપોની જનની બને છે તેથી જ તે ભૂષણને પણ દૂષણ કરે છે. જ્યારે કરૂણા અને સત્ય આત્માને ભૂષિત બનાવે છે. આપણા દેહને આપણે કેવો બનાવવો છે ? ભૂષણ રૂપ કે દૂષણ રૂપ ? સુધારવો છે કે બગાડવો છે ? તત્ત્વજ્ઞાન પચ્યાની પારાશીશી જ આ છે કે આર્ષદ્રષ્ટાઓની અગમ્ય અનુભવવાણી પણ સત્ય જ લાગે છે. આ સમજનારું આપણું હૃદય થાય તો ય આપણે ગંગા નાહ્યા .

■ ■ ■

લાલસા માણસને કંગાળ બનાવે છે

- રતિલાલ ડી. ગુઢકા - લંડન

સમ્રાટ સિકંદરે એક વાર તુર્કિસ્તાન ઉપર ચડાઈ લઈને ગયો પણ ત્યાનો રાજા શાંતિથી બેઠો છે પ્રધાન સમજાવે છે મહારાજાને તો કહે સિકંદરને આવા એમ કરતા આવી ગયો ત્યારે પ્રધાન મંત્રી કહે સીમાડે સિકંદર આવી ગયો ત્યારે રાજા કહે હું ઉંઘમા નથી એ આવશે તેવો ચાલ્યો જશે તમે જરા પણ ગભરાશો નહિ. રાજા તૂર્કિસ્તાનનો. સિકંદરનું સન્માન કરવા ગયો બંને ભેટયા સિકંદરના મનમાં થયું આદર - સત્કાર પાછળ કંઈ માયા તો નહિ હોય ને ખૂબ સાવચેતીથી જાય છે. બધા સૌ સૌના સ્થાને જમવા બેઠા દરેકને જગ્યાએ રેશમી રૂમાલ ઢાંકેલી સોનાની થાળીઓ આવી ગઈ રાજાએ સિકંદરને ભોજન કરવ વિનંતી કરી. દરેકે પોતાના ભાણા ઉપરથી રૂમાલ લઈ લીધા તો દરેકના ભાણામાં ભોજનને બદલે જુદી જુદી ચીજો હતી સેનાધિપતિના થાળમાં સોનાના સિક્કા સેનાપતિના થાળમાં ચલણી નાણાંના સિક્કા અને સિકંદરના થાળમાં હીરા - મોતી અને માણેક ભરેલા હતા. આ જોઈને સિકંદરને ગુસ્સો આવ્યો ને આવેશમાં કડવા શબ્દો બોલ્યો કે તમે આ શું કર્યુ છે ? તમે મને જમવા બોલાવ્યો છે કે મારી મશ્કરી કરવા ! ત્યારે તુર્કિસ્તાનના રાજાએ કહ્યું કે કેમ ભોજનમાં ખામી છે. આપ જેવું ભોજન ઈચ્છો છો તેવું મેં પીરસ્યું છે. આપ દરરોજ જેવું ભોજન જમો છો તે તો ગ્રીસમાં બેઠા બેઠા પણ જમી શકો છો તમને જેની ભૂખ લાલસા લાગી છે તેને માટે તમો આટલુ કષ્ટ વેઠીને અહી આવ્યા છો એનુ લક્ષ ખેચીને મે આવું ભોજન પીરસ્યું છે બાકી મશ્કરી કરવાનો મારો ઈરાદો નથી, સિકંદર શરમાઈને ગ્રીસ પડાવ ઉઠાવી ચાલ્યો ગયો.

■ ■ ■

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક [illegible] વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪ | સંવત ૨૦૫૭ આસો વદ ૫ | મંગળવાર તા. ૬-૧૧-૨૦૦૧ | (અંક : ૧૧/૧૨

વાર્ષિક રૂ. ૧૦૦ | આજીવન રૂા. ૧૦૦૦ | પરદેશ રૂા. ૫૦૦ | આજીવન રૂા. ૫૦૦૦

નૂતન વર્ષની મંગલ કામના

-સંપાદકીય

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માનું પરમતારક શાસન જગતમાં વિદ્યમાન હોવા છતાં દુષમકાળના પ્રભાવે તેની તારકતા જોખમાઈ રહી છે. શાસનના સત્ય સિદ્ધાંતોની પ્રાણના ભોગે પણ રક્ષા કરવી અને સન્માર્ગને જગતમાં વહેતો રાખવો તે કપરું કામ છે પણ અસંભવિત નથી. તે માટે જ પ્રયત્નો કરવા તેમાંજ મન - વચન - કાયાના યોગોની સફળતા છે. માન - મોટાઈમાં મરતા માંધાતાઓ જ્યારે પોતાના ગુર્વાદિ વડિલોએ વિશ્વાસથી મૂકેલા વારસાને વફાદારીથી જતન કરવાના બદલે, ગૌરવપૂર્વક માન - સન્માન જાળવવાના બદલે અંગત હિતોના માર્ગથી ખસતા દેખાય છે ત્યારે સજ્જનોન સુજ્ઞોના વિવેકીઓના હૈયા દુભાય છે. પાણીમાંથી અગ્નિપેદા થયો તેવો ભાસ થાય છે.

નૂતન વર્ષે શુભેચ્છા પાઠવવાનો એક શિરસ્તો છે કે સૌ વાચકો આદિ આના માધ્યમથી આત્મકલ્યાણના માર્ગે ઉન્નતિ અને પ્રગતિ સાધે અને આત્મ ગુણ સંપત્તિના સ્વામી બની આ સંસારને અલવિદા આપી દે અને આજ્ઞાને જ જીવનનો પ્રાણ - ત્રાણ માની આ જન્મને સફળ કરે. અમો પણ અમારા ધ્યેયને વફાદારીથી વળગી આગળ વધીએ તે કામના ભાવીએ છીએ.

પણ કાળના પ્રભાવે શ્રી સંઘ અને શાસનમાં સમુદાયમાં જે પરિસ્થિતિ પેદા થઈ છે તે પ્રત્યે પણ વિનમ્રભાવે કાંઈક કહેવા મનને રોકી શકતા નથી. સત્ય હંમેશા કડવું હોય છે છતાં પણ કડવી દવા મા જ પાય તે જ ન્યાયે હિત કરવા અળખામણા થઈને પણ કહીએ છીએ તો સૌ અમારી વાચાને, ભાવને જોશો પણ શબ્દોને નહિ. શબ્દોના સાથીયા પૂરી મૂંઝાવવા નથી.

આજે શાસનના સત્ય સિદ્ધાંતો જોખમમાં મૂકાયા છે. છેલ્લા ૧૫ - ૧૭ વર્ષમાં શાસન ઉપર જે આક્રમણો થયા અને સિદ્ધાંતપક્ષે તેનો સામનો કરી સત્યસિદ્ધાંતોની રક્ષા કરી. પણ આજે રાજકારણીઓએ ઉછેરેલા જુથવાદ, ભેદભાવના નાગે જે પરિસ્થિતિ સર્જી છે તેમાંથી અપણી આ ધર્મસંસ્થા પણ બાકાત રહી નથી. જૂથવાદના ભોરીંગનો ભરડો એવો લેવાયો છે કે-

આજે ઝાઝા હાથ રળિયામણા નહિ પણ બિહામણા બન્યા લાગે છે. સત્ય સિદ્ધાંતનું ગળું ટૂંપવાના પ્રયત્નો 'સ્તુત્ય' ગણાય છે.

આજે ભક્તિ 'રામ'ની ગમે છે. અને 'મૈત્રી - રાવણ' ની ખપે છે. મહાભારતના 'શકુનિ'ને પણ શરમાવે તેવા ચોપાટ ખેલનારા પાકયા છે. કોણ કયારે 'કરાર' થી 'બેકરાર' થઈ જશે તે ખબર નથી. માન - મોટાઈની મહેલાતોને સર કરવા સિદ્ધાંતોને સળગાવી દેવામાં ય પોતાનો સ્વાર્થ સરતો હોય તો તેમાં જરા પણ છોછ લાગતી નથી.

ધર્મ દ્રવ્યની શાસ્ત્રીય માર્ગસ્થ વ્યવસ્થામાં પણ હવે ઘાલમેલ થવા લાગી છે. ત્યારે લાલબત્તી ને ધરનારા વિવેકથી સાચી વાતોને જણાવનારા, ભૂલ તરફ ધ્યાન દોરનારા જે પહેલા 'મનગમતા' હતા તે જ આજે હવે

'અળખામણા' અને 'વિરોધી' લાગે છે. સારા કામમાં પથરા નાખનારા વિઘ્ન નાખનારા ભાસે છે. જેના હૈયે સિદ્ધાંત રક્ષાનો પ્રેમ છે તેમને તો માનપમાનની પડી નથી. પૂર્વજોના, સદ્‌ગુરૂઓના પગલે ચાલવા માટે બધું સહન કરવા તૈયાર છે. સાચી વાત સાંભળવાની, વિચારવાની પણ તૈયારી નથી તેમની પાસે બીજી કઈ આશા રખાય !

પરસ્પરના દ્રષ્ટિબિંદુને સમજાવાનો પ્રયત્ન કરાય તો બધું જ શકય છે. પણ જ્યારે બધા ઉચિત પ્રયત્નો સફળ ન થાય ત્યારે પણ વિવેકીઓને બચાવવાના પ્રયત્નમાં પાછી પાની કરતા નથી. તેમાં અમારું ''જૈન શાસન'' પણ સિંહ ફાળો આપી સત્ય સિધ્ધાંતની જ્યોત જલાવી રહ્યું છે. શાસનના સત્યોની શાન જાળવનારા સાથે તો અમારા કદમ મીલાવેલા છે જમાનાવાદના નામે, શિથિલતા ના પોષાય તે સામે પણ અમે અવાજ ઉઠાવીએ છીએ. અશાસ્ત્રીયતાને સમજાવી ભોળા ભદ્રિક જીવોને બચાવવાનો પણ પ્રયત્ન ચાલુ છે.

બધાનો વિરોધ જ કરવો એવું નથી પણ ખોટાનો વિરોધ અને સત્યનું સમર્થન તે જ પ્રયત્ન છે. તેમાં સૌ સહાયક બને અને શાસ્ત્રીય સત્ય વાતોનું સમર્થન કરવામાં શાસનદેવ પણ સહાય કરે અને અમારો ઉત્સાહ વધારે તે જ પ્રાર્થના સહ વિરમીએ છીએ. નૂતન વર્ષ સૌને સન્માર્ગગામી બની આત્મગુણ લક્ષ્મીના માર્ગે પ્રગતિ કરાવી સહધર્મમાં સ્થિર બનાવે તે જ ભાવના.

卐 卐 卐

જ્ઞાનગુણગંગા

- પ્રજ્ઞાંગ

હપ્તો - 3

તમસ્કાયનું સ્વરૂપ

(પ્રવચન સારોદ્ધાર ગા. ૧૩૯૮ થી ૧૪૦૩)

જંબૂદ્વીપથી અસંખ્યાતમાં અરૂણવર સમુદ્રમાં જગતીથી ૪૨૦૦૦ યોજન પાણીમાં ઓળંગ્યા પછી ભીંતની જેમ સમશ્રેણિપૂર્વક **૨૧૧૭** યોજન સુધીનો વલયાકારે તમસ્કાય - જેમાં પ્રકાશનો અભાવ હોવાથી દેવોને પણ અગમ્ય - ભય પમાડનાર એવો મહા અંધકારરૂપ અપ્કાય ઉછળે છે. જે તિર્ચ્છો ફેલાતો ફેલાતો સૌધર્મ, ઈશાન, સનત્કુમાર અને માહેન્દ્રરૂપ ચાર દેવલોકને આચ્છાદન કરતો એટલે ઢાંકતો ઉપર પાંચમા બ્રહ્મ દેવલોકના ત્રીજા અરિષ્ટ વિમાન પ્રતરે ચારે દિશામાં મળી જાય છે.

આ તમસ્કાય નીચેના ભાગે શરાવના મૂળ એટલે તળિયાના આકારનો છે અને ઉપરના ભાગે બ્રહ્મદેવલોક સુધી કુકડાના પાંજરાના આકારે રહેલો છે. તમસ્કાય એટલે અંધકારરૂપ પુદ્‌ગલોનો સમૂહ.

આ તમસ્કાયનો વિષ્કંભ એટલે વિસ્તાર સંખ્યાતા તથા અસંખ્યાતા યોજન એમ બે પ્રકારે છે. તેમાં પહેલા વિષ્કંભમાં સંખ્યાતા હજાર યોજન છે. તેમાં પરિધિ ઉમેરતા અસંખ્યાતા હજારા યોજનનો થાય વિષ્કંભ થાય છે. તમસ્કાયનો નીચોનો ભાગ સંખ્યાતા યોજનના વિસ્તારવાળો હોવા છતાં પણ અસંખ્યાતમાં દ્વીપની પરિધિ ઘણી મોટી હોવાથી તેને ઉમેરાતા અસંખ્યાતા હજાર યોજન પ્રમાણવાળા વિષ્કંભમાં વિરોધ રહેતો નથી.

બીજો વિસ્તારમાં વિષ્કંભ વડે પણ અસંખ્યાતા હજાર યોજન અને પરિધિ વડે પણ અસંખ્યાતા હજાર યોજન પ્રમાણ વિસ્તાર થાય છે. આ પ્રમાણ જ્યારે આ વલયાકાર તમસ્કાય ઊંચે ક્રમસર વિસ્તાર પામે ત્યારે જાણવું.

આ તમસ્કાયની મોટાઈ - વિસ્તાર આગમજ્ઞ પુરૂષો આ પ્રમાણે જણાવે છે.

કોઈક મહર્દ્ધિક દેવ, જે ગતિ વડે ત્રણ ચપટી વગાડતા, એક વીસ વખત આખા જંબૂદ્વીપને પ્રદક્ષિણા આપી પાછો આવે, તે જ દેવ તે જ ગતિપૂર્વક ૬ મહિને સંખ્યાતા યોજન વિસ્તારવાળા તમસ્કાયને ઓળંગી શકે છે. બીજી અસંખ્યાતા યોજનના તમસ્કાયને નહિ

જ્યારે કોઈક દેવ બીજા દેવની દેવીને ભોગવવાની ઈચ્છાવાળો થયેલો કે બીજાના રત્નો ચોરવ આદિ અપરાધ કરે ત્યારે બળવાન દેવના ભયથી નાસી ને દેવોને પણ ઘણી બીક લગાડનારો હોવાથી ગમનમાં વિઘાતરૂપ તે તમસ્કાયમાં સંતાઈ જાય છે. ■■

પ્રવચન - એકાવનમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

(કો જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. - અ.વ.)

માયા ય [illegible]યા ય લુપ્પઇ, નો સુલહા સુગઇ વિ પિચ્ચઓ ।
એમાઇં મરાઇં પેહિયા, આરંભા વિરમિજ્જ સુવ્વએ ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનનાં પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા, મોક્ષનું સુખ એ જ સાચું અને વાસ્તવિક સુખ છે. તેનો ઉપાય શ્રી અરિહંત પરમાત્માઓએ પ્રરૂપેલો ધર્મ જ છે. એ વાત સારી રીત સમજાવી આવ્યા પછી હવે તે ધર્મ કરવામાં, ધર્મ નહિ સમજેલા અથવા તો ધર્મ સમજ્યા પછી પણ મોહમગ્ન બની ધર્મ ભૂલી ગયેલા માતા - પિતાદિ અંતરાયભૂત છે તે વાત સમજાવી રહ્યા છે. સંસારના જ પ્રેમી જીવો મોટે ભાગે આવા હોય તે પોતે તો સ્વયં ધર્મ કરે નહિ પણ બીજા ય ધર્મ કરે તે ય તેને ફાવે નહિ. આવા જીવો તો ધર્મ કરવામાં શત્રુની ગરજ સારે છે. તે અંગે આપણે ભૃગુ પુરોહિતનું દ્રષ્ટાંત જોઈ રહ્યા છીએ.

બધાને ખબર છે કે- મારે મરવાનું છે છતાં પણ મર્યા પછી 'હું ક્યાં જઈશ' તેની મોટાભાગને ચિંતા થતી નથી. તમારા બધા જ પૂર્વજો ગયા છે, તમારે પણ જવાનું છે, તો 'હું ક્યાં જઈશ ? મારો પરિવાર ક્યાં જશે ?' તે ચિંતા થાય છે ? અનંત જ્ઞાનિઓ ફરમાવે છે કે- સમજવા છતાં પણ જેને આ સંસાર ઉપર અરૂચિ જન્મે નહિ અને મોક્ષની ઈચ્છા પણ પેદા થાય નહિ તે બધા ધર્મ કરી કરીને પણ સંસારમાં જ રખડે. થોડું સુખ પામીને પણ ઘણું ઘણું દુઃખ પામે છે. કેમ કે, તે સુખાના કાળમાં એવાં એવાં પાપ કરે કે જેથી ઘણા કાળ સુધી દુઃખ ભોગવ્યા જ કરે.

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૬, રવિવાર, તા. ૧૩-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

જેટલા મનુષ્યો છે તેમાં પણ સુખી કેટલા છે ? મનુષ્યોમાં પણ સુખી થોડા છે અને જે સુખી છે તે કરતાં, જે દુઃખી છે તેના કરતાં પણ વધારે દુઃખી છે. તેમનું જીવન કેવું છે ? કોઈપણ રીતે પૈસા મેળવવા છે અને મઝા કરવી છે. પણ પુણ્ય ન હોય તો જેની સાથે મઝા કરવી છે તે ય લાતો મારે છે. આ સંસાર બહુ વિલક્ષણ છે. જ્ઞાનિની આ વાત જો બરાબર સમજાઈ જાય તો કામ થઈ જાય.

બે ગોવાળો હતા. એકવાર મુનિનો યોગ થયો. તેમની પાસે ધર્મ સાંભળ્યો અને પ્રતિબોધ પામ્યા. તે પછી દીક્ષાને લઈને દેવલોકમાં ગયા. ત્યાંથી ક્ષિતિપ્રતિષ્ઠિત નગરોમાં એક શ્રેષ્ઠીના બે પુત્રો થયા. ત્યાં બીજા ચાર શ્રેષ્ઠીપુત્રો સાથે મિત્રાચારી થઈ. તે છ યે મિત્રો સદ્‌ગુરૂના યોગે ધર્મને પામ્યા અને દીક્ષા લઈને, સારી રીતે આરાધીને પહેલા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચાર જણા પહેલા ચ્યવા તેમાં એક રાજા થયા, એક તે જ રાજાની રાણી તરીકે ઉત્પન્ન થયા. એક તે જ રાજાનાં ભૃગુ નામના પુરોહિત થયા અને એક તે પુરોહિતની યશા નામની પત્ની તરીકે થયા.

હવે દેવલોકમાં તે ગોવાળના બે જીવો દેવ તરીકે છે. દેવલોકમાં દેવોને પોતાનું આયુષ્ય માત્ર છ મહિનાનું બાકી હોય તો તેની ખબર પડી જાય છે. તેમાં જે દેવો સમ્યગ્‌ધર્મી નથી હોતા તેઓ ને મરણની ખબર પડે તો એવા દુઃખી થાય છે. પછાડો ખાય છે. વિલાપ કરે છે તેનું વર્ણન થાય તેમ નથી. વિમાન પાસે, વાવડી પાસે, વૃક્ષો પાસે જઈ જઈને રૂવે છે અને રિબાઈ રિબાઈને મરે છે. જ્યારે આ બે ગોવાળાના જીવો તો ધર્મ કરીને આવ્યા હતા તેથી દેવલોકમાં પણ સાવધ હતા. જ્યારે ચ્યવવાનો સમય નજીક આવ્યો ત્યારે તે બન્નેએ અવધિજ્ઞાનથી જાણ્યું કે- આપણે ભૃગુ પરોહિતને ઘેર ઉત્પન્ન થવાના છીએ. ભૃગુ પુરોહિત તો મિથ્યાદ્રષ્ટિ છે. તેથી તે બન્ને દેવો સાધુઓનું રૂપ લઈને ભૃગુ પુરોહિતને

ઘેર ગયા. ભૃગુ પુરોહિતે પણ પોતાની પત્ની સાથે બન્ને દેવ-મુનિઓનો આદર - સત્કાર કર્યો. મુનિઓએ તેને ભગવાનનો ધર્મ સમજાવ્યો તેથી તે બન્ને પ્રતિબોધ પામ્યા અને શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. સંતાનના અભાવથી દુઃખી એવા તે ભૃગુ પુરોહિતે પૂછ્યું કે- મને સંતાન થશે કે નહિ ? ત્યારે તે મુનિઓએ કહ્યું કે - ''તમને બે પુત્રો થશે પણ બાલ્યવકાળમાં જ સાધુ થશે માટે અંતરાયો કરતા નહિ.'' આમ કહીને તે બે મુનિવો પોતાના સ્થાને ગયા.

હવે થોડા સમય બાદ તે બે દેવો તે પુરોહિતની યશા નામની પત્નીના ગર્ભમાં આવ્યા. પત્નીને ગર્ભ રહેલ જાણીને પુરોહિતે વિચાર કર્યો કે- ''મુનિઓની વાત સાચી પડી. અને આ બન્ને પુત્રો બાલ્યકાળમાં જ સાધુ થશે. મારે તેમને સાધુ કરવા જ નથી. માટે એવા ગામમાં જઈને વસવું કે જ્યાં સાધુનો યોગ જ થાય નહિ.''

માત્ર દુનિયાના સુખના જ અર્થિઓની આવી જ દશા હોય છે. શાસ્ત્રે કહ્યું છે કે- ''દુનિયાના સુખ માત્રનો જ અર્થી અને પોતાના જ પાપથી આવતાં દુઃખનો દ્વેષી જીવ મોહથી આંધળો હોય છે અને તેથી વસ્તુના ગુણ - દોષને સમજી શકતો નથી. તેથી જે પ્રવૃત્તિ કરે તેથી દુઃખી, દુઃખીને દુઃખી જ થાય છે.''

હવે તે પુરોહિત પત્ની સાથે જઈને એવા ગામમાં વસ્યો કે જ્યાં સાધુનું દર્શન પણ ન થાય. ત્યાં યોગ્ય સમયે તે યશા પુરોહિતાણીએ બે પુત્રોને જન્મ આપ્યો. તે પુત્રો ધીમે ધીમે વૃદ્ધિને પામવા લાગ્યા. હવે તે પુરોહિત પત્ની સાથે વિચારવા લાગ્યો કે- આ ગામમાં સાધુનું આવાગમન અતિ દુર્લભ છે. છતાં ય દેવવશાત્ સાધુઓ આવી જાય તો શું થાય ? તેથી બાલ્યકાળથી જ તે બન્ને પુત્રોને એવું શિક્ષણ આપવા લાગ્યા કે- ''મુંડિત મસ્તકવાળા, હાથમાં દંડાદિને ધારણ કરનારા, દંભથી બગલાની જેમ નીચું જોઈને ચાલનારા એવા સાધુઓની પાસે તમારે જવું નહિ. કેમ કે, બાળકોને પકડીને તેઓ મારી નાખે છે અને રાક્ષસની જેમ તેનું માંસ ખાય છે. માટે એવા યતિઓનો તમારે વિશ્વાસ કરવો નહિ.'' પણ આ બન્ને તો ભાગ્યશાળી જીવો છે.

હવે એકવાર રમતાં રમતાં તે બન્ને પુત્રો ગામ બહાર નીકળી ગયા. અને દૂરથી સાધુઓ આવતા જોયા અને એકદમ ગભરાઈ ગયા. તેથી બચવા માટે એક મોટા ઝાડ ઉપર ચઢી ગયા. યોગાનુયોગ સાધુઓ પણ તે જ ઝાડ નીચે આવ્યા તેથી તે બન્ને એકદમ લપાઈને છુપાઈ ગયા. અને ગભરાઈ ગયા કે- આજે આપણું આવી બન્યું, સાધુઓ આપણને પકડીને મારી નાખશે અને ખાઈ જશે. સાધુઓ પાસેના ગામથી આહારાદિ લઈને આવ્યા હતા અને તે જ ઝાડ નીચે વાપરવા બેઠા. તે બન્ને તે જોયું અને વિચારવા લાગ્યા કે- મા-બાપે આપણને ઠગ્યા. બહુ જ વિચાર કરતાં લાગ્યું કે- આવું આપણે કયાંક જોયું છે અને ઊહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને ભૂતકાળનું મુનિપણું યાદ આવ્યું. અને સમજી ગયા કે- આપણે સાધુ ન થઈએ માટે મા-બાપે આ પ્રપંચ કર્યો છે.

પછી ઘેર આવીને માતા-પિતાને કહેવા લાગ્યા કે- ''આ મનુષ્યજન્મમાં કાયમ રહેવાનું નથી. આ જન્મ ઘણા અંતરાયવાળો છે, રોગાદિથી વ્યાપ્ત છે અહીંથી જવાનું છે. માટે આ ઘરવાસમાં ગમતું નથી. તેથી સાધુપણાનો સ્વીકાર કરવાને ઈચ્છીએ છીએ. માટે આપની અનુમતિ લેવાને આવ્યા છીએ.'' આ સાંભળતાં માતા-પિતા સમજી ગયા કે, બન્ને પુત્રો મુનિપણાના ભાવને પામી ગયા છે. આ અક્કલ શાથી આવી ? ભૂતકાળમાં સારી રીતે સમજીને ધર્મ આરાધેલો તેનું આ પરિણામ.

આપણને બધાને શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવાધિદેવ મળ્યા છે, નિર્ગ્રન્થ ગુરૂ મળ્યા છે અને સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલો અહિંસામય - ત્યાગમય ધર્મ મળ્યો છે. ભગવાન શ્રી જિનશ્વરદેવોએ કહેલાં શાસ્ત્રો વાંચીએ છીએ અને સાંભળીએ પણ છીએ છતાં પણ ભૂતકાળમાં કરેલો ધર્મ યાદ નથી આવતો. શાથી ? ધર્મના જે સંસ્કાર મજબૂત થવા જોઈએ તે સંસ્કાર મજબૂત થયા નથી માટે જે આત્માઓ સંસારના સુખના જ રાગી હોય અને દુઃખના દ્વેષી હોય તેઓને આ શાસ્ત્ર કદી પરિણામ પામે જ નહિ. 'દુનિયાનું સુખ મઝેથી ભોગવે તો દુર્ગતિમાં જ જવું પડે'- ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલી અને

કોબા તીર્થ

શાસ્ત્રોમાં ઠામ ઠામ લખેલી આ વાત વારંવાર વાંચવા છતાં ય, સાંભળવા છતાં ય યાદ જ આવતી નથી તો આપણી જાત કેવી કહેવાય ? આ બેને તો મુનિની ચર્યા જોવાથી ભૂતકાળમાં આરાધેલું મુનિપણું યાદ આવી ગયું. ધર્મની આરાધના સારી રીતે મોક્ષની જ ભાવનાપૂર્વક કરે તેને જ આવા ઊંચા સંસ્કાર પડે.

આહારે આપણને ખાવાનું ગમે છે કે તપ ગમે છે ? તપમાં મઝા આવે છે કે ખાવા - પિવાદિમાં મઝા આવે છે ? ભગવાનની પૂજામાં મઝા આવે છે કે શરીરની પૂજામાં મઝા આવે છે ? દાન કરો છો તો તમને લક્ષ્મી કેવી લાગે છે ? ફેંકી દેવા જેવી લાગે છે કે રાખવા જેવી લાગે છે ? આ લક્ષ્મી તો અમારી પાસે ઘણાં ઘણાં પાપ કરાવે છે તેમ લાગે છે ? લક્ષ્મીનું ખરેખર ફળ તો દાન છે. લક્ષ્મીનો ભોગ તે પાપ છે અને સંગ્રહ તે મહાપાપ છે તેમ હૈયાથી માનો છો ખરા ? તમારી પાસે ખૂબ ખૂબ પૈસા હોય અને ખાવ-પીઓ મોજમઝાદિ કરો તો તેથી પાપ બંધાય કે પુણ્ય બંધાય ? તમે બધા પાપ મઝેથી કરો છો અને ધર્મનાં કામ ન છૂટકે કરો છો ને ? દાન આપવું પડે માટે આપો છો ને ? અને પૈસા તો મઝેથી કમાવ છો ને ? આજે તો પૈસા કમાવા મોજમઝા કરવા જે કરવું પડે તે બધા પાપ મઝેથી કરો છો. તેથી લાગે છે કે- ભૂતકાળમાં ધર્મ કર્યો હશે પણ વિપરીત ભાવે કર્યો હશે, જે રીતે કરવો જોઈએ તે રીતે નથી કર્યો માટે આટલી આટલી ધર્મસામગ્રી મલવા છતાં ય પૂર્વની કોઈ વાત યાદ પણ નથી આવતી કે જાતિસ્મરણજ્ઞાન પણ નથી થતું આ આપણી જ ખામી છે.

આ બે પુત્રોને ભૂતકાળનું સાધુપણું યાદ આવી ગયું તેથી ઘેર આવી માતા-પિતાને કહે છે કે-''આ મનુષ્યપણામાં કાયમ રહેવાનું નથી, શરીર રોગાદિથી ભરેલું છે, જીવિત ચંચળ છે ઘણાં અંતરાયોથી ભરેલું છે, આયુષ્ય અલ્પ છે માટે આ ઘરવાસમાં અમને મઝા નથી આવતી અમને સાધુપણું સ્વીકારવું છે. તે માટે આપની અનુમતિ લેવા આવ્યા છીએ.'' આ બે પુત્રો શું ભણ્યા છે ? મા-બાપ તરફથી પણ શું સંસ્કાર મળ્યા હતા ? બધા જ ઊંધા સંસ્કાર મળ્યા હતા. હજી તો સાધુનો યોગ પણ થયો નથી ત્યાં સાધુનું દર્શન થયું. છે અને સાધુની ભીક્ષા જોઈ છે. તેનાથી બધું યાદ આવી ગયું છે. મા-બાપે તો ઝેર પાયું હતું પણ સંસાર અસાર લાગી ગયો. મનુષ્યપણામાં સાધુપણું જ કરવા જેવું છે તેમ થઈ ગયું.

તમને આ ધર્મ સાંભળવા છતાં ય આ ધર્મ કરવાનું મન થાય છે ? સાધુધર્મ તે જ ધર્મ છે તે ખબર છે ? ગૃહસ્થપણામાં જે ધર્મ કરો છો તેને વાસ્તવિક ધર્મ કહેવાય નહિ. શાસ્ત્રે તેને ધર્માધર્મ કહ્યો છે. જ્યાં ધર્મ સરસવ જેટલો છે અને અધર્મ મેરૂ જેટલો છે. ધર્મ જ સાધુપણું છે જેમાં મન - વચન કાયાથી હિંસા સ્વયં કરવાની નથી, બીજા પાસે કરાવવાની નથી અને જે કોઈ હિંસા કરતાં હોય તેને સારા માનવાના નથી. તે જ રીતે અસત્ય સ્વયં બોલવાનું નથી. બીજા પાસે બોલાવવાનું નથી અને જે કોઈ બોલતા હોય તેને સારા માનવાના નથી. કોઈની નહિ આપેલી વસ્તુ સ્વયં ગ્રહણ કરવાની નથી, બીજા પાસે કરાવવાની નથી. જે કોઈ કરતા હોય તેને સારા માનવાના નથી. તે જ રીતે વિષય સેવન સ્વયં કરવાનું નથી, બીજા પાસે કરાવવાનું નથી અને જે કોઈ કરતા હોય તેને સારા માનવાના નથી; તે જ રીતે પરિગ્રહ સ્વયં રાખવાનો નથી, બીજા પાસે રખાવવાનો નથી એ જે કોઈ રાખતા હોય તેને સારા માનવાના નથી. આવો ધર્મ કયાં પળી શકે ? તે પાળવા માટે જીવનભર સામાયિકમાં જ રહેવું પડે, ભિક્ષાથી આજીવિકા કરવી પડે; તે ભિક્ષા મેળવવા બેંતાલીશ દોષ તજવા પડે. શાસ્ત્રે કહ્યું છે કે- દોષિત ભિક્ષા સંયમબળ હરનારી છે. જે જીવ દોષિત ભિક્ષા વાપરે તેનું સંયમબળ ધીમે ધીમે ઘટતું જાય.

પોતાના બન્ને પુત્રોએ સંયમ લેવાની અનુમતિ માગી તે સાંભળતાં જ ભૃગુ પુરોહિત શોક રૂપી અગ્નિથી સળગી ઊઠયો. રાગાંધ જીવોને તો આવું સાંભળતાં શોક પેદા થયા વિના રહે નહિ. દીકરો સાધુ થવાનું કહે તો દુઃખ કોને થાય ? રાગાંધને કે ધર્માત્માને ? ધર્માત્મા જીવને દીકરો સાધુ થવાનું કહે તો તે સાંભળતા હજી મૂર્છાની મુર્ચ્છા આવે તે બને, સાધુધર્મ સહેલો નથી પણ કઠીન છે તેમ તે કહે પણ ''તને સાધુ થવાનું મન કેમ થયું ? કયા સાધુએ તને ભોળવ્યો'' તેમ તે કદી કહે નહિ. ક્રમશઃ

પ્રશ્ન - ઉત્તર

હપ્તો ૪

- સમાધાનકર્તા : અભ્યાસી

प्रश्न - क्यां उपशमसमकित वालां उपशमश्रेणी ही लेवा है ?

उत्तर - उपशम समकित दो प्रकार का होता है (१) अनादि मिथ्याद्रष्टि जब समकित प्राप्त करता है तब सर्वप्रथम औपशमिक समकित (२) उपशमश्रेणी के पूर्व में क्षायिक समकिती के अलावा सभी जीव अवश्य औपशमिक सम्यक्त्व प्राप्त करके बाद में उपशमश्रेणी पर चढते है ।

प्रश्न - वेदक समकित किसे कहते है ।

उत्तर - क्षायिक सम्यकत्व के पूर्व में जो सम्यक्त्व मोहनीय के चरमग्रास का वेदन उसे वेदक सम्यक्त्व कहते है ।

तत्पश्चात् दूसरे क्षण में जीव क्षायिक सम्यकत्व प्राप्त करता है । मतलब कि क्षायोपाशिक सम्यकत्व की अवस्था विशेष स्वरुप वेदक सम्यक्त्व हुआ ।

प्रश्न - उपशमवेदक और क्षायिक वेदक समकित और क्षयोपशम किसे कहते है ।

उत्तर - उपशमवेदक और क्षायिक वेदक समकित सुनने में आये नहीं है । अगर कहीं पर उल्लेख हो तो इस प्रशम घटा सकते है । (१) वेदक सम्यक्त्व क्षायोपशमिक सम्यक्त्व के लिये भी व्यवहार होता है । अतः जीव क्षायोपशमिक सम्यक्त्व के बाद उपशम सम्यक्त्व (श्रेणी के पूर्व का) प्राप्त करता है । वह उपशम वेदक और जिस क्षायोपशमिक सम्यक्त्व के बाद क्षायिक सम्यक्त्व प्राप्त करता है वह क्षायिक वेदक । अथवा इस प्रकार (२) वेदयरीति वेदक = वेदन करने वाला । उपशम सम्यक्त्व का वेदन करने वाला वह उपशम- वेदक और क्षायिकसम्यक्त्व का वेदन करने वाला वह क्षायिक वेदक ।

उदयावालिका अत उदय पाप कर्म का वेदन द्वारा क्षय और उदयावालिका के बाहर के कर्म का उदयविष्कर्म स्वरुप उपशम क्षयोपशम कहलाता है । विशेष गहरी समझ के लिये पंडित धीरजलाल महेता द्वारा विवेचित कर्मग्रंथ (प्रथम या द्वितीय) की पुस्तक का लिया हुआ पं. श्री अभयशेखरविजयजी म. रचित परिशिष्ट और श्री जयघोषसूरीश्वरजी म. द्वारा बनाया हुआ "क्षयोपशम नी विचारणा" नामक लेख को पं. श्री अभयशेखर वि. म. के "कर्मप्रकृति ना पदार्थो" पुस्तक के पीछे परिशिष्ट रुप में दिया गया है

स्वतंत्र पुस्तक भी है ये दोनो कुमारपाल वी. शाह घोलका से प्राप्त कर सकते है ।

प्रश्न - निवृत्तिगुणस्थानक और अनिवृत्ति-गुणस्थानक में क्या फर्क है, निवृत्ति में खपना क्या करता है ।

उतर - निवृत्ति में प्रविष्ट जीवो के अध्यवसाय हरेक समय परस्पर भिन्न भिन्न हो सकते है उनकी तरतमता के असंख्यात लेकाकाश प्रदेश प्रमाण भेद हो सकते है । अनिवृत्ति में प्रविष्ट जीवो में तत् समय में समान परिणाम होते है । अनेक जीवो का अध्यवसाय स्थान विवक्षित समय में एक ही होता है । इसलिये विशुद्धिको छिन्नमुक्तावली संस्थित बताई है । जब कि निवृत्ति में विशुद्धि विषम चतुरस संस्थान वाली होती है ।

उपशम श्रेणि हो तो उसमें ४ अनन्तानुबंधी और दर्शनत्रिक इस दर्शनअप्रक की उपशम सहते गुणठाणे पर करके निवृत्ति (८ वे) में पांच अपूर्व वस्तु स्थितिघात रसघात स्थितिबंध - गुणश्रेणी - गुणसंक्रम करता है शेष प्रकृत्ति - उपशम ९ वें अनिवृत्ति में क्षपक में सातवें पर दर्शन आतक की क्षपणा करके ८ वे में पांच अपूर्व वस्तुओ शेष प्रकृत्ति क्षपणा ९ वे में समजना ■ ■ ■

મહાસતી - સુલસા

- પૂ. મુનિશ્રી હિતવર્ધન વિજયજી મ.

લેખાંક - ૫

એકના દેહદ્વારા નથી સધાતી,

એકતા સધાય છે, દિલ દ્વારા.

પરંતુ પરના દેહ ભિન્ન ભિન્ન હોવા છતાં જેમના દિલ ભેગા ભળી ગયાં; તેમનું અસ્તિત્વ એકમેકમાં વિલીન બન્યાં વિના રહેતું નથી. દેહની શી વિસાત્ ? કે વિલીનીકરણની આ પ્રક્રિયાનું તે માધ્યમ બને.

એકતા માટે બે પરિબળો જરૂરી બને છે.

(૧) એક તો સંસ્કારોની સમાનતા (૨) અને બીજી સ્વભાવની સમાનતા.

જ્યાં સંસ્કારો એક સરખા હોય અને જ્યાં સ્વભાવ પણ પરસ્પરનાં પૂરક હોય; ત્યાં એકતાનું દિવ્ય સંગીત પ્રગટયાં વિના રહેતું નથી.

સારથિ નાગ અને સતી સુલસાદેવી, આ દંપતિ વચ્ચે આવી જ એક રસતા સધાઈ ગઈ તી. બન્નેયના સંસ્કારો સમ્યક્ત્વના વજ્રથી લેપાયેલાં હતાં. બન્નેયનો સ્વભાવ પરોપકારના અમૃતથી ભીંજાયેલો હતો.

નખ અને માંસ, એ બે જેમ હંમેશા એકમેક થઈને રહે છે, તેમ તેમના જીવનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞા પણ એ રીતે જ વણાઈ ગઈ તી.

હર્ષ - શોક

સુખ - દુઃખ

રૂપ - લાવણ્ય

નિદ્રા - જાગૃતિ જેવી સઘળીયે ક્રિયાઓ તે બેયની એક સરખી રહેતી. આથીજ તેમનો જીવન રથ કલેશ કે સંઘર્ષના અવરોધોમાં અટવાયા વિના અથાક ગતિએ દોડયે જતં તો.

એક વખત નાગશ્રેષ્ઠી મહેલના ઝરૂખામાં અટાર લગાવી રહ્યાં તાં.

તેમની તેજસ્વી આંખો દૂર - સુંદરની ક્ષિતિજો તરફ મંડાઈ ગઈ.

ભીતરમાં શેકાતી કોક અગમ્ય ચિંતા તેમના ચહેરા પરની રેખઓમાં ઘસી આવી. ધીમે પગલે અટાર મારતાં - મારતાં નાગ સારથિ વચ્ચે વચ્ચે ઉંડા નિઃસાસા નાંખી દેતા. જે નિઃસાસા પણ તેમની મનોવેદનાની એક પ્રકારની અભિવ્યક્તિ બની જતા.

તેમનો દેહ પરિશ્રમ કરીને શ્રમિત બની ગયો નો.

તેમનું અન્તર એક તીખી વેદનાથી પીડાઈ રહ્યું તું.

નાગ સારથી બાજુના ભદ્રાસન પર બેઠાં. હથેળીમાં મોં ટેકવીને પોતાની વ્યથાનો ઈલાજ વિચારવા માંડ્યાં. તેમના ચક્ષુઓ ધરાતલ પર સ્થિર બની ગયા.

બસ ! આનું જ નામ છે, સંસાર. જ્યાં કોકેય વ્યક્તિને બધીય જાતનું સુખ નથી મળતું. ચમરબંધી કે ચક્રવર્તી પણ અહિ કોક નાનકડા પણ દુઃખથી ઘવાયેલાં જ રહે છે.

- સાગર પાસે વિશાળતાનું સુખ છે. તેમ છતાં ખારાશનું દુઃખ તેને સતાવતું જ રહે છે.

- પુષ્પ પાસે સુવાસનું સુખ છે તેમ છતાં કાંટાનું દુઃખ તેને પજવતું જ રહે છે.

- પર્વત પાસે ઉંચાઈનું સુખ છે તેમ છતાં પત્થરોનું દુઃખ તેને ઘેરતું જ રહે છે.

- મેઘ પાસે મધુરજળનું સુખ છે તેમ છતાં કાળાશનું દુઃખ તેની સાથે જ ફરે છે. છે ને ? વિધિ વક્રતા ! સંસારની નિર્ગુણતા.

ધન નથી હોતું ત્યારે વ્યક્તિ ધન મેળવવા માટે ચિંતાની આગમાં બળ્યા કરે.

ધન મળી ગયા પછી વ્યક્તિ ધનની સલામતી માટે સચિંત રહે. ધન પુષ્કળ મેળવ્યાં પછી પણ વ્યક્તિ સુંદર પત્ની મેળવવા માટે ઝુરતી રહે.

રૂપ રૂપના અંબાર જેવી સ્ત્રી મળી ગયા પછી પણ વ્યક્તિ સંતતિની પ્રાપ્તિ માટે આકાશ પાતાળ એક કરે.

ગલગોટાના ફૂલ જેવા સંતાનો મળ્યાં ન મળ્યા ત્યાં

બીજી હજારો જાતની ચિંતાઓ ફૂટી નીકળે છે; બિલાડીના ટોપની જેમ જ.

ચિંતાની ચિતા પર સહુ કોઈ ભસ્મીભૂત બને છે. સંસારની આ એક વિચિત્ર પ્રકૃતિ રહી છે. નાગ સારથિને,

રાજ્ય તરફથી સન્માન મળ્યું તું.

પિતા તરફથી ધનં - દોલત મળી તી.

પત્નિ તરફથી સમર્પણ મળ્યું તું.

નગરજનોમાં પ્રતિષ્ઠા મળી તી.

આમ છતાં, એવું કયું કારણ હશે ? કે ચિંતાની ભઠ્ઠીમાં તે દાઝયા કરે !

એ કારણ હતું; સંતતિના અભાવનું. તેમનો ખોળો ખૂંદનારો કોઈ નહોતો, એની વ્યથામાં તેઓ પોતાનું લોહી સોગાળી રહ્યા તાં.

ત્યાં અચાનક જ સુલસાની નજર પતિદેવના ઉદાસ ચહેરા તરફ પડી. સુલસાદેવી પહેલી જ નજરે પોતાના પ્રાણવલ્લભની હતાશાને પારખી ગયાં.

સતી સુલસા ત્યાં આવી પતિદેવની માનસિક અશાંતિને શમાવવા માટે તેણીએ મધ જેવી મીઠી વાણીમાં વાત શરૂ કરી.

સ્વામિનાથ ! કાંતિ અને પ્રસન્નતા દ્વારા કામદેવને પણ હરાવનારા હે પ્રિયતમ ! આપ ચિંતાતુર કેમ છો ?

કીચડમાં ખૂંપી ગયેલા હાથીની જેમ આપ ઉદાસ કેમ જણાવ છો ?

કરમાઈ ગયેલા પુષ્પની જેમ આપની આંખો નિસ્તેજ કેમ છે ?

રાજ્યથી ભ્રષ્ટ થયેલાં યુવાન રાજકુંવરની જેમ આપનો દેહ કેમ શિથિલ બની ગયો છે. ?

હારી ગયેલાં જુગારીની જેમ આપની વાણી કેમ કુંઠિત બની ગઈ છે ?

ભૂલાં પડેલા મુસાફરની જેમ આપનું માનસ કયાં ખોવાઈ ગયું છે.

સ્વામિનાથ !

કો રાજાએ આપનું અપમાન કર્યું ?

શું મહાજન આપનાથી વિરુદ્ધ ગયું ?

શું મારો કોઈ અપરાધ આપને ડંખી રહ્યો છે ?

શું આપનો કોઈ ધનભંડાર નષ્ટ થઈ ગયો ?

પ્રાણેશ ! જો વાત મારાથી ગુપ્ત ન રાખવાની હોય તો અવશ્ય જણાવો ! આપની ચિંતામાં હું પણ ભાગીદારી નોંધાવીશ.

સતી સુલસાદેવીના મધુરવચનો સાંભળીને ચિંતાના સાગરમાં ડૂબેલા નાગસારથિ આછું આછું હસી પડયાં. તેમણે સ્મિત કરીને કહ્યું: પ્રિયે ! એવું કોઈ તત્ત્વ નથી, જે તને ન કહી શકાય. તારાથી છૂપાવવું પડે.

હથેળીની આંગળીઓ દ્વારા પોતાનો કેશપાશ ઠીક કરતાં નાગસારથિએ સુલસાને પોતાની વેદનાનું કારણ જણાવ્યું. 'પ્રિય ભાષિણી ! મને બીજી તો એકેય વાતની ચિંતા નથી. અલબત્ત, તને પુત્ર નથી થતો, તેનું દુઃખ જ મારા હૃદયમાં શલ્ય બનીને ખૂંચ્યાં કરે છે.'

'પ્રિયે ! વાણીનું ફળ જો વકૃતૃત્વ છે, બુદ્ધિનું ફળ જો કવિત્વ છે. તો મનુષ્યની પત્નીનું ફળ પણ પુત્રની પ્રાપ્તિજ લેખાય.'

પતિદેવની વેદના સાંભળીને સુલસા જરીકેય ખિન્ન ન થઈ. કર્મસિદ્ધાંતો પ્રત્યેની તેની શ્રદ્ધા અપાર હતી. જૈન શાસનની તે શ્રદ્ધાળુ શ્રાવિકા હતાં. તેણે ઉચ્ચાર્યું : નાથ ! ત્રિકાળદર્શી તીર્થંકર ભગવંતની વાણીના આપ જાણકાર છો. કર્મસિદ્ધાંતના જ્ઞાતા છો ! એક પુત્રની પ્રાપ્તિ માટે આવી ચિંતા કરવી આપને ન શોભે ! એક પુત્રના અભાવથી મૂઢ મનુષ્યની જેમ ખિન્ન થઈ જવું, આપના જેવા સાહસિક પુરુષને ન છાજે !

નાથ ! જુઓ તો ખરાં ! નરકની ઘોર યાતનાઓ ભોગવતાં પિતાને શું તેનો પુત્ર ઉગારી શકે છે ? કુળ અને બળ; બન્નેયથી પવિત્ર પણ પુત્ર પોતાના માતા - પિતાની વૃદ્ધાવસ્થાને દૂર કરી શકતો નથી. વિનય અને પરાક્રમી પણ પુત્ર માતા - પિતાના રોગોને નિર્મૂળ બનાવી શકતો નથી !

શા માટે પણ પુત્ર - પ્રાપ્તિની ઝંખના સેવી રહ્યાં છો ? નાથ !

પુત્રનું સુખ ઝાંઝવાના નીર જેવું છે. તેની ચિંતામાં શા માટે ડૂબી ગયાં છો ? દેવ !

સનતકુમાર ચક્રવર્તીને હજ્જારો પુત્રો હતાં આમ

છતાં સેંકડો રોગોથી તે ઘેરાઈ ગયા. શું આપ નથી જાણતાં ?

બ્રહ્મદત્ત ચક્રવર્તીનેય અસંખ્ય પુત્રો હતાં; તોય આખરે તો અન્ધાપાનો શિકાર બન્યો. શું આ કથા આપ નથી જાણતાં ?

વસુદેવ શ્રીકૃષ્ણને શાંબ અને પ્રદ્યુમ્ન જેવા પરાક્રમી પુત્રો હતાં. તેમ છતાંય તેમના પ્રાણ ઘોર અટવીમાં લૂંટાઈ ગયા. શું આપ નથી જાણતાં ?

કુરુઓના પવિત્ર વંશનો વિધ્વંશ ધૃતરાષ્ટ્રના ૧૦૦ દીકરાઓએ જ કર્યો તો, શું આપ નથી જાણતાં ?

પ્રાણેશ ! પોત - પોતાના કર્મોનું ફળ જ સહુ કોઈ ભોગવે છે. ધર્મકૃત્યોના સ્વીકાર વિના કોઈનેય સ્વર્ગ નથી મળતો કે નથી મળતો અપવર્ગ. નાથ ! પુત્રો પ્રત્યેના નિઃસાર મમત્વથી તો આત્મા રાગના ૮ ગાઢ બન્ધનોમાં બંધાય છે. સંસાર સાગરમાં ડૂબી મરે છે. બુદ્ધિનિધાન સ્વામી ! પુત્રના અભાવનો શોક જલ્દીથી ત્યાગી દો.'

સુલસાની તત્ત્વપૂત વાણી સારથિના મનને ઢંઢોળી ગઈ.

સુલસાની મધુર, અર્થગંભીર અને જ્ઞાનમય શિક્ષા સારથિના ઘવાયેલા અંતરને પાછું તંદુરસ્ત બનાવી દેવામાં સફળ પુરવાર થઈ. આમ છતાં મોહને વિવશ બનેલા સારથિએ કહ્યું: 'પ્રિયે ! તારી બધીય વાત સાચી છે. સત્યથી વાસિત બનેલી છે. તત્ત્વોથી ભરપૂર છે. પણ દેવી ! જ્યાં સુધી પુત્રની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી મારા ચિત્તને શાંતિ નહિ મળે.'

વૃક્ષો વિનાની દિશાઓ જેમ શૂન્ય ભાસે,

ધન વિનાનું મકાન જેમ શૂન્ય ભાસે,

દેવી ! પુત્ર વિનાનું જીવન પણ શૂન્ય ભાસે છે.

જે ઘરમાં સ્વજનોનું આવાગમન નથી થતું, જે ઘરમાં અતિથિનો સત્કાર નથી થતો, અને જે ઘરમાં સુપાત્રને દાન નથી અપાતું, એ ઘર જડતાના પર્યાય જેવું બની જાય છે. બસ ! તેમજ જે ઘરમાં બાળકોનો કલરવ નથી ગુંજતો, એ ઘર પણ તુચ્છ સ્મશાન જેવું લાગે છે.

દેવી ! હું જાણું છું, કે પુત્ર-પુત્રી અને પતિ - પત્નીની માયા સાવ તુચ્છ છે, ભયાનક છે. વૈરાગીઓ આવી માયાને કયારેય માન્ય નથી રાખતાં, અનુબન્ધ, ગૃહસ્થાશ્રમમાં રહેલાં પુરુષને પત્ની અને પુત્ર વિના ચેન નથી પડતું, એ પણ એક ન ગમે તેવી એક વાસ્તવિકતા છે.

ક્રમશઃ

માતૃપ્રેમ


- રતિલાલ ડી. ગુઢકા-લંડન

માતા બાળકને ખૂબ લાડ લડાવે છે. રવિન્દ્રનાથ ટાગોર એક સમયે ૬ વર્ષનો બાળક હતો માતા બિમાર પડી બાળક સ્કુલે ગયો, ૪ વાગે ઘેર આવે છે માતાનો તો અગ્નિસંસ્કાર થઈ ગયો, અગાઉના વખતમાં મરણ બાદ ૦૧ કલાકમાં સ્મશાને લઈ જાય બાળક પિતાને ઉદાસ જોઈ પૂછે છે મારી માતા ક્યાં છે પિતા નીચું મુખને રોખી રડતા હતા આસું લુછી બોલ્યા તારી માતા ઉપર ગઈ છે, બાળક દોડીને મેડી ઉપર ગયો માતા ન દેખાણી, હોય તો દેખાય, બાળક ફરી પૂછે બાપુજી મારી મા ઉપર નથી, તો કહે ઉપર આકાશમાં ગઈ છે, હવે બાળક ઝૂરે છે માતા વિના. એટલે કહેવત છે ભલે બધું લૂંટાઈ જજો પણ ઘંટીનું પૈડું ફેરવીને પેટ ભરનારી મા ન મારશો. લાખો અબજો કેતાં માતાનું હેત પ્રેમ કદી નથી મળતું. પિતા કામ ધંધો પૈસા કમાઈ જાણે પણ માતા જે બોજો ઉપાડી શકે છે અને બાળકને પ્રેમનું પાન કરાવી શકે છે. પિતા બાળકને સમજાવી સુઈ જાય છે. પિતાને ઉંઘ આવી ગઈ બાળક તો હળવેથી નિકળી અગાસી ઉપર જઈ આકાશ સામે દ્રષ્ટિ કરી કહે છે, મા તું જલ્દી આવ કરૂણ સ્વરે રોવા લાગ્યો બાપ જાગી ગયો, થયું કે હું તારી માતાની જેમજ સાચવીશ પણ બાળક કહે છે મારે તો માના જ જોઈએ. બાલ્યવયમાં કોઈની માતા ન મરશો.

■ ■ ■

બૂંતાસિંગની અજબ કથા

* બેવડી ચાલ મારે તેમ સંસાર અને મોક્ષ બંનેને પક્ષ માયા છે *



બૂંતાસિંગ પાકિસ્તાની સરહદે પોતાની બાઈક ઉપર સવાર થઈને આવે છે. પીઠ ઉપર બે કોથળા છે. ઈકબાલ સંત્રી તેને રોકેછે.

'થેલામાં શું છે ?'

'રેતી' બૂંતા જવાબ આપે છે.



ઈકબાલ-મને જોવું પડશે નીચો ઊતર. પછી તે કોથળા ખોલે છે - રેત રેતી છે. આખી રાત તે બૂંતાને રોકી રાખે છે અને રેતીનું થક્કરાવ કરાવે છે. પરિણામે જાણવા મળે છે કે કોથળામાં શુદ્ધ રેતી જ છે. બૂંતાને રેત સાથે પાકિસ્તાનમાં પ્રવેશ ની છૂટ મળે છે.



અઠવાડિયા પછી, ફરી એની એ જ વાત બને છે.



ઈકબા - શું લાવ્યો છે ?

બૂંતા - ત.


ઈકબાલ પાકી ખાતરી કરે છે કે રેત જ છે.



ઈકબાલ બૂંતાને થેલો પાછો આપે છે અને તે પાકિસ્તાનમાં પ્રવેશે છે.



ત્રણ વર્ષ પછી બૂંતાની આવનજાવન ચાલુ રહે છે.



એક સપ્તાહ બૂંતા દેખાતો નથી. એક બાબામાં ઈકબાલ તેને મળી જાય છે.



ઈકબાલ પૂછે છે-

'મને ખબર છે કે તું દાણચોરી કરે છે, પણ કંઈ તેની મને ખબર પડતી નથી. ચિંતામાં રાત્રે ઊંઘ પણ આવતી નથી.

આપણા બેની વચ્ચે વાત છે. સાચું કહે તું શાની દાણચોરી કરે છે ?

બૂંતા મીંચકારો મારી ઈકબાલ ઊતારીને જવાબ આપે છે-

બાઈકની

કટ્સી : રાહુલ મિશ્રા, મનોજ કુરીલ 'વાહ ઈન્ડિયા', સૌજન્ય : સંદેશ

સમકિતના સડસઠ બોલની વિચારણા

હપ્તો ૪

- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

પાંચ ભૂષણ :-

જેમ આભૂષણ - અલંકારોથી દેહ શોભે છે. તેમ જેનાથી સમ્યક્ત્વ ગુણ દેદિપ્યમાન થાય - શોભે તે ભૂષણ કહેવાય.

૧. જિનશાસનમાં કુશલતા :- શ્રી જિનેશ્વર દેવના શાસનમાં કુશલતા એટલે નિપુણતા પ્રાપ્ત કરી હોય તે શ્રી જિન શાસન કુશલ કહેવાય. અર્થાત્ દેવપૂજા, ગુરૂવંદના, પચ્ચક્ખાણ આદિની વિધિનો જાણ હોય અને વિધિરસિકતાના યોગે જે કાંઈ ધર્મક્રિયા કરે તે વિધિપૂર્વક કરે. વંદનાદિમાં પણ એક પણ દોષ ન લાગી જાય તેની કાળજી રાખે. તેની વિધિપૂર્વકની ક્રિયા જોઈ અનેક જીવો ધર્માભિમુખ બને. વિધિનો આદર અને અવિધિના ડર વિના આ ગુણ વાસ્તવમાં આવે નહિ.

૨ પ્રભાવના :- આજ્ઞા મૂલક કાર્યો દ્વારા ભવ્ય જીવોના હૈયામાં જિનશાસન પ્રત્યે આદર - બહુમાન પેદા કરે સાચી અનુમોદના કરી બોધિબીજને પમાડે તે પ્રભાવન કહેવાય. આવું જે કરે તે પ્રભાવક કહેવાય. જેનું વર્ણન ઉપર કરી આવ્યા.

અહીં ફરીથી કહેવાનું કારણ આ ગુણ સ્વ-પરને ઉપકારી, તીર્થંકર નામકર્મના બંધનું કારણ હોવાથી તેની પ્રધાનતા બતાવવા માટે છે. પૂજ્યતાના ગુણોનું વારંવાર ઉત્કીર્ત્તન તે પુનરૂક્તિ દોષ નથી.

૩. આયતન સેવના :- આયતન એટલે ઘર - સ્થાન. તે દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે. તેમાં શ્રી જિનમંદિરાદિ દ્રવ્ય આયતન છે અને સમ્યક્જ્ઞાન - દર્શન - ચારિત્રના આધારરૂપ સાધુ ભાવ આયતન છે. તેમની જેવા ભક્તિ પર્યુપાસના કરવી તે આયતન સેવના કહેવાય.

અન્યત્ર આની જગ્યાએ 'તીર્થ સેવના' કહેલ છે. સંસાર સાગરથી તારે તે તીર્થ કહેવાય. શ્રી સિદ્ધાચલ વગેરે દ્રવ્ય તીર્થ કહેવાય અને ગીતાર્થ એવા મુનિ ભગવંતો ભાવતીર્થ કહેવાય. તેમની સેવા - ભક્તિ - પર્યુપાસના કરવી તે તીર્થ સેવના કહેવાય.

૪. સ્થિરતા :- શ્રી જિનધર્મમાં મેરૂની જેમ સ્થિર રહે, દેવો વડે પણ ચલાયમાન ન થાય. બીજા અસ્થિર ચિત્તવાળાને ધર્મમાં બરાબર સ્થિર કરે અને અન્ય ધર્મીઓની પૂજા-પ્રભાવના-ચમત્કાર આદિથી અંજાય નહિ અને જિનધર્મમાં દ્રઢચિત્ત રહે તે સ્થિરતા છે.

૫. ભક્તિ :- સુદેવ-સુગુરૂની વિનય-વૈયાવચ્ચ રૂપ સેવા કરવા વડે ભક્તિ કરે, પ્રવચન - શાસ્ત્રની પણ વિનય - વૈયવચ્ચ રૂપ ભક્તિ કરે.

આ પાંચે સમ્યક્ત્વને પ્રકાશિત કરનારા ઉત્તમ ગુણો રૂપ ભૂષણ છે.

પાંચ લક્ષણ :-

જેનાથી પોતાનામાં રહેલો ગુણ જણાય અને બીજામાં પરોક્ષ રહેલો પણ ગુણ જણાય તે લક્ષણ કહેવાય.

(૧) ઉપશમ :- અપરાધ કરનાર, પોતાનું જાણી જોઈને બગાડનાર, નુકશાન કરનાર ઉપર પણ હૈયાથી તેનું બગાડવાનું કે ભૂંડું કરવાનો વિચાર સરખો પણ ન આવે ઉપરથી તેનું પણ કઈ રીતના સારું થાય કે ભલું થાય તેવો પ્રયત્ન કરવો તેનું નામ ઉપશમ છે. સહજ સ્વભાવથી કે કષાયના વિપાક-ફળ જોવાથી પણ આ ગુણ પેદા થાય. આત્માની નિર્મલ પરિણતિ પેદા થયા

વિના આ ગુણ આવવો અસંભવિત છે પણ આની પ્રાપ્તિ વિના કલ્યાણ પણ નથી તે પણ સાચું છે.

(૨) સંવેગ :- દેવ અને મનુષ્યના સઘળા ય સુખ માત્રને દુઃખ રૂપ માને અને એક માત્ર મોક્ષ સુખને જ સુખરૂપ માને તેનું નામ સંવેગ.

દેવ-દેવેન્દ્રપણાની સઘળી ય ઋદ્ધિ - સિદ્ધિ અને સમૃદ્ધિ તથા ચક્રવર્ત્તીપણાની પણ બધી સુખ-સાહ્યબી- સમૃદ્ધિને, વિષય - કષાય જનિત સુખ - માત્રને દુઃખરૂપ જ માને અને આત્મિક સુખ - સંપત્તિ, ગુણ સમૃદ્ધિને જ વાસ્તવિક સુખરૂપ માને. દુન્યવી ઈન્દ્રિયજન્ય સુખો સુખ નથી પણ સુખાભાસ છે, દુઃખ રૂપ જ છે. આ પ્રતીતિ થાય તો જ આ ગુણ આવે.

(૩) નિર્વેદ :- નારક, તિર્યંચ વગેરે સાંસારિક દુઃખોથી નિર્વિણ્ણતા એટલે કંટાળો. સંસાર રૂપી જેલખાનાથી કયારે ભાગી છૂટું, કયારે મુકત થાઉં - આવી જે શુભ ભાવના તેનું નામ નિર્વેદ. જેમ દુનિયાનો કંટાળેલા માણસની ઈચ્છા કઈ હોય કે 'તેનાથી કયારે છૂટું ?' તે જ રીતના અતિગહન સંસારરૂપી જેલ - કેદખાનમાં અતિસમર્થ - ભારે કર્મરૂપી કોટવાળોથી કરાતી વિવિધ પ્રકારની પીડા - વિડંબનાથી બચવા 'કયારે આ સંસાર પર્યાયનો નાશ કરી મારા આત્માના મુકિત પર્યાયને પામું અને તારક ધર્મની સેવા-ભકિત કરું' આવો જે સંસાર પ્રત્યેનો કંટાળો તેનું નામ જ નિર્વેદ છે.

અહીં સંવેગ અને નિર્વેગના સ્વરૂપમાં કેટલાક આચાર્યો 'સંસારથી વૈરાગ્યભાવ' ને 'સંવેગ' કહે છે. અને 'મોક્ષની અવિહડ ઈચ્છાને' 'નિર્વેદ' કહે છે.

(૪) અનુકંપા :- પોતાની શકિત પ્રમાણે નિષ્પક્ષપાતપણે એટલે મારા-તારાના, પારકા-પોતાના, ભેદભાવ વિના દીન - દુઃખી, અપંગ આદિ જીવોના દુઃખને દૂર કરવાની ઈચ્છા અને પ્રયત્ન તે દ્રવ્ય અનુકંપા કહેવાય. પોતાના મારા આ પુત્રાદિના દુઃખને દૂર કરવાની ઈચ્છા તો વાઘ આદિ હિંસક પ્રાણીઓમાં પણ હોય છે તે અનુકંપા ન કહેવાય.

ધર્મરહિત જીવોને જોઈને- 'આ બધાનું શું થશે, જે રીતના સંસારના સુખાદિને માટે પ્રયત્ન કરી રહ્યા છે તેથી તો બિચારાઓનો સંસાર વધી જશે. ચાર ગતિ અને ચોર્યાશી જીવાયોનિના ફેરા ચક્કરમાં અટવાઈ જશે કે આ બધાનો કયારે ઉધ્ધાર થશે.' આવી જે ઈચ્છા તે ભાવદયા પાપી - દુરાચારી - દુષ્ટાત્મ ઓના પણ આત્મકલ્યાણની જે ઈચ્છા તે ભાવદયા.

જેને 'મારા આ સંસારનો કયારે નાશ થાય અને મારા આત્માની ઝટ મુકિત થાય' આવી જે સાચી આત્માની અનુકંપા થાય તેને જ બીજાની અનુકંપા પેદા થાય. જેને પોતાના આત્માની અનુકંપા પેદા ન થાય તેને બીજાની વાસ્તવિક અનુકંપા પણ પેદા ન થાય.

(૫) આસ્તિકય :- વિદ્યમાનપણાની જે બુદ્ધિ ધરાવે તે આસ્તિક કહેવાય. તે આસ્તિકનો જે ભાવ અથવા કર્મ તે આસ્તિકય કહેવાય. અન્ય અન્ય ધર્મોનું તત્ત્વ સાંભળવા છતાં પણ શ્રી જિન કથિત તત્ત્વનો નિઃશંકપણે સ્વીકાર કરવો. શ્રી જિનેશ્વરદેવો ને જે કહ્યું તેમાં મીનમેખ પણ ફેરફાર હોય જ નહિ - આવો જે અવિહડ દ્રઢરાગ અને વિશ્વાસ તેનું નામ આસ્તિકતા.

ગુણની અપેક્ષાએ આ ક્રમ જાણવો પણ પ્રાપ્તિની અપેક્ષાએ આસ્તિકય, અનુકંપા, નિર્વેદ, સંવેગ અને ઉપશમ એમ ક્રમ જાણવો.

ક્રમશઃ

શહેરી - (ગામડીયાને) એ ભાઈ ! આ રસ્તો કયાં જાય છે ?

ગામડીયો - (શહેરીને) ભાઈ ! તમે જાવ છો ત્યાં.

● ● ●

છગન - તે લગ્ન શા માટે કર્યા ?

મગન - તને ખબર નથી.

છગન - ના, હું તો અજાણ છું એ બાબતનો !

મગન - છૂટાછેડા લેવા માટે.

સમતા અને સમાધિના અપૂર્વ સાધિકા પૂ. સાધ્વી શ્રી વિમલકીર્તિશ્રીજી મ. સા. ની ચિરવિદાય

અમારા પરમપૂજ્ય પરમોપકારી સમતામૂર્તિ ગુરૂણીજી **શ્રી વિમલકીર્તિશ્રીજી મહારાજ** ૪૭ વર્ષનો સુદીર્ઘ-સુનિર્મલ સંયમપર્યાય પાળીને સુંદર સમાધિ સાથે સં. ૨૦૫૭ પ્ર. આસો વદ ૨ ગુરૂવાર સાંજે ૭-૩૦ કલાકે કાળધર્મને પામ્યા છે.

તેઓશ્રીનું ગુણસભર જીવન અમારા સહુ માટે અનુકરણીય હતું તો સમતા-સમાધિસભર મૃત્યુ ખૂબ જ અનુમોદનીય હતું. સિદ્ધોની ભૂમિ સૌરાષ્ટ્રમાં શ્રી સિદ્ધગિરિજીની ગોદમાં વસેલા જેસરગામમાં જન્મ પામી શ્વસૂરભૂમિ ગાધકડાથી વ્યવસાયાર્થે પોતાના પતિ આદિ પરિવાર સાથે તેઓ મુંબઈ આવીને વસ્યા હતા. મોહમયી નગરીનું વાતાવરણ હોવા છતાં સિદ્ધાન્ત મહોદધિ પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના દર્શન - વંદન તથા વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજાના દર્શન - વંદન તથ પ્રવચન-શ્રવણનો પ્રભાવે ધર્મના દ્રઢ રંગે રંગાઈને ૨૪ વર્ષની ભરયુવાવસ્થામાં સજોડે આજીવન બ્રહ્મચર્યવ્રતનો તેઓએ સ્વીકાર કર્યો હતો. પોતાના પતિદેવ મનસુખભાઈની 'સંસારનું ગદ્ધાવૈતરૂં કયાં સુધી કરવું છે.' આવી એકમાત્ર પ્રેરણાથી ૬ વર્ષના નાનકડા પુત્રનો મોહ છોડી વૈરાગ્યવાસિત બન્યા હતા. એટલું જ નહિ, માત્ર સવા આઠ વર્ષના પોતાના મોટા સુપુત્ર પ્રવીણકુમારના હૈયામાં પણ વૈરાગ્યભાવ જગાડી બાળદીક્ષા પામેના જુવાળવાળા તે કાળમાં પોતાના પુત્રને છુપી દીક્ષ અપાવી એક ધર્મમાતાનો તેમજ મુંબઈ ભાયખલા મુકામે સં. ૨૦૧૧ જે. સુ. ૫ ના દિને અધ્યાત્મયોગી પૂ. પંન્યાસપ્રવર **શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**ના હસ્તે પોતાના પતિદેવ સાથે સંયમનો સ્વીકાર કરી પતિન પગલે ચાલી ધર્મપત્નીનો આદર્શ પણ જીવંત બનાવ્યો હતો.

સદ્ગત પૂજ્ય સાધ્વીજીશ્રી, પરમપૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ આ. ભ. **શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજાના સમુદાયવર્તિની પ્રવર્તિની પૂ. સ્વ. સાધ્વીજી **શ્રી જયાશ્રીજી મહારાજ**ના પ્રશિષ્યા પૂ. સ્વ. સાધ્વીજી **શ્રી નિરંજનાશ્રીજી મ.** ના અંતેવાસિની બન્યા હતા. તેઓશ્રીનું જીવન ભદ્રપ્રકૃતિ-સંયમપ્રેમ-સ્વાધ્યાયરસિકતા - ગુરૂવિનય - જિનભક્તિ - સમર્પણભાવ - શાંતપ્રકૃતિ-સહિષ્ણુતા-આશ્રિતોની હિતચિંતા-સહવર્તિઓ પ્રત્યે પ્રેમવાત્સલ્યતા અદ્ભુત વૈયાવચ્ચ વગેરે અનેક ગુણોથી મઘમઘતું હતું. તેઓશ્રીના સંસારીપતિ - પુત્ર - માતા - ભત્રીજી દીયરની દીકરી તથા વડીલ બહેન પણ સંયમના માર્ગે સંચર્યા હતા તેમજ નવ શિષ્યા - પ્રશિષ્યાઓનો પરિવાર ધરાવતા હતા. અશાતાવેદનીય કર્મના ઉદયથી વારંવાર શારીરિક વ્યાધિઓથી ઘેરાવા છતાં તેઓશ્રીના મનમાં સમાધિનો દિવડો જ્વલંત હતો.

છેલ્લા ૨૫ મહિનાથી લિવર તેમજ લોહીની આછાશની બિમારીમાં સપડાવાથી તેઓનું લિવર સંકોચાઈને કામ કરતું અટકી ગયુ હતું. અનેકવિધ ગંભીર વ્યાધિઓની સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરાયા ત્યારે તેઓની એક જ માંગણી હતી કે- 'મને હોસ્પીટલમાં દાખલ કરશો નહિ. મારે ઉપાશ્રયમાં જ રહેવું છે. હવે આ બાહ્ય ઉપચારો નહિ પણ ભાવ ઉપચારો કરાવો, મને ખૂબ આરાધના કરાવો, મને માત્ર અરિહંતે શરણં, સિદ્ધેશરણં પવજ્જામિ સંભળાવો' આ તેમની ભાવનાનો પ્રધાન સૂર હતો તેમની આ ભાવનાને લક્ષ્યમાં રાખી અમોએ પણ બાહ્ય ઉપચારો સાથે ભાવોપચારોને પ્રાધાન્ય આપ્યું હતું. આવી અવસ્થામાં પણ કલાકો સુધી રોજ સ્તવનો, સજ્ઝાયો - શ્રી નમસ્કાર મહામંત્ર તથા શ્રી અરિહંત પદના શ્રવણ અને રટણમાં તેઓ થાકયા નહોતા. ગંભીર માંદગીની તેમના મન કે મોઢાં ઉપર કોઈ અસર દેખાતી નહોતી...

પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા, ધર્મતીર્થપ્રભાવક પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મિત્રાનન્દસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. ભ. શ્રીમદ્વિજય ગુણયશ સૂ. મ., પૂ. આ. ભ. શ્રીમદ્વિજય કીર્તિયશ સૂ. મ., પૂ. આ. ભ. શ્રીમદ્વિજય વિજયહેમભૂષણ સૂ. મ., પૂ. મુ. શ્રી અક્ષય વિ. મ., સા. પુણ્યપ્રભાશ્રીજી મ. સા. અનંતકીર્તિશ્રીજી આદિ અનેક પૂ. સાધુ - સાધ્વીજી ભગવંતોના સમાધિ - પ્રેરક પત્રોનું શ્રવણ કરીને ચિત્તને ભાવિત બનાવતા હતા તો બીજી બાજુ પરમોપકારી ગુરૂવર્યો પ. પૂ. આ. ભ.

શ્રીમદ્‌વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજા ૮૧ વર્ષની જૈફ વયે પણ રોજ પધારી નિતનવી પ્રેરણાઓનું અમૃતપાન કરાવતા હતા તેમજ તેમના સંસારી સુપુત્ર પ. પૂ. આ. ભ. **શ્રીમદ્‌વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મહારાજા**એ રોજ કલાકો સુધી અપ્રમત્તપણે સમાધિપ્રેરક પદો-ગ્રંથો વગેરે સંભળાવવા દ્વારા માતૃભક્તિનું અને માતૃઋણ યત્કિંચિત્ વાળવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂં પાડયું હતું. પૂ. મુ. શ્રી વિશ્વદર્શન વિ. મ. એ પણ સમાધિ-પ્રેરક પ્રેરણાઓ પૂરી પાડી હતી.

સદ્‌ગતના ગુરૂભગિનીઓ પૂ. સાધ્વીજી શ્રી ધર્મલતાશ્રીજી મ. સા., પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ. સા., પૂ. સાધ્વીજી પુનિતયશાશ્રીજી મ. સા. આદિ સપરિવાર તેમજ તેમની શિષ્યાઓ સા. શ્રી કીર્તિમાલાશ્રીજી, સા. શ્રી સૌમ્યકીર્તિશ્રીજી, સા. શ્રી હર્ષવર્ધનાશ્રીજી, સા. શ્રી તપોરત્નાશ્રીજી, સા. શ્રી જિનગુણાશ્રીજી, સા. શ્રી તત્ત્વનન્દિતાશ્રીજી આદિએ પૂર્ણ ભક્તિભાવપૂર્વક અપ્રમત્તપણે દ્રવ્ય અને ભાવ ઉપચારો દ્વારા સુંદર સુશ્રુષા-ભક્તિ કરીને સમાધિમાં સહાયક બની અપૂર્વ કર્મનિર્જરા સાધી છે.

પૂ. સાધ્વીજી શ્રી જયાનંદાશ્રીજી મ., પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રોજ્જવલાશ્રીજી મ., પૂ. સાધ્વીજી શ્રી ગુણજ્ઞાશ્રીજી મ., સાધ્વીજીશ્રી ભવ્યદર્શનાશ્રીજી, સાધ્વીજી ચંદ્રકીર્તિશ્રીજી, સા. શ્રી સત્ત્વગુણાશ્રીજી સાધ્વીજી શ્રી ભવ્યપ્રજ્ઞાશ્રીજી આદિએ તથા અન્ય સમુદાયવર્તિ પૂ. સાધ્વીજી મહારાજાએ પણ સમાધિમાં સહાયક બની પોતાનું ધર્મ-કર્તવ્ય બજાવ્યું છે.

દિવસ-રાત જોયા વિના દ્રવ્યોપચારમાં સતત ખડે પગે રહેનાર ડો. શેખરભાઈ શાહ - મુંબઈ, ડો. મંગળદાસભાઈ, ડો. શ્રી નીતિનભાઈ વ્યાસ, વૈદ્યરાજ શ્રી જિજ્ઞેષભાઈ, ડો. અનિમેષભાઈ, ડો. ઘનસુખભાઈ આદિની સેવા-ભક્તિ ખરેખર અનુમોદનીય હતી તો શ્રી સુરત રત્નત્રયી તપગચ્છ આરાધક સંઘ તથા આરાધકો ડો. રમેશભાઈ સુ. વાડીભાઈ, સુ. કીર્તિભાઈ, સુ. અજિતભાઈ મેપાણી, સુ. જતીનભાઈ (છાપરીયા શેરી) તેમજ સુશ્રાવક ઉમેદચંદ રૂગનાથ ચાવાળાનો સમગ્ર ધર્મપ્રેમી-ભક્તિપ્રેમી પરિવાર, એમાંય સંજય તથા રાજુભાઈ મગનલાલ વગેરેએ તથા સુ. મહેન્દ્રભાઈ તારાચંદ ભોરોલવાળા તથા સુ. મહેન્દ્રભાઈ દૂધવાળા આદિ નામી - અનામી અનેક ભાવુકોએ પ્રશંસનીય રીતે ગુરૂભક્તિનો લાભ લીધો છે.

આ રીતે દ્રવ્ય-ભાવોપચાર દ્વારા સમાધિ નિમગ્ન પૂ. ગુરૂણી ભગવંતના સ્વાસ્થયમાં છેલ્લા બે દિવસથી અણધાર્યો પલટો આવતા અવિરત ચાલતી 'અરિહંત' પદની તથા શ્રી નમસ્કાર મહામંત્રની ધૂન સાથે તેઓ પોતે પણ 'અરિહંત-અરિહંત' બોલતા બોલતા અરિહંત ધ્યાનમાં લયલીન બનીને બન્નેય પૂ. ઉપકારી આચાર્ય ભગવંતો, પૂ. મુનિ ભગવંતો, પૂ. સાધ્વીજી ભગવંતો આદિ સકલ સંઘની હાજરી વચ્ચે પ્ર. આસો વ. ૨, ગુરૂવાર સાંજે ૭-૩૦ કલાકે અપૂર્વ સમાધિ સહિત તેઓશ્રીનો આત્મા મુકિતમાર્ગના આગળના પડાવ ભણી પ્રયાણ કરી ગયો.

અમારું શિરચ્છત્ર ઝુંટવાઈ ગયાનો આઘાત અંતરને વલોવી રહ્યો છે તો તેઓશ્રીનું આરાધનાસભર જીવન અને મંગલમય-મહોત્સવમય મૃત્યુ જ્યારે નજર સમક્ષ તરવરે છે ત્યારે દિલ આલ્હાદ પણ એટલો જ અનુભવે છે. અમારૂં પણ જીવન તેવું બને અને આઘાત સહન કરવાની શકિત અમને મળે એજ શાસનદેવને પ્રાર્થના...

પ્ર. આ. વ. ૩ તા. ૫-૧૦-૨૦૦૧, શુક્રવારના રોજ અહીના શ્રીસંઘે તેઓશ્રીના પાર્થિવદેહને જરીયાન પાલખીમાં પધરાવી ભવ્ય અંતિમયાત્રા કાઢી હતી. જેમાં અત્રેનો સ્થાનિક શ્રીસંઘ તેમજ બહારગામથી મુંબઈ-મુલુન્ડ-બોરીવલી-નડીયાદ-માટુંગા-ગાધકડા-જેસર-મહુવા-નાસિક-સિન્નર-સંગેમનેર-મુરબાડ-કલ્યાણ-ઘાટી-વણી-પિંપળગાંવ-બારડોલી-વડોદરા આદિ અનેક ગામોના ભાવુકો જોડાયા હતા. અગ્નિસંસ્કાર તથા જીવદયા અંગેના ચઢાવા પણ સમયાનુરૂપ ઘણા સારા થયા હતા. પાલખીમાં પધરાવવાનો લાભ **શ્રી હિંમતલાલ ભાવચંદ દોશી** પરિવારે તથા અગ્નિ સંસ્કારનો ચઢાવો મારી એવી ઉછામણી બોલીને **શ્રીમતી કમળાબેન ઉમેદચંદ રૂગનાથ ચાવાલા** પરિવાર સુરતે લીધો હતો. અહી બધા સુખશાતામાં છે સૌના તરફથી વંદના / અનુવંદના / ધર્મલાભ જાણશો.

તેઓશ્રીજીનો આત્મા જ્યાં પણ હોય ત્યાં સુંદર સામગ્રી સંપન્ન પરમાત્મ શાસનને પામીને વહેલી તકે મુકિતપદને પામે એવી શુભેચ્છા.

લિ.

સા. કીર્તિમાલાશ્રી આદિ

વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવન,
ગોપીપુરા, કાયસ્થ મહોલ્લો, સુરત.

પુણ્યાનંદ પ્રેરણા
દયાનો દરિયો

- આ. શ્રી વિજય વારિષેણ સૂરિ. મ. હીંકારતીર્થ

ચિંતામણી રત્નથી અધિક કિંમતી ને પુષ્પથી વિશેષ સુવાસિત માનવના જન્મને ફક્ત બે આંગળની જીભના સ્વાદને પોષવા માટે હિંસાના કાજળ ઘેરા વાદળોથી શા માટે કલંકિત કરો છો.

અહિંસાનું ઈનામ સદા મળીને જ રહેશે. દયાના ભાવ થયા ત્યાં જ પુણ્યના ફળ વિકાસ પામવા લાગે છે. જ્યાં ત્યાં તીર્થોમાં કે ઘરોમાં લારિઓ રેકડીઓ પાસે ઉભા રહીને ભેળપુરી પા ઉંબાજી સાથે બ્રેડ ચીકન આમલેટના ટેસ્ટ લેતા માનવીને ક્યારે સમજ આવશે કે, તું માનવ છે. મહાવીર બનવા સર્જાયો છે ?

"આ પેટમાં ઈંડા ન નાખો, તેને કુટવાની છે પાંખો,
કુદરતને જીવતી આંખો, તો પંખીને ઉડતા રાખો."

આજે આત્મવત્ સર્વ ભૂતેષુ ભાવના લુપ્ત થવા લાગી છે ને સહેજ પણ મોઝ મજા માટે ભયંકર હિંસા કરનારા નિર્ધ્વંસ પરીણામી જીવ બને છે. શ્રી મનોહર લોહિયા અલ્હાબાદના નેહરૂજીના આનંદ ભવન નામના ઘરમાં આરામ કરી રહ્યા હતા. ત્યારે મધ્ય રાત્રીએ લઘુ શંકા માટે ઉઠતા પલંગની બહાર પગ મૂકવા જાય ને એક ચકલીના બચ્ચાએ દર્શન દીધા દયાની ભાવનાથી ઓતપ્રોત લોહિયા જીવે તે બચ્ચાને રસ્તામાંથી ઉપાડિ ઠંડિમ ને મચ્છરથી રક્ષણ મળે માટે તેને સ્વ પલંગમાં ગાદી પર મૂકયું પોતે શંકા ટાળવા ગયા.

આવ્યા બાદ વિચારે અંદર હું સુઈ જાઉં તે કદાચ તે દબાઈ જાય તો તેને વેદના થશે. કદાચ બહાર પડિ જશે તો મરી જશે આ ભયથી બચ્ચાને વચ્ચે પલંગમાં મૂકિને ચારેબાજુથી મચ્છરદાની દબાવી ને સ્વયં એક ફાટલી ચટાઈ પર બાજુમાં નીચે સૂતા. એક બાજુ બચ્ચાની દયા તો બીજી બાજુ મચ્છર, ઠંડિ, જીવાત વિગેરે ઉપદ્રવ પણ ધર્મનો વિજય થયો. રાતભર એક જીવને બચાવવા માટે ઉપદ્રવોને સહન કર્યા સવારે સારા સ્થાનમાં તેની માતા સાથે મૂકિને દયાના કાર્યની અનુમોદના કરવા લાગ્યા.

આજે પણ દયાની ભાવના નાશ નથી પામી ભલે વિજ્ઞાનયુગમાં મોડર્ન જમાનામાં આધુનિક સાધનોથી દયા દુર્લભ બની છે પણ વિરલાત્માઓ હજુ પણ જીવન સુવાસ ફેલાવે છે.

હમણા એક અનાજની ઘંટીવાળો આવ્યો કહે મહારાજ ઘંટીમાં ખુબ સાચવવું પડે, પૂછ્યું કોઈ ધાન જીવાત વાળુ લઈને આવે તો શું કરે તું ? તે કહે તરત જ તેને પાછું મોકલું. વિના સાફ કરેલું જીવાતવાળું દળીને પીસીને હું ત્યાં પાપથી બંધાઉ. ભલે પૈસા આજ છે ને કાલે ચાલ્યા જશે. પુણ્ય હશે તો એ ક્યારેય પાછો ફરવાનો નથી માટે પ્રેમ દયા અહિંસા એજ અમારો મુદ્રાલેખ છે.

એક અજૈન વ્યક્તિઓના કિસ્સા પણ જ્યારે અહિંસા માટે કેટલા ગૌરવ લેવા જેવા છે. જ્યારે આજે જાનવર જૈન કે જૈન બનનારા ને શું પૂછવું પડે છે તમે રાત્રી ભોજન કરો છો ? તમે કંદ મૂળ ખાવો છો ? તમે વાસી ખાવો છો ? એક બે મિનીટના સ્વાદ માટે, મનની મજા માટે આજે જૈન ધર્મને કલંકિત કરતા આત્માઓને શું કહેવાય ?

જ્યાં પર્વતિથિના દિવસોમાં રાતના પાર્ટિઓ કે રીસેપ્શન રાખેને કંદમૂળ, વાસી ચિલ્લળના ટેસ્ટફૂલ ભોજન ખુશી આનંદથી ખવડાવા પર્વ લેવાય છે.

ધર્મના નામે પણ તપસ્વીને શાતા પૂછવા જાય ને થમ્સઅપ, ગોલ્ડ સ્પોટ પાઈ સુક્ષ્મને રાત્રી ભોજનની સાધર્મિક ભક્તિ થાય કોઈ વિચારશે ખરૂં ધર્મના નામે અધર્મનું રાજ્ય વધતા જાય છે.

ધર્મ સ્થાનોમાં પ્રતિષ્ઠાઓમાં કરોડો અભક્ષ્યને અપેય માટે ખર્ચાય છે. બહેરા કાને વાતો ઉપેક્ષિત થઈ જાય છે.

જે જૈન શાસનમાં એક સસલાને બચાવનાર જનક ગજરાજ પણ ત્રણદિન સુધી પગ ઉચ્ચે રાખી મૂકે તે જિન શાસનમાં માન સન્માન કિર્તી માટે ત્રાણ ગણા ઉત્સાહથી હિંસા થાય છે.

ગજરાજ દયાના ભાવે મૃત્યુને ભેટીને રાજા શ્રેણીક ના દરબારમાં મેઘકુમાર બને છે. જ્યારે હિંસાના આચરણ કરીને આપને નરકના દરબારમાં દુશ્મનના દાવાનળમાં સેકાવા હશું ત્યારે કોણ શરણ આપશે. દયા કરો, દયા સમજો તે બાદ ઉત્સવોની ઝાકઝમાળ કરો નહિ તો કહેવું પડશે આજનો અન્યાયનો પૈસો ધર્મમાં પાંગ અભ્યાસ કરાવતો જાય છે.

ભક્તિ કરવાની હોય છે પણ પેય-અપેયના વિવેકતો પ્રથમ જોવાના જ હોય છે. તે ન ભુલાવું જોઈએ.

પાપનો ઉદય છેકે સંસાર છૂટતો નથી. સંસારમાં રહેવું પડે છે. પાણ જેમ બને તેમ પાપોથી છૂટકારો મેળવવો જરૂરી છે. પાપ ક્રિયા પાણ પશ્ચાતાપથી થવી જોઈએ. તેના બદલે ધર્મમાં પાણ પાપો ઘુસ્યા કિને ગૌરવ લેનારા ઘણા વિકસ્યા છે.

જરાય વિચાર નથી આવતો એક જીવની હિંસા પાણ અનેક ભવમાં ભયંકર વેદના આપી જાય છે. જ્યારે અનંતા જીવોની હિંસા ને પાણ ધર્મના નામે શત્રુંજય જેવા પવિત્ર તીર્થોરાજની છાયામાં પારણા કે છ ગાઉનં યાત્રાના નિમીત્તે વિવેક ચુકાય ત્યારે શું થશે આ પ્રમાદિ ૬વનું તેનો વિચાર કરશો કે નહિ ?

શરીર પુણ્યથી ચાલે છે. ભોજનથી નહિ. પૈસો પુણ્યાયથી મળે છે. પ્રયત્નથી નહિ. સુખ શાન્તિ પુણ્યાયથી મળે છે. પૈસાથી નહિ તે ભૂલશો નહિ.

મુસલમાન મુસલમાનને બચાવશે. ખ્રિસ્ચ ન માનવને બચાવશે, હિન્દુ ગાયને બચાવશે ગોવધબંધી માટે લડે છે. જ્યારે જૈન વિશિષ્ટ રીતે જીવ માત્રને બચાવવવા પ્રયત્નવાન છે તે જ જૈન ધર્મની વિશેષતા છે.

બાકિ આજે મચ્છર, કિડિ, માંકડ મારન રના ઘરમાં ઉંદર મરવા લાગ્યાને પેટમાં આવેલા નિષ્પુણ્યક જીવોના પાણ ગર્ભપાત થવા લાગ્યા ને દહેજને માટે જીવતા સ્ત્રીઓને વૃધ્ધ માબાપોને પાણ મારવા આજ નો મોડર્ન માનવો તૈયાર થઈ ગયો છે. તે ન ભૂલતા માટે નાના જીવોને બચાવવાના ભાવ દરેક આત્મા પ્રત્યે દયા પ્રેમ વાત્સલ્ય બતાવશો ને ?



પાપ અહિં છૂપાવી શકે
પણ કર્મના ઉદય વખતે
નહિ છૂપાય.

ગરજવાન બધે હોય માટે
ભવથી છૂટવું હોય તો
ધર્મી થાવ.

અજ્ઞાન ગમે તે કરે
તેની સંભાળ
હોય નહિ.

ફરીયાદ
સાંભળે
કોણ ?

સૌજન્ય :ગુજરાત સમાચાર

બેય ડાલો

—સાહબુદ્દીન રાઠોડ

એક નાનકડી સુફી કથા મને બહુ ગમે છે. આ કથાને મારા કલ્પનાના રંગે રંગી મનના ભાવોથી મઢીને મેં ઘાગીવાર રજુ પાગુ કરી છે. કથા આ પ્રમાણે છે.

જોસેફ મહેનતુ ફાર્મર હતો. તેની પાસે વિશાળ ફાર્મ હતું એમાં તેનું વૈભવી ફાર્મ હાઉસ હતું. ફાર્મમાં ગુલામો, ઘોડા, ઘેટા, કુકડાં, કુતરા, ખચ્ચર અને નોકરચાકર જે કાંઈ હતું તેના પર જોસેફનો અબાધિત અધિકાર હતો.

આમ જુઓ તો જીવન સુખેથી જીવી શકાય એટલી સ્થાવર જંગમ મિલ્કત તેની પાસે હતી. પાગ જોસેફને ન જાણે કેમ સંતોષ જ નહોતો. એ એમ જ માનતો કે મારી લાયકાત કરતાં આ જે કાંઈ છે તે ઘાગું ઓછું છે.



પ્રત્યેક માનવીનો અહંમ તેને આવી વાત શીખવે છે કે તારી લાયકાત કરતાં તને ઘાગું ઓછું મળ્યું છે કારણ માનવીનું દોડમાં અહંમનું જીવન છે. દોડના અંતમાં અહંમનો અંત છે. દોડવું એ સંસાર છે. અટકવું એ ધર્મ છે. એક દિવસ જોસેફને એવો વિચાર આવ્યો કે જો હું પશુ પક્ષીઓની ભાષા શીખી લઉં તો મને ઘાગો ફાયદો થાય તેમ છે.

માનવીના મનમાં પ્રથમ વિચાર આવે છે પછી એ વિચાર ઈચ્છામાં બદલી જાય છે. ઈચ્છા તીવ્ર બનતાં આકાંક્ષા બને છે અને આકાંક્ષા છેવટે મહત્વાકાંક્ષા માં પરિવર્તન પામે છે. મહત્વાકાંક્ષા ચિંતા અને ભયને જન્મ આપે છે ત્યાર પછી સંઘર્ષ સર્જાય છે અને સંઘર્ષમાં માનવતાનો નાશ થાય છે.

જોસેફના વિચાર ઈચ્છામાંથી આકાંક્ષામાં બદલી ગયો. તેને થયું "બસ શીખી જ લઉં." જોસેફ ઉપડયો અને પહોંચ્યો મોઝિઝ સાહેબ પાસે. એ જમાનામાં સૌથી સમજદાર, સૌથી વિશ્વાસપાત્ર રાહબર મોઝિઝ સાહેબ ગણાતાં.

જોસેફે મોઝિઝ સાહેબને વિનંતિ કરી પછી આજીજી કરી. મોઝિઝ સાહેબે જોસેફને સમજાવ્યો. "પશુપક્ષીની ભાષા એટલે પ્રકૃતિની ભાષા, સરળ ભાષા, હૃદયની ભાષા, તારે આ ભાષા જાણીને શું કરવું છે ?"

જોસેફ આમાં કાંઈ ન સમજ્યો પાગ તેનો આગ્રહ દુરાગ્રહમાં બદલી ગયો. છેવટે કંટાળીને મોઝિઝ સાહેબે કહ્યું, "થોડા દિવસ તું અહીં રહે. પશુપક્ષીઓનાં સહવાસમાં રહે, તને તેમની ભાષા સમજાઈ જશે."

મોઝિઝ સાહેબના આદેશ મુજબ જોસેફ તેમની સાથે રહ્યો, પશુપક્ષીઓનો સહવાસ કેળવ્યો અને એક દિવસ એ પોતાના ફાર્મ પર આવવા રવાના થયો.

આખો દિવસ ફાર્મમાં જુદા જુદા કામો ચાલ્યા કરતાં પહાડીઓ પાછળ સૂરજ આથમતાં સૌ નિરાંતનો અનુભવ કરતાં. ફાર્મમાં મોતી કુતરાને સૌથી વધુ ભાવતું લડાયક કુકડા સાથે, આ બન્ને હબશી ગુલામની ઝૂંપડી પાસેના ઓટે બેસતાં એને અલક મલકની વાતો કરતાં.

એક દિવસ કુકડો અને કુતરો વાતો કરતાં હતાં. જોસેફ ત્યાંથી નિકળ્યો એ ઝૂંપડીના ઓથે છુપાઈને બન્નેની વાતો સાંભળવા લાગ્યો. કુકડાએ કુતરાને કહ્યું, "અફસોસ એક જ વાતનો છે કે આપણાં ફાર્મમાં જે સફેદ ઘોડો છે એ એક મહિનામાં મરી જવાનો છે."

જોસેફે આ વાત સાંભળી. બીજે જ દિવસે એ ગામમાં ગયો, ઘોડાનો સોદો કર્યો, ત્રીજે દિવસે ઘોડાને લેવા ફાર્મમાંથી વિદાય કરી દીધો અને આવેલ રકમ તીજોરીમાં

જવા કરી દીધી.

જોસેફ ખુશ હતો, ઘોડાના મોતથી થનાર ખોટને તેણે ઘોડાને વેચીને નફામાં બદલી નાખી હતી. ઈન્સાનની ઈન્સાનિયત પર જ્યારે હેવાનિયતનો થર ચડી જાય છે ત્યારે એ મોતમાંથી પણ ફાયદા શોધી લે છે.

ફરી એક વાર આવો પ્રસંગ બન્યો. કુકડાએ કુતરાને કહ્યું, ''અરેરે આખી જિંદગી કાળી મજુરી કરી આ ફાર્મને આબાદ બનાવનાર આપણો હબશી ગુલામ જોન હેને એ બે જ મહિનામાં મરી જવાનો છે.'' જોસેફે સાંભળ્યું. તેણે તરત જ પોતા કુકળતાં આજીજી કરતાં ગુલામને વેચી નાખ્યો. સૌ જાણતાં હતા કે ભલા જોન હબશીની એક જ અંતિમ ઈચ્છા હતી પોતાના પ્રિય ઘોડા, ઘેટા, કુતરા, કુકડા અને સાથીઓ સાથે જિંદગીના છેલ્લા દિવસો આ જ ફાર્મ પર વિતાવવા અને શાંતિથી મોતને ભેટવું.

બીજા ગુલામ સ્ત્રી પુરૂષો એ પણ જોસેફને ઘણું સમજાવ્યો પરંતુ માનવીય ભાવોને માત્ર પૈસામાં મૂલવતાં જોસેફ માટે ગુલામ જોન માત્ર વસ્તુ હતો, સોદો થઈ ગયો, ગુલામ જોન વેચાઈ ગયો. પૈસા મળી ગયા, તીજોરીમાં જમા થયા.

કુકડાની વાત સાંભળી જોસેફે ખચ્ચર વેચ્યું, ઘેટા વેચી નાખ્યા, દર વખતે એ ખુશ થતો. પરંતુ એક સાંજે કુકડો અને કુતરો બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. કુકડાએ કહ્યું, ''દોસ્તી, આ ફાર્મમાં વસતાં તમામની યાતનાનો અંત નજીકમાં છે. દુઃખના દિવસો હવે પુરા થાય છે.''

આગળ વાત ન થઈ જોસેફ સાંભળી ન શક્યો પણ તેની જિજ્ઞાસા ખૂબ જ વધી ગઈ એ અવારનવાર કુતરા અને કુકડાની વાત સાંભળવા પ્રયાસ કરવા લાગ્યો.

એક સાંજે જોસેફને બંનેની વાત સાંભળવાની તક મળી ગઈ. કુકડાએ કહ્યું, ''આપણો માલિક જોસેફ છે ને એ ત્રણ જ મહિનામાં મરી જવાનો છે.''

આટલું સાંભળતાં જોસેફને પરસેવો વળી ગયો, ચક્કર આવ્યા, એ જમીન પર બેસી ગયો, અજંપાથી તેનું મન ભરાઈ આવ્યું. આ મિલ્કત, આ ફાર્મ, આ બધો માલ, બસ બધું જ છોડી દેવાનું ? એ પડતો, આથડતો, દોડતો દોડતો પહોંચ્યો મોઝિઝ સાહેબ પાસે. એમના પગમાં ઢગલો થઈ પડી ગયો.

આંખમાં આંસુ સાથે બે હાથ જોડી જોસેફે આજીજી કરી, ''મને બચાવો, મને બચાવો.'' મોઝિઝ સાહેબે કહ્યું, ''કહે તો ખરો શું થયું ?'' જોસેફે કહ્યું, ''આ કુકડો તો એમ કહે છે આપણાં ફાર્મનો માલિક ત્રણ મહિનામાં મરી જવાનો છે.'' આપ જ કહો હવે હું શું કરું ?

મોઝિઝ સાહેબે કહ્યું, ''બેચ ડાલો'' અત્યાર સુધી કુકડાની વાત સાંભળી તે શું કર્યું ? વેચી નાખ્યા ને સૌને ? હવે તું તારી જાતને પણ વેચી નાખ.

જોસેફ ચોધાર આંસુએ રોવા મંડ્યો એ બોલ્યો, ''હું મારી જાતને કેવી રીતે વેચી નાખું ?''

મોઝિઝ સાહેબે કહ્યું, ''અત્યાર સુધીમાં કેટલી વાર વેચી એનો તો વિચાર કર, તેં શું નથી વેચ્યું ?''

તે ધર્મ વેચી ધન મેળવ્યું.

તે દોસ્તી વેચી દોલત મેળવી.

તે માનવતા વેચી મિલ્કત મેળવી.

તે સત્ય વેચી સંપત્તિ મેળવી.

તે પ્રેમ વેચી પૈસો મેળવ્યો.

જોસેફ એક પણ શબ્દ બોલ્યા વગર ફાર્મ પર પાછો ફર્યો, હવે એના મનમાં ઉમંગ નહોતો પગમાં જોર નહોતું નહોતી જીવન જીવવાની કોઈ ઝંખના. એ લથડતાં પગે ફાર્મ તરફ ચાલ્યો આવતો હતો. સુરજ ધીરે ધીરે આથમી રહ્યો હતો.

કુતરો અને કુકડો જોન હબશીની ઝૂંપડી પાસે બેઠાં બેઠાં વાતો કરતાં હતા. કુતરાએ કહ્યું, ''જીવનમાં બુદ્ધિની જરૂર નથી. વિશુદ્ધિની જરૂર છે. જોસેફ ભલે પોતાની જાતને બુદ્ધિમાન ગણતો હોય પણ આખરે એણે કર્યું શું ? ધર્મ, પ્રેમ, દોસ્તી, માનવતા, અને સત્ય જેવા સદગુણો ગુમાવીને તીજોરી ભરી. જોસેફ ધીરે ધીરે ખાલી થતો ગયો અને તીજોરી ભરાતી ગઈ.''

કુકડો કહે, ''હવે ? હવે શું થશે ?''

કુતરો કહે, ''થાય શું ? હવે એક ખાલી જોસેફ એક ભરેલી તીજોરી મુકી આ જગતમાંથી હંમેશને માટે વિદાય લેશે.''

બંનેની વાત ચાલતી હતી ત્યાં ફાર્મના દરવાજે ધડામ દઈને કોઈ પડયું હોય એવો અવાજ આવ્યો. બંને ત્યાં પહોંચ્યા

અન્ય ગુનેગારો, જાનવરો પાગલ દરવાજે પહોંચ્યા સૌએ જોયું જોસેફ દરવાજાના પથ્થર પાસે પડ્યો હતો. તેના માથામાંથી લોહી વહી રહ્યું હતું. જોસેફે ઉદાસ ચહેરે આંખમાં આંસુ સાથે સામે તરફ જોયું.

જોસેફની દ્રષ્ટિ કુકડા પર પડી, કુતરા સામે સ્થિર થઈ એજ ક્ષણે તેનું પ્રાણ પંખેરૂ ઊડી ગયું.

સૂર્ય પહાડીઓ પાછળ આથમી ગયો.

: સૌજન્ય - મુંબઈ સમાચાર.

બોધનો બોધ

- ❑ થાવચ્ચા પુત્રે કેટલા હજાર સાથે દીક્ષા લીધી (૧૦૦૦૧)
- ❑ થાવચ્ચા પુત્ર કેટલા હજાર સાથે મોક્ષે ગયા (૧૦૦૦૧)
- ❑ ઋષભદેવના પૂર્વ ભવમાં કયાં વૈદ્યે રોગ મટાડીયો (જીવાનંદ વૈદ્યે)
- ❑ ઋષભદેવને શેરડીના રસથી કોણે પારણું કરાવ્યું. (શ્રેયાંસકુમાર)
- ❑ જૈન સાધુના વેશમાં નમ્યા અને કોણે શીક્ષા કરી (વિષ્ણુકુમાર મુનિ)
- ❑ કાર્તિક શેઠે કેટલા વેપારી સાથે દીક્ષા લીધી (૧૦૦૮)
- ❑ ચક્રવર્તીના નવ નિધાનના નામ આપો ? નૈસર્પ, પીંગુક, વિંગલ, સર્વરત્નક, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક્ક અને સંખક.
- ❑ જયનામે ચક્રીએ કેટલા હજાર રાજા દીક્ષા લીધી. (એકહજાર)
- ❑ તત્વ કેટલા ? (નવ)
- ❑ મિચ્છામિ દુક્કડંકોની જેમ આપવાનું ક્ષલ્લક મુનિ જેમ કે ચંદનબાળા જેમ જવાબ આપો.
- ❑ સૂર્ય ચંદ્ર મુળ વિમાન સાથે કોને વંદન કરવા ને કઈ નગરી આવ્યા હતા. (કોશોમ્બીયા, મહાવીર)
- ❑ શય્યંભવસૂરિજી કોના માટે દશવૈકાલીક બનાવ્યું ? (મનક મુનિ માટે)
- ❑ ઉદય રાજા તથા ચંડ પ્રદ્યોતન રાજા બંનેમાં કોણે સાચી ક્ષમાપના કરી (ઉદાયન રાજાએ)
- ❑ પારણામાં ઝુલતાં ઝુલતાં કોણે અગ્યાર ગણી ગયો તેમનુ નામ આપો. (વજ સ્વામી).

સુભાષિત

वृश्चिकस्य विषं पुच्छे, मक्षिकाया मुखे विषम् ।
तक्षकस्य विषं दन्ते, सर्वांगे दुर्जनस्य तत् ॥

ગુણોની દ્રષ્ટિએ વિભાજન કરીએ તો માનવીને બે મોટા વર્ગોમાં વહેંચી શકાય. સજ્જનો અને દુર્જનો. દુર્જન કેટલો ખતરનાક હોય છે તે બતાવતું આ સુભાષિત એક બાજુ આપણને દુર્જન ન બનવાની સલાહ આપે છે તો બીજી બાજુ દુર્જનથી બચતા રહેવાનું કહે છે. સુભાષિતકાર કહે છે કે 'वृश्चिकस्य विषं पुच्छे' વીંછીની પૂંછડીમાં વિષ હોય છે. 'मक्षिकाया मुखे विषम्' મધમાખીના મુખમાં વિષ હોય છે. 'तक्षकस्य विषं दन्ते' સાપના દાંતમાં વિષ હોય છે. વીંછી, મધમાખી અને સાપ આ ત્રણેના તો ફકત એક જ અંગમાં વિષ ભર્યું છે, પણ 'सर्वांगे दुर्जनस्य तत्' દુર્જન મનુષ્યોનાં તો દરેકે દરેક અંગમાં વિષ ભર્યું છે. તેથી દુર્જન સૌથી વધુ ભયજનક છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વીંછી, મધમાખી, સાપ કરતાં પણ દુર્જન બીજાને વધુ હાનિ પહોંચાડે છે. દુર્જનના હાસ્યમાં, વાણીમાં, વર્તનમાં, વિચારોમાં વિષ એટલે કે બીજાઓ પ્રત્યે દ્વેષ ભર્યો હોય છે. જ્યારે દુર્જનોની તો વાણી ખૂબ જ મીઠી હોય છે. આવા લોકો તક મળતાં જ બીજાનું ખરાબ કરતા અચકાતા નથી. આવા દુર્જનોથી બચવાનો પ્રયાસ સજ્જનોએ કરવો જોઈએ. સૂર્જનના સંસર્ગથી સજ્જનને કેવી આપત્તિમાં મુકાય છે તે એક બીજા સુભાષિતમાં જોઈએ.

अहो दुर्जनसंसर्गात्, मानहानि पदे पदे। पावको लोहसंगेन, मुद्गरैः अभिहन्यते ॥

અરે ! દુર્જનની સંગતિ કરવાથી પગલેપગલે માનહાનિ થાય છે અને આ સુભાષિતમાં લોઢું અને અગ્નિની વાત થઈ છે. લોઢું દુર્જનોનું પ્રતિનિધિત્વ કરે છે અને અગ્નિ સજ્જનોનું. અગ્નિમાં તપાવીને લોઢું જ્યારે ટીપાતું હોય છે ત્યારે અગ્નિ પણ ટીપાય છે. માટે દુર્જનને નવ સજ્જનો નમસ્કાર કરવા. - જશવંતી હિરેન ખત્રી

- સૌજન્ય : જન્મભૂમિ પ્રવાસી

અમદાવાદ – પાલડી રંગસાગર માં ગુરૂ સ્મૃતિનું કાયમી આયોજન

શ્રી જૈન સંઘ તરફથી પૂ. આ. શ્રી કનકચંદ્રસૂરીશ્વરજી . ની પુણ્યસમાધિ ભૂમિ ઉપર તેઓશ્રીની ૧૮ મી વર્ગારોહણ તિથિ પ્રસંગે સંયમની અનુમોદના નિમિત્તે ચાહ્નિકા મહોત્સવ પૂ. મુનિરાજશ્રી પ્રશાંતદર્શન વિજયજી . આદિની નિશ્રામાં વિ. આ. સુદ ૮ થી સુદ પ્રથમ ૧૨ ધી શાંતિ સ્નાત્ર, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત સારા ત્સાહથી ઉજવાયો.

અત્રે પૂ. શ્રી ની કાયમી સ્મૃતિનું આયોજન નીચે જાહેર કરવામાં આવ્યું છે.

કાયમી ગુરુસ્મૃતિના આયોજન

❖ ભાવધર્ક શ્રી સુપાર્શ્વનાથસ્વામી શ્વે. મૂ. જૈન સંઘ, ંગસાગર, અમદાવાદ ❖ શ્રી દાન-પ્રેમ-રામચન્દ્રસૂરિ તપા. ૈન આરાધના ભવન ટ્રસ્ટ, રતલામ ❖ ગાગેશમલ કોરલાલ કોઠારી, અમદાવાદ ❖ બાબુલાલ લક્ષ્મીચંદ ાહ, દાંતરાઈ, અમદાવાદ ❖ કનુભાઈ પ્રેમચંદ શાહ, ાગધેર, અમદાવાદ ❖ રતિલાલ અનોપચંદ શાહ, અમદાવાદ ❖ હર્ષદભાઈ લાલભાઈ શાહ, અમદાવાદ ❖ ાંતિલાલ હરિલાલ શાહ, અમદાવાદ ❖ ચંદનબેન કરલાલ શાહ, અમદાવાદ ❖ રીખવચંદ મૂળચંદ શાહ, ાટાણ ❖ મંજુલાબેન અમીચંદ શાહ હ. જીગર, પાટાણ ❖ રસ્વતીબેન જયંતિલાલ ધુપેલીઆ, પાટાણ ❖ ગંગાબેન ાંતિલાલ શાહ, ખીમત ❖ સ્વ. માતુશ્રી ગંગાબેનના મરણાર્થે જ્યોત્સનાબેન નરેશભાઈ જોગાણી, ખીમત ❖ હાલીબેન કાંતિલાલ ચુનીલાલ જોગાણી, ખીમત ❖ મંજુલાબેન ભુરાલાલ મોહનલાલ જોગાણી, ખીમતવાળા ❖ ધરમચંદ મોતીચંદ જોગાણી, ખીમત ❖ સુધાબેન જયનીકાંત જીવરાજ મહેતા, જુનાડીસા ❖ મોતીચંદ ઝવેરચંદ ઝવેરી, મુંબઈ - શ્રીપાલનગર ❖ છોટાલાલ ગજીવનદાસ સંઘવી, મલાડ, મુંબઈ ❖ ધર્મીબાઈ ીરચંદજી હુકમાજી સંઘવી, પૂના ❖ સુમિત્રાદેવી મદનલાલ ારીન, હ. ઉષાબેન વેદપ્રકાશ, જલંદર, પંજાબ.

સ્વ. સાહિત્યસમ્રાટ્શ્રીના સંસારીપક્ષે બહેન મહારાજ ૨૫૩ શ્રમણીવૃંદનાયક પ્રવર્તિની સ્વ. પૂ. સાધ્વીરત્નાશ્રી દર્શનશ્રીજી મ. ના પરિવારની પુણ્ય પ્રેરણા

❖ વાપી જૈન સંઘની શ્રાવિકાઓ (પૂ. સા. શ્રી હંસશ્રીજી મ.), વાપી ❖ ગુરુભક્તો (પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજી મ. સો.) ❖ આઉન્સ ગ્રીન સત્સંગ મંડળ (પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ.) ❖ સ્વ. પૂ. આ. કનકચન્દ્ર સૂ. મ. ના હસ્તે શ્રી હેમપ્રભાશ્રીજી દીક્ષા નિમિત્તે ❖ ગુરુભક્ત વર્ગ (પૂ. સા. શ્રી સૂર્યમાલાશ્રીજી મ.), અમદાવાદ ❖ શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘની બહેનો (પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.) ❖ સરલાબેન મહેન્દ્ર ભાઈ ચંદુલાલ શાહ પરિવાર, લાલબાગ, મુંબઈ (પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.) ❖ કુસુમબેન બાબુભાઈ શાહ પરિવાર, કબીલપોર, નવસારી (પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.) ❖ એક ગુરુભક્ત બહેન (પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.) ❖ બે ગુરુભક્ત બહેન (પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.) ❖ પૂ. સા. શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી ઈન્દ્રમાલાશ્રીજી મ. ના સંયમાનુમોદનાર્થે ગુરુભક્તો ❖ શાંતિલાલજી ગાગેશમલજી પરિવાર, શિવગંજ (પૂ. સા. શ્રી સૂર્યરેખાશ્રીજી મ.) ❖ હર્ષદા બેન ભરતભાઈ મહેતા, માટુંગા, મુંબઈ (પૂ. સા. શ્રી લબ્ધિપૂર્ણાશ્રીજી મ.) ❖ પાર્વતીબેન હરખચંદ શાહ બારડોલ (પૂ. સા. શ્રી ભવ્યરત્નાશ્રીજી મ.) ❖ અરુણાબેન કુંદનમલજી રાઠોડ કલ્યાણ (પૂ. સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.) ❖ જયંતિલાલ ગગલદાસ શાહ, પાલડી, આણંદજી (પૂ. સા. શ્રી પ્રશાંતદર્શનાશ્રીજી મ.) ❖ શાંતાબેન સોનચંદ ભીમશી વીસરીયા, હાલાર, વસઈ (પૂ. સા. શ્રી ઉદયચન્દ્રાશ્રીજી મ.) ❖ પ્રેમચંદ રાયશી ગડા, ભીવંડી (પૂ. સા. શ્રી ઉદયચન્દ્રાશ્રીજી મ.)

ધર્મનું ઉત્પત્તિ સ્થાન દયા / કરુણા / જીવદયા

—પૂ.આ.દે.શ્રી વિભાકર સૂરીશ્વરજી મ.સા.

ધર્મ એ મહાન તત્ત્વ છે. પરંતુ તેનું ઉત્પત્તિ સ્થાન દયા છે. ધર્મ તત્ત્વને જીવાડનાર / વધારનાર / સૌને હિતકારી બનાવનાર પ્રથમ પાયો - પાયાનો પથ્થર તે દયા છે. હજારો માણસોને મારી - લૂંટી - લોહીની નદીઓ વહેવડાવનાર કરતાં ગરીબ માનવીનો એક આંસુ લુછનાર વધારે મહાન છે. અન્ય જીવોના પ્રાણ રહેંસી નાખનાર આકૃતિ ભલે માનવ કહેવાતો હોય પરંતુ હકિકતમાં પશુ કરતાં વધારે ખરાબ છે. સૌએ અંતઃ નિરીક્ષણ કરવું જોઈએ.

વૈજ્ઞ નિકોએ ગમે તેટલી શોધ કરી હોય તેનાથી બીજાને રેંસવાનું હોય તો વિદ્યા વખાણવા લાયક નથી. પ્રશંસવા જેવી નથી.

જગતમાં અગરબત્તી બળીને સુવાસ ફેલાવે છે. ફુલ પીલાઈને અત્તર બનાવે છે. સૂર્ય નિયમિત ઉગે છે. ઝાડને મારો તો ફળ આપે છે. નદીને ડોળો તો મીઠુ પાણી આપે છે. માનવ જેવો માનવ કરોડો પશુઓની હિંસા કરી અને માનવ કહેવરાવે તેના કરતા તો જંગલના પશુ સારા છે. પોતાના પેટ માટે ખાય છે. સંગ્રહ કરતા નથી.

માણસ માખીની પાંખ જેવી પાંખ બનાવી શકતો નથી. કરોડો પશુને મારવાનો શો અધિકાર છે ? પશુઓની આહ લઈને માણસ હાશ મેળવી શકતો નથી. તેના જીવનમાં હાય સિવાય કાંઈ રહેતું નથી. આજના લીલા સુકા દુષ્કાળ મોંઘવારી યાતનાઓ, રોગચારાઓ - પ્રતિકૂળતાઓ નીર્દોષ જીવોની હત્યાનું પરિણામ નથી તો બીજું શું છે ? વાર્યા પાછા નહિ વળનારા હાર્યા વરશે ખરા ?

દરેક પ્રાણી પોતાના પુણ્ય અનુસાર ઈન્દ્રય શરીર વિગેરે બનાવે છે. તેને છીનવી લેનાર તેના જેવો હત્યારો લુંટારો બીજો કોઈ નથી. નિર્દય કોઈ નથી. આવા શું હોનારત ન સર્જે ?

પરાધીન જીવને રાહત આપવાના બદલે પીંજા આપવી પ્રાણ લઈ લેવા તે શું સજ્જન નું કામ છે ?

અજ્ઞાનને વશ મચ્છર કરડી જાય - ગાય શીંગડા મારે તો ન્યાયાધિશ જજમેન્ટ આપે તે અજ્ઞાન છે, છોડી દે છે.

માણસ અજ્ઞાનથી ગાંડપણથી કાંઈ કરે તો છોડી દે છે. બીચારા અજ્ઞાન છે. પણ જે સાક્ષર થઈને રાક્ષસ બને છે તેને શરમ નથી આવતી. **Upto date** થઈને ફરનારા **Out of date** થઈ ગયા છે.

આજે માનવ કરુણા વાળો બનવાને બદલે ક્રુરતાનો બની ગયો છે. બીજાના જીવન માટે પોતાના જીવનનું સમર્પણ તે શુરવીરતા છે અને પોતાના જીવન માટે બીજાનું જીવન છીનવી લેવું તે ક્રુરતા છે, કાયરતા છે, પાશવતા છે, નરાધમતા છે. વિશ્વનો ઈતિહાસ તપાસીશું તો ખ્યાલ આવશે કે પશુએ માનવને વધારે માર્યા કે માનવે પશુને વધારે માર્યા ? માનવે સ્વજાતિ માનવને વધારે માર્યા પશુએ પોતાની સ્વજાતિને એટલા માર્યા નથી. ક્રુર માનવી મનની શાંતિ અનુભવી શકતો નથી. આવા જ્યાં જાય ત્યાં અશાંતિ - કલેશ સળગાવ્યા વગર રહેતા નથી.

એટલા માટે તો સંત તુલસીદાસજીએ લખ્યું.

દયા ધર્મકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.

દયા વગરનો દિવસ વાંઝીયો અને સેવા વગરનો દિવસ કાદવીઓ. દયા અને સેવા કોને નથી ગમતી ? સહુને પ્રિય છે.

આ દેશની અંદર મેતારજ મુનિવરે એક કૌંચ જીવને બચાવવા હસતા હસતા પોતાનાં પ્રાણ આપી દીધા. સસલાને બચાવવા હાથીએ પ્રાણ આપી મેઘરથકુમાર બન્યા. અબ્રાહ્મ લિંકને ખાબોચિયામાં ભુંડ તડફડતું જોયું. બચાવવા માટે ગાડીમાથી કુદી પડી ખાબોચિયામાંથી ઉચકી બહાર કાઢયું. અનાર્ય દેશમાં આવી દયા હોય તો ! ઓ હિન્દુસ્તાન તારા લોહીમાં કેવી દયા હોય ? દયાની સરવાણીને સુકવી દેનાર ક્રુરતાને પેદા કરનાર વિલાસી જીવન છે. ફેશન - વ્યસન અને કુસંસ્કારોના ફુંકાયેલા વાવાઝોડાએ પવિત્ર દેશના ઉત્તમ આત્માઓને ભૂંડે હાલે જીવતા કરી દીધા છે. જાગ માનવ જાગ ?

ભાગ્યોદયે નાનકડો વર્ગ પોતાની શક્તિ મુજબ જીવ દયાનું કાર્ય કરી રહ્યો છે. પણ ધાર્યું પરિણામ કે જોઈએ તેવી સફળતા મળતી નથી. હતાશ થવાની જરૂર નથી.

આવા ઉત્તમ દૃષ્ટાંતો સાંભળીને વધુને વધુ પુણ્યશાળી/ ભાગ્યશાળીઓએ પોતાના તન-મન-ધન-સમય- શક્તિ સર્વસ્વનો ભોગ આપી આવા કાર્યોને વેગવંતુ બનાવવું જોઈએ. એક દીવામાંથી હજારો નવા દિવા પ્રગટી શકે છે. પોતાના જીવનને મહાન બનાવવા સાથે સાથે બીજાનું જીવન બચાવવું સુધારવું તેના જેવું કોઈ મહાન સુકૃત નથી.

અપકારી ઉપર પણ ઉપકાર કરવો તે સત્યનું બહુમાન છે. ગઢાલોકો કહે છે ભગવાને શું કામ બધું બનાવ્યું ? સિંહ કહે છે તમે મને માન્યને ખાવા માટે સર્જ્યો છે. તે તને ખાઈ જવું. તને કહે મારી નાખે તું કહે મને કેમ મારે છે ? તો તે કહે તને ભગવાને સર્જ્યો શું કામ ? તે ટાઈમે ખબર પડે ભગવાને સર્જન કર્યું છે. મારવા માટે નહિ જીવાડવા માટે. સૌ કોઈ પોતાને મળેલી શક્તિનો હવે બાકી રહેલા જીવનમાં સક્રિય ઉપયોગ કરે તો ભારતનો ભવ્ય વારસો પુનઃ ઝગમગતો થાય તેમાં શંકા નથી.

પુરુષોત્તમદાસ ગાંડાલાલ કપાસી

૭/૮ શંકર પ્રકાશ, ૩મો માળ,
રાજાવાડી, ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ - ૪૦૦૦૭૭.
ટે. ૫૧૨૦૪૮૫, ૫૧૩૨૮૦૬, તા. ૧૦-૭-૧૯૯૨

ભાઈશ્રી દીલીપભાઈ કોઠારી, વીલે પારલે

આ પત્ર એક જીવદયા પ્રેમીના નાતે અને તમારા હીતચિંતક તરીકે લખવા પ્રેરાયો છું.

અનેક માસીકો અને અઠવાડીકોનાં હૈદ્રાબાદમાં થઈ રહેલ જંગી કતલખાના બાબત લખાણો આવી ગયા અને આ કાર્યના શ્રી કોઠારી યોજક છે. તેવા લખાણો વાંચ્યા પરંતુ ખ્યાલ આવેલ નહીં. ગઈકાલે ''જૈનશાસન'' અંક ૪૧ માં તમે આ જંગી કતલખાનાના બચાવમાં જે નીવેદન કરેલ તેની નોંધ વાંચી દુઃખદ આશ્ચર્ય થયું. તમે આ કાર્ય સેવા માટે અને દેશના હિતમાં કંઇક કરી છુટવાની ભાવનાથી કરો છો તેવું તેમાં તમે પ્રતિપાદન કરેલ છે. (૧) દેશને હુંડીયામણ કમાવી આપી દેશને આર્થીક મદદરૂપ થવું. (૨) વધતી જતી પશુઓની ચિંતામાંથી દેશ અને સરકારને મુક્ત કરવી. (જો કે અત્યારે પશુઓની સંખ્યા ઓછી થતી જાય છે તે સરકારી આંકડા બોલે છે) ત્યા દુષિત વાતાવરણનું રક્ષણ કરવું તમે છાતી એ હાથ મૂકી વિચાર કરશો કે આ ત્રણે દાવાઓ ખોટા છે એટલું જ નહીં પરંતુ દુનીયાને છેતરનારા છે. ૧) મનુષ્યોની વસ્તી વધતી જાય છે તો તેને હાઈજનીક રીતે ઘટાડવાની યોજના તમે બતાવી નથી. કારણ કે અત્યારે પશુઓની સંખ્યા પૂર ઝડપે ઘટતી રહી છે તે દૂધના ભાવ આસમાને ગયા છે તે ઉપરથી સમજાશે સમય એવો આવશે કે તમારી યોજના જેવા બેચાર બીજા કારખાનાઓ નખાશે તો ઘણાય બાળકોને પણ દુધ મળતું બંધ થઈ જશે. પર્યાવરણ બાબત જાતે દેવનાર જઈ તેના ૧ કીલોમીટર ફરતા વિસ્તારમાં ફરી જાત અભ્યાસ કરશો કે પર્યાવરણ ખુંવાર્યું છે કે બગડ્યું છે ? આ બધું વકીલ જેમ પોતાના અસીલનો બચાવ કરે તે રીતે તમે તમારી જાતને છેતરીને તમારો બચાવ કરો છો. મને ડર છે કે ભવિષ્યમાં વૃધ્ધોને મારવાના કતલખાના તમે યોજક ન બનો તો સારું. કારણ કે પંચેન્દ્રીયો જીવો બધા સરખા છે. બધાને સંજ્ઞા છે. બધાને પંચેન્દ્રીયો છે. અને બધા પોતાનું સુખ - દુઃખ પોતાની ભાષામાં વ્યક્ત કરી શકે છે. આ પત્ર એક તમારા આત્મીક હીતચીંતક તરીકે લખું છું. આયુષ્યનો કોઈ ભરોસો નથી. જલના તરંગ જેવું આયુષ્ય છે. અને ક્યારે પુરૂ થશે તે કોઈ જાણતું નથી. પંચેન્દ્રીયો જીવોની લાખોમાં કતલ કરી આપણે ૮૪ લાખ યોનીમાં ક્યાં જશું તે કહી શકાય તેમ નથી. એક વાત ચોક્કસ છે કે ક્રુર હિંસા કરનારની અને અનુમોદનારને સદ્‌ગતી નહીં પરંતુ દુર્ગતી જ મળે છે. એટલે જ ગતીમાંથી દેવ માનવમાંથી આવા કાર્ય કરનાર બાદ થઈ જાય છે. બાકી નરક અને તિર્યંચગતી ભોગવવાની રહે છે.

આ બધું તમે કોના સ્વાર્થ માટે કરો છો ? પત્ની, સંતાનો કોઈ તમારા પાપના ભાગીદાર થવાના નથી. આપણું કર્યું આપણે જ ભોગવવું પડે છે. અનામ મુનિની વાત તો જાણતા જ હશો. સંત તુલસી દાસે કહ્યું છે કે.

રાજ કરો તો શેરભેર, રહા મેં રહે તો શેર,
તુલસી તાતે હરી ભજો, નહીં શેરમાં ફેર.

આપણે શેર અનાજના ભૂખ્યા છીએ. અને તમારા જેવા ભાગેલ વ્યક્તી માટે પ્રમાણીકતાથી શેર અનાજ મોકલવું અશક્ય નથી. વળી તમે 'શિક્ષીત' પિતાના પુત્ર છો. તમારી જવાબદારી ઘણી વધી જાય છે. તમારા પિતાશ્રીએ ઘણાનું ઘડતર કરેલું છે અને આજે કેટલાક ઉંચા હોદા ઉપર કે કેટલાક મોટા વેપારી બની બેઠા છે. શિક્ષક પિતાના પુત્ર તરીકે તમારે તો બીજાના માર્ગદર્શક બનવું જોઈએ. તેના બદલે તમે આ પતનનો રસ્તો સ્વીકાર્યો છે. તે કોઈ પણ સજ્જનને શોભતું નથી. વળી એક જુઠાણું અનેક જુઠાણા બોલવા પ્રેરે છે. વળી પશુ હત્યા કરતાં જે અરેરાટી અનુભવતો નથી. કતલખાને જતી ગાયો, ભેંસો, બકરી, બકરાની આંખમાંથી વહેતા આંસુ જે જોઈ શકતો નથી તેનું માનવ પણું ધીમે ધીમે કુર થતું જાય છે અને સ્વાર્થ માટે મનુષ્યની કતલ કરતાં પણ તે નું હૈયું અચકાતું નથી. તમે તમારા કુટુંબનો પણ સ્વાર્થ જોયો નથી. જેના પિતાશ્રી કસાઈના કામમાં પ્રવૃત્ત હોય તેના સંતાનોની શી દશા થશે ? તેઓના સંબંધો કેવી રીતે જોડાશે : આ સ્વાર્થ તમે જોયો નથી. વ્યક્તી જન્મથી જૈન કે વિષ્ણુ કે શીવ પંથી બની શકતી નથી. કર્મથી જ બને છે. અને આ રીતે જ્યારે તમારા ધંધામાં પરિવર્તન થઈ રહ્યું છે ત્યારે તમે કેવી રીતે ઓળખાવો તેનો વિચાર કર્યો છે ? ક્ષણભરના જીવન જીવવા માટે - જેનો કોઈ ભરોસો નથી એના માટે [illegible] પાપો કરી શું ગતી થશે તેનો વિચાર કરશો.

જીવન ઝાકળનું ઝીણું મોતી, ક્ષણ પહેલાં ને ક્ષણ પછી પતંગ,
અવિશ્વાસ્યતે મોં જલના તરંગ
પુરંદરી આપ અનંગ રંગ
શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ

શ્રીમદ્‌ના ઉપરના કાવ્ય ઉપર વિચાર કરશો. કુટુંબને વધારે શું કહેવું ? તમારા તમારા આપણા કુટુંબને લાગનારી એબના પણ વિચાર કરવો જોઈએ. એજ

લી. પુરૂષોત્તમ ગાંડાલાલ કપાસી
ના જયજિનેન્દ્ર.

સમાચાર સાર

રાજકોટ : અત્રે તપાગચ્છાધિરાજ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના રાજનગરે નિર્માણાધીન ગુરૂ સ્મૃતિમંદિરના અંજન-પ્રતિષ્ઠાના પૂ. ગચ્છાધિપતિ શ્રી મહોદય સૂરીશ્વરજી દ્વારા ભારતભરના સકલ શ્રી સંઘને અપાયેલ શ્રેષ્ઠ દિવસોનું - સુવર્ણાક્ષરીય પત્ર-

વર્ધમાનનગરના આંગણે આવતા તેની એક ભવ્યોત્તમ શોભાયાત્રા કાઢવામાં આવેલ. જેમાં આગલે દિવસે શનિવાર તા.૧૩-૧૦-૨૦૦૧ના વિકટોરીયામાં તે શુભદિને પ્રાધાનપત્ર લઈને બેસવાનો ચઢાવો બોલાતા વસા સૌભાગ્યચંદ તલકચંદ પરિવારે તેનો લાભ લીધેલ.

રવિવાર તા. ૧૪-૧૦-૨૦૦૧ ના રોજ સવારે ૮-૩૦ વાગ્યે બંધુબેલડી, પૂજ્યપાદ પરમતારક ગુરૂદેવશ્રીના નિશ્રાવર્તી શિષ્યરત્નો તપસ્વી મુનિપ્રવર શ્રી તત્વરત્ન વિ. મ. સા., પૂ. મુનિશ્રી હિતરત્ન વિ. મ. સા. તથા પૂ. મુનિશ્રી હિતધર્મ વિ. મ. સા.,આદિના સાનિધ્યમાં વાજતે-ગાજતે ચતુર્વિધ શ્રી સંઘ સાથે વર્ધમાનનગરના પરિસરમાં ફરી આ શોભાયાત્રા ઠક્કર, દિવાનપરા ''સૌભાગ્ય'' બંગલે ઉતરેલ અને ત્યારપછી પૂજ્યપાદશ્રીની પ્રતિકૃતિને સમુહમાં વંદન અને પૂજ્યોના પ્રવચન થયેલ. તે પછી વસા પરિવાર તરફથી આ મહોત્સવમાં એક લાખ એકાવન હજારની માતબર રકમ લખાવી મહોત્સવના મોભી બનવાનો લાભ જાહેર કરાયેલ.

ત્યારપછી મોટી ઉંમરના કુટુંબના મોભીઓને પૂજ્યોએ પ્રભુજીની સમક્ષ ૧૦ પ્રકારની આરાધના કરાવેલ. આ પ્રસંગ ખૂબ ઉલ્લાસભેર સંપન્ન થયો હતો.

આ કાર્યક્રમથી ગુરૂસ્મૃતિ મંદિરમાં પ્રતિષ્ઠા થતાં પૂર્વે જ ગુરૂભક્તોના હૈયામાં ગુરૂસ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા થવાના બીજારોપણ થયા અને રાજકોટવાસી ગુરૂભક્તો ચકોર પક્ષી જેમ મેઘને ઝંખે તેમ મહોત્સવના દિવસોની પ્રતીક્ષા કરી રહેલ છે.

અમદાવાદ - સાબરમતી શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં પૂ. મુ. શ્રી સત્ય વિ. મ. ના સંયમ જીવનના અનુમોદનાર્થે તથા પર્યુષણમાં ૪૫ ઉપવાસ ૯૯ મી ઓળી વિ. ની અનુમોદનાર્થે પંચાહ્નિકા મહોત્સવ પ્રથમ આસો સુ. પ્ર. ૧૦ થી આસો સુદ ૧૩ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વિ. સહિત પૂ. આ. ભ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉજવાયો.

કાંદીવલી પૂર્વ - શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ધર્મશાંતિધામમાં પૂ. મુ. શ્રી રાજપાલ વિ. મ. તથા પૂ. પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. ની નિશ્રામાં ચાતુર્માસિક અદ્‌ભુત આરાધના તપશ્ચર્યા ઉદ્યાપન નિમિત્તે નવદિવસનો મહોત્સવ પૂજનો સહિત ઠાઠથી ભા. સુ. ૧૫ થી ભવ્ય રીતે ઉજવાયો.

વઢવાણ શહેર - અત્રે પૂ. આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. મુ. શ્રી શાસનરતિ વિ. મ. ની ૯૫+૯૬ ઓળી તથા પૂ. સા. શ્રી ચારૂરત્નાશ્રીજી મ. ની ૮૬ મી ઓળી તેમજ વિવિધ તપસ્યા નિમિત્તે નવપદ મહાપૂજન સહિત ત્રણ દિવસનો ભક્તિ મહોત્સવ ભા. વદ ૧૩-૧૪-૦)) ના સુંદર રીતે ઉજવાયો.

સેલવાસ - અત્રે પૂ. ગણિવર્ય શ્રી જયદર્શન વિજયજી મ. આદિની નિશ્રામાં શ્રી પુખરાજજી ભીખમચંદજી તથા શ્રી ગજરાબેન પુખરાજજી તથા શ્રી ખીમરાજજી ભીખમચંદજીના આત્મ શ્રેયાર્થે તથા સૌ. રીટાબેન કિરણકુમારના ધર્મચક્ર નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત ત્રણ દિવસનો ભક્તિ મહોત્સવ પ્ર. આ. સુ. ૧૩ થી ૧૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

માટુંગા - અત્રે ભાઉદાજી રોડ પર શા. વિનોદભાઈ તલકચંદભાઈ ને ત્યાં શ્રી સંભવનાથજી જિનબિંબની સ્થાપના કરી ગૃહ જિનાલયની પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રાવણ સુદ ૧૦ તા. ૨૯-૭-૨૦૦૧ના પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

રાજમહેન્દ્રી (આ.પ્ર.) - અત્રે આ. શ્રી હેમેન્દ્રસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અહિંસા રેલી અને મેળો ૧૪-૧૦-૨૦૦૧ના દિને થયો.

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

મલાડ - અત્રે પૂ. ઉ. શ્રી વિમલસેન વિજયજી મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ. ના કાલધર્મ ૫૦ વર્ષના સંયમ જીવનના અનુમોદનાર્થે પ્રથમ આસો વદ ૮ થી પ્રથમ આસો વદ ૧૨ સુધી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ હિરજી. ઉપાશ્રય મલાડ ઈસ્ટમાં યોજવામાં આવ્યો હતો.

ભાયંદર - અત્રે ભટેવા પાર્શ્વનાથ મંદિર સ્ટેશન રોડ પૂ. ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ. ની નિશ્રામાં શ્રીમતી સસોબાઈ હરખચંદજી કોઠારીના જીવીત મહોત્સવ તથા અ.સૌ. ભારતીબેન ભરતકુમારના શત્રુંજય તપ તથા ૧૫ ઉપવાસ નિમિત્તે સિદ્ધચક્ર પૂજન સહિત પ્ર. આસો વદ ૧ થી વદ ૫ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો.

જામનગર, દિગ્વિજય પ્લોટ - અત્રે પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ., પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિ. મ. ની નિશ્રામાં પ્ર. આ. સુ. ૭ ની ચૈત્યપરિપાટી ગામમાં ૯ દેરાસરોએ દર્શન કરી સંઘના ભાઈઓ તરફથી શાંતિભવનમાં ટીમણ અપાયું સંખ્યા ૧૭૫ જેટલી હતી. પ્ર. આ. સુ. ૧૩ વંડના દેરાસર બોર્ડિંગમાં ચૈત્યપરિપાટી રાખી વંડમાં વ્યાખ્યાન થયું ૧૫ રૂા. સંઘપૂજન થયું. ૧૫ રૂા. નું સંઘપૂજન, ૨ રૂા. નું સંઘપૂજન પોપટ ધારસી દેરાસરે થયું.

પ્ર. આ. વ. ૧૫ ના પેલેશમાં ચૈત્યપરિપાટી હતી ગુલાબભાઈ દેવરાજભાઈને ત્યાં માંગલિક રૂા. ૨ નું સંઘપૂજન રળિયાતબેન મોહનભાઈ તથા નીચે રૂા. ૧-૧ નું સંઘપૂજન, થયું તથા બે જગ્યાએ સંઘપૂજન થયું. મનસુખલાલ મોતીચંદ ભીમજી ગોશરાણીને ત્યાં વ્યાખ્યાન સાધર્મિક ભક્તિ નવકારી થતા રૂા. ૫ નું સંઘપૂજન થયું. તેમના વેવાઈ તરફથી ૫ રૂા. નું સંઘ પૂજન થયું ૧૫૦ સંખ્યા થઈ હતી.

પાટણ - અત્રે પૂ. ગણિવર્યશ્રી પૂર્ણચંદ્ર વિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણ આરાધના તથા ઓળી નિમિત્તે દ્વિ. આસો સુદ ૮ થી ૧૨ સુધી સિદ્ધચક્ર પૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ યોજાયો.

અમદાવાદ - અત્રે દાદાસાહેબ હોલ નવરંગપુરામાં પૂ. આ. શ્રી જિતેન્દ્રસાગર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી પ્રમોદસાગર સૂરિશ્વરજી મ., આ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ. આદિના નિશ્રામાં અમદાવાદના બાર વ્રતધારી શ્રાવક શ્રાવિકાઓનું બહુમાન અધિક આસો વદ ૧૨ રવિવારના દેવકીનંદન જૈન સંઘ દ્વારા યોજાયું.

ડીસા - નેમિનાથ નગરમાં પૂ. પં. શ્રી. મુક્તિચંદ્ર વિજયજી મ., પૂ. ગણિવર્યશ્રી મુનિચંદ્ર વિ. મ. ની નિશ્રામાં ચાતુર્માસ પર્યુષણ વિવિધ આરાધના નિમિત્તે તે પૂજ્યશ્રી તથા પૂ. ઉ. શ્રી મહાયશવિજયજી મ. આદિની નિશ્રામાં પ્રથમ આસો વદ ૪ થી આસો વદ ૧૧ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો.

રામસીન (રાજ.) - પૂ. આ. શ્રી વિજય મલ્લિસેન સૂરીશ્વરજી મ. ના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે તેમની સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી હર્ષિત પ્રજ્ઞાશ્રીજી મ. આદિની નિશ્રામાં દ્વિ આ. વ. ૨ થી ૯ સુધી સિદ્ધચક્ર પૂજન આદિ અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો.


શંખેશ્વર - અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. તથા પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂ. મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ ની ૪૫ ઉપવાસની મહાન તપસ્યાનું પારણું ભાદરવા વદ ૧૫ ના ત્રણ દિવસના મહોત્સવ પૂર્વક થયું હતું. શેઠ લીલાધર રામજી બીડવાળા તરફથી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા સાધર્મિક ભક્તિ થયા હતા માંગલિક વખતે ૧૦ રૂા. નું સંઘપૂજન તથા પ્રવચનમાં ૨૦ રૂા. નું સંઘ પૂજન થયું ૨૫૦ જેવી સંખ્યા થઈ હતી.

ભાદરવા વદ ૯ ના પૂ. સા. શ્રી હર્ષિત શ્રેયાશ્રીજી મ. ને ૩૦ ઉપવાસનું પારણું સુખ રૂપ થયું માંગલિક વખતે ૨૦ રૂા. નું સંઘ પૂજન થયું તથા ત્રણ દિવસ પૂજા રૂપ મહોત્સવ ઉજવાયો હતો.

ઘાણી નગરમાં મંગલ ઉપધાન - પૂ. આ. શ્રી વીર શેખરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં દ્વિ. આ. સુ. ૧૦ તથા ૧૨ થી ઉપધાન શરૂ થશે. ભાવિકોને જોડાવા વિનંતી છે.

સિરોહી - અત્રે પૂ. આ. શ્રી વિજય યશોભદ્ર સૂ. મ., પૂ. પં. શ્રી ધર્મશીલ વિ.મ.નો જૈન સુતારવાડામાં ચાતુર્માસ છે અનેક પ્રકારની આરાધના ઉત્સવ વિ. યોજાયા છે.

અનુભવ વગર જાદુ કરવા જાય તો તેનો જાદુ થઈ જાય





સાહેબ પાસે રજા અરજી મુકે છે પણ કામ જ કોણ કરે છે ?
હાજરી કે રજા માં શું ફેર કામ તો એમને પડયા છે.

આટલા પણ ધર્મ કરે કે ધંધો કરે પણ તેના મનમાં મોહ માયા તો મુકતો નથી તો કલ્યાણ ક્યાંથી થશે ?

"કંઈ નહિ" માગનાર મૂર્ખ

માર્ગમાં જતા કોઈ મૂર્ખને ગાડામાં બેઠેલાં કોઈએ કહ્યું. "મારૂં આ ગાડું જરા સરખું કર" પેલો બોલ્યો કે "હું તારૂં ગાડું સરખુ કરૂ તો તું મને શું આપે ?" ગાડાવાળાએ તેને કહ્યું કે "હું તને કંઈ નહિ આપું" પછી તે મૂર્ખ ગાડું સરખું કરીને તેની પાસે માગવા લાગ્યો કે "તું મને કંઈ 'નહિ' આપ" એટલે ગાડાવાળો હસવા લાગ્યો.

એ પ્રમાણે મૂર્ખાઓ સદા કાળ હાસ્ય પાત્ર થઈ લોકોમાં અપમાન અને નિન્દાને પાત્ર થાય છે. તથા દુઃખ પામે છે. અને સત્પુરુષો આ લોકમાં પૂજનીય બને છે. **(કથા સરિતસાગર ૧૨૦)**

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- મન - વચન - કાયાને ઉપયોગ વિના પ્રવર્ત્તાવવા તે અસંયમ !
- આજના નિયમધારી માટે ભાગે અવિરતિના ગાઢ પ્રેમી. તેમના નિયમ પણ કંથા જેવા.
- વિષય-કષાયથી જીવ બંધાય છે. વિષય-કષાયે આખા જગતને જીતી લીધું છે. જે જીવ વિષય-કષાયને જીતે તે જ 'જીવ સંયમ' પામે.
- જગતના કોઈ પદાર્થ પર મમતા નહિ તેનું નામ નિઃસંગતા.
- દુનિયાના કોઈ કામમાં કામ ન આવે તેનું નામ ભગવાનનો સાધુ !
- જગત કરતાં ભગવાનનો સંઘ જુદો. જગત માત્ર હોય તો હજી દ્રવ્યદયાનો સ્વામી પણ ભગવાનનો સંઘ તો ભાવ દયાનો જ સ્વામી તે પણ દ્રવ્યપૂર્વકની.
- જ્ઞાન જ એનું નામ જે મોહને રાંકડો કરી દે.
- છતી શક્તિએ ચરણથી દૂર રહેનારો જ્ઞાની જ્ઞાનનો જ બોજો ઉપાડનાર છે. સદ્ગતિ તેના કપાળમાં છે જ નહિ, ભણીને તે દુર્ગતિમાં જ જવાનો છે.
- 'અધર્મ કરવો નહિ. ધર્મ ચૂકવો નહિ' તેનું નામ મરવાની તૈયારીવાળું જીવન.
- દુઃખમાં રૂવે સુખમાં હસે તેનો મોક્ષ લાંબો થાય !
- નવકાર ગણનારને દુઃખ ન આવે તેમ નહિ પણ તે દુઃખી ન હોય.
- મનુષ્યદેહ વિના મોક્ષ નહિ. અને તે દેહનું મમત્વ હોય ત્યાં સુધી પણ મોક્ષ નહિ.
- સઘળાં ય પાપની જડ સુખ ! સઘળાં ય દુઃખનું મૂળ પાપ ! પાપનું મૂળ સુખ ! તે સુખ જ્યાં સુધી ભૂંડું ન લાગે ત્યાં સુધી મોક્ષની ઈચ્છા ન થાય.
- જેણે મોહને માર્યો અને આખા જગતને મોહ મારવાની કળા શીખવવાનો માર્ગ સ્થાપ્યો તેનું નામ શ્રી અરિહંત પરમાત્મા !
- આજે મોટોભાગ ધર્મની સામગ્રી વસાવવા 'ભિખારી' છે. સંસારની - પાપની સામગ્રી વસાવવા 'શ્રીમંત' છે.
- સંસારમાં જ મજા આવે અને મોક્ષનો જેને ખપ નહિ તે બધા પાપી.
- આજનું બજાર એટલે પાપ કરવાનું ખુલ્લું મેદાન. બજારમાં પાપ કરવા જ જાય. ધંધો પાપ તો ઠીક પણ ધંધામાં ય પાપ કરે. વધારે પૈસાવાળા વધારે પાપ કરે.
- સુખ જેને ખરાબ લાગે તે ડાહ્યો ગણાય સુખ જેને સારા લાગે તેવો આદમી ગમે તેટલું ભણે - ગણે તો ય પાગલ ગણાય.
- સાધુપણું મૂળમાં સારું છે ગૃહસ્થપણ, મૂળમાં ખરાબ છે.
- તમે કર્મના મિત્ર છો, ધર્મના શત્રુ છો.
- ધનવાનો જ્યારે ભિખારી જેવા પાકે ત્યારે ભિખારી પણ ચોર જેવા પાકે.
- જીવને ખરાબ કરનાર પ્રમાદ છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
29/11/2001

~~8459~~

જૈન શાસન

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૪

અંક ૧૩

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

સઘળું ય અનિત્ય છે.

क्षणविपरिणामधर्मा
मर्त्यानामृद्धि समुदयाः सर्वे ।
सर्वे च शोकजनकाः
संयोगा विप्रयोगान्ताः ॥

(પ્રશમરતિ - ૧૨૧)

મનુષ્યોના સઘળા ય ઋદ્ધિ ભંડારો ક્ષણવારમાં નાશ પામનારા, શોકને ઉત્પન્ન કરનારા છે અને સઘળાય સંયોગો વિયોગને આપનારા છે. માટે તેમાં ઉપાદેય બુદ્ધિ નહિ પણ હેય બુદ્ધિ જ રાખવી જોઈએ.

શ્રી જિન દર્શન ક્યારે ફળે ?

- પૂ. સા. શ્રી અનંતગુ ાશ્રીજી

મહાપૂણ્યોદયે ભગવાનનું દર્શન પણ પ્રાપ્ત થયું. રોજ આપણે બધા ભગવાનનું દર્શન કરીએ છીએ પણ તેનાથી આપણને શું લાભ થયો તે વાત વિચારીએ ખરા ? કે માત્ર રૂટીંગ પ્રમાણે દર્શન કરી આવીએ ?

જે ચંડકૌશિક દ્રષ્ટિ વિષ સર્પે ભગવાન શ્રી મહાવીર પરમાત્માને મારવા ભયાનક વિષ સમાન જવાળાઓ મૂકી, જે જવાળાઓથી અનેક માનવો - પશુઓ - પક્ષીઓ ભડભડ કરતાં બળી જતાં જોયેલાં, તે જવાળાઓ પણ ભગવાનને વિષે નિષ્ફળ ગઈ. પછી બધી શક્તિ એકઠી કરી ભગવાનના પગના અંગુઠામાં ડંખ માર્યો ો પણ તે સફળ ન થયો પણ અતિ ગુસ્સાવાળો બાયલો - ડરપોક હોય તે ન્યાયે આ ને વખતે આ નીચે પડે અને તેના ભારથી હું ચગદાઈ ન જાઉં માટે પા થઈ પણ તેના સમાન ગાયના દૂધની તની ધારા જોતાં તે કાંઈક આશ્ચર્ય ાત પડ્યો કે આ ું ! અને પછી મુખમુદ્રા જોવા લાગ્યો. અને વિચારે છે કે- ''ખરેખર આના નેત્રો કેવો કરૂણાસભર છે, મુખ કેવું સૌમ્ય અને પ્રસન્નતાના પમરાટથી યુકત છે, દ્રષ્ટિ કેવી સુધાસના કયારા જેવી છે જોયા જ કરૂં, જોયા જ કરું, જરા પણ આઘોપાછો ના થાઉં.''

આપણે પણ આ જ વિચાર કરવો છે કે ભગવાનના દર્શન કરતાં આપણને આવો ભાવ પેદા થયો છે ખરો કે- ''હે ભગવાન્ ! આપ વીતરાગી છો, હું રાગી છું. આપનું દર્શન મારા રાગ ભાવોને, મારી મોહ મૂઢતાને નાશ કરનારું બો ો અને વીતરાગપણાને પામવા વિરાગી ભાવને પમાડવા પુરૂષાર્થ કરવાનું બળ આપો.''

આપણે બધા આપણી આપત્તિ- દુ : - માટે ભગવાન આગળ ઘણીવાર રડયા, પ્રાર્થના આજીજી કરી પણ આવી પ્રાર્થના કરી કે- ''હે ભગ ાન ! હું બહુ પાપી છું, રાગી છું, દ્વેષી છું, ઘણ મલીન ભાવો વાળો છું, બહુ જ ખરાબ - દુષ્ટ ાસનાઓ મને ઘેરી વળે છે, કપડાથી સારો - ઉજ્વ ા દેખાવું છું પણ હૈયાથી તો દુષ્ટ - મલીન છું. ાસ્તવમાં આપના દર્શન કરવા માટે પણ યોગ્ય ન ી. પણ આપ તો પતિતને પણ પાવન કરનારા છો. તો આપની એવી કૃપા મારા પર વરસો કે મારી દુષ્ટ બુદ્ધિ, કામના - વાસના - ભાવો નાશ પામે અને સદ્ગુણો પેદા થાય. મારી રાગી મોહી અવ થા નાશ પામે અને વીતરાગી બનવાનો પ્રયત્ન ક ,.'' જો આવી ભાવના પેદા થાય તો સમજવું કે ભ ગવાનનું દર્શન ફળ્યું. આવી ભાવના પેદા કરવાનું મન પણ ન થાય, વર્તમાન અવસ્થાનું દુ:ખ ન થાય ા સમજવું કે જિનદર્શન કરતાં હજી આપણને આવડયું નથી અને આપણે શીખવું પણ નથી આવો પાપાત્મા પણ જો જિન દર્શનથી તરી જાય તો આપણે તેના કરતાં વધારે નિષ્ઠુર છીએ કે ન તરીએ ? મારનાર પણ જો સાચુ દર્શન કરી તરી શકતો હોય તો ભગત - પૂજક - ઉપા ક એવા આપણા માટે તરવું સહેલું છે. પણ તે કયા . ? દ્રષ્ટિ - દશા બદલાય તો.

● ● ●

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪) સંવત ૨૦૫૮ કારતક સુદ - ૧૨ મંગળવાર તા. ૨૭-૧૧-૨૦૦૧ (અંક : ૧૩/૧૪

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

સજ્ઝાય સમો તવો નત્થિ

જૈન શાસનમાં બાહ્ય અભ્યંતર એમ બે પ્રકારે તપ છે. અણશન, ઉપવાસ), ઉણોદરી - ઓછું વાપરવું, વૃત્તિ સંક્ષેપ - ભિન્ન સામગ્રી ઓછી કરવી, રસત્યાગ છ વિગઈનો ત્યાગ. કાયક્લેશ - લોચાદિ કષ્ટ સહન કરવા, સંલિનતા અંગોપાંગ સંકોચી રાખવા એમ છ પ્રકારે બાહ્ય તપ છે.

અભ્યંતર તપ પણ છ પ્રકારે છે. પ્રાયશ્ચિત તે ભૂલની શુદ્ધિ કરવી, વિનય - દશનો પાંચ પ્રકારે વિનય કરવો, વૈયાવચ્ચ - ગલાન આદિની સેવા કરવી, સ્વાધ્યાય વાંચના આદિ પાંચ પ્રકારે કરવી ધ્યાન, ધર્મ ધ્યાન અયાય વિચય આદિ વડે ચાર પ્રકારે કરવું કાઉસ્સગ્ગ - વિવિધ સંખ્યાના લોગસ્સ, નમસ્કાર વિ. નો કરવો.

આમ બાર પ્રકારના તપને વધારનાર, દીપાવનાર તથા આત્માને પરિણતિ, સન્મતિ સ્થિરતા આદિ આપવામાં સ્વાધ્યાય એ તપ છે. સાધુ સાધ્વીજીમાં સતત સ્વાધ્યાય કરવાનો છે. તેમાં આવશ્યક ક્રિયાઓ, સામાચારી પાલન વિગેરે કરતાં જે સમય બચ્ચે તેમાં સ્વાધ્યાય કરવાનો છે. સ્વાધ્યાય કરનારને સમય ગમે તેટલો હોય તો પણ પુરો ન થાય.

વાચના - ગુરુ પાસેથી સૂત્રોને ગ્રહણ કરવા તેમાં શક્તિ પ્રમાણે ગાથા - સૂત્રો મોઢે કરો, મુખ પાઠ કરો, આ સ્વાધ્યાયમાં ઓછી શક્તિવાળા પણ નિયમિત વાંચના લે તો પારંગત બની જાય.

સ્વાધ્યાય વગરનો સમય જાય છે તે સ્વાધ્યાય થયો હોય તેને ભૂલાવે છે. શાસ્ત્રમાં દશવૈકાલિક પાઠો, આચારાંગ પાઠો વિ. અભ્યાસુઓ માટે આવે છે.

લોકમાં વેદ પાઠો વિ. ગણાય છે. તામિલ વેદ ભણેલા પંડિત સામે બેસીને કલાકો સુધી વેદોનો પાઠ કરતા હોય છે અને તે અખંડ રાખવા માટે જાગૃત રહે છે.

આપણે ત્યાં સંઘોને, શ્રાવકોને ચાતુર્માસ માટે સાધુની જરૂર પડે અને તેથી શ્રમણ સંઘમાં શાસ્ત્રપાઠી થવાની પ્રવૃત્તિ ગૌણ થઈ ગઈ અને વકતા થવાની પ્રવૃત્તિ વધી ગઈ આત્માને શાસ્ત્ર દ્વારા જે ગહન રહસ્ય મળવા જોઈએ મળતા ઘટવા લાગ્યા. ભણનારા શ્રમણો ભણે ત્યારે અમુક વર્ષો સૂત્રોના પાઠ સ્વાધ્યાય કરે પછી મૂકાય જાય જો જાણનાર હોય તો કંઈ રહે. વકતૃત્વમાં પડેલાને શ્રાવકને કંઈ ઊંડા બોધની જરૂર નથી તેથી ઉપર છલ્લા ગ્રંથો અને બાકી ઈત્તર વાતો વિ. સંકલિત કરીને રંજન સાથ પ્રવચનો થવા લાગ્યા અને તેમાં પણ અભ્યાસના અભાવે મુદા તૈયાર કરીને નિબંધની જેમ પ્રવચનો થવા લાગ્યા. સભાને તત્ત્વ જ્ઞાનથી પોસવાનો રિવાજ બંધ જેવો થઈ ગયો.

સૂત્રનું કંઠસ્થ કરવાપણું ઘટી ગયું એટલે વ્યાખ્યાન રૂપે વાંચવાની પ્રવૃત્તિ ચાલે છે તે પણ કેટલી અને કેટલે સ્થળે થાય છે તે વિચારણીય છે. સ્કૂલમાં ભણીને ઘરે જઈને પાઠ કરે છે. તેમને વાંચના પછી તેનું મનન ચિંતવન, પુનરાવર્તન વિ. માં પ્રમાદ થવા લાગે ગમે તે

વાંચનામાં બેસવાની ટેવ પડવાથી કોઈ ગ્રંથ તૈયાર ન થાય, કોઈ તત્ત્વ બેસે નહિ અને સ્થિર પણ ન થાય. કેમ કે જે વાંચના લીધી તે અંગે વિચારવા, ધારણા કરવા, વિનિશ્ચય કરવાને સમય જ નથી રહેતો.

વહેવારમાં બીજી ચોપડીવાળો છઠ્ઠી ચોપડીના વર્ગમાં બેસે તો શું કરે ? ૭ માં ધોરણવાળો કોલેજના વર્ગમાં બેસે તો શું સમજે ? તેમ ભૂમિકા વિના ગમે તે વાંચનામાં બેસે તો તે ઊંડાણ ન પામી શકે. સમય પસાર થાય અને રસ ન પડે તો વાતો કરે, જ્યાં ત્યાં નજર ફેરવે, છેવટે ઊંઘે કે ઝોકા ખાય.

શિબીરો દ્વારા યોજના થાય છે તેમાં કોઈ અધ્યયનનું નિશ્ચિત હોતું નથી ૪-૫ કલાક વ્યાખ્યાન - વાંચના ચાલે તેમાં રસ પડે તે સાંભળે બાકી સમય પસાર કરે. અને તેમાં પણ સગવડતા માટેનું લક્ષ સ્થિર જાય તે ફોગટ ફેરો થાય. વાંચના દાતાને વાંચનાની તૈયાર વિ. માં સાવધાન રહેવું પડે પણ ભણનારને તો સમય પસાર કરવાનો છે.

કોઈ તત્ત્વ જ્ઞાનનો વિષય હોય તો પણ સૂત્ર, કુલક, પ્રકરણ વિના તે સ્થિરતા થઈ શકે નહિ. તત્કાલ પુરતો રહે પણ પછી વિસ્મૃત થઈ જાય.

વાંચનામાં સૂત્ર પ્રકરણ આદિ ભણ્યા હોય તો પૃચ્છના - પૃચ્છા કરે. આજની પૃચ્છા એટલે ગમે ત્યાંથી બુદ્ધિથી ગોઠવીને પ્રશ્ન કરવા, અગર તો વાંચના દાતાની પણ પરીક્ષા કરવા પ્રશ્ન કરવા, સ્કૂલ વિ. માં જે પાઠ ચાલતો હોય તેની જ ચર્ચા થાય બીજી ન થાય, ત્યારે અહિ વાંચના નિષ્ણાંત થયેલા ગમે તે પ્રશ્નો લાવીને વાંચનાનો રંગ તોડી નાખે અને બધા કંટાળી જાય તો પણ પોતાનો કકો - તંત છોડે નહિ. કદાચ વાંચના દાતાને મુંઝવી દે તેમ પણ બને. આમ થવાનું કારણ ભણવું નથી તત્ત્વ નિપુણ થવું નથી. જો થવું હોય તો ત્યાં જવાબ મળે તેથી સંતોષ માને અને વધુ માટે વધુ અભ્યાસીનો સંપર્ક સાધે.

વિતંડાવાદ જેવા પ્રશ્નોમાં વળી અનુભવ અભ્યાસના અભાવે ગમે તે જવાબો આપે છે તો નવી વિવાદની પરંપરા ચાલે માટે વાંચના - અધ્યયન વિ. ના પૃચ્છા સ્વાધ્યાય થઈ શકે નહિ.

પરાવર્તના સ્વાધ્યાય એ ભણેલાઓ પૃચ્છાથી નિઃશંક બને અને પરાવર્તનથી સ્થિરપાઠી બને. આજે આપણે ત્યાં દશ વૈકાલિક, આચારાંગ આદિ ૪૫ આગમ વિ. ના પાઠી મળવા દુર્લભ થઈ ગયા. પ્રથમ અભ્યાસ થતો નથી અને થાય તો વકતા વિ. ની વૃત્તિમાં ઊંડા ઉતરતા પરાવર્તનાથીને સ્થિરપાઠી થવું જોઈએ થવાતું નથી.

શાસ્ત્ર અભ્યાસ માટે પ્રાકૃત સંસ્કૃત વિ પંચાંગ વ્યાકરણ તથા ન્યાય વિ. ભણે તો તે તે વિષયમાં સમજણ આવી જાય અને નિક્ષેપાઓની વાત આગમમાં ઠેર ઠેર આવે તે ઉપરથી ચાલી જાય.

પરાવર્તના વિના અનુપ્રેક્ષા કોની કરે જેણે જે ગામ જોયું નથી તે ગામનું શું વર્ણન કરે શું ચિંતવન કરે ? શું સાર મેળવે ? તે રીતે વાંચના પૃચ્છના પરાવર્તના વિનાની અનુપ્રેક્ષા વિકથા બની જાય. અનર્થ રૂપ બની જાય સાદી ભાષામાં કહીએ તો ગપ્પા બની જાય તેમાં ગંભીરતા ન હોય, તેમાં તત્ત્વ બુભુક્ષા ન હોય, પછી મશ્કરી, હસાહસ જેવું થઈ જાય.

અનુપ્રેક્ષા એ ભાવ સ્વાધ્યાય છે અનુપ્રેક્ષા એ સમકિતીનું છે, અનુપ્રેક્ષા ઉપયોગ વિના થતી નથી અનુપ્રેક્ષા એ અપ્રમાદ અને તત્ત્વજ્ઞાનની ઉજાગર દશા છે અનુપ્રેક્ષા સાચી છે.

રત્નાકરના રત્નોમાં ગુંથાય તેમ તે તત્ત્વના રત્નોમાં લીન થઈ જાય. તેને માનપાન, વિષય, કષાય ની ખબર પણ ન પડે. સાક્ષાત્ વીતરાગની મૂર્તિ, મહાત્મા ની મૂર્તિ. અધ્યાત્મની મૂર્તિ બની જાય. અને અનુપ્રેક્ષા વિના દંભી, માયાવી અને ભ્રમની મૂર્તિ બની જાય.

અનુપ્રેક્ષા કરવાને ધર્મકથા એટલે ખીર, દુધપાક, બાસુંદી અને અમૃત ભોજન જેવી બની જાય. ને આત્મા ધર્મકથાની પાત્રોના પ્રાણમય બની જાય અને જે કથા તેના જીવન સાથે જડબેસલાક થઈ જાય આવી ધર્મકથા કરનાર તો શીઘ્ર શિવગતિનો ભોકતા બને.

ધર્મકથા દ્વારા સભાને મનોરંજન આપે, હસાવે, રોવડાવે તો તે કથા પોતાને સ્પર્શ થાય તો પોતે જ

અધ્યાત્મ બની જાય તેમ થાય તો ધર્મકથા અનુયોગ સાર્થક બને બાકી તો કથાકાર, નાટયકારની જેમ નાટક બની જાય. રચને પછી તેમાં વિવિધ અભિનય, ચાળા, ધમાધમાટ એ એક પ્રભાવ પાડવા માટેનો નુસ્કો બને.

કાઠીયાવાડમાં કહેવત છે.

સાંભળનારને સમજણ નહિ, વાચનારને નહિ ધ્રાસકો, વખાણ કરીને ચાલ્યા ગયા. લોઢા ઉપર ત્રાસકો

પછી

ઔષ્ટ્રાણાં ચ વિવાહે, ગર્દભા યદિ ગાયકા; પરસ્પર પ્રશંસંતિ, અહો સ્વરં અહો ધ્વનિ;

ઊંટના લગ્ન હોય, ગધેડા ગીત ગાવાવાળો હોય તો પરસ્પર પ્રશંસા કરે છે. કહે કે શું ઊંટભાઈનું રૂપ ? શું ગધેડાનો કંઠ ?

મોક્ષ માર્ગની સાધના રૂપ સ્વાધ્યાયનો ખપ કરી સ્વપરના સાધક બનવું જોઈએ, તો મળેલી મોક્ષ માર્ગની સામગ્રી સફળ બને અને ધર્મમાર્ગ સ્થિર બને ઉજ્વલ બને.

આ લોકની આસંશા અને માન પાન અને નામની એષણા ધર્મજીવનને કોરી ખાય, શ્રમણ જીવનને કોરી ખાય, શ્રાવક જીવનને કોરી ખાય. સડેલું ધાન જેમ કામ લાગે નહિ તેમ આ લોકની માન પાન અને નામથી એષણાથી ધર્મ પણ આત્માને સ્પર્શી શકતો નથી.

જિનેશ્વર દેવોએ જગતના હિત માટે સ્થાપેલ ધર્મ પોતાના હિત માટે કરે તે તરે અને તેવાઓ પાસેથી ધર્મ પામનારાઓને તરવાનો માર્ગ સુલભ બને છે.

સ્વાધ્યાય સમાન તપની જેમ સૌ સાથે બનાવે એજ અભિલાષા.

■ ■ ■

અમદાવાદમાં ગિરધરનગરને આંગણે ભવ્ય ઉપધાન તપની આરાધના

મોહતિમિરાંશુમાલી, પરમપૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર સુગૃહીતનામધેય, ગણાધીશ પરપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી સરળ સ્વભાવી મુનિશ્રી ખ્યાતદર્શનવિજયજી મહારાજ, સ્વાધ્યાય પ્રેમી મુનિશ્રી સંયમપ્રભવિજયજી મહારાજ, તપસ્વી મુનિશ્રી વિનયધરવિજયજી મહારાજ, વ્યાખ્યાન - વાંચના દાતા મુનિશ્રી હિતરુચિવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી જમનાદાસ ભગુભાઈ શેઠના વંડામાં ગિરધરનગર શાહીબાગ ખાતે ભવ્ય ઉપધાન તપની આરાધના વિક્રમ સંવત ૨૦૫૮ કારતક વદ - ૧ શનિવાર તા ૧-૧૨-૨૦૦૧ ના રોજ શરુ થનાર છે. ઉપધાન તપ માટે દ્વિતીય પ્રવેશ કારતક વદ - ૫, બુધવાર તા. ૫-૧૨-૨૦૦૧ના રોજ થનાર છે. ઉપધાન તપની માળારોપણ પ્રસંગ વિ. સં. ૨૦૫૮ પોષ સુદ - ૭ સોમવાર તા. ૨૧-૦૧-૨૦૦૨ ના રોજ થશે. સમગ્ર ઉપધાન તપ તથા ઉપધાન પ્રવેશ, માળારોપણ વગેરે પ્રસંગે નિશ્રા પ્રદાન કરવા માટે પૂજ્યપાદ, સુવિશાળગણ નાયક, અતુલ ભવ્યનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા આચાર્યદેવ શ્રીમદ્ વિજયમિત્રાનંદ સૂ. મ. સા., આ શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ, આચાર્ય શ્રી જયકુંજ સૂ. મ. સા., આચાર્ય શ્રી મુક્તિપ્રભ સૂ. મ. સા. આચાર્ય શ્રી હેમભૂષણ સૂ. મ. સા., આચાર્ય શ્ર નરવાહનસૂરીશ્વરજી મહારાજ, પંન્યાસ શ્ર ધર્મદાસવિજયજી મ. સા. ગણિવર્ય શ્રી નયવર્ધન વિ.મ.સા. તેમજ ગણિવર્ય શ્રી ભવ્યદર્શન વિ.મ.સા આદિ સમુદાયના પૂજ્યોને વિનંતી કરેલ છે. તેઓશ્રી સ અનુકૂળતાએ પધારશે.

ઉપધાન તપનું આવું અનેરું અનુષ્ઠાન કરવ પધારો. ઉપધાન તપ પ્રસંગે પ. પૂ. મુનિરાજશ્ર હિતરુચિવિજયજી મ. સા. ના વૈરાગ્ય રસ નીતરતા વ્યાખ્યાનોનો લાભ લેવાનું ચૂકે ચૂકતાં.

વધુ માહિતી માટે સંપર્ક :-

શ્રી ગિરધરનગર શ્વે. મૂ. પૂ. સંઘ

ગિરધરનગર પેઢી, શાહીબાગ,

અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૮૫૦૦૧૯

મિરજ નગરે
પૂ. ગુરુભગવંતોનો શેષ ચાતુર્માસાર્થે મંગલમય પ્રવેશ

સમગ્ર મહારાષ્ટ્રમાં ''આરોગ્યધામ'' તરીકેની ઐતિહાસિક પ્રસિદ્ધિને પામેલા એવા શ્રી મિરજ નગરે સૌ પ્રથમવાર જ સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા - આશિષથી શાસનપ્રભાવક પૂ. આ. શ્રી જયકુંજર સૂ. મ. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ. ના શિષ્ય-પ્રશિષ્યરત્નો પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ., પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ. મ. તથા પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ. નો શેષ ચાતુર્માસાર્થે પ્ર. આસો વદ ૫ ના મંગલમય પ્રવેશ થયો.

પૂ. ગુરુભગવંતોના પ્રવેશ નિમિત્તે સામૈયાનો મંગલ પ્રારંભ શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન દહેરાસરથી હોઈ પૂજ્યશ્રીએ સૌ પ્રથમ ત્યાં દહેરાસરે પધારી સામુદાયિક ચૈત્યવંદન કરાવેલ. શ્રી સંઘ તરફથી સંઘપૂજન થયેલ. ત્યાર બાદ છેડા ભવન નૂતન ઉપાશ્રયમાં માંગલિક-પ્રવચનાદિ થયેલ. સવારે ૯-૩૦ કલાકે સામૈયાનો મંગલ પ્રારંભ થયેલ. જેમાં ૧૪ સ્વપ્નની જુદી જુદી રીક્ષાઓ આકર્ષણનું કેન્દ્ર બની જવા પામેલ. ૧૦-૩૦ વાગે શ્રી સુમતિનાથ દહેરાસરે સામૈયું પૂર્ણ થયેલ. શ્રી ચન્દ્રાવતી સૂર્યકાંત અતિથિ ગૃહમાં પૂજ્યોની મંગલ પધરામણી-મંગલ ચરણ થયા બાદ શ્રી સૂર્યકાંતભાઈ આરગવાલા તથા શ્રી સૂર્યકાંતભાઈ (અધ્યક્ષ) એ પૂજ્ય ગુરુદેવો તથા સકલ શ્રી સંઘનું ભાવભીનું સ્વાગત કરેલ. અધ્યાપક શ્રી ભરતભાઈએ ભાવવાહી સ્વાગત ગીત ગાઈને સહુને ભાવવિભોર બનાવેલ. શ્રી અનિલભાઈએ (સેક્રેટરી) સભાનું સુંદર સંચાલન કરેલ. પૂ. ગુરુભગવંતોનું ગુરૂપૂજન કરવાનો ચઢાવો બોલાતા શા. શાંતિલાલ રીખવચંદજી પોમાણીએ બોલી બોલીને લાભ લીધેલ.

પૂજ્યોના મંગલ પ્રવેશ નિમિત્તે મિરજ સંઘના આરાધકો તેમજ બહારગામથી પધારેલા ભાવિકો તરફથી કુલ્લે ૮૦ રૂા. નું સંઘપૂજન થવા પામેલ. શ્રી સંઘ તરફથી તિલક કરીને સંઘપૂજનનું આકર્ષક કવર અર્પણ કરવાનો ચઢાવો બોલાતા સંઘવી હીરાચંદ ગુલાબચંદ બિજાપુરવાલાએ ખૂબ જ સારી બોલી બોલીને લાભ લીધેલ. ત્યાર બાદ પૂ. ગુરુભગવંતશ્રીનું માંગલિક મનનીય પ્રવચન થયેલ. ''સર્વમંગલ'' બાદ શા. મોહનલાલજી ચુનીલાલજી પરમાર મિરજવાલા તરફથી સકલ શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય થવા પામેલ. જેમાં ૬૦૦ જેટલા પુણ્યશાળીઓને બેસાડીને ખૂબ જ સુંદર ભક્તિ કરવામાં આવેલ.

પૂજ્યશ્રીના પ્રવેશ પ્રસંગે શ્રી સાંગલી સંઘ માંથી બે બસો આવેલ તેમજ બિજાપુર - જમખંડી - આરગ - નિપાણી - કોલ્હાપુર આદિ સંઘોમાંથી ખૂબ જ સારી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત થયા હતા.

પ્ર. આસો વદ ૯ થી સામુદાયિક શ્રી પંચમહાવ્રત તપનો મંગલ પ્રારંભ થયો છે. જેમાં ૯૦ આસપાસ પુણ્યશાળીઓ જોડાયા છે. સામુદાયિક શાશ્વતી ઓળીનું આયોજન પણ નવાન્હિકા મહોત્સવ સમેત થવા પામ્યું છે.

મિરજ સંઘના જૈન ઈતિહાસમાં પ્રાયઃ ૧૦૦ વર્ષમાં સૌ પ્રથમવાર જ ચાતુર્માસ હોઈ સંઘમાં ખૂબ જ ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. પ્રતિદિન શ્રી ધર્મરત્ન પ્રકરણ આધારિત ''ભાવશ્રાવકના ૧૭ ગુણો'' ઉપર પૂજ્યશ્રી મનનીય પ્રવચન ફરમાવે છે. ખૂબ જ સારી સંખ્યામાં સંઘ લાભ લઈ રહ્યો છે. પ્રતિદિન પ રૂા. નું સંઘપૂજન નિયમિત ચાલી રહ્યું છે.

શ્રી મિરજ જૈન શ્વે. મૂ. સંઘ તથા શ્રી વાસુપૂજ્ય દહેરાસર ટ્રસ્ટ - મિરજના સંયુક્તપણે આ શેષ ચાતુર્માસનું આયોજન થવા પામ્યું છે.

એકંદરે, મિરજ નગરે પૂજ્યશ્રીના પ્રવેશના પ્રસંગ યાદગાર - અવિસ્મરણીય બની ગયેલ. ■

પ્રવચન - એકાવનમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ -૬, રવિવાર, તા. ૧૩-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

ગત કથી ચાલુ.....

જે વસ્તુને સારી માનો તો તે કરવાનું મન કોને ન થાય ? ન કરી શકે તે ય બને પણ કરવા જેવી નથી તેમ તે કહે ? સાધુધર્મને સારો માનતા હો તો તમે સાધુ હજી સુધી નથી થયા તેનું તમને દુઃખ છે કે આનંદ છે ?

આપણે આ વાત આપણાં હૈયાને અડાડવી છે, આ વાત સમજીને સાચી સમજવાળું હૈયું બનાવવું છે. માત્ર વાણીથી બોલે તે સમજુ ન કહેવાય. સમજુ તો તે કહેવાય કે જેને સાચી વાત સમજાઈ ગયા પછી તે ન થઈ શકે તેનું ભારોભાર દુઃખ હોય ! સાચી વાત કેમ ન સમજાય તેનું મન તો થવું જ જોઈએ. જે ચીજ સારી લાગી તે લેવાનું મન થાય, તે ચીજ મળ્યા પછી તેને સાચવવાનું મન થાય અને મળેલી તે ચીજ બગડે નહિ તેની ચિંતા થાય તે જીવ સાચો સમજુ કહેવાય. આજના ધર્મ કરનારનાં ભૂતકાળમાં સારા સંસ્કાર છે નહિ અને અહીં નવા સારા સંસ્કાર પાડતા નથી તે ખૂબ જ શોચનીય વાત છે.

આજનો ધર્મ કરનારો વર્ગ ધર્મ કેવી રીતે કરે છે ? ભગવાનનાં દર્શન પણ પેઠા અને નીકળ્યા તે રીતે કરે છે, પૂજા પણ કરી, ન કરીને નીકળે છે, ચૈત્યવંદન તો ઘણા કરે જ નહિ અને જે કરે તે ય ઝટપટ બોલીને રવાના થાય છે - તેને સારા સંસ્કાર કઈ રીતે પડે ? તમને બધાને સારી રીતે ધર્મ કરવાનું મન થાય છે ખરું ? જેટલો ધર્મ કરી શકો તેટલો પણ ધર્મ સારી રીતે કરો છો ખરા ? ધર્મ કરવાનો સાચો ભાવ પણ છે ખરો ?

તમે બધા સંસ્કૃત - પ્રાકૃત તો ભણ્યા પણ નથી અને ભણવાનું મન પણ નથી. પણ ગુજરાતી ભાષાના જે સ્તવનાદિ બોલો છો તેની પણ અસર થાય છે ખરી ? 'શીતલ નહિ છાયા રે આ સંસારની' આ સ્તવન કેટલી વાર ગાયું છે ? હૈયાને અડ્યું છે ? સંસારની છાયા શીતલ નહિને ? તેમાં મઝા આવી જાય તો આત્માનું ભલું થાય કે ભૂંડું થાય ?

પ્ર.- અનુકૂળતા મળે તો 'હાશ' થાય છે.

ઉ. - તે જ ઘડીએ કર્મ બંધાય તો કયું કર્મ બંધાય ? મોટે ભાગે તો અશાતા વેદનીય કર્મ બંધાય, આયુષ્ય કર્મ બંધાય તો દુર્ગતિનું જ બંધાય.

અશાતામાં મઝા આવે તો શાતા બંધાય. ધર્મ કરનારને આજે શાતા, સુખ જોઈએ છે પણ કષ્ટ વેઠીને ધર્મ કરવાની વાત કરીએ તો 'મારાથી આ.. આ ન થાય' તેમ કહે છે.

પ્ર.- અમને સુખ સારું લાગે છે છતાં ય દુનિયાના સુખને સારું કહેનારા પાસે નથી જતા અને સુખને ભૂંડું કહેનારા પાસે રોજ આવીએ છીએ તો તેના સંસ્કાર નહિ પડે ?

ઉ.- રોજ થતું હોય કે- 'આટલું આટલું સાંભળવા છતાં ય હજી આ દુનિયાનું સુખ ભૂંડું કેમ નથી લાગતું ? આ સુખ ભૂંડું લાગ્યા વિના મારું ઠેકાણું પડશે નહિ' આવું જો થતું હોય તો કામ થઈ જશે. સારા સંસ્કાર ધીમે ધીમે પડશે.

તમે બધા રોજ સાંભળો છો તો મારે અહીંથી જવાનું છે તે યાદ છે ખરું ? આજે સો - સવાસો વર્ષનું આયુષ્ય કહેવાય છે. તો મરવાનું નક્કી છે. મરીને ક્યાં જવું છે તે વિચાર આવે છે ખરો ? આ વિચાર ન આવે તો તે સાચો સાંભળનાર કહેવાય ખરો ? સાંભળેલું સમજાય નહિ તો પણ ચિંતા થાય છે ખરી ? જેને સાંભળેલું સમજાઈ જાય તો કર્યા વિના ચેન પડે ખરું ? તમને સાંભળેલું સમજાઈ જાય તો ઘેર જઈને વાત કરો ખરા ? તમે જેમ વ્યાખ્યાન સાંભળો છો તેમ ઘરે જઈને કુટુંબને ધર્મ સંભળાવો ખરા ?

સભા - ન સમજાય તો ય ચેન પડે, સમજાય તો

ય ચેન ન પડે એટલે શું ?

ઉ.- ખરેખર ધર્મી જ આ. જેને આ દુનિયાનું સુખ ભૂંડું લાગી જાય તેની હાલત આવી હોય. પછી તેને સમજાય કે- આ સુખની પાછળ પાગલ બનીને મારો ધર્મ જ ભૂલી ગયો, ખરેખર હું લુંટાઈ ગયો. ખરો શ્રોતા પણ તે જ કે જેને ધર્મ ન સમજાય ત્યાં સુધી ચેન ન પડે અને ધર્મ સમજાઈ ગયા પછી ધર્મ કરી ન શકે તો ય ચેન ન પડે.

આજનો મોટાભાગનો ધર્મ રૂઢિનો થયો છે. પાપ મઝેથી કરે છે. ધર્મ ન છૂટકે કરે છે. ફાવે તે રીતે કરે છે. ધર્મના કામ માટે આગ્રહ ન કરાય તેમ કહે છે- તે બધાને આ વાત નહિ સમજાય. ધર્મીમાં પણ બધા જ ધર્મી હોય તેવું નથી. જેને ધર્મ ગમે તેને શું ગમે ? ''અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો; જિણપન્નત્તં તત્તં ઈહ સમ્મત્તં મએ ગહિઅં'' આ ગાથા રોજ બોલો છો ? દેવ તો શ્રી અરિહંત પરમાત્મા જ. ગુરુ પણ સુસાધુ હોય તે જ અને ધર્મ પણ શ્રી અરિહંતદેવે કહ્યો હોય તે જ ધર્મ આ વાત હૈયાથી સમજતો થઈ જાય તેનું કલ્યાણ થઈ જાય. તે જ જીવ શ્રી અરિહંત પરમાત્માને બરાબર ઓળખતો થઈ જાય. પછી તેને લાગે કે- માબાપે જે ઉપકાર નથી કર્યો તે ઉપકાર શ્રી અરિહંત પરમાત્માઓએ કર્યો છે. મા-બાપ પણ જે ઉપકાર કરે તે શ્રી અરિહંત પરમાત્માઓનો ઉપકાર ઝીલે માટે કરે છે. માટે જ શ્રી અરિહંત પરમાત્મા જેવા જગતના ઉપકારી કોઈ થયા નથી અને થશે પણ નહિ.

શ્રી અરિહંત પરમાત્માઓ તમે બધા સંસારમાં રહો તેમ ઈચ્છે છે કે બધાને મોક્ષે મોકલવા ઈચ્છે છે ? તમે સંસારમાં રહો તે શ્રી અરિહંત પરમાત્માને પસંદ પડે ખરું ? તમે બધા સંસારમાં મઝેથી રહેજો તેમ શ્રી અરિહંત પરમાત્મા કહી ગયા છે ? આખા જગતને મોક્ષ સમજાવનાર, મોક્ષમાર્ગ સમજાવનાર એક માત્ર શ્રી અરિહંત પરમાત્મા જ છે. તેઓ કહી ગયા છે કે જેઓને સાચું અને વાસ્તવિક સુખ જોઈતું હોય તેને મોક્ષમાં જ જવું પડે. આત્માને જે સાચું સુખ જોઈએ તે સુખ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. સંસારના સુખને સુખ શબ્દનો વ્યભિચાર છે. સંસારનું જે સુખ છે તે પરિણામે આત્માને દુઃખી જ કરનારું છે- આ વાત ન સમજાય તેવી છે ? ગુજરાતી ભાષાના સ્તવનોમાં પણ આજ વાત કહી છે કે-

''સકલ જીવ છે સુખના કામી, તે સુખ અક્ષય મોક્ષ;
કર્મજનિત સુખ તે દુઃખરૂપ, સુખ તે આતમઝાંખ ''

માત્ર આત્મિક સુખ અને મોક્ષનું સુખ તે બે જ ઈચ્છાવા જેવા છે. પણ સંસારનાં ખાવા - પીવા, પહેરવા - ઓઢવા, મોજમઝાદિનાં જે સુખ છે તે ઈચ્છવા જેવાં પણ નથી. ખાવાનો પ્રેમી જીવ તપ કરતો હોય તો તેનો તપ પણ સારી રીતે ખાઈ-પી શકાય તે માટે હોય છે. ઘણાને તપના પારણે ખાવા - પીવાદિમાં મઝા આવે છે માટે તે મઝા કરવા માટે તપ કરે છે. આ તપની મશ્કરી નથી ! તપ કરે અને ખાવું - પીવું સારું લાગે તેમાં જ મઝા આવે તો તેનો તપ કેવો કહેવાય ? તપની લટણી જ થઈ ગઈ કહેવાય ને ?

આત્મામાં મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એ ત્રણ પાપ પડેલા છે. તે ત્રણ પાપ એવાં છે કે જીવને સાચું સમજવા દે જ નહિ. જેનું મિથ્યાત્વ ખૂબ મજબૂત હોય તેની અવિરતિ અને કષાય પણ મજબૂત હોય ત્રણેને આધીન બનેલા મન, વચન અને કાયાના યોગો જીવની પાસે એવાં એવાં કામ કરાવે કે જેનું વર્ણન ન થાય ! મિથ્યાત્વ જેનું મંદ પડે તેની અવિરતિ અને તેના કષાય પણ મંદ પડે. તે જીવ ધર્મ માર્ગની સન્મુખ થાય.

ખાવા - પિવાદિમાં મઝા આવે તો દુઃખ થવું જોઈએ. આ ખાધેલું ગમે તેટલું સારું હોય પણ તે વિષ્ટા થઈને બહાર નીકળે છે તે જોવાય તેમ નથી. અણસમજુ આદમી મોજમઝાદિ માટે ખાય - પીએ અને પાપ બાંધે છે. જ્યારે સમજુ આદમી એટલા માટે ખાય કે આ શરીરથી ધર્મનું કામ લેવાય. આ શરીરથી શું સાધવું છે ? તમે બધા ભુખ - તરસ - ટાઢ - તડકા નથી બેસતા ? બેઠો છો પણ શાને માટે બેઠો છો ? પૈસા - ટકાદિ મેળવવા અને મોજમઝાદિ કરવા બેઠો છો પણ ધર્મ કરવા

માટે કષ્ટ પડે તો ધર્મ કરો ખરા ?

શ્રી ભૃગુપુરોહિતના બે ય પુત્રો જાગી ઊઠયા અને પિતાને કહે છે કે- ''આ મનુષ્યપણું શાશ્વત નથી, આ શરીર રોગોથી ભરેલું છે, ઘણા અંતરાયોવાળું આ જીવન છે, કયારે ચાલ્યું જાય તે ખબર નથી માટે આ ઘરવાસમાં ફાવતું નથી. તેથી મુનિપણાને સ્વીકારવાને ઈચ્છીએ છીએ. તે માટે આપની અનુમતિ લેવાને આવ્યા છીએ.'' આ સાંભળતાં જ મા-બાપને ફાળ પડી કે પુત્રોને સાધુનો યોગ થયો લાગે છે. તેથી પુત્રો મુનિપણાના ભાવને પામ્યા છે. માટે તે બેને સમજાવવા માટે કહે છે કે- ''હે પુત્રો વેદના જાણકારો એવી વાણી વદે છે કે- પુત્ર વિનાના આત્માઓનો પરલોક થઈ શકતો નથી. કારણ કે- પિંડદાન આદિ કરનાર કોઈ ન હોય તો સારી ગતિ આદિનો અભાવ માનવામાં આવ્યો છે. માટે તમે વેદોને જાણીને, બ્રાહ્મણોને જમાડીને, ઘરમાં પુત્રોને સ્થાપન કરીને અને સ્ત્રીઓની સાથે ભોગો ભોગવીને અરણ્યમાં વાસને કરનારા તાપસોના વ્રતને ધારણ કરનારા પ્રશસ્ત મુનિવરો થજો.''

આ રીતે પુરોહિતે પુત્રોને ચલિત કરવાનો પ્રયત્ન કર્યો. પણ તે બન્ને ય પુત્રો પૂર્વભવમાં સુંદર સાધુપણું આરાધીને આવ્યા હતા અને જાતિસ્મરણ જ્ઞાનવાળા હતા. તેથી કહે છે કે- હે પિતાજી ! ભણેલા વેદો પણ શરણરૂપ થતા નથી કારણ કે- વેદોને ભણવા અને જીવનને સારું બનાવવું નહિ અને સદ્ગતિની ઈચ્છા રાખવી તે ફોગટ છે. વળી હિંસાદિ કુમાર્ગની પ્રરૂપણા કરનારા અને પશુવધ આદિમાં પ્રવૃત્તિ કરનારા બ્રાહ્મણોને પાત્રબુદ્ધિથી ભોજન કરાવવું એ તરવાનું સાધન નથી પણ નરકનું કારણ છે. એ હેતુથી જમાડેલા એવા બ્રાહ્મણો ગાઢ અંધકારથી ભરેલા અતિ રૌદ્ર રૌરવાદિ નારકાવાસમાં લઈ જાય છે. તથા ઉત્પન્ન થયેલા પુત્રો નરકાદિમાં પડતાં પિતાદિને શરણરૂપ થઈ શકતા નથી. આથી તો વેદના અનુયાયિઓએ પણ કહ્યું છે કે- ''જો પુત્રથી જ સ્વર્ગ થાય તો દાનધર્મની જરૂર જ ન રહે. અને જો એમ થાય તો દાનધર્મમાં લોકને ઠગ્યો કહેવાય કેમ કે, પછી તો દાન ધર્મ નિરર્થક બની જાય છે. વળી જો પુત્રથી જ સ્વર્ગ માનવામાં આવે તો ભૂંડ, ગોધા અને તામ્રચુડાદિ બહુ પુત્રવાળા હોય છે, માટે તેઓને પ્રથમ સ્વર્ગ મળશે અને લોક તેઓની પાછી સ્વર્ગે જશે.''

વળી કામભોગો ક્ષણમાત્ર સુખને આપનારા છે અને બહુ કાળ સુધી અતિશય દુઃખને આપનારા છે. તે કામભોગો સંસારથી મુક્ત થઈ મોક્ષે જવામાં અંતરાયભૂત મહાશત્રુઓ છે, અને સઘળા ય અનર્થોની ખાણ સમાન છે. કારણ કે વિષય સુખની પ્રાપ્તિને માટે આમ તેમ ભ્રમણ કરતો આત્મા, પોતાના અભિલાષની તૃપ્તિ નહિ થવાને કારણે, તેની તૃપ્તિ માટે રાત્રિ - દિવસ સર્વ પ્રકારની ચિન્તારૂપ અગ્નિથી સળગતો અને સ્વજનોના કાર્યમાં આસકત બનેલો, ત્રિવિધ પ્રકારના ઉપાયો દ્વારા ધનની શોધમાં ફરતો ફરતો વૃદ્ધાવસ્થાને તથા મૃત્યને પામે છે અને દુર્ગતિમાં ભટકે છે. તે માટે ધર્મકાર્યમાં પ્રમાદ કરવો, એ કેમ જ યોગ્ય ગણાય ?

આ રીતિએ પુત્રો દ્વારા નિરુત્તર થયેલા પિતાએ તે બેને લલચાવવા - લોભાવવા માટે કહ્યું કે- ''હે પુત્રો ! સ્ત્રીઓની સાથે તમારા માટે ઘણું ધન વિદ્યમાન છે, અને સ્વજનો પણ તમારા ઘણા છે. શબ્દ આદિ કામના ગુણો એ પણ તમારે માટે અતિશયવાળા છે. તેમજ જે ધન સામગ્રી માટે લોક તપ તપે છે તે સઘળું ય તમારે માટે આ ઘરમાં સ્વાધીન જ છે. અર્થ અને કામનો ઈચ્છા મુજબ ઉપભોગ કરો અને મોજમઝાદિને કરો.''

જે જીવો ખરેખર ધર્મ પામ્યા હોય તે આવી વાતોથી લોભાય ખરા ? ત્યારે પુત્રોએ કહ્યું કે- સાત્વિક અને ધુરંધર ગણાતા પુરુષો દ્વારા વહન કરાતી ધર્મધુરાને વહન કરવાના અધિકારમાં, હે પિતાજી ! આપ ધન, સ્વજન અને કામગુણોની વાત કરો છો એ અસ્થાને છે. કારણ કે - ધર્મની આગળ એની કશી કિંમત નથી. એ જ કારણે ઘણું ધન, અનેક સ્વજનો અને અતિશયવાળા કામગુણો હોવા છતાં પણ ક્ષમા આદિ ગુણોના સમૂહને ધરનારા અને અપ્રતિબદ્ધપણે વિહરનારા શ્રમણો થઈશું.''

ક્રમશઃ

શ્રી કાર્તિકી જૈન પંચાંગ

કાર્તિક-૨૯

તિ.	વા.	તા.
સુ.૧	શુ	N.૧૬
૨	શ	૧૭
૩	૨	૧૮
૪	સો	૧૯
૫	મં	૨૦
૬	બુ	૨૧
૭	ગુ	૨૨
૮	શુ	૨૩
૯	શ	૨૪
૧૦	૨	૨૫
૧૧	સો	૨૬
૧૨	મં	૨૭
૧૩	બુ	૨૮
૧૪	ગુ	૨૯
૧૫	શુ	૩૦

વ.૧	શ	D.૧
૨	૨	૨
૩	સો	૩
૪	મં	૪
૫	બુ	૫
૬	ગુ	૬
૭	શુ	૭
૮	શ	૮
૯	૨	૯
૧૦	૧૧સો	૧૦
૧૧	મં	૧૧
૧૨	બુ	૧૨
૧૩	ગુ	૧૩
૧૪	શુ	૧૪
૦))		

વદ ૧૧ ક્ષય

નવે.-ડિસેંબર

માર્ગશીર્ષ-૩૦

તિ.	વા.	તા.
સુ.૧	શ	૧૫
૨	૨	૧૬
૩	સો	૧૭
૪	મં	૧૮
X૫	બુ	૧૯
૫	ગુ	૨૦
૬	શુ	૨૧
૭	શ	૨૨
૮	૨	૨૩
૯	સો	૨૪
૧૦	મં	૨૫
૧૧	બુ	૨૬
૧૨	ગુ	૨૭
૧૩	શુ	૨૮
૧૪	શ	૨૯
૧૫	૨	૩૦

વ.૧	સો	૩૧
૨	મં	J.૧
૩/૪	બુ	૨
૫	ગુ	૩
૬	શુ	૪
૭	શ	૫
૮	૨	૬
૯	સો	૭
૧૦	મં	૮
૧૧	બુ	૯
૧૨	ગુ	૧૦
૧૩	શુ	૧૧
૧૪	શ	૧૨
૦))	૨	૧૩

સુદ ૫ બે
વદ ૪ ક્ષય

ડિસે-જાન્યુ.

પોષ-૩૦

તિ.	વા.	તા.
સુ.૧	સો	૧૪
૨	મં	૧૫
૩	બુ	૧૬
૪	ગુ	૧૭
૫	શુ	૧૮
X૬	શ	૧૯
૬	૨	૨૦
૭	સો	૨૧
૮	મં	૨૨
૯	બુ	૨૩
૧૦	ગુ	૨૪
૧૧	શુ	૨૫
૧૨	શ	૨૬
૧૩	૨	૨૭
૧૪/૧૫	સો	૨૮

વ.૧	મં	૨૯
૨	બુ	૩૦
૩	ગુ	૩૧
૪	શુ	F.૧
૫	શ	૨
૬	૨	૩
૭/૮	સો	૪
૯	મં	૫
૧૦	બુ	૬
૧૧	ગુ	૭
X૧૨	શુ	૮
૧૨	શ	૯
૧૩	૨	૧૦
૧૪	સો	૧૧
૦))	મં	૧૨

સુદ ૬ બે
સુદ ૧૫ ક્ષય
વદ ૮ ક્ષય
વદ ૧૨ બે

જાન્યુ.-ફેબ્રુ.

માઘ-૩૦

તિ.	વા.	તા.
સુ.૧	બુ	૧૩
૨	ગુ	૧૪
૩	શુ	૧૫
૪	શ	૧૬
૫	૨	૧૭
૬	સો	૧૮
૭	મં	૧૯
૮	બુ	૨૦
૯	ગુ	૨૧
૧૦	શુ	૨૨
૧૧	શ	૨૩
૧૨	૨	૨૪
૧૩	સો	૨૫
૧૪	મં	૨૬
૧૫	બુ	૨૭

વ.૧	ગુ	૨૮
૨/૩	શુ	M.૧
૪	શ	૨
૫	૨	૩
૬	સો	૪
૭	મં	૫
૮	બુ	૬
૯	ગુ	૭
૧૦	શુ	૮
૧૧	શ	૯
૧૨	૨	૧૦
૧૩	સો	૧૧
૧૪	મં	૧૨
X૦))	બુ	૧૩
૦))	ગુ	૧૪

વદ ૩ ક્ષય
વદ ૦)) બે

ફેબ્રુ.-માર્ચ

ફાલ્ગુન-૨૯

તિ.	વા.	તા.
સુ.૧	શુ	૧૫
૨	શ	૧૬
૩	૨	૧૭
૪	સો	૧૮
૫	મં	૧૯
૬	બુ	૨૦
૭	ગુ	૨૧
૮	શુ	૨૨
૯	શ	૨૩
૧૦	૨	૨૪
૧૧	સો	૨૫
૧૨	મં	૨૬
૧૩/૧૪	બુ	૨૭
૧૫	ગુ	૨૮

વ.૧	શુ	૨૯
૨	શ	૩૦
૩	૨	૩૧
૪	સો	A.૧
૫	મં	૨
૬	બુ	૩
૭	ગુ	૪
૮	શુ	૫
૯	શ	૬
૧૦	૨	૭
૧૧	સો	૮
૧૨	મં	૯
૧૩	બુ	૧૦
૧૪	ગુ	૧૧
૦))	શુ	૧૨

સુદ ૧૪ ક્ષય

માર્ચ-એપ્રિલ

ચૈત્ર-૩૦

તિ.	વા.	તા.
સુ.૧	શ	૧૩
૨	૨	૧૪
૩	૩	૧૫
X૪	મ	૧૬
૪	બ	૧૭
૫	ગુ	૧૮
૬	શુ	૧૯
૭/૮	શ	૨૦
૯	૨	૨૧
૧૦	સો	૨૨
૧૧	મ	૨૩
૧૨	બ	૨૪
૧૩	ગુ	૨૫
૧૪	શુ	૨૬
૧૫/૧	૨	૨૭

૧. ૨	૨	૨૮
૩	સો	૨૯
૪	મ	૩૦
૫	બ	M.૧
૬	ગુ	૨
૭	શુ	૩
૮	શ	૪
૯	૨	૫
૧૦	સો	૬
X૧૧	મ	૭
૧૧	બ	૮
૧૨	ગુ	૯
૧૩	શુ	૧૦
૧૪	શ	૧૧
૦))	૨	૧૨

સુદ બ
સુદ ક્ષય
વદ ક્ષય
વદ ૧૧ બે

એપ્રિલ-મે

કાર્તિક : વદ ૬ શુક્ર નૂતનવર્ષારંભ, નવસ્મરણ તથા શ્રી ગૌતમસ્વામી રાસવાંચન, સુદ ૪ સોમ, પૂ. આ. ભ. શ્રી [illegible]દેવસૂ. મ. ની સ્વર્ગતિથિ, સુદ ૫ મંગળ, જ્ઞાન પંચમી, પૂ. પં. તિલકવિજયજી મ. ની સ્વર્ગતિથિ, સુદ ૭, [illegible] ચોમાસી અઠ્ઠાઈ શરૂ, સુદ ૧૪ ગુરૂ, ચોમાસી પર્વ, વદ ૧ શનિ રોહિણી, વદ ૧૦-૧૧, સોમ વ.૧૦ની આરાધના ભ. શ્રી મહાવીર પ્રભુનું દીક્ષા કલ્યાણક (વ. ૧૦નું)

માર્ગશીર્ષ : સુદ ૮ રવિ, પૂ. આ. ભ. શ્રી જંબૂસૂ. મ. ની સ્વર્ગતિથિ, સુદ ૧૧ બુધ, મૌન એકાદશી, સુદ ૧૩, શુક્ર રોહિણી, વદ ૮ રવિ, પૂ. ઉ. શ્રી વીરવિજયજી મ. ની સ્વર્ગતિથિ, વદ ૧૦ મંગળ, પોષ દશમી આરાધના (૯-૧૦-૧૧, સોમ, મંગળ, બુધ), શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક

પોષ : સુ. ૧૧, શુક્ર, રોહિણી, સા. ૧૪-૧૫, સોમ, પક્ખીનું આજે આરાધન, વદ ૧૩, રવિ, મેરૂ તેરસ, ભ. શ્રી [illegible]ભદેવપ્રભુનું મોક્ષ કલ્યાણક.

માઘ : સુદ ૬ ગુરૂ પૂ. આ. ભ. શ્રી હાન સૂ. મ. ની સ્વર્ગતિથિ, સુ. ૯ ગુરૂરોહિણી, સુ. ૧૧ શનિ, અક્ષયનિધિ અંગે આયંબિલ તપ કરવો, પૂ. આ. ભ. શ્રીકપૂર સૂ. મ. ની તથા પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ. ની. સ્વર્ગતિથિ, વદ ૬, સોમ, પૂ. આ. ભ. શ્રી કમલ સૂ. મ. ની સ્વર્ગતિથિ, વદ ૧૪, મંગળ, પક્ખી [illegible] આજે આરાધના.

ફાલ્ગુન : સુદ ૬ બુધ, રોહિણી, ચોમાસી અઠ્ઠાઈ શરૂ, સુદ ૧૦ રવિ, પૂ. આ. ભ. [illegible]મૃત સૂ. મ. નો સ્વર્ગતિથિ. સુ. ૧૩-૧૪ બુધ શ્રી સિદ્ધાચલજીની છ'રીપાળી યાત્રા, (સુ. ૧૩ને [illegible], ચોમાસી પર્વનો આજે આરાધના (સુ. ૧૪ ની) વદ ૮ શુક્ર, વર્ષીતપ પ્રારંભ દિન, (વદ ૭ ગુરૂના છ'રી પાલક સંઘો પ્રારંભ કરવો), ભ. શ્રી ઋષભદેવ પ્રભુનું જન્મ તથા દીક્ષા કલ્યાણક, વદ ૧૦ રવિ, પૂ. [illegible] આ. ભ. શ્રી લક્ષ્મણ સૂ. મ. ની સ્વર્ગતિથિ.

ચૈત્ર : સુ. દ્વિ. ૪ બુધ રોહિણી, સુદ ૬ શુક્ર શ્રી નવપદ આયંબિલ ઓળી પ્રારંભ, સુ. ૧૧, મંગળ આજની ત્રણ દિવસ માટે પૂ. સાધુ-સાધ્વીજીઓએ અચિત્તરજ ઉકાવાળી કાઉસ્સગ્ગ કરવા, સુદ ૧૩ ગુરૂ, ભ. શ્રી મહાવીરપ્રભુનું જન્મ કલ્યાણક તથા શ્રી વીશ વિદ્યમાન જિનનાં કેવલજ્ઞાન કલ્યા[illegible], સુદ ૧૪ શુક્ર, પૂ. આ. ભ. શ્રી દેવેન્દ્રસૂ. મ. ની સ્વર્ગતિથિ, વદ ૩ શુક્ર, પૂ. આ. ભ. શ્રી કનકપ્રભસૂ. મ. ની સ્વર્ગતિથિ. વદ ૧૦ સોમ, વ. ૧૦ની આજે આરાધના.

શ્રી વીર સંવત ૨૫૨૮ * વિક્રમ સંવત ૨૦૫૮ * સને ૨૦૦૧-૨૦૦૨

વૈશાખ-૨૯			જ્યેષ્ઠ-૩૦			અષાઢ-૨૯			શ્રાવણ-૩૦			ભાદ્રપદ-૨૯			આશ્વિન-૨૯		
તિ.	વા.	તા.	તિ.	વા.	તા.	તિ.	વા.	તા.	તિ.	વા.	તા.	તિ.	વા.	તા.	તિ.	વા.	તા.
સુ.૧	૨	૧૩	સુ.૧	મં	૧૧	સુ.૧	ગુ	૧૧	સુ.૧	શુ	૯	સુ.૨	૨	૮	સુ.૧	સો	૭
૨	૩	૧૪	૨	બુ	૧૨	૨	શુ	૧૨	૨	શ	૧૦	૩	સો	૯	૨/૩	મં	૮
૩	૪	૧૫	૩	ગુ	૧૩	૩	શ	૧૩	૩	૨	૧૧	૪	મં	૧૦	૪	બુ	૯
૪	૫	૧૬	૪	શુ	૧૪	૪/૫	૨	૧૪	૪	સો	૧૨	૫	બુ	૧૧	૫	ગુ	૧૦
૫	૬	૧૭	૫	શ	૧૫	૬	સો	૧૫	૫	મં	૧૩	૬	ગુ	૧૨	૬	શુ	૧૧
૬	૭	૧૮	૬	૨	૧૬	૭	મં	૧૬	૬/૭	બુ	૧૪	૭	શુ	૧૩	૭	શ	૧૨
૭	૨	૧૯	૭	સો	૧૭	૮	બુ	૧૭	૮	ગુ	૧૫	૮	શ	૧૪	૮	૨	૧૩
૮	૨	૨૦	૮	મં	૧૮	૯	ગુ	૧૮	૯	શુ	૧૬	૯	૨	૧૫	૯	સો	૧૪
૯	મ	૨૧	૯	બુ	૧૯	૧૦	શુ	૧૯	૧૦	શ	૧૭	૧૦	સો	૧૬	૧૦	મં	૧૫
૧૦/૧૧	ગુ	૨૨	૧૦	ગુ	૨૦	૧૧	શ	૨૦	૧૧	૨	૧૮	૧૧	મં	૧૭	૧૧	બુ	૧૬
૧૨	ગુ	૨૩	૧૧	શુ	૨૧	૧૨	૨	૨૧	૧૨	સો	૧૯	૧૨	બુ	૧૮	૧૨	ગુ	૧૭
૧૩	શુ	૨૪	૧૨/૧૩	શ	૨૨	૧૩	સો	૨૨	૧૩	મં	૨૦	૧૩	ગુ	૧૯	X૧૩	શુ	૧૮
૧૪	શ	૨૫	૧૪	૨	૨૩	૧૪	મં	૨૩	૧૪	બુ	૨૧	૧૪	શુ	૨૦	૧૩	શ	૧૯
૧૫	૨	૨૬	૧૫	સો	૨૪	૧૫	બુ	૨૪	૧૫	ગુ	૨૨	૧૫	શ	૨૧	૧૪	૨	૨૦
															૧૫	સો	૨૧
૧.૫	સ	૨૭	૧.૧	મં	૨૫	૧.૧	ગુ	૨૫	૧.૧	શુ	૨૩	૧.૧	૨	૨૨	૧૫	મં	૨૨
૨	મં	૨૮	૨	બુ	૨૬	૨	શુ	૨૬	X૨	શ	૨૪	૨	સો	૨૩	૨	બુ	૨૩
૩	બુ	૨૯	૩	ગુ	૨૭	૩	શ	૨૭	૨	૨	૨૫	૩	મં	૨૪	૩	ગુ	૨૪
૪	ગુ	૩૦	૪	શુ	૨૮	૪	૨	૨૮	૩	સો	૨૬	૪	બુ	૨૫	૪	શુ	૨૫
૫	શુ	૩૧	૫	શ	૨૯	૫	સો	૨૯	૪	મં	૨૭	X૫	ગુ	૨૬	૫	શ	૨૬
૬	શ	J.૧	X૬	૨	૩૦	૬	મં	૩૦	૫	બુ	૨૮	૫	શુ	૨૭	૬	૨	૨૭
૭	૨	૨	૬	સો	Jul.૧	૭	બુ	૩૧	૬	ગુ	૨૯	૬	શ	૨૮	૭	સો	૨૮
૮	સો	૩	૭	મં	૨	૮	ગુ	A.૧	૭	શુ	૩૦	૭	૨	૨૯	૮	મં	૨૯
૯	મં	૪	૮	બુ	૩	X૯	શુ	૨	૮	શ	૩૧	૮	સો	૩૦	૯	બુ	૩૦
૧૦	બુ	૫	૯	ગુ	૪	૯	શ	૩	૯	૨	S.૧	૯	મં	O.૧	૧૦	ગુ	૩૧
૧૧	ગુ	૬	૧૦	શુ	૫	૧૦	૨	૪	૧૦	સો	૨	૧૦	બુ	૨	૧૧	શુ	N.૧
૧૨	શુ	૭	૧૧	શ	૬	૧૧	સો	૫	૧૧	મં	૩	૧૧/૧૨	ગુ	૩	૧૨	શ	૨
૧૩	શ	૮	૧૨	૨	૭	૧૨/૧૩	મં	૬	૧૨	બુ	૪	૧૩	શુ	૪	૧૩/૧૪	૨	૩
૧૪	૨	૯	૧૩	સો	૮	૧૪	બુ	૭	૧૩	ગુ	૫	૧૪	શ	૫	૦))	સો	૪
૦))	સો	૧૦	૧૪	મં	૯	૦))	ગુ	૮	૧૪	શુ	૬	૦))	૨	૬			
			૦))	બુ	૧૦				૧૫	શ	૭						
સુદ ૧૦ ક્ષય			સુદ ૧૩ ક્ષય વદ ૬ બે			સુદ ૫ ક્ષય વદ ૯ બે વદ ૧૩ ક્ષય			સુદ ૭ ક્ષય વદ ૨ બે			સુદ ૧ ક્ષય વદ ૫ બે વદ ૧૨ ક્ષય			સુદ ૩ ક્ષય સુદ ૧૩ બે વદ ૧૪ ક્ષય		
મે-જૂન			જૂન-જુલાઇ			જુલાઇ-ઓ.			ઓગ-સપ્ટે.			સપ્ટે.-ઓકટો.			ઓકટો.-નવે.		

વૈશાખ : સુદ ૨ મંગળ , રોહિણી, સુ. ૩ બુધ અક્ષયતૃતીયા, વર્ષીતપ પારણાં દિન, સુદ ૧૦ + ૧૧ બુધ, ભ. શ્રી મહાવીર પ્રભુ કેવલજ્ઞાન કલ્યાણક, (સુ. ૧૦ નું), શાસન સ્થાપના દિન, (સુ. ૧૧ ના), પૂ. આ. ભ. શ્રી મનોહર સૂ. મ. ની. સ્વ. તિથિ (સુ. ૧૧ નો) વદ ૧૧ ગુરૂ પૂ. આ. ભ. શ્રી પ્રેમ સૂ. મ. ની સ્વર્ગતિથિ વ.૦)) ૨ જ રોહિણી.

જ્યેષ્ઠ : સુદ ૨ બુધ, પૂ. આ. ભ. શ્રી ભુવન, તિલક સૂ. મ.ની સ્વર્ગતિથિ. સુ. ૮ મંગળ, પૂ. આ. ભ. શ્રી વિજયાનંદ સૂ. મ. ની તથા પૂ. આ. ભ. શ્રી ભદ્ર સૂ. મ.ની સ્વર્ગતિથિ, સુદ ૧૧, શુક્ર, પૂ. આ. ભ. શ્રી સોમચંદ્ર સૂ. મ. ની સ્વર્ગતિથિ સુ. ૧૨-૧૩ શનિ, આર્દ્રા બેઠા, સવારે ૬૦ ઘ. ૮-૫૬ મિનિટે (ફિલ્ડયાત્રા). વ.૪.૨૬, પૂ. આ. ભ. શ્રી શાંતિભદ્ર સૂ. મ. ની સ્વર્ગતિથિ, વ. ૧૩ સોમ રોહિણી.

આષાઢ: સુ. ૬, સોમ ભ. શ્રી મહાવીરપ્રભુનું જન્મ કલ્યાણક, સુ. ૭, મંગળ, ચોમાસી અઠ્ઠાઈ પ્રારંભ, સુ. ૧૪, મંગળ, ચોમાસી પર્વ, વદ ૪ રવિ, દોઢ મહિનાનું ઘર, વદ ૬ મંગળ, પૂ. શ્રી જિતવિજયજી દાદાની સ્વર્ગતિથિ, વ. ૧૦ રવિ રોહિણી. વ. ૧૪ બુધ પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. ની ૧૧ મી સ્વર્ગારોહણ તિથિ.

શ્રાવણ : સુ. ૪ સોમ, મહિનાનું ઘર, પૂ. આ. ભ. શ્રી વિબુધપ્રભ સૂ. મ. ની સ્વર્ગતિથિ, સુદ ૬ મંગળ, પૂ. આ. ભ. શ્રી લબ્ધિ સૂ. મ. ની સ્વર્ગતિથિ, વદ ૪ મંગળ, પંદરનું ઘર, પૂ. આ. ભ. શ્રી કનક સૂ. મ. ની સ્વર્ગતિથિ, વદ ૪ મંગળ, પંદરનું ઘર, પૂ. આ. ભ. શ્રી કનક સૂ. મ. ની સ્વર્ગતિથિ, વદ ૫ બુધ, પૂ. આ. ભ. શ્રી રાજતિલક સૂ. મ. ની સ્વર્ગતિથિ. વદ ૮ શનિ, રોહિણી, વદ ૧૧ મંગળ, અઠ્ઠાઈ ઘર, પર્યુષણા મહાપર્વ પ્રારંભ, વદ ૧૪ શુક્ર, કલ્પઘર, કલ્પસૂત્ર વાંચન વદ ૦)) + ભા. સુ. ૧, શનિ શ્રી મહાવીર પ્રભુનું જન્મ વાંચન.

ભાદ્રપદ : સુદ ૨ રવિ, તેલાધર, સુદ ૪ મંગળ, શ્રી સંવત્સરી મહાપર્વ, સુ. ૮, શનિ, શ્રી જ્ઞાનપંચમી વંદન, વદ ૬ શનિ, રોહિણી, વદ ૧૪ શનિ, પૂ. આ. ભ. શ્રી સિદ્ધિ સૂ. મ. ની સ્વર્ગતિથિ.

આશ્વિન : સુ. ૧ સોમ, પૂ. આ. ભ. શ્રી મેઘ સૂ. મ. ની સ્વર્ગતિથિ સુ. ૮ રવિ, શ્રી નવપદ આયંબિલ ઓળી પ્રારંભ, પૂ. પં. શ્રી મણિવિજયજી દાદાની સ્વર્ગતિથિ, વદ ૪ શુક્ર રોહિણી, વદ ૦)) સોમ, દિવાળી પર્વ, ભ. શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણ કલ્યાણક, પાછલી રાતે નિર્વાણના દેવવંદન (છઠ્ઠ વદ ૧૩-૧૪ ચૌદશ તથા ૦)) સોમનો કરવો.) પ્રભાતે શ્રી ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનના દેવવંદન.

ખુદા તો શહેનશાહનોય શહેનશાહ

ઔરંગઝેબની વર્ષોની ચાકરીને ઠોકર મારીને દિવાન બલીરામ ફકીર થઈ ગયા

મોગલ સમ્રાટ ઔરંગઝેબની જાહોજલાલીનો સમય હતો. શહેનશાહે પોતાના બધા વિરોધીઓને નષ્ટ કર્યા હતા એના બધા ભાઈઓ રાજદ્વારી ક્ષેત્ર છોડી ગયા હતા. પોતાના પિતા શાહજહાંને એણે આગ્રાના લાલ કિલ્લામાં કેદ કરી પૂરી દીધા હતા. પોતાનું શાસન નિષ્કંટક અને સુદ્રઢ બને એ માટે એણે આ બધું કર્યું હતું. પોતાની અગાઉના બાદશાહોના નિયત મૂલ્યો, નીતિઓ ને સિદ્ધાંતો એણે બાજુ પર મૂકી દીધા હતા. મહાન અકબરથી માંડીને શાહજહાં સુધીના શહેનશાહોએ દેશમાં રહેલ હિન્દુઓનું મહત્વ સમજીને રાજપૂતો સાથે લગ્ન સંબંધ બાંધ્યાં હતા તથા એ રાજાઓને સૈન્યમાં મહત્ત્વના હોદ્દાઓ આપ્યા હતા. વિદ્વાન બ્રાહ્મણોની વિદ્વત્તાનીય કદર થતી હતી. વેપારી વર્ગ ને ખેડૂતોને સમુચિત સગવડ અપાતી હતી ત્યારે રૈયત તો બાદશાહોને ઈશ્વરના પ્રતિનિધિરૂપ સમજતી હતી. એને બાદશાહ હિન્દુ કે મુસલમાન હોય તેની સાથે કોઈ નિસ્બત નહોતી.

લાલ કિલ્લામાં 'દર્શન - ડેલી - દરવાજો' બનાવાયો હતો. એ સ્થળે આમજનતા સવારના બાદશાહના દર્શન માટે ભેગી થતી. એ વખતે બાદશાહ ઝરૂખામાં આવી દર્શન દેતા અને તેમને જોઈ લોકો તેમનો જયજયકાર કરીને પોતાના રોજિંદા ધંધારોજગારમાં મશગૂલ થઈ જતા. એમની ત્યારે માન્યતા હતી કે બાદશાહના દર્શન કર્યા પછી કરેલા રોજિંદા કામકાજમાં સફળતા મળતી હોય છે. આ જાતની પરંપરા તે અગાઉના હિન્દુ રાજ્ય અમલના સમયથી ચાલી આવતી હતી ને મૌલવીઓના વિરોધ છતાં ઉદાર વિચારના મુસલમાન બાદશાહોએ તે ચાલુ રાખી હતી, કેમ કે તેઓ માનતા હતા કે એનાથી લોકોનો બાદશાહ પ્રત્યેનો આદરભાવ જારી રહે છે ને વળી જનતાના દુઃખ દર્દથી બાદશાહો વાકેફ રહી શકે છે.

ઔરંગઝેબે આ પ્રથાને ઈસ્લામવિરોધી ગણાવી બંધ કરી દીધી. મુસ્લિમવિરોધી નિયમનો દૂર કર્યા ને હિંદુઓ પર જજિયા વેરો નાખ્યો. આ ઉપરાંત કેટલાય બીજા લોકવિરોધી હુકમો જારી કર્યા. એનાથી બહુમતી લોકોને આઘાત લાગ્યો. આમ કરવા છતાં એણે ફોજના રાજપૂત રાજાઓને સેનાપતિ તરીકે ચાલુ રાખ્યા. વળી ખજાનાનો હિસાબ - કિતાબ રાખવા માટે હિન્દુ વડા અને મીર - હાકેમને પરંપરા મુજબ ચાલુ રાખ્યા. ઔરંગઝેબના દીવાન અને શિરસ્તેદાર તરીકે બલીરામ નામનો હિન્દુ હતો.

કયારેક ઔરંગઝેબની મહત્ત્વકાંક્ષા પાગલપણાની ઘેલછા જેવી બની જતી. એક વાર ધૂન સવાર થતા જેઠ મહિનાની ભરબપોરની ગરમીમાં તેણે ઉઘાડા મેદાનમાં તંબુ - ચંદરવો તાણીને દરબાર ભર્યો ને પોતાના દિવાન - શિરસ્તેદારને બોલાવી મંગાવ્યો. બલીરામ હજૂર સમક્ષ હાજર થઈ ઊભો રહી લાંબા સમય સુધી ઝુક ઝુકીને સલામ કરતો રહ્યો. પણ બાદશાહ ઔરંગઝેબે રાજદ્વારી કાગળપત્રના અભ્યાસમાં ધ્યાન પરોવીને એની તરફ જરાય ધ્યાન ન આપ્યું. આ રીતે સતત અઢી કલાક સુધી બલીરામ બિચારો ઊભો રહી ગરમીમાં તપતો રહ્યો ને બાદશાહના હુકમની રાહ જોતો રહ્યો, પણ આકરી ગરમીની અધિકતા તેનાથી સહન ન થઈ શકી. તરસથી તેનું ગળું સૂકાઈ ગયું અને જાણે નજર સમક્ષ મૃત્યું નાચવા લાગ્યું. તેને ગુલામીની અપમાનિત દશાનો અનુભવ થવા લાગ્યો. એટલે તેણે મનોમન કોઈ નિર્ણય જાણે કરી લીધો હોય તેમ બાદશાહને સલામ કરીને તે ઘર તરફ પાછો ફર્યો. બાદશાહની અવગણનાથી તેને ઘણો આઘાત લાગ્યો. તેને થયું - ''ભલે પોતે શહેનશાહનો શિરસ્તેદાર - દીવાન છે. રૈયતમાં તેનો માનમરતબોને રૂઆબ છે, રહેવા માટે મહેલ છે, ભારે

પગાર છે, ધન - દોલત પણ ભરપૂર છે. - પણ બાદશાહ સમક્ષ એનું શું ગજું હતું. અઢી કલાક આકરી ગરમીમાં ઊભો રહ્યા છતાં તેની સલામ સુદ્ધાં ન કબૂલી. આમ વિચારી તેણે બાદશાહની નોકરી ન કરવાનો નિર્ણય કરી લીધો, પણ બીજી ક્ષણે તેને બાદશાહના કોપનો ખ્યાલ આવ્યો. દિલ્હી પાકો નિર્ણય કરી લીધો અને પોતાની ધનદોલત એણે ગરીબોમાં લૂંટાવવા માડી. પોતાનું સઘળું ધન તેણે ગરીબોને અસહાય, નિરાધાર લોકોમાં લૂંટાવી લીધું. એની ખબર ફેલાતા દિલ્હીમાં ખળભળાટ મચી ગયો.

અમીર, ઉમરાવ અને દરબારીઓ જે કોઈ આ વાત સાંભળતા તેઓ સ્તબ્ધ થઈ અચરજ પામતા. આમ એ ખબર તો જંગલની આગની જેમ સમગ્ર શહેરમાં પ્રસરી ગઈ બલીરામ પાગલ થઈ ગયો છે. દરબારીઓ દોડી દોડીને તેની પાસે જવા લાગ્યા ને જોયું કે બલીરામ ધન બેરહેમ લૂંટાવી રહ્યો છે. બધા એને સમજાવવા લાગ્યા, પણ એની કોઈ અસર ન થવા પામી, મોડી રાત સુધી એણે સઘળું ધન લૂંટાવી દીધું ને છેવટે લંગોટીભેર રહી તે જમનાના તટે જઈ. વડના ઝાડ નીચે આસન જમાવી ને ઈશ્વરના ધ્યાનમાં તલ્લીન થઈને બેઠો એટલે તેનું મન અપાર શાંતિ અનુભવવા લાગ્યું - જાણે મન પરથી અઢળક ચિંતાનો બોજો ઊતરી ગયો. બચપણમાં એણે વાચેલ ફારસીનો શેર એને હવે સમજાવા લાગ્યો.

જેનો ભાવાર્થ હતો ત્રીસ વર્ષો સુધી સતત સુદીર્ઘ સેવા - નોકરીની મહેનત પછી એને લાગ્યું એક પળ ખુદાના સાન્નિધ્યમાં રહેવું એ સલ્તનતની સેવામાં દીર્ઘ સમય સુધી રહેવા કરતા બહેતર છે.

પછીના બીજે દીવસે ઔરંગઝેબ દરબારમાં આવ્યો ત્યારે એને ખ્યાલ આવ્યો કે એણે આગલે દિવસે બલીરામને બોલાવ્યો હતો, પણ આજે પણ તે ગેરહાજર છે. એના ભવાં ચઢી ગયાં. શિરસ્તેદારની ગેરહાજરીને હુકમની નાફરમાનીનું કારણ એણે જાણવા માગ્યું. આખો દરબાર બલીરામની ઘટનાની જાણ કરવા તત્પર હતો. એક વજીરે ઝુકીને સલામ કરતાં જણાવ્યું :

''બાદશાહ સલામત, આપના હુકમ મુજબ બલીરામ આપની સમક્ષ હાજર થયો હતો. આપના હુકમની રાહ જોતો જોતો સલામ પર સલામ કરતો રહી તે લાંબો વખત આપની રૂબરૂ ખડો રહ્યો હતો, પણ કેમ જાણે શા કારણથી આપ હજૂરનું એના તરફ ધ્યાન જ ન ગયું. અઢી કલાક સુધી આકરી ગરમીમાં હેરાન થવાથી તેના મગજનું ઠેકાણું ન રહ્યું ને દરબારમાંથી પાછા ફર્યા પછી એણે પોતાની સઘળી માલમિલકત ગરીબો ને નિરાધારોમાં વહેંચી દઈ માત્ર લંગોટીભેર રહી તે જમનાના તટે એકાંતમાં આસન જમાવી બેઠો છે. આખા શહેરમાં તેના પાગલ થઈ ગયાની ખબર ફેલાઈને ચર્ચાઈ રહી છે. આ સાંભળી ઔરંગઝેબ સ્તબ્ધ થઈ ગયો. તેનામાં રહેલી માનવીય સંવેદના ઊભરાઈ આવી. એને લાગ્યું કે એણે બલીરામ સાથે આવું વર્તન કરવું જોઈતું નહોતું. એ ઘણો જૂનો વફાદાર સેવક હતો, એનો હિસાબ - કિતાબ હંમેશા બરાબર ને ભૂલ વગરનો જોવા મળતો હતો. ખજાનાનીય તે તત્પરતાને સાવધાનીથી ચોકસાઈ રાખતો હતો. એની વફાદારીભરી સેવાની હજુય બહુ જરૂર છે. આ વિચારીને એણે દરબારીઓને કહ્યું : સાંજે જ્યારે સૂરજ આથમશે ત્યારે ખુદ અમે એને બોલાવવા જઈશું. શાહી તબીબ અમારી સાથે રહેશે ને જો ખરેખર તે પાગલ થઈ ગયો હશે તો તેનો ઈલાજ કરવામાં આવશે.

સૂર્યાસ્ત થઈ ગયો. એટલે શાહી સવારી નીકળી. બાદશાહ ઔરંગઝેબ હાથી પર સવાર થયા. સાથે એક પાલખી પણ લેવામાં આવી, રાજવૈદ્ય પણ સાથે હતા. શાહી સવારી જ્યારે જમુનાના તટ પાસે પહોંચી ત્યારે સોહમણી મોસમ વ્યાપી હતી. ઠંડી હવાની લહેરો વઈ રહી હતી. બાદશાહ હાથી પરથી ઊતરી ગયા ને એમણે ઠંડી રેતાળ જમીન પર પગપાળા ચાલતા બલીરામને મળવા જવાની ઈચ્છા દર્શાવી. એ રીતે બાદશાહ, રાજવૈદ્ય તથા અન્ય દરબારીઓનો કાફલો જે વડના ઝાડ નીચે બલીરામ ધ્યાનમગ્ન થઈ બેઠો હતો ત્યાં આવીને પહોંચ્યો. બલીરામના શરીર પર કેવળ લંગોટી જ હતી. બાદશાહનું હૃદય જોઈને દ્રવિત થઈ ગયું. એમને થયું કાં

તો એ ખરેખર પાગલ થઈ ગયો છે, કે કાં તો પોતાની અવગણનાથી નારાજ ને ખિન્ન થયો છે.

બાદશાહે બલીરામને સંબોધીને કહ્યું: ''બલીરામ, તમારો ઈલાજ કરવા માટે શાહી હકીમને સાથે લઈ આવ્યો છું. અને સાથે ખાલી પાલખી પણ લાવ્યો છું. જો કોઈ રોગ લાગુ પડયો હોય તો ઉત્તમમાં ઉત્તમ ઈલાજ - દવા કરાવીશ. ચાલો પાલખીમાં સવાર થઈ જાવ. જો તમે મારાથી નારાજ થયા હો તો હું તમને કહું છું. કે તમને દીકરાની જેમ ચાહું છું. જો કોઈ ખાસ વાત - ફરીયાદ હોય તો જણાવો, એનીય વ્યવસ્થા કરીશ.''

બાદશાહને આમ પગપાળા ચાલીને પોતાની પાસે આવેલા જોઈ બલીરામે કહ્યું:

''હું જ્યારે તમારી સેવા - ચાકરીમાં હતો ત્યારે આઠ કલાક આકરા તડકાની ગરમીમાં ઊભો રહ્યો. તે વખતે દ્રષ્ટિ ઊંચી કરીને તમે મારા તરફ જરાય નજર ન કરી. હવે જ્યારે પરમાત્માની સેવામાં મેં એક દિવસ પસાર કર્યો ત્યારે તું પગપાળા ચાલીને મારી પાસે આવ્યો છે. હવે કહે કે તારી સેવામાં આટલાં વર્ષો ગુજાર્યા પછી તારી અપમાનિત અવગણના સિવાય મને શું મળ્યું ? ને ખુદાની સેવાધ્યાનમાં એક જ દિવસ હજુ પસાર થયો છે ત્યાં તો એક શહેનશાહ મારી સમક્ષ સેવામાં હાજર થઈ ગયો છે. હવે તું જ કહે કે કોની સેવાચાકરી કરવી મારે માટે ફાયદાકારક છે.''

આ સાંભળીને બાદશાહ ઔરંગઝેબ તરત પાછા ચાલ્યા ગયા ત્યાર બાદ ત્યાં બલીરામ નામનો એક ફકીર પ્રખ્યાત થવા પામ્યો. એણે ''દિવાન બલીરામ'' નામનું પુસ્તક લખ્યું છે.

સૌજન્ય : મુંબઈ સમાચાર

● ● ●

આજે જ વસાવો શ્રાવકજીવન ઉપયોગી મહાનગ્રંથ.

શ્રાદ્ધવિધિ પ્રકરણ

પૂર્વાચાર્ય રચયિતા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નશેખર સૂરીશ્વરજી મહારાજા

સંપાદક

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય સોમસુંદર સૂરીશ્વરજી મહારાજા

શ્રાદ્ધવિધિ એટલે શ્રાવક ધર્મની દીવાદાંડી
શ્રાદ્ધવિધિ એટલે જૈનકુલના લોકોત્તર ધર્મનું કેન્દ્ર
શ્રાદ્ધવિધિ એટલે સાચા શ્રાવકનો સુંદર માર્ગ
શ્રાદ્ધવિધિ એટલે જૈન તરીકે જીવન જીવવાની અપૂર્વ કલા
શ્રાદ્ધવિધિ એટલે શ્રાવકના કર્તવ્યનો માર્ગ

પ. પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો તેમજ જ્ઞાનભંડાર માટે ફ્રી માં મંગાવી શકાશે પત્ર દ્વારા નીચેના એડ્રેસે લખો

તૃતીય - આવૃતિ

કિંમત રૂા. ૪૦ ૪ સા

શ્રાવક શ્રાવિકા માટે રકમથી મંગાવી શકાશે.

સ્થળ : રસિકભાઈ કોઠારી ને મળે C/o. આ. ભ. શાંતિચન્દ્રસૂરિ જૈન જ્ઞાન મંદિર
સર્વોદય નગરના નાકે, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૧.

સમકિતના સડસઠ બોલની વિચારણા

હપ્તો - ૪

- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

છ જયણા :-

અન્યતીર્થી એટલે અન્ય ધર્મીને, અન્ય ધર્મીના દેવને તથા અન્ય ધર્મીએ લીધેલા સુદેવને હું વંદન કરું નહિ, નમન કરું નહિ. કુતીર્થીએ પહેલા બોલાવ્યા વગર તેઓને બોલાવું નહિ કે બોલું નહિ તથા તેમને અશન કે આહાર આપું નહિ તેમજ ગંધ - પુષ્પ વગેરે મોકલું નહિ.

અન્યધર્મી પરિવ્રાજક, ભિક્ષુક, તાપસ, સંન્યાસી, બૌદ્ધ વગેરે લોકોને કે તેમના સાધુઓને પણ, શંકર, વિષ્ણુ, બ્રહ્મા આદિ અન્યધર્મી દેવોને, તથા તેઓએ ગ્રહણ કરી પોતાની પાસે કે પોત-પોતાના મંદિરમાં મૂકેલી કે બધા પોતાના દેવોની સાથે રાખેલી શ્રી જિન પ્રતિમા ને હાથ જોડવા રૂપ, મસ્તક નમાવવા રૂપ વંદન કરું નહિ, પ્રણામ પૂર્વક મધુર ધ્વનિથી ગુણગાન કરવા રૂપ નમસ્કાર પણ કરું નહિ, આમ કરવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય અને તેમના મતનું સ્થિરીકરણ થાય. સામાન્ય લોક પણ માને કે આવા સારા ધર્માત્મા ગણાતા આ વંદન, નમસ્કાર કરે છે માટે આ પણ સારા, માનવો. ॥૧. ૨.॥

અન્ય ધર્મીઓએ પહેલા બોલાવ્યા વગર તેમની સાથે વારંવાર બોલવા રૂપ આલાપન કરું નહિ અને વારંવાર બોલવા રૂપ સંલાપન પણ કરું નહિ. તેમની સાથે આ રીતના બોલવાદિના કારણે તેમનો પરિચય વધે, તેમના ક્રિયાકાંડ જોવા, સાંભળવાથી કદાચ મિથ્યાત્વનો ઉદય થાય અને તેમનો મત ગમી જાય તો સ્વીકાર પણ લે. આત્મગુણોના રક્ષણ માટે આ વાત છે કારણ જીવ અનાદિથી સુખનો જ અર્થી - રાગી અને દુઃખનો દ્વેષી છે તેથી ધર્મીની છાપ પણ મળે અને બધી મોજમજા ચાલુ રહે. ઉપવાસ પણ ગણાય અને ફળાહાર પણ કરાય તો તે ધર્મ કોને ન ગમે ? સામી વ્યક્તિની નિંદા નથી પણ પ્રાપ્ત ગુણથી પડી ન જવાય તેની આ સાવચેતી છે. બાકી કોઈ અધર્મ ન પામે, પોતાના ધર્મ ન નિંદાય તે રીતે કયારે ઔચિત્ય આદિના કારણે બોલવું - બોલાવવું પડે તે વાત અલગ છે. વિવેકપૂર્વક અવસરોચિત કરી લેવું. આ રીતે આલાપ અને સંલાપથી બચવું. ॥૩.૪.॥

અન્યધર્મીઓને પાત્રબુદ્ધિથી ભક્તિ - બહુમાન-ગૌરવપૂર્વક ઈષ્ટ અનુકૂળ આહારાદિને આપું નહિ. વારંવાર આપવું તે અનુપ્રદાન કહેવાય અને વારંવાર આપવું તે દાન કહેવાય. આમ કરવાથી બીજાઓને પણ તેમના પર બહુમાનાદિ થવાથી તેઓ પણ મિથ્યાત્વને પામે. અત્રે એ ખાસ યાદ રાખવું કે શ્રી જિનશાસનમાં અન્ય ધર્મીઓને ભક્તિથી આહારાદિનું દાન કરવાનો નિષેધ છે પણ અનુકંપાથી નહિ. તેઓ અનુકંપનીય લાગે તો તેઓને પણ દાન વિવેકથી આપવું, કેમ કે કહ્યું છે કે- ''દુર્જય એવા રાગ - દ્વેષ મોહને જીતનારા શ્રી જિનેશ્વર દેવોએ જીવોની દયા માટે દાનનો કયાંય પણ નિષેધ કર્યો નથી. ॥૫॥

અન્ય ધર્મીઓના કબજામાં રહેલ એવી શ્રી જિનપ્રતિમાની પૂજા આદિ માટે ગંધ, ફૂલ વગેરે મોકલીશ નહિ કે તેમનો વિનય, વૈયાવચ્ચ, યાત્રા-સ્નાત્ર આદિ કાંઈ કરીશ નહિ કે તેમને વંદન, નમસ્કાર પણ કરીશ નહિ. લોકોને મિથ્યાત્વમાં જતા બચાવવા આ વાત છે. સારી પણ ચીજ-વસ્તુ ખરાબની પાસે રહે તો તેની પણ નિંદા લોકમાં દેખાય છે. દારૂની દુકાનમાં બેસી દૂધ પણ પીએ તો શું થાય ? દેવાળિયો આખો દિવસ શાહુકારની દુકાનમાં બેસે તો તેની પણ શાખ ભાંગે, લોકોનો વિશ્વાસ પણ ગુમાવે. ॥૬॥

આ રીતે અન્યધર્મી વગેરેને વંદન - નમન - આલાપન - સંલાપન - આહારાદિનું દાન કે તેમને ગ્રહણ કરેલ શ્રી જિનપ્રતિમાના પૂજન માટેની સામગ્રી આપવા રૂપ આ છ યતના વડે યતના કરતો જીવ સમ્યક્ત્વથી પતિત થતો નથી પણ વિવેકપૂર્વક અવસરોચિત યતના પાલનથી સમ્યક્ત્વને દીપાવે છે અને વ્યવહારને વિશુદ્ધ કરે છે.

છ આગાર :-

જે આત્માઓ મક્કમ મનોબળવાળા અને સત્ત્વિકતાના સ્વામી છે તેઓ લાલચમાં લોભાતા નથી કે ભયથી ગભરાતા નથી. બન્ને પ્રસંગોમાં સ્થિરતા અને ધીરતા રાખી વીરતાથી તેનો સામનો કરે છે. જ્યારે જેઓ તેવા સ્વભાવના નથી, અલ્પ સત્ત્વવાળા અને નિર્બળ છે તેઓને કારણ વિશેષે ઈચ્છે કે મન ન હોવા છતાં પણ પરાધીનતાદિથી જે પ્રવૃત્તિ કે ક્રિયા કરવી પડે તે અભિયોગ કે આગાર કહેવાય છે. આગાર એટલે વ્રતભંગ નથી પણ વ્રત-નિયમાદિનું રક્ષણ છે. આગાર એટલે છૂટછાટ એવો અર્થ નથી કે 'મારે જે છૂટછાટ લેવી તે લેઉં' પણ આગાર એટલે કારણ વિશેષે નિરૂપાયે કરવી પડતી પ્રવૃત્તિ છતાં પણ વ્રતનું રક્ષણ. આજે આગારનો છૂટછાટ અર્થ અભિપ્રેત કરવાથી આપણા વ્રત - નિયમ કેવા કંથા જેવા અને સાવ જ પોલા થઈ ગયા છે તે સૌના અનુભવમાં છે.

શાસ્ત્રીય અર્થને અભિપ્રેત કરવાથી વ્રત - નિયમ જળવાય છે, વ્રત પાલનમાં દ્રઢતા અને મેરૂ સમ નિષ્કંપતા પેદા થાય છે અને વ્રતાદિથી કે શુદ્ધ ધર્મમાર્ગથી ક્યારે પણ ચલાયમાન થવાતું નથી, ખુદ પરીક્ષા કરવા આવેલા ઈન્દ્રાદિ દેવો થાકી - હારી જાય પણ આ આત્મા ચલિત ન થાય તે ન જ થાય આવા છ આગારો કહેવામાં આવેલા છે.

(૧) રાજાભિયોગ :- રાજાના દબાણ આદિના કારણે કરવી પડતી જે પ્રવૃત્તિ તે રાજાભિયોગ.

(૨) ગણાભિયોગ :- ગણ એટલે સ્નેહી - સંબંધી - સ્વજન - સગાવહાલાઓનો જે સમુહ, તેમના દબાણાદિના કારણે નિરૂપાયે કરવી પડતી જે પ્રવૃત્તિ તે ગણાભિયોગ. લોકનું ટોળું પણ આમાં સમાય.

(૩) બલાભિયોગ :- ચોર આદિ બળવાન પુરૂષ હઠથી કે બળાત્કારે જે કાંઈ કરાવે તે બલાભિયોગ કહેવાય.

(૪) સુરાભિયોગ :- કુલદેવી, ક્ષેત્રપાલદેવતા આદિના કારણે સત્ત્વહીનતાથી નિરૂપાયે જે કાંઈ કરવું પડે તે સુરાભિયોગ કહેવાય.

(૫) કાંતારવૃત્તિ અભિયોગ :- કાંતાર એટલે જંગલ તેમાં જે વૃત્તિ એટલે નિર્વાહ કરવો તે કાંતાર વૃત્તિ કહેવાય. અર્થાત્ દુષ્કાલ આદિના યોગે આજીવિકા - જીવન નિર્વાહમાં મુશ્કેલી પડે, તકલીફ ઊભી થાય તેવા અવસરે અન્ય આચાર સેવવા પડે, મિથ્યાદ્રષ્ટિઓને પણ રાજી રાખવા પડે તેમનું કહ્યું કરવું પડે તે બધું કાંતારવૃત્તિ અભિયોગ કહેવાય. તેનો આશય માત્ર પ્રાણોને ટકાવી રાખી વિશેષ ધર્મની આરાધનાનો હોય છે.


(૬) ગુરુ નિગ્રહ :- માતા - પિતા આદિ ગુરૂવર્ગમાં આવે. કહ્યું પણ છે કે- માતા - પિતા, કલાચાર્ય, એમની જ્ઞાતિઓ, કુલના વૃદ્ધો, દુનિયામાં આજીવિકાના માર્ગે જેમને ચઢાવ્યો - આગળ વધાર્યો - ટેકો આપ્યો અને ધર્મદેશક ધર્મદાતા - ગુરૂવર્ગ કહેવાય છે. આ ગુરૂવર્ગનો જે નિગ્રહ એટલે આગ્રહ તે ગુરૂ નિગ્રહ. તેના કારણે જે કરવું પડે તે આમાં આવે.

સમ્યગ્દ્રષ્ટિ આત્મા પરધર્મી આદિને વંદનાદિ કરતો નથી પણ કારણ વિશેષે રાજા આદિના કારણે ભક્તિ - બહુમાન વિના પણ દ્રવ્યથી વંદના દે કરે તો તેમાં સમ્યક્ત્વને અતિચાર લાગતો નથી કે ભંગ પણ થતો નથી. દુનિયામાં પણ કહેવાય કે પહાડની રેખા - તિરાડ પૂરાય નહિ અને પાણીની રેખા તો તરત જ પૂરાઈ જાય. હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા પાછા જાય નહિ અને કાચબાની ડોક. માટે જે સત્ત્વશાલી જીવો છે તેઓ સ્વીકારેલ વ્રત - નિયમ - પ્રતિજ્ઞાનું પ્રાણના ભોગે પાલન કરે છે જ્યારે જેમનામાં તેવા પ્રકારનું સત્ત્વ નથી તેમને આવા અભિયોગના કારણે અન્ય આચાર સેવવા પડે તો પણ પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી.

ક્રમશ :



મહાસતી - સુલસા



લેખાંક - ૬ ઠ્ઠો

- પૂ. મુનિશ્રી હિતવર્ધન વિજયજી મ.

પ્રિયે !

સંબંધની બંધનરૂપતાને હું ક્યાં નથી જાણતો ? છતાં મારું મન પુત્રની પ્રાપ્તિ માટે તરફડી રહ્યું છે. પુત્ર-પ્રાપ્તિના ઉપાયોને જ હું દિન - રાત - વિચાર્યા કરું છું.

- મને ભોજન નિઃસ્વાદ લાગે છે.
- જીવન શૂન્ય મનસ્ક લાગે છે.
- સંસાર નિરસ લાગે છે.
- ઘર સ્મશાન જેવું ભાસે છે.

દેવી ! ચંદ્રમા વિના રાત ન શોભે અને પરમપ્રકાશી સૂર્ય વિના દિવસ ન શોભે, તેમ સન્તતિ વિનાનો સંસાર પણ શોભાસ્પદ નથી બનતો. શું તું એ નથી જાણતી ? કે એકાદા પણ વિચક્ષણ, દક્ષ, વિનયી અને હોનહાર પુત્ર દ્વારા વ્યક્તિની ૭૨ - ૭૨ પેઢીઓ નામાંકિત બની જાય છે ! વંશાવલી ઉજ્જ્વળ બની જાય છે ! કીર્તિ વિસ્તાર પામે છે !

ગગનને જેમ સૂર્ય અને ચંદ્ર પ્રકાશિત કરે, તેમ જીવનને પુત્ર પ્રકાશિત કરે. આટલું બોલતાં બોલતાં નાગસારથિના કપાળે પરસેવાના ઝાકળબિન્દુઓ બાઝી જાય છે. સુંદરના સ્વચ્છ વસ્ત્ર દ્વારા કપાળ, ગાલ અને કંઠને લૂંછી નાંખી નાગસારથિ પુનઃ સ્વસ્થ બન્યાં. તેમણે પોતાનો વાણી પ્રવાહ આગળ ધપાવ્યો.

ભાગ્યશાલિનિ ! ચંદનકાષ્ઠને સ્પર્શીને આવેલો વાયુ જેમ પૂરા ઉદ્યાનમાં માધુરીની અને સુરભિની ચાદર બિછાવતો જાય, તેમ એકાદપણ ગુણવાન, કુશળ તથા ભાગ્યશાળી પુત્ર દ્વારા મનુષ્યનો વંશ સમુદ્ર પર્યન્તની ભૂમિ પર પ્રતિષ્ઠાને પામે છે.

સગર ચક્રવર્તી, બીજા ચક્રવર્તી થયા. ૬-ખંડ ભારતભૂમિના અખંડ ભોક્તા સગરચક્રીની કીર્તિ પણ તેના ૬૦,૦૦૦ પુત્રોના કારણે યાવચ્ચન્દ્ર - દિવાકરૌ બની ગઈ. અષ્ટાપદજીની સુરક્ષા માટે અગ્નિસ્નાન કરનારા તે પુત્રોએજ સગરચક્રીનું નામાંકન ઈતિહાસના પટ પર વજ્રની શાહીથી કરી દીધું. શું નથી જાણતી એ ?

- હાથી જેમ મદજલથી શોભે.
- સરોવર જેમ મઘમઘતા કમળોથી શોભે.
- સરિતા જેમ રાજહંસના યુગલથી શોભે.
- સમાજ જેમ પીઢ અને પરિપક્વ પંડિતોથી શોભે.
- પૂર્ણિમા જેમ પૂર્ણ ચન્દ્રથી શોભે.
- સન્નારી જેમ વિશુદ્ધ શીયળથી શોભે.
- અશ્વ જેમ ઝડપી ચાલથી શોભે.
- હાથ જેમ દાનની પ્રક્રિયાથી શોભે.
- કવિતા જેમ અલંકારો અને ઉપમાઓથી શોભે.
- મનુષ્ય જન્મ જેમ ધર્મના આરાધનથી શોભે.
- ઉદ્યાનો જેમ વસંતઋતુમાં શોભે.

પ્રિયે ! સંસાર તેમ સન્તાનની પ્રાપ્તિથી શોભે. પુત્ર વિનાનો સંસાર શૂન્ય છે.

સારથિએ આટલું ઉચ્ચારીને ક્ષણ - બેક્ષણનો વિરામ લીધો. પોતાના વામ હસ્ત દ્વારા કેશ કલાપને ઠીક કર્યો. જમણા હાથ દ્વારા પોતાની મૂછના વાળને ઠીક કર્યા. એક ખોંખારો ખાઈને સ્વરપેટી પર ઘસી આવેલાં કફના પટલને દૂર કર્યો. ફરીથી સંલાપની શરૂઆત કરી.

કાંતા ! તને ખબર છે ને ? કે અપુત્રીયાની સંપત્તિ રાજા હડપ કરી લે છે. યાવજ્જીવ સુધી પરસેવો રેડીને જે ગૃહલક્ષ્મીને સજાવી હોય, વેપાર લક્ષ્મીને વિસ્તારી હોય, તે કાચી પળમાં ઝુંટવાઈ જાય છે. જો પુત્ર ન હોય તો. સંપત્તિનું, કીર્તિનું, વંશનું અને નામનું રક્ષણ કરનારો પણ પુત્ર જ નથી શું ?

દેવી ! જે ઘરે બાળકો નથી હોતા, તે ઘરે સ્વજનોનું આવાગમન પણ ઘટી જાય છે. મહેમાનો પણ

સંકોચ અનુભવે છે. સંપ પણ ટકતો નથી. ગૃહસ્થાશ્રમની સિદ્ધિ છે; પુત્રની પ્રાપ્તિ. દાંપત્યની વેલ પર ખીલેલું પુષ્પ છે; પુત્રની પ્રાપ્તિ.

સુલસા અનિમેષ નયને આર્યપુત્રને સાંભળી રહી હતી. પરસ્પરની દ્રષ્ટિમાં દ્રષ્ટિપરોવીને સંલાપ કરતાં નાગ સારથિનો વાક્પ્રવાહ જ્યાં અટક્યાં ત્યાં સતી સુલસાના અધરો અભિભાષણ માટે લાલાયિત બન્યાં. મહાસતીના ચહેરા પર અખંડ ગાંભીર્ય ફેલાયેલું હતું.

પતિદેવની વીતક સાંભળીને, તેમની મનોવેદનાને વાંચીને આ મહાસતી એક એવા નિર્ણય પર આવી પહોંચી, કે જે નિર્ણયમાં તેણે જાતના - અમન - ચેનનું બલિદાન આપવું પડે. પોતાના અસ્તિત્વના સૌષ્ઠવને જતું કરવું પડે.

હા ! આવા કઠોર પથપર વિહરવા માટે જ આ સતી - મા સજૂજ થઈ ગઈ.

સારથિની મનોવેદનાથી સુલસા રગેરગ માહિતગાર હતી. સારથિના સ્વભાવથી પણ તે એક ધર્મપત્નીના નાતે સુપરિચિત હતી. તે કેવળ જીવન સંગિનીની જ ન હતી; તે સારથિના જીવનનું અભેદ્ય કવચ પણ હતી. સારથિના જીવનવનમાં ધર્મનું પાણી રેડવાનું કાર્ય તેણે સુપેરે અદા કર્યું તું. તે વર્ષોથી જાણતી તી, કે પતિદેવ પુત્રના અભાવથી પીડાઈ રહ્યાં છે. વ્યથિત બન્યાં છે. ચિન્તાતુર રહે છે. પતિના ચિત્તની આવી દાઝખને દૂર કરવા એણે વખતો વખતના પ્રયત્ન પણ કરેલાં. પતિદેવનું મન સદાય પ્રસન્ન રહે, પુત્રની પ્રાપ્તિની આગ જેવી અભિલાષા દૂર હટી જાય, એ માટે એણે હિતશિક્ષાના / ધર્મના અમૃત પણ સીંચી જોયા. અફસોસ ! મહાસતીના બધાય પ્રયત્નો વિફળ પૂરવાર થયા. નાગસારથિના મનની પુત્ર લાલસા કેમેય શાંત નહતી પડતી.

પતિદેવને ચિત્તસમાધિ આપવાની બધીય ચેષ્ટા જ્યારે વ્યર્થ બની ગઈ ત્યારે મહાસતી સુલસાએ એક આખરી નિર્ણય કરી લીધો. તેણે જણાવ્યું :

श्रुत्वेति मत्वा पतिमानसं सा गुणैर्विशाला सुलसा बभाषे
तन्नाथ काञ्चित्परिणीय बालां धन्यां भज त्वं कृतकृत्यभावम् ॥२/३०॥

હે દેવ ! હું આપને પ્રાર્થના કરું છું કે આપ અન્ય કોઈ ગુણવંતી / લક્ષણવંતી કુળવાન બાળા સાથે પાણિ ગ્રહણ કરો. એના સંયોગે પુત્ર પ્રાપ્તિની આપની અભિલાષાને પૂર્ણ કરો. અન્યકન્યા દ્વારા પિતૃપદ મેળવીને કૃતકૃત્ય બનો...

હૃદયની કેવી પણ વિશાળતા ?

અન્તરની કેવી પણ અમીરી ?

સુલસા સાચ્ચે જ મહાસતી હતી. ગુણવંતી હતી. પતિના પગલે પગલું ભરે એને સતી કહેવાય. જ્યારે પતિના ઈશારા ખાતર જે ન્યોચ્છાવર બનવા તત્પર રહે, તેને મહાસતી લેખાય. સુલસા આવી જ એ મહાસતી હતી.

પતિના ચિત્તને શાંતિ બક્ષવા તેણે કેવું ભવ્ય બલિદાન આપ્યું ? પોતાના જીવનની આઝાદીને એણે નકારી નાંખી પોતાની ભોગસુખની સ્વતંત્રતાને એણે વહેંચી આપી પોતાની સુખાકારિતાના સામ્રાજ્યને એણે સામે ચાલીને બે ટુકડામાં વહેંચવાની વાત કરી

ભવ્ય બલિદાન !

અદ્ભુત દાક્ષિણ્ય !

કાયાને કુરબાન કરવી હજીય સહેલ છે પણ સ્વતંત્રતાને કુરબાન કરવી ઘણીજ કઠિન છે. અંગને કુરબાન કરનારા ઘણા મળશે, પણ પોતાના અધિકારને કુરબાન કરનારા ભાગ્યેજ જોવા મળશે. સુલસાએ પોતાના અધિકારની કુરબાની પતિદેવના ચરણે ધરી દીધી. પોતાની એકચક્રતાનું તર્પણ પતિદેવના કરકમળોમાં મૂકયું.

સબૂર ! જે મનુષ્યને સુલસા જેવી મહાસતી અર્ધાંગના તરીકે સાંપડી હોય, એ મનુષ્ય પણ કેવો હોય ? ગુણોની ગરિમાથી સમૃદ્ધ બનેલો. સિદ્ધ તો ખાતર ઝઝુમનારો. જીવનશુદ્ધિ ખાતર ફના થનારો અને પૂર્ણસંતોષી સ્વદારામાં સંતોષ માનનારો.

બસ ! નાગ સારથિ પણ આવા જ એક ભરથાર હતા. મહાસતી સુલસાએ જ્યાં અધિકારની કુરબાની

આપવાની વાત છેડી ત્યાં જ તેમણે વચ્ચે મધ્યસ્થી કરી. મહાસતીનં અન્યલગ્નની વાતને નકારી કાઢી.

નાગ સારથિએ ઉચ્ચાર્યું: પ્રિયે ! તું શું બોલી રહી છે. .વી ! યાદ રાખજે, કે કદાચ કોઈ સમ્રાટ્ પોતાની પદ્મિની જેવી, અપ્સરા જેવી કે રંભા જેવી રૂપ રૂપના અંબ.ર જેવી, લસલસતી કાયા ધરાવતી રાજકન્યા આપવા તૈયાર થઈ જાય, કન્યા સાથે પોતાનું સંપૂર્ણ સામ્રાજ્ય પણ ભેટ ધરી દે, તોય તે સ્વીકારવા હું તૈયાર નથી.

મે .પથ લીધાં છે : સુલસા સીવાયની નારીને મનથી પ. ઝંખવી નહિ. દેવી ! ખીરનો મઘમઘતો સ્વાદ ચાખ્યા પછી કાંજી ચાંટવાનું શેં મન થાય ? કાંતા ! પુત્ર મળશે તો તારાથી જ. પુત્ર પ્રાપ્તિ માટે હું અભિલષું છું, એ વાત સાચી પણ પુત્ર મેળવવા અન્ય લગ્ન તો કદાપિ નહિ કરું. તારા દ્વારા પુત્ર પ્રાપ્તિ થતી હોય તોજ મને સ્વીકાર્ય બનશે...

નાગ સારથિએ રણટંકાર કર્યો.

જીવનશુદ્ધિનો અને એક પત્નીત્વના સિદ્ધાન્તનો રણકાર સારથિના કંઠમાંથી પ્રસરી રહ્યો તો. તેને સાંભળીને મહાસતી સુલસા પણ પ્રસન્ન બની.

દેવી સુલસા હવે વિચારવા લાગી : પતિ જો એક પત્નીત્વના વ્રતમાં આટલા બધા નેક છે અને પોતાના પુત્રના અભાવથી પીડાય રહ્યા છે, તો એક સતી - સન્નારી તરીકે પતિના ચિત્તની આવી અસમાધિને દૂર કરવાના ઉપાયો મારે વિચારવા જ રહ્યાં.

સુલસા, પુત્ર પ્રાપ્તિ કાજેના ઉપાયો વિચારવા માંડી...

શેં વિચાર્યા હશે ઉપાયો ? એ જાણવા આગતો અંક વાંચવો જ રહ્યો.

ક્રમશ:

卐 卐 卐

૧૯ મી પુણ્યતિથિ પ્રસંગે શણગારમાતાના શાસન શણગાર બન્યા રામગુરુના અણગાર શ્રી કનકચન્દ્રસૂરિ મહારાજ !

● જેમને મુનિપદ પ્રદાદાગુરુ શ્રી દાનસૂરિ મ. ના હસ્તે મળ્યું .મને મુનિ કનકવિજયજી બન્યા. (સં. ૧૯૮૩)

● જેમને પંન્યાસપદ દાદાગુરુ શ્રી પ્રેમસૂરિ મ. ના હસ્તે પ્રાપ્ત થયું અને પંન્યાસ કનકવિજયજી ગણિવર બન્યા (સં. ૨૦૦૧)

● જેમને આચાર્યપદ ગુરુવર્ય શ્રી રામચન્દ્રસૂરિ મ. ના હસ્તે અર્પણ થયું અને આચાર્ય કનકચંદ્રસૂરીશ્વરજી બન્યા (સં. ૨૦૨૯)

કે જેમને બાલદીક્ષા પહેલાં નંબરે સિદ્ધ કરી બતાવી.

કે .મને પ્રદાદાગુરુ - દાદાગુરુ અને ગુરુદેવના આગળ ચાલવામાં બાલમુનિ તરીકે મોખરાનું સ્થાન મળતું.

કે જેમને ૧૧ મા વર્ષમાં, રામગુરુના ૧૧ મા શિષ્યમાં અને વૈશાખની ૧૧ ના દીક્ષા થઈ.

કે જેમને ૧૧ ગણધરની શાસન સ્થાપના દિવસે દીક્ષા પ્રાપ્ત થઈ.

કે જેમને પ્રદાદાગુરુએ ૧૨ મા વર્ષે સુરતની પાટ પર પ્રવચન કરાવ્યું.

કે જેમને પ્રદાદાગુરુએ 'આરંભસિદ્ધિ' જેવા જૈન જ્યોતિષ ગ્રંથનું અધ્યયન કરાવ્યું.

કે જેમને દાદાગુરુએ કર્મશાસ્ત્રો - છેદગ્રન્થો વગેરે આગમોનાં રહસ્ય સમજાવ્યા.

કે જેમને ગુરુદેવશ્રીએ શાસન સેવાનો અને સિદ્ધાંતરક્ષાનો પરમાર્થ સમજાવ્યો.

ત્યારેજ સિંહ જેવું સત્ત્વ પામેલા પૂજ્યશ્રી નિર્ભીક હતા, નીડર હતા, સત્ય પ્રરૂપક હતા, સ્વની સાધનામાં અપ્રમત્ત, શાસનની સેવામાં તત્પર અને સિદ્ધાંતની રક્ષામાં પ્રતિપાલ જાગૃત હતા.

કોટિ કોટિ વંદન સૂરિ દાન - પ્રેમ - રામચંદ્રના કૃપાપાત્ર પટ્ટધરને !

■ ■ ■

સમ્યગ્જ્ઞાનની સર્વ શ્રેષ્ઠતા

—લે. વર્ધમાન તપોનિધિ પૂ. આ. દે. શ્રી પ્રભાકર સૂરીશ્વર જી મહારાજ

જ્ઞાન એ આત્માનો સ્વભાવીક ગુણ છે. આત્મા એ પરમાત્મા સ્વરૂપે છે, અને પરમાત્માના જ્ઞાન ગુણની આશાતના એ વીતરાગના ગુણની આશાતના છે. સ્વ અને સર્વના અહિતનું કારણ બને છે.

ત્રિરંગી ધ્વજમાં રાષ્ટ્રની સ્થાપના છે. તેનું અપમાન તેની આશાતના તેને પગ નીચે કચડવો તે જેમ રાષ્ટ્રનું અપમાન છે. તેવી રીતે વીતરાગના ગુણને પગ નીચે કચડવો, સંડાસમાં લઈ જવો, કપડામાં અક્ષરો છાપી તેના ઉપર ધોકા મારવા, સૂતી વખતે પુસ્તકો-છાપા માથા નીચે રાખવા. આ બધી જ્ઞાનની આશાતના છે. પોતાના નાશ માટે પોતે છરી ઘસીને તૈયાર કરવા જેવું છે.

જ્ઞાન તો તેને કહેવાય જે જ્ઞાન દ્વારા આત્માની સ્વભાવતાનું જ્ઞાન થાય. પરમાત્મા પ્રત્યેના ભાવ પ્રગટે તેજ સાચું જ્ઞાન છે. બાકી બુદ્ધિનું અંધપાણું છે. આ વાત પતંજલી મહર્ષી અને ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કરે છે. મિથ્યાજ્ઞાન આત્માને ભૂલાવે. સમ્યગ્જ્ઞાન સદા જાગૃત રાખે.

તો પ્રશ્ન થાય છે કે અજ્ઞાન જ્ઞાન હોય ને અજ્ઞાન દુર્ગાના છે તે અજ્ઞાન છાયા છુપીની આશાતના તો ન ગણાય ને ?

જેમ કોઈ વસ્તુનો વ્યક્તિનો રાગ ન કરાય તેમ દ્વેષ પણ ન કરાય. તેવી રીતે જ્ઞાનની આશાતના પછી તે સમ્યગ્જ્ઞાન હોય કે મિથ્યાજ્ઞાન જ આશાતના કે તેના ઉપર કષાય ન કરી શકાય. જડ ઉપરનો કે કષાય જીવ ઉપર કયારે કષાય કરાવે તે ન કહી શકાય. સૂક્ષ્મબુધ્ધિ વગર બધું ન સમજાય.

કેમ કે સમ્યગ્જ્ઞાનની જે લીપી છે જે અક્ષર છે તે મિથ્યાજ્ઞાનના અક્ષર છે. ફટાકડા નાના મોટા હોંશે હોંશે ફોડે છે ? કેવા કર્મ બંધાતા હશે.

સારી વસ્તુને કોઈ ખરાબ રીતે ઉપયોગ કરે તેથી સારી વસ્તુ ખરાબ થઈ શકતી નથી. તેવી રીતે જે જ્ઞાન પરમાત્મા ભાવ પ્રાપ્ત કરાવે તે જ્ઞાન જો કોઈ અજ્ઞાનમાં ઉપયોગ કરે તેથી તેની અનાદેયતા થઈ શકતી નથી. કોઈ સંબંધ ઉપકારીને કોઈ કારણસર સારા માટે ઓપરેશન કરીને પીડા કરે તેથી આપણે તેને પીડા કરીએ તો શું વાંધો ? એવો પ્રશ્ન અજ્ઞાન છાયાની આશાતના કરવાથી પાપ ન લાગે તેના જેવો છે.

એંઠા મોંઢે બોલવાથી જ્ઞાનની ભયંકર આશાતના છે. શબ્દો એંઠા મોંઢે બોલવાથી જીભ ક્યારે અચકાઈ જાય તે ન કહેવાય. લુંછણીયા ઉપર અગર રસ્તામાં ચાલતી વખતે લખાણ આવે ત્યારે તેના ઉપર પગ મુકીને ચાલવાથી ક્યારે લુલા પાણું મળે છે. કપડાં આદિમાં જ્ઞાન અક્ષર વાળા તથા પ્રાણીના ચિત્રોવાળા કપડા પહેરવાથી પેટની બીમારી આદિ શરીરના રોગો થાય છે. એમાં શું વાંધો એ તો બધું એમ જ ચાલે ? આ જમાનામાં ક્યાં ધ્યાન રાખીએ ? આવું બોલનારાને એવા ભવો મળે છે જ્યાં જીભ જ ન પણ મળતી. પશુના ભવમાં કદાચ જીભ મળે તો બોલવાની શક્તિ મળતી નથી. માનવભવમાં પણ જન્મથી અંત સુધી મુંગો બોબડા પાણું મળી શકે છે. કદાચ બોલવાની શક્તિ મળી હોય તો શબ્દોના ઉચ્ચાર પણ ન કરી શકે. પુસ્તક આદિ જ્ઞાનના સાધનો પછાડવાથી ઠુઠાપાણું મળે છે. જ્ઞાનને બાળવાથી આંધળાપાણું આદિ મળે છે. જુઠું બોલવાથી પણ જ્ઞાનની આશાતના થાય છે. બોલવાની શક્તિનો સદુપયોગ અનેક જીવોને ધર્મમાર્ગે જોડવામાં થઈ શકે છે. દેવ-ગુરુ ધર્મના ગુણગાન ગાવામાં થઈ શકે છે. તેનાથી વિપરિત ઉપયોગ કર્મ બંધનું કારણ બની શકે છે. બળેલી વસ્તુમાં ખાવા ખાવા આદિ વસ્તુનો ઉપયોગ ન કરાય. તેવી રીતે ગુરુના કપડા આસન ઉપર પણ પગ ન મૂકાય. તેમ જ્ઞાનનું પ્રતિક જ્ઞાન

ઉપર અશાતના કરવાથી પાપ બંધાય. તે વાત શંકા વિનાની છે. જ્ઞાનની મૂર્તિ જ્ઞાનની લીપી છે.

મોંઢે નું થુંક કાગળ ઉપર લગાડાય નહિ. નોટોની થપ્પીઓ ગણતાં થુંક લગાડાય નહિ. ખીસામાં કાગળ, હાથમાં ધરિયાળ, વિગેરે લઈ જઈ ઝાડો - પેશાબ જવાય છે. બધા કરે છે એટલે એ પાપ નથી તેવું માનવું તે આંખ અને હૈયાનો અંધાપો સુચવે છે. પોતાની ભૂલ ને સુધારવાનું મન થાય તો ધીરે ધીરે ફેરફાર થઈ શકે. પણ જેને ભુલ કે પાપ પાપ તરિકે લાગે જ નહિ તેનો કદી ઉધ્ધાર થાય નહિ.

એક ભાઈ હતા. ખોટા રસ્તે ચઢી ગયા. સામે આવનાર ભાઈએ પૂછ્યું. ભાઈ તમારે ક્યાં જવું છે ? પેલો કહે તમારે શું કામ છે ? પેલા ભાઈએ કહ્યું તમે જે રસ્તે આગળ વધી રહ્યા છો તે રસ્તા ઉપર આગળ ભયંકર ખિણ આવે છે પ્રાણ જશે. પેલો કહે એમાં તમારે શું ? હું મરીશ. તમે વચ્ચે શું કામ આવો છો ?

બસ મનમાં પાપ પ્રત્યે ભુલ પ્રત્યે પેદા થઈ ગયેલી રૂચિ જીવને નુકશાનના માર્ગેથી પાછા વળવા દેતી નથી. એવા જીવો માટે આ પ્રયત્ન નથી. પરંતુ જેઓ સરળ છે - પાપનો ભય છે, સાંભળવાની, સુધરવાની તૈયારી છે, ખોટું થાય છે તેનું દુ:ખ છે. તેમના માટે આ પુરુષાર્થ છે. મહેનત છે.

દિવસે દિવસે જ્ઞાનની અજ્ઞાનતાના વધતી જાય છે. તેમાં વડિલે સમજદાર બને તો ઘણો ફરક પડે. જેઓ મોટી મિલો ચલાવે, રેડી મેઈડ કપડાની મોટી ફેકટરીઓ ચલાવે છે તેમને પણ સમજાવી ફેરફાર કરાવી શકાય. જૈન કુળોને જે જ્ઞાનનો મહિમાનો વારસો મલ્યો તેમને તો જાગૃત થવું જોઈએ. જૈન કુળના દિપકો - બાળકો જ્યારે મોટા ચિત્રવાળા કપડા - મોટા અક્ષરોવાળા કપડાં પહેરીને ફરતાં થઈ રહ્યા છે ત્યારે આ બાબતમાં ખુબ જ જાગૃતિ લાવવાની જરૂર છે.

કપડાં ઉપર, દવાઓ ઉપર, કાગળની થેલીઓ ઉપર, દવાઓ ઉપર; પેંડા, પીપરમેન્ટ, બિસ્કુટ દરેક ઉપર અક્ષરો લખાય છે. આવી વસ્તુનો ઉપયોગ ટાળવા પ્રયત્ન કરવો. તેવી કંપનીવાળાને સમજાવી શકાય. ખોટા રંગના - પેકિંગના - કાગળના ખર્ચ વધી પ્રજાના માથે લાગે છે. ખોટી મોંઘવારી વધે છે. સમય અને માનવશક્તિ વેડફાઈ છે.

અગાઉના સમયમાં તો એવા જાગૃત આત્માઓ હતા કે પુસ્તક જરા નીચે પડી જાય કે તરત તેને પાટલી ઉપર ગોઠવી પાંચ - ખમાસમણા આપી ભુલ થવા બદલ દુ:ખ વ્યક્ત કરતા. એમ. સી. વાળા બેનો છાપા વાંચે, સ્કુલ - કોલેજમાં ભણવા જાય, નોકરી કરવા જાય આ બધું સુધારો માંગે છે. આ ખોટો પ્રવાહ ક્યાં જઈને મુકી આવશે ?

મન વડે જ્ઞાનની વિરાધના થાય છે તે કેવી રીતે ? મન દ્વારા જ્ઞાનની આશાતના કરવાના મનોરથ કરે. મન દ્વારા જ્ઞાનની ફેકડી ઉડાડે. તેઓને બીજા ભવમાં જ્ઞાનનું શુન્યાવકાશ મળે છે. એટલે તેનું મન સ્થિર રહેતું નથી. વિવેક વગરનું બને છે. અશાંતિની આગમાં બળ્યા કરે.

જ્ઞાનની આશાતના કરવાથી ભવાંતરમાં પુત્ર - પરિવાર પત્ની પૈસો - પદવી કે પ્રતિષ્ઠા વિટંબણા પેદા કરે તેવાં મળે છે. દેવ - ગુરુ, ધર્મની સામગ્રી પ્રાપ્ત થતી નથી. મળે તો તેમાં મન પરોવવાનું સુઝતું નથી. ભુંડની જેમ ગંદા ચોપાનીયા અને ચિત્રો જોવાનું મન થાય છે. તાસીર હોય તે તાસીર પ્રમાણે મહેનત કરવી જોઈએ. સમ્યગ્ જ્ઞાન આપવાથી માનવી બુદ્ધિવંત બને છે. લોખંડનો પુલ બને તો અનેક ગામોને સહાયક બને છે. પણ તે લોખંડ પડયું રહેતો કાટ ખાઈ નાશ પામી જાય છે. જેની પાસે જે કાંઈ સમ્યગ્જ્ઞાનની મુડી હોય તેને બીજા યોગ્ય જીવોમાં વિનિયોગ કરવી જોઈએ, વહેંચવી જોઈએ, આપવી જોઈએ.

જ્ઞાન ભાવથી પરમાત્મા ભાવની અનુભૂતિ થાય છે. અજ્ઞાનતાથી પશુતાનો વિકાસ થાય છે. વિકાર થાય છે. સુસંસ્કારો, સુટેવો, સદ્બુદ્ધિ, નિર્મળ સમ્યક્ત્વ, સદ્ગતિ, સમાધિ, સદ્ગતિ, સિદ્ધગતિ સમ્યગ્જ્ઞાનના પ્રભાવે સુલભ બને છે.

સમ્યગ્ જ્ઞાનની રક્ષા કરનાર તેની ઉંચા ભાવપૂર્વક

આરાધના કરનાર કરાવનાર તીર્થંકર ગોત્ર બાંધી શકે છે. વીશ સ્થાનક પદમાં જ્ઞાન માટે બે પદ મુક્યા છે. બીજા બધાના એક પદ મુક્યા છે. જ્ઞાન અને અભિનવજ્ઞાન આમ વિશ સ્થાનકમાં જ્ઞાનના બે પદ મુક્યા છે. એ સાબીત કરી આપે છે કે સમ્યગ્જ્ઞાન જેવી સર્વશ્રેષ્ઠ વસ્તુ વિશ્વમાં બીજી કોઈ નથી.

જ્ઞાન પોતે ઉત્પન્ન કરેલું હોય છતાં પોતે ગમે તેમ ઉપયોગ કરે તો દોષ લાગે ? એ કેવી રીતે ?

તમારો છોકરો કે છોકરી તમે ગમે તેમ ઉપયોગ કરો તો તેનો દંડ થાય કે નહીં ? અને વધુ દુર ઉપયોગ કરો તો ફાંસીની સજા થાય છે. તે તમે જાણો છો કે નહીં ? તેમ પુન્ય તમે ઉદા કર્યું તેનો ગમે તેમ ઉપયોગ કરો તો એ તમારો ગુન્હો છે. પોતાની મહેનતે ઉત્પન્ન થયું. પોતાનાં પુણ્યથી જે ઉત્પન્ન થયું હોય તેનો દુરઉપયોગ કરે તો સજા થાય છે. પોતાનાથી જે ઉત્પન્ન થયું તે તેનું ફરજંદ થઈ ગયું. તેની વૃદ્ધિ કેમ થાય તે જોવાની તેની ફરજ છે. પરંતુ તે કરમાઈ જાય તેવું કરે તો તેનો તે સાચો બાપ નથી. સાચા માતા પિતા તો તેજ વિચારે કે મારા કુટુંબમાં આવેલા કોઈની પાગ દુર્ગતિ ન થાય. એટલે તો કહેવાતું કે 'જેને ઘેર દીક્ષા નહિ તે ઘર વાંઝિયું'.

સરસ્વતી પરમપવિત્ર માતા છે. તેનું જ્ઞાન એ પવિત્ર ગણાય છે. જેમ આચાર્ય ભગવંતનો કપડો, આસન, પાટ આદિ બધું પવિત્ર ગણાય તેમ સરસ્વતીમાતાનું જ્ઞાન એ પવિત્ર ગણાય. તેથી અસત્ય બોલવું, ગાળો બોલવી, નીંદા કરવી કોઈના ઉપર ખોટા દોષ દેવા સ્વ અને પરનું અહિત થાય તેવા ગીત - ગાન ગાવા, ક્રોધથી આક્રોસ કરવો આ બધી સરસ્વતી માતાની આશાતના છે.

બહું ઉંડો વિચાર કરો. ભુતકાળના ઉંડાણમાં ચાલ્યા જાવ. ઉંડું મનોમંથન કરો. દુનિયામાં ક્યાંય ન જડે તેવા આચાર વિચાર ઉચ્ચ જ્ઞાનાભ્યાસ - સંસ્કારો આ દેશમાં હતા. બાલ્ય વયથી એવા સંસ્કારોની સુવાસથી બાળકોને ઘડાતા કે તે પાકટ વયે ઓજ - તેજ અને ખુમારી ભર્યા જીવન દ્વારા અનેકોનો સહારો બનતો. જ્ઞાનના આચારો જે બતાવવામાં આવ્યા છે તેમાં અકાળે અધ્યયનની મનાઈ છે. જ્ઞાન વિધિપૂર્વક લેવાની વિધિ છે.

હિન્દુસ્તાન સર્વ રીતે સમૃધ્ધ હતો. તેનું બુદ્ધિ કૌશલ અત્યંત ઉંચી કોટિનું હતું. હિન્દુસ્તાન સર્વ રીતે તંદુરસ્ત હતું. જે દેશે પોતાની સંસ્કૃતિ અને બુદ્ધિ કૌશલના પ્રભાવે સર્વે લોકમાં અજવાળા ફેલાવ્યા હતા. બંગાળમાં હજારો પાઠશાળાઓ હતી. મદ્રાસમાં જબરજસ્ત વિદ્યાલયો હતી. નાલંદા વિશ્વ વિદ્યાપીઠમાં ભાગવા માટે દુનિયાભરમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા. આ બધા ઉપર વિશ્વ ઉપર પોતાનું એક છત્ર સામ્રાજ્ય બિછાવી દેવાની મેકોલેની ચાલના અંગ્રેજોની બદચાલના આપણે સૌ ભોગ થઈ પડ્યા છીએ. લોર્ડ મેકોલે દ્વારા નંખાયેલા શિક્ષણના બીજ આજે સમગ્ર હિન્દુસ્તાનમાં બુદ્ધિના કેન્સર દ્વારા ફેલાઈ ગયું છે. જે શિક્ષણના ઝેર પીને વિદ્યાર્થી ધર્મભક્ત ન બની શકે તેવી ભયંકર સ્થિતીનું નિર્માણ થયું છે.

વૃધ્ધો પાસે જાણવા મલ્યું છે કે આપણે ત્યાં ૮ થી ૧૨ અને ૨ થી ૫ ભણાવાનો સમય હતો. તેથી દરેક જણ પોતાના ધર્મ અનુષ્ઠાનો વ્રત-નિયમ - પચ્ચક્ખાણ - ધર્મશ્રવણ - ધર્મક્રિયાઓ - ભક્તિ આદિ કરી શકતા હતા. પરંતુ છેલ્લાં દોઢસો વર્ષમાં અંગ્રેજી શિક્ષણે જે કાળો કેર વર્તાવ્યો છે અને આ ભયંકર ઝેરી સર્પને પ્રજાએ જે રીતે ગુલાબના હારની જેમ સ્વીકારી લીધો છે તેના ઝેરી ફળોની ગતિ રોકેટ વેગે વધી રહી છે. અને તેના બીજ એવા નંખાઈ ગયા છે કે ભલ ભલો હિંમત હારી જાય. નિરાશા - હતાશાને દફનાવી સત્ત્વશાળી આત્માઓએ સત્ત્વ ફોરવી આવા શિક્ષણથી છેડો ફાડી નાખવો તે ઉચિત લાગે છે. શું થશે ? તેની ફિકર કર્યા વગર આ ઝેરી બીજો અને પ્રવાહને નાનકડા પાયા વર્ગે ફગાવી દેવાની સાહસિકતા કેળવવી પડશે. કોઈપણ ફેરફાર માટે જરૂરી હિંમત - હોંશિયારી કોઈકે તો કરવી જ પડે.

આજે તો શિક્ષણનો બોજ એવો નાખી દેવાયો છે કે

બાળક સવારથી સાંજ સુધી તેમાં ગોધાઈ જાય છે. ચુંથાઈ જાય છે. ચુંથાઈ જાય છે. ચિમળાઈ જાય છે. ખોટા વધારાની ફી - ડોનેશનો જેની પાસે સંસ્કારનો છાંટો નથી. મર્યાદાની કુર મશ્કરી કરે તેવા ના હાથમાં જીવન સોંપવું એટલે ભયાનક જંગલમાં સિંહ અને વરુ પાસે બાળકને સોંપી દેવો. છતે મા બાપે - અનાથ બનાવવો.

આજે અકાળે ભાગુવાનું વધ્યું. આશાતના ખુબ વધી રહી છે. આ દેશમાં શિક્ષકો વિદ્યા વેચતા નહિ. ટ્યુશનો હતા નહિ. આજે તો વિદ્યાપીઠો એ વિદ્યાને પીઠ કરી દીધી છે. જેઓ ભણાવવાનું કામ કરતાં તેઓને દક્ષિણા અપાતી. જેથી ભણાવનાર અને ભણનારનું જ્ઞાન વધતુ અને બોધીબીજ નજીક બનાવતું હતું. કેમ કે નીસ્વાર્થ એ પણ માર્ગાનુસારીનો ગુણ છે.

જ્ઞાનના કાગળ ઉપર પેસાબ કે સંડાસ કરનાર રીબાઈ રીબાઈને મરે છે. આ ભયંકરમાં ભયંકર કોટિની આશાતના છે. આવી આશાતના કરનારને તાત્કાલિક ફળ મળ્યાના દાખલા છે વરદત્ત અને ગુણ મંજરીએ પુર્વભવમાં કાગળો બાળ્યા શું થયું ? શોધીને વાંચજો.

એક માસ્તર હતા. લગભગ ૪૨ સંસ્થાના તે પ્રમુખ હતા. તેઓને ખુબ અહમ્ હતું. મારા જેવો હુંશિયાર કોઈ નથી. આજે કાંઈ યાદ રહેતું નથી. પણ પશ્ચાતાપ કરે છે કે મેં બહુ ભુલ કરી. મારા અહંકારનું પરિણામ ભોગવ્યા કરું છું. માથું ચોવીસ કલાક દુખ્યા કરે છે. ગમે તેવા ઈન્જેકશન, ગોળી, ડોકટર કે સંપત્તિ આ દુઃખ દૂર કરી શકતા નથી. જ્ઞાન આવ્યા પછી વિનય - વિવેક - નમ્રતા - સદાચાર - સેવા - પરોપકાર વગેરે ગુણો વધવા જોઈએ. આંબા ઉપર ફળ આવે છે તે નમે છે. બધાને છાયો આપે છે. તેમ જ્ઞાન અને બળનો ઉપયોગ બીજાને ઠાર કરવા માટે નથી કરવાનો પણ ઠારવા માટે કરવાનો છે. નબળાને દબાવવા માટે નહિ પણ તેને શાંતવન આપવા માટે કરવાનો સરસ્વતી માતાની સાચી ભક્તિ ઉપાસના છે. જ્ઞાનની ભક્તિ છે. કલિકાલ સર્વજ્ઞ આ. ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યે નાની ઉંમરે દીક્ષા લઈ જ્ઞાનની એવી આરાધના કરી કે ૩૫ લાખ શ્લોક બનાવ્યા. સિદ્ધ હેમ વ્યાકરણ બનાવ્યું. રાજ્યસભામાં વાદ કરવા ગયા તો શ્રી જિનશાસનનાં વિજય પતાકા જયવંતી રાખી. કુમારપાળ મહારાજા જેવાને પ્રતિબોધ કરી જૈન શાસનના જબરજસ્ત કાર્યો કર્યા. તેમની જ્ઞાન ભક્તિ જોઈ સરસ્વતી દેવી સામે આવી પ્રત્યક્ષ થઈ હતી.

પાણિની વ્યાકરણકારને છેક કાશ્મીર સુધી જવું પડ્યું. અનેક તપની સાધના મળી હતી.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ એવી જ્ઞાનોપાસના કરી કે કાશ્મીરના બધા પંડિતોએ ભેગા થઈ ન્યાય વિશારદનું બિરુદ આપ્યું. એવા અદ્‌ભુત ગ્રંથોના સર્જન કર્યા કે થોડામાં ઘણું ભરી દીધું.

એક વાર તો વાદમાં એવી શરત કરી કે તેમને વાદમાં જ્યારે બોલવાનું થાય ત્યારે 'પ' વર્ગ એટલે કે પ, ફ, બ, ભ, મ, શબ્દનું ઉચ્ચારણ થવું ન જોઈએ. આ માટે નીચેના હોઠ ઉપર રંગ લગાવવામાં આવ્યો. જેથી કદાચ બોલાઈ જાય તો ખબર પડે, આ મહાપુરુષની જ્ઞાન શક્તિએ તેમાં પણ વિજય અપાવ્યો. એમના જીવનમાં બીજા અદ્‌ભુત કાર્યો ઘણાં થયા છે.

તેઓ કાશી જઈ અભ્યાસ કરીને પાછા આવ્યા. એકવાર કોઈ ગામની અંદર ગુરુ ભગવંત પાસે શ્રાવકોની સાથે પ્રતિક્રમણમાં હતા. શ્રાવકોએ કહ્યું આજે પૂ. યશોવિજયજી મહારાજને સજ્ઝાયનો આદેશ આપો. પૂ. યશોવિજયજી મ. સા. એ બીજો ઘણો અભ્યાસ કરેલો પરંતુ સજ્ઝાય કંઠસ્થ ન હતી. એટલે બોલી ન શકયા. શ્રાવકે ટોણો માર્યો તો શું કાશી જઈને ઘાંસ કાપી આવ્યાં ? ત્યારે તો કાંઈ ન બોલ્યા. પરંતુ બીજે દિવસે પોતે સજ્ઝાયનો આદેશ માંગ્યો. સજ્ઝાય બોલ્યા જ કરે બંધ થાય નહિ. શ્રાવકોએ અધવચ્ચે કહ્યું, 'હજી કેટલી લાંબી સજ્ઝાય છે' ? આ મહાપુરુષે મીઠો જવાબ આપ્યો 'હજી તો ઘાંસ કપાય છે પુળા બાંધવાની વાર છે.' આવી શક્તિ ક્યારે મળી ? ચોક્કસ પુર્વ ભવની સાધના અને આ ભવનો પ્રચંડ પુરુષાર્થ તેમાં કામ કરે છે.

આ સજ્ઝાય જે બનાવી તે સમ્યક્ત્વના ૬૭ બોલની હતી.

આવા તો એક નહિ પણ ઢગલાબંધ મહામુનિઓ - પૂજ્ય આચાર્ય ભગવંતો આ શાસનમાં થયા છે. જેઓએ પોતાનું આત્મ કલ્યાણ કર્યું છે. શાસનનાં મહાન કાર્યો કર્યા છે. અનેક આત્માઓને તપસ્વી - જ્ઞાની - જિનભક્ત - દાનવીર - ઉદાર - ગુણવાન બનાવ્યા છે. શ્રી જિનશાસન જયવંતુ રાખ્યું છે.

સમ્યગ્જ્ઞાન કિંમતી વસ્તુ છે જે અજ્ઞાનીને કેવળજ્ઞાની બનાવી શકે છે. અપૂર્ણને પૂર્ણ બનાવે છે. મામુલીને મહાન બનાવે છે. ભયંકર ક્રોધીને સમતાનો મહાસાગર બનાવે છે.

જીવનમાં ચાલતી જ્ઞાનની આશાતના દૂર કરવાની મહેનત કરનાર ભવિષ્યમાં શ્રી હેમચન્દ્રાચાર્ય કે શ્રી યશોવિજયજી મહારાજ જેવો બની શકે છે. એ ને મોક્ષના દ્વાર સુધી પહોંચી શકે છે. નાની નાની ભૂલો જીવનમાંથી દૂર કરવા પ્રયત્નશીલ બનીએ.

॥ नारलाई शत्रुंजय मंडन श्री आदिनाथाय नमः ॥ ॥ श्री प्रेमरामचंन्द्रसूरीश्वरेभ्यो नमः ॥

श्री नारलाई शत्रुंजय (राणकपुर पंचतीर्थी) मध्ये

परम पूज्य आचार्यदेव श्रीमद्विजयकमल रत्नसूरीश्वरजी म. सा. की शुभनिश्रा में सर्वप्रथम नवाणुं यात्रा के लिये संघ को सादर आमंत्रण.

शुभाशिष : प. पू. गच्छाधिपति आचार्यदेव श्रीमद् **विजयमहोदयसूरीश्वरजी म.,**
प. पू. मेवाडदेशोद्धारक आचार्यदेव श्रीमद् **विजयजितेन्द्रसूरीश्वरजी म.**

विशेष जयजिनेन्द्र के साथ लिखते हुए अत्यानंद हो रहा है कि प. पू. मेवाडदेशोद्धारक आचार्यदेव **श्री विजयजितेन्द्र सूरीश्वरजी म. सा.** के शिष्यरत्न के शिष्यरत्न प. पू. वर्धमानतपोनिधि आचार्यदेव श्रीमद् **विजय कमलरत्न सूरीश्वरजी म. सा.**, प. पू. आचार्यदेव श्रीमद्विजय **अजितरत्नसूरीश्वरजी म. सा., प. पू. दानरत्न विजयजी म.**, प. पू. **खान्तिरत्नविजयजी म.**, प. पू. **दीपकरत्नविजयजी म.** एवं प्रवर्तिनी साध्वीजी **खान्तिश्रीजी** की स्व. प. पू. सा. **किरणप्रज्ञाश्रीजी म.** की शिष्या प. पू. **हर्षितप्रज्ञाश्रीजी,** प. पू. **लक्षितप्रज्ञाश्रीजी** अपने विशाल परिवार की निश्रा - उपस्थिति यह नवाणुं यात्रा का हमारा मनोरथ सफल हो रहा है इसका हमे खूब आनंद है। **आपको सपरिवार इस नवाणुं यात्रा में पधारने का हार्दिक आमंत्रण है।**

नवाणु शुभारंभ : मगसर सुद २ दि. १६-१२-२००१, रविवार.
नवाणु मालारोपण : पोष सुद २ दि. १५-१-२००२, मंगलवार.

नारलाई शत्रुंजय के महिमा : नारलाई टेकरी के उपर श्रीआदीश्वर भगवान का मंदिर है यह मंदिर श्रीयशोभद्रसूरिजी गोरजी ने उठाकर विक्रम संवत १०१० में लाया हैं। एक टेकरी पर नारलाई गिरनार तीर्थ हैं। गांव में कुल ११ जिनमंदिर हैं। नारलाई गिरनार सहसावन सहित हैं। चढाव ज्यादा नहीं है। नारलाई शत्रुंजय राणकपुर तीर्थ से ४५ किलोमीटर हैं। दिल्ली - अहमदाबाद (वेस्टर्न रेल्वे), फालना से ४० कि. मी. है। बस आदिकी सुविधा है।

पत्र व्यवहार का पता :
संघवी परिवार, नारलाई (राजस्थान)
स्टेशन रानी, जिला : पाली मारवाड,

:: लिखी ::
संघवी परिवार, नारलाई का
सबहुमान, जयजिनेन्द्र वंचनाजी.

नोंध : पू. गुरुदेवश्री सपरिवार दीक्षा आदि शासनप्रभावना करते हुए महा सुद ४, दि. १६-१-२००२ को अहमदाबाद, साबरमती प्रतिष्ठा पर पहुंचने की संभावना है।

સમાચાર સાર

કોચીન : પૂ. મુનિપ્રવર શ્રી પ્રશાન્તરત્ન વિજયજી મ. સા. તથા મધુરભાષી મુનિશ્રી દર્શનરત્ન વિજયજી મ. સા. કોચ્ચિન નગરે ચાતુર્માસિ પધારવાથી સંઘમાં અપૂર્વ ઉલ્લાસ, ઉમંગ, છવાયેલો છે. માસક્ષમણ, શત્રુંજય તપ, મોક્ષદંડ તપ, નવકાર તપ, ૧૬ ઉપવાસ, તેમજ સામુહિક અઠ્ઠાઈઓ વિગેરે મોટી સંખ્યામાં થયાં, તપસ્યાની અનુમોદના માટે ભવ્યાતિભવ્ય દશાહ્નિકા મહોત્સવ સાનંદ સમ્પન્ન થયો. જૈન સેવા સમાજ દ્વારા બધાં તપસ્વીઓનું સામુહિક બહુમાન સોનાની ચેન, વીંટી તેમજ ઉપકરણો દ્વારા કરવામાં આવ્યું. તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રાનો લાભ, શ્રીમાન શાંતિલાલ સાકરચંદ શાહ મિઠાઈવાળાએ લીધો. શોભાયાત્રા બાદ સ્વામીવાત્સલ્ય શ્રી નરશી વીરજી પરિવાર રમેશભાઈ કાંધાવાળા તરફથી રાખવામાં આવેલ. શ્રી સંઘ દ્વારા અષ્ટાર અભિષેકના દિવસે શ્વે. મૂર્તિપૂજક તેમજ સ્થાનકવાસી સંઘનું સંયુક્ત સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ.

વિભિન્ન સંઘો અને ગુરુભક્તો કોચીન નગરે દર્શનાર્થે પધાર્યા હતા. શ્રી વર્ધમાન તપ આયંબિલ શાળાનો પ્રારંભ ઉલ્લાસપૂર્વ થયો. શંખેશ્વર પાર્શ્વનાથના અક્રમતપ ઉત્સાહથી થયા હતા.

સેલવાસ (વાપી) : અત્રે પૂ. ગણિવર્યશ્રી જ્યદર્શન વિજયજી મ. નાં નિશ્રામાં પૂ. મુ. શ્રી ચારિત્રરતિ વિજયજી મ. એ ૩૫ ઉપવાસની ઉગ્ર તપસ્યા કરી છે. વ. આસો સુદ ૪ ના પૂર્ણ થતા તેમના સંસારી પિતાશ્રી જયંતિલાલ મણિલાલ મહેતા (મલાડ) તરફથી બીજા આસો સુદ ૪ શનિવાર ના પૂ. ગુરુદેવોની પધરામણી મંગલ પ્રવચન, સ્વામીવાત્સલ્ય રખાડો તથા સાધર્મિક વાત્સલ્યનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો.

અમદાવાદ રંગ સાગર : વ. આ. સુ. ૧ ના પાંમોર્યાદ ગુણગાગ નિધિ, સમતાભંડાર સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મ. ની સ્વર્ગતિથિ નિમિત્તે વ્યાખ્યાનનાં પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિ. મ. ગુણાનુવાદ કરેલ. ત્યાર પછી ડોંબીવલી નિવાસી અ. સૌ. સરોજબેન હિતેશભાઈ મારૂ તરફથી સંઘપૂજન તથા પ્રભુજીને સુંદર અંગરચના રચાયેલ. ભાઈઓ - બેનોના પ્રતિક્રમાણમાં પાંગ ૧-૧ રૂા. પ્રભાવના કરાયેલ.

માલેગામ : અત્રે પૂ. મુ. શ્રી શાંતિભદ્રવિજયજી મ. પૂ. મુ. શ્રી યશકીર્તિવિજયજી મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય કનકચંદ્ર સૂરીશ્વરજી મ. ની ૧૯ મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી વ. આસો સુદ ૮ થી ૧૦ સુધી શાંતિસ્નાત્ર સિદ્ધચક્ર મહાપૂજન સહિત ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

હાડેચા (રાજ.) : અત્રે પૂ. આ. શ્રી વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વ. આસો સુદ વ. ૧૨ થી વદ ૧ સુધી પંચાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સિદ્ધચક્ર મહાપૂજન સહિત સારી રીતે ઉજવાયો તથા વ. આસો વદ ૨ શનિવારથી સોમવાર ૩ દિવસ વાંચના શ્રેણી યોજાઈ પૂ. પં. શ્રી યોગતિલક વિજયજી ગણિવર્યે વાંચના સારી રીતે આપી.

જામનગર : ઓસવાળ કોલોનીમાં પૂ. આ. શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં આસો માસની ઓળી શ્રી પ્રેમચંદ મેપાભાઈ ગોસરાણી (મોમ્બાસા) તરફથી કરાવાઈ નવ દિવસનો મહોત્સવ શ્રી શાંતિસ્નાત્ર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ સહિત ભવ્ય રીતે ઉજવાયો.

સેલવાસ ગ્રીન પાર્કમાં : ગ્રીન પૂ. ગણિવર્ય શ્રી જ્યદર્શન વિજયજી મ. ની નિશ્રામાં આદિનાથ ગૃહમંદિર પ્રવેશ તથા ચલપ્રતિષ્ઠા પ્રસંગે શ્રી શ્રીમલજી નથુમલજી જુહારમલજી તરફથી વ. આસો વદ ૨ થી વદ ૪ ત્રણ દિવસ ઉત્સવ યોજાયો હતો.

અમદાવાદ નવરંગપુરા : અત્રે પૂ. બાદ ગચ્છાધિપતિ આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. (મુંબઈ) તથા સા. શ્રી સૂર્યરેખાશ્રીજી મ. (નાસિક) ના સંયમજીવનની

અનુમોદનાર્થે દ્વિ. આ. વદ ૯-૧૦-૧૧ ના ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ યોજાયો.

મણિનગર - અમદાવાદ : અત્રે પૂ. મુ. શ્રી સોમપ્રભવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસિ તથા પર્યુષણની વિવિધ આરાધનાના અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ પંચાહ્નિકા મહોત્સવ બીજા આસો સુદ ૩ થી સુદ ૭ સુધી ભવ્ય રીતે ઉજવાયો. પૂ. સા. શ્રી નંદનશ્રીજી મ., પૂ. સા. શ્રી ચંદનબાળાશ્રીજી મ. આદિની નિશ્રામાં બહેનો સારી આરાધના કરે છે.

અમદાવાદ : પાછીયાની પોળ આરાધના ભવનમાં પૂ. મુ. શ્રી ખ્યાતદર્શન વિ. મહારાજે ચાલુ વરસીતપમાં કરેલ ચત્તારી અટ્ઠદશ દોય તથા સિદ્ધિતપની પૂર્ણાહુત્તિ નિમિત્તે દ્વિ. આ. સુ. પ્ર. ૧૨ થી ૧૩ ત્રણ દિવસ ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આદિ મહોત્સવ યોજાયો.

ગોપીપુરા સુરત : શ્રી રામચંદ્રસૂરીશ્વર આરાધના ભવન ખાતે પૂ. આ. શ્રી વિજય મહાબલસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. સા. શ્રી વિમલ કીર્તિશ્રીજી મ. ના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ તથા સંયમ જીવનની અનુમોદના નિમિત્તે દ્વિ. આસો વદ ૧ થી વદ ૭ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વીશસ્થાનક પૂજન મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

મીરજ : પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિજયજી મ. આદિ ઠા. ૩ નિશ્રામાં ચાતુર્માસની પૂર્ણાહુતિ નિમિત્તે દ્વિ. આસો વદ ૧-૨-૩ થી અભિષેક સહિત ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો.

મંચર (મહા.) : અત્રે પૂ. મુ. શ્રી વૈરાગ્ય રક્ષિત વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી પ્રશમરતિ વિજયજી મ.ની નિશ્રામાં સંઘમાં થયેલ આરાધના નિમિત્તે દ્વિ. આસો સુદ ૧૫ થી વદ ૭ સુધી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી વીશસ્થાનક મહાપૂજન ૪૫ આગમની મહાપૂજા અનવરાગ મહાપૂજા સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

જામનગર, દિ. પ્લોટ, જામનગરમાં બિરાજમાન પૂ. સ્વ. પ્રશાન્ત મૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જયંત શેખરસૂરીશ્વરજી મ. ના પરમ તપસ્વી ૧૦૦ + ૧૦૦ + ૨૧ વર્ષી તપની ઓળીના આરાધક પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. તથા પ્રાચીન સાહિત્યોદ્ધારક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય મુ. શ્રી અવિચલેન્દ્ર વિ. ઠા. ૨ની નિશ્રામાં આસો માસની શાશ્વતી ઓળીની આરાધના સુંદર રીતે થવા પામેલ. અને આ. સુ ૧૩ ના મંજુલાબેન ઝવેરચંદ લખમશી રાજપાળ તરફથી પ્યાખ્યાન તથા શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલ. તથા આ. સુ. ૧૪ ના વાગડ સમુદાયના ગચ્છાધિપતિ મહોદય સૂરીશ્વરજીના આજ્ઞાવર્તી વિદુષિ સાધ્વીશ્રીજી ચંદ્રાનનાશ્રીના શિષ્યા દિવ્ય દર્શીતાશ્રી મ. સા. ની ૧૫૫ મી ઓળી, સાધ્વીજી અક્ષયપ્રજ્ઞાશ્રીજી ૩૧ મી ઓળી તથા સા. શ્રી નિરાગ દર્શીતાશ્રીની ૨૫ મી ઓળીની પૂર્ણાહુતી નિમિત્તે તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૧ નું સંઘપૂજન તથા નેમચંદ રામજી પરબત ગુઢકા તરફથી રૂા. ૧૦ નું સંઘપૂજન તેમજ શાન્તિલાલ નાથાલાલ ચંદરીયા તરફથી પેંડાની પ્રભાવના કરવામાં આવેલ. તેમજ ઓળીના તપસ્વીઓના કુંવરબાઈ ધર્મશાળામાં સમુહ પારણા રાખવામાં આવે ૧. દરેક ઓળીના તપસ્વીઓને જુદા જુદા વ્યક્તિ તરફથી રૂા. ૬૦ નું બહુમાન કરવામાં આવેલ. નિયમીત ઉત્તરાધ્યાન ઉપર વ્યા. ૮ થી ૧૦ ચાલુ છે. ભાવિકોની હાજરી સારી રહે છે.

કોબા : અત્રે પૂ. આ. શ્રી પદમસાગર સૂરીશ્વરજી મ. ના આચાર્યપદના રજત જયંતિ મહોત્સવ કારતક (૬૦) તા. ૧૪-૧૨-૨૦૦૧ થી માગશર સુદ - ૨ તા. ૧૬-૧૨-૨૦૦૧ સુધી શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે ઉજવાશે.

સામુહિક દીક્ષા મહોત્સવ : પાલીતાણામાં પૂ. આ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મહા સુદ ૪ ના ૨૬ દીક્ષાઓનો સામુહિક દીક્ષા મહોત્સવ ઉજવાયો.

:: અંક મળતા નથી ::

કેટલાક ગ્રાહકોને અંક મળતા નથી કેમ કે સરનામા તેજ હોવા છતાં અંકો પાછા આવે છે.

તો તેમને જણાવવાનું કે તા. ૧૦-૧૨-૦૧ સુધીમાં અંક ન મળે તો સરનામા સાથે કાર્યાલયને ટપાલ લખે. જેથી તપાસ થાય.

—વ્યવસ્થાપક.

સમેતશીખરના ૨૧ ઉદ્ધાર

પહેલો ઉદ્ધાર - બીજા તીર્થંકર શ્રી અજીતનાથ ભગવાન મોક્ષે ગયા પછી અયોધ્યા નગરીનાં ચક્રવર્તી સાગરના પૌત્ર રાજા ભગીરથે પૂ. આચાર્ય શ્રી સાગરસૂરિના ઉપદેશથી કરાવેલ.

બીજો ઉદ્ધાર - શ્રી સંભવનાથ ભગવાન મોક્ષે ગયા પછી હેમનગરના રાજા હેમદત્તે ગણધર શ્રી વારૂકના ઉપદેશથી કરાવેલ.

ત્રીજો ઉદ્ધાર - શ્રી અભિનંદન સ્વામી મોક્ષે ગયા પછી ઘાતકીખંડના પુરણપુરના રત્નશેખર રાજાએ કરાવેલ.

ચોથો ઉદ્ધાર - શ્રી સુમતિનાથ ભગવાન મોક્ષે ગયા પછી પદ્મનગરના આનંદસેન રાજાએ કરાવેલ.

પાંચમો ઉદ્ધાર - શ્રી પદ્મપ્રભ સ્વામી મોક્ષે ગયા પછી બંગાલદેશના પ્રભાકર નગરનાં સુપ્રભ નામના રાજાએ રાવેલ.

છઠ્ઠો ઉદ્ધાર - શ્રી સુપાર્શ્વનાથ ભગવાન મોક્ષે ગયા પછી ઉદ્યોત રાજાએ કરાવેલ.

સાતમો ઉદ્ધાર - શ્રી ચંદ્રપ્રભ ભગવાન મોક્ષે ગયા પછી પુંડરીકનગરના લલિતદત્ત રાજાએ કરાવેલ.

આઠમો ઉદ્ધાર - શ્રી સુવિધિનાથ ભગવાન મોક્ષે ગયા પછી શ્રીપુર નગરના હેમપ્રભ રાજાએ કરાવ્યો.

નવમો ઉદ્ધાર - શ્રી શીતલનાથ ભગવાન મોક્ષે ગયા પછી માળવાના ભદ્દિલપુર નગરના મેઘરથ રાજાએ રાવેલ.

દસમો ઉદ્ધાર - શ્રી શ્રેયાંસનાથ ભગવાન મોક્ષે ગયા પછી માળવાના બાલનગરના આનંદસેન રાજાએ કરાવેલ.

અગીયારમો ઉદ્ધાર - શ્રી વિમલનાથ ભગવાન મોક્ષે ગયા પછી પૂર્વ મહાવિદેહમાં કનકાવતી નગરીના કનકરથ રાજાએ કરાવેલ.

બારમો ઉદ્ધાર - શ્રી અનંતનાથ ભગવાન મોક્ષે ગયા પછી કૌશામ્બી નગરીના બાલસેન રાજાએ વિદ્યાચરણ મુનિના ઉપદેશથી કરાવેલ.

તેરમો ઉદ્ધાર - શ્રી ધર્મનાથ ભગવાન મોક્ષ ગયા પછી પંજાબના શ્રીપુરનગરના ભવદત્તે માસોપવાસસી ધર્મઘોષસૂરિના ઉપદેશથી કરાવેલ.

ચૌદમો ઉદ્ધાર - શ્રી શાંતિનાથ ભગવાન મોક્ષે ગયા પછી મિત્રપુર નગરના સુદર્શન રાજાએ ચક્રાયુધ ગણધરના ઉપદેશથી કરાવેલ.

પંદરમો ઉદ્ધાર - શ્રી કુંથુનાથ ભગવાન મોક્ષે ગયા પછી વત્સ દેશના શાલીભદ્ર નગરના દેવધર રાજાએ કરાવેલ.

સોળમો ઉદ્ધાર - શ્રી અરનાથ ભગવાન મોક્ષે ગયા પછી ભદ્રપુર નગરના આનંદસેન રાજાએ કરાવેલ.

સતરમો ઉદ્ધાર - શ્રી મલ્લીનાથ ભગવાન મોક્ષે ગયા પછી કલિંગ દેશના શ્રીપુર નગરના અમરદેવ રાજાએ કરાવેલ.

અઢારમો ઉદ્ધાર - શ્રી મુનિસુવ્રત સ્વામી મોક્ષે ગયા પછી રત્નપુરી નગરીના અમરદેવ રાજાએ કરાવેલ.

ઓગણીસમો ઉદ્ધાર - શ્રી નમિનાથ ભગવાન મોક્ષે ગયા પછી શ્રીપુર નગરના મેઘદત્તે કરાવેલ.

વીસમો ઉદ્ધાર - શ્રી પાર્શ્વનાથ ભગવાન મોક્ષે ગયા પછી આનંદ દેશના ગંધપુર નગરના પ્રસન્નસેન રાજાએ શ્રી વીસ સ્થાનક તપની આરાધના કરી શ્રી દિનકરસૂરિના ઉપદેશથી કરાવેલ.

એકવીસમો ઉદ્ધાર - મુર્શિદાબાદના ખુશાલચંદ શેઠે તપાગચ્છ ભદ્રાકર શ્રી ધર્મસૂરિના ઉપદેશથી ૧૮૨૫ની આસપાસ કરાવેલ.

- સેના (જૈનતીર્થ ઈતિહાસ)

અપૂપ મુગ્ધની કથા

કોઈ એક વટેમાર્ગુએ દુકાનમાંથી આઠ પૂરીઓ ખરીદાતી લીધી. તેમાંથી છ પૂરીઓ ખાધી ત્યાં સુધી તેને તૃપ્તિ થઈ નહિ, પરંતુ સાતમી ખાતાં તે ધરાઈ ગયો. એટલે તે જોર જોરથી આક્રંદ કરવા લાગ્યો કે "હું ઠગાયો છું ! જેનાથી હું ધરાઈ ગયો તે આ સાતમી પૂરી જ મેં પહેલા શા માટે ન ખાધી ? બીજી પૂરીઓનો મેં ફોગટ માટે વૃથા નાશ કર્યો. અને હાથમાં સાચવી રાખી નહિ ?" તૃપ્તિ તો અનુક્રમે થાય છે એ વસ્તુ નહિ જાણતાં અને શોક કરતાં એવા તેની પ્રત્યે લોકો હસવા લાગ્યા.

(કથા સરિત્સાગર, ૧૨૭)

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુરુ દર્શી

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- ભગવાનનું શાસન જે યથાર્થ ભણે - જાણે, તે પોતાની જાતને ભૂલી જાય છે. શાસનને જ પ્રધાન માને છે, સુખની કિંમત હોતી નથી, દુઃખની ગભરામણ હોતી નથી. તેના મન - વચન અને કાયાના યોગ ભગવાનના શાસનને જ સમર્પિત હોય છે.
- જગત અને નવપદ બે ય સામ સામે છે. જગત અને નવપદ બન્ને ય પરસ્પરના વિરોધી છે. જગત ગમે તેને નવપદ ન ગમે અને ખરેખર સાચા ભાવે નવપદ ગમે તેને જગત ન ગમે. પછી તે કોઈપણ કામ કરે તે ધર્મરૂપ બને. દાનાદિ કરે તો તે ધર્મ બને પણ સંસાર કરતો હોય તે ય ધર્મરૂપ બને, કર્મ ખપાવવા જ કહે.
- ગરીબી એ કાંઈ ખરાબ ચીજ નથી, ગરીબી એ કાંઈ કલંક નથી, તેમ અન્યાયવાળી શ્રીમંતાઈ પણ ભૂષણ નથી, પરન્તુ અન્યાયવાળી શ્રીમંતાઈ તો મહાદૂષણ છે. એ મહાદૂષણવાળાના આજે માનપાનાદિ થાય છે તે આ સમાજનું મોટામાં મોટું કલંક છે. ગૃહસ્થ જેમ અનીતિ સંપન્ન નથી હોતો પણ નીતિસંપન્ન હોય છે તેમ કોઈના ખોટા ગુણગાન ગાવા 'ભાટ' નથી હોતો અને કોઈને ગાળ દેવા 'ભાંડ' નથી હોતો. જેમ ગમે તેવા લાયક વિનાના ગુણ ગાવાનું પસંદ નથી તેમ કોઈની ય નિંદા કરવી પસંદ નથી.
- પ્રમાદ એ ભાવધર્મનો વૈરી છે. પ્રમાદ સાચો ભાવ પેદા થવા દે નહિ. ભાવ વગરના દાન - શીલ - તપ નકામા કહ્યા છે. નકામા એટલે મોક્ષના સાધક નહિ પણ સંસારમાં રખડાવનારા !
- અમારે પણ સંયમની સાધનામાં જે જરૂરી હોય તેવી ચીજોની ઈચ્છા તે ઉપાધિ અને સંયમની સાધનામાં જરૂરી એવી ચીજો તે ઉપધિ.
- રોટલાના ભિખારી કરતાં સંસારના સુખના ભિખારી મોટામાં મોટા ભિખારી છે.
- દુનિયાનું સુખ ગમે, તે મોહ છે. દુનિયાની સંપત્તિ ગમે તે ય મોહ છે. તે સંપત્તિ મેળવવાનું મન થાય તે ય મોહ છે. તે સંપત્તિ મળે અને આનંદ થાય તે ય મોહ છે. તેથી દુનિયાનું સુખ અને સંપત્તિ મેળવવા જ ધર્મ કરે તો તે મોહથી ધર્મ કર્યો કહેવાય !
- જે જીવ ખાવાને ઉપાધિ માને તે રોજ તપ કરી શકે તો ય 'તપસ્વી' છે. અને જે ખાવામાં મજા માને તો તે માસક્ષમણાદિ કરે તો ય તપસ્વી નથી !
- પાપ કરતાં જેને ડર લાગે તે ધર્મી જ નથી.
- ભગવાન પાસે દુનિયાની સુખ - સંપત્તિ માગવી તે મોટામાં મોટો ભીખનો ધંધો છે !
- જે ભગવાન મોક્ષે ગયા, મોક્ષ આવવાનું આમંત્રણ આપી ગયા તે ભગવાન પાસે મોક્ષ વિના બીજું કાંઈ મંગાય ખરું ?
- ધર્મને સેવનારો કદી દુઃખી થાય નહિ, પાપના યોગે તેને દુઃખ આવે તે બને પણ તે દુઃખી હોય નહિ.
- આ ધર્મ તે સંસાર રૂપી રોગની દવા છે. તે ધર્મ શા માટે કરવાનો છે ? આત્મા અનાદિથી સંસાર રૂપી રોગમાં ફસાયેલા છે. તે સંસારની રિબામણથી છૂટી જાય અને મોક્ષ રૂપી આરોગ્યને પામે તે માટે.
- ભગવાન પાસે મોક્ષ મંગાય, મોક્ષ સાધક ધર્મ મંગાય પણ પૈસો-ટકો તો ન જ મંગાય.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ–મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાંત – રક્ષા તથા પ્રાચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

માનવતા કથા વિશેષાંક

વર્ષ–૧૪ અંક–૧૮

પરમ ઉપકારી પૂજય ગુરૂદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી
સ્વ. શાહ ધરમશી નથુભાઈ (કાનાલુંશ – હાલાર) તથા તેમના પૌત્ર
સ્વ. ચંદ્રકાન્તભાઈ તથા સ્વ. નરેન્દ્રભાઈ જુઠાલાલના શ્રેયાર્થે
શ્રીમતિ પાનીબેન ધરમશી તથા શાહ જુઠાલાલ ધરમશી તથા
શ્રીમતિ યશોદાબેન જુઠાલાલ શાહ પરિવારની શુભેચ્છા...

14, WHITTINGTON WAY, PINNER MIDDX, LONDON, HAS GUT (U.K.)

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫–દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) INDIA.
PIN - 361 005 PHONE - 770963

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થે પત્ર

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મું ઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (પાનગઢ)

Received 26/12/2001

જૈન શાસન
(અઠવાડિક)

વાર્ષિક રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧૦૦૦ • પરદેશ રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

વર્ષ : ૧૪) સંવત ૨૦૫૮ માગસર સુદ ૪ મંગળવાર તારીખ ૧૮-૧૨-૨૦૦૧ (અંક ૧૫/૨

માણસાઈ અને અને મહત્તા

(વીરશાસન, પુસ્તક - ૯, અંક - ૧૨, જૈન પ્રવચનમાંથી સાભાર)

મનુષ્ય જન્મમાં દિવ્ય શક્તિથી પણ વધી જાય તેવી શક્તિ છે. ઉંચામાં ઊંચી શક્તિ પ્રાપ્ત થઈ છે. તે શક્તિ વડે વિનાશક બનવું છે કે રક્ષક ? સામગ્રીસંપન્ન બન્યા પછી હવે જાતના નાશક કે રક્ષક બનવું, તે મારા હાથમાં છે. આજકાલ એવું બન્યું છે કે- ' અમે કોણ ?'' ઓ ભાવના પ્રધાન થઈ છે, તમે ગમે તે હો, પણ ''તમે કર્યું ? '' એ કોઈ પૂછતું નથી. આજે 'હું' કેરનો વાયુ થયો છે; હું એ કહી રહ્યો છું કે તમારી જાતને ભાગ્યવાન્ માનવા પહેલાં- મોટામાં મોટી, સારામાં સારી, અને ઊંચામાં ઊંચી માનતાં પહેલાં, તમારી કરણીનો પહેલો વિચાર કરો. ''હું કોણ ?'' એ અલંકાર દ્યોતક પ્રશ્ન પૂછો : પણ ''મેં શું કર્યું'' એ આત્માને પૂછો. એ સિવાય આત્મ શુદ્ધિનો બીજો રસ્તો નથી. જો તમે શેઠ કહેવાતા હો તો, તમારાં કાર્યો શ્રેષ્ઠ ન હોય તો શેઠ ન કહેવડાવજો, કોઈ કહે તે ઘડી નીચું ઘાલો. એમ કહો કે- કહો છો તે જાતિની યોગ્યતા મારામાં નથી. અમુક જાતિની શક્તિ અને સામગ્રીને પામ્યા, તે આપણા બધા માટે મહાન્ પુણ્યનો ઉદય છે. એમાં કોઈ ના પાડી શકે એમ નથી. મળ્યું એમાં કોઈ જાતિની શંકાને સ્થાન નથી,

* અપરાધી પર પણ ઉપકાર *

— પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

એક શેઠ હતા. સાધુ બનવાની એમની ભાવના તો હતી પણ એમનું શારીરિક અને માનસિક પરિબળ એવું નહોતું કે - સાધુ બની શકે, એટલે ગૃહસ્થપણામાં રહ્યા હતા. ગૃહસ્થપણે રહીનેય એ ધર્મક્રિયાઓ થઈ શકે તેટલા પ્રમાણમાં કરવાના લક્ષ્યવાળા હતા.

એક રાત્રે એ ધર્મક્રિયામાં રોકાએલા હતા અને ચોર એમને ઘરે ચોરી કરવા આવ્યા. ધર્મક્રિયામાં રોકાએલાથી કાંઈ ચોરને રોકવાનો પ્રયત્ન થાય ?

ચોરો ચોરી કરીને ચાલ્યા ગયા. બીજે દિવસે સવારે શેઠને ખબર પડી કે - ચોરો પકડાઈ ગયા છે. એ વખતે શું થાય ? ચોરો પકડાઈ ગયા, એમાં ધર્મક્રિયાનો પ્રતાપ, એમ લાગે ને ?

શેઠ વિચાર કરે છે કે- 'બહુ ખોટું થયું. એ ચોરો પકડાઈ ગયા અને જેલમાં પૂરાયા તે ઠીક થયું નહિ. મારે તેમને છોડાવવા જોઈએ.'

ચોરોએ અપરાધ નથી કર્યો ? કર્યો છે, છતાં આ ઉદાર છે. શેઠે તીજોરી ઉઘાડી અને રાજા પાસે નજરાણું ધરવાને માટેનો થાળ તૈયાર કર્યો. એ થાળ લઈને શેઠ રાજાની પાસે ગયા.

કીંમતી અલંકારોથી ભરેલો થાળ રાજા પાસે નજરાણામાં મૂકીને શેઠ ઊભા રહ્યા. રાજાએ

ાગ તે મળેલું સાર્થક કરવાની લાયકાત કેળવી શકીએ નહિ ાં સુધી નિરર્થક . જો ા ણ સા ઈ ન ા ન ો નુ ષ્ય ભ વ કામો છે, તે ાગસાઈ કહેવી ને ? બીજી ની જાતિની ણવાગી લ્યો પાગ તે, તે ાગસાઈ લાવી કતી નથી. એ ક્ષાગ જુદું છે. ાડી અવળી ો પ ડી ય ો ચવાથી કે ાગી કરવાની શ ક્ય ત આવવાથી તે આવી જતી નથી. **જગતનું રક્ષણ કરવાની ઊંચામાં ઊંચી ભાવના એનું નામ ગણસાઈ.** અમલ ન થાય તો પાગ વિચારાગા તો એ ાનવી જ જોઈએ. એક જ વિચાર કરવામાં આવે કે, માનવજીવન પામ્યા છીએ તો અમારા નિમિત્તે અમારા પ્રયત્નથી ાગાનું રક્ષાગ કેમ થાય ? બીજાનું રક્ષાગ કરવાની ભાવના આવી, તેમાં પોતાના રક્ષાગની તો આવી ગઈ.

પૂછ્યું કે- 'કેમ અત્યારે ?'

શેઠ કહે કે- 'રાતના જે માણસોને ચોરીના આરોપસર પકડીને જેલમાં પૂરવામાં આવ્યા છે, તેમને છોડાવવાને માટે આવ્યો છું!' રાજા કહે કે- 'તમારે ઘરે ચોરી કરી છે અને તમે એ ચોરોને છોડી મૂકવાનું કહો છો ? એમ તે ચોર ડાકુને છોડી મૂકાય ?'

શેઠ કહે કે- 'પાગ મારે એ ચાલે નહિ. મારો ધર્મ મને એમને છોડાવવાનું કહે છે. એમાગે ચોરી કરી હોય તોય મારા ઘરમાંથી કરી છે ને ? મારે એમની સામે ફરિયાદ કરવાની નથી.'

આમ છતાં પાગ રાજાએ ચોરોને છોડી દેવાની આનાકાની કરવા માંડી. એટલે શેઠે કહ્યું કે- 'ગઈ કાલનો મારે ઉપવાસ છે અને આજે જ્યાં સુધી એ માણસોને આપ છોડો નહિ, ત્યાં સુધી મારે આહાર અને પાગીનો ત્યાગ છે.'

શેઠની ઉદારતા અને મક્કમતા જોઈને રાજા ખૂશી થયો. રાજાએ ચોરોને છોડી મૂકવાનો હુકમ કર્યો.

કોટવાળીએ ચોરોને કહ્યું કે- 'જે શેઠને ઘરે તમે ચોરી કરી, તે શેઠ તમને છોડાવવાને આવ્યા છે!'

ચોરો આવ્યા એ શેઠની પાસે અને પગે પડી ગયા. ચોરોએ બધું ધન શેઠના ચરાગે ધરી દીધું અને શેઠની માફી માગી.

શેઠ ચોરોને ઘેર લઈ ગયા. ખવડાવ્યું પીવડાવ્યું અને ચોરેલું ધન લઈ જવાને કહ્યું. ચોરો તો રડવા લાગ્યા. પ્રતિજ્ઞા કરી કે- 'હવે અમે કદી પાગ આવો ધંધો નહિ કરીએ.'

વાત તો એ છે કે- અપરાધી પ્રત્યે પાગ કેવું ઉદાર હૈયું હતું ? હૈયું આવું ઉદાર બને તો ાઈ, પાગ છેવટ એટલું તો ખરું જ કે- કોઈ આપાગો ગમે તેવો ભયંકર કોટિનો અપરાધ કરે તોય આપાગે તેનું ભૂંડું ચિન્તવવું નહિ!

સાયો તે, કે જે અનીતિથી એક પાઈ પણ તિજોરીમાં મૂકવાની ભાવના ન રાખે. 'રોજ પાંચ ઘર ફરું અને રોજ રોકડોનું દાન દઉં-' એવું કોઈ કહે અને તમે દાતાર માનો ? એવા દાતારની પ્રશંસા કરવા તમે તૈયાર છો ? ■

:: ભાવિ ભાવ ::

જંબૂવતી —— ગગનનંદન નગરના જંબુવંત વિદ્યાધર રાજાની શ્રીમતી રાગીથી દુષ્પ્રસહ કુમાર અને જંબૂવતી કન્યા જન્મ્યા હતા. ચારાગ મુનિએ કહ્યું કે- '' આ કન્યા ભરતાર્ધના સ્વામીની ગૃહિણી થશે.'' એ ઉપરથી તેના પિતા ગંગા કિનારે રહ્યા. જંબૂવતી ગંગામાં સ્નાન કરે છે. તેની કૃષ્ણને જાણ થઈ. અનાધૃષ્ટ સાથે આવીને લડાઈ કરી. પરંતુ પછી કૃષ્ણની ઓળખાણ આપવાથી તેની સાથે પરાગાવ્યું. દુષ્પ્રસહ પાગ બહેન પાસે દ્વારકા આવીને બહેનને મોટો દાઈજો આપી ગયો.

માનવતાનો દીવડો પ્રગટાવો

*'ભક્તિરાજ'

આજે માનવતાના પાઠ ભણાવનારા ઘણા છે. પણ તેનો જીવનમાં અમલ કરનારા વિરલ જ દેખાય છે. માત્ર વાતો કર્યાથી કાર્યસિદ્ધિ થાય કે તે અંગે જરૂરી મહેનત - પ્રવૃત્તિ કરવાથી ? 'મારે પૈસા જોઈએ' તેમ બોલવા માત્રથી પૈસા મળે કે તે માટે જરૂર મહેનત - મજૂરી કરે તો પૈસા મળે ? દુનિયામાં પુરૂષાર્થની પ્રધાનતા ગાવવા બધા કહે કે, પૈસા કાંઈ ઝાડ પર ઉગતા નથી કે લઈ લેવાય તે માટે તો મજૂરી કરવી પડે. તેમ માનવતાને લાવવા માટે મોટા લેક્ચર આપવાના હોય કે દરેકે દરેક પોતાના જીવનમાં જુએ તો માનવતા દેખાય !

એક નિશાળની અંદર એક શિક્ષક હંમેશા વિદ્યાર્થીઓને સારી - સારી વાતો કહી, તેમના જીવનને સુસંસ્કારિત કરતાં. બીજાની જે જોવી માવજત કરો, કુમળા છોડને જેમ વાળો તેમ વળે. તેમ બાળકને જેવા સંસ્કાર આપો તેવો બને. હંમેશા બાળકોને પરગજુ બનવું, પરોપકાર કરવો, વડિલોનો વિનય કરવો, વૃદ્ધ ને રસ્તો ઓળંગવા સહાય કરવી, કોઈની હાંસી - મશ્કરી નહિ કરવી, જીવનમાં જૂઠ ન બોલવું, ચોરી ન કરવી - આવી આવી ઉમદા વાતો સમજાવતા, એક બાળકના મન ઉપર આ બધી વાતોની ઘેરી અસર થતી.

એક વાર તે બાળક પોતાના ઘરેથી નિશાળે આવી રહ્યો છે. ત્યારે રસ્તામાં એક વૃદ્ધ રસ્તો ઓળંગતા કોઈ વાહનની હડફેટમાં આવી ગયા હતા, શરીરમાં ઘા પડેલ અને લોહી વહેતું હતું. ઘણા બધા માણસો ભેગા થયા, બબડતા હતા કે લોકો કેવા બેજવાબદાર છે, ગમે તેમ વાહન ચલાવે, ધ્યાન રાખતા નથી. પણ કોઈને આપણે દવાખાને લઈ જઈએ તેમ કોઈ કહેતું ન હતું. આ બાળકે આવી હાલત જોઈ તેમની પાસે ગયા, ઘા પર પાટો બાંધ્યો અને એક રીક્ષાવાળાની મદદથી નજીકની હોસ્પિટલમાં પહોંચાડ્યા. તેમની પાસેથી તેમનું સરનામું અને ફોન જાણી તેમના કુટુંબીઓને સમાચાર મોકલ્યા. તે પછી તે બાળક નિશાળે ગયો.

નિશાળે પહોંચતા મોડું થઈ ગયું. તેથી તે શિક્ષકે મોડા આવવાનું કારણ પૂછ્યું તો બાળકે જે હકીકત બનેલી તે બધી જણાવી. પણ શિક્ષકે તેની વાત સાચી ન માની અને તેને બેંચ ઉપર ઉભા રહેવાની શિક્ષા કરી વાચકો ! વિચારો કુમળા મન પણ આવી કેવી અસર થાય ! સારું કામ કર્યું તો જરાયને બદલે જુતિયા મારો. હવે પરોપકાર કરવો નહિ, પરગજુ બનવું નહિ. આવા આવા વિચારો આવવા સહજ છે. સાંજે નિશાળ છૂટી બાળક ઘેર ગયો પણ મનમાં ઉદાસીનતા અને ખિન્નતા ભરેલા હતા. તેની માતાએ તેની આ હાલત જોઈ તેને ખવરાવી - સ્વસ્થ કરી માતાએ બહુ જ પ્રેમથી માથા પર હાથ ફેરવી, વાત્સલ્યથી પોતાની છાતીએ લગાડી પછી પૂછ્યું કે તારી તબિયત તો સારી છે ને ? બાળક માતાના ખોળામાં રડી પડયો અને આજે જે બન્યું તે બધી વાત કહી. ત્યારે માતાએ તેને સાંત્વન આપતા સચોટ અનુભવની વાત કહી કે- ''દીકરા ! પરોપકાર કરનારે, પરગજુ બનનારે સહન કરવાની તૈયારી રાખવી જોઈએ. પ્રતિમાનો પત્થર કોણ બને ? ટાંકણાને મજેથી સહેવાની તૈયારી હોય તે'' માતાની આ વાતથી મુરઝાઈ ગયેલો - કરમાઈ ગયેલો તેનો ચહેરો પ્રસન્નતાથી ખીલી ઊઠયો. ખરેખર આવી વાત્સલ્યમયી માતા પણ આજે કેટલી મળે ! બીજી માતા હોય તો કહી દે કે- ''આવા વેવલાવેડા કરવા નહિ. ભણવાનું જુદું અને આચરવાનું જુદું. હાથીના ચાવવાના અને દેખાડવાના દાંત જેવું કરવાનું.'' વિચારો કઈ સલાહ માનવતાને વિકસાવે અને કઈ શિખામણ માનવતાના ગળે ટૂંપો દે ? આ જગ્યાએ આપણે હોઈએ તો શું કરીએ ?

દીકરો સ્વસ્થ અને પ્રસન્ન થઈ ગયો છે તેટલામાં જ તેના શિક્ષક એકદમ હાંફળા ફાંફળા બેબાકળા બનેલા આવ્યા અને તે વિદ્યાર્થીને પ્રેમથી છાતી સરખો ચાંપી અને કહે કે, આજે મેં તને ખોટો પાડયો, ખોટી શિક્ષા કરી તેની મને માફી આપ. તેં જે વૃદ્ધને દવાખાને દાખલ કરેલા તે બીજા કોઈ નહિ પણ મારા પૂ. પિતાશ્રી હતા. મેં માત્ર માનવતાની વાતો કરી અને તેં તારા જીવનમાં માનવતાને ઉજાળી.'' આમ કહી તેની, તેના માતાની ક્ષમાયાચના માગી પાછા ગયા.

ત્યાર પછી માતાએ આત્મ વિશ્વાસથી કહ્યું કે- ''દીકરા ! મારી ઈશ્વર પરની શ્રદ્ધા અનેક ગણી વધી ગઈ છે. અંતે જય સત્યનો જ થાય છે. માટે હવેથી તું પણ જીવનમાં પ્રતિજ્ઞા કર કે ગમે તેવા માન - અપમાન, આક્ષેપ - આરોપ આવે તો પણ પરોપકાર મૂકવો નહિ. જાતે પીડા સહીને પણ બીજાનું ભલું થતું હોય તો પાછી પાની કરવી નહિ.'' આપણા બધાની જીવન આવી થઈ જાય તો ઠેર ઠેર માનવતાના દીવડા પ્રગટી ઉઠે.

પ્રમાણિકતાનો કેવો પ્રેમ ?

—પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂ.ીશ્વરજી મહારાજ

એક યુગ એવો હતો કે, જ્યારે મોઢામાંથી વચન નીકળતું, એ વર્ષો પછી પણ પ્રમાણભૂત ગણાતું. ધીમે ધીમે વચનની પ્રમાણશિલતા ઓસરતી ચાલી, ત્યારે લખાણ કરવાની પદ્ધતિ શરૂ થઈ. શરૂઆતમાં તો પેનશીલ દ્વારા થતું લખાણ માન્ય ગણાતું. પણ પેનશીલના અક્ષરો ઝાંખા થતા, એની પ્રામાણિકતા સામે વાંધા - વચકા કાઢનારો વર્ગ ઊભો થયો અને શાહીથી લખવાનું શરૂ થયું. શાહીના અક્ષરો પાણીમાં ભૂંસાઈ જાય, એવી શક્યતા આગળ કરીને પછી બોલપેનની બોલબોલા વધી પડી. આટલે સુધી જ નીતિ-નેકી પતન પામીને અટકી ગઈ નહિ ! પરંતુ બોલપેન દ્વારા થતું લખાણ પણ સહી - સિક્કા દ્વારા જ માન્ય ગણાવા લાગ્યું. આજની આ હાલત છે. કાલ કેવી ઉગશે, એ તો કોણ જાણે ? કાલે કદાચ આવાં લખાણોને તાલપત્રમાં કોતરીને નીચે સહી કરવાનોય પ્રસંગ ઉભો ન જ થાય, એમ ન કહી શકાય.

લખાણ અને સહી - સિક્કાનું આજે જ્યારે આ રીતે અવમૂલ્યન થતું જ રહ્યું છે, ત્યારે હજી થોડાક જ વર્ષો પૂર્વે બનેલી એક ઘટનાનું અવલોકન કરતા એવો વિચાર આવી જવો સંભવિત છે કે, સાચાં લખાણનેય ખોટામાં ફેરવી નાખવાની બદદાનત આજે જ્યાં ફાલી ફૂલી રહી છે એ જ ધરા આર્દભૂમિમાં લખાણમાં રહી ગયેલી ભૂલને સુધારી લેવાની આવી સત્ય - વૃત્તિ શું આથે જ જન્મી હશે ખરી ?

આજે જે બનાસકાંઠા તરીકે ઓળખાય છે, એ પ્રદેશમાં જ સૈકા પૂર્વે બની ગયેલી આ ઘટના છે. પાલનપુર આસપાસનો પ્રદેશ એ જમાનામાં ધાણધાર તરીકે ઓળખાતો હતો. ત્યારે ચાંગા નામના એક ગામડામાં પાલનપુર નવાણીના ભાઈ ઉસ્માનખાનું રાજ્ય તપતું હતું. આ ગામમાં અભેરાજ પટેલની જબરી નામના - કામના હતી. સત્યવચની તરીકેની એમની છાપ હતી અને વ્યવહારની એમની સચ્ચાઈ માટે બેમત્ત નહતા. પટેલના આવા વ્યક્તિત્વને સૌ કોઈ બે મોઢે વખાણતા.

આજના જેવી અટપટી અને ચોરી ચુગલીના અડા - અખાડા સમી રાજ્ય - પદ્ધતિ ત્યારે ગ મલમાં નહતી. અભણ પણ સહેલાઈથી સમજી શકે, એવી રાજ્ય - પદ્ધતિ ત્યારે વ્યાપક હતી. આકરા કરવેરા ત્યારે પ્રજા પર ઝીંકાતા નહોતા. 'આપ-લે'માં રોકડ નાણાં આપવાનું ચલણ પણ ત્યારે નહોતું. ખેડૂતો માટે એવી પદ્ધતિ અમલમાં હતી કે, પાકતા અનાજનો અંદાજ નક્કી કરીને એનો ચોથો ભાગ ખેડૂતો રાજ્યને રાજીખુશીથી આપતા. પાકેલા અનાજનો અંદાજ કાઢવા એક હવાલદાર ખેતરે ખેતરે ઘૂમી વળતો, પાકના અંદાજ મુજબ આપવાના રાજ્યભાગની નોંધણી કરીને એ હવાલદાર જતો રહેતો. આ પછી એક કારભારી આવીને એ રાજ્યભાગને ઉઘરાવી જવાનું કર્તવ્ય અદા કરતો. આ રીતે ખૂબ જ સહેલાઈથી રાજ્યને ખેડૂતો પાસેથી રાજ્યભાગ મળી જતો. આ જ રીતે બીજા બીજા વેપારીઓ પણ પોત-પોતાનો 'રાજ્યભાગ' રાજી-ખુશીથી ભરી દેતા.

એકવાર એક હવાલદાર આ રીતે પાકેલા અનાજનો અંદાજ કાઢવા ચાંગામાં આવ્યો. ફરતો ફરતો એ અભેરાજ પટેલના ખેતરે આવી ઉભો. પટેલના ખેતરમાં બાજરો બહુ સારા પ્રમાણમાં પાક્યો હતો, એથી એમના ભાગે ૩૦૦ માણ બાજરો 'રાજભાગ' રૂપે રાજ્યને આપવાનો થતો હતો. પણ હવાલદારથી લખવામાં ભૂલ થઈ અને એણે ૩૦૦ ના બદલે ૩૦ માણ બાજરો ચોપડે નોંધ્યો. આ રીતે બધા ખેડૂતોને જે રાજ્યભાગ ભરવાનો આવતો હતો, એથી નોંધણી કરીને હવાલદાર વિદાય થઈ ગયો. આ પછી 'રાજ્યભાગ'થી ઉઘરાણી કરવાની જવાબદારી કારભારીની હોવાથી એ એક દહાડો ઉઘરાણી માટે નીકળ્યો

કારભારીને બધા ખેડૂતો અંતરથી આવકારી રહ્યા અને પોતપોતાના ભાગે આવતું અનાજ સૌએને પ્રેમથી આપતા રહ્યા. કારભારી પટેલના ખેતરે આવી ઉભો. અભેરાજ પટેલે કારભારીને આવકારતા કહ્યું પધારો, કારભારીજી ! દિવસોથી તમારી રાહ જ જોતો હતો. જ્યાં સુધી 'રાજ્યભાગ' ચૂકતે થાય નહિ, ત્યાં ઋણમુકત થયાનો આનંદ ક્યાંથી માણી શકાય ? એથી તમારી જ રાહ જોતો હતો,

આજે તમે આવી ગયા, એ સારૂં થયું. મારા ભાગે ૩૦૦ માણ બાજરો નોંધાયેલો હોવો જોઈએ. માટે તમે ગણો અને હું આટલો બાજરો ગાડામાં ઠાલવતો જાઉં.

કારભારીને પટેલ પર બહુમાન માન્યું. એમણે હિસાબનો ચોપડો ખોલ્યો, તો ચોપડામાં ૩૦૦ ના બદલે ૩૦ માણ બાજરો જ નોંધાયેલ જોવા મળતા કારભારીએ કહ્યું : પટેલ ! તમારી ગણતરીમાં ગોટાળો હોય, એમ લાગે છે. તમારા નામે ૩૦૦ માણ બાજરો નોંધાયો નથી પણ માત્ર ૩૦ માણ બાજરાની જ નોંધ આ ચોપડામાં છે.

પટેલે છાતી ઠોકીને કહ્યું : હોય નહિ, કારભારીજી ! તમારા જોવામાં ભૂલ થતી લાગે છે. મેં મારા હાથે ૩૦૦ માણ બાજરો નોંધાવ્યો છે. માટે ફરી તપાસી જવા વિનંતિ.

કારભારીએ ચોક્કસાઈ પૂર્વક ચોપડો તપાસી લઈને પટેલને એ ચોપડો બતાવતા કહ્યું : પટેલ ! આ ચોપડો જોઈ લો. દીવા જેવા સ્પષ્ટ અક્ષરે આ શું લખ્યું છે, એ વાંચો જોઉ ?

પટેલે ચોપડો વાચ્યો, તો સ્પષ્ટ વંચાયું કે, ૩૦ માણ બાજરો, અભેરાજ પટેલ ! છતાં એમણે કહ્યું કે કારભારીજી ! મને ચોક્કસ ખાતરી છે કે., મેં ૩૦૦ માણ બાજરો નોંધાવ્યો હતો. સીધો ને સટ હિસાબ છે. ૧૨૦૦ માણ બાજરો પાક્યો તો 'રાજ્યભાગ' તરીકે ૩૦૦ માણ બાજરો ભરવાનો થાય. ૩૦ માણ તો કોઈ હિસાબે થાય જ નહિ ને ? માટે લખવામાં ભૂલ થઈ ગઈ લાગે છે. મારે એનો લાભ-ગેરલાભ ઉઠાવવો નથી. તમારે અને મારી ફરજ તો આ ભૂલ સુધારી લેવાની છે. માટે ભલે ૩૦ માણનું લખાણ છે, પણ તમે ૩૦૦ માણ ગણી લો. મને પૂરોપૂરો વિશ્વાસ છે કે, મારે ૩૦૦ માણ બાજરો આપવાનો છે, છતાં કદાચ તમારી દૃષ્ટિએ ૩૦ માણ જ આપવાનો હોય, તોય વધુ લઈ જવામાં તો રાજ્યને લાભ જ છે ને ? ઘી વધુ ઢોળાતું લાગતું હોય, તોય એ ખીચડીમાં જ ઢોળાય છે, એવું સમાધાન કરી લો. પણ તમે ૩૦૦ માણ બાજરો લઈ જાવ, તો જ મને સંતોષ થાય. નહિ 'દેવાદાર' તરીકેનું દુઃખ મારા દિલને કોરી ખાશે.

પટેલની આ વાત જોકે વાજબી હતી. પણ કારભારી આ વાતને સ્વીકારતા તૈયાર ન હતા. એણે કહ્યું : હું રહ્યો ચિક્કીનો ચાકર ! ૩૦ માણ લખ્યા હોય અને ૩૦૦ માણ ઉધરાવીને જાઉં તો મને નવાબ ઊભો ન રાખે. નવાબ મારો ઉધડો લઈ નાંખે, તો મારે જવાબ વાળવો ભારે થઈ જાય ! ૩૦ ના બદલે હું ૩૦૦ માણ બાજરો લઈ જાઉં, તો નવાબ મને એવો ઠપકો આપ્યા વિના ન જ રહે કે, આ રીતે લૂંટવાનો ઈજારો તને કોણે આપ્યો ? માટે હું તો ૩૦ માણ કરતા વધુ એક દાણો પણ ન લઈ જઈ શકું. તમે અત્યારે ૩૦ માણ બાજરો ગણી આપો, પછીનો હિસાબ નવાબ પાસે આવીને સમજી લેજો, બસ !

અભેરાજ પટેલની વાત પણ આવી જ હતી. એમણે

રાત્રિભોજન એટલે શું ?

રાત્રિભોજન એટલે સૂર્યાસ્ત પછી અને સવારે સૂર્યોદય પહેલાના સમયમાં ભોજન કરવામાં આવે તે, એમ સામાન્ય રીતે સમજવામાં આવે છે. પરંતુ વિશેષ આરાધકો સૂર્યાસ્તની બે ઘડી પહેલા આહારપાણી ત્યાગી દે છે તથા સવારે સૂર્યોદય પછી બે ઘડી ગયા બાદ નવકારથી આદિ કરે છે. રાત્રિ ભોજનના દોષનો જાણ આત્મા સૂર્યોદય અને સૂર્યાસ્તની બે - બે ઘડી છોડીને ખાય છે. (સૂર્યોદય પછી બે ઘડી અને સૂર્યાસ્ત પૂર્વેની બે ઘડી છોડીને) તે પુણ્યનું ભોજન અર્થાત્ પુણ્યશાળી બને છે.- યોગશાસ્ત્ર ૩/૬૩

છેવટે સૂર્યાસ્ત પહેલા ચાર આહારનો ત્યાગ કરવો. પાણીની છૂટ વાળાએ ત્રણ આહાર છોડવા તિવિહાર પચ્ચક્ખાણ, દવાની છૂટ રાખવા વાળાએ બે આહાર છોડવા દુવિહાર પચ્ચક્ખાણ કરવું.

કહ્યું : 'રાજ્યભાગ' તરીકે મારે જે આપવાનું છે, એમાં એક કાગ માણ ઓછો અપાય, તો હું તો દેવાદાર રહી જાઉં! આ દેવું બાકી રાજ્યનું ગણાય. માટે મારે ઉસમાનખા બાપુ જેવા નેક નામદાર અને ખુદાના બંદાના દેવાદાર નથી જ રહેવું. માટે એમ કરો. હું બીજા સાક્ષીને અહીં હાજર કરું, એ મારી વાતને સ્વીકારે, પછી તો તમે ૩૦૦ માણ બાજરો સ્વીકારી લેશો ને ?

કારભારીના જવાબની રાહ જોયા વિના પટેલ એક આગેવાન ગણાતા ખેડૂતને સાક્ષી તરીકે હાજર કરવાની ગણતરી પૂર્વક નજીકના ખેતરમાં ગયા. થોડી જ વારમાં સાક્ષી તરીકે એક ખેડૂતને લઈને પટેલ પાછા આવ્યા. સાક્ષીએ કહ્યું : અમેરાજ પટેલે રાજ્યભાગ તરીકે ૩૦૦ માણ બાજરો આપવાની વાત ઠરાવી ઠરાવીને હવાલદારને કહી સંભળાવી હતી અને હવાલદારે પણ ૩૦૦ માણની ગણતરી સ્વીકારી લીધી હતી. છતાં કાગડામાં ૩૦ માણની સંખ્યા છે એથી એવું માનવાની ફરજ પડે છે કે, એક મીંડું લખવાનું ભૂલાઈ ગયું હશે ? એથી આ ભૂલને સુધારી જવાની તક આપવાથી તમારે આ પટેલનો ૩૦૦ માણ બાજરો લઈ જ લેવો જોઈએ.

કારભારીને પણ એમ થઈ આવ્યું કે, સાક્ષીની વાત સાચી છે. હવાલદારના હાથે ભૂલ થઈ ગઈ હોવી જોઈએ. પણ એ ભૂલને સુધારવાની સત્તા પોતાના હાથમાં ન હતી. અને એવી અનધિકાર ચેષ્ટા કરીને એ નવાબની નારાજી વહોરવા માંગતો ન હતો. આમ, કારભારીને ૩૦ માણ બાજરાથી દાણો પણ વધુ ખપતો નહતો અને પટેલ ૩૦૦ માણ બાજરામાંથી કાણ પાણ ઓછો કરવા કોઈ પણ હિસાબે તૈયાર થતા ન હતા, એથી અંતે આ મીઠો - ત્રગડો નવાબ સમક્ષ પહોંચ્યો. બધી વાત સાંભળીને નવાબે પણ નવાઈ અનુભવી. એમણે કહ્યું : હવાલદાર ઐસી કસૂર કરે, યહ સંભવિત નહીં હૈ. ઈસલિયે ખુદા કી કોઈ કરામત હૈ એસે પીછે હોની ચાહિયે, ઐસા લગતા હૈ. એસા કોઈ રાસ્તા નીકાલો કિ, જિસસે દોનો પ્રસન્ન હો જાય.

આ સાંભળીને અમેરાજ પટેલે ખુશ થતા કહ્યું કે તો એમ કરો કે, આ ૩૦૦ માણ બાજરો સ્વીકારી લો પછી ૩૦ માણ બાજરો રાજ્યભાગ તરીકે રાખીને બીજો બાજરો દાન પુણ્યમાં આપી દેવા આપ સ્વતંત્ર છો.

આ સાંભળીને નવાબે વળી નવો જ રાહ આપતા કહ્યું : પટેલના ૩૦૦ માણ બાજરામાં રાજ્ય તરફથી ૩૦૦ માણ બાજરો ઉમેરી દઈને આ બધો જ બાજરો ગરીબ - ગુરબાને દાન પુણ્યમાં આપી દો અને પશુ પંખીને નીરી દો.

નવાબની આ વાત સાંભળીને પટેલ સહિત આખો દરબાર છક્ક થઈ ગયો. મુસ્લિમ નવાબો પણ આર્યાવર્તની (અસ્મિતાની) આ ધરામાં આવીને કેવું અદ્‌ભુત - હેયું ધરાવનારા બની ગયા હતા, એનો માપદંડ બની શકે, આ જાતની આવી ઘટનાઓના પુનર્ઘટન માટે હવે તો ચિરપ્રતીક્ષા જ કરવી રહીને ? ■

મહામૂલો દેવ દુર્લભ મનુષ્ય ભવ પામનારા તમે પાપથી બચો

આજના આ પંચમ આરામાં મનુષ્યભવનું વધુમાં વધુ આયુષ્ય ૧૩૦ વર્ષનું કહેવાય છે. આજે મોટે ભાગે ૭૦ / ૮૦ વર્ષે પહોંચતા તો જીવ ઢળી પડે છે. બીજા ભવોની સાગરોપમની અસંખ્યાતા વર્ષોની આયુષ્યની સરખામણીમાં આ આયુષ્ય તદ્ન મામૂલી ગણાય. આ મનુષ્ય ભવ ઘણાં જ અલ્પ સમયનો છે. સદ્‌ગુરુના બોધથી સાવધાન બનો. પાપોથી દૂર રહો, પરમાત્માની આજ્ઞા પ્રમાણેનું જીવન જીવી સૌ કોઈ શાશ્વત સુખના સ્વામી બનો. માટે સ્વને અનેક પાપોથી બચાવો અને પછી સર્વને બચાવો.

માનવતાને પીછાણો

- પૂ. મુનિરાજશ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મહારાજ

માનવજન્મ પુણ્યોદયે આવી ધર્મસામગ્રી સંપન્ન મનુષ્ય ભવ મળ્યા પછી આ મનુષ્ય ભવને ઉજાળવો છે ? તારે માનવ બનવું છે કે પશુ ? માનવથી પણ આગળ વધી પ્રભુ બનવું છે તો હે જીવડા તું જરા વિચાર કે તારું જીવન તારી વૃત્તિઓ માનવતાને પોષનારી છે, પશુતાને પોષનારી કે પશુતા વૃત્તિનો નાશ કરી માનવ તાને પીછાણી પ્રભુતાને પેદા કરનારી છે ? પ્રભુતાને પામવી છે તો હે મારા ચેતનરાજ તમે જ્ઞાનિ ઓની દૃષ્ટિથી વિચાર કરો. આપણા ઉપકારી જ્ઞાનિઓ ફરમાવે છે કે- વિભૂતિઓ બધી નાશવંતી છે, યૌવન વિજળીના ઝબકારા જેમ ક્ષણભંગુર છે, જીવન યમ ના મુખમાં રહેલું છે છતાં પણ પરલોકની સાધનામાં તમારી ઊંઘ કારીનો તમને ખરેખર 'એવોર્ડ' મળશે !! માનવે માનવ બનવા પણ વિચારવું કે- મરણ, વ્યાધિ અને શોક આ ત્રિપુટીમાંથી એકનો પણ પડછાયો ક્યારે મારી ઉપર આવી પડશે તે કહેવાશે નહિ. તે ત્રણે તારા પાછળ પડેલા છે છતાં તું ચુખસાહ્યબી, એશઆરામોના અવનવા કોડ કોડીલી કન્યાની જેમ સેવી રહ્યો છે. કોઈની પણ મોટાઈ, મોજ-મજા સામગ્રી, આધુનિક સુખ સગવડ અને રાચરચીલા તોને જોઈ, મને તે મળે તેવા સ્વપ્ન સેવી રહ્યો છે તેની પાછળ મરી પડે છે, તે મેળવવા પાપ એ પાપ લાગતું નથી અને મળ્યા પછી તે કાયમ રહેશે તે પણ નક્કી નથી છતાંય જાણે તું અમરપટ્ટો લઈને આવ્યો હોય તેમ નીત નીત નવનવ નખરા કરી રહ્યો છે. તારું થશે શું તે પણ વિચાર તને કેમ આવતો નથી ?

આ બધાની પાછળના પાગલપનાએ તને માનવથી તો નીચે પાડ્યો પણ સાક્ષર એવો તું રાક્ષસ જેવો બની ગયો છે ત્યારે ધારી જ દયા આવે છે. તારા ઘર - કુટુંબ - પરિવાર સ્નેહી - સંબંધી વર્ગ માંથી અનેકને તું લાકડા ભેગો કરી આવ્યો, અનેકની નનામી તારે કાંધે ઉપાડીને ગયો, અનેકને તે અગ્નિ દાહ દીધો છતાં પણ તું જરા ય ચેતતો નથી. કેવો તારો આ મોહનો વિલાસ છે!! તું ચપટીમાં ચોળાઈ જઈશ, ક્ષણ ભંગુરતામાં હતો ન હતો થઈ જઈશ ત્યારે તારી બધી ફિલોસોફી મનની મનમાં રહી જશે, તારા પુણ્યથી મેળવેલું અને તારા બાહુબળથી ઉપાર્જન કરેલું તારું રક્ષણ કરવા સમર્થ થઈ બને, બધું મૂકીને કલ્પાંત કરતાં તારે જવું જ પડશે. તારા માતા - પિતા, ભાઈ - બેન, વહાલસોયી પત્ની - પુત્રાદિ પરિવાર સઘળા નજરે જોયા કરશે. તો કમમાં કમ માનવ તો બન. વિચાર કે પરલોકમાં જતા જીવને એક માત્ર શ્રી જિનધર્મ જ શરણરૂપ છે.

બાલ્યવયમાં માતાનું મોં જોતો હતો, તરુણપણામાં સ્ત્રીનું મોં જોતો હતો અને વૃદ્ધાવસ્થામાં પુત્રનું મોં જોનારા નેં ક્યારે પણ તારા આત્મા સંમુખ જોયું ખરું ? યુગમ રાજા સાથે તારે ગાઢ મૈત્રી છે, મૃત્યુએ તને મંત્ર આપ્યો છે કે તારી પાસે એવું કોઈ અપૂર્વ ઔષધ છે, કળા છે, વિજ્ઞાન છે જે કાળરૂપી સર્પથી ભરાતા તારા શરીરનું રક્ષણ કરશે !!

હે મૂઢાત્મા ! હજી ચેત ! આવો સુંદર મનોહર દેહ મળ્યો. હજી થોડી સમજ - શક્તિ છે તો આ માનવભવને ઉજાળવા કટિબદ્ધ બન. માનવભવની સફળતાના બે જ કામ કરવા જેવા છે એક આલોકમાં સુખ - શાંતિ - સમાધિથી જીવી શકાય અને પરલોકમાં સદ્ગતિ થાય

A Gem of a Judge

Formerly in the state of chauda famous king named Govardhan was ruling. He was famous for his impartiality in administering justice and have installed a big bell before the courtoom for anyone seeking justice. A prince while racklessly driving a chariot had killed a calf. The berieved cow came to king and with the help of her horns struck the bell. King could see tears falling from her grief striken eyes. He gethered the report of what happened and ordered. Prince must be overrun by a chariot ! King himself drove the chariot and over-run the prince who was calmly standing on highway. This was his justice. But the king was a pious and noble entily. Due to his thorough gentlemanness and good luck of prince, it so happened, that the prince has not succumed to death.

A nobleman's justice is always impartial.

જેથી સિદ્ધિ નજીક બને. કારણ સિદ્ધિગતિની પ્રાપ્તિ માટે પણ આ માનવજીવન જ મહાકિંમતી અને અતિદુર્લભ છે.

હવે તું જરા જાતનું નિરીક્ષણ તો કર કે તારી વૃત્તિ - પ્રવૃત્તિ કઈ જાતિની છે ? તારે પામવી છે પ્રભુતા અને પ્રવૃત્તિ લગભગ દેખાય છે પશુતા વૃત્તિની તો તેનો મેળ જામે ખરો ? જરા શાંતિથી વિચાર કે જે જે વસ્તુના તું કોડભરી કન્યાની જેમ કોડ કરી રહ્યો છે, જેના માટે તારું જીવન ફના કરી રહ્યો છે, તેમાંની કઈ કઈ વસ્તુઓ તેં આ પૂર્વે અનાદિ અનંત કાળમાં આ સંસારમાં પરિભ્રમણ કરતાં તેં મેળવી નથી !! જ્ઞાનિના વચનો પર વિશ્વાસ કર કે એવી કોઈ યોનિ નથી, એવી જાતિ નથી, એવું કુળ નથી, એવું સ્થાન નથી કે તેને તે વસ્તુ આદિની પ્રાપ્તિ કરી ન હોય ! કાર્યાશી લાખ જીવાયોનિ અને ચાર ગતિ વચે તું ભટકી ભટકીને આવ્યો. દેવલોકના સુખોનો પણ આસ્વાદ કર્યો અને નરકના દુઃખો પણ ભોગવ્યા છતાં પણ તારો મોક્ષ કેમ ન આવ્યો ? ચૌદ રાજલોકરૂપી ચોગાનમાં વાળના અગ્રભાગ જેટલો પણ એક પ્રદેશ બાકી નથી જ્યાં તે આવાગમન કર્યું ન હોય ! હજી પણ ક્યાં સુધી ભટકવું છે ?

જે ધર્મના પ્રતાપે સુખ સામગ્રી મળી અને ભોગવી તેને પણ વફાદાર રહ્યો છે ખરો ? અને બેવફા બનવાથી જ અંતે હાથ ઘસવાનો વારો આવ્યો. સુભાષિતકારે પણ કહ્યું કે - "નિમિત્તના દ્વેષીનું કલ્યાણ ન થાય, વૈદ્યના દ્વેષીનું આયુષ્ય ન હોય, નીતિના દ્વેષીને ત્યાં લક્ષ્મી ન હોય અને ધર્મના દ્વેષીને તો કશું જ મળે નહિ" તે ધર્મને પણ ફુલટાની જેમ જ કર્યો ને ? આનંદ - પ્રમોદ, મોજ - મજામાં એવી એવી ગફલતો કરી તેના પરિણામ આજે નજરે જોઈ - અનુભવી રહ્યો છે. રાંડ્યા પછી ડહાપણ શા કામનું ? હજી પણ આ માનવભવને ઉજાળવો હોય તો કોરી પાટી જેવું જીવન બનાવ અને રોજ વિચાર કે - જેમના ભૃકુટિભંગથી પર્વતો પણ ભાંગતા હતા તે રાજાઓ પણ કાળના ખપ્પરમાં હોમાઈ ગયા, લુપ્ત થયા, નામશેષ થયા, રાવણ જેવો રાવણ પણ ક્યાં ગયો ? ધનમાં, સ્ત્રીની લોલુપતામાં, ખાવા - પીવા દિમાં, સુખ સમૃદ્ધિ, ઐશ્વર્ય, માન - મોટાઈથી કોઈ તૃપ્ત થયું નથી, થતું નથી, થશે પણ નહિ. એ બધા ફોગટ ફાંફા ખોળા છે, ચારેય તરફ ઝુલાવનાર છે, ભૂલભૂલામણી છે, મોહના ચાળા છે માટે એ બધી આળપંપાળ છોડવાના અર્થે દૂર થા. મારા પણાની મોહ - મમતા - મમતાથી બચ. આ તો મોહના ચાળા છે, મૂઢતાનો વિલાસ છે, તે બધી લપ છપ મૂકી દે. કમમ કમ હું માનવ બનું તો પણ સારું તે માટે પણ સર્વજ્ઞ ભગવંત કથિત ધર્મનો સ્વીકાર કર, શક્તિ મુજબ જીવનમાં આચરણ કર, મોટા બણગા મૂકી દે, વેવલાગિરિને વશ ન થા, પશુતાને અને રાક્ષસ વૃત્તિને વધારનારી તારી ચતુરાઈમાં પૂળો મૂક. જે તારી વૃત્તિઓને ચકરે, વાસનાને વધારે, દોષોને જન્માડે અને સદ્‌ગુણોને ભગાડે તેવી આ ચતુરાઈથી શું ? તારે આત્માને માનવમાંથી મહામાનવ બનાવી પ્રભુતાઈને પમાડતે ચતુરાઈને આદર. તેમાં જ તારું તારા કુટુંબ - પરિવાર, સ્નેહી - સંબંધી પરિચિત સૌનું સાચું હિત છે.

આવા માનવતાના ગુણોને પ્રાપ્ત કરી તારો જીવનપંથ ઉજાળ ! શિવાસ્તે પન્થાન ! ■

Be wise to advice

In a Jungle on a big tree a stork was living, A serpant was also living in the hole of the roof of that tree. Serpant used to eat and gulpdown all the youndones of the stork.

In sheer ageny the Weeping stork went on the bank of the pond. A fish, on hearing the stork cry, looked up above the surface of water and said uncle what makes you cry ? Bear it and tell me youer misery. The stork said, I am miserable that snake over ther kills my yound ones. If there is any way of getting rid of him please tell king of fish !

Fish thought for a while and brooded that this stork is our natural enemy. If the serpent kills his yound ones it is quite a rightful thing.

He told the stork-"A mangoose can kill serpant. You put the pieces of meat on all the way from mangoose's hole to that of the serpants. He will go their and kill him (serpant).

Stock did as was told. The mangoose killed the serpant as well as all storks.

The foolish stork could never foresee the result of his solution which eventually killed him. A person with sound discerning power thinks ahead of the calamity which may result from the trick employed. Otherwise the would suffer fate like the foolish stork.

વિષયાસક્તિની વિષમતા

— પૂ. આચાર્યદેવ શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

ઈચ્છાનો જે માલિક છે, તે દુન્યવી સામગ્રી તેની પાસે ઘણી હોય કે થોડી હોય તો પણ સુખી બની શકે છે અને ઈચ્છાઓ જે ગુલામ છે, તે તેની પાસે દુન્યવી સામગ્રી ઘણી હોય તોય દુઃખી થાય છે. ત્યારે હવે તમે તમારી ઈચ્છા ઉપર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરવાના ? એ માટે પહેલાં તો સારી સારી ઈચ્છાઓ કરવાનો અભ્યાસ પાડવો પડશે અને ખરાબ ઈચ્છા થઈ જાય તેને ડામી દેવાના પ્રયત્ન કરવા પડશે. હમણાં તમને તમે નહિ ઈચ્છો તોય નહિ. કરવા જેવી ઈચ્છાઓ થઈ જવાની; પણ પ્રયત્ન એવો કરો કે-એ ઈચ્છાને વચનમાં આવવા દેવી નહિ, વચનમાં આવે તોય કાયાથી એનો અમલ કરવો નહિ અને તેમાં પણ નાસીપાસ થવાય તોય એવા વિચારો કર્યા કરવા કે જેથી એવી ઈચ્છાઓ ફુંવાયા કરે. સાથે સાથે એમ કરવું કે - સારી ઈચ્છા થાય તેની સાથે જ તેનો અમલ કરવાનો પ્રયત્ન કરવો. આમ ઈચ્છાઓના માલિક બની જવાશે અને એમ કરતે કરતે પરમર્ષિ પણ બની જવાશે. જેનું પોતાની ઈચ્છાઓના ઉપર કશું જ આધિપત્ય નથી, તે તો માણસાઈને પણ ક્યારે ગુમાવી બેસશે, તે કહી શકાય નહિ. માટે કોઈ પણ ઈચ્છા પેદા થાય, એટલે જોવું કે - આ ઈચ્છાનો અમલ મારે માટે લાભદાયી છે કે નુકશાન કરનારો છે ? જો આત્માને અંગે લાભદાયી લાગે, તો તેનો અમલ કરવામાં આળસ પણ કરવી નહિ અને આત્મા ને અંગે નુકશાન કરનાર લાગે તો એ ઈચ્છાને ડામવાનો પ્રયત્ન કરવો.

આટલું કરશો, તો તમે ઘરમાં પણ ઘણા સુખી થઈ જશો. ઘરમાં પણ તમે જો આ વાત કરશો અને બધાં જો આ રીતિએ વર્તવાનો પ્રયત્ન કરવા માંડશે, તો એથી આજે ઘરમાં જે ક્લેશમય વાતાવરણ છે તે દૂર થઈ જશે અને સુખશાન્તિમય વાતાવરણ લાવા માંડશે. ઘરમાં કહેવું કે- 'આ જોઈએ ને તે જોઈએ, એમ કર્યા કરવું તે સારું નથી. જરૂરિયાતોને વધારવામાં સુખ નથી પણ દુઃખ છે. સુખ તો જરૂરિયાતોને ઘટાડવામાં છે. ઈચ્છાઓ કરો નહિ અને કરો તો સારી કરો. આજ તમને લાગે છે કે - આ મળે એટલે સુખ અને તે મળે એટલે સુખ, પણ સંતોષમાં અને ઈચ્છારહિતપણામાં જે સુખ છે, તે જ સ્વાધીન સુખ છે. આજે તો ઠીક છે કે- તમે જે ઈચ્છો છો તે હું લાવી શકું છું, પણ એવોય વખત આવે લાગે કે - તમે ઘણું ઈચ્છો અને હું કાંઈ લાવી શકું નહિ. એવા વખતે, તમે જો તમારી ઈચ્છાઓ ઉપર કાબૂ નહિ કેળવ્યો હોય, તો આપણી વચ્ચે નિરર્થકનો વિપ્લવ જાગે અને એથી દુઃખ થશે. માટે એ રીતિએ દુઃખને અનુભવવાનો વખત આવે નહિ, એવો ઉપાય પહેલેથી જ કરવા માંડો ને ?'

સ૦ અમે કહીએ તો ખરા, પણ માને તો ને ?

જો આશ્રિતો પણ કહેલું ન માનતાં હોય, તો એ ઘરમાં રહેવું તમને પસંદ કેમ પડે છે ? કોઈ ખરાબ વાત હોય તો જુદી વસ્તુ છે; પણ સારી ને હિતકારી વાત તમે કહો તોય ન માને ? બનવાજોગ છે કે- એમનો આવેશ જોરદાર હોય એથી એ માને નહિ, પણ તમારો આવેશ જો કાબૂમાં હોય તો તમે એમના આવેશને તાબે નહિ થવું, એટલું તો કરી શકો ને ? પણ વાત એ છે કે- પોતે જ વિષયના ગુલામ હોય ત્યાં શું થાય ? 'આ જોઈએ ને તે જોઈએ.' - એવી ગુલામી જેના પોતાનામાં જ હોય, તે શું કરી શકે ? આ વાત એવી નથી કે - અત્યાચારથી સમજાવી શકાય ને મનાવી શકાય. સહનશીલ બનીને સમજાવીને મનાવી શકાય એવી આ વાત છે. પોતે એવા શાણા બની જવું કે - ઘરનાંને, આશ્રિતોને રાહ પર આવ્યા વિના ચાલે જ નહિ. આમ છતાં પણ, જો કોઈ જીવ ભારેકર્મી હોય અગર તેનો મોહ જોરદાર હોય, તો તમારે એની દયા ચિન્તવવી અને તમારે પોતે યોગ્ય માર્ગે ચાલ્યા કરવાનો પ્રયત્ન કર્યા કરવો.

દુનિયાદારી સારી રીતિએ પસાર થાય, એ માટે દુનિયામાં કેટલાક માણસો પોતાના વિષય-કષાયના જો

ઉપર કાબૂ રાખીને વર્તે છે.

એક બ્રાહ્મણીને ત્રણ દીકરીઓ હતી. એણે વિચાર કર્યો કે- 'છોકરીઓ તો પારકા ઘરની કહેવાય. માટે એને એવી કેળવીને મોકલવી જોઈએ, કે જેથી એ ત્યાં દુઃખી ન થાય અને સુખી થાય. એને શીખવવું જોઈએ કે-ધણીની સાથે કેમ વર્તાય અને કેમ ન વર્તાય ? કેમ કે- પારકા ઘરની થવાની !'

તમેય એમ જ માનો છો ને ? શું ? છોકરો તમારા ઘરનો; છોકરી તમારા ઘરની નહિ; એમ ને ? એટલે તેમને ઘરે છોકરો આવે તે પસંદ પડે અને છોકરી આવે તે પસંદ પડે નહિ, એમ ખરું ને ? તમારી તે કાંઈ વાત થાય એવી છે ? દરેક વાતમાં, તમારી પસંદગી પાછળ અને તમારી નાપસંદગી પાછળ, તમારો કયો ભાવ રહેલો હોય છે, તે કહેવાની જરૂર છે ? સમજી ગયા ને તમે ?

પેલી બ્રાહ્મણીએ પોતાની ત્રણેય દીકરીઓને કેળવીને તૈયાર કરી. હવે તેમણે તેમના ધણીની સાથે કેવી રીતિએ વર્તવું - એનો નિર્ણય કરવાને માટે, એણે એક યુક્તિ શોધી કાઢી. મોટી દીકરીને પરણાવી અને જ્યારે વળાવવાનો વખત આવ્યો, ત્યારે બ્રાહ્મણીએ એને કહ્યું કે- 'જ્યારે તારો પતિ તારા કમરામાં આવે અને તારી પાસે આવે, ત્યારે ત્યારે એને એકદમ એવી લાત મારવી, કે જેથી તે ગબડી પડે !'

મા છે. છોકરી સમજે છે કે- 'મા મને જે કાંઈ કહે છે તે મારા ભલાને માટે જ કહે છે.' એટલે એણે માએ કહ્યું હતું તેમ જ કરવાનો નિર્ણય કરી લીધો અને જ્યારે કહેલો અવસર આવી પહોંચ્યો, એટલે એણે એમ કર્યું પણ ખરું !

બ્રાહ્મણીએ જેમ કહ્યું હતું તેમ આણે તો લાત મારી દીધી. એની લાતથી એનો પતિ નીચે ગબડી પડ્યો, પણ તરત જ એ બેઠો થઈ ગયો. બેઠા થઈને એણે એની પત્નીના પગને પંપાળવા માંડ્યો અને પૂછ્યું કે- 'શું થઈ ગયું ? તને કાંઈક થઈ ગયું લાગે છે. એ વિના તું આમ કરે નહિ. તું જરા આરામ કર. તારા પગને તો વાગ્યું નથી ને ?'

બીજે દિવસે બ્રાહ્મણીએ એ છોકરીને પૂછ્યું કે- 'શું બન્યું ?' એટલે છોકરીએ જે બનેલું તે બધું કહી સંભળાવ્યું. મા મનમાં ખુશ થઈ. એણે એની છોકરીને કહ્યું કે- 'તું બહુ સમજીબદાર છો. તારા ઘરમાં હવે તું તને ફાવે તેમ વર્તજે. એમાં ચિન્તા કરવાને કોઈ કારણ નથી.'

બ્રાહ્મણી સમજી ગઈ કે- 'માણસ ન મર્દ છે, એટલે છોકરી ગમે તેમ વર્તશે તો પણ વાંધો નહિ આવે. છોકરીને એને તાબે નહિ થવું પડે, પણ છોકરીને તાબે એ રહેશે.'

પછી બીજી છોકરીને પરણાવીને વળાવતી વખતે પણ બ્રાહ્મણીએ એ જ મુજબ કરવાનું બીજી છોકરીને કહ્યું. બીજી છોકરીએ પણ માએ કહેલો અવસર આવી લાગ્યો, એટલે પોતાના પતિને જોરથી લાત મારી દીધી. એ નાથી એ પણ ગબડી પડ્યો, પણ ઝટ ઉભો થઈ ગયો. એની આંખ લાલઘુમ થઈ ગઈ. ગુસ્સામાં તેણે પૂછ્યું કે- 'તેં કેમ આમ કર્યું ?' એટલે પેલી કહે છે કે- 'એ તો મારી બાએ એમ કરવાનું કહેલું તેથી મેં એમ કર્યું.' એનો પતિ ઠંડો પડી ગયો. પાસે બેસી ગયો. અને ધીરેથી કહેવા લાગ્યો કે- 'જો, હવેથી આવું ના કરતી. મા તો કહે, પણ આપણે વિચારીએ ને કે આમ થાય કે ન થાય ?' પછી એ એવી રીતિએ વર્તવા લાગ્યો કે- જાણે કાંઈ બન્યું જ નથી.

બીજે દિવસે એ છોકરી જ્યારે એની મા ને ઘરે આવી, ત્યારે બ્રાહ્મણીએ રાતના શું બન્યું તે પૂછ્યું અને પેલીએ રાતના જે કાંઈ બન્યું હતું તે બધું કહી સંભળાવ્યું. બ્રાહ્મણી સમજી ગઈ કે- 'માણસ પેલા જેવો સાવ નામર્દ તો નથી, પણ પૂરો મર્દેય નથી.' એટલે એણે પોતાની બીજી દીકરીને કહ્યું કે- 'તારા ઘરમાં તું જરા સંભાળીને ચાલજે. કરવું બધું, પણ જ્યાં એ ગુસ્સે થાય એટલે વાત મૂકી દેવી. જરાક ઠંડકથી કામ લઈશ, તો તારું ધાર્યું જ થશે. અવસરે જરા જાળવી લેવું, બાકી કાંઈ વાંધા જેવું નથી.'

હવે ત્રીજી છોકરીનો વારો આવ્યો. બ્રાહ્મણીએ તો એને પણ પરણાવીને વળાવતી વખતે એ જ માર્ગ એના ધણીને લાત મારવાનું કહીને મોકલી. ત્રીજી છોકરીએય, માએ કહેલો અવસર આવી લાગ્યો એટલે એ ના ધણીને જોરથી લાત મારી દીધી. જેવી પેલીએ લાત મારી, એવો જ આ એવો ગુસ્સામાં આવી ગયો કે - સખ્ત શિક્ષા કરી દીધી અને ધક્કે મારીને ઓરડાની બહાર કાઢી મૂકી. પેલીએ ખુલાસો કરવા માંડ્યો, પણ એણે તો એનું કાંઈ સાંભળ્યું જ નહિ. પેલી ઘણી ઘણી કરગરી, પણ એની સામે એણે તો જોયું જ નહિ. એક જ વાત કહી દીધી કે- 'તું મારા ઘરમાં

જોઈએ નહિ. જા તારી માને ઘરે. એનેય ખબર પડે કે - એની છોકરી કેવી ઉદ્ધત પાકી છે. હું તો તારું મોઢુંય જોવા માગતો નથી.' પેલી આખી રાત રડતી રડતી ઓરડા બહાર બેસી રહી, પણ કોઈ ના ધાર્યું એને બોલાવી નહિ.

સવાર પડતાંની સાથે જ એ છોકરી એની માની પાસે ગઈ અને રડતી રડતી કહેવા લાગી કે - 'તેં મારું સત્યાનાશ કાઢી નાંખ્યું.'

બ્રાહ્મણી પૂછે છે કે - 'પણ થયું શું ?'

છોકરીએ રોતાં રોતાં રાતની બનેલી બધી વિગત કહી સંભળાવી. બ્રાહ્મણીએ તેને આશ્વાસન આપીને કહ્યું કે - 'જરા ધીરજ રાખ. સૌ સારાં વાનાં થશે. તને મેં જે કહ્યું હતું તે તારા ભલા ને માટે જ કહ્યું હતું, પણ એ વાત પછી.'

છોકરીને આશ્વાસન આપીને, બ્રાહ્મણી, પોતાના ત્રીજા જમાઈની પાસે પહોંચી ગઈ. એને ખબર હતી કે - આજે તો એ બોલાવવા છતાં પણ નહિ બોલે. બ્રાહ્મણી ગઈ ત્યારે પેલો માણસ ગુસ્સામાં હતો, પણ બ્રાહ્મણી એને એકાન્તમાં લઈ ગઈ. પછી એણે કહ્યું કે - 'તમે તે કેવા ગુસ્સેબાજ માણસ છો ? તમને એટલોય વિચાર ન આવ્યો કે - સ્ત્રી થઈને આવેલી પહેલા જ પ્રસંગે વગર કારણે લાત મારે છે, ત્યારે એમાં કોઈ ગૂઢ કારણ હશે ? તમે તો માની લીધું કે - મારી છોકરી ઉદ્ધત છે અને કાઢી મૂકી ! પણ મને કહેવા જેટલું તો તમારે થોભવું જોઈતું હતું ને ?'

પેલો કહે છે કે - 'આવું કરે તમારી દીકરી અને હું તમને કહેવા આવું, એમ ?'

બ્રાહ્મણી કહે છે કે - 'પણ સંજોગ તો જોવાય ને ? આ તો પહેલો પ્રસંગ હતો. આમાં તો વિધિઓ ઘણી હોય. કુળનો જે રિવાજ હોય, તે કર્યા વિના ચાલે નહિ. મને શી ખબર કે - તમે આટલા બધા ઉતાવળા હશો ? મને ખબર હોત તો હું તમને પહેલેથી જ કહી જાત કે - અમારા કુળનો અમુક રિવાજ છે, માટે મારી દીકરી એ રિવાજનું પાલન કરે તો તેથી ગુસ્સે થશો નહિ.'

તોય પેલો કહે છે કે - 'આવો રિવાજ તે હોતો હશે ?'

બ્રાહ્મણીએ કહ્યું કે - 'રિવાજ ગમે તેવો ખરાબ હોય, પણ તમારા બન્નેના ભલાની ખાતર એ રિવાજને પાળવો જોઈએ. રિવાજને ન પાળ્યો અને તમે બન્ને દુઃખી થઈ ગયાં, તો જીંદગીભરમાં કાંઈ ફરીથી એવો અવસર થોડો જ લાવી શકાય તેમ હતું ? બાકી મારી છોકરી તો એવી વિનયશીલ છે કે - તમે જ્યારે પરિચય કરશો, ત્યારે કહેશો કે - દરેક માએ પોતાની છોકરીને આવી જ રીતે કેળવવી જોઈએ.'

બ્રાહ્મણીએ આટલું કહ્યું ત્યારે પેલાએ માન્યું અને કહ્યું કે - 'સારું, જો એમ હોય તો તમારી છોકરીને મોકલજો હું રાખીશ. પણ કહીને મોકલજો કે - જેમ હું કહું તેમ વર્તશે તો જ ઘરમાં એનાથી રહી શકાશે.'

બ્રાહ્મણીએ કહ્યું કે - 'એ એમ જ વર્તવાની છે. એ બાબતમાં હવે તમે ચિન્તા કરો નહિ અને રાતની વાત ભૂલી જાવ.'

આમ કહીને બ્રાહ્મણી ત્યાંથી ઉઠીને ઘરે આવી. એ સમજી ગઈ કે - 'આ માણસ પૂરો મર્દ છે; આની જોડે તો જ જાણીને જીવે તે જ સુખે જીવી શકે.'

એણે પોતાની છોકરીને કહ્યું કે - 'જો, હું તારા વર મળીને સમજાવી આવી છું. હવે એ રાતની વાતને સંભારશે પણ નહિ અને તારા ઉપર ગુસ્સો પણ રાખશે નહિ. પણ જે કરવાનું તને કહ્યું હતું, તે તારા ભલાને માટે જ કહ્યું હતું તને ને મને માણસની ઓળખ થઈ ગઈ. ખબર ન હોત ને પાછળથી ભૂલ કરી હોત, તો તેને સુધારવાની તક મળત નહિ. આ તો એવી સમજ મળી ગઈ કે - ભવિષ્યમાં ભૂલ જ થવા પામે નહિ. હવે હું તને પૂછું છું કે - તારે તારા ઘરે સુખી થવું છે ? તારા પતિને તારે તારો બનાવવો છે ? એ ઘરને તારે તારું જ ઘર બનાવી દેવું છે ? જો તારે એ ઘરને તારું જ ઘર બનાવી દેવુ હોય, તારે તારા પતિને તારો બનાવી લેવો હોય અને તારે તારા ઘરે સુખી થવું હોય, તો એને માટેનો ઉપાય એક જ છે અને તે એ કે - તારે તારા પતિની ઈચ્છા સામે જ જોયા કરવું. તારે તે જ કરવું, કે જે એને અનુકૂળ હોય અને જે એને પ્રતિકૂળ હોય તે કરવાની તારે ઈચ્છા સરખી પણ કરવી નહિ. જેટલી તું એને આધીન બનીશ, તેટલો જ તેને તું તારે આધીન બનાવી શકીશ. માટે એને સાચવીને ચાલજે અને સુખે રહેજે.'

સંસાર એ મારું વાસ્તવિક સ્થાન નથી, પણ મોક્ષ જ મારું વાસ્તવિક સ્થાન છે :

વાત એ છે કે - ત્રણેય છોકરીઓના પતિ વિષયની

અભિલાષાવાળા તો હતા, પણ તેમાં તરતમતા હતી ને ? માણસ જેમ જેમ વિષયનો ભૂખ્યો બને છે, તેમ તેમ સંસારમાં પગ તે નામર્દ બને છે. સંસારમાંય સુખી થવાને માટે સમજીને વ્યવહાર કરવો પડે છે. છોકરીઓને પારકે ઘરે રહેવાનું હોય છે, તો સમજીને રહેવું પડે છે ને ? તેમ, આપણે પણ અત્યારે ક્યાં છીએ ? વર્ત્તમાનમાં આપણે ક્યાં ફરીએ છીએ ? અનાદિકાળથી આપણે આ સંસારમાં ભટકીએ છીએ ને ? પણ આ સંસાર એ કાંઈ આપણું ખરેખરું સ્થાન છે ? જ્યાં આપણે આપણી ઈચ્છા મુજબ રહી શકીએ નહિ અને જે સ્થાને જવાની આપણી ઈચ્છા ન હોય તેવા સ્થાને પણ આપણે ફરજિયાત જવું પડે, તેને આપણું સ્થાન કહેવાય ખરું ? ચાહે દેવલોક હોય કે ચાહે મનુષ્યલોક હોય, પણ આત્માનું ખરેખરું સ્થાન કયું ?

સ૦ મોક્ષ.

ત્યારે તો મામલો ઘણો ઠેકાણે છે. મોક્ષ જ આપણું વાસ્તવિક સ્થાન છે. એટલે, આ શહેર એ પણ તમારું સ્થાન નહિ ને ? આ દેશ પણ તમારું સ્થાન નહિ ને ? તમારું ગણાતું ઘર પણ તમારું સ્થાન નહિ ને ? સંસાર એ મારું વાસ્તવિક સ્થાન નથી. મોક્ષ જ મારું વાસ્તવિક સ્થાન છે, આટલું પક્કી થઈ ગયું, એટલે હવે સુખનાં સાધનો ઝટ હાથ લાગી જશે. મોક્ષ જ આપણું સ્થાન છે, પણ એ સ્થાને પહોંચાય નહિ ત્યાં સુધી તો સંસારમાં રહેવું પડશે ને ? સંસારમાં રહીને પણ આપણે આપણા વાસ્તવિક સ્થાને પહોંચવાનો પ્રયત્ન કર્યા કરવો પડશે ને ? તો, સંસારમાં રહેવું પડે ત્યાં સુધી પણ જેમ બને તેમ દુઃખી થઈએ નહિ અને સુખી થઈએ, એવંયુ કરવું છે ને ?

ધર્મને અનુકૂળ વર્તન :

ત્રીજી છોકરીને એની માએ પૂછ્યું હતું ને કે- 'પતિને તારો બનાવી લેવો છે ? ઘરને તારું બનાવી લેવું છે ?' તેમ તમે પણ વિચાર કરો કે- 'સંસારમાંય સુખી થવું છે ? સંસારમાં સુખી થતે થતે, જ્યાં અનંત સુખ છે તે પોતાના સ્થાન મોક્ષમાં પહોંચી જવું છે ?' જો હા, તો એ માટે શું કરવું પડશે ? એ છોકરીને સુખી થવાને માટે એની માએ શું કરવાનું કહ્યું ? બધી વાતે કાબૂ રાખવાનું કહ્યું ને ? ત્યાં સુખ આપનારા પતિ છે- એમ માન્યું, તો એને અનુકૂળપણે જ વર્તવાની વાત કરી; તેમ અહીં સુખ આપનાર ધર્મ છે, માટે ધર્મને જ અનુકૂળપણે વર્તવાનો પ્રયત્ન કરવો પડશે ને ? વિષય - કષાયને આધીન બનવું, તે ધર્મને અનુકૂળ કહેવાય કે પ્રતિકૂળ ? પ્રતિકૂળ ! તત્ત્વની અશ્રદ્ધા, એ ધર્મને અનુકૂળ કે તત્ત્વશ્રદ્ધા, એ ધર્મને અનુકૂળ ? તત્ત્વશ્રદ્ધા જ ધર્મને અનુકૂળ ને ? એવી જ રીતિએ, ગુણનો દ્વેષ અને આત્મા સંબંધી અજ્ઞાન એ પણ ધર્મને અનુકૂળ નહિ, પણ ગુણનો રાગ અને આત્મા સંબંધી જ્ઞાન એ ધર્મને અનુકૂળ. આ રીતિએ ધર્મને અનુકૂળ વર્તન કરવાનું ક્યારે બને ? સુખ બીજે નથી પણ આપણા પોતામાં જ છે, એમ લાગે તો ! સંસારમાં હું છું તે પારકા સ્થાનમાં છું, એમ લાગે તો ! તમને તો એ લાગી ગયું ને ? હવે કહો કે - નરકમાં રહેવાની ઈચ્છા નથી, કેમ કે - ત્યાં પ્રાયઃ અવિવેક અને દુઃખ જ છે; તિર્યંચગતિમાં પણ રહેવાની ઈચ્છા નથી, કેમ કે- ત્યાંય ઘણે ભાગે દુઃખ છે અને વિવેકની ઘણી ખામી છે; દેવલોકમાં પણ રહેવાની ઇચ્છા નથી, કેમ કે - ત્યાં સુખ હોવા છતાંય ત્યાંનું સુખ પરાધીન છે અને ત્યાં કદી પણ સદાને માટે રહી શકાતું નથી; અને મનુષ્ય લોકમાંય રહેવાની ઈચ્છા નથી, કેમ કે- અહીં જન્મ, જરા, મરણ આદિ દુઃખો તો છે જ. ત્યારે ક્યાં જવાની ઈચ્છા છે ? તો કે - મોક્ષમાં ! કેમ મોક્ષમાં જવાનો ઉત્સાહ છે ? એ માટે કે - મારે જે સુખ જોઈએ છે, તે સિવાય મોક્ષ બીજે ક્યાંય નથી, એવી ખાતરી છે !

રાજકોટ વર્ધમાન નગરથી ગીરનાર યાત્રા સંઘ

પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. આદિની નિશ્રામાં ગીરનાર છ'રી પાલક સંઘ ડા.વદ ૫ બીડળી, ડા.વદ ૧૪ સુધીની તીર્થમાળ થશે. શ્રી સંઘપતી શાહ નટવરલાલ ડાયાલાલ ઘીવાળા આયોજકો શ્રી સૌભાગ્યચંદ લલચંદ દ્વારા કાંતિલાલ ભગવાનલાલ મહેતા, શિવાલાલ ભુરાભાઇ શાહ, જયંતિલાલ હીરાચંદ વસા, પ્રવીણચંદ કે. શાહ (મુંબઇ), મધુબેન પ્રવીણચંદ્ર શાહ, પંકજભાઇ નટવરલાલ રામચંદ, પ્રેમચંદ શાહ તથા ઓડ ગૃહસ્થ છે. બલાપુર (મહારાષ્ટ્ર) ગામે પૂ. આ. શ્રી રત્નાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ચ. સુદ ૧૪ થી ડા. વદ ૬ સુધી આયોજિત થયેલ.

માનવતા હજી જીવે છે

= પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.

ત્યારે મને લાગ્યું, કે માનવતા હજી જીવંત છે. તે સાવ મરી પરવારી નથી. જ્યારે મેં એક અપંગ માનવની હૃદયભેદક કથા વાંચી.

ગુજરાતની ગરવી ધરા પર જન્મેલો તે વડભાગી માનવ. એક સામાન્ય કુળમાં તેનો જન્મ થયો હોવાથી તેને વારસામાં કરોડોની જાગીર મળે અથવા તો અઢળક મિલ્કત મળે, તેવી આશા સેવી શકાય તેમ નહતી.

સંપત્તિનું બળ ભલે એના કુટુંબ પાસે મામૂલી હતું.

પરંતુ સંસ્કારોનું અને સન્મતિનું બળતો ત્યાં આગમૂલું હતું. ઔદાર્ય, ન્યાય, નીતિ, પ્રામાણિકતા, દાક્ષિણ્ય, પરાર્થ અને કરૂણાના વાયુમંડળમાં તે ઉછર્યો હતો. નામ એનું આપણે પ્રાણય રાખીએ.

પ્રાણય એના લલાટમાં વેદનાના દારૂણ લેખ લખીને આવ્યો હશે ? શું ? પણ હજી એ ધૂળમાં આળોટવાની ઉંમર પૂરી કરે એ પહેલાં જ એના પિતાજીનું આકસ્મિક મોત થયું. કુટુંબ નાનું હતું. એના નિર્વાહની જવાબદારી પ્રાણયની મા ના માથે આવી પડી.

ઘેરઘેર કચરા સાફ કરીને પોતા ઘસીને કે વાસણો માંજીને આ બાઈ માંડ માંડ બસો - પાંચશો કમાતી. જેમાંથી મા - બેટાનો નિર્વાહ થઈ રહેતો. રહેવા માટે ઝૂપડી જેવી જ જર્જરીત ઈમારત હતી. બીજું કશું નહિ.

ક્રમબાધ્યે એકવાર પ્રાણય રોડ - ક્રોસ કરવા ગયો. સામેથી એક રાક્ષસી ટ્રક પૂરપાટ દોડતી આવી રહી હતી. પ્રાણય જરીક અસાવધ રહ્યો. ટ્રકની હડફેટે તે ચઢ્યો. જાણે એનો છૂંદો જ થયો સમજો. પણ ભાગ્યયોગે તે બચી ગયો.

એનું પુણ્ય હજી બચ્યું હશે. આયુષ્યનું ભંડોળ હજી અનામત હશે. એવું જ માનવું રહ્યું.

અફસોસ ! પણ એના બન્નેય પગો ટ્રકના વ્હીલ નીચે ચગદાઈ ગયા. તે બન્નેય પગે અપંગ બની ગયો. રોડની વચ્ચે જ તે ફંગોળાઈ ગયો. ઘાયલ દશામાં બેભાન થઈને ઢળી પડયો. એના પગનો તો કચ્ચરાણ જ નીકળી ગયો તો. મિક્સચરમાં જેમ ફળ ચગદાઈ જાય તેવી જ હાલત તેના પગની થઈ. લોહીનું ખાબોચિયું ત્યાં ભરાઈ ગયું.

આસપાસના કેટલાંય કરૂણાળું માનવો ત્યાં ટોળે વળ્યાં. એમના મૂખમાંથી પણ એક ઉંડી ચીસ નીકળી ગઈ. કેટલાંક દયાળુ લોકોએ તેને સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યો. જ્યાં તેના પગની સર્જરી કરવામાં આવી. પગના બચેલા પણ બચીખુચી રહી ગયેલાં અવશેષો ડોકટરોએ કાપી લીધાં.

આમ, તે બચ્યો ખરો. પણ અર્ધમૃત થઈને. હવેની જીંદગી અર્ધમૃત દશામાં વીતાવ્યે જ છૂટકો હતો. કાયમ માટે બેય પગો લૂંટાઈ જતાં તે શારીરિક અને માનસિક બન્નેય રીતે પડી ભાંગ્યો. બન્નેય પગની ઘોડીઓના સહારે તે થોડું થોડું ચાલી શકતો.

પ્રાણયના અકસ્માતને અને અકસ્માત પછીના ક્રમ્મરતોડ ખર્ચે એની માને સાવ હતાશ કરી મૂકી. એની મા પાસે ત્યારે બેજ વિકલ્પો હતાં. કાંતો એ પોતાના લાડકવાયાને મરવા દે કાંતો એને બચાવવા માટે પોતાની જર્જરીત રૂમ પણ વેંચી દે પછી ભલે બેઘર બની જવું પડે.

મા પાસે એક નાનકડી કોટડી સીવાય કોઈ જાગીર હતી જ ક્યાં ? રોકડ રકમ તો માંડ પેટનો ખાડો ભરાય, એટલી મળતી. આવી કટોકટીની પળે પણ મા એ હિંમત જાળવી રાખી. તેણે પોતાની એકની એક કોટડી પણ વેંચી દીધી. એ દ્વારા જે કાંઈ થોડી ઘણી આવક થઈ, એમાંથી પોતાના લાડકવાયાની શસ્ત્રક્રિયા પછીના દવાના અને ઈલાજના ખર્ચા પૂરા કર્યા.

અફસોસ ! પણ આમ છતાં મા - બેટા બેઘર બની ગયાં. રહેવા માટે કાચી છત પણ હવે બચી નહિ. મા એ થોડોક સમય તો જ્યાં ત્યાં કાઢયો. આ સંયોગોની સહુથી નકારાત્મક અસર પ્રાણયના ભવિષ્ય પર પડી. કેમ કે નાની ઉંમરમાં કુટુંબની આવી દારૂણ દશા સર્જાતા તે કશું જ ભણી શકયો ન લખતાં શીખ્યો ન વાંચતા.

આવી ગંભીર ભીષણ પરિસ્થિતિમાં જ મા ગૂંગળાઈ ગઈ હતી. ત્યાં પ્રાણયના ભાવિનો વિચાર પણ શી રીતે કરે ?

ત્યાં તો પ્રાણયની મા પણ એક ચોમાસાના સમયમાં કમળાના રોગચાળામાં સપડાઈ ગઈ. પૂરા શહેરમાં કમળાનો

પ પ ફેલાયા હતાં. એમા આ વૃદ્ધા પણ પછડાઈ. આમ છતાં પણ આ નારી પાસે પૂરી પચ્ચીશ રૂપિયાની પણ બચત નહતી. હોસ્પિટલમાં દાખલ શી રીતે થાય ? દવાઓ ક્યાંથી ખરીદે. ઉપચાર શાં કરે ?

કેટલાંક માનવતા વાદીઓએ થોડી-ઘણી સહાય પૂરી પાડી. પણ એ તો ચીંગડાં જેવી પૂરવાર થઈ. આભ ફાટ્યું હોય ત્યારે એની શી વિષાત્ ?

કમભાગ્યે કમળાના લાગુ પડેલા વ્યાધિએ આખરી રૂપ ધારણ કરીને કમળીના રૂપમાં ઉથલો માર્યો. ઘેરા શોક, ઘેરી વેદના અને ઘેરી વ્યાધિમાં ફસાયેલી મા મોતની નજીક સરકવા માંડી. એની આંખેથી ગરમ - ગરમ આંસુઓ ટપકવા માંડ્યાં. કાયા એક હાડપિંજર બની ગઈ તી. એક દિવસ કુદરતે પ્રણયના લલાટે કાળચક્ર ઝીંકયું. તેની સગીમાં કમળીના અસાધ્યરોગમાં કણસતી - કણસતી યમસદન પહોંચી ગઈ.

પ્રણયના જીવનપરનો આ સૌથી મોટો વ્રજપાત હતો. એ પોકે પોકે રડી પડ્યો. સીવાય અશ્રુબિંદુઓ, બીજુ એની પાસે બચ્યું પણ શું હતું. એનું સર્વસ્વ છીનવાઈ ગયું તું. એ નિરાધાર અને અનાથ બની ગયો હતો. એણે આ મર્ત્યભૂમિ પર જ નકગિાર જોવા મળ્યો તો. મા ની અંતિમ ક્રિયાતો જેમ - તેમ પૂરી થઈ. ભેગા થયેલા પડોશીઓ અને હિતૈષીઓ પણ મરના આંસુસારીને વિખૂટા પડ્યાં. પણ પ્રણયના ભવિષ્યનું શું ? એ પ્રશ્ન પર કોઈએ સાચું ધ્યાન ન આપ્યું. કોઈએ તેનો હાથ ન ઝાલ્યો. કોઈ તેનું હમ દર્દ ન બન્યું.

તેના જીવન સામે, વતન સામે, આહાર સામે, પ્રશ્નાર્થ ચીહ્નો ઉભાં થઈ ગયાં. પ્રણય એટલી સખ્ત રીતે ઘાયલ થયો તો, કે એ નહતી શકે ન હસી શકે.

દિવસ - બે દિવસ તો પડોશીનાં ભોજન મળ્યાં પણ પછી બધાએ એના તરફથી મોં ફેરવી લીધું. તે રસ્તે રઝળનારો ભિખારી બની ગયો.

આમ છતાં નાનપણ જે સંસ્કૃતિનું, શ્રદ્ધાનું અને ભક્તિનું ધાવણ એણે પીધું હતું, એની પાસે હજીએ અખંડિત હતું. તે આવી કારમી સ્થિતિમાં પણ મન હળવું કરવા વિવિધ મંદિરોમાં પહોંચી જતો. ભક્તિ ગીતો સાંભળતો.

સબૂર ! લાખ ફ્લંક વચ્ચે કુદરતે તેને એક કળાપણ આપી હતી. એ કળા હતી; મધુર કંઠની. એને એવો ટહુકતો - ગુલાબી કંઠ મળ્યો હતો જે શ્રોતાઓને જકડી રાખે.

પ્રણય થોડાંક સમયમાં તો ઘણા બધાં ભક્તિગીતો શીખી ગયો. ફિલ્મી ગીતો પણ તેને આવડતાં. તોય તે નૂ રૂચિ ભક્તિ ગીતો તરફ ઢળેલી રહેતી. હવે, આ ગીતો જ તેની બેસૂરી જીંદગીનો ભાંગ્યો તૂટ્યો પણ સૂર હતો.

તે ઠેરઠેર ફરતો. રેલ ટ્રેનોમાં પ્રવાસ કરતો ડબ્બે - ડબ્બે ફરતો. ગીત ગાતો. ગીતના ઉપહાર સ્વરૂપે જે કોઈ પાંચ-પંદર રૂપિયા મળે, તેમાંથી આજીવિકા ચલાવતો.

એકવાર તે મુંબઈ - અમદાવાદ વચ્ચે દોડતી ગુજરાત એક્સ પ્રેસના એક સામાન્ય કક્ષાના ડબ્બામાં ચઢ્યો. એ જ ડબ્બામાં પાંચ - સાત કોલેજીયન યુવકો પણ ચઢ્યા તાં. સાંભળી ન શકાય એવી અશ્લીલ વાતો તેઓ હોંશ પૂર્વ કરતાં હતાં. અશ્લીલ મેગેઝીનોના પાના ફેરવતાં હતાં. ઠઠ્ઠા - મશ્કરી કરતાં હતાં. ક્યાંક પિકનીક કરીને તેઓ પાછા ફરતાં હશે.

આ અડવીતરા યુવકોએ ગીતો ગાતા પ્રણય ભિખારીને જોયા. એમાંના એકે બૂમ પાડી: અય ભિખારી ! જરા ચાલ્યો આવ. અમને મઝા કરાવ ભિખારી ત્યાં પહોંચ્યો એણે પહેલો જ સૂર છેડ્યો : ''વૈષ્ણવ જન તો તેને રે કહીયે ''...

આવું ધાર્મિક ગીત શરૂ થતાં જ પેલાં ન સ્તિક યુવકો ચિન્નાયા. બધાએ શોર - બકોર કરી મૂક્યો અને ભિખારીને કહ્યું: ના, આવા ધરમ - બરમના ગીતો નથી સાંભળવા. અમારે તો ફિલ્મના હિટ ગીતો સાંભળવા છે. સંભળાવ ચાલ !

સારૂં, જેવી તમારી ઈચ્છા ભાઈ ? પેટ ભરવા માટે અણગમતી વાતો પણ માનવી પડે. ભિખારી બની ગયેલાં પ્રાણે ફિલ્મીગીતોની લય છેડી. એવા હિટ ગીતો ગાયા કે તોફાની છોકરાઓ કૂદવા માંડ્યા. ગીત પૂરા થતાં એક છોકરાએ ખોબો ભરીને રૂપિયાના સિક્કા એની સામે ધર્યા. ગજબ ના કરી લે ! જોઈએ એટલાં ઉઠાવી લે.

ત્યારે ગંભીર વદને તે પ્રાણયે રૂપિયાથી છલ છલ ભરેલાં ખોબામાંથી કેવળ આઠ આનીનો એક સિક્કો ઉઠાવ્યો.

કોલેજના રવાડે મતિભ્રષ્ટ થયેલા યુવકોથી આ પણ સહન થયું નહિ. તેમાણે પૂછયું: અયૂ ! ભિખારી ! તે એક સિક્કો જ કેમ લીધો ?

પ્રણયે જવાબ વાળ્યો : સાબ ! હમ ભિખારી હૈ. લૂંટારુ નહિ.

પેલાં યુવકોનો આ જવાબ સાંભળીને દિઙ્મૂઢ જ રહી ગયાં. **

આપણું ભાવિ - આપણા હાથમાં

— 'રત્નરાજ'

એક નામાંકિત ચિત્રકાર હતો. એકવાર તેને એક નિર્દોષ, ભોળા, પ્રસન્ન બાળકનું ચિત્ર દોરવાનું મન થયું. ઘણી જગ્યાએ ફર્યા પછી તેને જેવું ચિત્ર દોરવું હતું તેવો બાળક મલી ગયો. એવું અદ્‌ભૂત ચિત્ર બનાવ્યું કે બધા આફીન પોકારી ગયા. જાણે સાક્ષાત્ નિર્દોષતા, સાક્ષાત્ ભોળપણ, સૌમ્યતા સદેહે અવતર્યા ન હોય તેવા ભાવો તેને ચિત્રમા અંકિત કર્યા હતા. માટે જ જ્ઞાનિઓ વારંવાર પોકારે છે કે, ધર્મી આત્માએ બાળકના જેવા નિર્દોષ, સરળ, ભોળા બનવું જોઇએ. પણ ઘણા વર્ષો પછી તે ચિત્રકારને એક ખૂંખાર ભયાનક જોતાં જ ડર - ભય પેદા કરે તેવા ડાકુનું ચિત્ર દોરવાનું મન થયું. ઘણી તપાસ પછી એક જેલમાં એક કેદી પોતાના કલ્પના ચિત્રને સાકાર કરનારો મળ્યો. તેનું તેને આબેહૂબ ચિત્ર બનાવ્યું. જે જોતાં જ કઠોર, રૂક્ષ, રૌદ્ર, ભયાનક ચહેરો હોય તેનો ખ્યાલ આવે. અને તે પછી તેની આગળ પોતે જે બાળકનું સૌમ્ય અને શાંત ચિત્ર દોરેલું તે મૂક્યું અને બન્ને ચિત્રો જોવા લાગ્યો. જે કેદીનું ચિત્ર દોરેલું તેને બન્ને ચિત્રો જોવા માગવાથી બતાવ્યા. તો આવો ખુંખાર કેદી પણ બાળકના તે ચિત્રને જોઇ એકદમ રડવા લાગ્યો. બધા આશ્ચર્ય પામ્યા કે આ શું ? ભલભલાને મારતા - ડાટતા જેને ડર ન હતો તેમાં અજબનું આ પરિવર્તન કેમ ! બધાએ તેને એકવાર રડવા લીધો, તેનું મન શાંત થયા પછી સ્વસ્થ બન્યો અને રડવાનું કારણ પૂછ્યું તો તેણે જે જવાબ આપ્યો તે સાંભળી બધા ચોંકી ઉઠ્યા કોઇના માન્યામાં ન આવે તેવી તે વાત હતી.

તેણે કહ્યું કે "વર્ષો પૂર્વે જે નિર્દોષતાની મૂર્તિ સૌમ્યતાની પ્રતિમા, ભોળપણનું પ્રતીક એવા જે બાળકનું આ ચિત્ર તમે દોરેલું તે બાળક બીજો કોઇ નહિ પણ હું જ છું." નાની વયથી હું ખરાબ સોબતે ચઢી ગયો, કુછંદે ચઢી ગયો, માતા - પિતાની સાચી - સારી વાત પણ ન માની અને જૂઠ્ઠું બોલતો, ચોરી કરતો, ખીસ્સા કાતરતો થયો, તેમાં હોંશિયાર અને પાવરધો બન્યો. માતા - પિતાએ કાઢી મૂક્યો અને નામચીન લોકોની સોબતે હું પણ નામચીન ખૂંખાર ડાકુ બની ગયો. ખરેખર ત્યારે જો મેં ખરાબ સોબત છોડી દીધી હોત, માતા - પિતાનું માન્યું હોત તો મારી આવી હાલત ન થાત. તેના હૈયાનો સાચો પશ્ચાતાપ સૌને ભીંજવી ગયો.

મારે તો તમને એ સમજાવવું છે કે, તમારા નાના - નાના બાળકો જૂઠ બોલે, ચોરી કરે તો માતા - પિતા સમજણથી તેને બચાવે તો કામ થાય. પણ આજે માતા - પિતા જ બાળકોને પ્રોત્સાહન આપે તો પરિણામ શું આવે ?

જેમ તમારા ઘરમાં અણગમતા મહેમાન આવી રજાનો દિવસ બગાડશે તેની તમને ખબર પડે તો તમે શું કહો ? નાના છોકરાને કહો ને કે, બેટા ! મહેમાનને કહી દે જે કે મારા મમ્મી - પપ્પા બહાર ગયા છે. આની તે નાના કુમળા મન પર શું અસર પડે ?

જેમ પરીક્ષામાં ચોરી કરી તમારા દીકરા - દીકરી પાસ થઇ જાય તો માતા - પિતા પણ ગૌરવ લે કે, 'મારા દીકરા - દીકરી ચોરી કરે પણ પકડાય નહિ' તેનું પણ ભાવિમાં પરિણામ શું આવે ?

આજના ટી. વી. માં કોઇ નાચનારીના નખરા જોઇ તમારી લાડલી (૪ - ૫ વર્ષની) તેના જેવી એકશન કરે, નાચ કરે તો માતા - પિતા પણ તેને પોરસ ચઢાવે કે તું તો સાક્ષાત્ આ ફિલ્મી નટા જેવી નાચે છે. એટલું નહિ પણ મનગમતા મહેમાન આવે તો તેની પાસે નચાવે. એટલે તે લાડલી માને કે માતા પિતાને આ ગમે છે. અને મોટી થયા પછી કાંઇ 'પરાક્રમ' કરે તો માતા - પિતા કોનો વાંક કાઢે ? પણ બાળપણથી આને આપણે જ મોઢે ચઢાવી, ઘણીવાર તેની અનિચ્છા છતાં પણ પરાણે નચાવી તે આપણી ભૂલ હતી તેમ વિચારે ?

વાચકો ! તમે જ વિચારો કે બાળકોને આપણે કેવા બનાવવા છે ? મારું સંતાન માનવતાનું પ્રેમી છે કે દાનવતાનું પ્રેમી તે માતા - પિતાની કેળવણી પરથી ખ્યાલમાં આવે. માટે રેડસિગ્નલ સમાન આ પ્રસંગો વાંચી - વિચારી સૌ પોતાના જીવનને ઉજાળો અને માનવભવને સાર્થક - સફળ કરો તે પ્રાર્થના. ■

દયાનું ફળ

– પ્રજ્ઞારાજ

જગતના જીવમાત્રના સાચા રક્ષક હોય તો શ્રી જિનેશ્વરદેવના શાસનના યથાર્થ તત્ત્વોને જાણનાર એવા શ્રી સાધુ ભગવંતો છે. જેઓ સંપૂર્ણ દયા પાળે છે. અને તેમની દયા આગળ શ્રાવકની દયા માત્ર સવા વસાની કહેવાય છે. જ્યારે મુનિ માટે ''દયા પાળે વીસવાવીશ... જગજંતુ તાણા જે ઇશ...'' એમ કહેવાય છે.' આત્મવત્ સર્વભૂતેષુ' આ બુદ્ધિ પેદા થયા વિના હૈયામાં દયાનો પરિણામ પણ પેદા થવો કઠીન છે. જેમ મારે સુખ જોઈએ અને દુઃખ ન જોઈએ તેમ જીવ માત્રને સુખ જોઈએ છે અને કોઈને પણ દુઃખ જોઈતું નથી - આ ભાવના આવ્યા વિના દયાનો સામાન્ય પરિણામ પણ પેદા ન થાય. સુખના લોભી - લાલચુ અને દુઃખના કાયર જીવો દયા પાળે એ ન ભૂતો ન ભવિષ્યતિ.

સામાન્યથી દયા પાળે તે આત્માની હાલત કેવી સુંદર બને છે તે વાત મારે સમજાવવી છે. આ જ ભરતક્ષેત્રમાં ગજપુર નગરમાં સુનંદ નામનો એક ગૃહસ્થ હતો અને તેને જિનદાસ નામનો મિત્ર હતો. બન્ને એકવાર રમવા માટે નગરના ઉદ્યાનમાં ગયા અને ત્યાં એક શ્રી સુવ્રત્ત નામના જૈનાચાર્ય ભવ્ય જીવોને ધર્મ સમજાવી રહ્યા હતા. તેથી તે બન્ને પણ તેમને નમસ્કાર કરી ધર્મ દેશના સાંભળવા બેઠા. તે અવસરે પ્રસંગ પામી તે ધર્માચાર્યે માંસભક્ષણના વિપાકો સમજાવ્યા કે જે મનુષ્ય માંસનું ભક્ષણ કરે છે તે ઘણા દુઃખોને ભોગવે છે અને નરકગામી બને છે. નરકમાં જવાના કારણોમાંનું એક કારણ માંસાહાર પણ કહેવાયું છે. ખરેખર જેમાણે નરકાદિની વેદના - દુઃખોનો આછો ખ્યાલ છે તે માણસ ત્યાં જવાય તેવી પ્રવૃત્તિ ક્યારે પણ કરે ખરો ? જે આત્માનું ભાવિ સુંદર હોય તેમને એકવાર સાંભળેલી ધર્મ દેશના પણ અસરકર્તા બને છે. આત્મામાં પરિણામ પામે છે અને ભાવિ અસુંદર હોય તેની તો વાત કરવા જેવી નથી. તેથી હાથે કરીને નુકશાનકારક પ્રવૃત્તિ તો મૂરખ પણ કરે તો વિવેકીજન કરે ખરા ? તે બન્ને પુણ્યાત્માઓને તે દેશના રુચિ ગઈ અને ઘણા બધાની સાથે તે બન્નેએ માંસ નહિ ખાવાનો નિયમ લીધો અને ત્યારથી જીવરક્ષામાં તત્પર બન્યા અને કોઈ જીવની હિંસાને પણ કરતા નથી. ખરેખર ધર્મ હૈયામાં પરિણામ પામે તે પુણ્યાત્માની જાત સાવ જ નોખી - અનોખી હોય છે.

કેટલાક સમય પછી તે પ્રદેશમાં કલ્પાન્તકાલની ઉપમાવાળો ભયાનક દુષ્કાળ પડયો. ભૂખના જેવું બીજું એક દુઃખ નથી, ધાન્યની અપ્રાપ્તિમાં ધીમે ધીમે બધા માંસ ખાવા લાગ્યા. ધર્મની કસોટી અવસરે જ થાય. શુદ્ધ સોનાની જેમ ધર્મી તે કસોટીમાંથી પાર ઉતરે.

સુનંદની પત્ની વારંવાર તેને પ્રેરણા કરે, તિરસ્કાર કરે અને કહે કે ''તમે નદીએ જાવ માછલાને લાવો તો આપણા કુટુંબનો નિર્વાહ થાય. નહિ તો બધા ભૂખે મરીશું''. ત્યારે સુનંદ શાંતિથી પત્નીને સમજાવે કે- ''હે પ્રિયે ! આવું કાર્ય હું કયારેય કરીશ નહિ. આવા કાર્યમાં જીવોની ઘણી હિંસા થાય.'' ત્યારે તેનો અત્યંત તિરસ્કાર કરતી, કઠોર - કર્કશ વચનોમાં તેની પત્ની એ કહ્યું કે ''આ ધર્મનાં ઢીંગલા ક્યાંથી બન્યા ? કોનાથી ભોળવાઈ ગયા ? આવું હોય તો મારી નજર સામે આવતા નહિ.'' પત્નીના મર્મભેદી વાકયોથી દુઃખી થયેલો તે સુનંદ જાળ લઈને માછલા પકડવા નદી કીનારે ગયો. અને નદીમાં જાળ પહોળી કરીને રહ્યો છે. જાળમાં પડેલા માછલાઓને દુઃખી અને તરફડતા જોઈ તેના હૈયામાં દયા - અનુકંપા પેદા થઈ બધા માછલા છોડી દીધા. આવું બે દિવસ સુધી કર્યું. ત્રીજા દિવસે આવું કરતા કોઈ એક માછલાની પાંખ તૂટી ગઈ. તે જોઈને સુનંદ અતિ દુઃખી દુઃખી થઈ ગયો. અને પોતાના ઘરે પાછો આવી, કુટુંબીઓને કહે કે - ''હું ક્યારે પણ નરકના કારણભૂત જીવહિંસાને નહિ કરું''. એમ કહી ઘરનો ત્યાગ કરી ગયો.

ભાગ્યશાલીઓ વિચારો કે નિયમ પાલનની મક્કમતા કેવી, કુટુંબના મોહે પણ નિયમનો ભંગ ન જ કર્યો ! આજે આપણા નિયમની બારે ભાગોળ ખુલ્લી. આજે માંદે પડયા પછી નિયમ પાલનમાં આનંદ કયાંથી આવે ? નાનો પણ નિયમ જો આવી દૃઢતાથી પળાય તો આત્માની મુક્તિ આ રહી ! જૈનેતરકુલમાં ઉત્પન્ન થયેલા આત્માની નિયમમાં દૃઢતા અને મક્કમતા કેવી ! અને જૈનકુળમાં ઉત્પન્ન થયેલા આપણે.... ! આ રીતના તે નિયમપાલનનું સુંદર પાલન કરી દામનક તરીકે ઉત્પન્ન થયો અને ઘણી રિદ્ધિસિદ્ધિ પામ્યો. મરણાંત આપત્તિથી પણ બચ્યો. અને એક માછલીની પાંખ છેદવાથી આ ભવમાં તેનો એક આંગળી કપાઈ.

દયા પાલનમાં જે પુણ્યાત્માઓ આવી દૃઢતા અને મક્કમતા રાખે છે તેઓ દેવ - મનુષ્યોના સુખો ભોગવી મુક્તિ સુખના ભોકતા બને છે. ■

નીતિને નેવે મૂકાય કઈ રીતે ?

– પૂ. આચાર્યદેવશ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

જે સમય ભારતવર્ષના ઇતિહાસનાં પાને સોલંકીયુગ તરીકે સુવર્ણાક્ષરે અમર બનવાનો હતો, એ સમયનો સૂર્યોદય જેવો ઉદ્દનમકાળ પણ ખૂબ જ તેજસ્વી હતો. એની આળ પૂરતી સોલંકી જયસિંહદેવનાં શાસનકાળની આ એક સત્ય ઘટના છે. રાજા - પ્રજા વચ્ચે મા - દીકરી જેવી કેવી હેતપ્રીતની હૂંફ એ કાળમાં રહેતી હતી, એનો તાદૃશ ચિતાર દર્શાવતી આ એક ઐતિહાસિક ઘટના છે.

જયસિંહનું પરાક્રમ પ્રખ્યાત હતું. વિક્રમની તેરમી સદીના થોડાંક દાયકા પહેલાના એ કાળમાં એક મહાન રાજ્ય તરીકે સંપૂર્ણ ભારતમાં ગુજરાત ની ગીત ગવાતાં હતાં. એક એક પછી દુર્જય રાજ્યો પર ગુજરાતનો વિજયધ્વજ પ્રતિષ્ઠિત થતો જતો હતો, અને ગુજરાતનાં ગૌરવમાં વધારો થતો જતો હતો, એમાં પણ જયસિંહદેવે જ્યારે બાર બાર વર્ષ સુધી યુદ્ધ આપીને માળવાને હરાવ્યું અને માલવાનરેશ યશોવર્માને કેદ કર્યો, ત્યારે તો ગુજરાતનાં ગૌરવ - ગાનથી ભારતવર્ષનો વિરાટ ગુંબજ છવાઈ ગયો.

> જેમ રાગના પૂર્ણ વેગે વૈભવો રાજાઓને ભોગવવા છતાં કંટાળો ઉપજતો નથી, તેમ વિમાનપ (જીવોને) ચોરાશી લાખ જીવાયોનિઓમા ફિરાવ કર્મથી અધમ બનેલા જીવોને ચારેય ભટકવા છતાં, 'આ ચક્કર કયારે છૂટકારો થશે' એવો ઉદ્વેગ જાગતો નથી. આનાથી જ એટલે જ ચક્કર કર્મનો ક્ષય કરવા માટે જીવો ઉદ્યમ કરતા નથી. (પ-૬૬ ઉત્તરાધ્યયન સૂત્ર)

ગુજરાત માટે માળવાનું રાજ્ય વર્ષોથી અજેય રહ્યું હતું. આ પૂર્વે અનેકાનેક યુદ્ધો થયા હતા, પણ માળવા પર વિજય નહોતો મળ્યો. એથી જયસિંહદેવને માળવા - વિજય પછી, ભલભલાને જેની ઈર્ષા આવે, એવું માન - સન્માન મળે, એ કંઈ નવાઈની વાત નહોતી. ૧૨-૧૨ વર્ષ સુધી ઝઝૂમ્યા પછી માળવા પર વિજય મળ્યો હતો. આ વિજય મેળવવા માટે ગુજરાતને લડવૈયાઓ અને લક્ષ્મીનો ઘણો મોટો ભોગ આપવો પડયો હતો, પણ અંતે ભવ્ય વિજય મળ્યો હતો, એ હકીકતને કબૂલ્યા વિના તો માળવાનેય ચાલે એમ નહતું. ગુજરાતને મન આ જ મોટી સિદ્ધિ હતી.

માળવામાં ગુજરાતની મનભર વિજયયાત્રા માણીને અને ત્યાં ગુજરાતનો કુર્કુટધ્વજ ફરકાવીને જયસિંહદેવ એક દહાડો ગુજરાત તરફ પાછા ફર્યા. નગરેનગરે અને ગામડે ગામડે સોલંકીશ્રી જયસિંહદેવનું એવું સ્વાગત થતું કે, એથી દિવસે દિવસે ગુજરાતનું ગૌરવ વૃદ્ધિગત બનતું જાય.

એક બાજુ વિજયોલ્લાસના આવા અબીલગુલાલ ઉડી રહ્યા ત્યાં બીજી બાજુ એ અજબ ગજબની ચિંતા એકાએક જ ઉભી થઈ જવા પામી. ૧૨ / ૧૨ વર્ષ સુધી જયસિંહદેવને સંગ્રામ ખેલવો પડયો હતો, એથી સંપત્તિનો આગણાણ વ્યય થયો હોય, એ કોઈ અસંભવિત બાબત ન હતી. આણહિલપુર પાટણ હવે કંઈ ખૂબ દૂર પણ ન હતું. પાટણ પહોંચતા ત્રણ ચાર દિવસ જ થાય, એમ હતા. પરંતુ સૈન્યના લેખાધિકારીએ જે સમાચાર આપ્યા હતા, એ ચિંતાજનક હતા. એણે કહ્યું હતું કે, હવે આટલા મોટા સૈન્યની ભોજન તેમજ આવાસની વ્યવસ્થા કરવી હોય, તો ઓછામાં ઓછી લાખેક સુવર્ણમુદ્રાઓનો પુરવઠો હોવો જ જોઈએ.

રોજનો હજારોનો ખર્ચ હતો અને વિજયયાત્રાની કાળમર્યાદા ઘણી મોટી બની જવા પામી હતી. આ સિવાય આર્થિક પુરવઠાની ખેંચ ઉભી થવામાં મહત્વનું કારણ પુરવઠાના તંબુમાં એકાએક લાગેલી એક આગ પણ હતી. આ આગ ન લાગી હોત, તો હજી ગમે તે રીતે પાટણ પહોંચી જવાત. પણ આ આગ લાગતા તાત્કાલિક લાખેક સુવર્ણ મુદ્રાઓની સગવડ ઉભી કરવી, મહામાત્ય ઉદયન મહેતાને માટે અનિવાર્ય બની જવા પામી.

આમ તો આ પ્રશ્ન કંઈ બહું ચિંતાજનક ન બનત. પણ જયસિંહદેવના કેટલાંક નીતિનિયમો એવા તો કડક હતા કે, જેથી આ મુદ્દે મહામાત્ય જેવા મહામાત્યને પણ જરા ચિંતિત બનવું પડયું. જયસિંહદેવે એવી નીતિ ઘડી રાખી હતી કે, સેના માટે જરૂરી કોઈ પણ ચીજ ઉધાર લાવવી નહિ. પછી બળાત્કારે કોઈ ચીજને ઉઠાવી લાવવાનો તો પ્રશ્ન જ ક્યાં રહેતો હતો ? ઉધાર જ શા માટે, ભેટ તરીકે કીમતી ચીજો પણ પોતાના પ્રજાવત્સલ રાજવીના ચરણે ધરી દેવામાં કોઈ પણ પ્રજાજન આનાકાની કરે એવો ન હતો. તો પછી કોઈ ચીજ ઉધાર તરીકે આપવા તો કોણ તૈયાર ન થાય ? છતાં ભવિષ્યમાં એની ઉઘરાણી કરતા પ્રજાને સંકોચ થાય તેમજ રાજવીની આવી ઉધારવૃત્તિ શોભાસ્પદ પણ ન ગણાય, આ જ દૃષ્ટિથી જયસિંહ દેવે આવો કાયદો ઘડ્યો હતો.

લેખાધિકારીએ જ્યારે ચિંતાજનક આ મુદ્દો ઉપસ્થિત કર્યો, ત્યારે સૈન્યનો પડાવ દાવડ નામના એક ગામમાં હતો. સાબરમતીના કિનારે આજના વિજાપુર / વીસનગરની નજીકમાં વસેલું દાવણ

ગામ ત્યારે દેવકીપટ્ટન તરીકે પ્રખ્યાત હતું. આ ગામમાં ત્યારે એક અબજોપતિ શ્રેષ્ઠિ તરીકે મોતીચંદનું નામ ખૂબ ખૂબ પ્રખ્યાત હતું. મંત્રીશ્વર ઉદયન મોતીચંદના નામકામથી પરિચિત હતા. કોઈ રાજસેવક પાટણ જાય અને લાખેક સુવર્ણ મુદ્રાઓ લઈને પાછો આવે, એ શક્ય ન હતું. કેમ કે પાટણ - પ્રવેશના મુહૂર્ત આડે ચારેક દિવસ જ બાકી હતા. એથી મહામાત્યે મોતીચંદ શેઠને બોલાવ્યા.

થોડીક ઔપચારિક વાતો કર્યા બાદ, સૈન્યમાં સર્જાયેલી આર્થિક - કટોકટીની જાણકારી આપી ત્યારે મહામાત્યને શેઠે કહ્યું: ઓહ ! આટલી જ વાત છે ને ? આવો લાભ મને ક્યારે ? આપ સૌએ તો ગુજરાતનું ગૌરવ વધારવામાં તન - મન - જીવનનું સમર્પણ કરી દીધું છે. ત્યારે આટલી મામૂલી સંપત્તિનું સમર્પણ કરવાની તક મને આપવાની ઉદારતા નહિ દાખવો શું ?

પ્રજાનો રાજ્યપ્રેમ આ જવાબમાં તરવરતો હતો. મહામાત્યે આવા શ્રેષ્ઠીને ગુજરાતના ગૌરવ તરીકે બિરદાવતા કહ્યું: ગુજરાત તમારા જેવી રાજ્યપ્રેમી પ્રજા બદલ ગૌરવ અનુભવે છે. આપની આ ઉદારતા આવકાર્ય છે. પણ મહારાજા જયસિંહદેવની નીતિને નેવે મૂકીને તો મારાથી આ ઉદારતાને આવકારાય નહિ ને ?

> પ્રાણીઓને વિષે જ્યા ધર્મ રૂપ ધર્મ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ છે. અને તેજ કારણ થી તે દયા ધર્મથી વજ્રાયુદ્ધચક્રવર્તી જેવા પુરૂષોના હૃદયમાં રહેલો છે. સંગમદેવ પ્રમુખના હૃદયમાં રહેલો નથી. દૃષ્ટાંત કહે છે કે, કલ્પવૃક્ષ મેરુ પર્વતની ચૂલિકા ઉપર હોય છે. પરંતુ મરુ ભૂમિને વિષે હોતું નથી. યાતી ઉંટના દ્વારને વિષે રહેનારો ઐરાવણ હસ્તિ બીજા તુચ્છ રાજાને ત્યાં શું હોય ખરો ? અર્થાત્ ન જ હોય.

મોતીચંદ શેઠે સાશ્ચર્ય પૂછ્યું : કઈ નીતિ ? પ્રજાને રાજ્યનિષ્ઠી કરતા રોકનારી વળી કઈ નીતિ મહારાજાએ ઘડી છે ?

મહાત્માએ કહ્યું : નીતિ તો સામાન્ય છે. સૈન્યને જરૂરી નાની મોટી કોઈ પણ ચીજ ઉધાર ખરીદવી નહિ, જેથી પ્રજાને કોઈ મુશ્કેલી પડે નહિ, આ મહારાજાની નીતિ છે. તો પછી લાખેક સુવર્ણ મુદ્રાઓનું સમર્પણ તો મહારાજા કેવી રીતે માન્ય રાખે ?

મોતીચંદ શેઠની પેઢીએથી રોજની લાખ્ખોની લેવડદેવડ થતી હતી. એથી એમનામાં લાખ્ખો મુદ્રાઓને રાજ્યસમર્પિત કરી દેવાની ભક્તિશક્તિ બંને હતી. પણ મહારાજાની નીતિની વાત આગળ એમને મૌન થઈ જવું પડ્યું. એથી એમણે કહ્યું :

'મહામાત્ય ! તો લાખ સુવર્ણમુદ્રાઓ વિના વ્યાજે લઈ જઈ શકો છો. આટલો લાભ તો મને આપો, આપો ને આપો જ.'

મોતીચંદશેઠનું આટલું વચન પણ માન્ય રખાય, એમ ન હતું. કેમ કે મહામાત્યને જયસિંહદેવના કડક નીતિ - નિયમનનો પૂરો ખ્યાલ હતો. એથી એમણે કહ્યું: મોતીચંદ શેઠ ! આ વાત પણ જયસિંહદેવ માન્ય રાખે, એ સંભવિત જ નથી. માટે તમે વ્યાજ સાથે રકમ આપવાનું કબૂલો, આમાં પણ રાજ્યભક્તિનો લા ૧ તમને મળવાનો જ છે ને ?

ઘણી હા - ના પછી અંતે વ્યાજનો દર ૦ ૦ ૦

એને શિવનિર્માલ્ય ગણી કાઢીશ. બોલો, બરાબર ને ? આ વાયદામાં હજી પણ વધારો કરવો હોય, તો બોલી જાવ. બાકી વાયદાનો નિર્ણય થઈ ગયા બાદ તો રકમમાં ફેરફારને કોઈ જ અવકાશ નહિ રહે, એ મારી મક્કમ નીતિ છે.'

મહામાત્યને મહિનાની મર્યાદા તો ઘણી ઘણી જણાઈ. એથી એમણે કહ્યું: શેઠ મોતીચંદ! મહિનાની મર્યાદા તો ઘણી ઘણી થઈ ગઈ. આ મુદત પૂર્વે જ આ લાખ મુદ્રાઓ પરત કરવાનો હું પ્રયત્ન કરીશ. બાકી મોડામાં મોડા આજથી ત્રીસમા દિવસના સૂર્યાસ્ત પૂર્વે તો વ્યાજ સાથે ચૂકવણી થઈ જ જશે.

જરૂરી લખાણ થયા બાદ મહામાત્ય અને મોતીચંદ શેઠ છૂટા પડ્યા. લાખ મુદ્રાઓ મળી જતા હવે કોઈ જાતની ચિંતા જેવું ન હતું. રંગેચંગે જયસિંહદેવ સૈન્ય પાટણ પહોંચી ગયા. એમના પ્રવેશ બાદ જે વિજયોત્સવ ઉજવાયો, એ એવો અદ્‌ભુત - અજોડ - બિનહરીફ બન્યો કે ન પૂછો વાત ! એ ઉજવણીના ઉછરંગમાં શેઠ મોતીચંદને લાખ સુવર્ણમુદ્રાઓ પરત કરવાની વાત એટલી હદે ભૂલાઈ ગઈ કે, એનું સ્મૃતિ દાવડ - ગામ છોડ્યા પછીના છેક સત્તાવીસમે દિવસે સવારે આગંતુકોની થઈ આવત જ મહામાત્યની ચિંતાનો પાર ન રહ્યો. મુદત પૂરી થવામાં માત્ર ચાર જ દિવસ આડા હોવાથી એમણે રઘવાટ પણ અનુભવ્યો. લાખ સુવર્ણ મુદ્રાઓ તો તૈયાર જ હતી. પણ એને મુદત પૂર્વે દાવડ પહોંચાડનાર અધિકારી જલદી મળે એમ નહતો. આવી વિકટ જવાબદારી લેવા જ્યારે કોઈ જ તૈયાર ન થયું, ત્યારે એક અધિકારીના શિરે આ જવાબદારી પરાણે પરાણે સોંપતા મંત્રીશ્વરે કહ્યું: ખાવા - પીવા સિવાયનો સમય બગાડ્યા વિના તમારે દાવડ પહોંચવું જરૂરી છે. મોડામાં મોડા આજથી ચોથા દિવસના સૂર્યાસ્ત પૂર્વે તો કોઈ પણ ભોગે તમારે મોતીચંદ શેઠની હવેલીએ પહોંચી જ જવાનું છે કેમ કે આ મુદત વીત્યા પછી એ શેઠે આ સુવર્ણમુદ્રાઓ નહિ જ સ્વીકારે, એ નક્કી છે અને તો રાજ્ય કરજદાર રહે. આણહિલપુર પ્રજાનું કરજદાર રહે, એને તો કોઈપણ રીતે સહી ન લેવાય. માટે તમે અત્યારે ને અત્યારે દાવડ તરફ રવાના થઈ જાવ.

જેની શિરે આ જવાબદારી સોંપવામાં આવી હતી, એ અધિકારી જરા અભિમાની હતો. મંત્રીશ્વર સમક્ષ તો એ કંઈ ન બોલ્યો, પણ મનોમન એ બબડ્યો કે, આવા તે વળી નિયમ હોતા હશે ? રાજના કાજ છે એમાં એક દિવસ આઘો પાછો પણ થઈ જાય. દરેક નિયમમાં અપવાદ હોય છે, માટે એ શેઠ રાજા જેવા રાજા સમક્ષ પણ આવો હઠાગ્રહ રાખે, એ કઈ રીતે વાજબી ગણાય ! આ રીતે બબડતો બબડતો એ અધિકારી દાવડની દિશામાં રવાના થયો.

એની અભિમાની તાસીરથી મંત્રીશ્વર પણ ઠીક ઠીક પરિચિત હતા. છતાં એને મોકલવા સિવાય છૂટકો ન હતો. એથી જ દબાણ પૂર્વકની સૂચના આપી હોવાથી મંત્રીશ્વરને એવો વિશ્વાસ હતો કે, મુદત પૂર્વે જ લાખ મુદ્રાઓ ચોક્કસ મોતીચંદ શેઠને મળી ગયા વિના નહિ જ રહે.

મંત્રીશ્વરે વારંવાર દોહરાવીને સમય મર્યાદા સાચવવાની સૂચના આપી હતી. એથી એ અધિકારી પણ ચોમાસાની ઋતુ હોવા છતાં મુદત પૂર્વે દાવડ પહોંચી જવા માંગતો હતો. અવિરત ચાલુ રહેલી દડમજલના પ્રભાવે મુદતના બરાબર ઓગણત્રીસમાં દિવસના મધ્યાન્હે પાટણનો એ અધિકારી વિજાપુર પાસેના કુદેડા ગામમાં જઈ પહોંચ્યો. કુદેડા અને દાવડ વચ્ચે સાબરમતી નદીનો વિરાટ પટ હતો. એ પટ ઓળંગી જવાય, એટલે દાવડા ની હદ ચાલુ થઈ જતી હતી. આમ, નાવ સાવ કિનારે આવી ગઈ હતી, પણ ભારે વરસાદ વચ્ચે પ્રવાસ ચાલુ રહ્યો હોવાથી એ અધિકારી અને એના અશ્વો થાકીને લોથપોથ થઈ ગયા હતા. એથી અધિકારીએ ત્રીસમાં દિવસે કુદેડાથી નીકળીને દાવડ પહોંચવાનું નક્કી કર્યું.

> અન્ય માણસે પ્રાર્થના કર્યા છતાં પણ જો કોઈ પ્રાણી લેશમાત્ર જૂઠું બોલે તો તે ભયંકર દુર્ગતિ પામે છે. જેમ નારદ અને પર્વત એ બે મિત્રોના વિવાદમાં વસુ રાજા અસત્ય બોલી દુર્ગતિ પામ્યો. દૃષ્ટાંત કહે છે કે શું મહાદેવે બ્રહ્માને જૂઠું બોલવાથી અપૂજ્ય કર્યા નથી ? કેતકીને જૂઠી સાક્ષીથી અનિષ્ટ કરી નથી ? અને પરીક્ષાને અવસરે સત્ય વચન બોલવાથી વિષ્ણુને પૂજ્ય કર્યા નથી ? અર્થાત્ કર્યા છે.

કુદેડા ગામના અગ્રણીઓએ જોયું કે, વરસાદ ચાલુ હતો, અને સાબરમતીમા પાણી વધી રહ્યાં હતાં. રાતે જો સાબરમતી બે કાંઠે વહેવા માંડે, તો પાટણનો અધિકારી મુદત ન જ સાચવી શકે. જો મુદત ન સચવાય તો લાખ સુવર્ણમુદ્રાઓને પણ શિવનિર્માલ્ય સમજીને જપ્તી કરવાની મોતીચંદ શેઠની ટેકને કોઈ જ નમાવી ન શકે. અને જો આ રીતે મુદત વીતી જાય, તો ગુજરાતનો ધણી એક નાનકડા ગામના શેઠના કરજદાર તરીકેનું કલંક પામે, આ તો કોઈ જ રીતે યોગ્ય ન ગણાય. એથી એ બધા અગ્રણીઓએ પાટણના અધિકારીને અંધી પરિસ્થિતિથી વાકેફ બનાવીને તરત જ પ્રયાણ કરવા અત્યાગ્રહ કર્યો.

પાટણનો અધિકારી થાક્યો પાક્યો હતો. એથી આ અત્યાગ્રહ ઉપરથી ઉપરો પડ્યો. એ જરા ઘમંડી તો હતો જ. એને થયું કે, આ તે કેવા શેઠ, ને આ તો કેવો એમનો કદાગ્રહ ! લાખ સુવર્ણમુદ્રાઓ કઈ મામૂલી મૂલ્ય ધરાવતી ચીજ ન ગણાય ! એથી એની લેવડદેવડમાં એકાદ દિવસ આઘો પાછોય થઈ જાય તો એ સંતવ્ય ગણાવું જોઈએ.

સામાન્ય પ્રજાજન માટે જ્યાં આવી છૂટ હોવી જોઈએ, ત્યાં રાજવી જેવા રાજવી માટે પણ આવા નિયમની ગધ્ધાપૂંછ પકડી રાખનાર એ શેઠ વળી કોણ ? મારા સિવાય એમની સાનં બીજું કોણ ઠેકાણે લાવી શકશે ?

પાટણના એ અધિકારીએ જરા કંટાળાનો ભાવ વ્યક્ત કરીને કુદેડા ગામના અગ્રાણીઓને કહ્યું: કાલે હું બરાબર પહોંચી જવા જ ધારું છું. મુદતને માન આપવા હું પણ બંધાયેલો છું. છતાં પણ એકાદ દિવસ કદાચ આધોપાછો થઈ જશે, તો એ શેઠને હું મનાવી લઈશ. મામૂલી નહિ, લાખ સુવર્ણમુદ્રાઓનો સવાલ છે. આવી અઢળક સંપત્તિ આગળ તો ભલભલાના નિયમ નેવે મૂકાઈ જાય, ત્યાં વળી આ શેઠ ક્યાં હિસાબમાં ગણાય ? માટે આજે તો હું કોઈપણ હિસાબે નીકળી શકું એમ નથી. કાલે જરૂર હું દાવડ પહોંચી જઈશ.

ગામના અગ્રાણીઓએ સાબરમતીના પાણી બે કાંઠે વહેવાની સંભાવનાનો ભય વ્યક્ત કરવા પૂર્વક પાટણના અધિકારીને છેલ્લે છેલ્લે ભારપૂર્વક સમજાવ્યું કે, કુદરતને કોણ રોકી શકે ! અત્યારે પણ સાબરમતી છલોછલ છે અને વળી વરસાદ ચાલુ છે. જો રાતે પૂર આવી ગયું, તો એ પૂરને ઉતરતાં બે દિવસ તો ઓછામાં ઓછી રાહ જોવી જ પડશે. વળી શેઠે મોતીચંદના નિયમને હજી કોઈ નેવે મૂકાવી શક્યું નથી. સોનામહોર એક હોય કે લાખ લેવાની હોય, પણ એમનો નિયમ એ નિયમ ! મુદત પૂર્વે એમને મન જેવી કિંમત લાખની હોય મુદત વીતી ગાય બાદ એ લાખને રાખ ગણવાની આણગમ એમની ટેકને હજી સુધી તો કોઈ ફોક કરી શક્યું નથી. આથી વધુ અમે તો બીજું શું કરી શકીએ. અમારી ભાવના તો એક જ છે કે, અમારો ધણી એક શેઠનો કરજદાર ન રહેવો જોઈએ.

> અત્યંત બળવાન્ એવો પણ પ્રાણી સ્પર્શ ઇન્દ્રિયને વિષે વશ થયો છતાં અભયકુમારે બંધનમાં નાખેલા ચંડપ્રદ્યોતન રાજાની પેઠે દુઃખી થાય છે. દૃષ્ટાંત કહે છે કે હાથણીનો સ્પર્શ કરવામાં આંધળો બુદ્ધિવાળો હાથી જો ઢાંકી રાખેલા ખાડાને વિષે ન પડતો હોય તો તેને કોણ પકડી શકે ?

આગેવાનોની આ વાત આવકારી લેવા જેવી હતી. પણ પાટણનો અધિકારી પણ જરા જીદે ચડ્યો. એણે રાત રોકાઈ જઈને સવારે પ્રયાણ કરવાની જીદ પકડી જ રાખી. અને આગેવાનોનો ભય ખરેખર સાચો સાબિત થયો. એ જ રાતે ભયાનક પૂર સાબરમતી નદીમાં ઠલવાયું. એનાં રૌદ્રરૂપને જોવાની શક્તિય કોઈનામાં ન હતી, ત્યાં એ પૂરને ચીરીને આગળ વધવાની તો હિંમત જ કોણ કરી શકે ? બરાબર બે દિવસ સુધી સાબરમતી ધૂધવતી જ રહી. બીજા દિવસની રાતથી એનાં પૂર ઓસરવા માંડ્યાં. એથી ત્રીજા દિવસે માંડમાંડ સાબરમતીને વટાવીને પાટણનો અધિકારી દાવડગામમાં શેઠની હવેલીએ પહોંચ્યો. સોના મહોરોની પોટો ઠલવતાં એણે કહ્યું:

'શેઠ ! પાટણથી આવું છું. રાજ્યનું [illegible] કરજ ચૂકવવા સમયસર આવવાની મારી ગણતરી હતી, પણ સાબરનાં પૂરે મને રોકી રાખ્યો. એથી જરા મોડો પડ્યો છું. ક્ષમા [illegible] આપશો.'

શેઠ મોતીચંદે કહ્યું: પાટણ પાસેથી મારે તો કઈ જ લેવાનું નીકળતું નથી ! જુઓ, આ ચોપડો ! શેઠે ચોપડો ખુલ્લો કર્યો, તો મુદતના છેલ્લા ત્રીસમાં દિવસના સૂર્યાસ્ત બા [illegible] પાટણની લાખ સુવર્ણમુદ્રાઓનું ખાતું જ કાઢી નાખવામાં આવ્યું હતું. અને પાટણ સાથે કોઈ જ લેવડદેવડ ન હોવાનો શેરો મારવામાં આવ્યો હતો. આ જોઈને પાટણના અધિકારીના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે કહ્યું: શેઠ ! આ કઈ નાની સૂની રકમ નથી કે, એક વાર [illegible] થઈને તમે આમ ફોક કરી રહ્યા છો !

શેઠે કહ્યું: ધારાધોરણ અને નિયમ મા [illegible] મન વધુ મહત્ત્વની બાબત છે. મુદત વીતી ગઈ, એટલે [illegible] તી ગઈ. પછી ધીરેલી [illegible] કમ લેવાની નહિ અને નવું ધીરાણ કરવાનું નહિ ! આ ટેક હું વર્ષો [illegible] જાળવતો આવ્યો છું. રાજનાં કાજ છે, એટલે મોડું થઈ જાય, એ [illegible] જ છે. પણ મને ક્યાં કઈ એવું દુઃખ છે. શાખ સાચવવાની મને વ [illegible] પડી છે. લાખ તો ફરી ફરી મળશે, પણ શાખ તૂટ્યા પછી સંધાતી ન [illegible]. માટે ગુજરાતના મહામાત્યને મારા વતી પ્રણામ જણાવશો અને મા [illegible] માટે શિવનિર્માલ્ય સમી આ સુવર્ણમુદ્રાઓને પ્રજાના હિતકાર્યોમાં વાપરવા વિનંતિ કરશો.

પાટણના અધિકારીના આશ્ચર્યનો પાર [illegible] રહ્યો. મુદત વીતી જવા છતાં શેઠની આંખમાં આ અંગે ગુસ્સાનાં એકાદ રેખા પણ ઉપસી આવી નહોતી કે મહામાત્ય તરફ જરા [illegible] રખો દુર્ભાવ પણ જાગ્યો હોય, એવું જણાતું નહોતું. એક મોટા [illegible] પરાધને એક સાવ સહજ ભૂલ તરીકે પણ એઓ સ્વીકારતા ન હતા એથી અધિકારીને થયું કે, આ સુવર્ણમુદ્રાનો ભાર પાછો વેંઢારીને [illegible] હું જાઉં, તો લીરો ધોયે જઈ આવ્યા જેવો ઘાટ ઘડાય અને હું મૂર્ખ [illegible] ખપું.' માટે કોઈ પણ હિસાબે આ ઋણ તો મારે ચૂકતે કરવું જ જ [illegible] ઈએ. એથી એણે જરા ઘમંડ પૂર્વક કહ્યું:

'શેઠ ! હજામ જેવો હજામ પણ બંધાને એક જ અસ્તરે મૂંડતો નથી. તમારી આવી ટેક આનંદનો વિષય ગણાય પણ સામી વ્યક્તિ કોણ છે, એ પણ ક્યારેક જોવું જોઈએ. જે કાયદો નાનામાં નાની વ્યક્તિને લાગુ પડે, એ જ કાયદો રાજાને લાગુ પાડતા પૂર્વે વિચારવું જોઈએ. આવી મોટી રકમ હોય વર્ષા ઋતુ હોય, તો કદાચ એકાદ

દિવસ કરજન ચૂકવણીમાં આઘોપાછો થઈ જાય, તો એને સહર્ષ ક્ષંતવ્ય ગણી દઢવો જોઈએ.'

અધિકારીની આ વાત સાંભળીને ગુસ્સો તો નહિ, પણ થોડો જુસ્સો જરૂર શેઠના શબ્દોમાં ઘસી આવ્યો. એમણે કહ્યું: હજામ માટે અલગ અલગ અસ્તરા રાખવાની વાત જેટલી વાજબી ગણાય, એટલી જ ગેર વાજબી વાત વેપારી માટે અલગ અલગ ધારાધોરણો રાખવાની ગણાય ! હું હજામ નથી, એ તો તમે સમજી શકો છો, પછી તમે આ દુરાગ્રહ શા માટે રાખો છો ? નિયમ એ નિયમ ! આ સુવર્ણમુદ્રાઓ હું હસતે હૈયે જતી કરું છું, પછી કોઈ વાત જ ક્યાં ઉભી રહે છે હું હજી તમારા આ અવિલંબને ગુનો ગણતો હોઉ અને એને સંતોષ ન ગણવાની હઠે ચડ્યો હોઉં. તો હજી તમે આવો દુરાગ્રહ રાખો, એ કંઈક વાજબી ગણાય. પણ આવું તો કંઈ છે જ નહિ. એથી તમારા જેવાએ તો ઉપરથી મારી ટેકની પકડ ઢીલી પડી જતી જણાય, તો એને મજબૂત બનાવવા સાથ આપવો જોઈએ. આના બદલે તમે તો મને ઉપરથી ઢીલા પાડી રહ્યા છો, આ મને શોભે ખરું ?

> અમે પણ મહાત્માઓના ભગત કે પ્રેમી નહિ બનીએ, ગૃહસ્થોના પ્રેમી બનીએ, તમારા આદર-સત્કાર વખાણ કરીએ, તમારા કહ્યા મુજબ ચાલીએ તો અમે પણ મહાપુરુષોની આજ્ઞાતના કરનાર છીએ.

શેઠની માગણી તો અધિકારીનું કંઈ ન ચાલ્યું. શેઠની ટેકને ઢીલી પાડવામાં એને સફળતા ન મળી, તે ન જ મળી. શેઠે સુંદર આગતા-સ્વાગત પૂર્વક બે દિવસ સુધી એ અધિકારીનું સુંદર આતિથ્ય અદા કર્યું. ત્રીજા દિવસે એ અધિકારી પાછો ફર્યો, ત્યારે મનોમન બબડતો હતો: શું કરું, મહાત્માએ મર્યાદા જાળવીને વાત કરવાની કડકમાં કડક સૂચના આપેલી. નહિ તો આ વાણિયાને આવા હઠાગ્રહ બદલ એ બધો ભૂલી જાય એવો બોધપાઠ આપ્યા વિના હું રહેત નહિ !

વિના વિલંબે એ અધિકારી પાટણ પહોંચ્યો. બધી વાત સાંભળીને મહામાત્યના ખેદનો પાર ન રહ્યો. મહામાત્ય સમજી ગયા કે, અધિકારીના ગર્વે જ આખી બાજી ઉંધી વાળી અને નાવને છેક કિનારે ડૂબાડી ! પણ હવે તો આ અંગે એને ઠપકો આપવાનો કોઈ અર્થ ન હતો. ન જ્યા કોઈ પણ હિસાબે શેઠની આવી ઉદારતાનો ગેરલાભ લેવા માંગતું નહતું. કોઈ પણ રીતની સમજાવટથી કામ પતાવવાની ઈચ્છાથી મહામાત્ય ઉદયને એક મંત્રીને પુનઃ દાવડ તરફ રવાના કર્યો પણ શેઠની ટેક આગનમ જ રહી. એ મંત્રી પણ એક દહાડો વીલે મોઢે પાછો ફર્યો. હવે આ વાતને જયસિંહદેવ સમક્ષ પહોંચાડ્યા વિના મહામાન્ય ઉદયનને ચાલે એમ નહતું. મહામાત્ય પાસેથી બધી વિગત જાણીને જયસિંહદેવે એકવાર તો આવા સમર્થ અને આવા ટેકીલા શેઠના અસ્તિત્વ બદલ ગૌરવ અનુભવ્યું. અને બીજી તરફ આ પ્રશ્નના ઉકેલનો ઉપાય ગોતી કાઢવા એમણે મંત્રણા આરંભી. રાજ્ય ઉપરનું ઋણ કોઈ પણ ભોગે એઓ ઊભું રાખવા માગતા નહોતા. એથી ઋણમુનિના ઉપાયોની વિચારણા ગુજરાતની પાટનગરી આણહિલ્લપુરીમાં વેગવાન બની મુક્તિના.

આ વાતની ગંધ જયસિંહદેવની એક રાણીને ક્યાંકથી આવી ગઈ. એમનું નામ હંસાદેવી હતું. રૂપેરંગે રૂડા હોવા છતાં રાજાને માટે કોઈક અગમ્ય કારણસર એ અણમાનીતાં થઈ પડ્યાં હતાં. એ રાણીનું પિયર દાવડ નજીકનું જ એક ગામ હોવાથી એઓ દાવડનેય પોતાનું પિયર ગણાવતાં હતાં. એમણે મનોમન એક યોજના ઘડી કાઢી અને પછી રાજવી જયસિંહદેવને એવો સંદેશો પહોંચાડ્યો કે, આપ ઋણમુક્તિનું કાર્ય મને સોંપશો, તો હું લાખ મુદ્રાઓ મોતીચંદ શેઠના ચોપડે જમા જ કરાવીને આપને એની પાવતી પણ જરૂર લાવી આપીશ.

જયસિંહદેવને તો કાર્ય સાથે જ સંબંધ હતો. કોના દ્વારા એ કાર્ય થાય, એ એમના માટે મહત્ત્વનું નહતું. એથી એમણે સામેથી કહેવડાવ્યું કે, હંસાદેવી જો મારા રાજ્યને ઋણમુક્ત કરાવવામાં સફળ થશે તો હું એને 'માનીતીરાણી' તરીકે - આવકારવાનું વચન આપું છું. મારે તો કોઈ પણ ભોગે ઋણમાંથી મુક્તિ જ પામવી છે.

આ જવાબથી હંસાદેવીનો ઉત્સાહ વધી ગયો. મનોમન વિચારેલી યોજના મુજબ એમણે કાર્યારંભ કર્યો. સૌ પ્રથમ તો એઓ દાવડ ગયા. થોડાં દિવસ ત્યાં રહીને દાવડને એમણે પોતાના પિયર તરીકે ગામજનો સમક્ષ ખૂબ જ સારી રીતે ઉપસાવ્યું. આ પછી ધીરે રહીને એમણે શેઠ મોતીચંદને ભાઈ બાંધીને એમની પર એક રાખડી પાઠવી. આ રીતે શેઠને ભાઈ બનાવવામાં રાણીને મોટી સફળતા મળી ગઈ.

એ યુગમાં રાખડીનું મહત્વ ખૂબ જ હતું. એના તંતુ કાચા હોવા છતાં એથી બંધાયેલા ભાઈ બહેનની ધર્મ સગાઈને કોઈ તોડી ન શકતું. બહેન પર કોઈ આપત્તિ આવતી, ત્યારે આવો રાખડી - બંધો ભાઈ અચૂક એની વહારે થાતો. એક દહાડો હંસાદેવીએ ધીરે રહીને શેઠની આગળ દિલ ખોલ્યું. ભાઈ ! તમે જાણતા જ હશો કે 'જલ બિચ મીન પ્યાસી' જેવી મારી અવદશા છે. રાજની હું

ણમાનીતી છું. મારા માથે તૂટી પડતી આ આપત્તિમાંથી મને ઉગારી લેવા એક માત્ર તમે જ સમર્થ છો. જો મારી વહારે ધાવાનો કોલ આપતા હો, તો આજે થોડીક મનની વાતો કરવાની મારી ઈચ્છા છે.

ભાઈ બનેલા મોતીચંદ શેઠે કહ્યું: બહેનને જ્યારે એવો વિશ્વાસ છે કે, આ ભાઈ બહેનની આફત ટાળી શકશે, ત્યારે મને વળી કોલ આપવામાં શો વાંધો હોય ! બોલો, હું કઈ રીતે તમને ઉગારી શકું એમ છું ? તમે મને રાખડી પાઠવી, એથી ભાઈ તરીકે કઈ ને કઈ ભેટાગું આપવાની મારી ફરજ પણ મારે વહેલી તકે અદા કરવી જ છે.

બરાબર આ તકનો લાભ લઈને રાણીએ કહ્યું: ભાઈ ! તમારા તરફથી મને માત્ર એક પાવતીની જ અપેક્ષા છે. એક લાખ સુવર્ણ મુદ્રાઓ મળી ગયાની એક પાવતી તમારા તરફથી મળી જાય, તો મારા માથેથી બધી આપત્તિ દૂર થઈ જાય એમ છે અને હું 'માનીતી' પાગ બની શકું એમ છું. લો, આ લાખ સુવર્ણમહોરો અને મને આપો એની પાવતી !

> ❑ દુઃખની મીઠાશ ખાંડને આભારી માનો છો તો સુખમાં સફળતા પુણ્યને આભારી છે તેમ માનો.
> ❑ જીવનના સુખ રૂપી કૂવને ફાડી નાખો, વ્યસન ફેશન અનુકરણ તેની ખટાશ ત્યાગો.
> ❑ ગરીબ સાસવડ માગે શ્રીમંત શાંતિ માગે, ધર્મ રાદ્ધાગ સાથે વ્યસન મુક્તિ માગે.

મોતી ચંદશેઠ માટે હવે કશું જ બોલવા જેવું રહ્યું ન હતું. છતાં એમણે પોતાની વણિક બુદ્ધિ કામે લગાડીને ભાવિનો એક વ્યૂહ વિચારી લીધો. અને વળતી જ પળે એ લાખ સુવર્ણ મુદ્રાઓ લઈને એમણે પાવતી લખી આપી. હંસાદેવીના હર્ષનો પાર નહતો. પણ એ હર્ષ ક્ષણિક જ સાબિત થયો. એ લાખ સુવર્ણ મુદ્રાઓ બહેનના ચરણે પુનઃ સમર્પિત કરતા શેઠે પૂછ્યું: બહેનના ઘરનું ભાઈ લે કે બહેનને તો ભાઈ આપે ? વ્યવહાર પણ એવો છે કે, ભાઈ બહેનને આપે ત્યારે અહીં તો આપણી વચ્ચે ધર્મની સગાઈ છે. માટે તમે જે આપ્યું, એમાં થોડો વધારો કરીને હું પરત કરું, તો જ મારી ધર્મના ભાઈ તરીકેની સગાઈ શોભે ?

આટલું કહીને શેઠ મોતીચંદે લાખની સુવર્ણમુદ્રાઓ સવાઈ કરીને બહેનને પુનઃ આપી દીધી. બહેન હવે શું બોલે ? ભાઈને બોલાવા ગયેલી બહેન જ એવી રીતે આબાદ બંધાઈ ગઈ કે, એમાંથી છટકવું શક્ય જ ન બને. છતાં પાવતી મળી ગયાનો સંતોષ હતો. એથી સવા લાખ સુવર્ણ મુદ્રાઓ સાથે રાણી હંસાદેવી પાટણ તરફ પાછી ફરી. આ સમાચાર જયસિંહદેવને મળી જતા, એઓ ઉપરથી ગુસ્સે ભરાતા બોલ્યા: આવી પાવતીની કિંમત શી ? આ તો રાણીએ ઉપરથી રાજ્યનું દેવું વધાર્યું ! લાખના બદલે સવા લાખનું કરજ કરીને આવતી રાણીને વળી પાટણમાં પ્રવેશ કેમ અપાય ?

જયસિંહ દેવનો આદેશ થતા જ હંસાદેવીને પાટણની બહાર જ રોકાવું પડ્યું. એમની પાટણની ઈમારત કડડભૂસ કરતી પડી ગઈ. આ તો ગુજરાત લેતા હવેલી પણ ખોઈ નાખ્યા જેવો ઘાટ ઘડાયો હતો. રાજાની 'માનીતી' બનવાનું તો દૂર રહ્યું, પણ પાટણમાં રહેવાનું ભાગ્ય પણ ખોઈ બેસવા જેવો સામો વાંક રાણી માટે આવ્યો. રાણી પુનઃ દાવડ ગામમાં આવી. બહેનના માટે બેવડી બનીને ત્રાટકેલી આપત્તિની વાત જાણીને ભાઈએ આશ્વાસન આપતા કહ્યું: બહેન ! હવે આપ દાવડને સાચા અર્થમાં પિયર બનાવીને 'શિવનિર્માલ્ય' સમી આ સુવર્ણમુદ્રાઓ હું, તો કોઈ પણ ઉપાયે સ્વીકારી શકું, એમ નથી, અને આની સ્વીકૃતિ વિના રાજા જયસિંહદેવ તમને પાટણમાં પ્રવેશવા દે, એ સંભવિત નથી.

રાણીને થયું કે અપમાનિત દશામાં પાટણ જીવતરના દાવડા ખેંચવા એના કરતા તો ભાઈની છત્રછાયામાં લોકોપકારી કાર્યો કરતા કરતા જીવનની આ ધૂપસળીને જલતી રહેવા દેવી, એ શું ખોટું ?

કહેવાય છે કે, આ પછી રાણી હંસાદેવીએ દાવડ ગામના ગોદરે એક સરોવરનું નિર્માણ કાર્ય કરાવ્યું. જેમાં એ મુદ્રાઓનો ઉપયોગ થવા માંડ્યો. સરોવરનો બાકી ખરો ભાગ તેય પૂરો થઈ ગયો. પણ એ સર્જનની સમાપ્તિ જોવાનું ભાગ્ય રાણીના લલાટે નહિ લખાયું હોય ! એથી એક દહાડો અચાનક જ સર્પદંશ થી રાણીનું મૃત્યુ થયું. લોકોએ એ સરોવરને 'હંસલી સરોવર' તરીકે ઓળખી અવાજે બિરદાવ્યું. એનો બાકીનો અધૂરો રહી ગયેલ થોડો ભાગ અધૂરો રાખવામાં જ સૌને રાણીની સ્મૃતિ જળવાતી લાગી.

આજે એ દાવડ ગામમાં, એ હંસલી સરોવર આ અવશેષો હયાત છે, અને ચોલંકીયુગનું સુવર્ણ - સર્જન કરીને પોતાના વર્યો પૂર્વે વિદાય પામી ચૂકેલાં - શેઠમોતીચંદ, જયસિંહ દેવ, લાખ સુવર્ણમુદ્રાઓ સાથે સંકળાયેલાં હંસાદેવી - આ બધાં ઐતિહાસિક પાત્રોની સહર્ષ સ્મૃતિ કરાવતા કરાવતા એ અવશેષો કે જે અનોખી સુગંધ - સુવાસ પ્રસરાવી રહ્યા છે. આવો અનોખો સંકેત - યુગ આજેય ઈતિહાસમાં અમર રહીને કોઈ અનોખો આ શું ચીંધતો રહેવામાં સફળતા પામતો હોય, તો તેમાં આશ્ચર્ય શું છે

લોભીની વિષમ દશા

- પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

તત્ત્વ જ્ઞાનને પામેલો, ભગવાનને અને ભગવાનના માર્ગને સારી રીતિએ ઓળખી શકે છે. જે જેને ઓળખે જ નહિ, તે તેનાથી ઉઠાવવો જોઇ તો લાભ શી રીતિએ ઉઠાવી શકે ? જે તત્ત્વને જાણે નહિ, તેના હાથમાં સાચું આવી ગયું હોય, તો ય સાચું હાથ આવ્યાથી જે ફળ મળવું જોઇએ, તે ફળ તેને ક્યાંથી શી રીતિએ ? અજ્ઞાનને પણ જો સારૂં રૂચે, તો તે તેને કોઇક ને કાંઇક ફળ જરૂર આપે. પણ સ્વાભાવિક રીતિએ સારૂં રૂચે, એટલેય જાણવાનું મન તો થાય ને ? તમને તમારા સારા ભાગ્યના યોગે, સામગ્રી તો એવી સુન્દર મળી ગઇ છે કે - એનાં વખાણ કર્યા વિના ચાલે નહિ; પરન્તુ તમને આજે સામગ્રી મળી છે, તેની જે ખરી કિંમત છે, તે કિંમત તમને સમજાય, તો તમે આ સામગ્રીનો સારી રીતિએ લાભ ઉઠાવી શકો ને ? એ વિના તો, કદાચ, રબારીને મણિ મળ્યા જેવું પણ થાય.

કહેવાય છે કે - એક રબારી રોજ બકરીઓને ચારવાને માટે જંગલમાં જતો. ત્યાં કોઇ એક વખતે એક મણિ પડેલો તેના જોવામાં આવ્યો. બીજા પથરાઓના કરતાં, એ મણિનો ચળકાટ ઘણો વધારે હતો. એના એ ચળકાટને જોઇને, એ રબારીએ એ મણિને લઇ લીધો.

મણિ મળ્યોય ખરો અને ગમ્યોય ખરો, પણ તે કેટલો પૂરતો ગમ્યો ? મણિની કિંમત સમજાઇ હતી માટે એ મણિ રબારીને ગમ્યો નહિ હતો; રબારીને તો, મણિના રૂપ, રંગ અને આકારે આકર્ષ્યો હતો.

સાંજે બકરાંને ચરાવીને પાછા ફરતાં, રબારીએ મણિની સાથે રમતો રમતો આવે છે. મણિ ગમી ગયો છે, એટલે એ મણિની સાથે એ ગેલ કર્યા કરે છે. એમાં એને, રસ્તામાં એક વાણિયો મળ્યો.

આ રબારી, એ વાણિયાનો દેણદાર હતો. એ વાણિયાએ રબારીને એક રૂપીઓ વ્યાજે ધીર્યો હતો. રબારી એ વાણિયાને દૂધ વગેરે ઘણું આપી આવેલો, પણ એ બધું વ્યાજમાં જમા થયેલું અને વાણિયાએ એક રૂપીઆનું લેણું તો ઉભું ને ઉભું જ રાખેલું.

વાણિયો એવો લોભી હતો કે - એના રૂપીઆમાં એ કાંઇ પણ ઘટાડો થવા દે નહિ અને રબારી એવો અજ્ઞાન હતો કે- વાણિયો જેમ કહે તેમ માની લે અને દેવું કબૂલ રાખે. પણ રબારી આ વાણિયાના દેવાથી કંટાળી ગયેલો. ગમે તેટલું આપે તોય વ્યાજમાં હજમ થઇ જાય અને દેવું ઉભું રહે, તો કંટાળો તો આવે ને ?

અજ્ઞાન માણસનો આવો લાભ, તમે તો ન જ ઉઠાવો ને ? તમારી સાથે જેને લેવડ - દેવડ હોય, તે જો અજ્ઞાની હોય, તો તમે શું કરો ? ઠીક ફાવટ આવી ગઇ, એમ તમને તો ન જ લાગે ને ? જે આપણા વિશ્વાસે રહે, તેને આપણાથી છેતરાય ? આપણા ઉપર વિશ્વાસ મૂક્યો, એટલે વિશ્વાસ મૂકનારે આપણને સારા માણસ માન્યા ને ? સારા માણસ તરીકેનું આપણને એણે માન આપ્યું ને ? આપણે સારા ન હોઇએ તોય, જે આપણને સારા માને તેને માટે તો આપણે ભૂંડા થઇએ નહિ ને ? ક્ષત્રિયો લડતા ખરા, પણ તે લડવા આવેલાની સામે લડતા. વગર કારણે લડાઇ કરે નહિ અને લડે ત્યારે પણ સામા પાસે હથિયાર ન હોય તો પોતે એને આપે. લડે ખરા, પણ નીતિ જાળવે. શસ્ત્ર વગરનાની સાથે શસ્ત્ર લઇને લડે નહિ. તેમ, તમે વેપાર તો કરો, પણ વેપારમાં નીતિ જાળવો કે નહિ ? તમારી ઉપર કોઇ વિશ્વાસ મૂકે, તો એના વિશ્વાસનો ગેરલાભ તો લો નહિ ને ?

સ૦ વિશ્વાસ રાખે, એ સારી રીતે ચીરાય.

આ તો માણસાઇનું પણ લીલામ છે. વિશ્વાસુને ગરદન મારે એ શૂરવીર તો નથી, પણ માણસ પણ નથી. માણસાઇની જ્યારે ખરેખરી ઉણપ પડી જાય, એવા કાળમાં ધર્મ અતિશય દુર્લભ બની જાય - એમાં નવાઇ નથી. એવી દશામાં જેઓ આનન્દ માનતા હોય, તેઓ કદાચ દાનાદિ પણ કરતા હોય, તો પણ એ દાનાદિ એ લોકો ધર્મને માટે જ કરે છે, એમ કેમ માની શકાય ?

વાણિયાએ જોયું કે - રબારી પાસે મણિ છે. વાણિયો મણિને ઓળખતો હતો, પણ વાણિયો હતો; એટલે રબારીને એ કહે છે કે- 'અલ્યા, આ પથરો ક્યાંથી ઉપાડી લાવ્યો ?'

રબારીએ કહ્યું કે - 'જંગલમાં પડ્યો'તો તે જડી ગયો !'

વાણિયો કહે છે કે- 'તુ આ પથરાને શું કરીશ ?'

રબારી કહે છે કે- 'પથરાને શું કરતા હશે વળી ? ઘેર લઈ જઈશ, એટલે આને જોઈને છોકરાં ખુશ થશે.'

વાણિયો કહે કે- 'આ પથરો તું મને આપી દે !'

રબારી એ વાણિયાના એક રૂપીઆના દેવાથી કંટાળી ગયો હતો અને વાણિયો આ પથરો માંગતો હતો, એટલે રબારી કહે છે કે- 'જો તું મારૂં બધું દેવું માંડી વાળતો હો, તો તને આ આપી દઉં !'

દેવું કેટલું ? એક રૂપીઆનું ! એના બદલામાં મળતું હતું શું ? મણિ. પણ આ તો વાણિયો ! આવો દેણદાર પોતાના લેણામાંથી સાવ છૂટી જાય, તે વાણિયાને પરવડે ? વાણિયો કહે છે કે- 'આખો રૂપીઓ તો નહિ, પણ અડધો રૂપીઓ માંડી વાળું !'

રબારી કહે છે કે- 'માંડી વાળવો હોય તો આખો રૂપીઓ માંડી વાળ, નહિ તો ભલે રહ્યું દેવું ઊભું ! મારે પથરો નથી આપવો. ઘરે છોકરાં તો રાજી થશે !'

વાણિયો કહે છે કે- 'ના, એ તો બને જ નહિ. આટલા પથરામાં તારે આખો રૂપીઓ લઈ લેવો છે ?'

રબારી પણ હઠે ચઢ્યો અને કહી દીધું કે- તો જા, તને નથી આપવો.' અને એણે તો, એમ કહીને ચાલવા પણ માંડ્યું.

રબારી રસ્તે ચાલ્યો જતો હતો, ત્યાં વળી એને એક બીજો માણસ મળ્યો. એણે રબારીને પૂછ્યું કે- 'આવો સુંદર પથરો ક્યાંથી લાવ્યો ?'

આ કહે- 'જંગલમાંથી જડ્યો.'

પેલાએ પૂછ્યું કે- 'તારે આને વેચવો છે ?'

રબારીએ પૂછ્યું કે- 'શું આપીશ ?'

પેલો પણ હોશિયાર હતો. એણે કહ્યું કે- 'તારે જે લેવું હોય તે કહે. તું કહે તે તને આપું !'

રબારી કહે કે- 'જો, પેલા વાણિયાને મેં એક રૂપીઆમાં આપી દેવાનું કહ્યું હતું, પણ એને અડધો રૂપીઓ આપવો હતો, એટલે મેં એને આ પથરો આપ્યો નહિ. મારે રૂપીઆથી ઓછે આપવાનો નથી.'

પેલાએ તરત જ ગજવામાંથી દશ રૂપીઆ કાઢયા અને રબારીને આપ્યા; એટલે રબારીએ તો ખુશ ખુશ થઈ જઈને, પોતાની પાસેનો પથરો, કે જે મણિ હતો, એ તેને આપી દીધો.

બન્ને ખુશ થઈ ગયા. પેલો મણિ લઈને રવાના થઈ ગયો અને રબારી ઉતાવળો ઘેર ગયો. ઘરમાં આજે નસીબ પાકી ગયું - એવા સમાચાર આવ્યા.

પેલો લેણદાર વાણિયો વિચાર કરે છે કે- 'રબારી પાસે મણિ છે, એ લઈ તો લેવો જ જોઈએ.' પણ પાછો એને વિચાર આવે છે કે- 'એમ તે કાંઈ આ દેવામાંથી છૂટો કરી દેવાય ?' એટલે, એ વાણિયો કંઈક વધારે આપવાને તૈયાર થાય છે, પણ આખો રૂપીઓ આપવાને તો નહિ જ. એ વાણિયો ગામમાં ફરીને રબારી ને ઘરે આવે છે. અને એને કહે છે કે- 'જો, આઠ આના ને બદલે બે આના વધારે એટલે દશ આના માંડી વાળીશ. માટે પેલો પથરો લાવ !'

રબારી કહે છે કે- 'જા, જા, દશ આના માંડી વાળવાવાળા; તારે મને છેતરવો હતો ને ? ને તો એક શેઠે એના દશ રૂપીઆ આપ્યા ! લે તારો રૂપીઓ !' એમ કહીને રબારીએ એની સામે એક રૂપીઓ ફેંક્યો !

હવે વાણિયો કહે છે કે- 'અલ્યા, તું બહુ છેતરાઈ ગયો. એ પથરો નહોતો, પણ મણિ હતો, મણિ ! એની તો બહુ કિંમત ઉપજે !'

રબારી કહે છે કે- 'છેતરાયો તું કે હું ? જ મણિ હોય તોય હું એને ઓળખતો નહોતો, પણ તું તો એ ઓળખતો હતો ને ? મને તો એક રૂપીઆને બદલે દશ રૂપીઆ મળ્યા; અને તારે તો, મણિ પણ ગયો અને હજુ મને ઈર્ષ્યા કરવો હતો, તે પણ ગયું ! ડાહ્યો તું કે હું ?'

વાણિયો નિરાશ થઈને પાછો પોતાને ઘેર આવ્યો.

આપણી વાત તો એ હતી કે- તમને ભાગ્યયોગે સામગ્રી તો ઘણી સારી મળી ગઈ છે, પણ એ સામગ્રીને તમે પિછાની શક્યા છો કે નહિ, અને, આ સામગ્રીનો ઉઠાવી શકાય તેટલો લાભ ઉઠાવી લેવાનું તમારૂં દિલ જરૂં કે નહિ ? ઘણાઓ અજ્ઞાન છે અને જે ભણેલા છે તેમ પણ ઘણા એવા છે કે- સંસારના સુખના રસમાં લુબ્ધ છે. બાવાઓને ગમે તેવા સારા ભગવાન મળી જાય, તોય એ ભગવાન પાસેથી આશા શાની કરે ? ભગવાન પાસે માંગી માંગીને તુચ્છ એવું સંસારનું સુખ જ માગે ને ? રબારી અજ્ઞાન હતો, એટલે મણિ મળવા છતાંય મણિનો લાભ એ ઉઠાવી શક્યો નહિ અને વાણિયો લોભિયો હતો, એટલે થોડ માટે એણે ઘણા દ્રવ્યને દેનારા મણિને ગુમાવી દીધો ! ગુમાવ્યું કે ગુમાવ્યું અજ્ઞાને અને એકે ગુમાવ્યું લોભે. બેમાં કોણ વખાણવા લાયક ? મિથ્યાત્વ કે કષાય ?



માનવતાનો પાયો - સંતોષ

– ગુણદર્શી

આત્મ હિતૈષી પરમપુરૂષોએ સર્વ સામાન્ય વાત કરી છે કે, બધા પાપોનું મૂળ લોભ છે. અને લોભ એ બધા સદ્‌ગુણોનો નાશક છે. જેમ શ્રી દશવૈકાલિક કારે પણ કહ્યું કે- ''ક્રોધ એ પ્રીતિનો નાશ કરે છે, માન એ વિનયનો નાશ કરે છે, માયા એ મિત્રોનો નાશ કરે છે અને લોભ એ સર્વનો વિનાશ કરે છે.'' લોભી બનેલા આત્માની હાલત કેવી કારમી બને છે અનુભવ જન્ય છે. માનવને માનવતાથી પણ પાડનાર હોય તો આ લોભ છે. લોભ એક રૂપે અને સર્વરૂપે અત્ર-તત્ર-સર્વત્ર અસ્ખલિત ભમતો જોવા મળે છે.

આવી લોભ દશાથી બચવા સંતોષ કેળવવો ખૂબ જ જરૂરી છે. તે માટે જરૂર છે ભોગવૃત્તિ ઉપર કાપ મૂકવાની, ભોગની લાલસા અને પિપાસાઓ ઉપર જય - વિજય મેળવવાની ભયાનક સંગ્રામોમાં શૂરવીરતાને બતાવનારા, ગોલ્ડ મેડલ મેળવનારા જગવિજેતા સુભટો પણ ભોગવૃત્તિથી હારી જાય છે. લાલસાથી લલનાના પગ ચાટે છે. પગમાં પડી વિનવે છે. ''હું તારો ગુલામ છું, તારો કહ્યા બરો કંથ છું' આવું બોલે છે. ભોગવૃત્તિને જીતનારો સંતોષી બને, ભોગવૃત્તિમાં ભૂંડની જેમ આળોટનારો અસંતોષી બને

તેથી જ કહ્યું કે- સંતોષી ગરીબ જેવો સુખી છે તેટલો જ અસંતોષી - શ્રીમંત મહા દુઃખી છે. ભોગની ભૂતાવળે, ભોગોની લાલસાઓએ આજે કેવો ઉલ્કાપાત મચાવ્યો છે, કેવી વિકૃતિ અને વિકૃત મનોદશા સર્જી છે જેથી સજ્જનો દુઃખી છે. ભોગના ભોચીંગના ભરડામાંથી બચનારા વિરલ હશે. ભોગની તીવ્રકામનાએ માનવતામાં પૂળો મૂક્યો છે, હવસખોરોએ જગતની જે ખાના - ખરાબી કરી તેના મૂળમાં આ ભોગની ભ્રમર વૃત્તિ છે. માટે જો આવી કારમી દશામાંથી બચવું છે તો ભોગવૃત્તિની લાલસા ઉપર કાપ મૂકો, જેથી જીવનમાં સંતોષ ગુણ સહજ બનશે.

સંતોષ કેળવવા માત્રથી પમાય એવું નથી. તે માટે ઘણો ઘણો પુરૂષાર્થ અને આત્મસંયમ, મનોવિજય પણ ખૂબ જરૂરી છે. કોઈપણ ચીજ વસ્તુ મહેનત કરવા છતાં પણ મળે નહિ તો અકળાવું નહિ કે મૂંઝાવું પણ નહિ. એ ચીજ-વસ્તુની ઈચ્છા જ ન થાય તો સારું અને કદાચ ન મળે તો તેના વિના ચલાવી લેવું તેવી સ્થિતિ પેદા કરવી જરૂરી છે. **મોહ જન્ય, આત્મવિનાશક, ઈચ્છાઓ ઉપર કાબૂ મેળવવો તે જ સંતોષ ગુણને પામવાનો શ્રેષ્ઠ માર્ગ છે.** જ્યાં સુધી તે ઈચ્છાઓ પર આંશિક પણ અંકુશ ન આવે તો સંતોષ આવે નહિ અને અસંતોષ જાય નહિ. ઈચ્છાઓ પર અંકુશ ત્યારે જ આવે કે હૃદયમાં ભરેલી - ઘર કરેલી ભોગવૃત્તિ ઉપર કાબૂ આવે. બેકાબૂ બનેલી ભોગવૃત્તિ અસંતોષ ને તો લાવનારી છે પણ તેની સાથે અશાંતિ - અસમાધિ - અસહનશીલતા, અધીરાઈ, આવેશ, અધિકારપણું, આદિ અનેક દોષોની જનની છે. બધી ખરાબીનું મૂળ ભોગવૃત્તિ લાગશે એટલે સંતોષ પ્રાપ્ત થશે. પછી કદાચ કોઈ ચીજ-વસ્તુ પ્રાપ્ત ન થાય, પ્રાપ્ત થયેલી ચાલી પણ જાય કાં તેને મૂકીને જવું પડે તો પણ દુઃખ નહિ થાય. આજે માત્ર સંતોષની વાત કરનારાઓએ ભોગવૃત્તિ એવી તેજ રાખી છે જેથી બિચારા ક્ષુદ્ર - પામર બની ગયા છે. મન - વચન - કાયાની પ્રત્યેક પ્રવૃત્તિ ઉપર, ખાવા - પીવા - પહેરવા - ઓઢવા - મોજ -મજાદિ પર સંયમ જો આવી જાય તો સંતોષ આવ્યો સમજો. સાચો સંતોષી છીછરો કે ક્ષુદ્ર હોતો નથી પણ તે જ સાચો ઉદાર અને સહિષ્ણુ હોય, તેનામાંથી ખોટાનો ત્યાગ અને સત્યના આદરનું જોમ જતું રહેતું નથી પણ વધુ ખીલે છે. વાસ્તવમાં તે જ ખોટાનો ત્યાગ કરવા અને સત્યના આદર માટે પ્રાણ આપવા તૈયાર બને છે. તે જ સાચી માનવતા છે. માનવ જેવો માનવ જો અસત્યનો પૂજારી અને સત્યનો વૈરી બને તો તેના જેવી ટ્રેજડી બીજી કઈ હોય. વાસ્તવમાં માનવતાને સફળ કરવા અસત્યનો ત્યાગ અને સત્યનો પક્ષપાત કેળવવો જોઈએ. તે માટે સંતોષી બનવું જોઈએ. આ ગુણ આવશે તો આપો આપ માનવતા ખીલી ઊઠશે. સૌ આવી પુણ્ય દશાને પામો તે જ મહેચ્છા. ■

જ્યારે ભિખારીઓ પણ દયાળું હતા

- શ્રી ભગવદ્ગુલ

આર્યાવર્તની ગૌરવવંતી સંસ્કૃતિ ખાતર જાનને પણ કુરબાન કરવા 'પ્રતાપ' સજ્જ હતા.

તેમણે તેમની તમામ શક્તિઓ આવી પડેલા ધર્મ યુદ્ધમાં ખર્ચી નાખીતી.

સર્વસ્વના સમર્પણની તેમની ભાવના સાચ્ચે જ પ્રશંસાપાત્ર હતી. આવા સમયમાં પણ 'પ્રતાપ' ને યુદ્ધ છોડીને જવું પડે એ ખરેખર ઘરના જ ગદારોની બલિહારી હતી.

જ્યારે 'મહારાણાપ્રતાપ' ખૂંખાર જંગ છોડીને ચાલી નીકળ્યાં ત્યારે સાથ દેનાર તો શું સહાય કરનાર પણ કોઈ સાથે નહોતું. આ વિષમ પરિસ્થિતિને પચાવવી ખૂબ મૂશ્કેલ હતી.

તેમ છતા 'પ્રતાપ ભડવીર હતા. મૌલવીઓની સામે લડત આપવામાં તેઓ સફળ થયા હતા. સંસ્કૃતિરક્ષાનું એ પૂન્નસ તેમની નસેનસમાં હજીય અકબંધ હતું.

એક ઘનઘોર જંગલની અંદર એક વડલા નીચે 'પ્રતાપ', પ્રતાપના પત્ની અને એમનો નાનકડો લાડકવાયો નંદન વિસામો ખાવા બેઠા.

આર્યાવર્તની માટીમાં ઉછરેલો ભિખારી ત્યાં આવી ચઢ્યો. તેણે પ્રતાપની બાજુમાં પોતાનું આસન જમાવ્યું.

મધ્યાન્હનો સમય થયો તો. સૂર્યનારાયણ કાળઝાળ ગરમી વરસાવી રહ્યા હતાં. સહુને કકડીને ભૂખ લાગી.

તેવામાં ભિખારીએ એક પોટલી ખોલી. તેમાં એક રોટલો હતો. તરતભિખારીને વિચાર આવ્યો કે બાજુમાં ભાઈબંધ બેઠો છે, તો એને આપી પછી જ મારે ખવાય! આ તો મારો ધર્મ છે.

તરત એણે રોટલાના બે ભાગ કરી અડધો રોટલો પ્રતાપના હાથમાં મૂક્યો.

મહારાણા પ્રતાપ પણ જોતા રહ્યાં. શું વાત છે. આ આર્યાવર્તના ભિખારીઓ પણ આવા સંસ્કાર ધરાવે છે. ?

'અતિથિદેવોભવ' ની ઉદાત્ત ભાવનાઓ અહિં વંચિતોના દિલેય વસી છે! મનોમન 'પ્રતાપ' ભિખારીને અભિનંદી રહ્યાં.

- 'પ્રતાપ' ત્રણ દિવસના ભૂખ્યા હતાં. પણ
- મળેલોએ અડધો રોટલો છીનવાઈ ગયો.
- દુર્ભાગ્યનું દુષ્ચક્ર જ આનું નામ.

એકાએક ઝાડ પરથી એક પક્ષી ત્રાટક્યું. પ્રતાપના હાથમાંથી અડધો રોટલો લઈ ગગન ભાણી દેડી ગયું.

રાણાપ્રતાપ હતાશ થઈ ગયા.

આંખેથી બોરબોર જેવડા આસુંઓ ટપકી પડ્યાં. પણ સાંત્વન આપનારું ત્યાં હતું કોણ ?

પ્રતાપ અને તેમના પત્ની ત્રણ ત્રણ દિવસનાં ભૂખ્યા હતા ને ?

તેમ છતાં સંસ્કૃતિ રક્ષાનો આનંદ વાગોળતાં બન્ને તો મઝેથી બેઠા તા પણ એમનો નાનો લાલ રડી રહ્યો હતો.

'માની પાસે તે કાકલુદી કરી કરી ખાવાનું માંગતો તો. આ દશ્યથી પ્રતાપ ભાગી પડ્યાં.

ક્યાં ચિત્તોડગઢના રાજમહેલ ના રેશમી ગાદલાઓ ખૂંદનારો આ રાજકુમાર! અને ક્યાં આજની વતમી દશા...!

આ બાજુ ભિખારીએ જોયું કે પ્રતાપનો રોટલો ગીધપક્ષી લઈ ગયું છે. પ્રતાપની આંખે પાણી છે. દિકરાની ચિંતા એના દિલને કોરી ખાય છે. કે તરત જ મોંએ પ્રતાપને કહ્યું: શા માટે દુઃખી થાઓ છો; જ્ઞાતિબંધુ !

હજી અડધો બચ્યો છે. એમાંથી આ માંગે બન્ને બે ભાંગ કરી પેટ ભરીશું.

તરત જ ભિખારીએ બચેલા અડધા રોટલાના બે ભાગ કર્યા અને પા રોટલો પ્રતાપને આપ્યો.

પ્રતાપ પણ જોતા રહ્યાં. શું આર્યાવર્તન ભિખારીઓ પણ આવા દિલાવર છે ? ધન્ય છે આ ધરતી ને.

પ્રતાપે રોટલાનો એ કટકો ભૂખ ભાંગવા નહિ પણ આર્યાવર્તના એક સપૂતની સદ્‌ભાવનાનો આદર કરવા અપનાવી લીધો.

અહિંના ભિખારીઓ પણ આવા ઉદાર હતા. રાજવીઓ પણ પરાક્રમી અને પરગજું હતાં

માટે જ તેમના નામ ઇતાહાસની કિતાબમાં સોનેરી શાહિથી લખાયા છે. ✠

આહ ! સાત્વિકતા

- પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મહારાજ

કોમી રમખાણોના જડબામાં સપડાઇ ચૂક્યું તું, અમદ વાદ શહેર. તોફાનીઓના બેકાબૂ બનેલા ટો ળાઓ શહેરની ગલીએ ગલીએ ઘૂમી રહ્યા તાં. નિર્દોષ મનુષ્યોના જાન લઇ, લાખ્ખોનાં સંપત્તિઓ સળગાવી દઇ હિંસાની જવાળાઓ ને તેઓ શહેરના ખૂણે ખૂણે ફેલાવી રહ્યાં તાં.

હિંસા ના લબકારા જ્યારે આગળને આગળ ધપી રહ્યાં હતાં, ત્યારે પોલીસ કર્તવ્ય મૂઢ બનીને બેઠી હતી. પરિસ્થિતિ હાથ બહાર ચાલી જતાં સરકારે રેપિડ એકશન ફોર્સને ફરજ પર બોલવાવું પડ્યું. 'દેખો ત્યાં ઠાર' ના આદેશો સાથે લશ્કરના જવાનો ઠેર ઠેર ફ્લેગ માર્ચ કરવા માંડ્યાં.

શહેરમાં અજંપાભરી શાંતિ પથરાઇ ગઇ. તોફાનીઓ ક્યાંય વિખેરાઇ ગયા.

બીજા દિવસની સવારે કકળતી ઠંડીમાં કાંઇક હૂંફ મેળવવાની બુદ્ધિથી લશ્કરનો એક જવાન કરફ્યુ મુક્ત વિસ્તારની એક ચાની દુકાને પહોંચ્યો. ચા માંગી મનમાં થરથર ધ્રૂજતા ગલ્લાવાળા એ ચા આપી. જવાને પી પણ લીધી. પછી દુકાનદારને પૂછ્યું : કિતના પૈસા હોગા ?

દુકાનદારે હમદર્દી બતાવતાં કહ્યું: નહિ, હમ આપકા નહિ લેંગે.

દુકાનદારની આવી ઇશ્વતખોર જેવી ભાષા સાંભળીને સમસમી ગયેલા લશ્કરના તે જવાને સીધો જ એક તમતમતો તમાચો તેના ગાલે ઝીંકી દીધો. સટાક્...

આસપાસના લોકો ભય વિહ્વળ બની ગયાં.

દુકાનદારનો જીવ પહેરણની અંદર થરથર ધ્રૂજી રહ્યો હતો.

ત્યાં તો તે ઝાંબાજ જવાને પોતાની આ તોફાની ચેષ્ટાનો મર્મ ઉઘાડતાં કહ્યું: તમે પોલિસને તો બદમાશ બનાવી છે, લાલચ આપી આપીને હવે લશ્કરને પણ બગાડવું છે કે શું ?

જોનારા બધા જ સભ્યો આવો ખુલાસો સાંભળીને આભા જ રહી ગયાં.

અંતે દુકાનદારે માંગેલી રકમ ચૂકવીને તે જવાન પોતાની ફરજ પર પાછો ફર્યો.

(આર્યાવર્તની આ ધરતી પર હજી નૈતિકતાના પૂજારીઓ જીવંત છે, એ સત્યની ગવાહી ભરનારૂં આદૃષ્ટાંત શું સહુ કોઇ માટે ચિંતનનો વિષય નહિ બની જાય ?)

ધૈર્યવંત પુરુષો ગહન દુઃખમાં આવી પડ્યા છતાં પણ સુદર્શન શેઠની પેઠે બ્રહ્મચર્યવ્રતથી ચલિત થતા નથી. દૃષ્ટાંત કહે છે કે, સમુદ્રના મ્હોટા તરંગોથી કંપતા એવા પર્વતોને લીધે ધ્રુજતી એવી પૃથ્વીથી નમી ગયો છે. મુકુટ જેનો એવો ય પણ શેષ વિશ્વના ભારને ધારણ કરે છે.

.....

થોડું એવું વિશ્વને ઉપકાર કરવાવાળું ધન પ્રશંસા કરવા યોગ્ય છે. પરંતુ નંદરાજાની પેઠે પ્રમાણ રહિત એવા પરિગ્રહે કરીને શું ? અર્થાત્ કાંઇ નહીં. દૃષ્ટાંત કહે છે કે, હિમરુચિ એટલે શીતલ કિરણોવાળો ચંદ્રમા, લોકને જેવી પ્રીતિ ઉત્પન્ન કરે છે તેવો હિમનો સમૂહ લોકને પ્રીતિ ઉત્પન્ન કરી શકતો નથી. તેમજ વલી મેઘ જેવી પ્રીતિ ઉત્પન્ન કરે છે તેવી સમુદ્ર (ખારો સમુદ્ર) પ્રીતિ ઉત્પન્ન કરતો નથી. અર્થાત્ ચંદ્ર અને મેઘ નહાના છે તો પણ તે લોકને ઉપકાર કરનાર હોવાથી વખણાય છે. અને હિમ તથા સમુદ્ર બહુ મ્હોટા છતા લોકને ઉપકાર કરનાર ન હોવાથી

માનવતાને ખીલવનાર – વિરાગ

- ભાવેશ પરાગ

દશ દશ દૃષ્ટાની દુર્લભ એવો આ માનવ ભવ મલ્યો. મહાપુરૂષોએ દેવભવની દુર્લભતા ન વર્ણવી પણ માનવભવને દુર્લભ કહ્યો. તેનું કારણ વિચારીએ તો સહેજે સારી રીતના સમજી શકાય છે કે માનવ ધારે તો પરમાત્મા પણ બને ! પરમાત્મપણાની પ્રાપ્તિનું પ્રધાન કારણ આ મનુષ્ય ભવ છે.

પણ આજે માનવ ભવની જે કરૂણતા નજરે નીહાળીએ ત્યારે હૈયામાંથી 'હાય' નીકળે છે કે આજનો માનવ ક્યાં જઈ રહ્યો છે ? દુર્લભ અને મહાકિંમતી એવા માનવભવને હેવો પણ ઝંખે છે તેની જ માનવને કિંમત નથી ! આજે દુનિયામાં દરેક ચીજ - વસ્તુની બોલ બાલા અને કિંમત ગણાય છે માત્ર માનવની જ કિંમત રહી નથી. માટે જ જે રીતના વર્તમાનમાં માનવીની સાથે માનવો વ્યવહાર કરે છે તે લખતા લેખીનીને પણ લાજે !

આ બધાના મૂળમાં વિચારીશું તો લાગશે કે આજના માનવ કરતાં પૂર્વનો માનવ લાખ દરજ્જે સારો હતો. ભલે આજે આધુનિક સુખ સાધન સગવડોથી માનવ બુદ્ધિમાં વધ્યો છે. આજના સાધનોથી આવાગમનનું દેશવિદેશનું અંતર જરૂર ઘટ્યું છે પણે જે અંતર વધવાની જરૂર ન હતી તે અંતર એટલું વધ્યું છે જે પૂરાવું - ઘટવું હાલમાં તો અસંભવિત લાગે છે તેનું કારણ માનવ યંત્ર માનવ બન્યો, બુદ્ધિમાન બન્યો પણ તેનામાંથી હૈયું જ ચાલ્યું ગયું. લાગણીશૂન્યતા જ સર્વત્ર દેખાય છે. બધી માનવો હરે ફરે છે, દોડા દોડ કરે છે પણ તેમાં ચેતનપણું, પ્રાણ - ઉત્સાહ દેખાતો નથી. કારણ રાગની આંધળી દોટ - માનવતાને ખીલવનાર જે વિરાગ નામનો ગુણ તેનો સંપૂર્ણ અભાવ. માત્ર બધા પોતાનું જ જૂએ પણ બીજા માટે જરાપણ ઘસાવાનું મન પણ નહિ કે તૈયારી પણ નહિ અને બધાએ મારા માટે ઘસાવું જ જોઈએ, ભોગ આપવો જોઈએ તે વૃત્તિ એટલી બધી વકરી ગઈ, વકરાવી હેવામાં આવી વર્ણન ન થાય. તેમાંથી જ ઘરે ઘરમાં કુટુંબે કુટુંબમાં, પરિવારે - પરિવારમાં મારા તારાનો ભેદ, પક્ષપાત એવો કુસંપ કુસંપ ઊભો કે અગર ભાઈ - બહેનો આદિ વચ્ચે પણ મન મેળ ન રહ્યો. 'મારા તે જ વહાલા બાકી પારકા તે વૈરી' આ વૃત્તિનો કેટલું ભયંકર વિકરાલ માનવજીવનમાં થઈ રહ્યું છે જે બાજુ હેવા જાવ ત્યાં દુઃખ થાય છે.

આ જીવનને સફળ કરવા આ વૃત્તિ ટાળવી પડશે. તે માટે વિરાગ ગુણ ખૂબ જરૂરી છે. વિરાગ એટલે અનુકૂળતામાં ઉદાસીનતા અને પ્રતિકૂળતામાં પ્રસન્નતા. જેના હૈયામાં વિરાગ ગુણ પેદા થાય તેને દુન્યવી સુખો છલકાવી ન શકે અને દુઃખો ડરાવી ન શકે. સુખ માત્રને ભોગવવા પડે તો ભોગવે પણ તેનાથી ચિપકી ન રહે. દુઃખોને પણ મજેથી ભોગવે પણ તેથી કંટાળે નહિ વાચકો ! તમે

Real Virtue that counts.

King Virvikram was sitting in the courtroom meeting, An astrologer. With a knowledge of physeognamy approached him. After looking at kings face the astrologer shook his head, king asked him as to what was wrong. Astrologer said, 'sir, you are a store house of vices and still you are rulling the ninety six districts of Malwa. I have lost faith in my physiognamy. because you don't have nay such mark on your body which may justify your being a king. King lost his temper and drew the sword to kill himself. Astrologer intervened and said 'sir what are you doing to yourself ?King said, 'I want to take out the lucky intestine to show you that mark. Astrologer said regretfully-'Sir I could not see the real gem of a virtue which is greater than all the thirty two virtues possed by you. King was pleased as well as the astrologer King Vikram awarded him a prize. A real virtue is significant and one who possesses this gem becomes competent to o ow religion.

જ વિચારો કે માનવતાને ઉજાળવા આ ગુણની જરૂર છે કે નહિ ?

મનુષ્યોમાં જૈનો તો ઊંચા છે તેમાંય જૈનપણું પામેલાનો નંબર સૌથી ઊંચો છે. જૈન ઘરોનું વાતાવરણ રીતભાત - બોલચાલ એવી હોય કે અજૈન પડોશીને પણ 'મને ય ભવાંતરમાં આવું જૈનપણું મળો' તે ભાવ પેદા થાય. જૈન ઘરોમાં મારા - તારાનો ભેદભાવ ન હોય, હકના દાવા કે લઢાઈ ન હોય પણ હુકને ય જતો કરવા ની તૈયારી હોય અને અણહક્કને ગો આભડ છેટ માને. અણહક્કની કોઈ ચીજ ભૂલે ય આવી ન જાય તે ની કાળજી રાખે.

Lunig Vasahi

Once, four brothers named Lunig, Maldev, Vastupal and Tejpal were living at Dholka, They were very poor.

Lunig once fell it and the brothers advised him to chant lacs Navkar mantra and blessed him. Lunig accepted their advice.

Sensing that he was nearing death, brothers asked him what his last wish was, so that they might fuifil it. Lunig said, On mount Abu at 'Vimal Vasahi' I wanted to have the temple of Gods.' This task if completed will give sole to my soul.'

Brothers promised him the same Lunig died. Fortunately Vastupal and Tejpal made a fortune and become rich.

They acquired land on mount Abu and spent crores of Rupees on it. In sanvant 1283 they got the construction work of temple started and finished it in 1292. To erect Lunig city. They spend millions. The temple has become an immprtal heritage of Jain religious order.

What a great wish ?

Blessed be Lunig and his worthy brothers !

માતા - પિતા, પતિ - પત્ની, ભાઈ - બહેન, દીકરા - દીકરી બધા ના વિચાર એક જ હોય, બધા પરસ્પર વાતચીત કરે કે - "તમે મારા નથી અને હું તમારો નથી. તમે મારાથી પર છો અને હું તમારાથી પર છું. માટે આપણે એવા સ્વાર્થી એકલપેરા કે મોહાધીન બનવું નથી. બને તો પરસ્પરના મોહને મારવો છે પણ મોહને વધારવો નથી. માટે મારા - તારા પણાની મોહ - માયા - મમતાને - મારવી છે. માત્ર આત્મકલ્યાણ માં સહાયક બની કર્મયોગે પ્રાપ્ત સંબંધને સફળ કરવો છે." જો આવી વાતો ધર્મીકુળોમાં ચાલુ થાય તો આજે મરવા પડેલી માનવતા જીવતા માંડ અને ચોમેર મજેથી ફરી રહેલી દાનવતા ભાગવા માંડે.

મૂરઝાઈ - કરમાઈ રહેલી માનવતાને જીવાડવા સૌ વાચકવર્યો આત્મા સાથે વિચારો કે - "દુનિયાનો કોઈ પદાર્થ મારો નથી. મોહાધીન મારો આત્મા પરને પોતાનું માની તેમાં ફસાયો છે તેના બંધનથી મુક્ત થવા પ્રયત્ન કરવો તેમાં જ આ જીવનની સફળતા - સાર્થકતા છે." બાકી તો આ દુનિયામાં કેંક જન્મ્યા, કેંક મર્યા અને ક્યાં ગયા તેનો પત્તો ય ન થી, નામનિશાન પણ જડતું નથી. મારે તો હવે મારા ખોવાયેલા આત્માને શોધવો છે. આત્મા જેડે તે ઘરે માં માનવતા ની રોશની આપો આપ ઝબકી ઊઠે. જે ઘરોમાં આવી રોશનીની જાહોજલાલી છે તે જ ઘર સાચું માનવીનું ઘર છે, જે ઘરમાં વૈરાગ્યનો વિરાગ નથી તે ઘર માત્ર શ્મશાન ભૂમિ જેવું છે. વિરાગનો મંદમંદ વાયુ જે ઘરમાં વહે છે તે જ સાચો માનવ છે અને મહામાનવ બની પૂર્ણમાનવ બનવાનો છે. તો પૂર્ણ માનવને પામવા પાયાનો પત્થર એ માનવતાને ખીલવનારો વિરાગ ભાવ છે. આવી દશાને સૌ પામો તે જ ભાવના.

ના, અનીતિ તો નહિ જ કરું...

– પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મહારાજ

કાલ્પનિક નહિ, વાસ્તવિક દૃષ્ટાંત છે આ.

જૈન શ્રેષ્ઠીઓની આંખમાં ઘેરાયેલા આળસના મેઘને જમીનદોસ્ત કરી દે, એવી આ દાસ્તાન છે.

જૈનોની નૈતિકતાની સાક્ષીભરે એવી આ કથા છે.

જૈનોની સાત્ત્વિકતાનો પરિચય આપે એવી આ ઘટના છે.

મુંબઈ નગરીમાં એવા અઢળક જૈનો વસે છે, જેઓ ગરીબીની રેખા નીચે જીવી રહ્યા છે. મહા મુશ્કેલીએ જીવન પસાર કરે છે.

મલાડ ઉપનગરનો તે દેવચંદનગર નામનો સ્થાનિક વિસ્તાર.

જૈનોની ખીચોખીચ વસતિ ત્યાં વસી છે. સત્તરમી સદીની યાદી અપાવે એવી લાકડાની બનેલી, માટીનું કુરસ ધરાવતી, નળીયાની છત ધરાવતી બેઠા ઘાટની ચાલીઓમાં કેટલાંય જૈન કુટુંબો વસ્યાં છે. એમની પાસે અર્થ ભલે ઓછો હોય પણ એમની આસ્થા વિપુલ છે. એમની ધર્મ પ્રત્યેની મરી ફીટવાની તૈયારીને કોઈ ચલિત નહિ કરી શકે.

આવું જ એક કુટુંબ.

નામ ચોક્કસ હેતુથી ગુપ્ત રાખવું છે.

એ ભાઈને આપણે પ્રણવભાઈના નામે પીછાણીશું.

દેવચંદ શેઠે વસાવેલા દેવચંદનગરની ચાલમાં તેમને રૂમ તો મળી. પાસે જ દેવચંદ શેઠે બનાવેલું જિનાલય પણ ઊભું છે. પણ એમનું કિસ્મત એમનાથી પરાંગમુખ બની બેઠું.

પતિ - પત્ની અને એક પુત્રનો પથરાયેલો સંસાર વર્તમાનની કાળઝાળ મોંઘવારી સામે તેમને એક સ્થળેની નોકરીમાંથી મળતી માંડ એક હજારની આવક શું આપી શકે ?

ઈસુની ત્રીજી સહસ્રાબ્દીનો દસમો મહિનો આવી જવા છતાં અને દેશના ભંગીને પણ બેહજારનો ન્યૂનતમ પગાર મળતો હોવા છતાં પ્રણવભાઈની આવકના સ્રોત હજી એટલાંજ સંકુચિત રહ્યાં છે. આજેય તેઓ એક હજારની સાંકળી આવકમાંથી માસિક ખર્ચ કાઢે છે.

આઠ બાઈ દસની રૂમ, એમાં જ બાથરૂમ, ઘરમાં જ રસોડું અને બેડ, જૂના ઘસાયેલા ગાદલાને એક ખૂણે પડેલો ઢગ, પ્રાઈમસ સીવાય ગેસ વસાવવાની અનુકૂળતા પણ નહીં. ન પંખા, ન લાઈટ, તેમ છતાં આ પરિવાર સત્ત્વભેર જીવન જીવે છે.

રોજ પ્રવચન શ્રવણ કરવા દોડ્યો જ ય. મહિનામાં અનુકૂળતા સર્જાય ત્યારે જ ભલે પૂજા કરે પ ય પૂજા કરે તો સ્વદ્રાવ્યથી જ સંઘ પૂજા કરવાથી પૂજાનું વાસ્તવિક ફળ નથી મળતું, એવી 'સૂરિરામ' ની અને એમ ના સિંહબાળ જેવા સંતાનીય સાધુઓની હિતશીખ સાંભળીને આ પરિવાર પરદ્રવ્યથી પૂજા કરવાનું પણ ટાળે છે.

જિન શાસનના ભાગ્ય નાયક જે ા પૂજ્યપાદ 'સૂરિરામ' ના સાધુ સમુદાયની તેજસ્વિ ની આભામાં તણાયેલાં પ્રણવભાઈ આજે જીવનના ઢળ તાં મધ્યાહ્નને પણ સિદ્ધાંતોમાં એટલાં જ ચુસ્ત છે.

અપવાદની, એકતાની કે એકાંતની લલચામણી વાતોનો તેઓ દિલથી વિરોધ કરે છે.

એમના ચહેરા પર હંમેશા પ્રસન્ન ા છલકાયા કરે છે.

અતિકૃશ દેહયષ્ટિ હંમેશાં ખુશખુશા ર રહે છે.

જોનારને કે પરિચયમાં આવનારને મ હેનાઓ સુધી ગંધ સુદ્ધાં ન આવે કે, એમનું જીવન ઘાટલું બધુ સાદગીથી સુશોભિત છે, એવો તેમનો વિ ખાલસ અને પ્રસન્ન વ્યવહાર છે.

હા, હમણાં જ એક ભાઈએ એમને પાસે જૈન ઉપકરણો વહેંચતી મુંબઈની એક નામાંકિત સંસ્થાના પ્રચારક બનાવી આપવાની પ્રપોઝલ મૂકી. પણ તેમ એમણે એમ કહીને નકારી દીધી કે ના, ૬૫૦ કે ૧૦૦ રૂપિયાના ધાર્મિક ઉપકરણો જે સંસ્થાઓ ૨૫૦ અને ૩૦૦ ના ભાવે વેંચે છે, એનો પ્રચારક નહિ જ બ .

મારે અનીતિનું ધન તો ન જ ખપે ?

કેવી પણ અસલી ધર્મનિષ્ઠા ?

અસલી વાનગી કરતાં પણ અસલી વિચારો વધારે કિંમતી છે.

અસલની વાનગીઓ કદાચ દેહની રક્ષા કરવામાં સફળ બની શકશે, જ્યારે અસલ (સાચા) વિચારો માનવના આત્માની રક્ષા કરી શકશે. ■

વિશેષાંક પ્રસંગે હૈયાની વાત

મહાપુ યોદયે આવી સુંદર ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવ મળ ા પછી મોક્ષસાધક ધર્મમાં તેનો સદુપયોગ કરવો જોઇએ. ધર્મ િ ાની જેટલી ક્ષણો જાય છે તે બધી નકામી અને નિષ્ફળ છે 'આ મનુષ્યભવ એક માત્ર મોક્ષની સાધના માટે જ છે' પણ આ વાત આજે સારા ગણાતા ધર્મીકુળોમાં પણ ભૂલાઇ ગ ી છે. અર્થ અને કામની આસક્તિની આંધીએ આજે જગત ઉપ ર એવો ભરડો લીધો છે કે તેમાંથી કોણ બાકાત હશે તે પ્રશ્ન છે તેમાંથી જે પરિસ્થિતિ પેદા થઇ છે તેમાંથી બચવું ઘણું કપ રું છે. 'દીવા પાછળ અંધારું' તે ન્યાયે આજે સારા સારા ધ ર્મી કુલોની હાલત પણ દયનીય બની છે. આધુનિકતામાં અટવાયેલા છતે પ્રકાશે આંધળા જેવા બન્યા છે. અને આ અ ભિશાપો એવો છે કે ટાળવો હોય તો જ ટળે. જેમ જગતાને જગ ાડવો મુશ્કેલ તેવી હાલત છે. આત્મિકતા ભૂલાવાથી અને ભૌતિકતામાં પાગલ બનેલા જીવોએ જે કારમો અનર્થ સર્જ્યો છે તે કહેવા સાક્ષરો પણ સમર્થ નથી. આજના સાધનોએ હૈયા નું જે અંતર વધાર્યું છે, માનવતાના મૂલ્યોનો જે રીતના હ્રાસ ક ર્યો છે અને નૈતિકતાનું જે અધ:પતન કર્યું છે જેનું વર્ણન કરવું શ ક્ય નથી. આ ધર્મપ્રધાન દેશ છે ક્યાંક ક્યાંક માણસાઇના દ ર્શન પણ દેખા દે છે. બીજાની માણસાઇ જોઇ આનંદિત પામ વાને બદલે આપણા જીવનમાં માણસાઇના દીવડા પેદા થાય અને માનવ, પશુતાવૃત્તિનો ત્યાગ કરી, માનવતાના ગુણો ખીલવી, પ્રભુતાને પામે તે જ એક શુભ આશયથી અમારા તરફથી વર્ષે - ા વર્ષે દિવાળી પર એક વિશેષાંક પ્રગટ થાય છે. તેમાં આ વર્ષે 'માનવતાની મહેકતી કથાઓ' વિશેષાંક પ્રગટ કર્યો છે. ગત વર્ષે 'પરીષહ વિશેષાંક' ને જે આવકાર આપ સૌના સહકારમાં થી મળેલ તેવો સહકાર આમાં પણ લેખકો - પ્રચારકો - સહ યકોએ આપ્યો છે તેમનો આભાર માનવા શબ્દો નથી.

'સિદ્ધિ મોક્ષ' એ જ મનુષ્યપણાનું લક્ષ્ય છે તો સંયમ તેનું સાધન છે અને તેની પ્રાપ્તિની યોગ્યતા માટે મનોહર માર્ગાનુસારિતા ના ગુણોનું પણ વર્ણન છે. તો માનવતાની ખીલવણી પણ સિદ્ધિરૂપ સાધ્યની પ્રાપ્તિ માટે ખૂબ જ જરૂરી છે. માનવતાના મૂલ્યોનો જ્યારે હ્રાસ થઇ રહ્યો છે ત્યારે અમારો આ પ્રયત્ન માન વતાને સજીવન કરવામાં જરૂર દીવાદાંડી બનશે તેમ આત્મવિશ્વ સથી કહી શકીએ છીએ. કથાઓનો પરમાર્થ જો જીવનમાં પ રિણમે તો માનવ, દાનવ નહિ બનતા દેવ અને દેવાધિદેવ જરૂર બનશે.

આજે વધુ દુ:ખની વાત તો એ છે કે, જેમના શિરે પૂર્ણમાનવતાને પ્રાપ્ત કરવા મહામાનવ અને માનવ બનાવવાની જવાબદારી છે તેઓ પણ તેમાંથી છટકવાની પેરવી કરે છે. જેમ મ્યુનિસિપાલિટી ગામ - શેરી - પોળ આદિમાંથી કચરો ન કાઢે તો રોગચાળો ફેલાય અને માંદા પડાય તે ભયે બધા ત્યાં ફરિયાદ કરી તેને દૂર કરાવે છે પણ મનમાં જે ગંદકી ભરાઇ છે તેને દૂર કરવા કોઇ સારી વાત-વિચારણા સમજાવે તો તે ગમતી નથી. આ કેવો વિપર્યાસ ! એટલું નહિ પણ ઇર્ષ્યા અને તેજો દ્વેષથી બળતા વિદ્વાનસંતોષીઓ મહાપુરૂષો ઉપર પણ કાદવ ઉછાળવાનાં કે તેવી પ્રવૃત્તિને રોકવાને બદલે પ્રોત્સાહન આપવાના પ્રયત્નો કરે ત્યારે તો પોકારી પોકારીને કહેવાનું મન થાય છે કે સાધુવેષમાં રહી શેતાનને પણ શરમાવે તેવા દુષ્કૃત્યો આવા સજ્જનના લેબાશમાં ફરનારા કરી - કરાવી રહ્યા છે. શેતાન પણ મરેલાની કબર ખોદી તેની ખાના ખરાબી ન સર્જે તે પણ મોતનો મલાજો જાળવે છે જ્યારે સમાજમાં ધર્મના દૂત થઇને ફરતા આ સફેદ હ્રગોની પ્રવૃત્તિ લખતા પણ લેખિની લાજે છે. આ તો નાઇલાજે માત્ર દિગ્દર્શન કરી આંગળી ચીંધવાનું પુણ્ય કરીએ છીએ. જો તેઓ જાગબાજના શાસન મુજબ સંયમમાં આવી જાય તો જૈન શાસન વધુ ઉજ્જવલ બને.

સ્વાર્થી મિત્ર કરતાં દાનો દુશ્મન સારો આ લોકોક્તિને યાદ કરી માનવતાના મૂલ્યોનો હ્રાસ કરાવનારા આવા અનિષ્ટ તત્ત્વોનો ઓછાયો પણ આપણા પર ન પડે તેની કાળજી રાખવા સાથે હૈયે હૈયે માનવતાના દીપ પ્રગટાવવાના આ પ્રયત્નમાં નામી - અનામી સૌએ આપેલો સહકાર નયનોને પણ ભીંજવી જાય છે. કોઇને પણ દુ:ખ પહોંચાડવાનો અમારો લેશ પણ પ્રયત્ન નથી છતાં પણ સવેળાની ચેતવણીનો સૂર પ્રગટ કરતાં કોઇની પણ લાગણી દુભાય - દુ:ખ થાય તે બદલ સૌની અંત: કરણથી ક્ષમા યાચીએ છીએ. અને શાસનદેવ અમને પણ સન્માર્ગમાં સત્યસિદ્ધાંતમાં સ્થિર રહેવાનું અને માર્ગસ્થ પ્રચાર કરવાનું અસ્ખલિત અવિરત બળ આપે અને શાસનના તેજો દ્વેષીઓને, વિદ્વાન સંતોષીઓને સદ્બુદ્ધિ આપી સન્માર્ગે વાળે તે જ શુભ ભાવના ભાવી વિરમીએ છીએ.

— લિ. સંપાદક, પ્રકાશક
અને તંત્રી મંડળ.

આત્મનિરીક્ષણ કરો ~ માનવતાને ખીલવો

- અ.સૌ. ભદ્રાબેન મનહરલાલ સંઘ | - કાંદીવલી.

આજે અત્ર - તત્ર - સર્વત્ર આપણે નજર કરીશું તો માનવતા મરી પરવારી લાગશે. ત્યારે આપણે હૈયાની વરાળ બીજા આગળ કાઢીશું કે - શું થવા બેઠું છે. નૈતિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. પણ માનવ તરીકે મારી પણ ફરજ છે કે મારે પણ મારી જાત જોવી. હું પણ અવસરે મારી ફરજ ચૂકતો નથી ને ? માનવતાને ખીલવવી હોય, માનવ મૂલ્યોની જાળવણી કરવી હોય તો માત્ર વાતોના વડા કર્યે થાય કે તેમાં આપણે પણ આપણું યોગદાન આપવું જોઈએ ? મને તો લાગે છે કે 'Bigining at Home' અર્થાત્ આપણા ઘરથી - આપણી જાતથી જ પ્રારંભ કરવો જોઈએ.

મારા જ સ્વાનુભવની વાત કરું. મારી સ્ટુડન્ટને હું ધાર્મિક અભ્યાસ કરાવતી તેમાં પ્રસંગે આવી વાતો પણ થતી. ત્યારે મેં કહેલું કે હું ટ્રામમાં મુસાફરી કરી આવી રહી હતી. ત્યારે એક મુસાફરે ખોટા આઠ આનાના સિક્કાને ચલાવવા એક ગરીબ ફેરિયા પાસેથી પેપર માગ્યું. નાનો છોકરો શું સમજે ? ગાડી ચાલુ થવાની તૈયારીમાં હતી. પેલાએ પેપર આપ્યું અને આને આઠ આની ખોટા પધરાવી દીધી અને મોં પર હર્ષના ભાવ દેખાઈ આવ્યા કે જાણે પોતે મહાન જીત ન મેળવી હોય ! પછી પેલાએ જોયું તો પેપર બે દિવસ પહેલાનું હતું તેથી તેનો હર્ષ બધો વિષાદમાં ફેરવાઈ ગયો. માનવમનની આ જ કરૂણતા છે કે ધાર્યું - ફાવતું થાય તો હર્ષ અને આનંદ અને બની જવાય તો દુઃખ - શોક અને વિષાદ.

આ પ્રસંગ પરથી મેં મારી સ્ટુડન્ટને સમજાવ્યું કે - તારા નાના છોકરાને કોઈએ ખોટી બે - પાંચ રૂપિયાની નોટ પધરાવી દીધી હોય તો તું શું કરે ? આપણે બધા તેને ડફોળ કહીએ, મૂરખ કહીએ. જો તું સાચો હોય તો આ નોટ વટાવીને લાવ. આ વિચાર આપણે તેના હૈયામાં વિષના વાવેતરનો કર્યો કહેવાય. તેથી તે પણ બીજા 'બોકડા' 'શિકાર' ની શોધમાં ફરશે અને તેમાંથી અનેક દુર્ગુણો તેના જીવનમાં આવી જશે. પછી આપણે જ ફરિયાદ કરીશું કે - દીકરો હાથથી ગયો. પણ ત્યારે આપણી ભૂલ વિચારીશું કે તેના જીવનના નૈતિક મૂલ્યોના અધઃપાતનું બીજ વાવનારા આપણે જ હતા !

ત્યારે આપણે તેને પાનો ચઢાવવાના બદલે શાબ્દિક આપતાં કહેવું કે- ''દીકરા ! હવેથી આપણ નજર, ભલે તને કોઈ છેતરી - ઠગી ગયું પણ તું કોઈને છેતર ો નહિ, બસ સાવધ બનજે. ભલમનસાઈ કેળવજે પણ બ ન બનજો.'' તો તેના જીવનમાં માનવતાનો કેવો વિકાસ ાય.

ફરી એક વાર મારી બીજી સ્ટુડન્ટ - પ્ર પાસે એક વાતચીતમાં કહેલ કે - આજે આપણને બાપાને બાદા બાપકાનો, શ્રીમંતાઈના દેખાડાનો બહુ ય છે. બધાને આંજી નાખવાનું બહુ મન થાય છે. જેમ ત ો બાળક છે, શિયાળાના દિવસો છે. તું તેને બદામ - કાજુ પીસ્તા આદિ સૂકામેવા માટે તેની ઇચ્છા નથી છતાં આગ્રહ કરીને ખવરાવે છે. પેલો ના પાડે, અરૂચિ બતાવે તો કહે કે, ''બીજાને મલતું નથી અને તને મળે તો કેમ ના પાડે છે !'' ર દેખા બતાવવા માણસ ક્યાં સુધી વિચારે છે. હવે માન કે ારા દેશમાંથી કોઈ મહેમાન તારા ઘરે આવ્યા. તું તેમને ખ વા - પીવાનો ઘણો આગ્રહ કરે છે. મહેમાન ના પાડે છે. તે જ વખતે તારો આ દીકરો હાજર છે. અને બોલી ઊઠે છે ક - ''ખાવ.. ખાવ.. બીજાને મલતું નથી અને તમને મળે છે તો કેમ ના પાડો છો ?'' તે વખતે તારી હાલત શું થાય કદાચ દીક ા ઉપર ગુસ્સો આવે, ધોલ ધપાટ મારે. પણ તારી ભૂલ હતી કે, દીકરાની ના મરજી છતાંય વારંવાર આગ્રહ કરતી તેનું આ પરિણામ આવ્યું ! દીકરો બગડે તેમાં આપ ણો પણ ફાળો હતો તે વાત આપણે વિચારીએ તો કેવું સારું થાય.

મારે તો એટલું જ કહેવું છે કે, માન વતાને જીવતા આપણે પણ આપણી જાતના નિરીક્ષણની જ રૂર છે. જો દરેક વ્યક્તિ પોતાના જીવનમાં બનતા દરેક પ્રસંગો માં પોતાની જ ભૂલને જોતાં - સ્વીકારતાં શીખે તો વર્તમાનમ માનવતા મરી પરવારી છે તેમ બોલવાથી બચી જવાય આપો આપ માનવતા જીવી ઊઠે. આપણે આત્મ નિરીક્ષણ કરનારા થઈએ તો આપણે તો જરૂર માનવ બની જઈશું અને પછી દેવ અને દેવાધિ દેવ બનતાં વાર પણ નહિ લાગે. વ શું કહું ? ❑

હાલાર દેશો દ્વારક પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજા**ની

પરમ કૃપાર્થ અને પરમ ઉપકારી પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની

શુભ પ્રેરણાથી જૈન શાસનનો જયકાર કરાવતા

જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

માનનું મર્દન

બાહુબલી આ મહાત્મા **ભરત ચક્રવર્તી** ના નાના ભાઇ હતા, પ્રભુએ વહેંચી આપેલા રાજ્યોમાં **તક્ષશિલાનું** રાજ્ય તેમના ભાગમાં આવેલું હતું. તેમાં તે રાજ્ય કરતા હતા ચક્રવર્તીની મર્યાદાને અનુસરીને "દરેક રાજાને પોતાને તાબે લાવવા જોઇએ, ન આવે તો યુદ્ધ કરીને પણ તાબે લાવવા જોઇએ." તે અનુસાર બન્ને ભાઇઓનું યુદ્ધ થયું. દ્વન્દ્વ યુદ્ધમાં ચક્રવર્તીએ મુઠ્ઠીનો માર મારીને તેને ડેડ સુધી જમીનમાં ખોસી દીધા. ત્યારે ક્રોધમાં આવી ને **બાહુબલી** એ મુઠ્ઠી ઉપ ડી, પરંતુ ચક્રવર્તી હંમેશાં અજીત જ રહે, એ મર્યાદાને અનુસરીને દેવવાણીથી બાહુબલી અટકી ગયા. અને એ જ મુઠ્ઠીથી પોતાના માથાના વાળનો લોચ કરી નાંખ્યો, અને ત્યાંને ત્યાં જ ધ્યાનમાં ઉભા રહ્યા. તેમણે પૂર્વભવે સાધુ મુનિરાજોની એવી અસાધારણ સેવાભક્તિ - વૈયાવચ્ચ કર્યું હતું, કે જેથી કરીને ચક્રવર્તીને મુઠ્ઠી મારે તો તેનો ભુક્કેજ થઇ જાય, એવું એને બાહુનું બળ મળેલું હતું, તે મુઠ્ઠી દેવવાણીથી ચક્રવર્તીને મારી શકાય તેમ નહોતી. છેવટે ઉપાડેલી મુઠ્ઠી ફોગટ જવા ન દેતાં જાતે જ આમ દીક્ષિત થઇ ત્યાં જ કાર્યોત્સર્ગ ધ્યાને ઉભા રહ્યા. કેમ કે – પ્રભુ પાસે જવામાં પ્રથમ દીક્ષિત થયેલા ૯૮ નાના ભાઇઓને વંદન કરવું પડે, માટે "કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ જવું." એવા એક નિશ્ચયથી એક વર્ષ ત્યાં જ ઉભા રહ્યા, અને અપૂર્વ ધ્યાનના બળથી કેવલજ્ઞાનની નજીક આવી પહોંચ્યા હતા. પરંતુ "નાના ભાઇઓને વંદન કેમ કરું?" એ અભિમાનને અંગે કેવળજ્ઞાન અટકેલું હતું. પ્રભુના આદેશથી **બ્રાહ્મી** અને **સુંદરી** નામની તેમની બે બ્હેનો જે સાધ્વી થયા હતા, તે પ્રતિબોધ કરવા આવ્યા. અને એટલા જ શબ્દો કહ્યા કે "હે વીરા, ગજથી ઉતરો." અભિમાન રૂપી હાથી ઉપરથી ઉતરો. આટલું કહેતાં જ તેમને પોતાની ભૂલ સમજાઇ, ને જેવો પગ ઉપાડ્યો, તેવું જ કેવલજ્ઞાન થયું. પછી પ્રભુ પાસે આવીને શ્રી કેવલી ભગવંતોની પર્ષદામાં દાખલ થયા અને મોક્ષમાં ગયા.

Bounds Green Sat Sang Mandal

બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળના દરેક ભાઈઓ તથા બહેનો વતી

ચંદ્રીકા આર. શાહ * દેવકુંવરબેન વી. એસ. શાહ

64 "A" The Limes Avenue

Arnos Grove, London. N-11 1HR

પરમ ઉપકારી ગુરુદેવ હાલારદેશોદ્ધારક
પૂ. આચાર્યદેવશ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની
પરમ કૃપાથી તથા પ્રાચીન સાહિત્યો દ્વારક
પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી
જૈન સિદ્ધાંતની રક્ષા અને પ્રચાર કરતા

જૈન શાસન અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા

બુદ્ધિની સરળતા

અભયકુમાર આ મહાત્મા **શ્રી મહાવીર** પરમાત્માના શાસનમાં થયા છે. બહુજ બુદ્ધિશાલી પુરુષ હતા. શાસનના અનન્ય રાગી હતા. **શ્રેણિક** રાજાના મોટા પુત્ર હતા અને બુદ્ધિનિધાન હોવાથી સર્વ પ્રધાનમંડલના આગેવાન હતા. પરમાત્માના અનન્ય ભક્ત હતા. **આર્દ્રકુમારને** પ્રતિબોધ આપનાર એ હતા. તેમજ બીજી પણ શાસનની અનેક પ્રભાવનાઓ કરી છે. પોતાની બુદ્ધિના અનેક ચમત્કારોના દૃષ્ટાંતો આ દેશમાં મૂકતા ગયા છે. આજે પણ ચોપડામાં શારદાપૂજન વખતે લખાય છે કે "**શ્રી અભયકુમારની** બુદ્ધિ હોજો" પિતાના અનન્ય ભક્ત છતાં હૃદયમાં વિરક્ત પણ હતા. પરંતુ પિતાના આગ્રહથી વચને કરીને બંધાયા હોવાથી સંસારમાં પડી રહ્યા હતા. ચારિત્રાવરણીય કર્મનો ક્ષય થતાં જ શબ્દછળથી વચનના બંધનમાંથી છુટીને પ્રભુ પાસે તુરત દીક્ષા લઇ તપસ્યા કરીને **અનુત્તર** વિમાનમાં ગયા. ત્યાંથી ચ્યવીને **મહાવિદેહક્ષેત્રમાં** ઉત્પન્ન થઇ ચારિત્ર ગ્રહણ કરી છેવટે મોક્ષે જશે.

Ratilal Devchand Gudhka

રતિલાલ દેવચંદ ગુઢકા (સહ તંત્રી - મહાવીર શાસન)

Shantaben Ratilal Gudhka

શાંતાબેન રતિલાલ ગુઢકા

પરેશ રતિલાલ ગુઢકા • કામિની પરેશ ગુઢકા

અનુપ રતિલાલ ગુઢકા • અક્ષયકિરણ અનુપ ગુઢકા

16, Winch Field Close Kenton Harrow

Middlesex HA3 ODT (U.K.)

શાસન રક્ષક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના પટ્ટધર

આગમો દ્વારક ઉપકારી ગુરુદેવના આશીર્વાદથી

જૈન ધર્મની રક્ષા પ્રચાર કરતા

જૈન શાસન અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા

ભાવનાની ભવ્યતા

ઢંઢણકુમાર - શ્રી કૃષ્ણ વાસુદેવની ઢંઢણા નામની રાણીથી ઉત્પન્ન થયેલા ઢંઢણકુમારે શ્રી **નેમિનાથ** તીર્થંકર પરમાત્માની દેશના સાંભળી દીક્ષા લીધી હતી. પૂર્વભવમાં બાંધેલા અંતરાય કર્મને લીધે ભિક્ષા મેળવી શકતા ન હતા. જ્યાં જાય ત્યાંથી તેમને નિર્દોષ આહાર મળતો ન હતો. તેથી તેઓએ અભિગ્રહ કર્યો કે "મારી પોતાની લબ્ધિથી આહાર મળે તો લેવો."

એક દિવસ તે મુનિ ભિક્ષા માટે **દ્વારિકામાં** ફરતા હતા, તે વખતે તેમને **શ્રી કૃષ્ણ** વાસુદેવે વાહનમાંથી ઉતરીને ભાવભક્તિથી વંદના કરી, એ જોઇ કોઇક ધાર્મિક શ્રેષ્ઠીએ તેમને ઉત્તમ મોદક વ્હોરાવ્યા. ઋષિ પ્રભુ પાસે આવ્યા, ને પૂછયું.

"હે પ્રભો ! શું મારૂં અંતરાયકર્મ ક્ષય પામ્યું ?"

પ્રભુએ કહ્યું "ના. પરંતુ તમને જે ભિક્ષા મળી છે ? તે **કૃષ્ણ વાસુદેવ** ની લબ્ધિથી મળી છે."

તે સાંભળી મોદકને પરઠવવા કુંભારની શાળામાં ગયા. પરઠવતાં પહેલાં મોદકનું ચૂર્ણ કરવા લાગ્યા. તેના ચૂર્ણની સાથે કર્મોનું પણ ચૂર્ણ થઇ ગયું, ને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

પરેશ રતિલાલ, અનુપ રતિલાલ, કામિની અનુપ
હ. અક્ષયકિરણ, પરેશ રતિલાલ ગુઢકા
16, Winch Field Close Kenton Harrow
Middlesex HA3 ODT (U.K.)

કવિરત્ન હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી** મ. ના

પટ્ટધર, પ્રાચીન સાહિત્યોદ્ધારક

પૂ. ગુરુદેવ આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની

કૃપાથી જૈન જગતને જાગૃત રાખતા, સ્પષ્ટ પ્રસભાષા કરતા

શ્રી જૈન શાસન અઠવાડિક વિશેષાંકને



હાર્દિક શુભેચ્છા



તપના ઉલ્લાસની સિદ્ધિ

શ્રાવક - નંદ રાજાના **શકડાલ** મંત્રી અને તેમના પત્ની **લઢ્ઢીવતી**ના સ્થૂલભદ્ર કરત : નામના પુત્ર **શ્રીયક** નામે હતા. પિતાના મરણ બાદ તેમને મંત્રી પદ પ્રાપ્ત થયું હતું. **નંદરાજા** ના : મે મહામંત્રીએ સો જિન મંદિરો અને ત્રણસો ધર્મશાલાઓ બંધાવી હતી, અને જિન પૂજા પ્રતિક્ર મણ વિગેરે ધાર્મિક ક્રિયાઓ રોજ કરતા હતા. **જિનભવન: જિનપ્રતિમા: જ્ઞાન: સાધુ: સાધ્વી: શ્રાવક: અને શ્રાવિકા:** એ સાત ક્ષેત્રોમાં ધન વાપરી જૈન શાસનની પ્રભાવના કરી હતી. છેવટે તેમણે પોતાના પુત્રને નંદરાજાનું પ્રધાન પદ સોંપી દીક્ષા લીધી. એક વખત શ્રી **પર્યુષણા** મહાપર્વ માં તેમની મોટી બ્હેન **યક્ષા** સાધ્વીજીએ **શ્રીયક** મુનિને કહ્યું કે, "આ પર્યુષણા પર્વમાં કરેલા તપથી ઘણું જ પુણ્ય પ્રાપ્ત થાય છે." એમ સમજાવી નવકારશીનું પ્રત્યાખ્યાન કરાવ્યું. પછી વળી યુક્તિથી સમજાવી, પોરસીનું, એમ અનુક્રમે - સાઢ પોરસી, પુરિમઢ્ઢ એમ કરતાં છેવટે સાંજે ઉપવાસનું પચ્ચક્ખાણ કરાવ્યું. કારણ ભૂખ સહન કરેલી નહિ, તેથી તેજ રાત્રિમાં તે **શ્રીયક મુનિ** કાળ કરી સ્વર્ગમાં ગયા. આથી **યક્ષા** સાધ્વીને ઘણો જ પશ્ચાત્તાપ થયો કે, મારે હાથે મુનિનો ઘાત થયો "આ પાપથી કેમ છૂટાય ?" એમ પશ્ચાત્તાપ કરતાં સંઘ સહિત કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યાં. એટલે શાસન દેવી તેમને **મહાવિદેહ** ક્ષેત્રમાં **શ્રી સીમંધર** સ્વામી પાસે લઈ ગયા. **શ્રી સીમંધર** સ્વામીએ કહ્યું કે - "**શ્રીયક** મુનિનું મરણ ઉપવાસને લીધે થયું નથી. માત્ર તેમનું આયુષ્ય જ એટલું જ હતું. ઉપવાસ તો માત્ર નિમિત્ત થવાથી શુભ ધ્યાનથી તે સ્વર્ગમાં દેવ થયેલ છે. અને ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવમાં મોક્ષમાં જશે." પછી પ્રભુએ ચાર ચૂલિકા સંભળાવી. તે બાદ સાધ્વી **યક્ષા** સાધ્વીને શાસનદેવી પાછા અહીં લાવ્યા. તે બધી વાત તેમણે ગુરુ મહારાજને કહી, ને પેલી ચાર **ચાલુકા**ઓ સોંપી. એટલે ગુરુ મહારાજાએ બે ચૂલિકા **દશ વૈકાલિક** સૂત્રને છેડે અને બે ચૂલિકા **આચારાંગ** સૂત્રને અંતે મૂકી.

Motichand P. Gudhka મોતીચંદ પી. ગુઢકા

Kanchanben Motichand Gudhka કંચનબેન મોતીચંદ ગુઢકા

હ. જીતેન તથા રાખી વતી મનવી

29, Regal Way, Kenton Harrow, HA3 ORZ (U.K.)

પરમ ગુરુદેવ નિસ્પૃહી શિરોમણિ
હાલાર દેશોદ્ધારક **પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ** ના
પટ્ટધર પરમ ઉપકારી
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી
જૈન જગતને જાગૃત કરતા
શ્રી જૈન શાસનનો દ્વિતીય શુભારંભ

મૈત્રીની મહત્તા

જા નાગદત્ત - ચારિત્ર પાળી દેવલોકમાં ઉત્પન્ન થયેલા બે દેવમિત્રોએ માં ડોમાંહે શરત કરી હતી કે:

"જે મનુષ્ય લોકમાં પહેલો જાય તેણે દેવલોકમાં રહેલાને પ્રતિબોધ આપં ધર્મ પમાડવો" કાળાંતરે તેમાંથી એક અવીને **લક્ષ્મીપુરના** ત્તશ્રેષ્ઠિની **દેવદત્તા** સ્ત્રીનો નાગદેવની આરાધનાથી **ના**ગદત્ત નામે પુત્ર થયો, તેને સંગીતનો ઘણો શોખ હતો અને ંગીતથી સર્પોને વશ કરીને ખેલવવાની કળામાં પણ કુશળ થયો એક વખત બગીચામાં મિત્રો સાથે સર્પોને તે રમાડતો હતો, તેવામાં એક બીજો **ગારુડી** ત્યાં આવ્યો **નાગદત્ત**ની ઈર્ષ્યાથી બન્નેએ એવી શરત કરી કે- "આપણે બન્નેય એક બીજાના સર્પને રમાડી જોઈએ તો ખરા, કોણ જીતે છે ?" આવના ગારુડીએ તથા **નાગદત્તે** સર્પો રમાડ્યા. તે વખતે સર્પોએ તે ગારુડીને ડંખ માર્યો. પણ તેને કંઈ અસર થઈ નહિ. પછી **ના**ગદત્ત તે ગારુડીના સર્પોને રમાડવા માંડ્યો. ગારુડીએ કુંડાલું રી સર્પોને તેમાં મુકી સૌના સાંભળતાં - "એ પોતાના ચાર સર્પો ઘણા ભયંકર છે. ડશ્યા વિના રહેશે નહીં. માટે તેને રમાડવાની વાત જવા દો." એમ કહી અને તેના ક્રોધ માન, માયા, લોભ એવા નામ પાડી રૂપકથી સાથે સાથે જણાવ્યા, તેની ભયંકર અસર જણાવી. છતાં **નાગદત્ત** તેને ખેલાવવા લાગ્યો. ને તેને સર્પ કરડ્યો. તેથી તે મુચ્છિત થયો. **નાગદત્ત**ના સ્નેહીઓના કાલાવાલાથી તેણે બચવા ઉપાય તરીકે ચર્યા વિગતવાર સમાજવી. એ સૌએ કબુલી પણ તેના માતા પિતા કહેવા લાગ્યા કે "એ તો એની મેળે ઉઠ્યો છે." ત્યારે ફરી મુચ્છર્ા આવીને મરણ તોલ થઈ ગયો. ત્યારે તેઓની આજ્ઞાથી એ ચર્યા કબુલી ત્યારે ઉઠાડયો. પછી ગરુડીએ પૂર્વ ભવ કહી સંભળાવ્યો. એટલે **નાગદત્ત**ને જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને ગારુડીને મિત્ર તરીકે ઓળખ્યો, એટલે તેણે બતાવેલા પંચ મહાવ્રત અને બીજો મુનિ માર્ગ તેણે અંગીકાર કરી ક્રોધાદિ સર્પોની અસરથી રહિત થઈ મોક્ષસુખ પ્રાપ્ત કર્યું.

શ્રીમતી અમૃતબેન મેઘજી કરમણ જાખરીયા
Pankaj Meghji Shah
9 - Shaftesbury Avenue,
Kenton Harrow, HA3 ORT (U.K.)

નિસ્પૃહશિરોમણિ પરમ પૂજ્ય આચાર્ય દેવ
શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના
વિશાળ ઉપકારથી અને પ્રાચીન સાહિત્યો દ્વારક
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન થકી
શ્રી જૈન શાસનને જયવંત કરતા
શ્રી જૈન શાસન અવાર્ડિકનો હાર્દિક શુભારંભ

ભાવ અભાવની વિચિત્રતા

સુકોશલ મુનિ અયોધ્યા નગરીના ઈક્ષ્વાકુ વંશી **કીર્તિધર** રાજાના **સહદેવી** માતાની કુક્ષિએ જન્મેલા સુકોશલ નામે રાજપુત્ર હતા. રાજાએ **ધર્મઘોષ** સૂરિવરની દેશના સાંભળી દીક્ષા લીધી. **સુકોશલ** કુમાર રાજા થયા. તેની માતાએ તેના દાંત સોનાથી મઢાવ્યા હતા.

સુકોશલ કુમાર જેમ જેમ પિતાના વખાણ કરે, તેમ તેમ "પુત્ર દીક્ષા ન લઈ લે." એ ભયથી તેની માતા તેના પિતાના દોષ કાઢે.

એક વખત **કીર્તિધર** મુનિને શહેરમાં ભિક્ષા માટે આવ્યા જાણી નોકરો દ્વારા **સુકોશલ** ન જાણે તેમ તેને બહાર કઢાવી મુક્યા. પરંતુ ધાત્રી માતા મારફત તે સમાચાર રાજાને મળ્યા. રાજાએ મુનિને બોલાવ્યા, પરંતુ ઉપસર્ગનો સંભવ ધારીને તેઓ આવ્યા નહીં.

માતાની આ વર્તણુંકથી પુત્રને પણ વૈરાગ્ય થયો, અને પિતા પાસેજ દીક્ષા લીધી. બન્નેય તપ આર્યા કરવા લાગ્યા.

સહદેવી રાણી પુત્ર તથા પતિના વિયોગથી આર્ત ધ્યાનમાં મરણ પામી, વાઘણ થઈ. એક વખતે તે વાઘણ બન્નેય મુનિઓની સામે આવતી હતી. તે જોઈ **કીર્તિધર** મુનિએ "ઉપસર્ગ થશે" એમ ધારી બીજે જવા વિનંતી કરી. પરંતુ **સુકોશલ** મુનિ તો ત્યાં જ રહ્યા. વાઘણ આવી. મુનિને ઉપસર્ગ કર્યો. પરંતુ શુભધ્યાને કેવળ જ્ઞાન પામી મોક્ષમાં ગયા.

સુવર્ણ મંડિત દાંત પંક્તિ જોઈને તેઓને જાતિ **સ્મરણ** જ્ઞાન થયું. પુત્રને ઓળખી પશ્ચાતાપ કર્યો. અને શુભ ધ્યાનથી મરી આઠમે દેવલોકે ઉત્પન્ન થયા.

કીર્તિધર મુનિ પણ કર્મ ક્ષય કરી મોક્ષમાં ગયા.

ભાનુબેન શાંતિલાલ વીરપાર શાહ
Anilkumar Shantilal Shah
60 Regal Way, Kenton Middx,
HA3 ORY (U.K.)

હાલારમાં વરસો સુધી વિચરી, અમૃતપાન પાનાર
પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ તથા તેમના પટ્ટધર
પૂ. આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
કોમળ દૃષ્ટિથી જૈન ધર્મને વિશ્વમાં ફેલાવતા
શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

ભાવ તેનું ભવ્ય

પુંડરીક - કંડરીક - એ બન્નેય ભાઇઓ હતા. સંયમની આરાધના અને વિરાધનાને લીધે જ્યારે એક **સર્વાર્થ સિદ્ધિ** વિમ નામાં જાય છે - ત્યારે બીજા **સાતમી નરકમાં** જાય છે. એ વિષેનું **પુંડરીક અધ્યયન શ્રી** ગૌતમ સ્વામી જ્યારે **અષ્ટ** પદ પર્વત ઉપર ગયા હતા, ત્યારે **વજસ્વામીના** પૂર્વ ભવમાં **વૈશ્રવણ** નામના **તિર્યક્ જૃંભક** દેવને તે સંભળાવ્યું હતું, જેના ઉપરથી બોધ પામીને તે જ ભવે **વજસ્વામી** પણે ઉત્પન્ન થઇ શાસનની મહાપ્રભાવના તથા મહાઆરાધ કરી હતી. તે **પુંડરીક** અને **કંડરીક**ની કથા આ પ્રમાણે છે: -

મહા દેહ ક્ષેત્રમાં **પુષ્કળાવતી** વિજયમાં આવેલી **પુંડરીકિણી** નગરીના **મહાપદ્મ** રાજાની **શીળવતી** નામની રાણીને પુંડ ીક અને **કંડરીક** નામે બે પુત્ર હતા.

નાલે ી વનમાં પધારેલા મુનિરાજની ધર્મદેશના સાંભળી **પુંડરીક** કુમારને રાજ્ય સોંપી રાજાએ દીક્ષા લીધી.

પછી **પુંડરીકની** પણ દીક્ષા લેવાની ઇચ્છા થઇ, પરંતુ **કંડરીકે** આગ્રહ કરી મોટા ભાઇને દીક્ષા લેવા ન દેતાં પોતે જ દીક્ષા લીધ .

પરંતુ એક દિવસે કોઇક રાજાની રાજ્ય સંપત્તિ જોઇ પોતાને દીક્ષા લેવા વિષે પસ્તાવો થવા લાગ્યો, અને રાજ્ય સુખ ભોગવવ ાની ઇચ્છા થઇ આવી. પિતાનું રાજ્ય લેવા રાજ્યધાનીની બહારના ભાગમાં આવી ઉપકરણો ઝાડ સાથે બાંધીને બેસી ગયા, (ધાના પાલકે ખબર આપ્યાથી સજા વંદના કરવા આવ્યા.

રાજા મુનિની આ દશા માટે ઘણું લાગી આવ્યું. છેવટે **કંડરીકે** રાજ્યની માંગણી કરી, એટલે તેને તે આપી દઇને **પુંડરીકે** તેજ મુનિ વેષ ધારણ કરી વિશેષ આરાધના માટે ગુરૂ મહારાજ તરફ જવા વિહાર કર્યો. આ તરફ **કંડરીક**ને આંતે આહાર થી વિસૂચિકાનો રોગ થવાથી દુર્ધ્યાનમાં મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થવું પડ્યું.

ત્યારે **પુંડરીક મુનિ** રસ્તામાં ટાઢથી પીડા પામી, શુભ ધ્યાનમાં મૃત્યુ પામી **સર્વાર્થ સિદ્ધ** વિમાનમાં ઉત્પન્ન થય .

શ્રીમતી શાંતાબેન ગોવીંદજી શાહ
JAYENDRA GOVINDAJI MANEK
39, Burgess Avenue Kings Bury,
London NWA 8TX (U.K.)

કરુણાનિધિ હાલારી જનતાના પરમ ઉપકારી
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજને કોટિ વંદન જેમની કૃપાથી
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે
જૈન સાહિત્યથી જૈન જગતને ઉદ્ધાર કરી તેમની પ્રેરણાથી
જૈન શાસનને જાગૃતિ આપતા

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

શીલનું સૌભાગ્ય

સુદર્શન શેઠ - ચંપા પુરીમાં રણસિંહ- રાજાના પુત્ર દધિવાહનના રાજ્યકાળમાં અર્હદ્દાસના ધર્મ પત્ની અર્હદ્દાસીની કુક્ષીથી સુદર્શન શેઠનો શુભ સ્વપ્નથી સૂચિત જન્મ થયો હતો. તેને મનોરમા નામે શ્રાવકધર્મ નિષ્ણાત પત્ની હતી. શેઠ પિતા કરતાંયે ધર્મની દૃઢતામાં આગળ વધી ગયા હતા.

તેના કપિલ નામના મિત્રની સ્ત્રી કપિલાએ કપટથી એકાંતમાં બોલાવીને પોતાની સાથે વિષય ભોગ ભોગવવા શેઠની પાસે માંગણી કરી. ઘણી ચેષ્ટાઓ કરી, પણ શેઠ ચલિત ન થયા, અને કહ્યું કે- "તું છેતરાણી છે. હું તો નપુંસક છું. કોઇને આ વાત કહીશ નહીં." ત્યારે કપિલાએ કહ્યું કે- "હું નહીં કહું, પણ તમે ય આ મારી વાત કોઇને ન કહેશો."

એક વખત બહાર ઉજાણીને વખતે શેઠના છ પુત્રો જોઇ કપિલા એ રાજાની અભયા રાણીને તે વિષે પૂછયું. રાણીએ "શેઠના પુત્રો છે," એમ ખાત્રી પૂર્વક કહ્યું. કપિલાએ કહ્યું કે- "તે તો નપુંસક હોવાનો ડોળ કરે છે. માટે જો તમે તેને વશ કરો, તો તમે ખરા." રાણીએ કહ્યું કે- "જો જે, હું એને અવશ્ય વશ કરીશ." વળી એક દિવસે શહેર આખું ઉજાણી કરવા બહાર ગયું. રાણી માથું દુઃખવાનો ઢોંગ કરી મહેલમાં રહી. શેઠ તો પોતાને ઘેર કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતા. પંડિતા દાસી રાણીની મૂર્તિને રથમાં બેસાડીને રાજ મહેલમાંથી દેવ મંદિરે લઈ ગઈ. તેને બદલે કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા શેઠને ઊંચકીને રથમાં લાવી. રાણીએ ઘણી ઘણી ચેષ્ટાઓ કરી તથા ધમકીઓ આપી, પણ શેઠ ધ્યાનમાં જ રહ્યા. છેવટે - રાણી પોતાની આબરૂ લેવા આવનારને પકડવા ભૂમાભૂમ કરી મૂકી. શેઠને રાજસુભટોએ પકડયા. રાજા પાસે ન્યાય થયો. શેઠ કાઉસ્સગ્ગમાં જ રહ્યા, ને તેને શૂળીએ ચઢાવવા લઈ જવામાં આવ્યા.

અહીં પતિનું મંગળ થાય ત્યાં સુધી મનોરમા શ્રાવિકા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. શેઠને શૂળી ઉપર ચડાવ્યા, ને શૂળીને સિંહાસનના રૂપમાં શાસનદેવે ફેરવી નાંખી. રાજા ચમત્કાર પામ્યો. ક્ષમા માંગી - શેઠના શિયળનો મહિમા ગવાયો. બન્નેયે વ્રત લીધા અને દંપતી મોક્ષમાં ગયા. ■

KEVAL AMRUTLAL PREMCHAND
9 Willow Court Fulbeck Way,
Harrow HA2 GLH (U. K.)

જૈન ધર્મના મર્મને જાણનારા હાલાર દેશો દ્વારક

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની કૃપા અને

પ્રાચીન સાહિત્યો દ્વારક **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની

પ્રેરણાથી જૈન ધર્મનો વિજય ડંકો બજાવનાર

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

ભાવે કેવળ જ્ઞાન

શાલ-મહાશાલ મુનિ-પૃષ્ઠ ચંપા નગરીમાં **શાલ** નામે રાજા રાજ્ય કરતા હતા. તેના નાનાભાઈ **મહાશાલ** યુવરાજ હતા. **કાંપિલ્યપુરના પીઠ** રાજા વેરે પોતાની **યશોમતી** બહેનને પરણાવેલ હતી. તેને **ગાંગિલ** નામે પુત્ર હતો.

પ્રભુમહાવીર દેવની ધર્મ દેશનાથી બન્ને ભાઈઓએ બોધ પામી દીક્ષા લીધી અને **ગાંગિલને** રાજ્ય આપ્યું. એક વખત તેને પ્રતિબોધવા શ્રી ગૌતમ **સ્વામી** સાથે તેઓ **પૃષ્ઠ ચંપાએ** આવ્યા. પ્રતિબોધ આપવાથી **ગાંગિલ-પીઠ** તથા **યશોમતી** બોધ પામ્યા, અને દીક્ષા લીધી. રસ્તામાં ભાવના ભાવતાં તેઓને કેવળજ્ઞાન થયું. **પ્રભુવીર પરમાત્માની** પાસે આવી પ્રદક્ષિણા દઈ કેવળીની પર્ષદામાં બેસવા જતાં શ્રી **ગૌત્તમ સ્વામીએ** તેમને રોક્યા, પ્રભુએ તેમ કરતાં કેવળીની આશાતના જણાવી. **શ્રી ગૌત્તમસ્વામી** સ્થિર થઈ ગયા, પ્રભુએ કહ્યું- "તમને પણ કેવળજ્ઞાન થશે. શ્રી **અષ્ટાપદ તીર્થની** યાત્રા કરો," **ગૌતમસ્વામીએ** તેમ કર્યું. ને ત્યાં પંન્નરસે ને ત્રણ તાપસોને પ્રતિબોધ આપ્યો. તેઓ પણ કેવળજ્ઞાન પામી કેવળીની પર્ષદામાં ગયા. અનુક્રમે **શાલ-મહાશાલ** વિગેરે આયુષ્ય પૂર્ણ થયે મોક્ષ પામ્યા.

Gangaben & Muktaben

45, Kinghill Avenue,

Kenton Harrow, HA3 8LA (U.K.)

પરમ નિસ્પૃહી તપસ્વી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ ની
કૃપાથી હાલાર અને હાલારીઓ જાગૃતિને કારણ
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે
હાલારી અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

શીલનો મહિમા

એક વખત રાજગૃહી નગરીનો ઋષભદત્ત શેઠ પોતાની ધારિણી પત્ની સાથે શ્રી સુધર્મા સ્વામીને વંદન કરવા વૈભારગિરિ ઉપર ગયા. ત્યાં તેમણે ભગવંતને પોતાને પુત્ર થવા વિષે પૂછ્યું. ભગવંતે કહ્યું "જો કે અમો આવા સાવદ્ય પ્રશ્નોના જવાબ આપી શકતા નથી. તો પણ મહાપુણ્યનો લાભ થવાથી પરિણામે નિરવદ્ય હોવાથી કહીએ છીએ કે - એકસો આઠ આયંબિલ કરવાથી જંબૂવૃક્ષના સ્વપ્નથી સૂચિત પુત્ર થશે."

ત્યાર પછી આયંબિલ કર્યા પછી વિદ્યુન્માલી દેવ ચ્યવીને ભદ્રિલપુરે ઉત્પન્ન થયો. અને જન્મ પછી તેનું નામ જંબૂકુમાર પાડ્યું.

યુવાવસ્થામાં શ્રી સુધર્માસ્વામીનો ઉપદેશ સાંભળી ભવથી બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું. અને ત્યાંથી પાછા વળતા શહેરમાં આવતા શત્રુ સામે વાપરવાના મોટા મોટા યંત્રો દરવાજામાં ગોઠવાતા હતા. તે જો [illegible] આયુષ્યનું ક્ષણભંગુરપણું વિચારી પાછા વળી ભગવંત પાસે સ્વયં બ્રહ્મચર્ય ઉચ્ચર્યું, ને ઘેર આવી માતા પોતાની દીક્ષા માટે સમ્મતિ માગી.

માતાના આગ્રહથી આઠ કન્યાઓ સા [illegible] વર્ષ કર્યું. સાંજે તેઓને લોભ આપ્યો. અંતે વિદ્યુચ્ચર [illegible] આવેલા જયપુરના પાટવી કુંવર પ્રભવ તે જ વખતે તે [illegible] ચોર સાથે ચોરી કરવા આવેલ, તે સઘળા [illegible] પ્રતિબોધ આપીને સવારે - સાસુ, સસરા, સ્ત્રીઓ માતા પિતા સાથે કુલ પરિવાર પાંચસો સત્તાવીસ જણાએ શ્રી સુધર્મા ભગવંત પાસે દીક્ષા લીધી. શ્રી વીર પ્રભુના નિર્વાણ બાદ ઇઠ્ઠાવીસ વર્ષે જંબૂસ્વામીને આચાર્ય પદ આપ્યું, ને તેત્રીસમે વર્ષે મોક્ષમાં ગયા. સુધર્મા સ્વામી ભગવંતના સર્વ આગમો જંબૂસ્વામીને ઉદ્દેશીને રચાયા છે. કેવળી થઈ પ્રભવસ્વામીને પોતાની પાટ [illegible] પછી મહાવીર પરમાત્માના નિર્વાણ પછી ૬૪ મે વર્ષે મોક્ષમાં ગયા.

Zaviben Devraj Gangji Shah

47, Alicia Gardens

Kenton Harrow, HA3 8JB (U.K.)

હ. મીનાર

હાલારના તારણહાર પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના બોધના ઘોઘથી અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના પ્રયત્નથી જૈન ધર્મનો પ્રચાર કરનાર
શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ધમ્મે શૂરા

જીર્ણદત્ત બ્રાહ્મણનો યજ્ઞદત્ત નામનો ઉદ્ધત પુત્ર મામાના મરણ પછી શિકારમાં હોંશિયાર થયો, અને ચોર લોકોના સહવાસમાં રહી પલ્લીના અપુત્ર ભીમ પલ્લીપતિના પુત્ર તરીકે રહ્યો. તેના ઘા ઘણા જોરદાર હોવાથી, તેનું નામ દૃઢપ્રહારી તરીકે પ્રસિદ્ધ થયું.

એક દિવસે કુશસ્થળ ગામમાં તેણે ધાડ પાડી. ત્યાં બનાવ એવો બનેલ કે દેવશર્મા બ્રાહ્મણે દૂધને તંદુલ માંગી લાવી પોતાની સ્ત્રીને આપી જંગલ ગયો. તેવામાં તેના ઘરમાં તેઓએ લુંટ ચલાવી, આ વાત તેના બાળકે બ્રાહ્મણને કહી. બ્રાહ્મણ લાકડી લઈને સામે આવ્યો. તેને દૃઢપ્રહારીએ મારી નાંખ્યો. તેવામાં એક ગાય શીંગડું મારવા આવી તેને પણ ત્યાંને ત્યાં જ પૂરી કરી. પેલા બ્રાહ્મણની સ્ત્રી દોડતી આવી. તે સગર્ભાને પણ ત્યાંને ત્યાં જ ચીરી નાંખી. ને તેનો ગર્ભ પણ તરફડીને મરી ગયો. આ ચાર હત્યા જોઈ દૃઢપ્રહારીનું મન ડગમગવા લાગ્યું. "અરે ! આ બિચારાના બાળકોનો આધાર શો ? મારું શું ? આ ઘોર પાપથી મારો નિસ્તાર શી રીતે થશે ?" તેના સંસ્કાર જાગ્રત થવા લાગ્યા. ત્યાંથી દોડીને જંગલમાં જતાં એક શાંત મુનિ મળ્યા, તેને પ્રણામ કરી પોતાની દશા ગદ્‌ગદ્ કંઠે કહી સંભળાવી, ને દીક્ષા આપવા માંગણી કરી. મુનિરાજે તેને યોગ્ય જાણી દીક્ષા આપી. તેણે અભિગ્રહ કર્યો કે- "જે દિવસે મને મારું આ પાપ યાદ આવશે, તે દિવસે હું ઉપવાસ કરીશ." ત્યાંથી કુશસ્થલ તરફ જ તેણે વિહાર કર્યો. ભિક્ષા માટે જતાં લોકો પેલી વાત યાદ કરી તેને તિરસ્કારે, ને મારવા આવે. ત્યારે આ કેવળ પોતાના આત્માની જ નિંદા કરે. ચારેય દરવાજે કાઉસ્સગ્ગ ધ્યાન ધર્યું. ને કર્મનિર્જરા કરતાં કરતાં કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું, અંતે મોક્ષમાં ગયા.

Maniben Ratilal Shah

44 - Alveston Avenue Kenton,

HA3 8TR, U.K.

હ. રાજેશ

ત્યાગ તપની મૂર્તિ, પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની
કૃપાથી અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની
પ્રેરણાથી જૈનં જયતિ શાસનમ્ ગજવતા
શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

સુપાત્રદાન

હસ્તિનાગપુરમાં બાહુબલીના પુત્ર સોમયશાના પુત્ર શ્રેયાંસ કુમારને એવું સ્વપ્ન આવ્યું કે- ''મેલા મેરુને અમૃતથી ધોઈ ઉજ્વળ કર્યો.'' સોમયશા રાજાને પણ સ્વપ્ન આવ્યું કે- ''શત્રુથી હાર પામતા સુભટને શ્રેયાંસ કુમારની મદદથી જય મળ્યો.'' તે નગરના શેઠને પણ સ્વપ્ન આવ્યું કે- ''સૂર્ય મંડળમાંથી કિરણો વર્ષ્યા, તે શ્રેયાંસ કુમારે ત્યાંજ પાછા સ્થિર કર્યાં.'' પ્રભાતે મળીને તે સર્વેએ એમ વિચાર્યું કે ''શ્રેયાસ કુમારને આજે કંઈક લાભ થશે,'' તેવામાં વરસીતપનું પારણુ કરવા તે નગરમાં યુગાદિ દેવ આદીશ્વર પ્રભુ પધાર્યા. કોઈ કન્યા, કોઈ સોનું: મણિ: મોતી: માણેક: વિગેરે લઈ આપવા માંડયા. પ્રભુ કાંઈ લે નહીં. શ્રેયાંસ કુમાર પ્રભુ સામે જોઈ રહ્યા. તેને વિચાર કરતાં જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેણે પૂર્વભવ જોયો. સંયમની આરાધના સૌ સાથે કરેલી તે પર્વ તેને યાદ આવ્યું. નીચે ઉતરી પ્રભુને વંદના કર્યું. તેવામાં કોઈએ આવીને શ્રેયાંસ કુમારને શેરડીના રસના ઘડા ભેટમાં આપ્યા. તે વ્હોરાવી પ્રભુને પારણું કરાવ્યું. દેવતાઓએ સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી. શ્રેયાંસ કુમાર મોક્ષ યોગ્ય સામગ્રી પ્રાપ્ત કરી, અંતે મોક્ષમાં ગયા.

ASOK MULCHAND VAGHJI SHAH
No. 213, Kenton Zane (Nail Hause),
Kenton Midd'x, HA3, 8TL, (U.K.)
હ. કંચન બેન

જૈન શાસનના પ્રખર અભ્યાસી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ
અનુપમ વાણી અને લેખિની તથા ઉપકારી
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રતિભાથી જૈન સંઘને જગાડતા

જૈન શાસન અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા

હે ભવ્યજનો ! મહ કષ્ટથી પ્રાપ્ત થયેલા કોઇ
પુણ્યના ઉદયથી આર્યદેશને, સારા કુલને, મનુષ્ય જન્મને અને સાધુ
પુરૂષના સંગને પામીને મુક્તિને માટે સમ્યક્ત્વને; દેવ, ગુરૂ અને ધર્મને વિષે
શક્તિને; ઉપશમપાણું, યતિપાણું, શ્રાવકપાણું અને શ્રાવકના બારવ્રત તેના
આરાધનને; સાત ક્ષેત્ર, જિનપૂજન ન્યાય, વિનય, વૈરાગ્ય, દાન, શીલ, તપ અને
ભાવનાની પુષ્ટિ; શબ્દ, રૂપ, રસ, ગંધ,
સ્પર્શ, દ્યૂત, માંસ, સુરાપાન, વેશ્યાગમન, પાપસંપત્તિ, ચોરી, પરસ્ત્રીગમન,
ક્રોધ, માન, માયા, લોભ એ વિગેરેના જયને અને પુણ્યના દિવસને
વિષે સારા કાર્યને કરો.

ડાહીબેન જીવરાજભાઇ કરમશીભાઇ
હ. જયંતિલાલ
JAYANTILAL JIVRAJBHAI KARAMSHIBHAI
111 - The Fair Way, North Wembly,
HAO 3TH (U.K.)

ત્યાગ મૂર્તિ કવીશ્વર **પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી** મહારાજની

પરમ કૃપાથી અને પરમ ઉપકારી પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી** મહારાજની

પ્રેરણાથી જૈન ધર્મની રચના કરતા

જૈન શાસન અઠવાડિકના વિશેષાંક પ્રસંગે

હાર્દિક શુભેચ્છા

આ જીવ પૃથ્વીકાય, વાઉકાય, તેઉકાય અને અપકાયને વિષે અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ નિર્ગમન કરે, વનસ્પતિકાયને વિષે અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલપર્યંત રહે. વિકલેંદ્રિય (બેઇંન્દ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય) ને વિષે જન્મ મરણો કરીને સંખ્યાતા વર્ષ રહે અને તિર્યંચ તથા મનુષ્યને વિષે સાત અથવા આઠ ભવ કરે. આમ આ છેલ્લા ગણાવેલા ભવને વિષે જો તે જીવને ધર્મ પ્રાપ્ત થાય, તો તે ભવેને તિર્યંચ હોય, તો પણ તે ઘરણેંદ્રની પેઠે ઉત્તમગતિ મેળવે છે.

કાલપ્રાપ્તિભવા અનાદિનિધનાસ્તત્સર્વજાતૌ
સદા, જીવેન ભ્રમતા મુહૂર્તમપિ હિ
પ્રાપ્તં ન કિંચિદ્દિધતમ્.॥
મુક્તાસુક્તિ કયેવ
વારિમણિકૃ–ક્રાદૂધૌકૃવયદ્વૈવત સત્પ્રાપ્યાથ
સકંબલેન શંબલે નોક્ષણેવ ધાર્યશ્રિયે ॥૬॥

કાળ, જીવ અને સંસાર એ ત્રણ આદિ અને અંત રહિત છે, પરંતુ નિરંતર સર્વયોનિને વિષે ભમતા એવા જીવે બે ઘડી માત્ર પણ કંઈ હિત મેળવ્યું નહીં; પણ જ. જેમ સમુદ્રમાં મોતીની છીપ ને કયારેક દૈવયોગે મોતી બનાવનાર પાણી મળી જાય છે, તેમ જીવને એ પુણ્યરૂપ હિત પ્રાપ્ત થઈ ગયું, તો તેણે તે પકડી રાખીને કંબલ અને શંબલ નામના બળદની પેઠે મોક્ષ લક્ષ્મીને અર્થે ધારણ કરવું.॥

Ramaben Maganlal Shah
હ. Tahil
No. 34, Hart Ford Avenue,
Kenton Harrow
HA3 8SY (U.K.)

ગુરુદેવ શ્રી આપની પરમ કૃપાના બલે અમે ભવ પાર કરીએ.

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.,

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ને વંદના પૂર્વક

શ્રી જૈન શાસનને

હાર્દિક શુભેચ્છા

જ્ઞાનનો મહિમા : ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ લક્ષ્મીપુરમાં પધાર્યા ત્યારે તેમણે ધર્મદેશના આપી. તે સાંભળીને ધનદત્ત શેઠના નાના પુત્ર ક્ષુરઘટે દીક્ષા લીધી. ક્ષમા એ તેનો મુખ્ય ગુણ હતો. આચાર્યમહારાજ શ્રીપુર નગરે ગયા. સાધુઓ ચોમાસામાં તપશ્ચર્યા કરે, તેની ક્ષુરઘટ મુનિ ગોચરી લાવીને વૈયાવચ્ચ કરે. પોતે તપશ્ચર્યા કરી શકે નહીં. એટલે તેને ભિક્ષા લાવી વાપરવું પડે. એક દિવસ વૈયાવચ્ચ કર્યા વિના જ ગોચરી લાવીને સવારમાં જ તે વાપરવા બેઠા. તેવામાં માસના ઉપવાસી સાધુ આવીને તેને કહેવા લાગ્યા, "મેં તારી પાસે થુંકવાનું વાસણ માંગ્યું, તે આપ્યા વિના ખાવા ક્યાં બેસી ગયો ? તું ક્ષમાવંત શાનો ? તારા ભોજનમાં જ બળખો નાંખું છું. ખા. પછી કેવો ક જાય છે ?" એમ કહી સાચેસાચ તેના ભોજનમાં બળખો નાંખ્યો.

મુનિ બોલ્યા. "મહાત્મન્ હું બાળક છું, હું ભૂલી ગયો ! પરંતુ મારા ધનભાગ્ય કે-આપના જેવા તપસ્વીના બળખો મારા ભોજનમાં પડ્યો." એમ કહી તે પોતાના દોષોનો વિચાર કરતાં બળખા સહિત તે ભોજન વાપરતાં કેવળ જ્ઞાન પામ્યા અને દેવોએ આવીને તેના કેવળ જ્ઞાનનો મહિમા કર્યો

NILESH CHANDRAKANT DOSHI

6 - Temple Gardens

Rick Mans Warth,

Herts WD3 1QJ (U.K.)

પૂ. આ. શ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ની કૃપા

પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની પ્રેરણાથી જૈન ધર્મનો પ્રચાર કરતા

જૈન શાસનને

હાર્દિક શુભેચ્છા

:: જ્ઞાનનો ભંડાર ::

શ્રાવસ્તીના રુદ્રકુમારે દીક્ષા લીધેલી, ત્યારે તેના પિતા
ના કહેવા છતાં પાગ તેના માથા ઉપર છત્ર ધરાવતા હતા.
વિહાર કરતાં કંચનપુરીમાં તેની બહેન સુનંદાના જોવામાં આવ્યા.
તે પોતાના ભાઈ જેવા જાગીને તેને ધારી ધારી જોવા લાગી. તેના પતિ પુરુષસિંહ રાજાને વ્હેમ પડ્યો.
એટલે રાત્રે બહાર મુનિ કાઉસ્સગ્ગમાં હતા ત્યાં તેને મરાવી નાંખ્યા. તેની લોહીથી ભરાયેલી
મુહપત્તિ પક્ષીએ લાવીને રાજમહેલમાં નાંખી, તે ઉપરથી રાણીને ઘાગો શોક થયો. તપાસ કરતાં
"પોતાના ભાઈ જ હતા." એમ નક્કી થયું. તેના પતિને પાગ પછી ઘાગો પસ્તાવો થયો. ને દીક્ષા
લીધી. જ્ઞાની મુનિને પૂછતાં "સ્કન્દકુમાર ચોથે દેવલોકે ગયા છે. ત્યાંથી મોક્ષમાં જશે."
મુનિના મરાગથી બહેને ઉત્સવ કરાવ્યો. હજુ પાગ એ દેશમાં ભાઈના મરાગથી
બહેને ઉત્સવ કરાવવાનો રીવાજ
પ્રચલિત છે.

Jasvantiben Maganlal Shah
3 Melonose Close, Green Fard Middlsex
U36 9TD (U.K.)

દયાથી થતા ઉત્તમ લાભો

– રતીલાલ દેવચંદ ગુઢકા – લંડન.

અનેક પ્રકારે દયા ધર્મ જ સાર છે. અને માટે સર્વ ધર્મમાં દયા ધર્મ જ શ્રેષ્ઠ ને ઉત્તમ છે. તેની સ્તુતિ તો તીર્થંકર પ્રભુએ પણ કરી છે. ઉતમ પ્રકારની જીવદયામાં જેમનાં હૃદય તત્પર છે, એવા શાંતિનાથ પ્રભુ અને મુનિસુવ્રતસ્વામી પૂર્વે થઈ ગયા છે. તેમની કીર્તિ આજે પણ પૃથ્વીમાં પથરાએલી છે. આ સંબંધમાં અચિરામાતાના નંદન શ્રી શાંતિનાથ ભગવંતનો આમ સંબંધ છે.

શ્રી શાંતિનાથ પ્રભુના પૂર્વભવની કથા. આ કથા શાસ્ત્રના પાને લખાયેલી છે. શાસ્ત્રના આધારે લીધેલિ છે. જંબુદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની મંગલાવતી વિજયમાં રત્નસંચય નામનું નગર હતું. પૂર્વેત્યાં શ્રી શાંતિનાથપ્રભુનો જીવ નામે વજ્રયુધ રાજા હતો. એકવાર એક કબુતર ભયથી ફડફડતું હતું અને એ કબુતર વજ્રયુધના શરણે આવી પડ્યું. રાજાએ અભય આપતાં કહ્યું; તું ડરીશ નહિ એટલામાં તેની પાછળ હાંફતું એક બાજ (સીચાણો) પક્ષી આવ્યું તેણે કહ્યું 'રાજા મને ઘણી ભૂખ લાગી છે. માટે મારૂં ભક્ષ્ય આ કબુતર મને સોંપીદો.

રાજાએ કહ્યું તેના બદલે તને સારૂં મજાનું ખાવાનું આપું, સિંચાણે કહ્યું 'હું તો માસભોજી છું' ને રાજાએ કહ્યું 'જો એમ છે તો મારાં શરીરમાંથી તને માંસ આપું ?' બાજે કહ્યું 'સરસ આ પારેવાના ભારોભાર તમારૂં માંસ મને આપો મને ઘણો આનંદ થશે. 'રાજાએ આ સાંભળી તરત ત્રાજવું મંગાવ્યું અને પોતાના સાથળમાંથી માંસ કાપી ત્રાજવામાં મુક્યું. બીજી તરફ પારેવાને બેસાડ્યો; સામાન્ય રીતે પારેવાના ભાર કરતાં વધુ માંસ હતું. છતાં કોણ જાણે આ પારેવું કેવું હતું કે તેનું વજન મચક આપતું જ નહોતું. આખરે રાજા પોતે આખો ત્રાજવામાં અંદર બેસી ગયો, માત્ર એક પારેવા પરની દયા, માટે આવું અપૂર્વ સાહસ જોઈ બે દેવો પ્રત્યક્ષ થઈ રાજાને પ્રણામ કરતા બોલ્યા; 'હે મહારાજ ! ઈંદ્રસભરી સભામાં તમારી પ્રશંસા કરી હતી. તે ઉપર શ્રદ્ધા ન થતાં અમે બન્ને અહીં આવ્યા હતા, પરીક્ષા કરવા. તમે ખરા પાર ઉતર્યા છો. તમારા દર્શનથી અમને ઘણો જ આનંદ થયો.' 'ઇત્યાદિ પ્રશંસાપૂર્વક રાજા ઉપર પુષ્પની વૃષ્ઠિ કરી તેઓ સ્વર્ગે ગયા. વજ્રયુદ્ધ રાજા પણ ચારિત્ર લઈ ઉત્તમ કોટિની આરાધના કરી તેઓ નવમા ગ્રેવેયકે (૨૧) એકવીસ સાગરો પમની સ્થિતિવાળા અત્યંત તેજસ્વી સૌભાગી દેવ થયા.

શ્રી મુનિસુવ્રત સ્વામીની કથા અને શાસ્ત્રના પાને લખાયેલી આગમના આધારે ભરૂચનગરમાં જિતશત્રુ નામનો રાજા. તેણે અશ્વ મેધયજ્ઞનું આયોજન કર્યું; તેમાં પોતાના પટ્ટ અશ્વની બલિ માટે તૈયારી કરી.

તે વખતે ભરૂચથી સાઈઠ યોજના દુર પ્રતિષ્ઠાન પુરમાં શ્રી મુનિસુવ્રત સ્વામી પધાર્યા હતા. તેમણે અશ્વના હિત માટે પ્રતિષ્ઠાન પુરથી ભરૂચ આવવા વિહાર કર્યો. અને એક રાતમાં સાઈઠ યોજનનો વિહાર કરી ભરૂચ આવ્યા. યજ્ઞ જોવા એકત્રિત થયેલા જન સમૂહને પરમાત્માએ ધર્મદેશના આપતા દયાનો ઉપદેશ આપ્યો. ઘોડો પણ કાન સરવા કરી સાંભળવા લાગ્યો. પ્રભુજીની વાણીમાં એવો અતિશય હોય છે કે દેવ મનુષ્ય તિર્યંચ સહુ પોતપોતાની ભાષામાં તે વાણી સમજી શકે. પ્રભુને જોતાં પરિચિત ઉપદેશ સાંભળતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તરત ઘોડો તે ભીડમાંથી હણહણતો ઉઠ્યો અને પ્રભુ પાસે આવી અતિહર્ષ પૂર્વક વંદન કરવા ને પ્રદક્ષિણા દેવા લાગ્યો. પોતાની અવ્યકૃત ભાષામાં કાંઈ કહેવા લાગ્યો, જે પ્રભુ જાણતા હતા, ત્યાં આવેલા રાજાએ આ જોઈ ભગવંતને કહ્યું ''પ્રભુ ? આ ઘોડો આપની પાસે કેમ દોડી આવ્યો અને શું કહેવા માંગે છે ?'

ભગવંતે કહ્યું ? અમારી સાથે આને જૂનો સંબંધ છે. તમો સાંભળો :

પશ્ચિની ખંડ નગરમાં એક શેઠ રહેતા હતા. તેઓ એટલા બધા ધર્મિષ્ઠ હતા કે લોકો તેમને જિન ધર્મ શેઠ કહેતા હતા. તેમને એક સાગરદત્ત નામના વણિક શેઠ મિત્ર હતા. તે

ધર્મે શૈવ હતા, અને તેમણે મોટું શિવાલય બંધાવ્યું હતું. જિનધર્મ શ્રેષ્ઠી મિત્રને હંમેશાં ધર્મની વાત કરતા. ક્યારેક ગુરૂમહારાજ પાસે સાંભળેલો ઉપદેશ તેમને કહેતા ને આત્મધર્મની આચરણા માટે સમજાવતા કોઈકવાર, ગુરૂ મહારાજ પાસે લઈ આવતા તે પ્રવચન શ્રવણનો લાભ મળે તેવા પ્રયત્નો પણ કરતા. એકવાર તેઓ ઉપદેશ સાંભળવા ગયા. ગુરૂ મહારાજે શ્રી જિનેશ્વર ભગવાનનું મંદિર કરાવનારને મહાફળ મળે છે. ઈત્યાદિ સાંભળી તેમની ભાવના જિનાલય બંધાવવાની થઈ. ધર્મ શ્રેષ્ઠીની સહાયથી તેમણે અઢળક નાણું ખર્ચી ભવ્ય પ્રતિમા વાળો જિનપ્રાસાદ કરાવ્યો. એમ કરતાં તેને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ ઉપલબ્ધ થઈ. ધીરે ધીરે તેને જિનમંદિરમાં જ એવી સ્વસ્થતા - શાંતિ મળવા લાગી કે શિવ મંદિર જવું સાવ છૂટી ગયું.

એકવાર જિનમંદિરમાં કાંઈક વાર્ષિક ઉત્સવ હોઈ લિંગપૂરાણવિધિ કરવાની હતી. તે માટે પ્રબંધકોએ સાગર દત્ત શેઠને આવવા આગ્રહ કર્યો. શેઠે વિચાર્યું 'એ બહાને મંદિરની વ્યવસ્થાદિ પણ જોવાઈ જશે' ને તેઓ સમયે શિવમંદિર પહોંચ્યા. જ્યાં શ્રી રાખવામાં આવતું ત્યાં જરાય સ્વચ્છતા નહોતિ. જુના ગંધાતા ઘીમાં ઘીમેલોની ઉત્પતિ થઈ હતી. જતાં - આવતાં પૂજારીઓના પગ તળે ઘીમેલો ને કીડીઓનો કચ્ચરઘાણ નિકળતો હતો. આ જોઈ શેઠના મોઢામાંથી અરેરાટી નીકળી ગઈ. ને તેમણે પૂજારીઓને કહ્યું; 'સામાન્ય જન કરતાં તમે ઉંચે સ્થાને છો. તમારે તો જોઈને ચાલવું જોઈએ. જુઓ તમારા પગ નીચે કેટલા જીવ ચંપાઈને નાશ પામ્યા.'

આ સાંભળી બીજાએલા પૂજારીએ કહ્યું "બેસો હવે બહુ મોટા ધર્મિષ્ઠ થઈ ગયા છો તે અમે જાણીએ છીએ. પૂર્વજોને પાળીને પુષ્ટ કરેલો ધર્મ તો છોડી દીધો. અહીં પણ અવાતું નથી ને પાછા અમને ધર્મ સમજાવો છો ? ન ગમતું હોય તો ઉઠીને ઘર તરફ ચાલતા થાવ. એમાં આટલું બધું બોલવાની શી જરૂર છે ?

આ સાંભળતાં સાગરદત્તને ઘણું માઠું લાગ્યું પણ તેઓ કાંઈ બોલ્યા વિના ઘરે પાછા ફર્યા. મંદિરના માણસોએ મારું ઘોર અપમાન કર્યું. આના કરતાં તો ત્યાં ન ગયો હોત તો સારું. ઈત્યાદિ વિચારમાં એવું દબાણ થયું કે તેમનું હૃદય બંધ પડી ગયું, ને આર્ત ધ્યાનમાં મૃત્યુ પામી. કેટલાય ભવ પછી આ ભવમાં સાગરદત્તનો જીવ તમારો પુત્ર અશ્વ થયો. અને ધર્મશ્રેષ્ઠી ધર્મ પ્રતાપે પોતાનો વિકાસ સાધતા આ ભવમાં હું મુનિ સુવ્રત સ્વામી નામે તીર્થંકર થયો. અને મહાલાભ થવાનું જાણી, હું અહીં આવ્યો છું. મને જોઈ એને જાતિ સ્મરણ જ્ઞાન થયું છે. મિત્ર ભાવને તાજો થયેલો તમે પણ જોઈ શકો છો કે ઘોડાનો હર્ષ સમાતો નથી એ મને કહી રહ્યો છે કે "હવે મારો નિસ્તાર થાય અને ધર્મની સામગ્રી પાછી સુલભ બને એવું હે કૃપાવતાર ! કાંઈક કરો.'

પછી રાજાને ઉદ્બોધ કરતા પ્રભુ બોલ્યા 'રાજા દયા વિના બધું જ વ્યર્થ છે. હિંસા કોઈ પણ સંજોગમાં ખરાબ જ ફળ આપે છે. યજ્ઞમાં પશુઓ હોમવાથી ધર્મ નહીં અધર્મ જ થાય છે. તમારા જેવાએ સમજવું જોઈએ ને મહાઅનિષ્ઠકારી આ હિંસામય યજ્ઞો બંધ કરવા જોઈએ. (આજે ઠેર ઠેર હિંસાના તાંડવ ચાલી રહ્યા છે. આ કાળમાં કતલ ખાના પશુ વધ ખૂબ જ અનર્થો થઈ રહ્યા છે જેનું પરિણામ ભયંકર આપણા દેશને ભોગવવું પડે છે.) 'ઈત્યાદિ ઉપદેશ સાંભળી રાજાએ અશ્વે અભય આપી મુકત કર્યો. પોતાના રાજ્યમાં હિંસમય યજ્ઞનો સર્વથા નિષેધ કર્યો. અશ્વે પ્રભુ પાસે આગારણ અંગીકાર કર્યું. એક તરફ શુદ્ધ જળાશયે પ્રભુનું સ્મરણ અને શરણાદિ લઈ આહાર પાણીનો ત્યાગ કરી ઘોડો રહ્યો. ધર્મીષ્ઠ લોકો તેને ભાવ વધે કે સ્તવનાદિ સંભળાવતા. સમયે પ્રભુની દેશના સાંભળવા મળતી. આમ આયુ પૂર્ણ કરી તે આઠમા સ્વર્ગે દેદીપ્યમાન.. સોભાગીને સમૃદ્ધશાલી દેવ થયો. પ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા. અવધિજ્ઞાનથી જાણી પોતાના પૂર્વભવના કલેવર પાસે દેવે આવી જોયું તો લોકો ઉત્સવ પૂર્વક ઘોડાના કલેવરને અંતિમ વિધિ માટે લઈ જતા હતા. દેવે ઘણા દેવોને પોતાનું (ગતભવનું) કલેવર બતાવતા ધર્મનો મહિમા સમજાવ્યો. જ્યાં પ્રભુજીનું સમવશરણ હતું ત્યાં દેવેશ્રી મુનિ સુવ્રત ભગવંતનો મહાપ્રાસાદ રચી તેમાં ભવ્ય પ્રતિમાજી સ્થાપન કરી. તેમની સામે ઘોડાની મૂર્તિ ઉભી કરી. એ જિનાલય મહિમાવંતું તીર્થ બન્યું ને અશ્વાવબોધ તીર્થ તરીકે પંકાયું.

કાળ વિતતો જાય છે. જન્મ - મરણ ચાલ્યા કરે છે. સર્જન વિસર્જન થયા જ કરે છે. કેટલોક કાળ વિત્યા પછી

ભરૂચના સીમાડાના વનમાં નર્મદા નદીના પહોળા કાંઠે એક વડ વૃક્ષ ઉપર એક સગર્ભા સમળીએ માળો બાંધ્યો. સમય જતા તે માતા બની. ખોરાકની તપાસમાં તે ઉડીને જતી હતી. તેને મ્લેચ્છ બાણ મારી ધરતી પર પાડી. તે અશ્વબોધ તીર્થની સમીપે પડી તન - મનની વ્યથા સહતી હતી ને આક્રંદન કરતી હતી તેના પુન્ય ત્યાંથી જતાં મુનિએ તેને નવકાર મહામંત્ર સંભળાવ્યો. ક્રોધ અને મમતા છોડી અરિહંતાદિના શરણા લેવાની તલ્લામણ કરી. ચારે અહારનો ત્યાગ કરાવ્યો. થોડી જ વારમાં તે સમળી ''નમો અરિહંતાણં' આદિ સાંભળતાં મૃત્યુ પામી. અને સિંહલદ્વીપના મહારાણીના ગર્ભમાં પુત્રી તરીકે ઉપજી. પૂર્ણ સમયે રૂપરૂપના અંબાર જેવી કન્યાનો જન્મ થયો. સાત પુત્રો ઉપર પુત્રી જણતાં રાજા-રાણીને રાજપરિવારમાં આનંદ આનંદ વર્તી રહ્યો. તે દેખાવે સુંદર હતી તેનું નામ સુદર્શના પાડવામાં આવ્યું. તે મોટી થતાં સર્વ કળામાં ચતુર અને વ્યવહારમાં દક્ષ થઈ. એકવાર ભરૂચ બંદરના વ્યવહારી શેઠ રૂષભદત્ત સિંહલદ્વીપ આવ્યા. તેઓ રાજસભામાં બેઠા હતા. યુવાનરાજ કન્યા સુદર્શના પાસે આવી હતી. તે સમયે શેઠને છીંક આવી. તેમને છીંક આદિ વખતે નમો અરિહંતાણં' બોલવાની આદત હોઈ, હાં... છ... નમો અરિહંતાણું ''એમ છીંક સાથે બોલ્યા. તે સાંભળી રાજકન્યા વિચારમાં પડી કે આ નમો અરિહંતાણ શું કહે ? આ કોઈ દેવ વિશેષને નમસ્કાર છે. મેં આ ક્યાંક સાંભળ્યું છે, ક્યાં સાંભળ્યું હશે ? એમ કરતાં સ્મૃતિ સતેજ થતાં ને વિસ્મૃતિના પડલો ભેદાતા અતી તેમનો આખો ભવ તેને યાદ થઈ આવ્યો, વડલો માળો, બચ્ચા, સમળી, ને... ને... તેની છાતીમાં તીર.... ઓ... ઓ....પછડાટ. .. કારમીચીસ,.... ને - ભયંકર વેદના અહું જ તાજું થઈ આવ્યું ને કુંવરી ધરતી પર બે ભાન થઈ ઢળી પડી. શીતોપચારથી તે સચેત થઈ. તેની બોલચાલ રંગ-ઢંગ બધું જ બદલાઈ ગયું હતું. આગે તે સભામાં પોતાની ગતભવની આખી કહાણી કહી સંભળાવી. સહુ આશ્ચર્ય પામ્યા.

માનવામાં ન આવે એવી વાત આખરે બધાએ માની. માતા - પિતા આદિની અનુમતિ પૂર્વક તે રાજબાળા ભરૂચ આવી. અશ્વબોધનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં સમળીનાં ભવનાં ચિત્રો પાણ યોગ્ય સ્થાને મૂકાવ્યા. ત્યારથી અશ્વાવબોધ શકુનિકા વિહાર (સમળી વિહાર) ના નામે વિશ્વમાં પ્રસિદ્ધ થયું. તેના અનેક ઉધ્ધારો થયા. છેલે કુમારપાળ ભૂપાલના મંત્રી ઉદયનના પુત્ર અંબડ મંત્રીએ પિતાના શ્રેયાર્થે ઉદ્ધાર કરાવ્યો. મંગલદીવાના લુંછણા વખતે તેણે બત્રીસ લાખ સોના મહોરો યાચકોને આપી હતી. ત્યા શત્રુંજય તીર્થનો ઉદ્ધાર ગિરનારના માર્ગની સુગમતા અને એવાં અનેક ઉત્તમકાર્ય કરનાર કવિ શ્રી વાગભટ તેમના મોટાભાઈ હતા.

આ પ્રમાણે શ્રી શાંતિનાથ સ્વામી અને શ્રી મુનિ સુવ્રત સ્વામી પારેવા અને ઘોડાની રક્ષા કરી મહાન સૌભાગ્ય ને કીર્તિ પામ્યા. તે બંને પ્રભુ આપણા કલ્યાણને કરનારા થાઓ... દયા અને કરૂણાથી આત્માને અનેક લાભો મળે છે અને એના દ્રષ્ટાંતો શાસ્ત્રમાં કેતાં અનેક ઠેકાણે પંકાયેલા છે અને દયાથી જ અંતે આત્માનો મોક્ષ થાય છે.

દયા સુખની વેલજી, દયા સુખની ખાણ
અનંતા જીવ મુક્તા ગયા, દયા તણા ફળ જાણ.

ઓજ - શાસ્ત્ર આજ્ઞા કે જિન આજ્ઞા આશય કંઈપણ વિરૂદ્ધ લખાયું હોય તે બદલ ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના કરૂં છું. મિચ્છામી દુક્કડમ.

* * * * * * * * * * * * * * * * *

મહામૂલો દેવ દુર્લભ મનુષ્ય
ભવ પામનારા તમે પાપથી બચો.

આજના આ પંચમ આરામાં મનુષ્યભવનું વધુમાં વધુ આયુષ્ય ૧૩૦ વર્ષનું કહેવાય છે. આજે મોટે ભાગે ૭૦/૮૦ વર્ષ પહોંચતા તો જીવ ઢળી પડે છે. બીજા ભવોની સાગરોપમની અસંખ્યાતા વર્ષોની આયુષ્યની સરખામણીમાં આ આયુષ્ય તદ્દન મામૂલી ગણાય. આ મનુષ્ય ભવ ઘણો જ અલ્પ સમયનો છે. સદ્‌ગુરુના બોધથી સાવધાન બનો. પાપોથી દૂર રહી, પરમાત્માની આજ્ઞા પ્રમાણેનું જીવન જીવો સૌ કોઈ શાશ્વત સુખના સ્વામી બનો. માટે સ્વને અનેક પાપોથી બચાવો અને પછી સર્વને બચાવો.

માનવતાને પામેલાની મનોહર મનોદશા

* પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મહારાજા

શ્રી શ્રીપાલરાજાના રાસ કે ચરિત્રનું વાંચન અને શ્રવણ આપણા શ્રી સંઘમાં દર વર્ષે ઓછામાં ઓછું બે વાર તો (આસો. ચૈત્ર માસની શાશ્વતી ઓળીમાં) થાય છે. તેમાં આવતા પ્રસંગનો પરમાર્થ જો આપણા હૈયાને અડી પણ જાય તો ય આપણો બેડો પાર. પણ આજે આપણે બધા કઈ રીતના વાચન - શ્રવણ કરીએ તે જાતને પૂછવાની જરૂર છે. મારે જે પ્રસંગ જણાવવો છે તે છે માત્ર સામાન્ય પણ તેના ઉપર જેમ જેમ વિચાર કરીએ તેમ લાગે કે મહાપુરુષોએ કેવો અર્ક ભર્યો છે. જેમ દવા વધુને વધુ ઘુંટાય તેમ તેનો પાવર વધે. તેમ આ બધો વિચાર કરીએ તો આપણી આંખ - હૈયું ઉઘડે.

મયણાસુંદરીએ પોતાના પિતાની વાત માન્ય ન રાખી અને ભગવાનના કર્મ સિદ્ધાંતીને જ માન્ય રાખ્યો તેથી રાજા અત્યંત ગુસ્સે થયો. માનાકાંક્ષી આત્માઓની આ જ વિલક્ષણતા છે કે પોતાનું ધાર્યું ન થાય, પોતાની ઇચ્છા ન સંતોષાય, બધા પોતાની વાતમાં હાજી...હાજી... ન કરે એટલે મગજનો પારો વધી જાય. આપણે આ વાત આપણા માટે વિચારવી છે કે, હું પણ આ જાતનો દુર્ગી નથી ને ? તે પછી હોંશિયાર મંત્રી રાજાને બહાર કરવા લઈ ગયા અને સામેથી સાતસો કોઢિયાનું ટોળું આવ્યું અને તેના મંત્રીએ શ્રી પ્રજાપાલ રાજા પાસે આવીને માગણી કરી કે, અમારા ઉંબર રાણા માટે એક કન્યા આપો પછી ભલે તે ગમે તે જાતની કે કુલની હોય. પણ કયા મા-બાપ હાથે કરીને, જાણી જોઈને પોતાની દીકરી કુવામા નાખે ! રાજાનો મંત્રી તેમને સમજાવે છે ત્યાં રાણાના મંત્રીએ કહ્યું કે- "અમે તો પ્રજાપાલ રાજાની દિગ્વ્યાપી કીર્ત્તિ સાંભળી છે કે, તેઓ કોઈની માંગણી ઠુકરાવતા નથી." પ્રશંસા પ્રભુને પ્યારી છે તેમ કહેવાય છે તેના બદલે પ્રશંસા માનવતાને મારનારી છે તેમ કહેવું સારું લાગે. તેથી રાજા વિચારે કે, મારી શત્રુભૂત બનેલી દીકરી આને આવી દઉં અને બતાવી દઉં કે 'મારું નહિ માનવાનું, મારી સામે થવાનું શું ફળ મળે છે ? ક્રોધ અને માન જોડિયા ભાઈઓ છે. બન્ને પોત પોતાના ક્ષેત્રમાં પ્રધાનતા તો ભોગવે છે અને અવસરે એક બીજાના પૂરક પણ બને છે. માનવને દાનવ બનાવનાર હોય, તો આ બે 'કલ્યાણ મિત્રો' છે. તેથી રાજા કહે કે, નાની બાબતમાં દિગંત વ્યાપી કીર્ત્તિને કોણ ગુમાવે ? તમે ચાલો હું તમને એક કન્યા આપીશ." રાજાને તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું તેના જેવું થયું.

રાજમહેલમાં પાછા આવી રાજાએ મયણાને બોલાવી તિરસ્કારથી કહ્યું કે- "હજી પણ જો મારી મહેરબાની માનતી હોય તો સારામાં સારો વર અને ઘર આપું અને તારા કર્મોને જ માનતો હોય તો તારા કર્મે આ કોઢિયો આપ્યો છે." તો પણ જરાય થડકાયા વિના, અને શરદપૂર્ણિમાના ચંદ્રની પણ અધિક પ્રસન્ન વિકસિત મુખકમલવાળી મયણા કહે કે- "મારા કર્મે આપ્યો તે પતિ પ્રમાણ છે."

ત્યારે રાજાએ કોઢિયા તે ઉંબરરાણાને બોલાવીને કહ્યું કે- "મારી આ દીકરીનો તું વર થા." જેનું હૈયું ભવતાના ગુણોથી ભરેલું છે, માનવતાના જે પ્રેમી છે તે આત્માની કથા કેવી અનોખી - ન્યારી હોય છે. સામે દેવાંગનાના રૂપને ય ટક્કર મારે તેવી રૂપ રૂપના અંબાર સમી, સૌંદર્ય સામ્રાજ્ઞી, લાવણ્યની નહીં સમાન ચઢતી યુવાનીમાં ઉભેલી ષોડશવર્ષીય કન્યા છે. અને આ બાજુ જેના તરફ કોઈ નજર પણ ન કરે, શરીરમાંથી દુર્ગંધ મારતા કોઢ વ્યાપી તે કોઢિયો છે. પાછો રાજા ખુદ સામેથી આપવા તૈયાર છે. છતાં પણ માનવતાના દરિયાઈ દિલ તે કોઢિયા રાણાએ કહ્યું કે- "રાજન્ ! કાગડાના કંઠમાં સુવર્ણરત્નની માળા ન શોભે !"

ભાગ્યશાલીઓ ! આપણે અહીં જ વિચારવું છે કે પોતાની જાતને તે કેવી માને છે ? અને આપણે આપણી જાતને કેવી માનીએ ? આપણને આપણી જાતની વાસ્તવિકતાનું ભાન પણ છે ખરું ? આપણે દંભ - દેખાડો કરવામાં અને નાટકો ભજવવામાં નિપુણ કે જેવા હોઈએ તેવા જ દેખાવામાં નિપુણ !! મારાથી સામી વ્યક્તિને દુઃખ થાય તેવું મારાથી કરાય નહિ તેવી પણ માનવનીતિ આપણા હૈયાના કોઈ ખૂણામાં બેઠી છે ? બીજાને અનુકૂળ બનીશ પણ મારી અનુકૂળતાનો આગ્રહ પણ મારા મોઢે નહિ ઉચ્ચારીશ આપણ નિયમ છે ? રાજાએ સામેથી બોલાવી અપૂર્વ કન્યારત્નને ગ્રહણ કરવા કહે છતાં આ કોઢિયારાણો વિવેકથી ના પાડે છે. તે પણ આપણને સમજાવે છે કે, ભલે મને હજી સુખની જરૂર પડે, ઇચ્છા થાય, મેળવવા પ્રયત્ન પણ કરું, છતાં પણ **મારી લાયકાત વિનાનું સુખ** તો મારે જોઈતું જ **નથી. મારી યોગ્યતા પ્રમાણે મળે તે લઈશ.** જો આ વિચાર આપણા બધાનો થઈ જાય તો આજે માનવ ક્યાંય, માનવ જીવન નીચું ઊતરી ગયું, માનવતાના મૂલ્યો મરી પરવાર્યા, માનવતા શોધી જડતી નથી આવી જે વાતો થાય છે તે નથી આપો - આપ બંધ થઈ જાય. બધા આ ગુણવાળા બને કે, મારી લાયકાત પ્રમાણે જે સુખ મળે તે જ લેવું છે, લાયકાત વિનાનું જોઈતું નથી તો જગતમાં મૂરઝાઈ ગયેલી, મરવાના વાંકે જીવી રહેલી માનવતા ખીલી ઊઠે. સૌ આવી દશાને પામનારા બની માનવતાને ખીલવનારા બનો તે જ હાર્દિક ભાવના. ■

દયા તે આનું નામ

— પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મહારાજા

મુંબઇનું તે સ્ટેશનનું નામ હતું : વિલેપાર્લા.

ચાર - ચાર ટ્રેકો પર જ્યાં ૮૦૦ - ૮૦૦ લોકલટ્રેનો અને બીજી પરાંતરનગરીય ટ્રેનો દિવસભર દોડતી રહે છે, એવી મુંબઇ તેરે સ્ટેશનો ટ્રેકો.

દર પાંચ મિનીટે એક - એક ટ્રેન પસાર થતી હોવાથી ત્યાંના ફાટકો હંમેશા સંવેદનશીલ રહે છે. લોકોની ભરચાક વસાતિના કારણે આ ફાટકોપણ હંમેશા ખીચોખીચ રહે છે. સમય બચાવવા માટે લોકો રેલ્વે ટ્રેકો પરથી કૂદી - કૂદીને સામ - સામા ઉપનગરોમાં પહોંચવાના સાહસ ખેડે છે.

બેય દિશા માંથી ટ્રેનો દોડી આવતી હોય. રાક્ષસી વેગે તે ધસમસતી હોય. પચાસ મીટર જેટલુંય વચ્ચે અંતર ન બચ્યું હોય. ટ્રેન ના ડ્રાઇવરો વ્હીસલ પર વ્હીસલ વગાડતાં હોય.

નાદાન બાળક દૂર ઉભું - ઉભું રડવા માંડે એવી સાંયોગિક ભીંસ રહેતી હોય, બિચારા નોકરીયાતો આવી કટોકટી વચ્ચે રેલ્વે ટ્રેકો પર છલાંગો લગાવી સમય બચાવવાનો સાહસિક પ્રયાસ કરતાં અહિ જોવા મળે છે. ના, આ છલાંગ નહિ, મોતની દોડ છે. લોભના ખેલ છે.

આવા બેદરકાર અને ભયાનક રેલ્વે ક્રોસિંગમાં દાણીયવાર કેટલ ય યુવકો / યુવતીઓ વચ્ચે જ સપડાઇ જાય. ટ્રેન ધસી આવે, એ પહેલાં ટ્રેક ઓળંગી ન શકે. એમની પર સેંકડો માનવોથી ભરેલો ટ્રેન ધસી આવે. એક કારમી ચીસ તેમના મુખેથી નીકળી જાય. એ ચીસ બીજાને સંભળાય ન સંભળાય, ત્યાં તો રાક્ષસી ટ્રેનના પોલાદના ચક્રો તેમની પર સવાર થઇ ગયાં હોય.

તેમનો કિંમતી દેહ બે ટુકડાઓમાં કે અનેક ખંડોમાં વેરણ - છેરણ થઇને તરફડીયા મારતો પાસે ફેંકાઇ જાય. રક્તના કુંડ ભરાય. ગાડીના ડરવાજે ટીંગાનારા માનવો આંખો મીંચી બેસે. હર્ષકો ચીસ પાડી ઉઠે.

રેલ્વે ક્રોસિંગનો આ જોખમી ખેલ મોતની મશ્કરી સમો પૂરવાર થાય છે; કે કેટલાંય હતભાગો એ માટે આમ છતાં આ ખેલ ચાલુ જ રહ્યો છે.

અહિં રોજના બે ડઝનથી વધુ મનુષ્યો લોકલટ્રેનો સાથે અથડાઇને, ટ્રેન નીચે ચગદાઇનેયા અન્ય રીતે અકાળે મોતને ભેટે છે.

અફસોસ ! બેય એક આંધળી દોટ; પૈસા માટેની.

આ કિસ્સો પણ આવી જ કંઇક કરૂણતા એની ભીંતરમાં ધરાવે છે. વાસ્તવના ધરાતલ પરથી ચણાયેલી આ ઘટના છે. નહિકે કાલ્પનિક.

વિલેપાર્લાના ફાટક પર એક હતભાગી હિને એક યુવતિ આવી ઉભી.

તે ઈસ્ટમાંથી વેસ્ટ તરફ જઇ રહી હતી. સમય સવારનો સુમારે દશેક વાગ્યાને હશે.

એ યુવતિ એના ફ્રેન્ડસર્કલ સાથે કલાસીસ ભરવા જવા ઇચ્છતી હતી. સમયનો કાંટો એની અપેક્ષા કરતાં વધુ આગળ નીકળી ગયો હતો આથી એના પગમાં પણ અપેક્ષા કરતાં વધુ હોડ આવી ગઇ.

તે ફાટક પર આવીને ઉભી જ ટ્રેક પર ચઢી ગઇ. ન સામે જોયુ ન આજુબાજું. ટ્રેનની અવર જવર પર ધ્યાન રાખ્યાં વિના તે દોડી. એક ટ્રેક કૂદી ગઇ. બીજી ટ્રેક પર થી એક ટ્રેન પસાર થઇ રહી હતી. જે ખૂબ નજીક આવી ચૂકી હતી. શાણા મુસાફરો ટ્રેન પસાર થઇ જાય, એની અપેક્ષા રાખીને ઉભા હતાં.

યુવતિ અવિચારી બની. ટ્રેન પાંચ મીટર પણ દૂર નહિ હોય અને એણે ટ્રેક કૂદી જવા છલાંગ લગાવી. જાણે કે મોતનો કૂદકો પણ ત્યાંજ ટ્રેન એના પડછાયા રૂંધી આવી ગઇ. ટ્રેક પાસે ઉભેલા મુસાફરો સાગમટી ચીસ નાખી બેઠા.

આ મુસાફરોમાં બાવીશેક વર્ષનો એક યુવાન હતો. એણે પણ ચીસ નાંખી. ચીસ નાંખી એમ નહિ, ભગવાન મહાવીર દેવનોએ અનુયાયી પોતાની અપાર કરૂણાને ઝાલી શકયો નહિ. મોતની ખપ્પરમાં ફસાયેલી કોક યુવતિને બચાવવા તેણે મરણિયો ખેલ ખેલી લીધો.

યુવાન કૂદ્યો. યુવતિ દોડી રહી હતી. એણે પાછળથી જોરદાર ધક્કો લગાવ્યો તે ટ્રેકની પેલી પાર પહોંચી ગઇ. મોતના પડછાયામાંથી ઉગરી ગઇ. પણ પેલો યુવાન... બળ કરતાં વધુ ઉંચી છલાંગ લગાવી હોવાથી તે શરીર પરનું સંતુલન ગુમાવી બેઠો. એણે પોતે જ હાથનો એક ધક્કો યુવતિને ટ્રેનથી દૂર હડસેલી હતી. પણ ટ્રેકની પેલે પાર કૂદતાં તે યુવાન નિશાનથી થોડે દૂર જ પટકાઇ પડ્યો.

યુવતિને ઉગારતાં તે પોતે શહીદ થઇ ગયો.

પાછળથી દોડી આવતી ટ્રેને તેનો બલિ લઇ લીધો.

આ યુવાન જૈન હતો. કરોડપતિ શેઠનો લાડકવાયો હતો. ત્રણ ભાઇઓનો સૌથો નાનેરો બંધુ હતો. એના પિતા અને ત્રણેય ભાઇઓ અનુસ્નાતક થઇને ડોકટર બન્યાં હતાં. એ પોતે પણ ડોકટર બનવાની ખેવના ધરાવતો હતો.

પણ એક અજાણી યુવતિની ખુવારી બચાવવા તે પોતે ખુવાર થઇ ગયો. જૈન યુવાનોની ઝળહળતી કરૂણા તે આનું નામ...

માનવ સહજ સંસ્કારો કેળવો

- પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

જીવન પરાપૂર્વથી સંસ્કાર ચાલ્યો આવે છે. જેવી જાત તેવી ભાત પડે છે. માનવ જ્યારે માનવ હતો ત્યારે તેનામાં માનવતા દેખાતી હતી. માનવ જ્યારે સ્વાર્થી બન્યો, હોંશિયાર બનીને બીજાના સુખની ઉપેક્ષા કરી પોતાના સૂખનો અર્થી બન્યો એટલે તેનામાં માનવતા સહજ ગુણો દૂર થવા લાગ્યા. અને સ્વાર્થી પ્રપંચ દાન સુલની અવગુણ પેસવા લાગ્યા.

પશુઓમાં આવી સુખની લંપટતા, પ્રપંચ કે લોભ પેઘા થતા નથી તો તે સહજ ભાવે જીવતા હોય છે. ગાય બળદને સમયસર નિરણ ન નાખતા મોડી નાખે તો તે ગાય બળદ ઝડપથી ખાવા માંડે છે પણ નિરણ નાખનાર ઉપર ગુસ્સો કરતા નથી.

જ્યારે માનવને સમયસર ભોજન મલતું નથી તો તે ગરમ થાય અને ભોજન પીરસનાર કે બનાવનાર ઉપર ગરમી ઉતારે છે. શાંતિથી ભોજન કરવાને બદલે ગુસ્સામાં અને રોષમાં તે ભોજન કરે છે.

જ્યારે માનવ સહજ ગુણ હોય તો મોડું ભોજન થવાના કારણો શોધી શાંતિથી બેસે છે. રસોઇ કરનારને બીજા બીજા કામ હતા. કોઇ કારણસર શાક લોટ વિ. ન હોતા આવ્યા મૂળો વિ. પણ બરાબર ન હતા. તેમજ કપડા ધોવા કે મહેમાન આવવાના કારણો કામ મોડું શરૂ થયું હતું. આવી વિચારણા કરે તો ગુસ્સો ન આવે કલશ ન થાય.

ગાય બળદમાં રોષ ઈર્ષા ન આવી અને માણસમાં આવી તો પશુમાં માનવતા અને માણસમાં પશુતા આવી જેનું કારણ શોધે તો માનવ માનવ બની જાય.

ઘેર નવી ચીજ આવી હોય જે બાળકો - આપો મને આપો, મને આપો કરે છે. જ્યાં ઘરમાં રોટલી વણાય હોય તો પાળેલ કૂતરા રોટલીની આપી જોઇને શાંત બેઠા હોય છે. પણ રોટલીની આપી ઉપાડતા નથી.

જો કૂતરાં શાંત બેસે છે તો બાળકો શાંત કેમ ન બેસે ? બાળકોને છોડીને માતા પિતા કદી પણ નવી કે સીજનની ચીજ ખાઈ જતા નથી. છતાં બાળકો કેમ ઉતાવળ કરે છે ? કેમ સારે સંસ્કાર આપ્યા નથી.

તમે સીજનની કે નવી ચીજ આપી તો બેઉ જણા હેરાસરે મુકયા વિના અને એક નંગ ગરીબને આપ્યા વિના જવાય નહિ તેમ કરી તો તે બાળક તરત કહે લાવો હું આપી આવું. એક હેરાસરે જશે અને બીજો ગરીબને શોધશે. અને ગરીબને પ્રેમથી આપશે તો તે ગરીબ વિચાર કરશે મને ટુકડો પાડતો તિરસ્કારથી આપે છે અને આ બાળક બે હાથ પ્રેમથી આપે છે તો ગરીબે પણ બાળક ઉપર દૂઆ આપશે અને હૈયાથી પ્રસન્ન થશે.

માનવ જો પશુતા કેળવે તો તેની મહત્તા કયાં રહે ? પશુઓમાં ગાય બળદ કે કૂતરા પાસે ધીરજ સમય કેળવવા ક્રોધ દ્વેષ ઈર્ષા ન કરે તો માણસાઇના ગુણોથી જે મહાન બને અને માણસ પશુતાના અવગુણોથી અધમ બને ?

આપણે આપણા જીવ ઘર કુટુંબમાં માણસાઇના દીવા પ્રગટાવીયે તો કેવું વાતાવરણ બને. આવી ધર્મની સ્થાન રૂપ બની શકું.

માનવતાને શોધું છું

—મુળ પરાળ

એક ધારા ગાગાતા સજ્જન ભાઈ ભર બપોરે સળગાવેલ લ લટેન (ફ્રાનસ) લઈ નગરના ગીચ માર્ગ પરથી જઈ રહ્યા હતા. અને જ્યાં જ્યાં માનવોના ટોળે ટોળા જૂએ ત્યાં એક દમ ઊભી જાય અને લાલટેનથી મોંઢા જોઈ એકદમ નિરાશ થઈ પાછા ફરી જાય. ઘણા બધાને તેમની આ પ્રવૃત્તિ ગાંડપણ કે પાગલપણાની લાગી. પણ ગામના કેટલાક ડાહ્યા માણસોને થયું કે આ ભાઈ દેખાવે મુફલીશ જણાતા નથી. ખાનદાન કુળના નબીરા લાગે છે. આકૃતિએ પણ માણસની ઓળખ આપે છે. એટલે તે બધા ડાહ્યા માણસો ભેગા થઈ, તે સજ્જનભાઈ બપોરના એક શાંત જગ્યાએ આરામ કરી રહ્યા હતા ત્યાં ગયા. આ બધાને આવતા જોઈ તેઓ પણ બેઠા થયા. બધાને આવકાર આપ્યો એટલે મુખ્ય ભાઈએ કહ્યું :- ભૂલ થાય તો માફ કરજો. જો આપને વાંધો ન હોય તો એક વાત પૂછવી છે. વિનય કેવી રીતના ક્યાં કરાય તે આપણને બધાને આવડે છે પણ તે વખતે માત્ર આપણો સ્વાર્થ સાધવાનો કે કામ કરાવવાનો ભાવ હોય છે. તેથી તે વિનયથી ધાર્યો લાભ થતો નથી. નિસ્વાર્થપણે તત્ત્વની પ્રાપ્તિ માટે જો આવો વિનય આપણામાં આવી જાય તો આપણો બેડો પાર.

પેલા ભાઈએ પણ સ્વસ્થતા અને શાંતિથી જવાબ આપ્યો કે- ''જે પૂછવું તે પૂછો હું જાણતો હોઈશ તે જરૂર જણાવીશ.'' શિષ્ટ પુરૂષોનો વચન વ્યવહાર પણ કેવો અદ્‌ભવાળો હોય છે !!

એટલે પૂછ્યું કે ભર બપોરના આટલા ગરમીવાળામાં આ સળગતું ફાનસ લઈને કેમ ફરો છો ? અને માણસોના ટોળા પાસે જઈ જૂઓ છો અને તુરત પાછા વળી જાવ છો આ વાતનું રહસ્ય જાણવું છે ?

તે પ્રશ્નથી પ્રસન્ન થયેલા તે મહાશયે બહુ જ શાંતિથી કહ્યું કે- ''ભાઈઓ ! હું માણસ શોધું છું.'' તમને શું માણસ દેખાતો નથી. તે પ્રશ્નોતરમાં કહે કે- માણસોના ટોળે ટોળા દોડાદોડ કરતાં જોઉં છું પણ માણસાઈના ગુણવાળો માણસ મને દેખાતો નથી. તેથી આ લાલ ટેનથી બધાને જોઉં છું.

આ જવાબ આજે પણ આપણે શાંતિથી વિચારીએ તો કેટલો યથાર્થ લાગે છે. માણસોના ટોળે ટોળા છે પણ માણસાઈના ગુણવાળો કોઈ દેખાય છે ખરો ? આપણે આપણી જાતને જ પૂછો કે હું માણસ છું ખરો પણ મારામાં ય માણસાઈ પ્રગટી છે ખરી ? નિસ્વાર્થ પણે હું કોઈના પણ કામમાં આવું છું ખરો ? મારો સ્વાર્થ સરતો હોય તો ઉંડાઉ બનવામાં પણ મને વાંધો આવે છે ખરો ? એક બીજાને ખરે અવસરે અડધી રાતે પણ કામ આવે તે માનવ સાચો માનવ બને. હું પણ આવો બનું આ વિચાર પેદા થાય તો સમજવું કે આ વાત આપણે યથાર્થ સમજ્યા. 'હું માનવી માનવ થાઉ તો ય ઘણું' આ એક કવિની પંક્તિ સાથે વિરમું છું.

ધાન્યના કીડાને ઓળખો

ઘઉં- ચોખા વગેરે ધાન્ય અને કઠોળમાં ઈયળ-મનેડા વગેરે જાતજાતના કીડા થઈ જાય છે.

અનાજ સડી જાય તો તેમાં પુષ્કળ જીવાત પડી જાય છે. કઠોળમાં પોલાણ કરીને તેમાં જીવાત ભરાઈ જાય છે. ચોમાસાની ઋતુમાં આખા કઠોળમાં પુષ્કળ જીવાત થવાની સંભાવના રહે છે.

અનાજ એક વાર વીણી લીધા બાદ ફરી થોડા દિવસોમાં તેમાં જીવોત્પત્તિ સંભવિત છે. ભેજના વાતવરણમાં જીવોત્પત્તિની સંભાવના વધારે છે.

વીણ્યા વગર ધાન્યને દળી નાંખવામા આવે તો એમાં રહેલા અનેક નિર્દોષ જીવો અનાજની સાથે દળાઈ જાય છે.

અનાજ વીણવાનું કાર્ય નોકર- નોકરાણીને ભરોસે છોડવાથી ઘણી બેદરકારી થવાની સંભાવના છે. એમને પ્રાયઃ જયણાનો પરિણામ હોતો નથી.

અનાજના લોટમાં પણ અમુક સમય પછી જીવાતો પડવાની સંભાવના છે. બહારના તૈયાર લોટમાં તો પુષ્કળ જીવાતો દળાયેલી હોવાની સંભાવના છે.

સજ્જનતાનો સાચો સાદ


• 'રાજપદ્મ' •

ચંદનના વૃક્ષને ગમે તેટલું કાપો, છેદો કે બાળો તો પણ તે પોતાનો સુગંધ આપવાનો સ્વભાવ મૂકતું નથી. ધૂપસળીને પણ સ્વયં બળીને બીજાને સુવાસિત કરે છે. સજ્જન પુરૂષોની આજ વિશેષતા છેકે વિપત્તિમાં પણ તેઓ વધુ ઝબકે છે અને અગ્નિમાં તપાવેલા સો ટચના સુવર્ણની જેમ વધુ નિર્મલ - ઉજ્વલ અને દેદીપ્યમાન થઈ બહાર આવે છે. જ્યારે દુર્જન પુરૂષોનો સ્વભાવ સજ્જનની બધી રીતના વિપરીત છે. સર્પની જેમ ગમે તેટલું દૂધ પાવ પણ અંતે પોતાની જાતને બતાવ્યા વિના રહેતા નથી. દુર્જન પુરૂષો મોંએ મીઠા અને હૈયાએ ઝેરથી વધારે કડવા આ વાતનો સાક્ષાત્કાર આપણાં જીવનમાં ઘણીવાર થાય છે તે વખતે આપણને આપણી જાત જોવાનું મન થાય કે હું સજ્જનની સુવાસથી વાસિત છું કે દુર્જનની દુર્ગંધથી ? બીજા બધા માટે સર્ટીફીકેટ આપનારા આપણે જાતને માટે બેધડક વિના વિલંબે આપીએ !

હમણાં જ શાશ્વતી ઓળીના દિવસો ગયા. શ્રી શ્રીપાલરાજાના રાસનું, ચરિત્રનું શ્રવણ આપણે બધાએ કર્યું. દર વર્ષે બે વાર કરીએ છીએ પણ ખરા, તેમાં વિદેશ ગયેલા શ્રી શ્રીપાલકુમારને બર્બરકુલમાં ધવલ શેઠનો ભેટો થાય છે. શ્રી ધવલશેઠ નામથી ધવલ હતો પણ હૈયાથી-કાજળથી પણ કાળો હતો, તેમ જાણનારા આપણે વિચારીએ કે હુ કપડાંમાં જ ઉજ્વલ છું કે હૈયાથી પણ ? તે ધવલ શેઠે વાર-તહેવારે, પ્રસંગે - પ્રસંગે શ્રીપાલને હેરાન - પરેશાન કરવામાં કે તેની માલ - મિલ્કત પડાવવામાં અને વધુ તો હદ એ કરી કે તેની પત્નીઓને પણ પોતાની બનાવવા બધા જ પ્રયત્નો કર્યા. શઠતા, દુષ્ટતા, શત્રુતા, મિત્રતા, સામ - દામ - દંડ - ભેદ નીતિ અપનાવી. દરેક પ્રસંગે શ્રીપાલે પોતાની સજ્જનતા છોડી નહિ. આપણે તે વખતે શું વિચારીએ કે- 'થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ'. અને શ્રીપાલે શું કર્યું !

જેમ એક સંત નદી કિનારે સ્નાન કરવા ગયેલા. એક વિંછી પાણીમાં ડૂબતો હતો. દયાળુ સંતે તેને બચાવ્યો તો તેને ડંખ માર્યો. વેદના પણ થઈ. પણ ફરી તે ડૂબે, સંત બચાવે અને તેની ડંખની વેદના સહે. આ દશ્ય નજરે નિહાળનાર કોકે વાણ માગી સલાહ આપી ત્યારે તે સંતે જે જવાબ આપ્યો કે- 'આનો ડંખ મારવાનો સ્વભાવ છે તે જો ન મૂકે, તો તેને બચાવવાના સ્વભાવ વાળો હું મારો સ્વભાવ કેમ મૂકું ? કોઈપણ વાત સીધી લઈએ તો પરિણામ સરસ અને ઉલટી લઈએ તો વાંધા વચકાનો પાર નહિ.

તે ધવલ શેઠે શ્રીપાલને મારી નાખવા દરિયામાં ડૂબાડ્યા. શ્રીપાલ બચી ગયા. રાજપુત્રીના સ્વામી થયા. યોગાનું યોગ ધવલશેઠના વહાણ તે તરફ આવ્યા. શ્રીપાલે બચાવ્યા, ડુંબતું ખોટું કલંક પણ આપ્યું. યથાર્થ વાત - પ્રગટ થઈ, તેમનો ભાંડો બધો ફૂટી ગયો તો પણ શ્રીપાલે તેમને બચાવ્યા. તો અંતે તેમને મારવા જતા, પડ્યા. કટારી પોતાના પેટમાં જ વાગી અને મરીને સાતમી નરકે ગયા. ખાડો ખોદે તે પડે - તે હાલત થઈ. દુર્જન એવા તેમણે પણ તેની દુષ્ટતા ન છોડી તો સજ્જન શિરોમણિ શ્રી શ્રીપાલે પોતાની સજ્જનતા જરા છોડી. આ પ્રસંગ પરથી આપણે શું ગ્રહણ કરવું છે. બહારથી સજ્જનતાનો દેખાવ અને હૈયાથી દુર્જનતાની મૈત્રી કે દરેક અવસ્થામાં સજ્જનતા જ ? આજે સજ્જનતાનો સ્વાંગ રચીજનારા દુર્જનોને તોટો નથી. દુનિયા ગમે તેવી હોય મારે તો હવે દુર્જનતાને દેશવટો આપવો છે અને સાચી સજ્જનતાને સાથ બનાવવો છે. તો યા હોમ કરીને પડો ફતેહ છે આગે.



અંધારે અજવાળું...

- પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મહારાજ

આ એક સત્ય ઘટના છે.

નથી પાત્રો કાલ્પનિક નથી નામો કાલ્પનિક કે નથી ઘટનાઓ કાલ્પનિક. વાસ્તવિકતાના ખોળે જે કંઈ બન્યું છે, તેજ અહિં રજુ કરું છું.

મુંબઈનું તે સર્વાધિક ભીડ ધરાવનારૂં ઉપનગર.

મલાડ એ નું નામ.

જૈનોની નગરી તરીકે એક કાળમાં મલાડ મુંબઈ ભરમાં વિખ્યાત હતું.

પચ્ચીશ - પચાસ હજાર જૈનો કદાચ અહિં વસતાં હશે. બેશક ! આ જૈન ! પૈકીના મોટા ભાગના જૈન પરિવારોની આર્થિક સ્થિતિ સામાન્ય રહી છે. નોકરી કરીને, પરાઓમાં ઠેર ઠેર ફરીને, ઘેરૂં નાસ્તા વેચીને, લઘુ ઉદ્યોગો ચલાવીને આ જૈન પરિવારો માંડ - માંડ ગુજરાન ચલાવે છે.

માંડ પાંચ ટકા જૈનો એવા હશે; જે ભાગ્યની ઓથ પામીને કરોડપતિ બની શક્યાં છે. ગુજરાતના સાધનવંચિત ગામોના ઘણાંય જૈન કુટુંબો અહિં જીવન નિર્વાહની આશા સાથે આવી વસ્યાં છે.

બસ ! આવું જ એક જૈન કુટુંબ હતું.

ગરીબીની ઘંટીના બે પડ વચ્ચે આ કુટુંબ સાફ એવું ચગદાયું હતું.

માતા - પિતા અને સંતાનો, કમ્મર તોડ મહેનત બધાય કરતાં. બધાયના સંયુક્ત પરિશ્રમે કુટુંબની આજીવિકા ચાલતી.

આ કુટુંબનું એક સભ્યનું નામ : લાલભાઈ.

આખું કુટુંબ આમ તો ધાર્મિક જ હતું. પણ એમાંય લાલભાઈ અલગ જ માટીના માનવ. એમનો સ્વભાવ સરોવરના શાંત જળ જેવો. દેહ પડછંદ અને કંઠ ચાલ્યાં જતાં માનવીને ઉભા રહેવાની ફરજ પાડે એવો બુલંદ.

કોઈ આફ્રિકાની જૈન કન્યા સાથે એમનું પાણિગ્રહણ થયું. અલબત્ત, પૂર્વભવમાં જીવોને એવી શાતા આપી હશે કે લાલભાઈને મળેલું પાત્ર પણ કેવળ પતિને શાતા આપવામાં પરાયણ હતું.

એમના જ શબ્દોમાં કહીએ તો "સાહેબ ! ગરીબી એટલી બધી અમે જોઈ છે કે મોજ - શોખનો કે ઠાઠમાઠનો અમને વિચાર પણ હજી નથી આવતો.

અમે બાળપણમાં ઘરની ભીંતે ચૂનો પણ હાથે મારતાં. ચૂનો લગાડવાનું કામ પણ કટોકટીની પળે કર્યું છે.

એવા દિવસો જોયા છે કે સુખ - વૈભવની અમને કલ્પનાય નથી આવતી" આફ્રિકા જઈને ત્યાં વસવાની તૈયારી સાથે જ લગ્ન કર્યા તા. પણ માતા - પિતાના અતિશય આગ્રહને કારણે તેઓ ભારતમાં જ વસી ગયા.

ધર્મપત્ની નિર્મળાબેન પણ આ નિર્ણય સામે એક દલીલ ન કરી.

લાલભાઈનું જીવન આમને આમ આગળ ધપવા માંડ્યું. ભાગ્યયોગે એમને એકેય સંતાન નથયું.

કાળના આગવા ગતિએ વહેતાં પ્રવાહે એક દિવસ માતાને ખેંચી લીધાં. એક દિવસ પિતાને પણ ખેંચી લીધા. માતા - પિતા બન્નેય હવે કેવળ સ્મૃતિપુષ્ઠ બની રહ્યાં.

બેજ વ્યક્તિ ઘરમાં હતી. તેમ છતાં વિના કલહે એમનો સંસાર ચાલતો. જીવનના મધ્યવયાળે તેઓ પહોંચ્યાં ત્યાં સુધી ખાસ ધર્મપ્રેમ નહતો. પણ એકવાર 'સૂરીરામ' ના વિશ્વાસુ શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ધર્મકીર્તિ વિજયજી મહારાજનું મલાડ - ઈસ્ટના જગદ્‌ગુરૂ હીરસૂરીશ્વરજી ઉપાશ્રયમાં આગમન થયું.

અંતરના કોક અગમ્ય પૂણેથી પ્રેરણાનો મહાનાદ પ્રગટતાં લાલભાઈ એમની પાસે આવી પહોંચ્યાં. પહેલું જ વ્યાખ્યાન સાંભળ્યું અને એવા ગદ્‌ગદિત થઈ ગયાં કે આંખે ઉમટી પડેલા અશ્રુપ્રવાહને તેઓ રોકી શક્યાં નહિ.

વ્યાખ્યાન બાદ ઉભા થઈને પ્રતિજ્ઞા કરી.

(૧) કાયમ માટે વ્યસનોને તિલાંજલી.

(૨) કાયમ માટે દરતિથિ આયંબિલ.

(૩) કાયમ માટે ચોવિહાર.

બસ ! ત્યારથી એમનું જીવન ધર્મ વાસિત બની ગયું. પરિવર્તનના આ મુખ્યબિંદુએ એવી સુદીર્ઘ અસર જન્માવી, જે આજ સુધી અકબંધ રહી છે.

એક જ વ્યાખ્યાને એમની કાયા પલટી નાંખી.

લાલભાઈ ધીમે ધીમે નિવૃત્ત થવા માંડ્યાં. આજે.

(અનુસંધાન પાના નં. ૨૪૨ ઉપર)

માર્મિક જવાબ

—ચિ. સ્નેહા દિલીપભાઇ શાહ – અકોલા.

મોટા માણસોની નાની પણ વાતો જીવનને સુંદર શિખામણ આપે છે અને આપણને સદ્‌વ્યવહાર કરવા જણાવે છે.

અબ્રાહન લિંકનના જીવનનો પ્રસંગ છે. જ્યારે તે રાષ્ટ્રપ્રમુખ ન હતા અને એક સામાન્ય સદ્‌ગૃહસ્થ હતા. આજીવિકા માટે એક શ્રીમંતના બગીચામાં માળીનું કામ કરતા હતા. એક વાર તે શ્રીમંતના એક મહેમાન આવ્યા. તેમણે બગીચામાં પેદા થયેલા ફળોના રસને લાવવાનું લિંકનને જણાવ્યું તેઓ પણ બે ગ્લાસ ભરીને રસ લઈને આવ્યા. શ્રીમંતે તે ચાખ્યો તો કડવો હતો. તેથી તેમણે લિંકનને ઠપકો આપ્યો. ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે જો આપણા જીવનમાં આવી જાય તો આપણે પણ ગુણી બની જઈએ.

તેમણે કહ્યું કે– "સર ! હું આપના બગીચાના રક્ષણનું કામ કરું છું. બગીચામાં થયેલી ચીજોને ખાવાનું કામ મારું નથી."

તે શ્રીમંત તેમની પ્રામાણિકતા થી ખુશી થયા અને માફી માંગી.

પ્રસંગ ઘણો નાનો છે પણ જવાબ માર્મિક છે. અણહક્કનું લેવાય નહિ અને માલિકની રજા વિના પણ કોઇ ચીજ વસ્તુ અડાય પણ નહિ, જો આ ગુણ આપણામાં આવી જાય તો આપણું કલ્યાણ સુનિશ્ચિત.

.....

અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટના જીવનની આ વાત છે. એકવાર તેઓ બગીચામાં બેસી સહ પરિવાર સાથે ફરવા જઈ રહ્યા હતા. ત્યારે સામેથી એક હબસી આવતો હતો. તેણે પ્રમુખને જોઈ, પોતાની હેટ ઉતારી પ્રમુખનું સન્માન કર્યું. તે વખતે પ્રમુખે પણ તે રીતના સામેથી તેનું અભિવાદન કર્યું. આ જોઈ તેમના પત્ની અને સાથેના અધિકારીઓનું મોં બગડ્યું અને કહે કે હબસીનું આવું સન્માન થયા ? ત્યારે પ્રમુખે જવાબ આપ્યો કે– "એક હબસી જેવો પ્રજાજન પણ જો પ્રમુખનું ગૌરવ જાળવે છે તો આટલા મોટા દેશનો પ્રમુખ હું પણ શું મારા પદનું ગૌરવ ન જાળવું ? તેના અભિવાદનનો સ્વીકાર ન કરું તો મારા પદનું ગૌરવ ખંડિત થાય." તે જવાબથી સૌના અંતર ચક્ષુ ખુલી ગયા. તેમની ઉદારતા પર સૌ વારી ગયા

આના પરથી આપણે એ બોધપાઠ લેવો કે સર્વત્ર સૌનું સન્માન – ગૌરવ જાળવવું. પદ – પૈસો અને પ્રતિષ્ઠાના અભિમાનમાં ચકચૂર ન થવું. નાના – મોટા સૌ સાથે ઉચિત ગૌરવયુક્ત વ્યવહાર કરવો. જે બધાને લોકપ્રિય બનાવશે. ■

(અંધારે અજવાળું - પં. નં. ૨૪૧ થી ચાલુ)

પાંસઠવર્ષની વયે તેઓ કેવળ ધર્મમય જીવન વીતાવે છે. સંસારને ફગાવી દઈ મહાભિનિષ્ક્રમણ કરવાની તેમની તીવ્ર તમન્ના હતી, પણ તે ફળીભૂત ન બની.

આરોગ્યની પ્રતિકૂળતા સંયમના રાહ પર આડી દિવાલ બનીને ઉભી રહી ગઈ. તોય આજે સંયમની વાતો કરતાં તેઓ રડી પડે છે. નિયમિત દેશના શ્રવણ, દરતિથિ આયંબિલ, કાયમના બેયાસણા, બન્નેય ટાઈમના પ્રતિક્રમણ, આ બધી ધર્મ ક્રિયા એમની રોજનીશી બની ગઈ છે.

નિવૃત્ત જીવનમાં બેહજાર - પચ્ચીશોના વ્યાજમાં બેય વ્યક્તિ શાંતિચિત્તે નિર્વાહ કરે છે. કાળઝાળ મોંઘવારી આજ સુધી તેમને રડાવી નથી શકી.

વધુ અપેક્ષા નથી. અપેક્ષા એ કે જે રાખી છે એમાણે, આવતો ભવ ચરમ શરીરી તરીકેનો મળે એવી. ■

ચોરોની ખાનદાની

* જ્યોત્સનાબેન બી. ચાલીસહજાર, અમદાવાદ.

ચાણક્યે પોતાના નીતિ શાસ્ત્રમાં લખ્યું છે કે, જો દેશની પ્રજાને બહાર યુદ્ધે જીતવી હોય તો તે દેશના લોકોને મોજમજામાં, શોખમાં અને વિલાસમાં જોડી દેવા જેથી જે નવી પ્રજા થાય તે સાવ નિસ્તેજ અને નિર્બળ પાકશે. આ વાત આજે પ્રત્યક્ષ દેખાય છે, અનુભવાય છે. આજે મોજમજામાં જ ઈતિશ્રી માનનારા કયું પાપ ન કરે તે સવાલ! જ્યારે મેં વાંચેલો એક પ્રસંગ જણાવું છું:

ગમે તેવા ખરાબ કાળ હોય તો પણ માનવ સેવા, સમાજ સેવા કરનારા ભાગ્યશાલીઓ પણ હોય છે. તેઓ નિસ્વાર્થભાવે, પરગજૂસ્વભાવે, પરોપકારવૃત્તિથી માનવતાને ઉજાળનારા કામો પણ કરે છે. સખત ઠંડીમાં સાધન સંપન્ન, ઘર - બંગલા વાળા આપણે તો ગરમ શાલ અને રજાઈઓમાં મજેથી ઊંઘી જઈએ છીએ. પણ જે લોકો ઘર-બાર વિહોણા છે, ફૂટપાથ જ એમનું ઘર છે. તેવા સાધનહીન - ગરીબોની ઠંડીમાં હોલત શું થાય? બિચારા ઠંડીથી ધ્રૂજતા, થરથરતા હોય છે. તેથી કેટલાક સેવાભાવીઓ નામ - કામના મોહ વિના, નિષ્કામ ભાવે આવા લોકોને રાત્રિમાં જઈ ધાબળા ઓઢાવી આવે છે. ગામ હોય ત્યાં ઉકરડો હોય. જેને આવું પસંદ ન હોય તે તો બધાને ખરાબ માને. દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય.

આવી એક સંસ્થાએ ઘણા બધા ધાબળા એકઠા કરી સંસ્થાના મકાનમાં મૂકેલા. જૂના પણ હતા અને જરૂર પ્રમાણે નવા પણ લાવ્યા હતા. તેનું રક્ષણ કરવા ચોકીદાર અને તેની પત્ની બાળકો, સંસ્થાએ આપેલી રૂમમાં રહેતા હતા. કેટલાક ચોરોને આ વાતની ખબર પડી. તેમને વિચાર કર્યો કે નવા ધાબળા ચોરી લાવીએ અને વેચીશું તો આપણું પણ કામ થશે. તેથી ચોરી કરવાના ઈરાદે, કોઈને ખબર ન પડે તે રીતે તે મકાનમાં ઘૂસી ગયા. જૂના અને નવા ધાબળાની થપ્પીઓની થપ્પીઓ પડેલી.

બીજે પણ કાંઈ કિંમતી માલ મલી જાય તો આપણો આંટો સફળ થઈ જાય તે ઈરાદે આમ તેમ ફરતા ચોકીદારની રૂમ આગળ આવ્યા અને ઓસરીમાં જે દૃશ્ય જોયું તો તે દરેક ચોરોની માનવતા જાગી ઉઠી. મકાનમાં આટલા બધા ધાબળા પડયા છે. છતાંય આ ગરીબ દંપતિ પરિવાર ઠંડીથી ધ્રૂજી રહ્યો છે. ફાટયા તૂટયાં ગાદલા અને રજાઈ તથા કંતાન ઓઢીને બધા સૂઈ ગયા છે. પણ ધાબળા વાપરવાનું મન થતું નથી. તેમની ગરીબાઈ કરતાં તેમની પ્રામાણિકતા જોઈ તે ચોરોનો હૃદયપલટો થયો કે ખરેખર માનવ આજે જોયા. ચોરી કરવા આવેલા વિચારે કે- ''આ ક્યાં અને આપણે ક્યાં? ચોરીનું પાપ આપણને ક્યાં લઈ જાય? આ તો પાસે આટલા ધાબળા છતાં બે - ચાર સંતાડી દે તો કોઈને ખબર પણ ન પડે અને વાપરીને મૂકે તો કોઈ પૂછે પણ નહિ છતાંય આણહક્કનું લેવાય નહિ. આણહક્કનું ખાઈએ - પીએ - ભોગવીએ તો ભગવાન આપણને સજા કરે. ભગવાનના ઘરમાં દેર છે પણ અંધેર નથી.

બધાની વિચારણા પલટાઈ ગઈ અને હવેથી ચોરી કરવી નહિ, આણહક્કનું લેવું નહિ આવી પ્રતિજ્ઞા કરી પાછા આવ્યા. ખાનદાની શું કામ કરે છે તે આ પ્રસંગ પરથી સમજાય છે. ગરીબાઈમાં પણ ઝળહળતી ખાનદાનીએ ચોરોને પણ જગાડ્યા.

આ પ્રસંગ ખરેખર યાદ આવે ત્યારે હૈયું ભીંજાઈ જાય છે. અને આંખો ઉભરાય છે. હૈયામાં થાય કે, 'ખાનદાની માનવને કેવી બચાવે છે.' આપણા જીવનમાં પણ આ ગુણ આવી જાય તો આપણો ભવ પણ સુધરી જાય.

*****

દીક્ષા માટે વિષ ઘોળ્યું...

-પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.

પ્રેમિકા ના જ મળે તો આખરે પ્રેમની જગ્યાએ વિષઘોળનારા મૂઢજીવો કદાચ ઘણા જોયા હશે. અલબત્ત, લાખ પુરૂષાર્થ કરવા છતાં પણ દીક્ષા ન જ મળે ત્યારે સંસારમાં પડવાને બદલે વિષ ઘોળી જનારા વૈરાગીઓ આપણે ક્યારેય નહિ જોયા હોય.

પ્રેમ માટે મોતને ભેટનારની આ સૃષ્ટિમાં કમીના નથી. કમીના છે, દીક્ષા માટે મોતને ભેટનારાઓની. ''સંસારનો વિકલ્પ તો નહિ જ સ્વીકારૂં. કદાચ દીક્ષાનો સંકલ્પ નહિજ સાકાર બને તો છેવટે ઝેર ઘોળી જઇશ.'' આવી પ્રતિજ્ઞા એક શૂરવીર યુવાને કરી.

હા ! આ કથા કોઇ નવલિકા નથી. આ તો છે, ભૌતિકવાદના મહિષાસુરે પ્રચંડ પડકાર આપનારી વાસ્તવિક કથા.

શત - શત પુન્યના યોગે એ મુમુક્ષને સદ્ગુરૂની પ્રાપ્તિ થઇ હતી. ગણધર ભગવંતો માટે પણ પ્રાર્થ્ય એવું સુગુરૂતત્ત્વ એને વિના પ્રયાસે મળી ગયું. ગુરૂદેવની વૈરાગ્યની પુષ્કરાવર્તવૃષ્ટિ જેવી ધર્મદેશના સાંભળીને મુમુક્ષુએ સંકલ્પ કર્યો: સંસાર માં તો પડવું જ નથી. ન્યોચ્છાવર થઇ જઇને ય મારે તો દીક્ષા જ લેવી છે.

મહાભાગ નંદીષેણ મુનિને દીક્ષાની જેવી તાલાવેલી જાગી હતી, એની યાદી અપાવે તેવી તમન્ના આ મુમુક્ષુને જાગી.

અફસોસ ! પણ એને દીક્ષા મળવી દુઃશક્ય હતી. દીક્ષા માટે માતા - પિતાની સંમતિ અનિવાર્ય હતી. કેમ કે તે મા-બાપને એકનો એક લાડકવાયો પુત્ર હતો.

ગુરૂદેવની સ્પષ્ટ ફરમાયશ હતી કે તું એક જ જે માતા - પિતા માટે આધાર બચ્યો હોય તો માતા - પિતાના વિરોધ સાથે તારાથી દીક્ષા ન લઇ શકાય.

માતા - પિતાની સ્પષ્ટ ફરમાયશ હતી કે તારે કોઇ પણ સંયોગોમાં અમને પુત્રવધૂના દર્શન કરાવવાના જ છે.

આમ, માતા - પિતાની, બીજા પણ બધાં જ સ્વજનોની સખ્ત પાબંધી મુમુક્ષુના દીક્ષા માર્ગમાં પોલાદી ભીંત બનીને આડી ઉભી રહી ગઇ.

દીક્ષા માટે એ મુમુક્ષુ ખૂબ તલસતો હતો. પાણી વિના જેમ માછલી તરફડે તેમ તે દીક્ષા વિના તરફડિયા ખાતો હતો.

તેણે માતા-પિતા પાસે કરૂણ આજીજી કરી. પોંક મૂકી. અવિરતિકર્મ ખપાવવા ઘોરતપો કર્યા. સ્વજનોને મનાવવા શરીર શોષવી નાંખ્યું.

આમ છતાં, તેનું ચારિત્રમોહનીય ન હટ્યું તે ન જ હટ્યું. મુમુક્ષુએ દીક્ષા માટે આકાશ - પાતાળ એક કર્યા તોય માતા - પિતાએ તેને મચક ન આપી તે ન જ આપી.

મુમુક્ષુ અંતે હતાશ થઇ પછડાઇ પડ્યો. તેને રાત્રે ઉંઘ આવતી નથી.

ભોજનનો કોળિયો ઉતરતો નથી. ખોરાક પચતો નથી. પાણી ભાવતું નથી. ક્યાંય મન માનતું નથી. કારણ કે તેનો દીક્ષાનો સંકલ્પ પૂર્ણ થઇ શકે, એવી કોઇ ફરજ કયાંય હવે બચી નહતી.

તે શૂન્ય મનસ્ક બની ગયો.

એના માતા - પિતા અને સ્વજનો મુમુક્ષુની આટઆટલી વેદના જોવા છતાં સ્નેહના પ્રવાહમાં નિર્મમ બની જઇ મુમુક્ષુ પર જાણે અત્યાચાર ગુજારતાં હોય તેમ લગ્ન માટે ફરજ પાડવા માંડ્યાં.

કોક કન્યા સાથે એની ઘોર અનિચ્છા વચ્ચે સગાંવહાલાંઓએ લગ્ન નક્કી કરી નાંખ્યાં. જાણે પોતાના સ્વાર્થિતનું કશું સાંભળવાનું જ નહિ. વડિલ બન્યાં એટલે બધાય નાનાઓના અવાજ ઘૂંટી નાંખવાના.

મુમુક્ષુ અંદરથી સખત બેચેન બની ગયો.

એનું ઘાયલ થયેલું મન એકદિ' પોકાર ઉઠ્યું, શું બોલો છે ? જો તારે લગ્ન નથી જ કરવા, દીક્ષા જ લેવી છે તો માતા - પિતાના નિર્ણયને ફગાવી દે.

પણ પછી શું ?

પછી દીક્ષાનો સ્વાંગ રચી દે !

પણ ગુરૂદેવ ન રાખે તો ?

એવી દહેશત હોય તો પછી દીક્ષાનું માંડી વાળ.

પણ સંસારમાં તો નથી જ પડવું.

તો છેવટે ઝેર ઘોળીને જીવનની આ નરી ગંભીર પર પહોંચી જા.

મુમુક્ષુ સીધો જ ઉભો થઇ ગયો. નાચી ઉઠ્યો. એના ચારિત્ર પર એ પોતે જ ખુશ ખુશાલ બની ગયો.

બજારમાંથી ઝેર ખરીદી લાવ્યો. બધાં જની જાણ બહાર તેણે અંતિમ સમયના પચ્ચક્ખાણો જાતે જ સ્વીકારી લઇ, ચાર પ્રકારના આહારોનો ત્યાગ કરી, ચાર શરણાઓ અપનાવી લઇ ઝેર ઘોળી લીધું.

ટૂંક જ સમયમાં તેના દ્રવ્ય પ્રાણો લૂંટાઇ ગયા.

શ્વાસ થંભી ગયો.

તેનો આત્મા પરધામ દોડી ગયો.

હા ! જીવનના છેલ્લા શ્વાસોચ્છ્વાસ તેણે અરિહંત પ્રભુ પાસે એટલી જ આરજૂ સ્વરૂ કરી હશે કે, દયાળુ નાથ ! આ નહિ તો આવતાં જન્મમાં તો જરૂરથી તું દીક્ષા આપજે.

હજી માનવતા જીવે છે

– અ.સૌ. જ્યાબેન કલ્યાણભાઈ શાહ – અમદાવાદ.

અમે કલ્યાણક ભૂમિઓની યાત્રાએ સપરિવાર ગયેલા. બિહાર પ્રદેશની ગરીબી ભલભલા હિલવાળાને દ્રવિત કરે તેવી છે. ગરીબીની સાથે ભૂખમરો. ખરેખર સ્ત્રી, પુરૂષો અને બાળકોને જોઈએ તો થાય કે માત્ર હાડપિંજરો ચાલે છે, વસ્ત્ર પણ માત્ર લાજ ઢાંકવા પૂરતા. આ બધી વાતોનો ખ્યાલ હતો તેથી અમે થોડા જૂના કપડા પણ લઈ ગયેલા.

ગરીબી ત્યાં ભયાનક હશે અને ગરીબીને બદનામ કરવામાં આજે રાજકારણીઓએ પોતાના સ્વાર્થની અને મતબેંકની સલામતી માટે બાકી રાખ્યું નથી. ગુના મોટા લોકો કરે અને સજા આવા નિર્દોષ ગરીબોને સહવાની. પછી માનવતાના મૂલ્યો ન દેખાય તેમાં આવા લોકોનો વાંક પણ શો ? દુનિયામાં પણ કહેવાય કે ભૂખના જેવું દુઃખ બીજું એક નથી. ભુખ્યો માણસ ક્યારે શું ન કરે તે કહેવાય નહિ.

અમે શ્રી સમેત શિખરજી પહોંચ્યા. ત્યારે એક દશ-બાર વર્ષનો ગરીબ છોકરોકાંઈને કાંઈ ખાવા - પીવાની આશાથી અમારો કેડો મૂકતો ન હતો. અમે ના પાડીએ તો પણ અમારું કાંઈને કાંઈ કામ વગર કહે પણ કરતો. તેની હાલત જોઈ અમને પણ દયા આવી અને મારી પૌત્રી પાસે તેના હાથે ખાવાનું અપાવ્યું. નાના બાળકમાં જેવા સંસ્કાર પાડીએ તેવા પડે. ભીખારીઓને હડે હડે કૂતરા ની જેમ કરીએ તો આજના ઈંગ્લીશ મીડીયમમાં ભણતા આપણા પૌત્ર – પૌત્રી પણ શું શીખે ? તેમના હાથે કાંઈને કાંઈ ભૂખ્યાને અપાવરાવીએ તો તેમના જીવનનું ઘડતર પણ સારું થાય.

અમે પણ નાસ્તો કરતા હતા અને એકદમ બહાર કોલાહલ મચ્યો. ચોર... ચોર... ની બૂમાબૂમ થવા લાગી. જે છોકરો અમારી રૂમથી બસતો ન હતો તેને બધા પકડી મારતા હતા. તો મને દયા આવી, મેં પૂછ્યું તો કહે કે આ કાંઈક લઈને ભાગતો હતો તેથી અમે પકડ્યો. મેં તેને પાસે બોલાવી પૂછ્યું તો તે રડતો રડતો કહે કે- ''બા ! તમે મને ખાવાનું આપ્યું હું આતો હતો ત્યાં એકદમ એક કૂતરૂં આવ્યું અને રૂમ બહાર પડેલા જોડામાંથી એક નવું જોડું સુંદર જોઈ, ભક્ષ્યની બુદ્ધિથી લઈને એકદમ ભાગ્યું. અને તેથી તે પાછું લેવા હું તેની પાછળ દોડ્યો અને આ બધા મને ચોર માની પકડીને મારવા લાગ્યા.'' તપાસ કરતાં તેની વાત સાચી નીકળી તે જોઈ બધાને પોતાની ભૂલ અને ઉતાવળ માટે ક્ષોભ થયો.

હું તેને સમજાવી મારી રૂમ પાસે લઈ આવી તેને ફરીથી થોડો નાસ્તો આપ્યો, જૂના કપડા આપ્યા તો તેની આંખો એકદમ આનંદિત થઈ ગઈ. તે કહે- 'બા ! લોકો કેવા છે. અમે ગરીબ જરૂર છીએ પણ જૂઠા, ચોર તો નથી જ. પણ અમ્મારું કોણ સાંભળે ? તમારો સ્વભાવ કેટલો સારો છે !'' મારી આંખમાં પણ ઝળઝળીયાં આવી ગયા કે, ગરીબ એવા આપણે માણસને ઓળખવામાં કેવી થાપ ખાઈએ છીએ અને નિર્દોષ ઉપર આપણો બધો ગુસ્સો ઉતારીએ છીએ. અમે બે દિવસ રહ્યા તો ઘરમાં કચરો કાઢવાનું, પાણી લાવવું તે બધા કામ મજેથી કર્યા અને નીકળ્યા તેના હાથમાં પચીસ રૂપિયા મૂક્યા ત્યારે તેના ચહેરા પરની ખુશાલી, તેની નિર્દોષતા હજી પણ ભૂલાતી નથી. થાય છે કે, ના માનવતા હજી મરી પરવારી નથી.

હંસાના ફટફળ

▲ શાહ રતિલાલ દેવચંદ ગુઢકા - ન્ટન U.K.

પરમ કરૂણાના સાગર – પરમોપકારી શ્રી વિતરાગ પરમાત્મા સ્થાપિત જૈન શાસનમાં તો અહિંસાને અગ્રગણ્ય સ્થાન આપ્યું છે. સૌ કોઇ જીવ જીવવાને ઇચ્છે. અહિંસાએ કલ્પવેલડી છે. અનંત દુઃખોથી ભરેલા સંસારમાંથી સદાને માટે છૂટી જવાની ઇચ્છા અને શાંતિ ઇચ્છતા એવા ભવ્યાત્માઓએ અહિંસાને કરૂણાથી ભરપુર એવા તારકશ્રી જિન ધર્મની વિશુદ્ધ ભાવે આરાધના કરવી જ જોઇએ. જે ભવ્યાત્મા અહિંસા ધર્મને બરોબર પાળે છે તે શાશ્વત સુખનો ભોકતા થાય છે.

જૈન શાસનને (પ્રભુવીરના) મહાવીર શાસનમાં પંકાયેલી કથા છે.

એક લાખ યોજનવાલા જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં અતિશય શોભા સમૃદ્ધિવાળુ ''વસંતપુર'' નામે નગર હતું. એ મહાનગરમાં શૂરવીર – ન્યાયી – પ્રજાપાલક – ધર્મનિષ્ઠ ગુણનિષ્ઠ એવા મહારાજા મણિશેખરની સત્તા વર્તતી હતી. મહારાજાને શૂરકાંતાલક્ષ્મીસેના – હંસમાલા – અનંગસુંદરી – તિલકમંજરી વગેરે એકસો ઉપર બાવીસ રાણીઓ હતી. સંસાર સુખ ભોગવતાં હંસશેખર, તિલકશેન લક્ષ્મીદત્ત વિગેરે ઘણા સંતાનો થયેલા.

નગરની મધ્યમા બારમા તીર્થપતિ કરૂણાસાગર ત્રિશ્વપાલેશ્વર દેવાધિદેવ જિનેશ્વર ભગવંતશ્રી વાસુપૂજ્ય સ્વામીનું દેવવિમાન સરીખું ૨૪ દેવકુલિકા યુકત જિનાલય હતું. એ સિવાય યુગાદિનાથ આદીશ્વરદાદા, સુમિતનાથ ભગવાનના ભવ્યને વિશાળ જિનપ્રાસાદો હતા. ધર્મશાળાઓ – પૌષધ શાળાઓ તથા દાનશાળાઓ વિગેરેથી પણ નગર શોભી રહ્યું હતું. મહારાજા મણિશેખર જૈન ધર્મની વિશુદ્ધઆરાધના કરતા છતા માનવ જન્મને સાર્થક કરી રહ્યા હતા.

એક સમયે મહારાજા મણિશેખરના પાટલીકુંવર હંસશેખરના શરીરમાં પૂર્વ પાપકર્મોના ઉદયથી સોળ જાતના રોગ ઉત્પન્ન થઇ જવાથી તીવ્રવેદના પીડાવા લાગ્યો. રાજવીમણિશેખરે વિચક્ષણ વૈદ્યોને બોલાવી ઔષધોપચાર કરાવ્યો પણ એ રોગો શાંત થવાને બદલે કુમારને વધારે પીડા દેવા લાગ્યા. રાજકુમાર હંસશેખરની રત્નકાંતા, પદ્મસેના, મૃગાવતી ધન લક્ષ્મી ત્રિલોચના વગેરે સ્ત્રીઓ પણ પતિના તીવ્ર દુઃખોને જોઇ રૂદન કરતી પરમાત્માને વિનવવા લાગી. દિવસો દિવસ પીડાથી દુઃખી થતો રાજકુમાર હેરાન – પરેશાન થઇ ગયો. રોગો મટવાની કોઇ શકયતા જણાતા એક દિવસ જીવનથી કંટાળી જઇ સંસારને પણ અસાર જાણી રાજકુમારે મનમાં એવો (સંકલ્પ) (કરી) અભિગૃહ લીધો કે જો આ અસાધ્ય દુઃખોથી (રોગોથી) છૂટું તો વીતરાગ – કથિત માર્ગે ચાલ્યો જાઉં. (પ્રવ્રજીત્ (દીક્ષા લઉં) દીક્ષા લઇ લઇશ. અભિગૃહ લીધો ને – ૨ – દિવસમાં રાજકુમારના શરીરમાં ઘણા સમયથી ઘેરો ઘાલી રહેલા રોગો પલાયન થઇ ગયા. ઘણા ઔષધોને મંત્રો તંત્રોથી પણ જે નાશ ન થાય તે ધર્મના અભિગ્રહના પ્રભાવે તરત જ નાશ થઇ ગયા એ જાણી રાજકુમાર વિશેષ વૈરાગ્ય ધરી પથારીમાંથી ઉભા થયા ..... અંતરમાં આનંદ હતો.

મહારાજાને પણ ખબર પડી કે અૌષધો ને મંત્રો જ્યાં કામ ન આવ્યા ત્યાં ધર્મ જ કામ આવ્યો. રાજકુમાર પિતાજી પાસે આવ્યો પગે લાગી હાથ જોડી અંતરની વાત કરી. મને ભાગવતી દીક્ષા લેવાની રજા આપો. અસાધ્ય એવા રોગો પણ દીક્ષા ના લીધેલા અભિગૃહના પ્રતાપે ભાગી ગયાને હવે એ અભિગૃહ પૂર્ણ કરવા આપની અનુમતિ ઇચ્છી રહ્યો છું મહારાજાને પોતાને દીક્ષા લેવાનો વિચાર હતો, આ વિચારનો જ નિર્ણય કરી લીધેલ કે રાજકુમાર હંસ શેર થઇ ગયો છે તો એને વિશાળ રાજ્ય ધુરા સોંપી હું અણગાર

બની જાઉં. પણ જ્યારે પાટલી કુંવરે જ દીક્ષાની રજા માંગી ત્યારે તો મહારાજા સહસા ચોંકી ઉઠયા... બેટા.... તારે આ વિશાળ રાજ્યના સિંહાસનને સોભાવવાનું છે. ... હજી તારી દીક્ષા લેવાની ઉંમર નથી થઇ... મોટો થઇને જ્યારે મસ્તકમાં ધોળા આવે ત્યારે ભલે દીક્ષા લેજે ... દીક્ષા લેવી સહેલી નથી... લોઢાના ચણા ચાવવા તલવારની ધાર પર ચાલવા જેવી દીક્ષા કઠીન છે. તું અત્યારે રાજ્ય સંભાળ ને હું દીક્ષા લઇ આત્મકલ્યાણ કરી લઉં... પાટલી કુંવરે પિતાને વિનય પૂર્વક જણાવ્યું બાપ ભલે દીક્ષા લ્યો... હું પણ આપની સાથે દીક્ષા લઇશ... મારા નાના ભાઇને રાજ્ય સોંપી દો એ બરોબર સાભાળશે રાજ્યને.

અચાનક દ્વારપાલે આવી મહારાજાધીરાજને સમાચાર આપ્યા કે ઉશ્વાનપાલક આપને મલવા ઇચ્છે છે. મહારાજાએ રજા આપી જા. મોકલ અંદર. ઉશ્વાનપાલેક આવી નમન કર્યા, અને રાજરાજેશ્વર મણિશેખરને જણાવ્યું. રાજ ઉધાનમાં કેવલ જ્ઞાનરૂપી સૂર્યથી અનાદિ કાલિન અંધકારને ભગાડી આત્મારૂપી આકાશમાં પ્રકાશ ફેલાવનારા જ્ઞાની શ્રી વજ્રસેન સૂરિજી ભગવંત ૧૦૦ શિષ્યસમુદાય સાથે પધારેલ છે. અને દેવકૃત સુવર્ણ કમળ પર બિરાજી મધુરી દેશના ફરમાવી રહ્યા છે. ''ભાવતું હતું તે વૈદ્યે બતાવ્યું''ની જેમ તારક ગુરૂ વંદની ઝંખના હતી તેવી જ જ્ઞાનીગુરૂવર પધાર્યાજાણી અતિ આનંદ પામી ઉધાનપાલકને ઇનામ આપી વિદાય કરી મહારાજા રાજકુમાર વિગેરે ત્યાં જવાની તૈયારી કરવા લાગ્યા. તૈયાર થઇ મહારાજા રાજકુમારને રાણીઓ મંત્રીશ્વર, નગરશેઠ, સામંતવર્ગ વગેરેનગર બહાર રાજ ઉધાનમાં આવી જ્ઞાની ભગવંત પાસે આવ્યા. વંદન કરી ઉપદેશ સાંભળવા બેઠા. જ્ઞાની ભગવંતે કર્મોની વિચિત્રતા સંસારની અસારતા, ઉપર અમૃતમય દેશના મધુરી ફરમાવી. ઉપદેશ પૂર્ણ થયે પાટલી કુંવર, રાજ હંસશેખર ઉભો થયો ને હાથ જોડી જ્ઞાનીને પોતાનો કયા કર્મના ઉદયે આ ભવમાં અસત્ય રોગોની પીડા ભોગવવી પડી. એનું કારણ જણાવવા વિનંતિ કરી. જ્ઞાની ભગવંતે કહ્યું તારો પૂર્વ ભવ સાંભળ. પૂર્વભવમાં તું આજ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં સમૃદ્ધિથી ભરપુર વિશાળ એવાં ''લક્ષ્મી પુર'' નામે નગરમાં અધર્મી અને મિથ્યાત્વથી પરિપૂર્ણ'' ''શ્રીકાંત'' નામે રાજા તરીકે હતો. તેને શિકારનો બહુ જ શોખ હતો, ને તું તારા સાથીદારો સાથે નિરંતર શિકારે જતો ને અબોલ – અસહાય એવા નાના – મોટા પ્રાણીઓની હિંસા કરી આનંદ પામતો. શિકાર ભેલન સાથે માંસ મદિરાનું પણ તું સેવન કરતો. આમ પાપના પોટલા બાંધતો તું સમય પસાર કરી રહ્યો હતો. ધર્મને પુણ્યને તો તું માન તો જ ન હતો.

એકદા નિત્યક્રમ પ્રમાણે શિકાર કરવાનું નગર બહાર જંગલ તરફ જઇ રહ્યો હતો. મધ્ય જંગલમાં આવતાં જ અચાનક તારી નજર વૃક્ષ નીચે કાઉસ્સગ્ગ ધ્યાને ઉભેલા જૈન મુનિરાજ પર પડી. અનાડીને નરપિશાચ એવાં તે નિર્દયતાથી ''આ મુંડિયો ક્યાં અપશુકન કરતો દેખાયો'' એમ કહી હાથમાં રહેલ તીક્ષ્ણ ભાલો મુનિરાજના શરીરમાં ભોંકી દીધો ને એજ ભાલા વડે મુનિરાજને અધર ઉછાળી નીચે પટકી મારી નાંખ્યા. ભયંકર પાપ'' કર્મનું બંધ તે ત્યારે ઉપાર્જન કર્યું. તારી સાથે રહેલા સામંત સાથીદારો વગેરે ઋષિહત્યા – મુનિહત્યાથી ઘણા નારાજ થયા. મુનિ હત્યા કરી શિકાર ખેલ્યા વગર સૌ પાછા નગરમાં આવ્યા.

આ બાજુ મહામંત્રિશ્વર સુમિત્રદત્ત જે જૈન ધર્મના પરમ અનુરાગી – આરાધક હતા, તેમને જ્યારે તારા હાથે થયેલ મુનિ હત્યાના અશુભ સમાચાર મલ્યા તો એકદમ નારાજને દુ:ખી થયા ને હજી પણ તને અટકાવવામાં નહિ આવે તો વધુ હિંસા – શિકાર – પાપાચરણ કરતો રહીશ એમ વિચારી સામંત વર્ગ – સેનાધિપતિ – નગરશેઠ વગેરે સાથે વિચારણા કરી મહામંત્રીશ્વરે ગુપ્ત યોજના પ્રમાણે રાતોરાત તને રાજ્ય ભ્રષ્ટ કરી નગર બહાર જંગલમાં તરછોડાવી દીધો અને તારા પાટલીકુંવર વસુદત્તને મંત્રી વર્ગે રાજ્ય પર બેસાડ્યો વસુદત રાજા ન્યાયી – નિતીથી મંત્રી વર્ગની સલાહ પ્રમાણે રાજ્ય સુખે ચલાવવા લાગ્યો. પ્રજા વર્ગ પણ વિશેષ ધર્મકાયમાં ઉદ્યમશીલ થયો.

આ બાજુ તું (પૂર્વભવે) પદભ્રષ્ટ – રાજ્ય ભ્રષ્ટ થયો થકો જંગલમાં ભૂખ્યો – તરસ્યો – ક્રોધે ભરાયો છતો આમ તેમ રખડતો આગળ વધતો હતો ત્યાં કુરી કોઇ એક જૈન મુનિરાજ પર (કાઉસગ્ગે રહેલા) તારી નજર પડી ને તરત ક્રોધમાં વધારો થયો. ઉગ્ર ક્રોધ પૂર્વકનું હાથમાં મોટો દંડ લઇ મુનિરાજને મારવા દોડ્યો પણ એ મુનિરાજે તારા પર તેજો લેશ્યા મુકવાથી બળી કરી રૌદ્ર પરિણામે મરણ પામી સાતમી નરકના દરવાજે તૈંત્રીસ સાગરોપમ (એટલે અસંખ્યાતા વર્ષો જેનો હિસાબ નહીં. તેટલા વર્ષો) દુઃખને ભયંકર પીડામાં રૌરવ દુઃખો ભોગવવા ચાલ્યો ગયો. અતિ પાપનું ફળ તત્પરને ભયંકર મળે છે અને એમાંએ આતો મુનિ મહાત્માની હત્યા એ બે – બે વાર પંચેન્દ્રીય ત્યાગી બણગારની હત્યાનું પાપ ત્યાંથી નિકળી તિર્યંચ થઇ મરી કરી છઠ્ઠી નરકે ત્યાંથી કુરી તિર્યંચ ગતિમાં જઇ મરી કરી પાંચમી નરકે આમ તિર્યંચ – નરક એમ બંને ગતિમાં ઘણીવાર ઉત્પન્ન થઇ અસહ્ય દુઃખો સહન કર્યા અસંખ્ય ભવોના અનંતા દુઃખો મુનિરાજની હત્યા આદિના કારણે ભોગવી કમે અકામ નિર્જરાના યોગે કર્મો ઓછા થવાથી મનુષ્યગતિમાં સિંહપુરનગરના વણિક ધનદત્તને ત્યાં પુત્ર વસુદત્ત તરીકે ઉત્પન્ન થયો. યુવાન વયને પામી તે અન્નદાન આદિ શુભ કાર્યો કરી કોઈ તાપસના સંસર્ગમાં આવી તાપસી દીક્ષા લઇ નિષ્કપટપણે ક્ષુધા તૃષાદિ સહન કરતા તપશ્ચર્યા કરી આયુષ્ય પુર્ણ થયે ભવનપતિ નિકાયમાં દેવ થયો. ને ત્યાંથી આવી આ ભવમાં રાજકુમાર તરીકે થયો છે. જૈન મુનિરાજની હત્યા તથા અન્ય હિંસાદિ પાપ કર્મો ઘણા ભોગવાઇ ગયેલા છતાં થોડા પાપકર્મો બાકી હોવાથી આ ભવમાં યુવાન વયે તને ઉદયમાં આવ્યા (રોગો) ને તેં એને શાંતિપૂર્વક ભોગવ્યા તેથી કર્મો ખપી ગયા.

આત્માને કરેલા કર્મો અવશ્ય ભોગવવા પડે છે. ભવ્ય જીવોએ હિંસાદિ કુ કર્મો ન કરતા તારક એવા શ્રી જિનધર્મની આરાધના દ્વારા મુક્તિ નગરના સુખો શીઘ્ર મેળવી લેવા જોઇએ.

હંસશેખરે પૂર્વભવ સાંભળી વિશેષ વૈરાગ્યધરી પિતામણિશેખર સાથે નગરમાં આવી ધામધૂમ પૂર્વક વસ્તીદાન આપતા જ્ઞાની ભગવંત સમીપ ભવછેરછેદીની ભાગવતી – પ્રવજ્યા સ્વીકારી અનાદિકાળના સંસારનો સર્વથા અંત કરવાની તીવ્ર લગની પૂર્વક ઉગ્ર આચાર પાળતા રાજર્ષી મણિશેખર મુનિવર તથા હંસશેખર મુનિવર અપૂર્વ સાધના, તપશ્ચર્યામાં લીન થઇ ગયા.

વસંતપુરનો રાજા તિલકશેન થયો. અને ન્યાય પૂર્વક રાજ્ય ચલાવતો ધર્મમાં ઉધમ વાળો થયો. ઉપસર્ગો, કષ્ટો સહન કરતા ઘોર તપ ને સાધના બા બળે કમે બંને મુનિવરો અનુપમ એવા કેવળજ્ઞાનને પામ્યા. કેવલી થઇ અનેક જીવોને તારક વિચરતા થકા બે મુનિવરો વસંતપુરના ઉધાનમાં પધાર્યા. મહારાજ તિલકસેનને જ્યારે સમાચાર મળ્યા કે પિતા મુનિને ભાઇ મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ઘણા વર્ષે આંગણે પધાર્યા છે. જાણી અંતરમાં અપૂર્વ હર્ષ ભરતો વિશાળ સ્વજન પરિવાર તથા નગરજનો સાથે નગર બહાર ઉધાનમાં આવી વંદના કરી. કેવલી ભગવંતે સંસાર સાગરની ભીષણતાનો અને ધર્મ સરિતાની નિર્મલતાનો મધુરો ઉપદેશ ફરમાવ્યો. ઉપદેશ શુણી વૈરાગ્યધારી પોતાના પાટલીકુંવર હરિષણને નગરનું રાજ્ય સોંપી મહારાજા તિલકસેને રાણી – મંત્રી – તથા અન્ય મુમુક્ષુઓ સાથે પિતા મુનિ એવા કેવલી ભગવંત પાસે દીક્ષા લીધી.

શ્રીમણિશેખર, હંસશેખર કેવલી ભગવંતો જગતના જીવોનું કલ્યાણ કરી, કમે સંસારનો સર્વથા અંત કરી શાશ્વત સુખના ધામ મોક્ષે પધાર્યા. હિંસાના પરિણામે ભયંકર દુઃખો ભોગવવા પડે (હિંસાનો નરકની ખાણ છે) એનું રોચક કથાનક વાંચી ભાવિ જીવો અહિંસા ધર્મમાં લીન થઇ દેવાધિ દેવ શ્રી જિનેશ્વર ભગવંતોનું અનન્ય શરણ સ્વીકારી મુક્તિ વધુના ભાગી થાઓ. એજ સુભ ભાવના शिवमस्तु सर्व जगतः જગતના જીવ માત્રનું કલ્યાણ જગત આખું પાપથી મુક્ત થાઓ સર્વથા સહુ સુખી થાઓ. એજ એજ જીન આજ્ઞા આશય કંઇપણ વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામી દુક્કડમ. □

તત્ત્વના ભંડાર પૂ. આ. શ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ની પરમ કૃપા અને

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના

પરમ માર્ગદર્શન થી જૈન શાસનને જાગૃત કરનાર

શ્રી જૈન શાસનને



હાર્દિક શુભેચ્છા



* ક્ષમાની મેઘધારાથી મોક્ષ *

આ ગણ શ્રાવસ્તિના જિતશત્રુ રાજાની ધારિણીના પુત્ર હતા. તેની પુરંદરયશા બ્હેનને દંડકારણ્યના કુંભકાર રાજા સાથે પરણાવી હતી. કુંભકારનો પાલક મંત્રી નાસ્તિક હતો. તે એક વાર શ્રાવસ્તીમાં આવ્યો. ત્યાં સ્કન્દકુમારે તેને વાદમાં નિરુત્તર કર્યો હતો. શ્રી મુનિસુવ્રત સ્વામીની દેશના સાંભળી પાંચસો રાજકુમારો સાથે સ્કન્દકુમારે દીક્ષા લીધી, ને મહાઆચાર્ય થયા. એક વખત તેઓએ દંડકારણ્ય તરફ વિહાર કર્યો. પ્રભુએ "ત્યાં ઉપસર્ગ થશે, ને તમારા શિવાય બધા આરાધક થશે." એમ કહ્યું આચાર્ય ગયા. પાલકને ખબર પડી. તે જગ્યાએ છુપા શસ્ત્રો છુપાવી રાજાને ખોટું સમજાવ્યું કે- 'આ બધા સુભટો તમારું રાજ્ય લેવા કપટથી આવેલા છે." ને શસ્ત્ર બતાવ્યા. રાજાએ હુકમ આપ્યો કે- "તેઓને તેં ફાવે તે શિક્ષા કર." તે ઉપરથી તેણે ગુપ્તપણે ઘાણી રખાવીને દરેકને પીલ્યા. આરાધન કરી તેઓ તે જ વખતે મોક્ષમાં ગયા.

કેટલે નાના શિષ્યને પકડીને ઘાણીમાં નાંખતાં આચાર્યે ના પાડી કે "ભાઈ! પહેલાં મને પીલ, મારાથી એ બાળકનું દુઃખ જોઈ શકાશે નહિ." તો પણ પાલકે તેમ ન કર્યું. આચાર્યે આરાધના કરાવી, બાળમુનિ મોક્ષમાં ગયા. છેવટે આચાર્યનો વારો આવ્યો. તેને પીલ્યા. પણ તેમણે નિયાણું કર્યું કે "આ દુષ્ટ રાજાને સપરિવાર શિક્ષા કરું." મરીને અગ્નિકુમાર નિકાયમાં દેવ થયા. તરત જ ઉપયોગ મૂક્યો, ને વેર લેવા તૈયાર થયા. હવે, આ તરફ — લોહીવાળો રજોહરણ ઉપાડીને ઉડતી સગડીની ચાંચમાંથી રાજમહેલમાં પડયો. તેની બ્હેને ઓળખ્યો. રાજાને ઠપકો આપ્યો. રાજા પસ્તાયો. તેવામાં તો અગ્નિકુમારદેવે પુરંદરયશાને ઉપાડીને પ્રભુ પાસે મૂકી અને આખું વન બાળી નાંખ્યું. ત્યારથી દંડકારણ્ય કહેવાય છે. પ્રભુએ બ્હેનનો શોક શાંત કર્યો, ને દીક્ષા આપી. તે સ્વર્ગે ગઈ. અગ્નિકુમારદેવને પણ ઉપદેશ આપી શાંત કર્યો.

Jayaben Amratlal Shah

45, Lindgay Drive Kenton,

HA3 OTA (U.K.)

તપના ભંડાર પૂ. આ. શ્રી **વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ** ની
પરમ કૃપા અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ની પ્રેરણાથી
જૈન શાસનમાં જ્ઞાન ઉદ્યોત કરનાર

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ધર્મનું બળ

મથુરાના શંખરાજાએ દીક્ષા લીધી. તેણે ગજપુરમાં ગોચરી જતા ગોખમાં બેઠેલા સોમદેવ પુરોહિતને માર્ગ પૂછ્યો. તેણે કૌતુકથી અગ્નિમય માર્ગ બતાવ્યો. પણ તપના પ્રભાવથી મુનિને તે શિતળ થયો. તેથી આશ્ચર્ય પામી પશ્ચાત્તાપ કરી, મુનિ પાસે ક્ષમા માંગી દીક્ષા લીધી ને સંયમનાં આરાધના કરી દેવલોકમાં તેજસ્વી દેવ થયો. ત્યાંથી ચ્યવી ગંગા કિનારે રહેતા બળકોટ ચંડાળની ગૌરી સ્ત્રીને પેટે જન્મ્યો. મુનિપણામાં આરાધના કરેલી છતાં પ્રથમ જે કુળમદ કરેલો, તેનો વિપાક ભોગવવા તેમને ચંડાલ જાતિમાં ઉત્પન્ન થવું પડયું. (પશુપક્ષીમાં જેમ જાતિભેદ સ્વયં સિદ્ધ છે. તે જ પ્રમાણે મનુષ્યોમાં પણ જાતિભેદ સ્વયં સિદ્ધ જ છે. અને દરેક પ્રજાઓમાં તે પ્રમાણે ભેદ છે. રાજા, રંક, ઉંચો ધંધો કરનારા, હલકો ધંધો કરનારા, વિગેરે જાતિભેદ કુદરતી છે. માત્ર તેનો મદ દોષ રૂપ છે. અને તેવો મદ કરી કર્મ ઉપાર્જન કરનારાઓને ઉત્પન્ન થવા માટે ચંડાળાદિ હલકી જાતિઓ પણ સ્વયં સિદ્ધ છે. તે કોઈએ કૃત્રિમ રીતે ચલાવેલ નથી, પરંતુ કુદરતના ધોરણે વ્યવસ્થિત કરી છે. ચાંડાળ જાતિ ન હોત તો હરિકેશિબળ મુનિ મનુષ્યપણામાં એ કર્મ ક્યાં વેદત ?) તેનું નામ હરિકેશિબળ રાખ્યું. લોકોએ સર્પને મારી નાંખ્યો અને અળશીયું બચાવ્યું. એ ઉપરથી બોધ પામી પોતાના તોફાનો છોડી મુનિરાજ પાસે સુ-ધર્મ સાંભળી દીક્ષા લીધી. તપશ્ચર્યાથી શરીર દુર્બળ થયું. વિહાર કરતાં વાણારસીના તિંદુક વનમાં ધ્યાનમાં રહ્યા. ત્યાંના બે યક્ષો તાપસોથી અસંતોષ પામી તેના ભકતો થયા.

એક વખત રાજકન્યા ભદ્રા તે વનમાં રમવા આવી. યક્ષની પૂજા કરી. તેવામાં ધ્યાનમાં રહેલા સાધુને જોઈ તેના ઉપર ઘૃણા કરવા લાગી. એટલે યક્ષે તેને ગાંડી કરી મૂકી અને તે જ સાધુને પરણવા ફરજ પાડી. રાજાએ છેવટે પુત્રીનો જીવ બચાવવા ધ્યાનમાં રહેલા મુનિ સાથે પરણાવી, ત્યાં મુકીને ગયો. રાત્રે યક્ષે તેને બહુ જ હેરાન કરી અને ઠપકો આપ્યો કે- ''હવેથી કદી મુનિનું અપમાન કરીશ, તો મારી નાખીશ.'' ભદ્રા ભય પામી અને મુનિને પતિ તરીકે સ્વીકારી, તેની સેવા કરવા લાગી. મુનિ ધ્યાન પૂર્ણ કરીને બોલ્યા ''બાળા ! અમારે સ્ત્રી સાથે વાતચીત પણ ન હોય. આ બધી ઘટના યક્ષની છે. માટે તેમાં અમારે કાંઈ લેવા દેવા નથી,'' કહી અન્યત્ર ચાલ્યા ગયા. ભદ્રા રાજા પાસે આવી. રાજાએ મંત્રીઓને ''ઋષિપત્નીનું શું કરવું ?'' એમ પૂછી સલાહ લઈ રુદ્રદેવ બ્રાહ્મણને પરણાવી. બ્રાહ્મણે યજ્ઞ શરૂ કર્યો. ફરતા ફરતા એ જ મુનિ ત્યાં ભિક્ષા લેવા આવ્યા. બ્રાહ્મણોએ ત્યાંથી કાઢી મૂકવા માંડયા. અને ''અમારો યજ્ઞ અભડાવ્યો'' કહી મારવા દોડયા. ''બ્રાહ્મણો માટે નું બીજાને આપી ન શકાય.'' એમ કહી કંઈપણ વહોરાવ્યું પણ નહીં. ભદ્રાએ આવીને સમજાવ્યા પણ બ્રાહ્મણો માન્યા નહીં. પછી યક્ષે બધાને જાતિ મદ ન કરવા સમજાવ્યા. છતાં જ્યારે તે ન સમજ્યા અને જ્યારે પૂરા હેરાન કર્યા ત્યારે મુનિને શરણે ગયા. મુનિએ જાતિ મદ ન કરવા સમજાવ્યું. બ્રાહ્મણનું આધ્યાત્મિક સ્વરૂપ સમજાવ્યું. પોતે સમભાવમાં રહેલા હતા. તે જોઈ બ્રાહ્મણો તેના સેવક થયા. તેમને આહાર વ્હોરાવ્યો યજ્ઞ છોડયો. છેવટે મુનિ કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

SAVITABEN SNANTILAL SHAH
9, Claremont Avenue,
Kenton HA3 OVH (U.K.)
હ. કિરણ શાંતિલાલ

છ વિગઈનો વર્ષો સુધી ત્યાગ કરનાર

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની પરમ કૃપાથી

પૂ. આ. શ્રી વિજય જિતેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ની પ્રેરણાથી

જૈન ધર્મના સિદ્ધાંતોને પ્રચારતા

શ્રી જૈન શાસનને
હાર્દિક શુભેચ્છા

હાંસી પાગ કાશી

સુદત્ત ગામમાં ધનદત્ત કણબીને ચાર સ્ત્રીઓ હતી. સુખી છતાં પાછળથી ગરીબ થયો હતો. છતાં માર્ગમાં ચોરોએ વસ્ત્રો લુંટી લેવાથી ટાઢે ઠરતા ચાર મુનિઓને ચાર ગરમ વસ્ત્રો પોતે તંગી ભોગવીને આપ્યા હતા. તેના પ્રભાવથી મરીને કાશીના મકરધ્વજ રાજાની લક્ષ્મીવતી પત્નીથી ઉત્તમ ચરિત્ર કુમારના નામનો અનેક ગુણો અને કળાવિભૂષિત પુત્ર થયો. તે દેશાન્તરમાં ખૂબ ફર્યા છે, ફરતાં ફરતાં જુદા જુદા પ્રસંગમાં તેની પૂર્વ ભવની ચાર સ્ત્રીઓ મળી છે, ને તેણે તેની સાથે લગ્ન કર્યું છે. તેના નામ મદાલસા : ત્રિલોચના: અનંગસેના: સાહસત્રકળા: પાંચ દિવ્ય રત્નો: મણિ : કનક: ક્ષીરોદક: રત્નકંબળ: વિગેરે દિવ્ય સંપત્તિઓ પણ મળી હતી. પરંતુ પૂર્વભવમાં એક વખત મલિન વસ્ત્ર પહેરવાળા મુનિની દુર્ગચ્છા કરવાથી મસ્તકના પેટમાં દાખલ થવું પડ્યું હતું. વળી એક પોપટને પાંજરામાં પૂર્યો હતો, તેથી પોપટ થવું પડ્યું હતું. અનંગસેનાએ પૂર્વભવમાં પોતાના દાગીના : ઘરેણાં : નવા કપડાં : પહેરીને આવેલી દાસીને "આહા ! ગણિકા આવી." એમ મશ્કરીમાં કહેલું તેથી તેને વેશ્યા કુળમાં જન્મ લેવો પડ્યો હતો. આ વિગેરે હકીકત ઉત્તમ ચરિત્ર કુમારે પોતાના જીવનના પાછલા ભાગમાં પિતાનું અને ભરતખંડના મોટા ભાગનું રાજ્ય મળ્યા બાદ કેવળી ભગવન્તને પૂછવાથી જાણ્યું. અને વૈરાગ્ય પામી પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. ત્યાં થી સ્વર્ગમાં ગયા. ત્યાં થી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ મોક્ષ પામશે.

Savitaben Somchand Shah
Flat No. 14, House No., 26,
Gram White House Kenton,
HA3 9JH, (U.K.)

સત્તર વર્ષથી ઘી વિગયનો ત્યાગ કરાવનાર
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની
કૃપાથી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી
જૈન ધર્મની જ્યોત જગાવનાર

જૈન શાસન નાં વિશેષાંકની સૂચિ

જયણા આપણી અમ્મા

અષ્ટ પ્રવચન માતા એ સાધુની માતા છે તો જયણા એ શ્રાવકની માતા છે.

જયણા એટલે જીવરક્ષા માટેની કાળજી.

આપણી ચારેબાજુવિશાળ જીવસૃષ્ટિપથરાયેલી છે. ફળિયામાં કૂતરા છે, આંગણામાં બિલાડા છે, રસોડામાં વાંદા છે, શયનખંડમાં માંકડ છે, ખાળમાં ઉંદર છે, માથામાં જૂં છે, ખૂણે-ખાંચે ક્યાંક કીડીના દર છે, છત કે દિવાલમાં ક્યાંક પક્ષીના માળા અને ફરીળીયાના જાળા છે, ફર્નીચરમાં કે દિવાલમાં ઉધઈ છે, ચારે બાજુ મચ્છર ઉડે છે, નળમાંથી વહી આવતા પાણીમાં અસંખ્યાતા ત્રસ જીવો છે, અનાજમાં ઈયળ અને ઘનેડા છે, શાકભાજીમાં પણ ક્યાંક ઈયળ છે, વાસણમાં ક્યાંક કંથવા છે.

સચિત્ત માટી પૃથ્વીકાય છે, કાચા પાણીમાં અપકાય જીવો છે, અગ્નિમાં, વાયુમાં તથા વનસ્પતિમાં પણ જીવ છે. વાનગીઓ ઉપર કેફર્નીચર વગેરેમાં બાઝી જતી ફુગ અને મકાનનાં કમ્પાઉન્ડમાં ફેલાઈ જતી લીલમાં પણ અનંતકાય જીવો છે.

બેસતા, ઉઠતા, હાલતા - ચાલતા, ખાતા-પિતા, સૂતા, બોલતા, વસ્તુ લેતા - મૂકતા, બારણા ઉઘાડ - બંધ કરતાં કે સાફ સફાઈ કરતાં આપણી બેકાળજીથી આવા એક બેથી માંડીને અનંત જીવોની હિંસા થઈ જવાની સંભાવના છે. આપણી થોડીક કાળજી આવા અનેકજીવોનાપ્રાણ બચાવી લે અનેઆપણને હિંસાના પાપથી બચાવી લે. પાપથી રક્ષણ એટલે ભવિષ્યના દુઃખથી રક્ષણ. આ રીતે પાપ અને દુ ખથી આપણી રક્ષા કરનારી જયણા આપણી 'મા' જ કહેવાય ને !

Jayaben Nathalal Shah
Ajay N.M.Shah
68, Ton Bridge, Crescent,
Kenton, HA3 9LE (U.K.)

ગામડામાં વિસરી ગ્રામ્ય જનતાનો ઉદ્ધાર કરનાર
પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ ની પરમ કૃપાથી
પૂ. આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન સંઘને શ્રદ્ધાની સુગંધ ફેલાવતા

શ્રી જૈન શાસનને
હાર્દિક શુભેચ્છા

નિગોદને ઓળખો

ચોમાસાની ઋતુમાં મકાનનાં કમ્પાઉન્ડમાં, જુની દિવાલો ઉપર કેમકાનની અગાસીમાં લીલા, કાળા, ભૂખરા વગેરે રંગની સેવાળ બાઝી જાય છે. તેનું નામ નિગોદ. બટાટા વગેરે કંદમૂળની જેમ નિગોદ પણ અનંતકાય છે. તેના એક સોયના ટોપચા પર આવે એટલા સૂક્ષ્મ કણમાં પણ અનંત જીવો હોય છે.

તેના ઉપર પગ મૂકીને ચાલવાથી, તેની ઉપર ટેકો દઈને બેસવાથી, તેની ઉપર વાહન ચલાવવાથી, તેની ઉપર કોઈ ચીજવસ્તુ મૂકવાથી કે તેની ઉપર પાણી ઢોળવાથી નિગોદના અનંત જીવોની હિંસા થાય છે.

બટાટા અનંતકાય છે તેથી તેની બે જડબા વચ્ચે ન કચડી શકાય તો અનંતકાય એવી નિગોદને પગ નીચે કેવી રીતે કચડી શકાય ?

સૂકાઈ ગયેલ નિગોદ પણ પાણી કે ભેજના સંપર્કમાં આવતાં જીવંત બની જાય છે. માટે સૂકી નિગોદવાળી જગ્યાએ પણ ખૂબ ઉપયોગ રાખવો.

DHIRAJLAL DHANJI MEGHJI
39 - Malvern Gardens,
Kenton. HA3, 9PA (U.K.)

હાલારમાં ૯ વર્ષ વિસરી હાલારી પ્રજામાં સંસ્કાર પીરસનાર
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના ઉપકાર પૂર્વક
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી
જૈન ધર્મના સિદ્ધાંતની રક્ષા કરતા

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ફુગને ઓળખો

વાસી ખોરાક તથા અન્ય પદાર્થો ઉપર સફેદ રંગની ફુગ બાઝેલી ઘણી વાર જોઇ હશે. ખાસ કરીને ફુગ ચોમાસામાં વિશેષ થાય છે. મિઠાઇ, ખાખરા, પાપડ, વડી, અન્ય ખાદ્યપદાર્થો, દવાની ગોળીઓ, સાબુની ગોટીઓ, ચામડાના પાકીટ–પટ્ટાઓ, પુસ્તકના પુંઠાઓ તથા અન્ય ચીજવસ્તુઓ પર ભેજને કારણ સાતોસાત સફેદ ફુગ બાઝી જાય છે.

આ ફુગ અનંતકાય છે. તેને નિગોદ પણ કહેવાય છે. તેના પણ એક સોયના ટોપચા જેટલા સૂક્ષ્મ કણમાં અનંત જીવો હોય છે.

ફુગ ન થાય તેની કાળજી રાખવી જોઇએ. ફુગ થયા પછી તે ચીજોનો ઉપયોગ થઇ શકે નહિ. જે ખાદ્યપદાર્થ પર ફુગ થઇ હોય તે ખાદ્યપદાર્થ અભક્ષ્ય બની જાય છે. ઘરવપરાશની અન્ય ચીજ ઉપર ફુગ થઇ હોય તો આપમેળે ફુગ ચ્યવી ન જાય ત્યાં સુધી તે ચીજને ઉપયોગમાં ન લેવાય, તે વસ્તુને સ્પર્શ પણ ન કરાય, તે વસ્તુને અહીં–તહીં ફેરવાય પણ નહિ. તડકે મૂકાય નહિ.

મોટાભાગની એન્ટીબાયોટીક દવા જેવા કે પેનીસીલીન, ફુગમાંથી જ બનાવાય છે માટે એવી દવાઓનો ત્યાગ કરો.

KANJI MEGHJI & CHETAN
4 - Addis Combe Close,
Kenton Harrow, HA3 8JS (U.K.)

હાલાર ગામોમાં ચાતુર્માસો કરી ભક્તિ રસ જગાવનાર

પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી જૈન શાસનના

દ્રોહ કરનારનો પ્રતિકાર કરનાર

જૈન શાસનના વિશેષાંકને શુભેચ્છા.

કૃપણતા કલંક

કૃપાગુ - ગન્ધ સમૃદ્ધ નગરમાં ધનદેવ નામનો ભિક્ષુઓનો ઉપાસક કૃપાગુ માગસ રહેતો હતો. તે સાધુઓને પાગુ કાંઇ આપે નહીં! ત્યારે મુનિઓએ માંહે માંહે વાત કરી કે- ''કોઇ એવો સમર્થ સાધુ છે, કે જે તેની પાસેથી મેળવી શકે?'' એક મુનિએ કહ્યું- ''જુઓ, હું તેની પાસેથી ઇષ્ટ લઇ શકું છું.'' એમ કહી, ત્યાં જઇ તેના ઘરને મંત્રથી મંત્ર્યું, ધનદેવે આવેલ સાધુને પૂછ્યું કે ''શાનો ખપ છે?'' મુનિએ ગોળ, ઘી, વસ્ત્ર વિગેરે જેનો ખપ હતો તે જણાવ્યું. તોગે તે આપ્યું, વિદ્યા સંહરી કે - તે ઘરમાં જોવા લાગ્યો. તો પોતાની તે ચીજો ઓછી થએલી જોઇ કલ્પાંત કરવા લાગ્યો. ત્યારે લોકોએ તેને પોતાને હાથે જ મુનિને આપ્યાનું જણાવ્યું. ત્યારે તે મૌન થયો. પછી ગુરુ પાસે જઇ ઉપદેશ સાંભળી દીક્ષા લીધી ને તપશ્ચર્યા કરી, પ્રાંતે મોક્ષમાં જશે.

Sila Kamlesh M. H. Shah
100, Nathans Road, North Wembley,
Middx HA0 3RD (U.K.)
Phone : 8904 3264

હાલાર દેશો દ્વારક પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની
પરમ કૃપાથી અને પરમ ઉપકારી પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની
શુભ પ્રેરણાથી જૈન શાસનનો જયકાર કરાવતા

જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

દીક્ષાની તમન્ના

બીજી ધારિણી - ઉજ્જયિનીના ચંડપ્રદ્યોતના ગોપાળ અને પાલક એ બે ભાઈ હતા. ગોપાળે ધર્મ ઘોષસૂરિ પાસે દીક્ષા લીધી. પાલકને દંતિવર્ધન અને રાષ્ટ્રવર્ધન નામે બે પુત્રો હતા. પાલકે પણ દંતિવર્ધનને રાજ્ય અને રાષ્ટ્રવર્ધનને યૌવરાજ્ય આપી દીક્ષા લીધી. રાષ્ટ્રવર્ધનની સ્ત્રીનું નામ ધારીણી હતું. તેને અવંતીસેન નામનો પુત્ર થયો હતો. તેના ઉપર આસક્ત મોટા ભાઈએ નાના ભાઈને મારી નાંખ્યો. સગર્ભા ધારિણી નાશીને કૌશાંબી ગઈ અને ત્યાં દીક્ષા લીધી. ગર્ભ વધ્યો. ગુરુણીએ હાક મારીને કારણ પૂછ્યું. ત્યારે ધારિણીએ "દીક્ષા આપો નહિ માટે જ ગર્ભ છુપાવ્યો હતો." પુત્રનો જન્મ થયો. તેને રાજાના આંગણામાં મુકી આવી ત્યાંના અવંતીસેન રાજાએ પુત્ર તરીકે ઉચ્છેર્યો ને નામ મણિપ્રભ પાડ્યું. રાજાના મરણ પછી તે રાજા થયો. આ તરફ ભાઈના ઘા થી દંતિવર્ધનને પસ્તાવો થયો. અવંતીસેનને ગાદી આપી દીક્ષા લીધી. અવંતીસેને દંડ વા કૌશાંબીને ઘેરો ઘાલ્યો. પણ સાધ્વીએ આવી બન્નેય ભાઈઓને ઓળખાવ્યા. બન્નેય ઉજ્જયિની આવ્યા અને ઉપદેશથી બારવ્રત લીધા. ધારિણી ચારિત્ર પાળી મોક્ષમાં ગયા.





SILA KAMLESH M. H. SHAH
100, Nathans Road, North Wembley,
Middx HA0 3RD (U.K.)
Phone : 8904 3264

શાસન રક્ષક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના પટ્ટધર
આગમો દ્વારક ઉપકારી ગુરુદેવના આશીર્વાદથી
જૈન ધર્મની રક્ષા પ્રચાર કરતા
જૈન શાસન અઠવાડિકને
હાર્દિક શુભેચ્છા

લઘિવાળી બહેનો :

યક્ષા - યક્ષદિન્ના - ભૂતા - ભૂતદિન્ના - સેણા - વેણા - રેણા : સ્થૂલભદ્રની આ સાત બેનો હ તી. તેઓએ અનુક્રમે એક વાર, બે વાર, ત્રણ વાર એમ સાત વાર સાંભળવાથી જે સાંભળે તે યાદ રહે જતું હતું.

પર્યુષણા પર્વમાં પોતાના ભાઈ શ્રીયકમુનિને સમજાવીને ઉપવાસનું પ્રત્યાખ્યાન કરાવવ થી તેનું મૃત્યું થતા ખેદ થવાથી કાઉસ્સગ્ગ કરી શાસનદેવની આરાધના કરી. શ્રી સીમંધર સ્વામી પાસે જઈ, શ્રીયકના મરણનો ખુલાસો મેળવી આશ્વાસન મેળવ્યું હતું. તે વખતે પરમાત્માએ ચાર ચૂ લેકાઓ આપી હતી. તે આવીને શ્રી સંઘને અર્પણ કરી. સંઘના અગ્રણી પુરુષોએ બે દશવકા લિકને અંતે અને બે આચારાંગને અંતે સ્થાપી.

સ્થૂલભદ્ર મુનિને વંદન કરવા માટેતે સાતેય બહેનોએ આચાર્ય મહારાજની આજ્ઞા માંગી, ત્યાં ગયા. તેવામાં ત્યાં સિંહ જોવાથી પાછા આવ્યા. આચાર્યશ્રીએ ફરીથી મોકલ્યા ત્યારે મૂળ સ્વરૂપમાં સ્થૂલભ દ્ર મુનિને વંદન કરી પાછા વળ્યા. વિગેરે હકીકત શ્રી સ્થૂલભદ્ર સ્વામીના ચરિત્રમાંથી જોઇ લેવી.

અનુક્રમે તપશ્ચર્યા કરી સાતેય બહેનો આરાધક થઈ સ્વર્ગમાં ગઈ.

SUJLA KAMLESH M. H. SHAH
100, Nathans Road, North Wembley,
Middx HA0 3RD (U.K.)
Phone : 8904 3264

પરમ ગુરુદેવ નિસ્પૃહી શિરોમણિ
હાલાર દેશો દ્વારક **પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ** ના
પટ્ટધર પરમ ઉપકારી
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ના ઉપદેશથી
જૈન જગતને જાગૃત કરતા
શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ભાવિલેખ

રૂક્મણી વિદર્ભદેશમાં કુંડીનપુર નગરના ભોજક રાજાની વિદુષીમતી રાણીથી જન્મેલા રૂક્મિ કુમાર અને રૂક્મિણી કન્યા હતા. એ વાતની કૃષ્ણને નારદે ખબર આપી, અને એજ રીતે રુક્મિણીને કૃષ્ણના ગુણો સંભળાવ્યા. બન્નેયને પરસ્પર અનુરાગી કર્યા. પરંતુ રુક્મિણીનું શિશુપાલના દમઘોષની સાથે સગપણ કર્યું. રુક્મિણીની ફઈએ કહ્યું કે-"રુક્મિણી! બાળપણમાં અતિમુક્તકમુનિએ કહ્યું હતું કે-" રુક્મિણી વાસુદેવની મુખ્ય પટરાણી થશે. તે યાદ છેકે ? તું ડરીશ નહીં. કૃષ્ણ વાસુદેવ શિશુપાલ અને જરાસંધનો પણ મારશે. એવી વાત ચાલે છે. અને તનો પરણશે, કહેતો બોલાવું ?"

"ફઈબા! તમે મારા હિતસ્વી છો! તમને ઠીક પડે તેમ કરો."

કૃષ્ણને કાગળ લખી દ્વારકાથી તેડાવ્યા. અને નાગમંદિરમાં પૂજા નિમિત્તે મળવાનો સંકેત ગોઠવ્યો. કૃષ્ણે આવી નાગમંદિરમાંથી રૂક્મિણીનું હરણ કરી નાગમંદિરના ચોકીદારોને જરાસંધ કુમારને સમાચાર આપવા મોકલ્યા. રૂક્મિ લડવા આવ્યો. રૂક્મિના પરાક્રમથી ભય પામતી રૂક્મિણીને પોતાના બળની વજ્ર જેવી હીરો ચપટીમાં ચોળીને અને સાત ઝાડો એકઝપાટે વીંધી નાંખીને કૃષ્ણે ખાત્રી કરાવી. પોતે રૂક્મિણી સહિત એકબાજુએ રહી, બળભદ્રને રૂક્મિ સામે લડવા ઉભા રાખ્યા. રુક્મિણીની વિદ્યાશક્તિથી રુક્મિને અભય આપી લડતાં તેને હરાવ્યો, અને ડાબા હાથનો અંગુઠો કાપ્યો. તે લડતો બંધ પડ્યો. પરંતુ બહેનને પાછા લાવ્યા વિના શહેરમાં પ્રવેશ ન કરવાની પ્રતિજ્ઞા કરેલી હોવાથી બીજું ભોજકટ નામનું નગર વસાવ્યું. રૂક્મિણીને આ બાબતની ખબર કરવામાં આવી. આગળ ચાલીને દ્વારકામાં જતાં પહેલાં સારી ભૂમિમાં કૃષ્ણ રહ્યા. અને ત્યાં વિવાહ કરવાનો વિચાર રાખ્યો. સિદ્ધાર્થ સારથીને આજ્ઞા આપી. પરંતુ નગરવાસીઓના આવ્યા પહેલા યક્ષોએ આવીને વિવાહ ઉત્સવ પૂરો કર્યો. ત્યાં એક મંદિરમાંથી લક્ષ્મી દેવીની મૂર્તિ જોઇને કૃષ્ણે રૂક્મિણીની મૂર્તિ જોડાડી અને તેને પટરાણી કરવાનું વચન આપ્યું. આ તેથી સૌ વિસ્મય પામ્યા. છેવટે દ્વારકામાં જ વધેલોની રુક્મિને મેળવી રૂક્મિણીને પોતાના ભવનથી વાયવ્ય દિશાના મહેલમાં રાખી. એ માગમાં સત્યભામાએ નવવધુને જોવા માગણી કરી. એટલે કૃષ્ણે "લક્ષ્મીના ઉધાનમાં મૂકી આવ્યો છું." એમ કહ્યું. એટલે પરિવાર સહિત સત્યભામા ત્યાં ગયા. અને લક્ષ્મીને બદલે જોઇ રૂક્મિણીને લક્ષ્મી સમજીને તેને પ્રણામ કર્યા, જોઇ સર્વસ્ત્રીઓ કરતાં વધારે સૌભાગ્ય આપ્યું. રૂક્મિણીએ "તથાસ્તુ" કહ્યું તેવામાં કૃષ્ણે બધો ભેદ ભાંગ્યો. અને સત્યભામાને ખોટું લાગ્યું એમ ચાલ્યા કર્યું પ્રદ્યુમ્ન ચરિત્રમાં વિશેષ હકીકત જોવી.

અનુક્રમે રૂક્મિણીએ વિશેષ પટરાણીઓએ શ્રી નેમીશ્વર પ્રભુ પાસે ધર્મ સાંભળી દીક્ષા લઇ મોક્ષ પ્રાપ્ત કર્યો.

Sila Kamlesh M. H. Shah

100, Nathans Road,
North Wembley,
Middx HA0 3RD (U.K.)
Phone : 8904 3264

જેમના ઉપદેશથી દેશ અને પરદેશમાં જેમના ઉપદેશથી ધર્મની આરાધના
પ્રભાવનાર કરનારા તૈયાર થયા છે તે
પ.પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ ની
કૃપાથી પ.પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ના
ઉપદેશથી જૈન ધર્મના આચાર વિચાર ફેલાવતા
શ્રી જૈન શાસનને
હાર્દિક શુભેચ્છા

બુદ્ધિનિધાન માતા

રાજગૃહીના પ્રસેનજિત્ રાજાના પ્રસિદ્ધ ભંભાસાર અથવા શ્રેણિક નામના પુત્ર માતા પિતાથી રીસાઈ બેનાતટ નગરે ચાલ્યા ગયા હતા. ત્યાંના ધનપતિની સુનંદા નામની પુત્રીને તે પરણ્યા હતા. તેનાથી મહાબુદ્ધિનિધાન અભયકુમારનો જન્મ થયો હતો. શ્રેણિક તેને સગર્ભા મુકીને "રાજગૃહ ગોપાલ, ધવળ ભીંતે ઘર." એટલા અક્ષર ભારોટીએ લખીને ગયા. જન્મ પછી ઉમ્મરમાં આવ્યે, તે અક્ષરો ઉપરથી પુત્રે પોતાના પિતાની ઓળખાણ કરી લીધી. માતાને લઈને રાજગૃહ ગયો. કુવામાં નાંખલી વીંટી તેણે કાંઠે ઉભા ઉભા પહેરી અને રાજાના સર્વ મંત્રીઓનો મુખ્ય મંત્રી થયો. રાજાએ માતા - પુત્રને પટ્ટ હસ્તી ઉપર બેસાડીને સન્માનથી પ્રવેશ કરાવ્યો. આવા બુદ્ધિનિધાન પુત્રની માતા પરમ સતી અને ભાગ્યવતી હતી. તે સુનંદા તેજ આ નંદા.



Nisha Pravin
100 - Nathans Road, North Wembley,
Middx HA0 3RD (U.K.)



પરમ નિસ્પૃહી તપસ્વી પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની
કૃપાથી હાલાર અને હાલારીઓ જાગૃતિને કારણ
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે
હાલારી અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત
શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

શીલનું સુવાસ

વસંતપુરના જિતશત્રુ રાજાના રાજ્યમાં જિનદાસ પ્રધાનની તત્ત્વમાલિની પત્નિની સુભદ્રા નામની પુત્રીને ચંપા નગરીનો બૌદ્ધ ધર્મી બુદ્ધદાસ કપટ શ્રાવક થઈ પરણી સ્વવતન ગયો. સવારમાં ઉઠી સુભદ્રા જિનમંદિરે જઈ દર્શન કરી આવી, કે સાસુએ કહ્યું કે- ''વહુ ! તમારે ત્યાં ન જવું. આપણો ધર્મ બૌદ્ધ છે. માટે બુદ્ધદેવને દહેરે જવું.''

સુભદ્રાને પોતાના પતિના કપટની જાણ થઈ અને ચોરીને દરેક કુટંબીઓનો આણગમો વ્હોરીને પણ તે પોતાના ધાર્મિક આચાર પાળવા લાગી. તેને જુદી રાખી. એક દિવસે માસ ખમણના ઉપવાસી મુનિરાજ પારણા માટે વ્હોરવા આવ્યા. તેની આંખમાં કાંઈક પડેલું, તે કાઢવામાં ન આવે, તો આંખ જાય તેમ લાગવાથી જીભ ફેરવીને સુભદ્રાએ કાગું કાઢી લીધું. પરંતુ જીભથી આંખનું કાગું કાઢત કપાળના ચાંદલાની છાપ મુનિના કપાળમાં ઉઠી આવી. સાસુએ તથા સંબંધીઓએ આ જોયું. બુદ્ધદાસને બોલાવી, તેની સ્ત્રીની રીતભાતથી સાવચેત રહેવા કહ્યું. બુદ્ધદાસે પણ તેના ઉપરથી ભાવ ઉતારી નાંખ્યો.


સુભદ્રાએ કાઉસ્સગ્ગ કરી શાસનદેવીની આરાધના કરી. અને કલંક દૂર ન થાય ત્યાં સુધી કાઉસ્સગ્ગ ન પારવા પ્રતિજ્ઞા કરી. શાસન દેવીએ કહ્યું: 'તું કાઉસ્સગ્ગ પાર તારું કલંક સવારે દૂર થશે. હું કહું તેમ કરવું.'' સુભદ્રાએ કાઉસ્સગ્ગ પાર્યો. ■

Hasu Dhirajlal Shah
100 - Nathans Road, North Wembley,
Middx HA0 3RD (U.K.)


ત્યાગ તપની મૂર્તિ, પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની
કૃપાથી અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની
પ્રેરણાથી જૈનં જયતિ શાસનમ્ ગજવતા
શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

એક જ શીલ સહાય

બાવીશ મા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુને કૃષ્ણ વાસુદેવની રાણીઓએ લગ્ન કરવાને લલચાવ્યા બાદ, તેમણે નિષેધ ન કરવાથી કૃષ્ણે મથુરાના ઉગ્રસેન રાજાની પુત્રી સત્યભામાની બ્હેન રાજીમતી સાથે સગપણ કર્યું. અને શ્રાવણ સુદ છઠ્ઠને દિવસે લગ્ન કરવા જાન મથુરા ગઈ. પરંતુ જાનૈયાઓને જમાડવા માટે માંસની સામગ્રી મેળવવા રસ્તામાં પશુઓને એક વાડામાં પુરેલા હતા. તે જોઈ પ્રભુનું મન કરુણાવાળું થવાથી ત્યાંથી પાછા ફરી આવ્યા. એક વર્ષ રહી વર્ષીદાન આપી દીક્ષા લીધી. આ તરફ રાજીમતીએ પ્રભુને ઘણી વિનવણી કરી. જ્યારે પાછા ન વળ્યા, ત્યારે તેને બદલે બીજા વર સાથે પરણાવવાની સૂચના કરી, ત્યારે રાજીમતીએ કાને હાથ દઈ "એ શિવાય બીજાને વરવાની વાત પણ સાંભળવા હું માગતી નથી. મારા હાથ ઉપર તેનો હાથ મેળાપ (હથેવાળો) ન થયો, તો દીક્ષા પ્રસંગે હું મારા મસ્તક ઉપર તેમનો હાથ મુકાવીશ." એમ કહી પ્રભુના ધ્યાનમાં મગ્ન રહી. પ્રભુને કેવળ જ્ઞાન થયા બાદ પ્રભુ પાસે જઈ દીક્ષા લીધી. અને ચારિત્રની આરાધના શરૂ કરી. એક વખત શ્રી ગિરિનગર પર્વત ઉપર પ્રભુને વાંદવા જતાં રસ્તામાં વરસાદ થવાથી એક ગુફામાં જઈ વસ્ત્રો સુકવવા જતાં તેના દિયર રથનેમિ મુનિનો મેળાપ થયો. ત્યાં વસ્ત્ર રહિત રાજીમતીને જોઈ પોતાની સાથે પરણવાની તેણે માંગણી કરી. રાજીમતીએ તેને બોધ આપ્યો. રાજીમતીને પગે પડી. પ્રભુ પાસે જઈ આલોયણા લઈ ચારિત્રની આરાધના કરી. આ તરફ રાજીમતી પણ ઉપાશ્રયે ગયા. આરાધના કરી કર્મોનો ક્ષય કરી પ્રભુજી પહેલાં જ મોક્ષમાં ગયા.



Nayana Mayur Shah
100 - Nathans Road, North Wembley,
Middx HA0 3RD (U.K.)



સાચોર તીર્થના ઉદ્ધાર માટે ૧૭ વર્ષ ધી વિગયનો ત્યાગ કરનારા
પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ ની પરમ કૃપા
અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના
માર્ગદર્શન મુજબ જૈન સિદ્ધાંતોનો વિશ્વમાં ફેલાવો કરનાર

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

વૈરાગ્યથી વિજય

ભરત ક્ષેત્રના મધ્યદેશમાં રથમર્દન નગરમાં હેમરથ રાજાની સુદર્શના રાણીથી જન્મેલો કનકરથ નામે પુત્ર હતો.

કાવેરી નગરીમાં સુંદરપાણિની વાયુલા પત્નીથી ઉત્પન્ન થયેલી રુક્મિણી નામની પુત્રી હતી. કનકરથ ને રુક્મિણીનો સંબંધ બાંધવામાં આવ્યો હતો. તેને પરાણવા જતાં રસ્તામાં તદ્‌ભવ મોક્ષગામી અરિમર્દન રાજાને જીતી રાજ્ય પાછું આપી તેની દીક્ષા લેવાની ભાવનામાં કારણ ભૂત થયો. આગળ જતાં એક જંગલમાં સરોવર પાસેના શ્રી આદીશ્વર પ્રભુના મંદિરમાં-મિત્રાવતી નગરીના, તાપસ થયેલા હરિષેણ રાજાની, પૂર્વના તાપસ પાસેથી મેળવેલા વિદ્યાપહાર મંત્રથી જીવાડેલી સ્વસ્તિમતી નગરીના પ્રિયદર્શન રાજાની વિદ્યુત્પ્રભા રાણીથી જન્મેલી પ્રીતિમતી પત્નીથી. બન્નેય તાપસ થયા પછી જન્મેલી, ઋષિદત્તા નામની, અદૃશ્ય અંજનથી કોઈકોઈ વાર અદૃશ્ય થઈ રહેતી પુત્રીને તેના પિતાની ઈચ્છાથી પરાણ્યો, તાપસ અગ્નિ પ્રવેશ કરી મૃત્યુ પામ્યો. રાજકુમાર ઋષિદત્તા સાથે પાછો સ્વવતન આવ્યો.

રુક્મિણીએ, કુમારને પાછો ગયેલો સાંભળી તેનું મન ઋષિદત્તા ઉપરથી પોતાની તરફ આકર્ષવા એક ચુલસા નામની યોગિનીને મોકલી. ઋષિદત્તાને "૬ હેરના માણસો મારી નાંખી માંસ ભક્ષણ કરતી" રાક્ષસી ઠરાવી. કનકરથની ઈચ્છા વિરુદ્ધ રાજાએ હુકમ કરી બહાર કઢાવી મુકી. પછી સુંદરપાણિ રાજા મારફત રુક્મિણીને પરાણવા આવવા થયેલી માંગણીને વશ થઈ કનકરથ કુમાર પાછો કાવેરી નગરી તરફ ગયો. રસ્તામાં જ્યાં પ્રથમ ઋષિદત્તાનો સમાગમ થયો હતો, ત્યાં આવી ઋષિદત્તાને સંભારી કુમાર બહુ શોકાતુર થયો.

SUSHILABEN
SHANTILAL
SHAH

106 - Carlton AVE West,
North Wembley,
Middx HA0 3QX, (U.K.)

નિસ્પૃહી શિરોમણિ **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજાની**

પરમ કૃપા તથા **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની

પ્રેરણાથી જગતમાં જૈન ધર્મની મહત્તા સ્થાપનાર

જૈન શાસન વિશેષાંક પ્રસંગે શુભેચ્છા

અપ્કાયને ઓળખો

પાણીમાં જીવ છે તે જુદાં, પાણી પોતે જ જીવરૂપ છે. કાચા પાણીનાં પ્રત્યેક ટીપામાં અસંખ્ય અપ્કાય એકેન્દ્રિય જીવો રહેલાં છે. પાણીનો બેફામ વપરાશ તો ન જ કરાય. પાણીનો નિરર્થક ઉપયોગ ન જ કરાય.

પાણીનાં એક બિંદુમાં અસંખ્ય જીવો હોય છે. તે બધા અત્યંત સૂક્ષ્મ શરીરવાળા હોવાથી એક બિંદુમાં સમાઇ જાય છે. પરંતુ, તે બધા જો કબૂતર જેવડું શરીર ધારણ કરે તો એક બિંદુમાં રહેલા પાણીના જીવો આખા જંબૂદ્વીપમાં પણ ન સમાય.

અળગણ પાણીનાં બિંદુમાં ઘણા ત્રસ જીવો પણ હોય છે. પાણી ઢોળાયેલું રહેવાથી ગંદકી થાય અને મચ્છર વગેરે અનેક જીવો પેદા થાય. પાણી એક જગ્યાએ વધારે પડ્યું રહે તો તેમાં લીલ સેવાળ બાઝી જાય. એંઠું પાણી બે ઘડીથી વધારે રહે તો સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય. જમીન ઉપર પાણી ઢોળાવાથી કોઇ લપસી જાય કે પડી પણ જાય. પાણી ખુલ્લું રાખવાથી ઉડતા જીવજંતુ તેમાં પડીને ડૂબી જાય.

સમુદ્રકિનારે ફરવા જનારા કિનારાના ઉછળતા મોજામાં શોખથી ઉભો રહે તો આખા સમુદ્રના પાણીના ઉપભોગની અનુમોદના લાગે.

Motiben Ramniklal &
Nutan Rajesh & Family

20, Rosslyn Crescent North, Wembely,

Middx HA9, 7 NZ (U.K.)

સિદ્ધાંત નિષ્ઠ પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના
આશીર્વાદથી તથા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના
શુભ પ્રયત્નથી વિશ્વમાં
જૈન ધર્મની શ્રદ્ધા ફેલાવતા

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

પાણીના ત્રસ જીવોને ઓળખો

પાણી સ્વયં અપ્કાય જીવોનું શરીર છે.

આ અપ્કાય જીવો એકેન્દ્રિય છે. તે ઉપરાંત અળગણ પાણીમાં હાલતા-ચાલતા સૂક્ષ્મ ત્રસ જીવો પણ પુષ્કળ હોય છે. પોરા વગેરે બેઇન્દ્રિયાદિ જીવો પાણીમાં હોય છે. અળગણ પાણીના ઉપયોગથી કે બેદરકારીથી પાણીનો ઉપયોગ કરવા થી આ બધા ત્રસ જીવોની હિંસા થાય છે. હાલતા-ચાલતા ત્રસ જીવો આપણાં જડબાં વચ્ચે ચવાઇ જવાથી અધ્યવસાય કેટલા ક્રૂર બને ? અપ્કાય જીવોની વિરાધના તો કરો જ છો પણ ત્રસકાય જીવોની હિંસાનું

પાપ શા માટે

બાંધવું ?

Bindu Dipak Fulchandbhai

28, Frodi Sher Road, Hornsey,

London N 8, OQX (U.K.)

સિદ્ધાંત રક્ષકપૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના
શુભ આશીર્વાદથી અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ ની પ્રેરણાથી
જૈન ધર્મના તત્ત્વને સમજાવનાર
જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

મહાસતીનો મહિમા

શ્રીપુરના શ્રીધર રાજાની શ્રીદેવી રાણીને પોતાના પતિ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરતાં કમળકેતુ વિદ્યાધર ઉપાડી ગયો. વિદ્યાધરે પોતાની સ્ત્રી થવા તેને ઘણી વિનવી, પરંતુ શ્રીદેવીએ પ્રતિબોધ પમાડી, તેને શાંત કર્યો. એટલે તે ઉપકાર માની શ્રીપુર મૂકી ગયો. વળી બીજો દેવ એવી રીતે ઉપાડી ગયો, ત્યાં પણ શ્રીદેવીએ પોતાનું શિયળ ત્રિકરણ શુદ્ધ પાળ્યું. દેવ પ્રસન્ન થઈ ''મહાસતી'' તરીકે જાહેર કરી સ્વસ્થાનકે મૂકી ગયો. ત્યાંથી મૃત્યુ પામી રાણી પાંચમે દેવલોકે ઉત્પન્ન થઈ. ત્યાંથી ચ્યવી વીરપુર નગરમાં ભદ્રેશ્વર શેઠનો મદન નામે પુત્ર થઈ ધર્મ સાંભળી દીક્ષા લઈ યોગ્ય રીતે પાળી કર્મક્ષીણ થવાથી મોક્ષ પામ્યો.

NIRA HITEN FULCHAND
હ. કલ્પા તથા દીપેન
28, Frobi Sher Road,
Hornsey, London,
N-8, OQX (U.K.)

આગમ તત્વના ઊંડા અભ્યાસી

પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના

પરમશુભ આશીર્વાદથી

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની

નિષ્ઠાથી જૈન ધર્મના સંસ્કાર પોષક

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ઉત્તમ સુગુરુના સંગ રહિત તામલિ તાપસ જીવાદિ તત્વે રહિત ઓવ મહાતપથી પણ મુક્તિ પામ્યો નહીં. દૃષ્ટાંત કહે છે કે ખોટા ઔષધી પ્રયોગથી કોને સુવર્ણ સિદ્ધિ પ્રાપ્ત થાય ? અને જીર્ણ વહાણથી કોણ સમુદ્ર તરી શકે.

(ઔપચ્છંદસિકવૃત્તમ્)

ગિરિપુષ્પશુક્લવિવામલોંગી,
ગુણનાશોત્પત્તિતાત્ જડજ્ઞસંગાતૂ।।
જલદાંબુ વિષં સુધા ચ ન સ્યાત્,
કનકઘ્નો ચ ફિમિક્ષુકાનને ચ ॥૧૨॥

નિર્મલ પ્રાણી ગિરિશુક અને પુષ્પશુક નામના બે પોપટની પેઠે મુર્ખ અને જ્ઞાનીની સંગતિથી અનુક્રમે નિર્ગુણી અને સદ્‌ગુણી થાય છે. દૃષ્ટાંત કહે છે કે, મેઘનું જલ ધંતુરાના વૃક્ષને વિષે વિષ અને શેરડીના વનને વિષે અમૃત શું થતું નથી ? અર્થાત્ થાય છે॥ ૧૨ ॥

Kirtikumar Fulchand Lalji

28, Frobi Sher Road,

Hornsey, London, N-8,

OQX (U. K.)



જૈન જગતને સત્ય સંદેશ દેનાર
પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજજીની
કૃપા તથા અમારા કુલદીપક
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન ધર્મનો વિશ્વમાં પ્રચાર કરનાર
જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

અડગ શીયલ

પરમાત્મા મહાવીર દેવના મોટા ભાઈ નંદિવર્ધન રાજાની ચેટક રાજાની પુત્રી જ્યેષ્ઠા પત્નીએ પ્રભુ પાસે બારવ્રત લીધા હતા. તેના અડગ શિયળની શક્રેન્દ્રે સ્તુતિ કરવાથી એક દેવે તેની ઘાણી રીતે કદર્થના કરી પરીક્ષા કરી. પરંતુ જ્યારે તે અગ્નિશુદ્ધ પાર ઉતરી ત્યારે દેવ પ્રસન્ન થઈ ''મહાસતી'' જાહેર કરી રાજાને ત્યાં મૂકી ગયો. જ્યેષ્ઠાએ પ્રભુ પાસે દીક્ષા લઈ કર્મ ખપાવી મોક્ષ પ્રાપ્ત કર્યો.

સંયમની સિદ્ધિ

ચેટક રાજાની આ પુત્રીને પરણવા આવેલ શ્રેણિક રાજા તેની બ્હેન ચેલ્લણાને લઈને ગયો અને પરણ્યો. તે વાત સુલસા સતીની કથામાં આવી છે. આથી સુજ્યેષ્ઠાએ વૈરાગ્યથી શ્રી ચંદનબાળા પ્રવર્તિની પાસે દીક્ષા લીધી. સુજ્યેષ્ઠા સાધ્વી અગાશીમાં આતાપના લઈ તપશ્ચર્યા કરતા હતા. તેવામાં વિદ્યાસિદ્ધ પેઢાળ નામના વિદ્યાધરે તેને જોઈ મોહ પામી ભમરાનું રૂપ કરી યોનિ પ્રવેશ કરી પોતાનું શુક્ર તેમાં તેના અજાણતાં જ મૂકવાથી ગર્ભ રહ્યો. લોકોમાં ''હા હા'' કાર વર્તાઈ ગયો. પરંતુ જ્ઞાની મહાત્માએ બધી હકીકત કહેવાથી સુજ્યેષ્ઠા ઉપરની શંકા દૂર થઈ. તેના પુત્રનું નામ સત્યકિ પાડ્યું. તેણે કાળસંદીપન નામના વિદ્યાધરને માર્યો હતો. તેમજ પૂર્વભવથી સિદ્ધ થવી અધુરી રહેલી રોહિણીવિદ્યાની આ ભવમાં સિદ્ધિ કરી હતી.


Monghiben Raishi Bharmal Gudhka
301, A North Borough Road,
Norbury SW 16 4TR (U.K.)
હ. ગીતા રાજુ

ત્યાગમૂર્તિ **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ની
પરમ કૃપાથી **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની
સચોટ માર્ગદર્શનથી જૈન જગતમાં સત્યની સ્પષ્ટતા કરતા

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

વૈરાગ્ય મેવ અભય

ચેટક રાજાની આ પુત્રી કૌશામ્બીના શતાનિક રાજાની પત્ની હતી. અને ઉજ્જયિનીના ચંડપ્રદ્યોતની વાસવદત્તાને પરણાનાર પ્રસિદ્ધિ ઉદયનની માતા હતી. એક અંગ ઉપરથી સર્વાંગ સુંદર ચિત્ર ચિતરી શકવાની શક્તિનું યક્ષ પાસેથી વરદાન પામેલા પરદેશી ચિતારાએ રાજાની ચિત્ર શાળામાં, રાણીનો અંગુઠો બારીમાંથી જોયેલો તે ઉપરથી સર્વાંગ રાણીને ચિત્રી કાઢતાં, તેના સાથળ ઉપર તલ ચિતરવાથી રાજાને તે ચિતારા અને રાણી ઉપર શંકા ગઈ અને ક્રોધ ઉત્પન્ન થયો. તેને મારી નાંખવાની તૈયારી કરી, બીજા ચિતારાઓના કહેવાથી યક્ષનું વરદાન પાકું હતાં કુબ્જા દાસીનું મ્હોં બતાવી આખું ચિત્ર ચિતરી આપ્યું, તે જોવા છતાં, તેના ઉપરથી રાજાનો ક્રોધ ન ગયો. ચિતારાએ મનમાં ક્રોધ રાજાને હેરાન કરવા મૃગાવતીનું ચિત્ર ચંડપ્રદ્યોતને બતાવ્યું. ચંડપ્રદ્યોતે રાણીની માંગણી કરી. શતાનિકે નકારી. પ્રદ્યોત લશ્કર લઈ કૌશામ્બી ઉપર ચડી આવ્યો. મોટું લશ્કર જોઈ શતાનિક અપસ્મારના રોગથી મરી ગયો. રાણીએ કહેવરાવ્યું કે- "હાલમાં પાછા જાઓ. રાજકુમાર બાળક છે, તે મોટો થયે, તમારી ઈચ્છા પાર પાડીશ.



Kusum Pravinkant

& Vinit P. Shah

33, The Ridge Way,
Kenton Middx,
HA3, OLN (U.K.)



જૈન શાસ્ત્રોના સિદ્ધાંતોના અભ્યાસ

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના

આશીર્વાદ અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ની

શુભ ઉપદેશથી જૈન ધર્મના જ્ઞાનને ફેલાવનાર

જૈનશાસનને હાર્દિક શુભેચ્છા

એક શીલ પ્રાણ

Ketan & Nandita

JAYABEN CHANDRAKANT P. SHAH

31, Bosworth Road, New South Gate.

London, N-11, 2SY (U.K.)

...રિદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની
પરમ કૃપા તથા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ...
શુભ ઉપદેશથી જૈન જ્યોતિ શાસનની ધ્વનિ ફેલાવનાર
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

દીક્ષા માટે તપ

... ની અતિ સુંદરી - પ્રથમજિનેશ્વર પ્રભુની આ બન્નેય પુત્રીઓ હતી. બાલ્યાવસ્થામાં પ્રભુએ અક્ષર લીપી શીખવી ... લિપિ બ્રાહ્મિ તથા ગણિત શીખવ્યું હતું. પ્રભુને કેવળજ્ઞાન થયા પછી અનુક્રમે ભરતના પાંચસો પુત્રોએ અને પૌત્રોએ દીક્ષા લી ... ત પણ બાલ્યાવસ્થામાં પણ દીક્ષા લીધી, પરંતુ ભરતના આગ્રહથી સુંદરીએ દીક્ષા ન લીધી. છતાં શરીર ... સુધી આયંબિલ તપ કરી ઘણાં કર્મો ખપાવી નાંખ્યા. તેવામાં પ્રભુ તે તરફ પધાર્યા. ભરત સુંદરીની ઇચ્છા ... દીક્ષા લેવાની સમ્મતિ આપી. બે બન્નેય બેનો બાહુબળીજીને પ્રતિબોધ આપવા ગયા હતા. અનુક્રમે ... પામી બન્નેય બહેનો અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષમાં ગયા.

... માણી આ ડુકિમાણી ક્ષત્રાણના પટ્ટરાણી ન હોવા જોઈએ. કેમ કે તેમનું નામ આગળ ૧૭ મી ગાથામાં આવે ... નથી - ચકિમાણી કોઈ બીજા હોવા જોઈએ. પરંતુ ભરતેશ્વર બાહુબળી વૃત્તિમાં તે વિષે કંઈ ... હોવાથી અમે ... નથી.

Dr Ajit Hinji Muraj
ડૉ. મુકુલ
115 Elmsleigh, Avenue,
Kenton, HA3 8HY, (U.K.)

પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ
શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની
કૃપાથી અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ની
પ્રેરણાથી જૈન જગતને તાત્ત્વિક જ્ઞાન આપનાર
જૈન શાસનને વિશેષાંક પ્રસંગે શુભેચ્છા

પ્રભુની સુપાય ભક્તિ

રેવતી- પ્રભુ મહાવીર પ્રભુ ઉપર શ્રાવસ્તીમાં ગોશાળાએ મૂકેલી. તેજોલેશ્યા ને લીધે, પ્રભુ લોહીના અતિસારથી છ માસ સુધી પીડાયા બાદ મુનિઓની વિજ્ઞાપ્તિથી અને એકવૈદ્યની સૂચનાથી સિંહ મુનિએ રેવતી શ્રાવિકાને ત્યાંથી નિર્દોષ કોળાપાક લાવી પ્રભુને વપરાવ્યો, અને રોગ શાંત થયો. રેવતીનું એ ઔષધ પ્રભુના ઉપયોગમાં આવવાનું હોવાથી તેણે એટલા બધા ભાવપૂર્વક વ્હોરાવ્યું કે તેણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું, તેથી આવતી ચોવીશમાં સત્તરમા સમાધિ નામના તીર્થંકર થઇ મોક્ષમાં જશે.

Manilal Khimji Gudhka
44 - Manor Road, Harrow,
Kenton Midd'x
(U.K.)

પરમ પૂજ્ય નિસ્પૃહી શિરોમણી
આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની
કૃપા અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની
પ્રેરણાથી જૈન ધર્મની શ્રદ્ધાને જગાવનાર
જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ભાગ્યશાળી માતા

કુંતી – આ શૌરીપુરના અંધકવૃષ્ણિ રાજાના દશ દશાર્હ પુત્રોની બહેન હતી. તેને પાંડવોના પિતા પાંડુરાજા પરણ્યા હતા. અનિલગતિ વિદ્યાધરને મદદ કરવાથી તેની પાસેથી મેળવેલી મુદ્રિકા અને કામુક ઔષધિ વડે, પાંડુરાજાના ચિત્રથી મોહ પામેલી પાંડુરાજા ન મળવાથી ગળે ફાંસો ખાતી કુંતીને બચાવી, સખીઓના આગ્રહથી ગાંધર્વ વિવાહથી રાજા પરણ્યા, ને ગર્ભ રહ્યો. પુત્રનો જન્મ થયો, તેને છુપી રીતે પેટીમાં મૂકીને ગંગામાં વહેવડાવ્યો. તે પેટી હસ્તિનાગપુરે ગઈ. ત્યાં સુત નામના સારથિએ લઈ ઘેર જઈ, કાન પાસે હાથ રાખીને સુતેલા બાળકને બહાર કાઢી તેની પત્નીને આપ્યું, અને તેનું નામ કર્ણ પાડ્યું પાછી અંધકવૃષ્ણિએ પુત્રીની હકીકત જાણીને પાંડુ સાથે પરણાવી અને મદ્રક રાજાએ માદ્રી પુત્રી પણ તેની સાથે પરણાવી સુબલ રાજાએ ગાંધારી વિગેરે આઠ કન્યાઓ ધૃતરાષ્ટ્રને પરણાવી. કુંતીને – યુધિષ્ઠિર ભીમ અને અર્જુન એ ત્રણ પુત્રો થયા. માદ્રીને નકુલ અને સહદેવ એ બે પુત્રો થયા. ગાંધારીને દુર્યોધન વિગેરે સો પુત્રો થયા. કુંતીએ યુધિષ્ઠિર પાસે નાશિકપાસે ચંદ્રપ્રભા સ્વામીનું ચંદ્રરત્નમય દહેરાસર કરાવ્યું.



Amratben Lakhamshi Vasaria

56, Chaplin Road, Wembley Midd'x,

HAO 4 UL (U.K.)



હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની
પરમ કૃપા અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના
ઉપદેશથી જૈન તત્ત્વ દ્વારા આત્મોદ્ધારનો પ્રચાર કરનાર
જૈનં શાસનને હાર્દિક શુભેચ્છા

ચારિત્રની સુવાસ

ભરતેશ્વર - શ્રી **ઋષભદેવ** પ્રભુના સો પુત્રોમાંના મોટા પુત્ર આ અવસર્પિણી ના પહેલા ચક્રવર્તિ રાજા તરીકે પ્રસિદ્ધ થયા છે. તેમણે પૂર્વભવમાં ચારિત્ર ધર્મની આરાધના કરી હતી. જેને લીધે તેઓ આ ભવમાં ચક્રવર્તી થયા. આ ભવમાં **અષ્ટાપદગિરિ** ઉપર ચોવીશે તીર્થંકર ભગવંતોની આબેહુબ પ્રતિમાઓ સ્થાપીને જિનમંદિર બંધાવ્યું. તથા શ્રાવક ધર્મ સમજાવનાર ૪ વેદો તેમણે બનાવ્યા હતા, સાધર્મિકોની ભક્તિ ઉપરાંત પ્રભુના ઉપદેશથી શાસનની ખૂબ ખૂબ પ્રભાવનાઓ કરી. છેવટે આરીસાભવનમાં શરીરની શોભા જોતાં આંગળીમાંથી વીંટી પડી ગઈ, તેથી શોભા રહીત લાગવાથી ''આખું શરીર કેવું લાગે છે ?''

તે જોવા બીજા દાગીના ઉતારતા ગયા તે ઉપરથી વૈરાગ્ય થતાં તેમને ત્યાંજ કેવળજ્ઞાન થયું. છેવટે દેવોએ આપેલો શ્રમણલિંગનો વેષ ધારણ કરીને લાખ પૂર્વ સુધી વિચરી ૧૦ હજાર રાજાઓને દીક્ષા આપી, અણશણ કરીને મોક્ષે ગયા.

Ratanben Ramji Shah

90 Kinshill Drive,
Kenton Harrow, HA3, 8LB (U.K.)

પરમ પૂજ્ય હાલારી જૈન જનતાના પ્રાણ

પ.પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.ની પરમ કૃપા અને

પ.પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી જૈન

સિદ્ધાંતો સમજાવનાર

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

સુપાત્ર દાન

[illegible] કુમાર - [illegible] પુત્રમાં બાકુલદીના પુત્ર સોમયશના પુત્ર શ્રેયાંસકુમારને જોયુ [illegible] કે - "જેણે જે કુળે સ્વપ્નથી ઘોષ ઉચ્ચાર કર્યો." સોમયશ પણ ત્યાં હતો પણ સ્વપ્ન જોયુ [illegible] કે "મેરુ ગીરિ પરથી સુવર્ણે શ્રેયાંસકુમારથી પ્રકાશ જગ મળ્યો." તે બાળકો પોતે પોતાના [illegible] કે "જેણે મંડપ માંથી ઉત્પન્ન થયો, તે શ્રેયાંસકુમાર ઘેર પધારે ત્યારે [illegible] પછી તે [illegible] બીજે તે સર્વેએ એમ વિચાર્યું કે "શ્રેયાંસકુમાર આજે કંઈક લાભ કરે." તેવામાં [illegible] પધારતા શ્રેયાંસકુમારે દેવ સમાન ચરણ પધાર્યા. ઉભા થઈ [illegible] ભાવથી ઉભા થઈ સામૈયું કરવા ગયા. પણ કંઈ તે નહીં. શ્રેયાંસકુમાર પૂજ્ય પાસે જોઈ [illegible] વિચાર કર્યો. જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેણે પૂર્વભવ જોયો. સંયમની આવશ્યકતા જોઈ [illegible] તેણે ઘણું સાચવ્યું. ઘીએ ભરી પ્રભુને વંદના કરી. તેવામાં ઉભા થઈ શ્રેયાંસકુમારને [illegible] ઘડા ભેટમાં આપ્યા. તે હોવાથી પ્રભુને પારણું કરાવ્યું. દેવતાઓએ પાંચ બોલ [illegible] ની વૃષ્ટિ કરી. શ્રેયાંસકુમાર મોક્ષ ભોગ્ય સામગ્રી પ્રાપ્ત કરી, અંતે મોક્ષમાં ગયા.

Motiben Meghji Shah

C. SUSHILA ANIL

2 - A, MORTEN WAY, SOUTH GATE,

LONDON, N-14, 7HS

પરમ પૂજ્ય શ્રેષ્ઠ કવીશ્વર
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની પરમ કૃપા
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ની પ્રેરણાર્થ
ધર્મના રહસ્યો સમજાવનાર
શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

કીડીને ઓળખો

કીડીને કોણ ન ઓળખે ? તે નાની પણ હોય, મોટી પણ હોય. તે કાળા રંગની પણ હોય, લાલ રંગની પણ હોય. તે છૂટી-છવાઈ પણ હોય અને જથ્થાબંધ પણ હોય.

કીડી તેઇન્દ્રિય ત્રસ જીવ છે. તેની કાયા ઘણી કોમળ હોય છે. સહેજ દબાણમાં આવતા તે મરી જાય છે. તેની ઘ્રાણેન્દ્રિય ખૂબ તેજ હોય છે. મીઠા અને ચીકણા પદાર્થોથી તે ખૂબ આકર્ષાય છે. ખાદ્યપદાર્થો વેરાય કે ઢોળાય ત્યાં અચાનક જથ્થાબંધ કીડીઓ ભેગી થઇ જાય છે.

કીડીનું શરીર ઘણું નાનું હોય છે. ધ્યાનથી જોવાથી ચાલતી વખતે રસ્તા પર કીડી દેખી શકાય છે.

લાલ કીડી વધારે બહાદુર હોય છે. તેનો ડંખ પણ તીવ્ર હોય છે. તે ઘણીવાર ચામડી પર ચોંટી જાય છે અને ઘણા પ્રયત્ન છતાં ઉખડતી નથી. ત્યારે તેને બચાવવા ખૂબ ધીરજ અને સાવધાની રાખવી પડે છે. કદાચ ન ઉખડે તો તે સમયે પાણીનું એક ટીપું નાંખવાથી તરત છૂટી પડી જશે.

INDIRABEN SHANTILAL SHETH
11 - GRORGE V. AVENUE,
PINNER, HA5, 5SX, (U.K.)

પરમ ઉપકારી ગુરુદેવ **પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી** મ. ની
કૃપાથી ધર્મદાતા **પૂ. ગુરુદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી** મ. ની
પ્રેરણાથી જૈન ધર્મની જ્યોતને જ્વલંત બનાવનાર

શ્રી જૈન શાસનને
હાર્દિક શુભેચ્છા


સંમૂર્છિમને ઓળખો :

માણસના મળ, મૂત્ર, થૂંક, પરસેવો, લોહી, માંસ, પરુ વગેરે તમામ અશુચિ પદાર્થો શરીરથી છૂટા પડ્યા બાદ બે ઘડી (૪૮ મિનિટ) માં સૂકાય નહિ તો તેમાં અદશ્ય કાયાવાળા સુક્ષ્મ શરીરવાળા પંચેન્દ્રિય સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થઈ જાય છે. આ જીવો અસંખ્ય એક સાથે ઉત્પન્ન થાય છે. આ જીવોનું આયુષ્ય બે ઘડીનું પણ પૂરું હોતું નથી.

એક વાર ઉત્પત્તિ ચાલુ થયા પછી જ્યાં સુધી ન સુકાય ત્યાં સુધી લાંબો સમય સુધી ઉત્પત્તિ-વિનાશ ચાલ્યા કરે છે.

શરીરમાંથી બહાર ફેંકાયેલી અશુચિ જો બે ઘડીની અંદર સૂકાઈ જાય તો સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થતા નથી. એંઠા વાસણાં, એંઠા દાણામાં, એંઠા પાણીમાં અને એંઠવાડમાં પણ આ સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે.

Chandulal Mulchand Shah
& Hemlata Chandulal
60, Northway, Kingsbury
NW9 OQY (U.K.)



પુણ્ય સ્મરણ

Jayaben Amrutlal Dodhiya

પુત્રીઓ : નીતા, સરોજ, મીતા, પ્રીતિ,
રંજના દરેક વતી.

45, I ...rdsi W...
Kenton.
HA3 0JA (U...

ધર્મના રહસ્યોના પ્રેરક **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ની કૃપા
અને **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની પ્રેરણાથી ધર્મની
સાચી શ્રદ્ધા સમજાવતા

જૈન શાસનને

હાર્દિક શુભેચ્છા

સતીના પ્રભાવ : શિવા - વિશાળાનગરીના ચેટક રાજાની પુત્રી શિવાનું લગ્ન ઉજ્જયિનીના ચંડપ્રદ્યો સાથે થયું હતું. દેવે આપેલા કષ્ટથી તે પોતાનાં સતીત્વથી લેશ માત્ર ચલિત થઇ ના હતી. ઉજ્જયિનીમાં ઘણી વખત આગ લાગતી હતી. તે શાંત કરવા અભયકુમારની સલાહથી શિવાદેવી રાણીના હાથે દરેક ઘેર પાણી છંટાવ્યું, ને અગ્નિ લાગવો બંધ થયો. છેવટે શ્રીવીર પરમાત્મા પાસે દીક્ષા લઇ તપ કરી શિવાદેવીએ મોક્ષ પ્રાપ્ત કર્યો.

પ્રશ્નોના સમાધાન : જયંતી - સહસ્ત્રાનીક રાજાની પુત્રી: શતાનિક રાજાની બ્હેન: મૃગાવતી રાણીની નંદ: અને ઉદયન રાજાની ફઇ: જયંતી શ્રાવિકા ઘણી વિદુષી અને પ્રભુ મહાવીરદેવની પરમ શ્રાવિકા હતી. તેણે પ્રભુને ઘણા પ્રશ્નો પૂછીને ખુલાસા મેળવ્યા છે. અને છેવટે દીક્ષા લઇ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. આ પ્રશ્નો શ્રી ભગવતી સૂત્રમાં વિસ્તારથી આવે છે.

Amrutlal Raishi Mepa

Flat No. 18, Templey Court,

17st Jahnus Road,

Harrow, HA1, 2HZ. (U.K.)

પરમ ઉપકારી હાલારદેશોદ્ધારક
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની
કૃપા અને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની
પ્રેરણાથી જૈન ધર્મના તત્વોનુ જગતમાં પાન કરાવતા.
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા.

ભાવે કેવળ જ્ઞાન

શાલ-મહાશાલ મુનિ-પૃષ્ઠ ચંપા નગરીમાં શાલ નામે રાજા રાજ્ય કરતા હતા. તેના નાનાભાઇ **મહાશાલ** યુવરાજ હતા. **કાંપિલ્યપુરના પીઠ** રાજા વેરે પોતા ની **યશોમતી** બ્હેનને પરણાવેલ હતી. તેને **ગાંગિલ** નામે પુત્ર હતો.

પ્રભુમહાવીર દેવની ધર્મ દેશનાથી બન્ને ભાઇઓએ બોધ પામી દીક્ષા લ ઇ અને **ગાંગિલને** રાજ્ય આપ્યું. એક વખત તેને પ્રતિબોધવા શ્રી ગૌતમ સ્વામી રા જગૃહી તેઓ **પૃષ્ઠ ચંપાએ** આવ્યા. પ્રતિબોધ આપવાથી **ગાંગિલ-પીઠ** તથા યશોમતી બોધ પામ્યા, અને દીક્ષા લીધી. રસ્તામાં ભાવના ભાવતાં તેઓને કેવળજ્ઞાન થયું. **પ્રભુવીર** પરમાત્માની પાસે આવી પ્રદક્ષિણા દઇ કેવળીની પર્ષદામાં બેસવા જતાં શ્રી **ગૌતમ સ્વામીએ** તેમને રોક્યા, પ્રભુએ તેમ કરતાં કેવળીની આશાતના જણાવી શ્રી **ગૌતમસ્વામી** સ્થિર થઇ ગયા, પ્રભુએ કહ્યું- "તમને પણ કેવળજ્ઞાન થશે. હ વે **અષ્ટાપદ તીર્થની** યાત્રા કરો," ગૌતમસ્વામીએ તેમ કર્યું. ને ત્યાં પન્નરસો જે ટલા તાપસોને પ્રતિબોધ આપ્યો. તેઓ પણ કેવળજ્ઞાન પામી કેવળીની પર્ષદામાં ગયા. અનુક્રમે **શાલ-મહાશાલ** વિગેરે આયુષ્ય પૂર્ણ થયે મોક્ષ પામ્યા.

Bindu Alkesh Shah
C/o. Birju, Savan
P.O. Box No. 49401, NAIROBI,
KENYA.

હા! ઘીની ધારા વહાવીશ

—પૂ. મુનિરાજ હિતવર્ધન વિજયજી મહારાજ

પેથડશા જમવા બેસે ત્યારે જ રાજાનો સેવક એમને ત્યાં ઘી લેવા આવતો. માંડવગઢનો રાજા એટલો તો કૃપણ હતો કે તે મહિના - બે મહિનાનું ઘી એક સાથે વસાવી લેવામાંય સંકોચ અનુભવતો.

પેથડશા માંડવગઢના મહામાત્ય હતાં.

જિનશાસનના આ જબ્બરદસ્ત કોટીના પ્રભાવક મંત્રીને ઘીનો વ્યાપાર હતો. એમની દિવ્યકુંભીનું ઘી ચોફેર વખણાતું. નગરનો રાજા પેથડશાના ઘીનો જ આગ્રહી. રાજા જ્યારે મધ્યાહ્ને જમવા બેસે ત્યારે એક સેવકને પેથડશાને ઘેર ઘી લેવા મોકલે. રાજાનો આ રોજિંદો ક્રમ બની ગયો.

સબૂર! રાજાની આ કૃપણતા પેથડપુત્ર ઝાંઝણશાને ન રુચી. ઝાંઝણશા દિલાવર હતો. પોતાના પિતા કરતાંય સવાયા સત્કાર્યો તેણે જીવનમાં કર્યા તાં. એક દિવસ ઝાંઝણશાથી રહેવાયું નહિ. રાજાનો સેવક જ્યારે ઘી લેવા એમની પાસે આવ્યો ત્યારે મશ્કરીની ભાષામાં ઝાંઝણશાએ સેવકને જણાવ્યું. રાજા પાસે શું એક મોટી બરણી સુદ્ધાય નથી કે રોજ બપોરે તને અહિં ઘી લેવા મોકલે છે?

આ તો રાજ્યના ભંડાર માટેય શરમજનક બાબત કહેવાય

ઝાંઝણશાએ કરેલો કટાક્ષ ખૂબ અણીયાળો હતો. રાજાનો સેવક આ રીતનો કટાક્ષ સાંભળીને નખથી શિખ સુધી જલી ઉઠ્યો. રાજા પાસે જઇને તેણે ઝાંઝણશા વિરૂદ્ધ ફરિયાદ કરી.

રાજા પણ ઝાંઝણશા તરફ ઉશ્કેરાઇ ગયા. બીજે દિવસે જ્યારે ઝાંઝણશા રાજસભામાં હાજર થયાં ત્યારે ભરી સભાએ રાજાએ રાજાની મશ્કરી કરવા બદલ ઝાંઝણનો ઉધડો લઇ નાંખ્યો. ઝાંઝણ કાંઇ ગાંજ્યો જાય તેમ નહતો.

એણે પણ રાજાની લૂલીદલીલોનો જવાબ વાળ્યો. મેં ખોટું કહ્યું છે જ શું? રાજન્! રોજ એક નાનકડી બરણી ઘી લેવા સેવક મોકલવો પડે, એ વાત માંડવગઢના ધણી માટે શું શોભાસ્પદ છે ખરી?

રાજાનો ક્રોધ આસમાનને આંબી ગયો. રાજાએ ગર્જના કરતાં કહ્યું! હા, મારે લાજ ખર્ચો હોય. બરણી ઘી માટેય વિચારવું પડે. ઝાંઝણ! ઉધરતાની આવી ડંફાશો મારવી રહેવા દે. શું તું તારી દુકાનથી મારા રાજમહેલ સુધીની નીક બનાવીને એમાં ઘી વહાવી શકીશ?

આપની આજ્ઞાની જ પ્રતીક્ષા કરું છું, રાજન્! ઝાંઝણશાએ ઝણઝણાટી ભર્યો ઉત્તર વાળ્યો.

જા! તો આજે જ નીક બનાવી દઇને ઘીના ડબ્બાઓ ખાલી કરાવ!

રાજાએ આવેશમાં તાડૂકીને કહી દીધું.

જેવી મહારાજાની આજ્ઞા! ઝાંઝણે ઉત્તર વાળ્યો.

ઝાંઝણશા રાજસભામાંથી મારતી ઘોડીએ ઘેર પહોંચ્યાં. સેવકો / મજૂરોને ભેગા કરી તાબડતોબ આદેશો આપ્યાં. ઘડી - બે ઘડીમાંતો હજારો સોનૈયા ખર્ચીને તેણે પોતાની દુકાનથી છેક રાજભવન સુધીની નીક તૈયાર કરાવી દીધી. લોકોમાં ભારે કુતુહલ જાગ્યું. નીકની બેય બાજુ નર-નારીની ભીડ જામી ગઇ અને બહોશ ઝાંઝણશાએ એ નીકમાં તાજા ઘીના ઘડાના ઘડા રેડી બતાવ્યાં. ઘી છેક રાજાના રસોડા સુધધી આ રીતે જ પહોંચાડ્યું.

રાજા અવાક થઇ ગયાં.

પ્રજા આશ્ચર્યચકિત થઇ ગઇ.

આવા બાહોશ હતાં ઝાંઝણશા. દિલના દરિયાવ અને સ્વભાવે સાત્ત્વિક. □

ઈમાનદારી

સૌ. ઉજવલા એમ. શાહ - અકોલા.

આવો સુંદર માનવભવ આપણને મળ્યો. સાથે વર્તમાનનું વાતાવરણ એવું વિષમય છે કે, પહેલેથી જે સંતાનોમાં સારા સંસ્કાર નાખવામાં ન આવે તો પરિણામ શું ન આવે તે પણ કલ્પી શકાય તેમ નથી.

સંતાનોમાં સારા સંસ્કારોનું સીંચન ખૂબ જ જરૂરી છે, તેનો વારસો આપવો તે જરૂરી છે. દુનિયા ભલે પૈસા - દાગીનાના વારસા બાતરવા ટાંટ કરે અને ફના થાય. પણ ધર્માત્મા તો ધર્મના સંસ્કારોને જ પ્રધાન માને. ધર્મ રૂપી ધન એવું અદ્‌ભુત છે જે ક્યારે ચોરાતું નથી, લુંટાતું નથી. અગ્નિથી બળાતું નથી, પાણીથી ભીંજાતું નથી. પડી જતું નથી, ખોવાતું નથી ઉપરથી જેમ જેમ આપીએ તેમ તેમ વધે છે. પણ આજની જમાનાવાદની હવાએ સંસ્કાર - સંયમને સળગાવી દીધા. મારે જે વાત કરવી છે તે છે સંસ્કાર સૌરભની. સંસ્કાર એ ધનવાનોનો માત્ર ઈજારો નથી અને કરોડીઓ ન પામે તેવું નથી.

વાસ્તવમાં શ્રીમંત કે કરોડી જે સંસ્કારિત છે તે સાચો શ્રીમંત છે અને જે અસંસ્કારિત છે તે મોટો કરોડી છે.

મેં વાંચેલો પ્રસંગ હવે જણાવું છું. કલકત્તાની આ વાત છે. એક ગરીબ છોકરો ફળાદિનું વેચાણ કરી પોતાની બિમાર માતા અને નાની બેનનું ભરણપોષણ કરતો. એકદિવસ એવું બન્યું કે તેના એકપણ ફળનું વેચાણ ન થયું. સાંજના સમયે તેણે એક સારા બાપુને આજીજી - કાકલુદી - પ્રાર્થના કરી. તે પણ સજ્જન હતા અને કહે કે, મારે ખપ નથી છતાં કેમ આગ્રહ કરે છે. તે કહે કે- "મારી મા બિમાર છે..દવા લાવવા પૈસા નથી એક પણ ફળ વેચાયું નથી. તેની ચિંતાથી ચાટલી આજીજી કરું છું." તેનો દેખાવ, તેના મોંઢાના ભાવો, હૈયાના શબ્દો સાંભળી તેમને પણ દયા આવી. ડઝન જેટલા ફળોની આખી ટોપલી ખરીદી લીધી. તે છોકરા સાથે પોતે ઉતરેલ ધર્મ [illegible] આવ્યા. અને કહ્યા પ્રમો પૈસા આ [illegible] પાસે પણ છૂટા પૈસા હતા નહિ અને [illegible] તો શું હોય ! તે કહે વાંધો નહિ [illegible] તેને દશ રૂા. ની નોટ આપી. બે [illegible] હતા. તે ગયો તે ગયો પછી પાછો [illegible] મનમાં ભેંતરાયાનો અને બધા ગરીબ [illegible] તુચ્છા હોય છે "દયા બાપુનો ખાય [illegible] ભાવો - વિચારો આવી ગયાં.

આજે આપણે બધા પણ આ [illegible] ગરીબો એટલે બધા ચોર [illegible] શ્રીમંતો એટલે બધા સારા અને [illegible] શાંતચિત્તે દુનિયા નિહાળીશું તો વાસ્ત [illegible] જોવા - જાણવા મળશે

આ વાતને બે દિવસ થઈ ગયા [illegible] સાંજે એક ગરીબ છોકરી તે ધર્મશાળા [illegible] પૂછતી તે સજ્જનની રૂમને શોધી તો [illegible] આવી. અને રૂમની બહાર ઉભી રહે [illegible] લાગી. તેણીને જોતાં શેઠના મનમાં [illegible] અને તિરસ્કારથી પૂછ્યું કે, કોનું [illegible] આવી છે ? મેલા છેલાં ફાટ્યાં તૂટ્યાં વા [illegible] આંખો સૂજી ગયેલી છે, ગભરાયેલી [illegible] છતાં પંણ માંડમાંડ હિંમત ભેગી કરી બોલે કે "બાબુજી ! આપના આ ફળના વધારાના [illegible] લો." તેથી સજ્જન ચમક્યા, કાંઇક [illegible] પૂછે કે તું કોણ છે ? ગભરાતી નહિ, જે હોય તે [illegible].

કાંઇક સ્વસ્થ બની રડતી આંખે કહે કે "બાબુજી ! બે દિવસ પહેલા એક ગ [illegible] પાસેથી આપે ફળની ટોપલી ખરીદેલ [illegible] પૈસા હતા નહિ, આપે દશ રૂા. ની નોટ [illegible] તે છોકરો પૈસા છૂટા લેવા ગયો અને આ [illegible]

ના આરો. તે પી આપ બધાને થશે કે "ગરીબો બધા ચોર હોય છે બધા એવા હોતા નથી. આપ અમારી ખોટી છાપ કાઢીને જવા માટે આ પૈસા પાછા આપવા આવી છું."

ત્યારે સજ્જન શેઠ પૂછે કે- "તું કોણ છે ? હું તને ઓળખતો પણ નથી. તારી ઓળખાણ તો આપ. પેલો છોકરો ક્યાં ?"

પોતાના કઠીન કર્મની કરૂણ આપવીતી રડતી આંખે જણાવતી તે બાંહેધરા કહે કે- "બાબુજી ! જે છોકરો હતો તે હું નાની બેન છું. આપના છૂટા પૈસા લઈ મારો ભાઈ આપને પાછા આપવા આવી રહ્યો. હતો અને રસ્તામાં કોઈ વાહનની ફડફેટે આવ્યો. માથાના ભાગે ઘા પડ્યો, ઘણું લોહી વહી ગયું. કોઈ પરોપકારીએ દવાખાનામાં દાખલ કર્યો. મારી માંદી મા અને મને જણાવ્યું અમે દવાખાનામાં પહોંચ્યા ત્યારે તો માથા વાંસે ઘણું લોહી વહી જવાથી, જેરદાર ઘા હોવાથી તે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો. અમને જોતાં તો આંખમાં કાંઈક ચમક આવી અને કહે કે, મા હું હવે ઘડી - બે ઘડીનો મહેમાન છું. પણ આજે અમુક ધોરણ શાળાની અમુક નંબરની રૂમમાં એક છોકરી સજ્જને મારા ફળોની આખી ટોપલી ખરીદી હતી. તેમની પાસે પૈસા છૂટા હતા નહિ. હું છૂટા પૈસા કરાવી દોડતો દોડતો આપવા જતો હતો અને વાહનની ફડફેટે આવી ગયો અને જેરદાર ચોટ વાગી. તો બાકીના છૂટા પૈસા તેમને આપી આવજે. નહિ તો માનશે કે બધા ગરીબો ચોર - લુચ્ચા હોય છે. માં આપણે ગરીબ ઝરૂર છીએ પણ ચોર - લુચ્ચા - જુઠ્ઠા નથી. માં આવી ગરીબાઈમાં પણ તેં જે સંસ્કારોનું અમી પાન કરાવ્યું છે તેથી ભગવાનને પારખે પણ એક જ પ્રાર્થના કરું છું કે દરેક ભવમાં તું જ મને માં તરીકે મળજે. આટલું બોલતાં બોલતાં તો હાંફી ગયો. અને થોડી જ વારમાં તે મરણને પામ્યો." બધી વિધિ પતાવી આજે રજા લેતી પહેલા હું આપનું આ ઋણ ચૂકવવા આવી છું. જેથી અમારા જેવા નિર્દોષ ગરીબો

મોટે આપ જેવા શ્રીમંત - સજ્જન પુરૂષો ખોટી છાપ લઈને ન જાવ. ભલે મેં ભાઈ ગુમાવ્યો. આંખે અંધારા બની ગયા. પણ મારા ભાઈની છેલ્લી ઈચ્છા પૂરી કરી તેનો આનંદ છે. રડતી બોલી બાંહેધરાની આ આપવીતીએ તે સજ્જનના નેત્રો પણ સજળ બનાવ્યા. એટલું જ નહિ ધર્મશાળાના બેસી રહેલા બધાની આંખમાં આંસુ આવી ગયા. બધાને તેના પ્રત્યે હૈયાની કરૂણા - દયા અને ભલાર ઉભરાયા કે ગરીબાઈમાં પણ કેવી ટેકવાળી, ખુમારી છે. સચ્ચાઈ છે. જેના શબ્દે શબ્દમાં સચ્ચાઈનો રણકો વાગે છે. જે સજ્જનને પણ પોતાના હૈયામાં ગરીબો પ્રત્યે જે દુર્ભાવ પેદા થયેલો તેનું જાણે પ્રાયશ્ચિત્ત ન કરતા હોય તેમ બધાને આને મદદ કરવા રહેલ બાબી આંખ શોડીવારમાં ઘણો ઢાળો થયો અને તેના હાથમાં મુકી. તેના આંસુ લુછી, હેતાળી માંએ પંપાળી કહે - દીકરી ! ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે આ રકમ લેતી જા. તારી આપવીતીએ ઘણાની માનવતા જગાડી. ગરીબો પણ પ્રામાણિક અને ઈમાનદાર હોય છે.

આપણે પણ બાંહેધરાના વિચારની આપણા જીવનને માનવતાના ગુણોથી આનું ઝરણું બનાવીએ તો આ પ્રયત્ન સાર્થક થાય.

રાત્રિભોજન કરનારની પરલોકમાં થતી ગતિ

રાત્રિભોજન કરવાથી માનવો ઘુવડ-કાગડા-બિલાડા-ગીધ-સાપર-ભૂંડ-સાપ-વીંછી અને ઘો (ચંદન ઘો-પાટણા ઘો) વગેરેના અવતાર પામે છે. એ અવતારો મોટા ભાગે એવા હોય છે કે ત્યાં પણ ભોજન સાથે રાત્રિભોજનનું પાપ આવું જ રહે અર્થાત્ નવા નવા પાપો બાંધવાના અને એવા જ ક્રમે જન્મો લેવાના. આ વિષચક્રમાંથી બચવા રાત્રિભોજનનો ત્યાગ ઉત્તમ ઉપાય છે. -યોગશાસ્ત્ર ૩/ ૬૩

રાત્રિભોજનના ત્યાગમાં કેવા ગુણો રહેલા છે તે સર્વજ્ઞભગવંત સિવાય અન્ય કોઈ કહેવા માટે સમર્થ નથી ! -યોગશાસ્ત્ર ૩/ ૬૩

પુણ્યની પ્રભા

- પૂ. સા. શ્રી સુરેન્દ્ર પ્રભાશ્રીજી મહારાજ

આ કથા આપણને શું સમજાવવા માગે છે તેનો સાર એ આવે છે કે પુન્ય આ લોકમાં કામ કરે છે પણ હાલમાં મનુષ્યને પુન્ય ઉપર વિશ્વાસ નથી ઉદ્યમ ઉપર વિશ્વાસ રાખી કામ કરે છે જ્યારે નિરાશ થાય છે ત્યારે પુન્ય યાદ આવે તેવા થોડા અને પુન્યની પરીક્ષા ઉપર દૃષ્ટાંત છે.

કોઈ એક નગરમાં ચાર મિત્રો હતા તેમાં એક રાજાનો પુત્ર, બીજો મંત્રીનો પુત્ર, ત્રીજો નગર શેઠનો અને ચોથો સાર્થવાહનો પુત્ર. તેઓ પરસ્પર સ્નેહવાળા હતા. જેથી એક ક્ષણ પણ એક બીજાનો વિયોગ સહન કરવા અસમર્થ હતા.

એક દિવસ ચારે ભેગા થઈ વિચારે છે કે આપણે આપણા પુન્યની પરીક્ષા કરવી જોઈએ. તેમ વિચારી ચારે મિત્રો ચાલ્યા પ્રભાત સમયે પરદેશ તરફ ચાલતા ચાલતા એક શહેર આવ્યું, તેમાં તેઓ ગયાં. અજાણ્યુ શહેર શહેરના લોકોને પણ ઓળખતા એવા તેઓ કોઈ મંદિરમાં ઉતારો કર્યો. પછી ભોજનની ચિંતા થઈ. આજે ભોજન કેમ થશે ? એમ વિચાર્યું તેટલામાં સાર્થવાહનો પુત્ર બોલ્યો, અરે, આજે મારે બધાને ભોજન આપવું. એમ કહી ત્રણેને ત્યાં મૂકી એકલો સાર્થવાહનો પુત્ર નગરમાં ગયો. ત્યાં વાણિયાની દુકાન હતી ત્યાં જઈ બેઠો. તે ગામમાં કોઈ દેવનો ઓચ્છવ હતો. જેથી વણિક ધૂપ, વસ્ત્ર આદિ વેચવા લાગ્યો. પણ ઘરાકી ઘણી હોવાથી તે પડિકા બાંધવા પહોંચી ન શકવાથી ત્યારે રહેલો એવો સાર્થવાહ પુત્ર મદદ કરવા લાગ્યો. પડીકા વાળતા બપોર થઈ ગયા જેથી ભોજનકાળ થઈ જતા વાણીયાએ તે સાર્થપુત્રને કહ્યું આજે મારા મહેમાન થાવ તો સાર્થપુત્ર કહે છેહું એકલો નથી, મારા બીજા ત્રણ મીત્રો છેતે ગામની બહાર છે. ત્યારે વાણિયાએ કહ્યું તેઓને પણ બોલાવી લાવો. તે બોલાવી લાવ્યો. તેણેતે બધાને બહુમાન સત્કાર પૂર્વક ભોજન આપ્યું. જેથી તેને પાંચ રૂપીયાનો ખર્ચ થયો.

બીજે દિવસે શેઠનો પુત્ર ભોજનની પરીક્ષા કરીને ચાલ્યો પણ તે શેઠનો પુત્ર જેથી લોકપ્રિય અને અગ્રેસર જેવો તે ગણિકા શેરીમાં આવેલા દેવમંદિરમાં પેઠો. ત્યારે મંદિરમાં નાટક થતું હતું. નવયૌવનથી મહોન્મત એવી એક ગણિકાની પુત્રી કોઈ પણ પુરુષને ઇચ્છતી નથી. છતાં નગરશેઠના પુત્રને જોઈ આકર્ષાયેલા ચિત્તવાળી ફરી ફરી પણ જોવા લાગી. તેણીની મા આ વાત જાણીને ખુશ થયેલ ચિત્તવાળી તે શેઠના પુત્રને આમંત્રણ આપીને પોતાના ઘેર લઈ જઈને તેને પોતાની પુત્રી આપે છે. અને ત્યાર બાદ શેઠના પુત્રના કહેવાથી ચારેને જાણ તંબોલ વસ્ત્ર આદિ આપે છે.

ત્રીજે દિવસે બુદ્ધિપ્રધાન મંત્રીપુત્ર રાજાના ઘરે ગયો. જ્યાં ઘણા પ્રકારના વાદ વિવાદો ઘણા વળતર્થ ચાલે છે. તેમાં એક વિવાદ એવો છેકે બે સ્ત્રીઓ એક પુત્રને લઈને આવી છેબને પ્રધાનને કહે છે આ પુત્ર મારો છે અને અમારા સ્વામી પરદેશ ગયા. બાળક નાનો છે ને તેમનું અવશાન ત્યાં થઈ ગયું. તો આ લક્ષ્મીને પુત્ર મારા થાય તેમ બંને કહે છે. ત્યારે કવરી અપરમાતા કહે છે આ પુત્રને મેં જન્મી આપ્યો છે. જેથી પુત્ર લક્ષ્મી મારા જ થાય. બીજી પણ તેમજ કહે છે આ વિવાદને ઘણો ટાઈમ થયે હજી રસ્તો નીકળતો નથી. તો આ વાતનો નિકાલ લેવા આવ્યા છીએ. ત્યારે મંત્રી પણ નીકાલ લાવી શકતા નથી. ત્યારે ત્યાં બેઠેલ મંત્રી પુત્ર કહે છે જો આપ મંત્રીશ્વરની આજ્ઞા હોય તો પતાવી આપું મંત્રીશ્વરે કહ્યું ચાલે. ત્યાર પછી બંને સ્ત્રીને મંત્રી પુત્રે કહ્યું પુત્રને હાજર કરો ત્યારે પુત્રને ત્યાં લાવ્યા હવે મંત્રીપુત્ર કહે છેકે આ બાળકના બે ભાગ કરી બંનેને એક એક ભાગ આપી દઈએ ત્યારે ધીરજ ન રહેતા સાચી મા કહે છે આ વિવાદ પતાવવા માટેબીજો રસ્તો ન હોય તો આ પુત્ર અને લક્ષ્મી બંને તેમને આપી દો. પણ પુત્રને વૃંવિત રાખો.

આમ જેટલામાં બોલે છે તેટલામાં મંત્રિપુત્ર કહે છે કે આ સાચીમા છેકારણ તેને દુઃખ લાગ્યું પુત્રના ભાગ થયા પછી પુત્ર ક્યાં જીવંત રહે ? જીવતો હશે તો ક્યારેક મોઢું જોવા મલશે. એમ સાંભળી વિચાર કરી મંત્રી પુત્રએ સાચી માને પુત્ર સોંપાવ્યું ત્યાર પછી પોતાના મિત્રોને બોલાવ્યા.

ચોથા દિવસે રાજપુત્રનો અવસર આવ્યો. તે વિચારે છે કે રાજ્યલક્ષ્મીનું મારું પુન્ય હોય તો સારું. એમ વિચારી તે નગરમાં ગયો અનેતે જ ક્ષણે નગરનો રાજા અપુત્રીઓ કંઈ પણ નિમિત્ત વિના મરી ગયો. તે રાજપુત્રના પુણ્યના ઉદયથી હવે આ બાજુ રાજ્યને યોગ્ય પુરુષની શોધ થવા લાગી. ત્યારે નિમિત્તિયાએદેખેલ તે રાજપુત્રને રાજ્ય ઉપર બેસાડવામાં આવ્યો. હવે રાજા થયેલા રાજપુત્રે ચારે મિત્રોને બોલાવી ભોજન કરાવ્યું.

વારફરતે આમ ચારે મિત્રોએ એકલે ચારે જણને ચારેને ભોજન કરાવ્યું. આમા કામ શું કરે છે પુન્ય પુન્ય વિના કશું થતું નથી. આપણે ધારીએ કંઈ ને થાય છે કંઈ. એ બધુ શું ? પુન્ય - પાપની લીલા છેમાટે મોક્ષના અભિલાષી વ્રતોએ પાપ કર્મ બંધાય તેવાં આચારોનો ત્યાગ કરવો એ શ્રેષ્ઠ છે અને જીવમાત્રને પોતાના સમાન લેખી પુન્યની સર્વણી ચાલુ કરવી એમાં માનવતા છે.

* માનવતા ખીલવવાનો મૂક સંદેશ *

- સૌ. રેખાબેન સી. શાહ - અકોલા.

આ પાણે બધાએ ચાણક્યનું નામ સાંભળ્યું છે. આ ચાણક્ય જેવી વિરલ વિચક્ષણ વ્યક્તિ થઈ ગયા કે જેની બુદ્ધિની ઉપમા વર્તમાનમાં પાણ આપાણે કોઈની તીવ્રબુદ્ધિ જોઈ આપ એકે આ 'ચાણક્યબુદ્ધિ' વાળો છે. જૈન ધર્મમાં ચાણક્યનું જે સ્વરૂપ, પ્રતિભા - અને આરાધનાનું વાર્ણન છે તે અન્યત્ર ન મળે તે સહજ છે. પાણ આજે જે પ્રસંગ હું જાણાવવા માંગું તે હું ભાણતી હતી ત્યારે અમારે ભાણવામાં જે આવેલો તે જાણાવું છું. જે કાળમાં ચોમેર માનવતા મરી રહી છે, મારી - મરાવી નાખવામાં આવી છે તેવા કાળમાં વિવેકી સુજ્ઞ લોકોને આ વાત ગમશે, બીજાઓને કદાચ વેવલી દોઢ ડાહી પાણ લાગશે. મારા - તમારા - સૌના જીવનમાં આ પ્રસંગનો ચમકારો ફેલાય અને કમમાં કમ માનવતાના મૂલ્યોનું માપદંડ પાણ સમજાય તો મારો આ પ્રયત્ન સફલ માનીશ. જ્યાં શ્રી ચન્દ્રગુપ્ત રાજા અને ચાણક્ય જેવો મહામેધાવી જેનો મહા મંત્રી હોય તે દેશની આબાદી - ઉન્નતિ - પ્રગતિ ચોમેર ફેલાય તેમાં નવાઈ નથી. તે કાળમાં તેની રક્ષાણ વ્યવસ્થા પાણ એવી અદ્‌ભૂત હતી કે અડધી રાતે સોળે શાણગાર સજેલી સૌભાગ્યવતી સ્ત્રી પાણ મજેથી નિર્ભિકપાણે પોતાના ઘરમાં આવા ગમન કરી શકતી હતી. કોઈ મુસાફર ખાદિને કોઈ જરાપાણ કનડગત કરી શકતું ન હતું.

બુદ્ધિના બેતાજ બાદશાહ એવા આ ચાણક્યનું જીવન અત્યંત સાદર્ગ ભરેલું અને સંયમિત હતું. પાટલીપુત્રની જાહોજલાલીની પ્રશંસા દેશ - વિદેશમાં સાંભળી, ભારતવર્ષની મુલાકાતે આવેલા ચીનદેશના એક યાત્રિકને સ્વદેશ પહોંચવાની ઉતાવળ છતાં ય પાટલીપુત્રને જોવાનું મન થયું. તે નગરને ઉદ્દેશીને એક સવારે તે પાટલી પુત્રની પાસે આવ્યો. ગંગાનદીનો કિનારો, પ્રાતઃકાળ, નિરવ વાતાવરણ, પ્રાકૃતિક સૌંદર્ય જોઈ તે આનંદિત થયો.

ભિન્નભિન્ન પક્ષીઓના સુમધુર નાદો સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરતા હતા. ગંગાના ઘાટ પર આવ્યો ત્યારે વયે વૃદ્ધ પાણ દેહે સશકત એવા એક આદમીના દર્શન થયા જે ગંગાનદીમાં સ્નાનાદિ કરી સ્વયં પોતાના કપડા ધોઈ રહ્યા હતો. તેની પાસે જઈ વિનમ્ર સ્વરે પૂછ્યું કે- ''ભદન્ત ! પાટલીપુત્રના મહામાત્ય એવા ચાણકયનો આવાસ કઈ તરફ તે જણાવી શકશો ખરા ?'' ત્યારે તે વૃદ્ધવડિલે તેને પોતાની અલૌકિક નજરથી માપી લીધો અને વિદેશી યાત્રિક છે તે સમજી ગયો અને કહે કે- ''હે ભદ્રે ! જો ઉતાવળ ન હોય તો મારું આ કામ પતાવી, પાણીનો ઘડો ભરી આપને તેમના નિવાસ સ્થળ સુધી લઈ જઈશ.'' વૃદ્ધની મક્કમ અને સ્પષ્ટ વાણી સાંભળી મુસાફર પાણ આનંદિત થયો. તેનું કામ પૂર્ણ થયા પછી કહે કે ચાલો ! મારી પાછળ પાછળ ચાલ્યા આવો. આના મનમાં તો હતું કે મહામંત્રીનો આવાસ એટલે *આગે બીજે રાજમહેલ જોઈ લો. કેવો ભાય આવાસ હશે* જ્યાં ચારે બાજુ સમૃદ્ધિની છોળો ઉછળતી હશે. અને પ્રકારના હાથી - ઘોડા- રક્ષકોની, દાસ-દાસીઓની દોડાદોડથી આવાસની રમણિયતામાં વધારો થતો હશે. આવી કલ્પનાઓમાં રાચી રહેલો તે જૂએ તો લાગે કે આ તો ભાઈ પાટલીપુત્ર નગરની બદલે નગરની બહાર જતી આડી અવળી કેડી ઉપર જઈ રહ્યો છે. તે કેડી તો જંગલ તરફ જતી લાગે છે. તેથી તે મનમાં વહેમાયો. ખરેખર વહેમ અને ગેરસમજ તેની સાથે આગ્રહ અને અધિકાર ભળે પછી શું થાય તેની આપાણને ખબર છે. તેનું દિલ ધડક ધડક ધડકવા લાગ્યું. ચાલમાં પાણ નિરૂત્સાહ જણાયો પાણ પાછો વિશ્વાસ પૂરો કે પાટલીપુત્રના મહામંત્રીની રક્ષાણ વ્યવસ્થા એવી અજોડ છે કે એકલ દોકલને પણ કોઈ લુંટે નહિ, મારે નહિ,

...ની થીમ વસ્તુઓ પડાવી લે નહિ. આડા અવળા માર્ગે ...નગરની બહારના આશ્રમ જેવા પોતાના આવાસમાં ...ન્ન થયો. અને આગંતુક મહેમાનને જોતાં જ તેની ...દી દાઢી - માથાના વાળો ચંદ્રમાના પ્રકાશમાં તેના ...કમલની આભામાં અનેરી તેજસ્વી પ્રભાનો વધારો કરતા ...તાએ કહ્યું કે આપ જાણવાર પ્રતીક્ષા કરો. અંદર જઈ ...ચાદિ બદલી તે વૃદ્ધ બહાર આવી તે યાત્રિકનું સન્માન ...ને કહ્યું કે- ''અતિથિ દેવો ભવઃ. આપનું સ્વાગત છે. ...ધર્મમાત્ય આનંદ પામે છે. પધારો, પધારો.'' શું આ ...સ્વપ્નવત્ છે! ભ્રમ છે? હું શું જોઉં છું. જે વૃદ્ધ ...જીવ નહિ પાળે પુત્ર મહામાત્ય સ્વાગત કરે છે! મારી ...નન્મ માં કુઓ ક્યાં દોડતો અને હું અહીં શું વાસ્તવિકતા ...છું! મહામાત્યના સ્વાગતથી અને આશ્રયી પાણીથી તે ...ઠર એટલો બધો આકર્ષચકિત થયો કે તેની આંખમાંથી ...ના આંસુના બે મોતીબિંદુ ખરી પડ્યા! ભાવવિભોર બની ત ...ના ચરણમાં આળોટવા જેવી પડ્યો!

વાચક મિત્રો! આજના વર્તમાન દેશ-કાળ ...કર્યાઓની પરિસ્થિતિ જોઈએ તો આપણને શું થાય? ...વાત અસ્થાને બુદ્ધિમાં માનવામાં આવે કે કવિઓના ...કાળ જેવી લાગે? ...

ધીરેધીરે ઘર્ષ લઈ અને બુદ્ધ મહારાજ આવ્યા. શ્રી ...ગુપ્ત પોતાના પ્રધાનપુરુષો સાથે આવ્યા. જરૂરી ...દર્શન લઈ જતો હતો ત્યાં જ મહામાત્યે કહ્યું કે આ ...તિથિ પધાર્યા છે, રાજભવનના અતિથિગૃહમાં લઈ જાવ. ...તિથિપણ રાજ્યનો અતિથિ બન્યો. આપણા દેશની ...વિના આદર સત્કારની અવસ્થા હજી પણ વર્તાઈ રહી ...માંથી પણ હમણાં મહારાષ્ટ્રમાં તો અતિથિ પ્રત્યે તેવો જ ...ભાવ ઉભરાય છે.

આજના સમયે જીવ પોતાના સાર પરિવાર સાથે ...ના આશ્રમે આવે છે, અતિથિ બનીને આવે છે. તે ...પ્રસંગ બન્યો તે જ આપણા ...છે. જ્યારે બધા આવે ત્યારે ચાણક્ય રાજ્ય ...કાર્ય અંગે મીણબત્તીના પ્રકાશમાં કરી રહ્યા છે. ...આવતાં ચાણક્યે જોયું મીણબત્તી ...ઓલવી નાખી અને બીજી નાની મીણબત્તી ...બાળવામાં આવી. બીજા બધાને આશ્ચર્ય ન થયું પણ અતિથિને ...આ ચાણક્ય શાથી? એક પછી એક અવનવા આશ્ચર્યો ...આવ્યા છે તો આ પાછું શું? તેનાથી ન રહેવાયું તેના ચિત્તમાં ...સ્વર પૂછ્યું કે - ''મંત્રીશ્વર! આ શું કર્યું? ...થકતો નથી. પ્રકાશ પાડશો તો આનંદ થ ...અનુભવ અમૃતનો ઓડકાર આવશે.''

ત્યારે મરકમરક મંદમંદ હસતા જેવા મહામાત્યે પ્રત્યુત્તર ...કહ્યું કે - ''યાત્રિકજી! જ્યારે તમો સૌ આ ...રાજ્યના અંગત કાર્ય કરી રહ્યા હતા ...તરફથી મળતી મીણબત્તીનો ઉપયોગ કરતા ...આપણે બધા તો અવનવી મીઠી વાતચીત ...મેતે મીણબત્તીનો બુદ્ધાવી મારા સ્વદ્રવ્યથી ખરીદેલ ...મળતા...'' આ જવાબ સાંભળી તે યાત્રિક ...ની જાજરમાનતાનું રહસ્ય સમજી ગયો. જે દેશના ...રાજ્યની એક નાનીસૂની પાઈનો પણ દુરુપયોગ ન થાય, ...વેડફાઈ ન જાય તેની આવી કાળજી રાખતા ...દેશની પ્રજા સ્વાભાવિક જ સ્વાભિમાની, સ્વાશ્રયી, ...બનવાની. ...ઉદાર હોય તેમાં નવાઈ નથી.

ઉદારતા પાણું શું કામ કરે અને કરકસરતા ...કામ કરે તે વાત બરાબર સમજી ગયો.

આ જ વાત જો આપણા જીવનમાં આવે જાય, ...ઉદારદિલ બને થાય અને કરકસરતાને અંગીકાર કરીએ તો ...આપણી માનવતા ઉજળી ઉઠે, ખીલી ઉઠે. સૌ આ ગુણને ...પામવા પ્રયત્નશીલ બનો તે જ મંગલભાવના..!

માનવ જન્મની સફળતા

પૂ. બાલમુનિરાજશ્રી નમ્રેન્દ્રવિજયજી મહારા

આ ...ણ ગુણવાળા માલ્યો તે સમુદ્ર તરવા આવે તો માટે ... છે પણ ભવરૂપી સમુદ્ર તરવા માટે ... તેવા માટે માલ્યો છે, તેમ જ્ઞાની ભગવંતો કહેતા આવ્યા છે. સાધુ ભગવંત કહે છે આપણે ધન લક્ષ્મી, ... આ બાબતોના સહારામાં સમજાવું નથી તો ઉપર જોયું ... દૃષ્ટાંત છે.

... હોડીમાં એક શેઠ હતા તે પાસેના બેટમાં ... માટે ... માં બેઠા. તેમની પાસે મોટું ઘડિયાળ હતું, જેથી ... નાવ ચલાવનાર નાવિક તો કોતુકથી જોવા આવ્યો ... તેને શેઠને પૂછે છે શેઠ કેટલા વાગ્યા ત્યારે શેઠ ... તેમાંના તો જવાબમાં શું કહ્યું. તું જોતો નથી ? ... નમ્રતા પૂર્વક નાવિકે કહ્યું શેઠ હું જોઉં છું પણ ... ના મારી પાસે નથી. ત્યારે શેઠે પાછું પૂછ્યું ... ક્ષરજ્ઞાન છે કે નહિ ? ત્યારે નાવિક કહે છે ગરીબ ... જેવા અમે ક્યાંથી શિક્ષણ જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ ... ત્યારે શેઠ કહે છે જો તું ભણ્યો નથી તો ... તારા ... ની પાણીનો એટલે નકામી ગઇ.

... કરી ... કે પૂછ્યું અલ્યા નાવિક કારભાર માંડ્યું ... છે કે નહિ ? તો નાવિક કહે છે માડે માન પુરુ થાય ... એવા ... મને કોણ કન્યા આપે કદાચ કોઈ આપે તો તેનું ભર ... પોષણ કેવી રીતે કરું ? શેઠે કહ્યું સ્ત્રી ... અને પુત્રાદિ ... આ સંસારમાં શું જેથી તારી બીજી ચાર આની પાણી ... માં ગઇ એટલે આઠે આની રહી.

... કરી ... ક પૂછે છે ત્યારપછી લક્ષ્મી ઉપાર્જન ... કરવાનું જા ... છે ? તો નાવિક કહે છે હું આ એક જ નાવ ચલા ... વાનું જ જાણું હું. તો શેઠ કહે તારી પોણી જીંદગી ... નકામી ગઇ.

આવી વાતો ચિતો ચાલે છે ત્યાં સમુદ્ર ... તોફાન શરૂ થયું. નાવ હાલક ડોલક થવા લા ... જેથી નાવિક શેઠને કહે છે કે શેઠ તરવાનું જ્ઞાન છે ત્યારે શેઠ કહે છે બધું જ જાણું હું ફક્ત એક ભરવા ... જ્ઞાન નથી ત્યારે નાવ ચલાવનારો કહે છે કે હે ... આ નાવ મારા હાથમાં હમણા નથી પ્રબળ જ પવ ... હોવાથી આ નાવ પવન તરફ ખેંચાય છે અને ... બાજુ ખેંચાય છે તે બાજુ દરિયામાં ડુંગર જેવડ ... તેમાં નાવ અથડાશે ને નાવનો ટુકડે ટુકડા થઈ જ ... માડે તો પોણો ભાગ એટલે ૧૨ આની નકામી ગ ... પણ હે શેઠ તમારું તો આખું એટલે સોળે સોળ આ ... પાણીમાં જશે.

ગને તો તરવાની આવડત છે જેથી હું સમુ ... તરી જઈશ. પણ તમે આ સમુદ્રમાં જ ડુબી જશો એટલી વારમાં નાવ શીલા (પત્થર) ને ભટકાઈ ને ટુકડે ટુકડા થઈ ગયા નાવ સમુદ્રમાં પડ્યો ... તરીને પાર પામ્યો શેઠને તરતા ન આવડવાથી બુ ... મરી ગયા.

આ ઉપરથી સાર એ લેવાનો છે કે શરીર ... નાવ છે ને શરીરમાં બેઠેલો જે આત્મા તે નાવિક છે ... હવે બધી કળા શીખે પણ એક ભવરૂપી સમુ ... તરવાને ધર્મકળા શિખતો નથી. તો શેઠની જે ... સંસાર સમુદ્રમાં બુડી જાય છે. માટે તેમાં ન બુડવા જ્ઞાની ભગવંત કહે છે કે હે ભવ્ય જીવો તમે સંસારરૂપી સમુદ્ર તરવા ધર્મકળામાં ઉદ્યમ કરી આ ભવથી તરો. આ માનવ ભવમાં માનવતા કેળવીને આત્માનો ઉદ્ધાર કરો.■

તોય ચાર ગુજરાત જમે એટલી મીઠાઈ વધી...

- પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.

પેથડશાના સપૂત ઝાંઝણશા.

પિતા કરતાંય સવાયા શાસન પ્રભાવનાના કાર્યો એમણે કરી બતાવ્યાં તા.

શાસનની ઉન્નતિ પાછળ - એમણે પોતાની સમષ્ટી રેડી દીધી હતી. હાથનો મેલ દૂરકરતાં માનવીને જેટલો સમય લાગે એટલો સમય એમને લક્ષ્મી છોડતા નહોતો લાગતો.

આ ઝાંઝણશાએ એકવાર છ'રી પાળતો સંઘ કાઢ્યો. શત્રુંજય મહાતીર્થની સ્પર્શના કરવાના અને દાદા પુન્નાદીશ્વરની સેવના કરવાના તેમને ઓરતા જાગ્યાં હતાં. પણ આ તો ઝાંઝણશા ? સીધી સાદી રીતે તીર્થયાત્રા કરે એમાં એમના આત્માને તૃપ્તિ ક્યાંથી થાય ?

ઝાંઝણશાએ તીર્થયાત્રાના એ સંઘમાં ગામોગામના લાખ્ખો સાધર્મિકોને સાથે લીધા. ઈતિહાસના નભમાં શુક્રતારાની જેમ સદાય ઝગમગતો રહે એવો રાજશાહી સંઘ એમણે કાઢ્યો.

સંઘ લઈને ગામોગામ વિચરતાં તેઓ એક નગરમાં આવ્યાં. નગરીનો રાજા ઝાંઝણશાનો મિત્ર હતો. એણે સંઘનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું. પછી ઝાંઝણશા સાથેની ગોષ્ઠીમાં પ્રસ્તાવ મૂક્યો: સંઘપતિજી, તમે તો અગસ્તિ ઋષિના પુનરવતાર લાગો છો કે આવડો વિશાળ સાગર જેવો સંઘ કાઢી શકો. મારી તાકાત નથી કે સાગર પી શકું. મંત્રીશ્વર ! તમારા સંઘના લાખ્ખો સાધર્મિકોમાંથી પાંચ હજાર સાધર્મિકો ચૂંટી કાઢો. મારે એમની ભક્તિકરવી છે. લાખ્ખો સાધર્મિકોને જમાડવા, મારી પહોંચ બહારની બાબત છે.

મંત્રીશ્વર ઝાંઝણે રાજાના આવા પ્રસ્તાવને પળનોય વિલંબ કર્યા વિના નકારી કાઢ્યો. એમણે સોંય ઝાટકીને કહી દીધું: રાજન્ ! જમાડવા હોય તો સકળ સંઘના સાધર્મિકોને જમાડો. હું મારા સાધર્મિકોને એક સમાન દૃષ્ટિએ નિહાળું છું.

''શરીરના એકબીજા અવયવોને જેમ છૂટા ન પાડી શકું. બસ ! રાજન્ તેમ મારા સાધર્મિકોનું પૃથક્કરણ કરવું પણ મારા માટે શક્ય નથી.''

ઝાંઝણશાનો આ જવાબ રાજાના ગા ા તમતમતી થપ્પડબનીને ચોંટી પડ્યો. રાજાએ ઉશ્કેરાઈ જ ાં કહ્યું: પણ સંઘવીજી, મારી તાકાત બધાય સાધર્મિકોને જમ ડવા જેટલી નહોય તો ? શું દસે આંગળીમાં વીંટી ન પહેરી ાકો તો એક આંગળીની વીંટીય જતી કરો ?

રાજન્ ! પણ હું ક્યાં કહું છું કે દસેય આંગળીમાં વીંટી પહેરો. મારા લાખ્ખો સાધર્મિકોને તમે જમાડો, એવો વિચાર મેં સ્વપ્નેય કર્યો નથી. હું તો એટલું જ કહું છું કે જમાડવા જ હોય તો બધાયને જમાડવા પડે.

ઝાંઝણશાએ સાણસાગતો જવાબ આપી દીધો.

તો શું મંત્રીશ્વર ! તમે આખાય ગુજરાત ને જમાડી શકશો, હું આજ્ઞા કરું તો ? રાજાએ મંત્રીની બ લતી બંધ કરવા વાતને પેંચ ચઢાવ્યો.

સબૂર ! રાજન્ ! આપની આજ્ઞા હશે તો ગુજરાતની ચાર કરોડની જનતાનેયે ભરપેટ બત્રીશા પકવાન જમાડી બતાવીશ.

ઝાંઝણશાએ રાજાનો પડકાર ઝીલી લીધ .

તેઓ સીધાં જ પડાવ પર પહોંચ્યા. સંઘના માગણના પ્રયાણની વ્યવસ્થા યોગ્ય વ્યક્તિઓને સોંપી દીધી. મંડપવાળાને બોલાવી આજ્ઞા આપી, હજાર માણસો એકી સાથે બેસીને જમી શકે એવા ૧૦૦ તંબુઓ બાંધીદ્યો. રસોઈઆઓને આજ્ઞા આપી, આટલી મીઠાઈઓ બનાવીદ્યો. બધો જ બંદોબસ્ત બરોબર ગોઠવાઈ ગયો એટલે ઝાંઝણશાએ રાજા પાસે ધસી જઈને કહી દીધું : રાજન્, આવતી કાલથી માંડીને ચાર દિવસમ આખા ગુજરાતને જમીજવાનું એલાન આપીદ્યો.

રાજા તો તૈયાર જ હતો. બીજા જ દિવસથી ગુજરાત ભરમાંથી લાખ્ખો માણસો મહેરામણ બનીને ઉ મારવા માંડ્યાં. બધા ભરપેટ જમતાં. ઝાંઝણશાની વ્યવસ્થા જોઈને મોંમાં આંગળા નાંખી જતાં. ઝાંઝણશાની ઉદારતાના તેમજ કાર્યશક્તિના સહુકોઈ મોં ફાટ વખાણ કરતા.

નગરનો રાજા પણ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સત્રસ્થળ

પર જ આંટા લગાવતો. છિદ્રાન્વેષી દૃષ્ટિએ જ્યાં ત્યાં ડાફોળિયા મારી વ્યવસ્થામાંથી એક તલ જેટલીય ભૂલ નીકળી શકતી હોય તો કાઢવાની અને એને જાહેર કરવાની એની કોશિષ હતી.

આ પરંપરા પૂરા ચાર દિવસ સુધી ચાલી. રાજન્ ! સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયમાં લાખ્ખો માનવો જમી જતાં પ્રચંડ મેદનીથી સાબરમતીનો એ વિશાળ તટ પણ સાંકોચિયા જેમ સંકીર્ણ થઈ જતો.

ચાર દિવસમાં ખરેખર આખું ગુજરાત જમી ગયું. અભૂતપૂર્વ લોક મીડ સર્જવા છતાંય ક્યાંય ગેરવ્યવસ્થા થઈ નહિ. ચાર - ચાર દિવસ સુધી લાખ્ખો લોકોની અવર - જવર રહી હોવ છતાં એકાદ મુખેથી ફરિયાદ ઉઠી નહિ.

અરે ! એ ચારે દિવસનું ગુજરાત, ગુજરાતનું ગગન અને ગુજરાતની દિશાઓ, આ બધું જ ઝાંઝાણશામય બની ગયું.

રાજા તો આ જોઈને આભો જ રહી ગયો તો. બોલવા માટે એની પાસે શબ્દો નહતાં. જાણે જીભ જ સીવાઈ ગઈ.

છેલ્લે પાંચમા દિવસના પ્રભાતે ઝાંઝાણશા રાજાના મહેલે ગયાં. રાજાને એમના સચિવમંડળ સાથે પોતાની શિબિરોની મુલાકાતે આવવાનું સાસ આમંત્રણ આપ્યું.

રાજા અને એનું પ્રધાનમંડળ તત્કાળ ઝાંઝાણશાના પડાવ પર પહોંચ્યું. ઝાંઝાણશાએ એમને પોતાની વિશાળ વ્યવસ્થાનો પરિચય કરાવ્યો. એમાંય જ્યાં એકેક મંડપો, જળવ્યવસ્થા, પગરખા વ્યવસ્થા, લગેજ વ્યવસ્થા, ગમનાગમન વ્યવસ્થા, પ્રતીક્ષા વ્યવસ્થા, વિશ્રામ વ્યવસ્થા, વાહન વ્યવસ્થા, આ બધું ય બતાવ્યાં પછી કોઠારમાં એ વર્તુળ દાખલ થયું. ત્યારે તો એની આંખો બંધ જ થઈ ગઈ.

ઝાંઝાણશાના એ કોઠારમાં ગુજરાત આખું જમી ગયા પછી હજી એટલી મીઠાઈઓ બચી તી, કે બીજાં ચાર ગુજરાત હજી જમી શકે.

આ જોઈને રાજાથી પૂછાઈ ગયું : મંત્રીશ્વર ! આટલી બધી મીઠાઈઓ શા માટે બનાવી ?

રાજન્ ! તમારો વિશ્વાસ શું ? ગુજરાત ઉતારવાની વાત કરીને કદાચ મહારાષ્ટ્ર અને વિદર્ભનાં લોકોને ય અહિં ઠાલવી દ્યો તો હું શી રીતે ગુજરાતી - બિન ગુજરાતીના વિભાગ પાડું ?

ઝાંઝાણશાએ પોતાના દિલની દરિયાવદિશાળતા વાર્ણવી.

• • • • • • • • • • • • • • •

अविवेक आपत्तिनुं मूण

રતિસુંદરી - સાકેતપુરના કેસરી રાજાની કમલસુંદરી રાણીને રતિસુંદરી પુત્રી હતી. પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રીના ઉપદેશથી સમ્યક્ત્વ સાથે શિયળવ્રત અંગીકાર કર્યું. નંદન નગરના ચંદ્રરાજા સાથે રતિસુંદરીના લગ્ન કરવામાં આવ્યાં. એક વખત કુરુદેશના રાજા મહેંદ્રસિંહે ચંદ્રરાજાને દૂત મોકલીને કહેવરાવ્યું કે- ''આપણા સંબંધને આગે તમારી નવપરિણીતા રતિસુંદરીને અમને ભેટે તરીકે મોકલી આપજો.''

ચંદ્રરાજાએ જ્યારે પોતાની પત્નીને ન મોકલી એટલે બન્નેય વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધમાં ચંદ્રરાજાને કેદ પકડી, રતિસુંદરી લઈ. પછી રાજાને છોડી મૂકી, મહેન્દ્રરાજા સ્વનગરે ગયો. ત્યાં રાજાને શબ્દોથી અનુરાગ બતાવી ચાર માસ સુધી વાતચીત સિવાય કાંઈ પણ સંબંધ ન રાખવાની માંગણી કરી. આયંબિલ તપની શરૂઆત કરી. ચાર માસને અંતે પણ શાસનદેવને પ્રાર્થના કરી ગળાત કોઢીયા જેવું રૂપ કરાવી. મહેન્દ્રરાજાએ જ કંટાળીને તેને તેના પતિ પાસે મોકલી આપી. એટલે ત્યાં શાસનદેવના પ્રભાવથી તેનું દિવ્ય રૂપ થયું. અને બન્નેય પ્રીતિથી રહેવા લાગ્યા. રતિસુંદરી અનુક્રમે આયુ: ક્ષયને અંતે સ્વર્ગમાં ગઈ. ત્યાંથી ચ્યવી મોક્ષમાં જશે.

બેન ! આ તો મારો ધર્મ બજાવ્યો

- 'પદ્મરાજ'

મારા નિકટના પરિચિત પાસેથી જાણેલો પ્રસંગ તેમના જ શબ્દોમાં કહું છું.

મારા જીવનના સ્વાનુભવની વાત કરું છું. મારા ઘરમાં મારી દીકરીના લગ્નનો પ્રસંગ હતો. દીકરી માટે કપડા અને દાગીનાની ખરીદી કરી તેના પેકેટ બંધાવી હું ઘરે પાછી આવી હતી. ઘરમાં દીકરીના લગ્નનો પ્રસંગ હોય એટલે માતાના હૈયામાં ઉચાટ - ચિંતા રહે તે સહજ છે. બધું અચાનક થવાથી તૈયારી કરવાની ઉતાવળમાં હતી. તેથી દીક્ષામાંથી ઉતરતી વખતે ઉતાવળમાં હું ભારે સાડીનું એક પેકેટ ભૂલી ગઈ. અને બીજો બધો સામાન લઈ, હિસાબ કરી ઉતાવળમાં ઘરે પહોંચી ગઈ. બધું કામ પત્યા પછી લાવેલી ખરીદી જોતી હતી અને ભારે સાડીનું પેકેટ ન મલ્યું તેથી બેબાકળી થઈ હાંફળી - ફાંફળી થઈ બે-ત્રણ વાર બધી જ ચીજ - વસ્તુઓ જોઈ, તપાસી, ઉથલ - પાથલ કરી પણ તે ન મલ્યું તે ન જ મલ્યું. તેથી મારું મોં પડી ગયું. સામાન્ય માણસને કિંમતી ચીજ ખોવાઈ જાય - પડી જાય રહી જાય તો શું હાલત થાય ? માંડ માંડ પ્રસંગ ઉકેલવાનો. થોડી ધરતી અવસ્થતા કેળવી, બીજા કામ કરવા લાગી પણ ચિત્ત તો તે પેકેટમાં જ હતું. ત્રણ-ચાર કલાક થયા પછી જે રીક્ષામાં બેસી હું આવેલી તે રીક્ષા વાળો મને શોધતો શોધતો મારા ઘરે આવ્યો અને તેના હાથમાં મારું ખોવાયેલું મારી ભૂલમાં તેની જ રીક્ષામાં રહી ગયેલું પેકેટ હતું. અને આવી મને નમસ્કાર કરી કહે કે - બેન ! આપનું આ પેકેટ, જે આપ ભૂલથી ઉતાવળથી ભૂલી ગયેલા. તે મલ્યું ત્યારે મારા હૈયામાં જે આનંદ ઉભરાયો. મને થયું કે જગતમાં માનવતા મરી પરવારી નથી. મારું મોં હસું હસું થઈ ગયું. પોતાની કિંમતી ચીજ મળ્યા પછી શું થાય તે સૌના અનુભવમાં છે.

મેં તેનો ઘણો આભાર માન્યો અને રૂા. ૫૦૧ ની ભેટમાં આપવા લાગી તો કહે કે- "બેન ! મેં તો મારો ધર્મ બજાવ્યો. એક માનવ બીજા માનવને સહાય થાય તેમાં શો ઉપકાર કર્યો. અમે ગરીબ જરૂર હોઈશું. પણ ખુદાનો ડર રાખીને જીવનારા છીએ. આણહકની કોઈ ચીજ અમને ખપે નહિ. પ્રામાણિકતા એ જ અમારો મુદ્રાલેખ છે." માત્ર પાંચ મીનીટ તે જેમ આવેલો તેમ ચાલ્યો ગયો. તેની આવી પ્રામાણિકતા, નિમકહલાલતા જોઈ હું મનોમન વંદી પડી. મારી લાજ રહી ગઈ. નહિ તો આવી કિંમતી સાડી જવાથી મારી તો હાલત કાપો તો લોહી ન નીકળે તેવી થાત. મારે મન તો તે ખુદાનો ફરિશ્તો બની ગયો. વગર પૈસે નાનું કામ પણ નહિ થનાર જમાનામાં હકની પાઈ ભેટ ન લેનાર આ કલિકાલમાં પાણીવાદળની રૂપેરી કોર જેવા માણસો ના ટમમગતા તારલા જેવા આ જીવોના સતનો પ્રભાવ છે કે કલિકાલ પણ ત્યાં નિસ્તેજ, પ્રભાવહીન બની જાય છે.

તે પરિચિત બેનને પછી કહેલું કે તમે પણ તમારા જીવનમાં આ આદર્શ રાખજો અને બીજાને સહાયક બનજો.

Merits make him king !

A king named Bhim died, survived by 100 sons. A controversy was iniated about as to who should inherit the throne.

A ceremony of five lights was suggested. The elephant did not throw the 'Kalasta' on any of the five princes but lifted by his trunk a boy who was sleeping on the fencing wall of the city pond.

There was much hue and cry among people who recognised the boy as that of a son of the notorious prostitute kamkeli. How the hell they can now done before him ?

But then a divine voice from the sky said, "he had worshepped Jins in the previous birth and so he is rewarded with the kingship. He had become so connected about his caste in that inearnation hence he is born in a low caste princes have little merit (Punya) to their credit while this boy has plenty of merits to his account.

The ministered named him king Nanda. He on his part ruled the state and worshipped Jins. He respected and honoured the princes also. He constructed Jin temples, went to pilgrimages and after giving a good clean administration he made for the heaven when time to depart came. He will attain liveration.

What a impact of Jin Worship A mere son of a prostitute by sheer merit. became a king.

ચારણનો ધર્મ

* પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

વચનની રચના

એકવાર મહામંત્રીશ્વર આમ્રભટ મહારાજા કુમારપાળ પાસે બત્રીસ લાખ દ્રવ્ય ઈનામમાં આપ્યું હતું. તે સઘળું દ્રવ્ય એકજ અઠવાડિયામાં યાચકોને ભાટ ચારણોને, કીર્તિ કરી નાખ્યું. આ વાત શહેરમાં ખૂબ ફેલાઈ. સજ્જન માણસોએ તો, આમ્રભટની ઉદારતાનાં વખાણ જ કર્યા પરંતુ ઈર્ષાળુઓ અને કૃપણ માણસોને, આવી ઉદારતા કેમ પસંદ પડે ?

એટલે કોઈક દુર્જન માણસે, મહારાજા કુમારપાળ પાસે, આમ્રભટને ઉતારી પાડવી પોતાના અભિપ્રાયો ઠાલવ્યા.

"બાપુ ! આપનું ધન વપરાય છે ? અને આમ્રભટની કીર્તિ ગવાય છે." આવાં આવાં ઉશ્કેરણીના વાક્યોનો ભોગ ભલા કુમારપાળને, આમ્રભટ પરધાનોજ બન્યો.

દરબારમાં આમ્રભટ મંત્રીશ્વર પ્રણામ કરવા આવ્યા એટલે રાજાએ પીઠ ફેરવી પ્રણામ ન લીધા.

પ્રધાનનો પ્રશ્ન - ગરીબપરવર સેવકનો શું અપરાધ ?

રાજા - દાનમાં મારાથી તારી મોટાઈ કેમ ?

પ્રધાન - બાપુ ? એ બરાબર છે. કારણ આપ સાડેત્રણ સાત ગામનામાલિકના પુત્ર છો જ્યારે હું અઢાર દેશના રાજાધિરાજનો પુત્ર છું હું આપું એ ખોટું કેમ ગણાય ?

આમ્રભટના આવાં મધુર વચનથી, કુમારપાળ ખૂબ જ ખુશી થયા અને આમ્રભટને મોટું ઈનામ આપ્યું. વચનથી બગડતી બાજી સુધરી ગઈ.

વિરાગ

ચકોર પક્ષી એનું નામ, જેનાં ચિત્તમાં ચન્દ્ર સિવાય બીજા કોઈનું સ્થાન - માન ન હોય. સિંહ એનું નામ, જે ભૂખ્યો મરે, પણ તરણામાં મોં ન નાખે. બસ આજ રીતે ચારણ એનું નામ, જે અડગ ટેકીલો હોય મેરું ચળે, પણ જેના ચિત્તડાં ન ચળે, એ ચારણ ! એ ચારણ પાછો ચિત્તોડનો વાસી હોય, એને પાછો રાણાપ્રતાપની ચાકરી કરવાનો લહાવો મળ્યો હોય પછી એની ટેક તો પહાડ કરતાય વધુ અણનમ હોય એમાં આશ્ચર્ય શું ?

મેવાડ માટે માઠા કરી શકાય એવા એ દિવસો હતા. ચિત્તોડનો ચહેરો ચિંતાગ્રસ્ત બની જાય, એવો એ સમય હતો. ભલભલા રાજ્યોને નમાવતી મુસ્લિમ સત્તાનો એ યુગ હતો. ભારતવર્ષની ભવ્યતા પર કાળો-કૂચડો કરી વળ્યો હતો. કઈ અણનમ સત્તાઓએ સત્ત્વ ગુમાવી દઈને ઉગતા સૂરજને નમવાની નમાલી-નીતિ અજમાવી દઈને મુસ્લિમ સત્તાના ચરણોની રજ બની જવા સુધીની માયકાંગલી-મનોદશા અપનાવીલીધી હતી અને જીવતર જાળવ્યાનો સંતોષ લીધો હતો. આવી માયકાંગલી મનોદશા જ્યારે એક માહોલ બનીને સર્વત્ર ફેલાઈ ગઈ હતી, ત્યારે પણ મેવાડનું માથું નમ્યું ન હતું અને ચિતોડે દિલ્હીનો ચાકર બનવાનો સાફસાફ ઈન્કાર કરી દીધો હતો. ત્યારે રાણા પ્રતાપે પ્રતાપી-પડઘા ફેલાય, એ રીતે અકબર બાદશાહને સુણાવી દીધું હતું કે, બીજા બીજા રાજ્યોને તમે ભલે નમાવ્યા, પણ મેવાડનું માથું નમાવે, એવો કોઈ વીરબંકો હજી જન્મ્યો - જાગ્યો નથી. માટે મેવાડને નમાવવાના દિવાસ્વપ્નો જોવાની મૂર્ખી દઈને જે મળ્યું છે, એમાં જ સંતોષ અનુભવો. નહિ તો ગુજરાત લેવા જતા હવેલી પણ ખોઈ બેસવાનો વારો આવશે.

રાણા પ્રતાપના ધનુષ્યના ટંકાર જેવા અ

પડકારમાં જે જવાંમર્દી પડઘાઈ રહી હતી, એથી હેબતાઈ જઈને બાદશાહ અકબરે સામો જવાબ વાળવાનું માંડી વાળ્યું. પણ છૂપી રીતે એમણે એવી કાર્યવાહી શરૂ કરી દીધી કે, જે કાર્યવાહી રાણાપ્રતાપને જંગલમાં રખડવાની ફરજ પાડ્યા વિના ન રહે ! મેવાડ અને ચિતોડ રાણા વિહોણું બની જાય, એટલે તો અડધો - જંગ જીતાઈ જાય, આવું ગણિત અકબરે માંડ્યું હતું. ધીમે ધીમે મેવાડ માટે પરિસ્થિતિ જ એવી સરજાઈ કે, મેવાડની ભાવિ સુરક્ષા માટેય એકવાર તો વન વગડામાં છૂપાઈ જવાનું પગલું ભર્યા સિવાયનો બીજો કોઈ રસ્તો જ રાણા સમક્ષ ન રહ્યો.

આ રીતે એક જાતની પીછેહઠ કરીને પછી વધુ આક્રમક બનવાના નિર્ણય સાથે એક દિ' રાણા પ્રતાપ મેવાડના વનવગડામાં છૂપાઈ ગયા. પરંતુ આ પછી તો ઠેરઠેર જે રીતે જબ્બર પ્રતિકાર થવા માંડ્યો, એથી બાદશાહ અકબરને લાગ્યું કે પોતે ગણિત માંડવામાં ગોથું ખાઈ ગયા હતા. કેમ કે પ્રગટપણે રાણા - પ્રતાપ વિહોણા મેવાડમાં તો ઠેરઠેર પ્રતાપ જેવો પ્રતાપ પ્રકાશી ઉઠ્યો હતો, એથી હાથવેંત જણાતું ચિતોડ દિવસે દિવસે વધુ ને વધુ દૂર જતું જણાવા લાગ્યું. હતાશ બની જઈને અકબર જેવા અકબરે પણ એક દિ' મેવાડને મેળવવાની મનોમન માંડવાળ કરી દીધી અને મળેલામાં સંતોષ અનુભવવા માંડ્યો. આ સંતોષાનું ભૂત જો કે આગભરી હતી. પણ એ આગ અકબરે જાતે જ પેટાવી હતી, એથી એનો તાપ વેઠવો અનિવાર્ય બની રહે એવો હતો.

પરાક્રમના ભાવિપડઘમ ધરાવતી પીછેહઠ કરવામાં જ રાણાપણ જણાતા રાણા પ્રતાપે જ્યારે વનવગડાનો રાહ સ્વીકાર્યો. ભારે અંગત ગણાતો એક ચિતોડી-ચારણ પણ એમના પગલે પગલું ઉઠાવીને વનવગડાના એ પ્રવાસમાં રાણાનો સહભાગી ! સહ પ્રવાસી બન્યો હતો. શરૂઆતનાં થોડા દિવસો સુધી તો એનો એ સહપ્રવાહ બરાબર ચાલતો જ રહ્યો. પણ દિવસો જતા પરિસ્થિતિ વધુ વિકટ બનવા માંડી. એથી દિ' ચારણને એવો વિચાર આવ્યો કે, હવે હું પ્રતાપ માટે બોજ નહિ, પણ બોજ રૂપ બની રહ્યો છું. ત્યારે એ ચારણે ન છૂટકે મનોમન એ સહપ્રવાસ છોડી દઈને પોતાની રીતે પોતાનો રાહ પસંદ કરવાનો નિર્ણય લીધો.

રાણા પ્રતાપ પરની ભીંસ વધી રહી હતી. વધતી વધતી એ ભીંસ એટલી બધી ભયંકર બની ગઈ કે, એક ટંક માંડ માંડ પેટ ભરી બાદ બીજા ટંકના ભોજન માટેય રાણા પ્રતાપને જ્યારે સાંસા પડવા માંડ્યા, ત્યારે રાણા ઉપરથી ભક્તિથી ભાવિત બનીને એ ચિતોડી - ચારણ આંસુભરી વિદાય લઈને રાણા-પ્રતાપથી છૂટો પડ્યો. એ પળે બંનેની આંખમાંથી આંસુધાર વહી નીકળી. રાણાને વિદાય આપવાની ઈચ્છા નહોતી. ચારણને વિદાય થવાનું મન નહતું. પણ સંજોગો જ એવા સર્જાયા હતા કે, મનને મનાવી લઈને છૂટા પડ્યા. સિવાય છૂટકો જ નહતો.

રાણા પ્રતાપથી છૂટા પડેલા ચારણ સપ એક પ્રશ્ન અજગર જેવું મોં ફાડીને ઉપરિ ત થયો કે, હવે આજીવિકાનું શું ? આજ સુધી તો રાણાપ્રતપની છત્રછાયામાં બધી વાતે લીલા લહેર હતી. પણ આ છત્રછાયા છૂટી જતા જ હવે તો પગલે પગલું વિચારીને ભરવું પડે એમ હતું. થોડા દિવસો અને મહિનાઓ સુધી તો ચિતોડના એ ચારણે માંડમાંડ ગુજરાન ચલાવ્યું. પણ પછી જ્યારે એને એવી પોક્કસ ખાતરી થઈ ગઈ કે, હવે પેટનો ખાડો ભરવા આ અણનમ-મસીક નમાવ્યા વિના નહિ જ ચાલે, ત્યારે એક દિ' એણે આસપાસ નજર ઘૂમાવી કે, પોતાના મસીકની નમ્રતા જ્યાં, નમ્રતાસ શોભી ઉઠે, એવું કયું રાજ્ય છે ? આવા રાજ્ય અને આવા રાજવી તરીકે જ્યારે મેવાડ અને રાણા પ્રતાપ સિવાય બીજું કોઈ જ નજરે ન ચડતા ચારણે એક મીઠી મૂઝંવણ અનુભવી. આ મૂઝંવણ મીઠી હોવા છતાં એનો ઉકેલ લાવ્યા વિના ચાલે એમ ન હતું.

કેમકે ચારણના પનારે એનું પેટ પડેલું જ હતું. અને પેટ ભરવા પૈસા તો જોઈએ જ ને ? ચારણે ઘણો ઘણો વિચાર કરી જોયો: ચારે તરફ મુસ્લિમ-સત્તાઓ જ ફેલાયેલી હતી. એથી અંતે એ સત્તાનું શરણ સ્વીકારીને પણ પેટનો ખાડો ભરવાની ફરજ અદા કરવા ચારણે દિલ્હી તરફ પ્રયાણ કર્યું. દિલ્હીનાં સિંહાસન પર જેમનું રાજ્ય તપતું હતું, એ અકબર બાદશાહની ઉદારતા ચારણે ઘણીઘણી સાંભળી હતી, એથી એનું પારણું કરવા ચારણે એક દિ' દિલ્હીના દરબારમાં જઈ ઉભો.

પેટ કરાવે વેઠ ! દિલ્હીના દરબારમાં કઈ અક્કડ ઉભા રહેવાથી ચાલે એમ ન હતું. એ ગજું તો પ્રતાપ જેવા રાણાઓનું જ હતું. એથી ચારણ માટે તો અકબરના પગ ચાલ્યા સિવાય બીજો કોઇ આરો-ઓવારો જ નહતો. પરંતુ ગમે તેમ તોય પ્રતાપના પડખાં સેવનારો આ ચારણ હતો, નમવાનો મનોમન નિર્ણય લઈ લીધા બાદ જ એના ચિત્તમાં એક એવો ચમકારો ચમકી ગયો કે, અણનમ નમ્રતા કેવી હોય એનો આદર્શ તો મારે ઉભો કરવો જ રહ્યો. નમ્યા સિવાય તો છૂટકો થાય એમ જ નથી, પણ નમતા નમતાય 'અણનમ નમ્રતા' નો આદર્શ ઉંચો કરી જાણું, તોય મારા માટે એ ઘણું ઘણું ગણાય.

ચિતમાં એક ચમકારાની જેમ ચમકી ગયેલા આ વિચારથી ચારણનો ચહેરો ચમકી ઉઠ્યો. એણે પોતાની ભાવિ સુરક્ષા કોકમાં મૂકી દઈને, માથા ઉપરથી મેવાડી - પાઘડી ઉતારી દીધી અને એને બગલમાં ભરાવી દઈને એ અકબરના ચરણમાં નમ્યો.

અકબરને આ ચારણમાં અજબ ગજબની વિચિત્રતા દેખાઈ. એને વિચાર આવ્યો કે ભલભલા રાજવીઓ પોતાની પાઘડી મારા ચરણમાં સમર્પિત કરે છે, ત્યારે આ વળી કેવો માણસ છે કે, જે આ રીતે પાઘડી બગલમાં ભરાવે છે ? આ જાતનું અનેરું આશ્ચર્ય અનુભવતા અકબરનું મન ફળી જઈને એક દીવાને વળતી જ પળે પૂછ્યું: લાગો છો તો ચારણ ! પણ પહેલવહેલા જ રાજ દરબારમાં પગ મૂક્યો લાગે છે ? નમતી વખતે પાઘડી બાદશાહના ચરણમાં મૂકવાની હોય, આમ બગલમાં ભરાવવાની ન હોય ! બાદશાહના ચરણમાં સમર્પિત બનતી પાઘડી પ્રતિષ્ઠા પામે, જ્યારે બગલમાં ભરાવાયેલી પાઘડી પ્રતિષ્ઠા ગુમાવે. માટે ભૂલ સુધારી લેવાની એક તક આપવી આપવામાં આવે છે.

સૌને એમ હતું કે, ચારણ તરત જ ભૂલ સુધારેલી લેશે. પણ ચારણ તો એમને એમ જ ઉભો રહ્યો અને અણનમ - નમ્રતાનો આદર્શ દર્શાવતો એણે કહ્યું: મને તો આ પાપી પેટે નમવાની ફરજ પાડી છે, એથી કઈ એ ફરજ આ પાઘડી પર પણ લાદી દેવાની ન હોય ! હું મારી ગરજે નમી રહ્યો છું પણ નમતા નમતાય આ પાઘડીની પ્રતિજ્ઞા ન જોખમાય, એ તો મારે જોવું જ રહ્યું ને ?

બધા આશ્ચર્યચકિત નજરે ચારણને નિહાળી રહ્યા અને વધુ આશ્ચર્ય-ચકિત બનેલા કાન દ્વારા ચારણનું આ કથન સાંભળી રહ્યા. આ કથનનું હાર્દ જાણવા સૌ ઉત્સુક બન્યા. એથી દીવાને સૌના પ્રતિનિધિ બનીને પૂછ્યું: માથા અને પાઘડી વચ્ચેની આ ભેદ રેખા કળી શકાતી નથી. માટે સ્પષ્ટતા કરવા વિનંતિ. તેમજ આપનો પરિચય પ્રસ્તુત કરવાની પણ વિનંતિ !

ચારણ હવે ગાંજ્યો જાય એમ ન હતો. એણે કશું જ છૂપાવ્યા વિના ગર્વભેર કહ્યું: મેવાડને માતૃભૂમિ તરીકે ઓળખાવતા મારી છાતી ગજ ગજ ફુલી જાય છે, તો રાણા પ્રતાપના સેવક તરીકેની ઓળખાણ આપતા હું અનેરો ગર્વ અનુભવું છું. અમારા મહારાણા માટે અત્યારે જેનું ભાવિ પરાક્રમ ભર્યું હોય, એવી પીછેહઠ કરવાના દિવસો આવ્યા છે અને જાતનો હું ચારણ છું. એથી આજીવિકાની ચિંતાએ મને દિલ્હીના આ દરબારમાં ખડા થવાની ફરજ પાડી છે. બાદશાહ અકબરની ઉદારતા

કર્ણોપકર્ણ મેં ઘણી ઘણી સાંભળી છે. એનું સાક્ષાત્ દર્શન પામવાની આ પળે લાચાર બનીને મારે મારું માથું ભલે નમાવવું પડે છે. પણ આ નમ્રતાય અજ્ઞાનમતાથી સભર હોય, તો જ શોભે, આ માટે આ પાઘડીને મેં આ રીતે બગલમાં રાખી છે. આ પાઘડી રાણા પ્રતાપનું પ્રદાન છે. મારું માથું ભલે નમે પણ રાણા પ્રતાપે મને આપેલી આ પાઘડી અજ્ઞાનમ રહે, એમાં જ એની શોભા છે. આ પાઘડીના માધ્યમે મેવાડની અજ્ઞાનમતાનો આદર્શ ઘડો રાખવો, એ મારું કર્તવ્ય બની રહે છે. અમારા રાણાપ્રતાપ જ્યારે મેવાડ ખાતર આજે આટલો બધો ભોગ આપી રહ્યા છે, ત્યારે મારો આટલો આ ભોગ તો સાવ તુચ્છ ગણાય, એને અદા કરવામાંય હું જો ઊણો સાબિત થાઉં, તો મેવાડમાં મળેલો જન્મ અને ચિંતોડની મળેલી ચાકરી આ બંને એળે ગયા ગણાય !

જેની જવાંમર્દીના શત્રુનેય લાખ લાખ ધોવારણા લેવાનું મન થાય, એવા ચારણની આ સ્પષ્ટતા સાંભળીને આખી સભા દિંગ બની ગઈ. એમાંય બાદશાહ અકબરના આશ્ચર્યનો તો કોઈ આરોઓવારો જ ન રહ્યો. એમને આ ઘડી - પળે જાણે મેવાડની મહાનતાનું સાક્ષાત્ દર્શન એક ચારણના માધ્યમે મળી રહ્યું હતું. ર મને સ્વપ્નેય કલ્પ્યું ન હતું કે, આ ભારત જવાંમર્દી મેવાડી-મહિલાની કૂખેથી જન્મ પામતી હશે ? મેવાડનો એક ચારણ-બારણ જો આટલો આટલો બધો અજ્ઞાનમ છે, તો રાણા પ્રતાપ તો કેવા અજ્ઞાનમ હશે ? આની કલ્પના કરતા કરતા અકબર કોઈ નવી જ દુનિયામાં સરકી પડ્યા.

આમ તો ચારણે જે વાત કરી હતી અને જે વર્તન કર્યું હતું. એથી ખુશ થવાય એમ નહતું. પણ અકબર તો દાનો દુશ્મન હતો. એથી આવી અજ્ઞાનમ-નમ્રતાનું નવલું દર્શન કરાવનાર ચારણ પર પ્રસન્ન બનીને એમણે એની ચિંતા એવી રીતે દૂર કરી કે, આખી સભાએ આટલને ૧ નેહભીની નજરે - નિહાળી હતી અને એ અકબરનેય અહોભાવભરી આંખે અવલોકી રહી !

▪▪▪▪▪▪▪▪▪▪▪▪

પ્રાણીઓને
વિષે દયા ધર્મરૂપ ધર્મ
સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ છે અને તેજ
કારણથી તે દયાધર્મ શ્રી
વજ્રચક્રવર્તી જેવા પુરૂષોના
હૃદયમાં રહેલો છે. સંગમદેવ પ્રભુમાના
હૃદયમાં રહેલો નથી. દૃષ્ટાંત કહે છે કે,
કલ્પવૃક્ષ મેરુ પર્વતની ચૂલિકા ઉપર
હોય છે; પરંતુ મરુ ભૂમિને વિષે હોતું
નથી. વલી ઈંદ્રના દ્વારને વિષે
રહેનારો ઐરાવણ હસ્તિ બીજા
તુચ્છ રાજાને ત્યાં શું હોય
એવો ? અર્થાત્ ન
જ હોય.



અન્ય માણસે
પ્રાર્થના કર્યા છતાં પણ
જો કોઈ પ્રાણી લેશમાત્ર પણ
જૂઠું બોલ્યો તો તે ભયંકર દુર્ગતિ
પામે છે. જેમ નારદ અને પર્વત એ બે
મિત્રોના વિવાદમાં વસુ રાજા અસત્ય
બોલી દુર્ગતિ પામ્યો. દૃષ્ટાંત કહે છે કે,
શું મહાદેવે બ્રહ્માને જૂઠું બોલવાથી
અપૂજ્ય કર્યા નથી ? કેતકીને જૂઠી
સાક્ષીથી અનિષ્ટ કરી નથી ? અને
પરીક્ષાને અવસરે સત્ય વચન
બોલવાથી વિષ્ણુને પૂજ્ય
કર્યા નથી ? અર્થાત્
કર્યા છે.

:: માનવતાને ખીલવનાર મોતી ::

પ્રેષિકા - વૃષાલી પી. શાહ - અમલનેર

* જે પાપથી ડરે છે તેનાથી દુઃખ પણ ડરે છે. જે પાપથી નિર્ભય બને છે તેનાથી દુઃખ પણ નિર્ભય બને છે.
* રાગ કરવો સહેલો છે. વિરાગ પામવો કઠીન છે.
* અધમ કોણ ? જે તારક આજ્ઞાનું ઉલ્લંઘન કરે તે
* ઉત્તમ કોણ ? જે તારક આજ્ઞાનું વફાદારી પૂર્વક પાલન કરે તે.
* આત્મા ને યથાર્થ ઓળખ્યો - જાણ્યો. તેને કશું જાણવા નું બાકી નથી.
* આખી દુનિયાને ઓળખી - જાણી પણ આત્માને જે ન ઓળખ્યો - જાણ્યો તેણે કશું જાણ્યું નથી.
* દુનિયા ના પદાર્થોની આસક્તિ વધારવી તે પતનનં માર્ગ. અવનતિનો રાજમાર્ગ !
* દુનિયા ના પદાર્થોની આસક્તિ ઘટાડવી તે ઉન્નતિ નો માર્ગ !
* જેનું મન નિર્મલ અને પવિત્ર તેના બધા કામ પવિત્ર !
* જેનું મન મલીન તેના બધા સારાં કામ પણ અપવિત્ર.
* આશાન દાસ જગતના દાસ છે !
* આશાન સ્વામી જગતના સ્વામી છે !
* દુર્ગતિનં સરળ રસ્તો ખાવા-પીવાની લાલસા, સુંદર વસ્ત્ર અને ધનવાનોની ખુશામત.
* ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, મોજ મજામાં આનંદ માનનારા માનવતાને ભૂલી પશુતાને કરનારા છે.
* પર પદાર્થોની આશા અને આસક્તિ તે નિરાશાનો માર્ગ !
* પુણ્ય પ્રમાણે જે મળે તેમાં સંતોષ રાખે તે જ સાચી શાંતિ - સમાધિને પામે.
* પરસ્ત્રી જોવા જે આંધળા છે, પરધન લેવા જે પાંગળા છે, પરપરિવાદ સાંભળવા જે બહેરા છે અને પર નિંદા કરવા જે મૂંગા છે તે જ સાચા માનવ છે.
* જે આંખ સુદેવ-ગુરુના દર્શન કરતી નથી તે આંખ આંધળી હોય તો સારું છે.
  જે કાન સાચું - સત્ય સાંભળવા તૈયાર નથી તે કાન બહેરા હોય તો સારું છે.
  જે જીભ સુદેવ - ગુરુ - ધર્મની સ્તવના કરતી નથી તે જીભ મૂંગી હોય તો ઘણું સારું છે.
  જે શરીર ધર્મની સેવામાં કામ આવતું નથી તે શરીર રોગી હોય તો સારું છે.
* માનવતાને વિકસાવવા - ખીલવવા બીજાના દોષો સાંભળવા બહેરા બનો, બોલવા મૂંગા બનો અને જોવા માટે આંધળા બનો.
* માનવતાને દૂષિત કરનારા બે દોષો પરનિંદા અને આત્મશ્લાઘા - સ્વપ્રશંસા છે.
* દુનિયાની ગુલામી છોડીને પરમાત્માની આજ્ઞાની ગુલામી સ્વીકારો ! આજ્ઞાપાલન વિના દુઃખનાશ અને સાચાં સુખની પ્રાપ્તિ અશક્ય છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖

વિશેષાંક તારીખ

તા. ૧૧-૧૨-૨૦૦૧ ના વિશેષાંક પ્રગટ કરવાનો હતો તે કારણસર તા. ૧૮-૧૨-૨૦૦૧ ના પ્રગટ થાય છે. તે માટે વાંચકોની ક્ષમા પ્રાર્થીએ છીએ.

❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖

શ્રી જૈન શાસન ઘરઘર વસાવો

જૈન શાસન માં ધર્મની શ્રદ્ધા અને રક્ષા તથા સંસ્કાર પોષક લેખો આવે છે તે મંગાવી ઘર ઘર વસાવો.

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-
આજીવન રૂ. ૧૦૦૦/-

પરદેશમાં વાર્ષિક	રૂ. ૫૦૦/-
પરદેશમાં આજીવન	રૂ. ૬૦૦૦/-

માનવતાનો શણગાર - વિવેક અને લજ્જા

પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ.

શ્રીપાલ ચરિત્રમાં આપણે બધાએ ઘણી વાર સાંભળ્યું છે કે, રાજાએ પોતાની બન્ને પુત્રીઓને 'પુણ્યથી આ આ વસ્તુઓ મળે' તે જે વાત પૂછી અને બન્નેએ જે જવાબ આપ્યો. સહજ રીતના વિચારતા બન્નેના જવાબ ખોટા નથી પણ તત્ત્વદૃષ્ટિથી ઉંડા ઉતરીને પરમાર્થ રૂપે વિચારાય તો લાગે કે મયણા સુંદરીએ જે વિવેક, વિનય, ચિત્તની પ્રસન્નતા, શીલસંપન્ન શરીર અને મોક્ષમાર્ગનો મેળાપ એ જે વાત કહી તે જ યથાર્થ છે. માનવને માનવ બનાવનાર છે તેમાંથી જ મહામાનવ બનાવી પૂર્ણ માનવ બનાવનાર છે. જ્યારે સુરસુંદરીએ પુણ્યથી મળતી ચીજોમાં ધન, યૌવન, હોંશિયારી, નિરોગી શરીર અને મનગમતો મેળાપની વાત કહી તે વાસ્તવમાં માનવમાં અવિવેક, ઉદ્ધતાઈ, સ્વતંત્રતા, સ્વચ્છંદતા આદિ માનવતાના શત્રુઓને લાવનારી ચીજ છે. ધન આદિ એક એકનો અતિરેક પણ વર્તમાનમાં કેવી પાગલતાની માઝા મૂકી રહ્યો છે તો તે પાંચે ભેગા થાય અને તેમાં પ્રભુતાઈ - અધિકારપણું ભળે પછી બાકી શું રહે ? જગતમાં જેટલો અનર્થ અને ઉકાપાત ન મચે મચાવે તે ઓછો ! દુનિયાની વાત કમણા બાપૂએ મૂકો પણ તે જ ચરિત્રમાં આપણને જોવા મળે છે કે યુવાની તે દીવાની કહી તે સાચું છે. ભર સભામાં સુરસુંદરી જે રીતના અરિ દમન રાજપુત્ર સાથે આંખ મિચોલી કરે છે તેની સૌને ખબર પડી જાય છે. સારા કુલ - જાતિના સંસ્કારને સળગાવવાનું કામ આ ધનાદિનો પ્રેમ કરાવે છે. અને પિતા તરફથી પોતાની ઇચ્છિત માગણીપૂર્ણ થતા તેની હાલત કેવી થાય છે તે આપણને ખબર છે. આપણને પણ ઇચ્છિત અને મનપસંદ પાત્ર મળી જાય તો શું હાલત થાય તે વિચારવાની જરૂર નથી લાગતી ?

રાજાએ જ્યારે મયણાને પણ બોલ દિકરી તારે પણ કેવો વર જોઇએ તે વિના વિલંબે કહે તેમ પૂછ્યું ત્યારે માનવતાના મૂલ્યોની જ પૂજારી, માનવભવની મહત્તાને સમજનારી અને માનવભવ એક માત્ર મોક્ષ સાધક ધર્મની આરાધના માટે જ છે તે વાત જેણીના હૈયામાં કોતરાયેલી તે મયણાની દશાનું વર્ણન કરતાં શાસન શિરતાજ અનંત લબ્ધિનિધાન આદ્ય ગણધર દેવ શ્રી ગૌતમ સ્વામિજી મહારાજાએ કહ્યું છે- ''શ્રી જિનશાસનના સારભૂત તત્ત્વોનો પરમાર્થ જેણીના હૈયામાં પરિણામ પામેલો છે અને તેથી પ્રાપ્ત થયો છે નિર્મલ વિવેક જેણીને અને લજ્જા ગુણથી વ્યાપ્ત એવી મયણાસુંદરી અધોમુખી બની.''

ખરેખર વિવેક અને લજ્જાએ બે ગુણો માનવજીવનને ઉજાળનારા, વિકાસ કરનારા છે. જ્યારે વિવેક અને લજ્જા રહિતનું જીવન એ માનવનો વિનાશ કરનારું છે. જે વાત આજે પ્રત્યક્ષ દેખાય - અનુભવાય છે. આ બે ગુણોનો અભાવ માનવને પશુ કરતાં ય બદતર બનાવી, શેતાનને ય શરમાવે તેવાં કૃત્યો કરાવી, અધઃપાત કરનારું છે.

વર્તમાનમાં પણ જે કુળોમાં વડિલોની શરમ ઘણી પણ શરમ નડે છે તેમને અભક્ષ્યઅપેય ઘરમાં ખાતા પિતા લજ્જા આવે છે. બહાર જઇ શું ખાઇ - પી આવે તે તેમની કમનશીબી પણ ઘરમાં ! જ્ઞાનિઓ તો કહે કે, જીવનમાં લજ્જા, શરમ ગુણ આવી જાય તે પણ ઘણા પાપોથી બચી જાય.

વિવેકને તો આપણે ત્યાં દશમો નિધિ, ત્રીજું નેત્ર એમ ઉપમા આપવામાં આવી. વિવેક વિનાના ચક્રવર્તીના નવે નિધિ આત્માને નરકાદિના ખાડામાં નાખી આવે. વિવેક વિનાના બાહ્ય ચર્મચક્ષુ માનવને દાનવને ય ભૂલાવે તેવા કાર્યો કરાવે.

ખરેખર વિવેક અને લજ્જાએ બે જીવનનો સાચો શણગાર છે. તે બે વિનાની બાહ્ય ટાપટીપ, ચેક અપ મોહને વધારનાર અને દાનવતાને બહેકાવનાર છે. વર્તમાનની સૌંદર્ય સ્પર્ધા તેનું ઉદાહરણ છે.

બાહ્ય આડંબરો વિના પણ આત્માને શણગારનારા છે. અને સાચું આત્મિક સૌંદર્ય બક્ષનારા છે. માનવતાના ગુણો પણ અંતે તો આત્માનું સૌંદર્ય ખીલવવા જ જીવવાના છે ને ? તો આ બન્ને ગુણોને આત્મ સાત્ કરી આત્માનું સાચું સૌંદર્ય પામી આપણે પણ માનવ જીવનને સફળ કરીએ. બાજી હજી આપણા હાથમાં છે.

હાલારદેશો દ્વારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની
પરમ કૃપાથી હાલારમાં જાગૃતિ લાવનાર પૂ. ઉપકારી ગુરુદેવ
આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી
જૈન ધર્મનો ધ્વજ લહેરાવતા
* જૈન શાસનને હાર્દિક શુભેચ્છા *

મૈત્રીની મહત્તા: જા નાગદત્ત - ચારિત્ર પાળી દેવલોકમાં ઉત્પન્ન થયેલા બે દેવમિત્રોએ માંહોમાંહે શરત કરી હતી કે :

" જે મનુષ્ય લોકમાં પહેલો જાય તેણે દેવલોકમાં રહેલાને પ્રતિબોધ આપી ધર્મ પમાડવો" કાળાંતરે તેમાંથી એક ચ વીને **લક્ષ્મીપુરના દત્તશ્રેષ્ઠિની દેવદત્તા** સ્ત્રીનો નાગદેવની આરાધનાથી **નાગદત્ત** નામે પુત્ર થયો, તેને સંગીતનો ણો શોખ હતો અને સંગીતથી સર્પોને વશ કરીને ખેલવવાની કળામાં પણ કુશળ થયો. એક વખત બગીચામાં મિત્ર સાથે સર્પોને તે રમાડતો હતો, તેવામાં એક બીજો ગારુડી ત્યાં આવ્યો **નાગદત્ત**ની ઇચ્છાથી બન્નેએ એવી શરત કરી :- "આપણે બન્નેય એક બીજાના સર્પને રમાડી જોઈએ તો ખરા, કોણ જીતે છે ?" આવનાર ગારૂડીએ તથા **નાગદત્તે** સર્પો રમાડ્યા. તે વખતે સર્પોએ તે ગારૂડીને ડંખ માર્યો. પણ તેને કંઈ અસર થઈ નહિ. પછી **નાગદત્ત** તે ગારૂડીના સર્પો રમાડવા માંડ્યો. ગારુડીએ કુંડાલું કરી સર્પોને તેમાં મુકી સૌના સાંભળતાં - "એ પોતાના ચાર સર્પો ઘણા ભયંકર છે ડશ્યા વિના રહેશે નહીં. માટે તેને રમાડવાની વાત જવા દો." એમ કહી અને તેના ક્રોધ માન, માયા, લોભ એવા નામ પણ રૂપકથી સાથે સાથે જણાવ્યા, તેની ભયંકર અસર જણાવી. છતાં **નાગદત્ત** તેને ખેલાવવા લાગ્યો. ને તેને સર્પ કર ગ્યો. તેથી તે મુર્છિત થયો. **નાગદત્ત**ના સ્નેહીઓના કાલાવાલાથી તેણે બચવા ઉપાય તરીકે ચર્યા વિગતવાર સમા વી. એ સૌએ કબુલી પણ તેના માતા પિતા કહેવા લાગ્યા કે "એ તો એની મેળે ઉઠ્યો છે." ત્યારે ફરી મુર્છા આવીને ઢળી પણ તોલ થઈ ગયો. ત્યારે તેઓની આજ્ઞાથી એ ચર્યા કબુલી તરત ઉઠાડયો. પછી ગારુડીએ પૂર્વ ભવ કહી સંભળાવ્યો એટલે **નાગદત્ત**ને જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને ગારુડીને મિત્ર તરીકે ઓળખ્યો, એટલે તેણે બતાવેલા પંચ મહાવ્રત અને બીજો મુનિ માર્ગ તેણે અંગીકાર કરી ક્રોધાદિ સર્પોની અસરથી રહિત થઈ મોક્ષસુખ પ્રાપ્ત કર્યું.

Maniben Keshavlal Jeshang
Shah & Family **પાંચે પુત્રો**
150, Reynolds Drive,
Edgware, HA8, 5PY. (U.K.)

જૈન ધર્મના ધુરંધર પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ની
પરમ કૃપા તથા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના
માર્ગદર્શનથી દેશ વિદેશમાં ધર્મની જ્યોત જગાવનાર

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

માનનું મર્દન

બાહુબલી - આ મહાત્મા **ભરત ચક્રવર્તી** ના નાના ભાઇ હતા, પ્રભુએ વહેંચી આપેલા રાજ્યોમાં **તક્ષશિલાનું** રાજ્ય તેમના ભાગમાં આવેલું હતું. તેમાં તે રાજ્ય કરતા હતા ચક્રવર્તીની મર્યાદાને અનુસરીને ''દરેક રાજાને પોતાને તાબે લાવવા જોઇએ, ન આવે તો યુદ્ધ કરીને પણ તાબે લાવવા જોઇએ.'' તે અનુસાર બન્ને ભાઇઓનું યુદ્ધ થયું. દ્વન્દ્વ યુદ્ધમાં ચક્રવર્તીએ મુઠ્ઠીનો માર મારીને તેને કેડ સુધી જમીનમાં ખોસી દીધા. ત્યારે ક્રોધમાં આવી ને **બાહુબલી** એ મુઠ્ઠી ઉપાડી, પરંતુ ચક્રવર્તી હંમેશાં અજીત જ રહે, એ મર્યાદાને અનુસરીને દેવવાણીથી બાહુબળી અટકી ગયા. અને એ જ મુઠ્ઠીથી પોતાના માથાના વાળનો લોચ કરી નાંખ્યો, અને ત્યાંને ત્યાં જ ધ્યાનમાં ઉભા રહ્યા. તેમણે પૂર્વભવે સાધુ મુનિરાજોની એવી અસાધારણ સેવાભક્તિ - વૈયાવચ્ચ કર્યુ હતું, કે જેથી કરીને ચક્રવર્તીને મુઠ્ઠી મારે તો તેનો ભુક્કો જ થઇ જાય, એવું એને બાહુનું બળ મળેલું હતું, તે મુઠ્ઠી દેવવાણીથી ચક્રવર્તીને મારી શકાય તેમ નહોતી. છેવટે ઉપાડેલી મુઠ્ઠી ફોગટ જવા ન દેતાં જાતે જ આમ દીક્ષિત થઇ ત્યાં જ કાર્યોત્સર્ગ ધ્યાને ઉભા રહ્યા. કેમ કે- પ્રભુ પાસે જવામાં પ્રથમ દીક્ષિત થયેલા ૯૮ નાના ભાઇઓને વંદન કરવું પડે, માટે ''કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ જવું.'' એવા એક નિશ્ચયથી એક વર્ષ ત્યાં જ ઉભા રહ્યા, અને અપૂર્વ ધ્યાનના બળથી કેવલજ્ઞાનની નજીક આવી પહોંચ્યા હતા. પરંતુ ''નાના ભાઇઓને વંદન કેમ કરું ?'' એ અભિમાનને અંગે કેવળજ્ઞાન અટકેલું હતું. પ્રભુના આદેશથી **બ્રાહ્મી** અને **સુંદરી** નામની તેમની બે બ્હેનો જે સાધ્વી થયા હતા, તે પ્રતિબોધ કરવા આવ્યા. અને એટલા જ શબ્દો કહ્યા કે ''હે વીરા, ગજથી ઉતરો.'' અભિમાન રૂપી હાથી ઉપરથી ઉતરો. આટલું કહેતાં જ તેમને પોતાની ભૂલ સમજાઇ, ને જેવો પગ ઉપાડ્યો, તેવું જ કેવલજ્ઞાન થયું. પછી પ્રભુ પાસે આવીને શ્રી કેવલી ભગવંતોની પર્ષદામાં દાખલ થયા અને મોક્ષમાં ગયા.

Jiviben Virpar Shah

હં. Ramesh V. Shah

150, Reynolds Drive,

Edgware, HA8, 5PY. (U.K.)

જૈન ધર્મના ધુરંધર **પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.** ની પરમ કૃપા તથા
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના માર્ગદર્શનથી દેશ વિદેશમાં
ધર્મની જ્યોત જગાવનાર

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

હે ભવ્યજીવો ! ગૃહવાસ અને વિષયભોગોમાં આસક્ત રહેવાવાળા પ્રાણિયોને વિવિધ રોગોથી પીડિત દેખીને તથા વારંવાર જન્મ-મરણના દુઃખોનો વિચાર કરી એવું કાર્ય કરો જેથી આ રોગોના શિકાર ન બનવું પડે અને જન્મ મરણના ચક્કરથી છુટકારો થઈ જાય. **-આચારાંગ સૂત્ર ૧૭૬**

પૂ. તપસ્વી સાધ્વીજી શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી
શ્રીમતી જ્યાબેન ગુલાબચંદ મૂળચંદ શાહ
(મોઢા માંઢા ગાળા) ફીચલી લંડન.
20, Ardon Road, London. N.3, 3AN
શ્રીમતી જ્યાબેન ગુલાબચંદ મૂળચંદ શાહ
પરિવારના દીપોત્સવી નૂતન વર્ષાભિનંદન - નૂતન વર્ષ આપને સૂખમય નીવડો.

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી હાલારમાં જાગૃતિ લાવનાર પૂ. ઉપકારી ગુરુદેવ આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી જૈન ધર્મનો ધ્વજ લહેરાવતા

* જૈન શાસનને હાર્દિક શુભેચ્છા *

ઊંચ -નીચ જીવાયોનિમાં ભ્રમણરૂપ સંસારને પામેલો જીવ, 'પુત્ર, સ્ત્રી વગેરે બીજાઓ માટે અથવા સ્વ-પર નિમિત્તે જે ખેતી-વ્યાપાર વગેરે કર્મ કરે છે,' પણ તે કર્મના ઉદયકાલમાં સ્વજનો બંધુતા બતલાવતા નથી, અર્થાત્ તે કર્મો તો પોતાને એકલાને જ ભોગવવાં પડે છે. - **(૪-૧૧૮ ઉત્તરાધ્યયન સૂત્ર)**

તપસ્વી પૂ. સા. શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી
સરોજબેન શશીકાંત શાહ પરિવાર
કાકાભાઇ સિંહાણવાળા હાલ લંડન.
c/o. G.M. Shah, 20 - Ardon Road, London. N-3; 3AN.

હાલાર દેશો દ્વારક પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની

પરમ કૃપાથી અને પરમ ઉપકારી પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વર જી મ.** ની

શુભ પ્રેરણાથી જૈન શાસનનો જયકાર કરાવતા

જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

મચ્છરને ઓળખો

રાઉરિન્દ્રિય મચ્છરથી કોણ પરિચિત નહિ હોય ? મચ્છરનો ગણગણાટ કાનને ખૂબ પરિચિત છે. મચ્છરના ડંખ ચામડીએ ખૂબ ખાધા છે. મચ્છરે મેલેરિયા જેવો ભિન્ન ભિન્ન ભિન્નાને પણ ઘણીવાર સુવડાવી દીધા છે. તે આપણને ઉપદ્રવ ન કરે અને તેનો ઉપદ્રવ અજાણતા હિંસા પણ ન થઈ જાય તે બધો આશયથી મચ્છરની ઉત્પત્તિનું નિવારણ એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

સૂર્યાસ્ત સમયે બારી-બારણા બંધ રાખવાથી મચ્છરો ઘરમાં પ્રવેશતા નથી. ઘરમાં ચીજવસ્તુઓ અસ્તવ્યસ્ત ન રાખો. જુદા કપડા- થેલા- બેગ વગેરેમાં મચ્છરો ન રહી જાય છે.

મચ્છરની કાયા અત્યંત કોમળ હોય છે. જરાક ભારે સ્પર્શ થતાં તે જ મરી જાય છે. બેસતા કે પડખું ફેરવતા પણ બેકાબૂથી મચ્છર મરી જાય છે.

પૂ. સાધ્વીજી શ્રી કુલદર્શનાશ્રીજી મ. ના આશીર્વાદથી

જયાબેન પ્રેમચંદ શાહ પરિવાર

થેલા - હાલ : લંડન.

60 - Superirgs Lame, London. N-3.

ગુરુદેવ શ્રી આપની પરમ કૃપાના બલે અમે ભવ પાર કરીએ.
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ને
વંદના પૂર્વક **શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા.**

આર્યક્ષેત્ર, ઉત્તમકુલમાં જન્મ, પાંચેઈન્દ્રિયોની પૂર્ણતા, અને
નિરોગી શરીરની પ્રાપ્તિ થવી તે ખરેખર ધર્માચરણ કરવાનો ઉત્તમ અવસર છે.
આને મેળવીને જે ફોગટ ગુમાવતો નથી પરંતુ ધર્મનું સેવન કરે છે તેજ પંડિત છે.
-આચારાંગ સૂત્ર . ૭૦


પૂ. સા. શ્રી કુલદર્શનાશ્રીજી મ. ના શુભ આશીર્વાદથી
શાંતાબેન મોહનલાલ શાહ
C/o. G. M. Shah, 20 - Ardon Road, London. N.3, 3AN.
નૂતન વર્ષાભિનંદ
શાંતાબેન મોહનભાઈ શાહ પરિવાર - (ચેલા) લંડન.

શ્રી ત્યાગ મૂર્તિ કવીશ્વર **પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની
પરમ કૃપાથી અને પરમ ઉપકારી પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની પ્રેરણાથી જૈન ધર્મની રચના
કરતા **જૈન શાસન અઠવાડિકના વિશેષાંક પ્રસંગે હાર્દિક શુભેચ્છા.**

જેમ પાપ કરનાર ચોર, ખાતર પાંડતાં - ચોરી કરતાં પકડાઇ જતાં તેને
પકડનારાઓ કાપી - મારી નાખે છે, તેમ જીવ, આ લોક-પરલોકમાં
પોતે કરેલ - કર્મ અને એ કર્મે કરેલ વિવિધ બાધાઓથી પીડાય છે, કેમ
કે કરેલા કર્મોને ભોગવ્યા સિવાય છુટકો નથી.
- ૩ -૧૧૭ ઉત્તરાધ્યયન સૂત્ર

પ્રદિપ કોઠારી
ફોન : (૦૨૭૬૬)
(રે.) ૬૩૩૦૩
(ઓ) ૩૩૫૨૨

શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર
જૈન ધાર્મિક પુસ્તકો, ઉપકરણો અને દેરાસરને ઉપયોગી વસ્તુઓ
જૈન ભોજન શાળાની સામે, શંખેશ્વર, જિ. પાટણ, તા. સમી. પીન - ૩૮૪ ૨૪૫




જૈન ધર્મના મર્મને જાણનારા હાલાર દેશો દ્વારક

*પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ*ની કૃપા અને

પ્રાચીન સાહિત્યો દ્વારક *પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.* ની

પ્રેરણાથી જૈન ધર્મનો વિજય ડંકો બજાવનાર

શ્રી જૈન શાસન સાપ્તાહિકનો હાર્દિક શુભેચ્છા



ધમ્મે શૂરા : દૃઢપ્રહારી - જ્ઞાનદત્ત બ્રાહ્મણનો યજ્ઞદત્ત નામનો ઉદ્ધત પુત્ર મામા ના મરણ પછી શિકારમાં હોંશિયાર થયો, અને ચોર લોકોના સહવાસમાં રહી પહીના અપુત્ર ભીમ પા તિપોતાના પુત્ર તરીકે રહ્યો. તેના ઘા ઘણા જોરદાર હોવાથી, તેનું નામ દૃઢપ્રહારી તરીકે પ્રસિદ્ધ થયું.

એક દિવસે કુશસ્થળ ગામમાં તેણે ધાડ પાડી. ત્યાં બનાવ એવો બનેલ કે દેવશર્મા બ્રા ણે દૂધને તંદુલ માંગી લાવી, પોતાની સ્ત્રીને આપી જંગલ ગયો. તેવામાં તેના જ ઘરમાં તેઓએ લૂંટ ચલાવી, આ વાત તેના બાળકે બ્રાહ્મણને કહી. બ્રાહ્મણ લાકડી લઈને સામે આવ્યો. તેને દૃઢપ્રહારીએ મારી નાંખ્યો. તેવામાં એક ગાય શીંગડું મારવા આવી તેને પણ ત્યાંને ત્યાં જ પૂરી કરી. પેલા બ્રાહ્મણની સ્ત્રી દોડતી આવી. તે સગર્ભાને પણ ત્યાંને ત્યાં જ ચીરી નાંખી. ને તેનો ગર્ભ પણ તરફડીને મરી ગયો. આ ર ર હત્યા જોઈ દૃઢપ્રહારીનું મન ડગમગવા લાગ્યું. "અરે! આ બિચારાના બાળકોનો આધાર શો ? મારું શું ? આ ઘોર પાપથી મારો નિસ્તાર શી રીતે થશે ?" તેના સંસ્કાર જાગ્રત્ થવા લાગ્યા. ત્યાંથી દોડીને જંગલમાં જતાં એક શાંત મુનિને મળ્યા, તેને પ્રણામ કરી પોતાની દશા ગદ્ગદ્ કંઠે કહી સંભળાવી, ને દીક્ષા આપવા માંગણી કરી. મુનિરાજે તેને યોગ્ય જાણી દીક્ષા આપી. તેણે અભિગ્રહ કર્યો :- "જે દિવસે મને મારું આ પાપ યાદ આવશે, તે દિવસે હું ઉપવાસ કરીશ." ત્યાંથી કુશસ્થલ તરફ જ તેણે વિહાર કર્યો. ભિક્ષા માટે જતાં લોકો પેલી વાત યાદ કરી તેને તિરસ્કારે, ને મારવા આવે. ત્યારે આ કેવળ પોતાના આ માની જ નિંદા કરે. ચારેય દરવાજે કાઉસ્સગ્ગ ધ્યાન ધર્યું. ને કર્મનિર્જરા કરતાં કરતાં કેવળ જ્ઞાન પ્રાપ્ત ર્યું, અંતે મોક્ષમાં ગયા.

Bharat Steel Yard

STOCKISTS & SUPPLIERS OF : STAINLESS STEEL WIRES & GALVANISED FINE IRON WIRES & CABLE ARMOUR WIRES

TEL : 382 0119 / 382 0143 / 389 3617
FAX : 022 - 385 5191,
Resi. : 388 1836 / 388 2107
Email: bhsteel@bom5.vsnl.net.in

3 / 5, KHETWADI 7TH LANE,
MUMBAI - 400 004.

પરમ નિસ્પૃહી તપસ્વી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની
કૃપાથી હાલાર અને હાલારીઓ જાગૃતિને કારણ
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે
હાલારી અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

માખીને ઓળખો :

માખી ઘર - ઘરમાં જોવા મળતું જંતુ છે. માખી એ ચૂઉરિન્દ્રય છે. તે ઉડતી ઉવાત છે. ઉડીને શરીર ઉપર, ખાધપદાર્થો ઉપર, કચરા ઉપર કે અશુચિ ઉપર પાગ તે બેસે છે. ગંદકીના જીવાણુઓ ખાધપદાર્થો ઉપર સંક્રાન્ત કરીને તે રોગનો ફેલાવો કરે છે. આજુબાજુ મ ખીઓનો બણબણાટ ચાલુ હોય તો બેસવાની સૂવાની ખાવાની કે અન્ય કોઇ પણ પ્રવૃત્તિમાં ખ લેલ પહોંચે છે.

માખી ઉડીને ખુલ્લા દૂધ, ઘી, દાળ, શાક, તેલ સાબુના ફીણ કે પાણી વગેરેમાં પ ગ પડી જાય છે. તે પછી તરત કાઢીને તેને બચાવી લેવામાં ન આવે તો તરત મરી જાય છે.

મોટે ભાગે ગંદકી હોય ત્યાં માખી ખૂબ પેદા થાય છે. કચરો, કેળાની છાલ, કેરીના ગ ટલા- છાલ વગેરે ઉપર ખૂબ માખીઓ ભેગી થાય છે.

ગંદકી એ માખીનું પ્રસૂતિગૃહ છે. ઘરમાં જેટલી ગંદકી ઓછી, તેટલી માખીની ઉ પત્તિ ઓછી.

Kaarlo Metal & Tubes
78 / 80, Kika Strect,
24, Pipwala Bldg,
2nd Floor, Mumbai - 400 004.

હાલારના તારણહાર પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના બોધના ઘોષથી અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના પ્રયત્નથી જૈન ધર્મનો પ્રચાર કરનાર
શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

તપનાં ઉલ્લાસની સિદ્ધિ

શ્રીયક - **નંદ** રાજાના **શકડાલ** મંત્રી અને તેમના પત્ની **લક્ષ્મીવતીના સ્થૂલભદ્ર** કરતાં નાના પુત્ર **શ્રીયક** નામે હતા. પિતાના મરણ બાદ તેમને મંત્રી પદ પ્રાપ્ત થયું હતું. **નંદરાજા** ના એ મહામંત્રીએ સો જિન મંદિરો અને ત્રણસો ધર્મશાલાઓ બંધાવી હતી, અને જિન પૂજા: પ્રતિક્રમણ: વિગેરે ધાર્મિક ક્રિયાઓ રોજ કરતા હતા.

